# ☆ પ્રારંભિક વાત... ☆

## ★ ખુદાઈ એલાન ★

તોફાન ઘણુ જ સખ્ત છે, કુફ્ર તથા ગુમરાહી અને નાફર્માનીનું તોફાન, જુલ્મ તથા બદકારીનું તોફાન, માનવ પ્રતિષ્ઠા પાયમાલ થઈ રહી છે, ખુદાના બંદાઓ ખુદાથી બગાવત માટે ઉભા થયા છે ! રહીમ તથા કરીમ રબની રહમત તેમને પોતાની આગોશમાં સમાવવા બોલાવી રહી છે, પરંતુ વર્તમાન કાળનો માનવ સમાજ પોતાની ખુદાબેઝારીમાં (ખુદાના માર્ગથી વિરૂધ્ધ ચાલવામાં) હઝરત નૂહ عليه الصلوة والتسليم ના બાગી (વિદ્રોહી) પુત્ર કિન્આનની જેમ કાલ્પનિક પનાહગાહોના ગુમાનમાં રહી તબાહ કરનારી મોજોમાં ખોવાતો જઈ રહ્યો છે. એવું કહીને કે :–

سَاٰوِیْٓ اِلٰی جَبَلٍ یَّعْصِمُنِیْ مِنَ الْمَآءِ (القرآن) "હું ઘણો જ જલ્દી કોઈ પહાડની પનાહ લઉં છું જે મને પાણીથી બચાવી લેશે."

(કુર્આન, સૂ. હૂદ, ૧૧–૪૩)

પણ નૂહના તોફાનમાં કશ્તીથી અલગ રહીને નૂહની કૌમ ડૂબી ગઈ. કુફ્ર તથા ઘમંડનો વબાલ તેમને લઈ ડૂબ્યો. તે સમયે સૈયેદના નૂહ عليه الصلوة والتسليم એ કોઈ પહાડની પનાહ લઈને પોતાને બચાવવાનો ખયાલ જાહેર કરનાર પુત્રને બતાવી દીધુ હતું કે આજે તમને ખુદાઈ અઝાબથી એ રહીમ તથા કરીમ રબ સિવાય કોઈ નથી બચાવી શકતું ! અને એવું જ થયું કે કિન્આન પણ ખુદાના અન્ય દુશ્મનો સાથે ફના થઈ ગયો.

## ★ નૂહ عليه الصلوة والتسليم ના ફર્માનને ધ્યાનથી સાંભળો ★

قَالَ لَا عَاصِمَ الْیَوْمَ مِنْ اَمْرِ اللّٰہِ اِلَّا مَنْ رَّحِمَ ۚ وَحَالَ بَیْنَہُمَا الْمَوْجُ فَکَانَ مِنَ الْمُغْرَقِیْنَ

"આજે અલ્લાહના અઝાબથી કોઈ બચાવનાર નથી, પણ જેના પર રહમ કરે, અને તેમની દરમ્યાન મૌજ આડે આવી





અને તે ગર્ક થનારાઓમાંથી એક થઈ ગયો." (સૂ. હૂદ, ૧૧–૪૩)

હે રાજકરણીઓ ! હે નેતાઓ ! હે સત્તાધારીઓ ! હે વર્તમાનકાળના સંસ્કૃતિ તથા અખ્લાકના કેળવણીકારો ! હે સમાજ વ્યવસ્થાના ઠેકેદારો ! હે વર્તમાન વિદ્યાના માહિરો ! અને હે સંશોધકો ! હલાકતખેઝ (તબાહકારી) તોફાનોની મોજોમાં સપડાયેલી ઈન્સાની દુનિયાને ખુદાની મરજીની વિરૂધ્ધ પોતાની વાસનાઓનો શિકાર બનાવવાથી અટકી જાવ ! અમ્નો સલામતીના ખુદા રચિત ફિતરી કાનૂનને તબાહ ન કરો ! નહીં તો.... તમે પોતે જ નેસ્તો નાબૂદ થઈ જશો અને **તુમ્હારી દાસ્તાં તક ન હોગી દાસ્તાનોંમેં** !

ડરો ! તમારા તથા આખી કાયનાતના ખાલિક તથા માલિકની પકડથી ! જેણે **ફિરઔન**ને રાતા સમુદ્રની મૌજોમાં ડૂબાડી દીધો, **નમરૂદ**ને તેના કિરદારના અંજામે પહોંચાડયો, **હારૂન** તથા **શદ્દાદ**ની જૂઠી ખુદાઈનો ભરમ તોડી નાખ્યો, કૌમે નૂહના બાગીઓને ફના કરવા માટે એક લાખ ચાલીસ હજાર ચોરસ ફૂટ કિ.મી. ક્ષેત્રફળ વાળી જમીનને પાણીથી લબરેઝ કરી દીધી. વિવિધ યુગોમાં પોતાના નાફર્માનો પર પથ્થર વર્ષા, વબા, પુર, જમીન ધસાવીને અને ચહેરા વિકૃત બનાવવાનો અઝાબ ઉતાર્યો, અબરહાના હાથીવાળા લશ્કરને અબાબીલોની કાંકરીઓ થકી કચડી નાખ્યું ?

اَللّٰہُ لَآ اِلٰہَ اِلَّا ہُوَ اَلْحَیُّ الْقَیُّوْمُ ۚ لَا تَاْخُذُہٗ سِنَۃٌ وَّلَا نَوْمٌ ۭ لَہٗ مَا فِی السَّمٰوٰتِ وَمَا فِی الْاَرْضِ ۭ مَنْ ذَا الَّذِیْ یَشْفَعُ عِنْدَہٗٓ اِلَّا بِاِذْنِہٖ ۭ یَعْلَمُ مَا بَیْنَ اَیْدِیْہِمْ وَمَا خَلْفَہُمْ ۚ وَلَا یُحِیْطُوْنَ بِشَیْءٍ مِّنْ عِلْمِہٖٓ اِلَّا بِمَا شَآءَ

(તર્જુમો) : "અલ્લાહ છે જેના સિવાય કોઈ મઅબૂદ નથી, તે પોતે ઝિંદા અને અન્યોને કાયમ રાખનાર, તેને ન ઊંઘ આવે છે, ન નીંદ, તેનું છે જે કાંઈ આસ્માનોમાં છે અને જે કાંઈ જમીનમાં છે, તે કોણ છે જે તેને ત્યાં સિફારિશ કરે તેના હુકમ વિના, જાણે છે જે કાંઈ તેમના આગળ છે તથા જે કાંઈ તેમની પાછળ, અને તેઓ નથી પામતા

وَسِعَ كُرْسِيُّهُ السَّمٰوٰتِ وَالْاَرْضَ وَلَا يَئُوْدُهٗ حِفْظُهُمَا وَهُوَ الْعَلِيُّ الْعَظِيْمُ

તેના ઈલ્મમાંથી પણ જેટલુ તે ચાહે, તેની કુર્સીમાં સમાયેલાં છે આસ્માન અને જમીન અને તેને ભારી નથી તેની નિગેહબાની, અને તે જ બુલંદ બડાઈવાળો." (સૂ. બકરહ, ૨/૨૫૫)

## ★ ધ્રુસ્કાં લેતી ઈન્સાનિયત પૂછે છે ! ★

અમ્નો સલામતીનો સાચો દાઈ (નિમંત્રક) કોણ છે ? કયા કાનૂનમાં એ શકિત તથા પહોંચ છે જે તમામ ઈનસાનોને વ્યકિતદીઠ તેનો હક્ક આપવા અપાવવાના મજબૂત ઉસૂલ ધરાવે છે ? સદીઓથી સતત ચાલ્યા આવતા જગોને લડાઈઓની આગમાં સળગતી ભૂંજાતી ઈન્સાનિયતનો સાચો મુક્તિદાતા કોણ છે ? આ યુગની આ ખટકતી સમસ્યા છે જે વિશ્વભરના અહલે ફિક્રો નઝર (ચિંતન કરનારાઓ) સમક્ષ પ્રશ્નાર્થ ચિન્હ બનીને ઉભી છે ?

જો તેહકીક તથા ખોજ અને તલાશ તથા તજવીજ નિખાલસતાપૂર્વક અને ભેદભાવથી પર થઈને કરવામાં આવે તો વાસ્તવિકતા સુધી પહોંચ અશકય નથી. મારો એ દાવો છે કે દુનિયામાં શાંતિનુ સામ્રાજ્ય કેવળ ઈસ્લામી વ્યવસ્થા થકી જ કાયમ થઈ શકે છે. મારી દ્રષ્ટિએ સમગ્ર વિશ્વના માટે ઈસ્લામી બંધારણ એવું છે જેવી રીતે કે શરીરના માળખાની સાથે લાગેલી ખૂબસૂરત ચામડી. ચામડી વિના માળખુ અને માળખા વિના ચામડી નિરર્થક છે.

## ★ અલ્લાહની હુકમરાની ★

પ્રથમ તો એ વાત દિમાગમાં બેસાડી લેવી જોઈએ કે ઈસ્લામી બંધારણનો મતલબ છે, "ખુદાઈ કાનૂનની હુકમરાની." રબ તઆલા ફર્માવે છે :– اِنِ الْحُكْمُ اِلَّا لِلّٰهِ

**તર્જુમો** : "હુકમ નથી પણ અલ્લાહનો." (સૂ. અન્આમ,





૬/૫૭) બીજા ઠેકાણે છે :–

وَلَا يُشْرِكُ فِيْ حُكْمِهٖٓ اَحَدًا (القرآن)

اِتَّبِعُوْا مَآ اُنْزِلَ اِلَيْكُمْ مِّنْ رَّبِّكُمْ وَلَا تَتَّبِعُوْا مِنْ دُوْنِهٖٓ اَوْلِيَآءَ قَلِيْلًا مَّا تَذَكَّرُوْنَ

**તર્જુમો** :– "હે લોકો ! એના ઉપર ચાલો જે તમારી તરફ તમારા રબની પાસેથી ઉતર્યું અને તેને છોડીને અન્ય હાકિમોની પાછળ ન જાવ, ઘણા ઓછા સમજી શકે છે." (સૂ. અઅ્રાફ, ૭/૨)

اَفَغَيْرَ اللّٰهِ اَبْتَغِيْ حَكَمًا وَّهُوَ الَّذِيْٓ اَنْزَلَ اِلَيْكُمُ الْكِتٰبَ مُفَصَّلًا (القرآن)

**તર્જુમો** : "તો શું હું અલ્લાહ સિવાય કોઈ અન્યનો ફેંસલો ચાહું ? અને તે જ છે જેણે તમારી તરફ વિગતવાર કિતાબ ઉતારી." (સૂ. અન્આમ, ૬/૧૧૪)

## ★ પયગંબરો થકી હિદાયતનો પયગામ ★

ખુદા જે આખી કાયનાતનો ખાલિક તથા માલિક છે, જેણે ઈન્સાનોની ભલાઈ અને તેમની જરૂરતો પૂરી કરવાને માટે વિવિધ પ્રકારની નેઅમતો વડે દુનિયાને શણગારી અને પોતાની પસંદીદા રાહ પર ચલાવવાના માટે ઈન્સાનોમાંથી જ નબી અને રસૂલ મોકલ્યા જેમના પર ખુદાઈ પયગામો નાઝિલ થતા હતા અને તેઓ દુનિયામાં વસનારાઓને ખુદાની વહદાનિયત (એક હોવા વિશેનુ) માનવા અને તેની પૂજા (ઈબાદત) કરવા અને શિર્ક તથા સરકશીથી દૂર રહેવાની તાલીમ આપ્યા કરતા હતા. તે અલ્લાહના બરગુઝીદા પૈગમ્બરોમાંથી અમુક પર ખુદાની કિતાબ પણ નાઝિલ થઈ. હઝરત આદમ عليه الصلاة والسلام થી લઈને હઝરત ઈસા મસીહ عليه الصلاة والسلام સુધી જેટલા પૈગમ્બરો અને રસૂલ આવ્યા અને તેમના પર જેટલી કિતાબો નાઝિલ થઈ તે સર્વ અસલમાં ખુદાની સાચી કિતાબો હતી. આખરી નબી અને ખાતમુલ મુરસલીનની હૈસિયતથી અલ્લાહ

તઆલાએ હઝરત મુહમ્મદ મુસ્તફા عليه الصلوة والسلام ને મોકલ્યા. ખુદાની વહદાનિયત (એક ખુદાના હોવાની માન્યતા), શિર્કથી બચવું, આખેરત પર ઈમાન, કિયામત, મૃત્યુ બાદ જીવતા થવું, હિસાબ કિતાબ, જન્નત તથા દોઝખ, નમાઝ તથા રોઝા, ઝકાત, હરામ તથા હલાલનો ફરક, સારી તથા બુરી વાતોનુ બયાન, અદ્લો ઈન્સાફ, પાકીઝગી તથા પવિત્રતા, ખૌફે ખુદા, ફર્માંબરદારી તથા ખુદાની બારગાહમાં આજીજીની તે તમામ ઈલાહી તા'લીમાત જેને લઈને ભૂતકાળમાં સૈયદના આદમ عليه الصلوة والسلام, સૈયદના નૂહ عليه الصلوة والسلام, સૈયેદના ઈદરીસ عليه الصلوة والسلام, સૈયેદના હૂદ عليه الصلوة والسلام, સૈયદના સાલેહ عليه الصلوة والسلام, સૈયદના ઈબ્રાહીમ عليه الصلوة والسلام, સૈયદના ઈસ્માઈલ عليه الصلوة والسلام, સૈયદના ઈસ્હાક عليه الصلوة والسلام, સૈયદના લૂત عليه الصلوة والسلام, સૈયદના યાકૂબ عليه الصلوة والسلام, સૈયદના યૂસુફ عليه الصلوة والسلام, સૈયદના શોએબ عليه الصلوة والسلام, સૈયેદના મૂસા عليه الصلوة والسلام, સૈયેદના હારૂન عليه الصلوة والسلام, સૈયદના યૂશઅ عليه الصلوة والسلام, સૈયેદના હઝકિલ عليه الصلوة والسلام, સૈયેદના ઈલ્યાસ عليه الصلوة والسلام, સૈયેદના અલયસીઅ عليه الصلوة والسلام, સૈયેદના સમૂઈલ عليه الصلوة والسلام, સૈયેદના દાઊદ عليه الصلوة والسلام, સૈયેદના સુલૈમાન عليه الصلوة والسلام, સૈયેદના ઐયૂબ عليه الصلوة والسلام, સૈયેદના યુનૂસ عليه الصلوة والسلام, સૈયેદના ઉઝૈર عليه الصلوة والسلام, સૈયેદના ઝકરિયા عليه الصلوة والسلام, સૈયેદના યહ્યા عليه الصلوة والسلام, સૈયેદના ઈસા મસીહ عليه الصلوة والسلام, (વ અલા નબિય્યિના અફઝલુસ્સાલતુ વત્તસ્લિમાત અબદન દાઈમન) તશરીફ લાવતા રહયા. તે જ પાયાની તાલીમાત અને અહકામે ઈલાહિયહ્ને મુકમ્મલ રૂપમાં લઈને સૈયેદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ દુનિયામાં તશરીફ લાવ્યા. અંતિમ ખુદાઈ કિતાબ કુર્આન મજીદ હમેશાંના માટે સંપૂર્ણ જીવન બંધારણનો દસ્તૂર બનીને નાઝિલ થયું. આગલા સહીફાઓ (કિતાબો) સમયની છેડછાડથી મહફૂઝ ન રહી શકયા, એમાં માનવ હાથોએ ફેરફાર કરી નાખ્યા. હવે આ જ કિતાબ ખુદાઈ હુકમોનો પાયો બનેલી છે. કુર્આન મજીદ જાહેરી તથા આંતરિક





દરેક લેહાઝથી મો'જિઝો છે અને મુન્કિરોના માટે ઉઘાડી ચેલેન્જ છે.

**આફતાબ તાઝા પયદા બતને ગીતીસે હુવા !**
**આસ્માં, ડૂબે હુએ તારોંકા માતમ કબ તલક !**

## ★ ખુદાની આખરી કિતાબ ★

હવે દુનિયામાં ભલાઈ તથા બુરાઈનુ માપદંડ આજ ખુદાની આખરી કિતાબ છે. તેનો ફેંસલો હક્ક તથા મુકમ્મલ અને અટલ ફેંસલો છે. રબ ફર્માવે છે :–

وَتَمَّتْ كَلِمَةُ رَبِّكَ صِدْقًا وَّعَدْلًا لَا مُبَدِّلَ لِكَلِمٰتِهٖ وَهُوَ السَّمِيْعُ الْعَلِيْمُ

**તર્જુમો :–** "અને પૂર્ણ થઈ તારા રબની વાત, સત્ય અને ઈન્સાફમાં તેની વાતોને કોઈ બદલનારો નથી અને તે જ છે સાંભળતો જાણતો." (સૂ. અન્આમ, ૬–૧૧૬)

اَلَّذِيْنَ يَتَّبِعُوْنَ الرَّسُوْلَ النَّبِيَّ الْاُمِّيَّ الَّذِيْ يَجِدُوْنَهٗ مَكْتُوْبًا عِنْدَهُمْ فِي التَّوْرٰىةِ وَالْاِنْجِيْلِ يَاْمُرُهُمْ بِالْمَعْرُوْفِ وَيَنْهٰىهُمْ عَنِ الْمُنْكَرِ وَيُحِلُّ لَهُمُ الطَّيِّبٰتِ وَيُحَرِّمُ عَلَيْهِمُ الْخَبٰٓئِثَ

**તર્જુમો :–** "તેઓ જે અનુસરણ કરશે તે રસૂલે ઉમ્મી ગયબની ખબરો આપનારની જેને લખેલ પામશો પોતાની પાસે તૌરાત અને ઈન્જીલમાં, તે તેમને ભલાઈનો હુકમો આપશે અને બુરાઈથી મના ફર્માવશે અને સુથરી ચીજો તેમના માટે હલાલ ફર્માવશે અને ગંદી ચીજો તેમના માટે હરામ ફર્માવશે. (સૂ. અઅરાફ, ૭–૧૫૭)

આ કિતાબે ઈલાહીની અજાઈબીઓનો બેહદ છે. રબ્બે કાયનાતે એમાં દરેક ચીજનુ બયાન રાખ્યું છે. ઈર્શાદ છે :–

مَا فَرَّطْنَا فِي الْكِتٰبِ مِنْ شَيْءٍ (القرآن)

**તર્જુમો :–** "અમે કિતાબમાં કોઈ ચીજ છોડી દીધી નથી."
(સૂ. અન્આમ, ૬–૩૭)

સૂરએ નહલમાં ફર્માવે છે :

وَنَزَّلْنَا عَلَيْكَ الْكِتَابَ تِبْيَانًا لِّكُلِّ شَيْءٍ (القرآن)

(તર્જુમો) "અમે ઉતારી તમારા પર કિતાબ, દરેક ચીજનુ રોશન બયાન બનાવીને."

(સૂ. નહલ, ૧૬–૮૮)

શેરે ખુદા હઝરત સૈયેદના અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم ફર્માવે છે : જો હું ચાહું તો સૂરએ ફાતિહાની તફસીરથી સિત્તેર ઊંટોને લાદી દઉં."

સૈયેદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما કહે છે કે આ કિતાબ દરેક ચીજના સ્પષ્ટ વર્ણનમાં નાઝિલ થઈ અને આપણને કુર્આન થકી એમાંથી થોડોક ઈલ્મ હાંસલ થયો. (શેઅરનો અર્થ : કુર્આનમાં સર્વ ઈલ્મો મૌજૂદ છે પરંતુ માનવ બુધ્ધિની ત્યાં સુધી પહોંચ નથી.)

## ★ દીને કામિલ ★

ખાતિમુલ અંબિયા અને સૈયદુલ મુરસલીન બનીને સૈયેદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم તશરીફ લાવી ચૂકયા, તેમની પયરવી જ ઈબ્રાહીમ ખલીલુલ્લાહ, મૂસા કલીમુલ્લાહ અને ઈસા મસીહ અને તમામ નબીઓ તથા રસૂલોની પયરવી છે. તેમજ કુર્આની હુકમોએ તમામ પાછલી કિતાબોથી આપને બેનિયાઝ કરી દીધા છે. કિયામત સુધી ખુદાનો પસંદીદા દીન ઈસ્લામ જ ઠર્યો.

اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِيْنَكُمْ وَاَتْمَمْتُ عَلَيْكُمْ نِعْمَتِيْ وَرَضِيْتُ لَكُمُ الْاِسْلَامَ دِيْنًا (القرآن)

**તર્જુમો :–** "આજે મેં તમારા માટે તમારો દીન કામિલ કરી દીધો, અને તમારા પર પોતાની નેઅમત પૂરી કરી દીધી.

(સૂ. માએદહ, ૪/૫)





اِنَّ الدِّيْنَ عِنْدَ اللّٰهِ الْاِسْلَامُ وَاَنْ اَقِمْ وَجْهَكَ لِلدِّيْنِ حَنِيْفًا (القرآن)

**તર્જુમો :–** "અને તમારા માટે ઈસ્લામને દીન પસંદ કર્યો. બેશક ! અલ્લાહને ત્યાં ઈસ્લામ જ દીન છે. અને એ કે તારો ચહેરો દીનના માટે સીધો રાખ સૌથી અલગ થઈને."

(આલે ઈમરાન, ૩/૧૯)

હવે આ જ હિદાયતની કિતાબ દુનિયાના અસ્તિત્વ સુધી દુનિયાના માનવોને ગુમરાહીથી બચાવનાર દીવાદાંડી છે. કૌમોને તેના દામનમાં શરણ લેવાથી ખુદાઈ અમાન મયસ્સર થશે અને આ ઈસ્લામ દીનમાં તથા કુર્આન મજીદમાં તમામ કામયાબીઓ અને સફળતાઓ સમાએલી છે. એનાથી બગાવત કરવાવાળા અને તેને ચેલેન્જ કરવાવાળા દુનિયા તથા આખેરતમાં દરેક ઠેકાણે ઝલીલો ખાર તથા બેઈજ્જત થશે. કેમ કે આજ કામિલ દીન પોતાનામાં દીની અમ્નો અમાનનો (શાંતિનો) સામાન ધરાવે છે જે અન્ય કોઈ ઠેકાણે નથી.

## ★ માનવ હક્કોની રક્ષા કાજે યુનોનો ઠરાવ ★

અલ્મુન્જિદ ફિલ્લુગતુ વલ અઅલામમાં માનવ હક્કોના હેઠળ પિટર્સ હરફૂશે ૧૦ ડિસેમ્બર ૧૯૪૮ના રોજ પેરિસમાં યુનોના પસાર કરેલ ઠરાવનો ઉલ્લેખ કર્યો છે, જેને મહત્વનો તથા વિશ્વસનીયની હેસિયતથી વિશ્વભરના દેશોમાં પ્રખ્યાત કરવામાં આવે છે. આ ઠરાવની ત્રણ કલમો છે, જેમાંથી કેટલીક આ પ્રમાણે છે :–

(૧) દરેક માનવ આઝાદ પેદા થાય છે એટલા માટે ઈન્સાની શરાફત અને હક્કો દરેકના માટે રહેશે અને દરેક માણસ બુધ્ધિ તથા ઝમીર (દિલ)નો સરમાયો ધરાવે છે એટલા માટે જરૂરી છે કે દરેક જણ અન્યના માટે ભાઈચારગીભર્યો વર્તાવ રાખે.

(૪) કોઈ કોઈની આઝાદી છીનવી શકશે નહીં અને ન કોઈ કોઈને ગુલામ બનાવશે.

(૧૮) મુકિત વિચારસરણી, ઝમીરની આઝાદી અને દીની ખૂદ મુખ્તારી દરેક ઈન્સાનનો હક્ક છે અને એ હક્ક તેને પોતાના દીન તથા માન્યતાઓની તબદીલીનો ઈખ્તિયાર આપે છે. તાલીમ તથા કેળવણી, ઈબાદતો તથા દીની નિશાનીઓને પ્રદર્શિત કરવાનો દરેકને પૂરો હક્ક રહેશે.

(૨૫) દરેક માનવને સમાન આર્થિક હક્કો હાંસલ થશે જે તેની તથા તેના કુટુંબની સુખ શાંતિવાળી જિંદગી માટે પૂરતા હોય.

(૨૬) મા બાપને પોતાની ઔલાદની કેળવણીના મામલામાં વિશેષ હક્ક રહેશે.

(૨૭) સામાજિક સંસ્કૃતિને વિકસાવવામાં દરેક માનવને મુકત કરી ભાગીદારીનો સંપૂર્ણ હક્ક રહેશે. (અલ્મુન્જિદ)

ઉપરોકત તમામ નિયમો અને ઠરાવો યકીનન આઝાદી અને માનવ હક્કોની સાચવણી માટે દલીલરૂપ છે અને આ ઠરાવો થકી ગુલામીનો ખાત્મો થઈ જવો જોઈએ, ઈન્સાની અકલ તથા ઝમીરની સોદાબાજી બંધ થવી જોઈએ, દુનિયામાં ભાઈચારગીભર્યો વર્તાવ ઉભરીને સામે આવી જવો જોઈએ, કાળા ગોરા અને રંગ તથા નસ્લનો ભેદભાવ નાબૂદ થઈ જવો જોઈએ, આઝાદ વિચારસરણી અને ઝમીરની આઝાદી તથા ખૂદ મુખ્તારીને પ્રોત્સાહન મળવું જોઈએ. રોજી રોટીથી મજબૂર થઈને જાન આપનારાઓ (આત્મહત્યા કરનારાઓ) અટકી જવા જોઈએ. અને આ તમામ માનવ હક્કોને કાયમ રાખવા માટે યુનોના પ્રમુખે સૌથી અધિક કોશિશ કરવી જોઈએ, એવી કોશિશ જે દરેક પ્રકારના દબાણ તથા પ્રપંચથી પર હોય. એ જ દુનિયાના દરેક શાંતિપ્રિય માણસની ઈચ્છા છે અને મુસલમાન હોવાના નાતે આપણે આ ખ્વાહિશ અને આ તમન્નામાં દરેક મિલ્લત અને દરેક મકતબે ફિક્ર (વિચારધારા)થી આગળ છીએ.

## ★ ઈસ્લામી કાનૂનો ★

વીસમી સદીમાં યુનોએ (સંયુકત રાષ્ટ્ર સંઘે) આમ વિશ્વની





રાયથી અને ઈસ્લામી અસરો હેઠળ આઝાદીની ધમક (ભણક) મેહસૂસ કરીને જે કાનૂનો તૈયાર કર્યા, તેને ચૌદસો વરસ પહેલાં ઈસ્લામે તૈયાર કરી લીધા હતા અને તેને લાગુ પાડીને તે યુગને ઈસ્લામી ઈતિહાસનો હકીકી પુર અમ્ન દૌર સાબિત પણ કરી આપ્યો.

## ★ માનવ સમાનતા ★

ઈસ્લામે જ નફરતભરી દુનિયામાં માનવ એકતાનો સૂર ફૂંકયો અને તકવા (ખુદાના ડર)ને મહાનતાનુ માપદંડ ઠરાવ્યું. કુર્આને પાકમાં છે :

يَا أَيُّهَا النَّاسُ إِنَّا خَلَقْنَاكُم مِّن ذَكَرٍ وَأُنثَىٰ وَجَعَلْنَاكُمْ شُعُوبًا وَقَبَائِلَ لِتَعَارَفُوا ۚ إِنَّ أَكْرَمَكُمْ عِندَ اللَّهِ أَتْقَاكُمْ

(અર્થ) : હે લોકો ! બેશક ! અમે તમને એક પુરૂષ અને સ્ત્રીથી પેદા કર્યા અને તમને શાખાઓ અને કબીલાઓમાં વહેંચ્યા જેથી આપસમાં ઓળખ રાખો. બેશક ! અલ્લાહને ત્યાં તમારામાં અધિક ઈજ્જતદાર તે છે જે તમારામાં અધિક પહેઝગાર (ખુદાથી ડરનારો) છે. (સૂ. હુજોરાત, ૧૩/૪૯)

રસૂલે આઝમો અકરમ, રહમતુલ્ લિલ્ આલમીન صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક પ્રસંગે સહાબીઓના મજમામાં આ આયતનો ખુલાસો કરતાં ફર્માવ્યું :–

"ન તો અરબીને અજમી (અરબ સિવાયના) પર ફઝીલત છે અને ન અજમીને અરબી પર, પણ હા ! ફઝીલત કેવળ તકવા તથા તહારત (પાકી)ના કારણે છે."

હજ્જતુલ વિદાઅના ખુત્બામાં માનવ એકતા માટેનો મહત્વનો પયગામ પણ હતો જે રસૂલે રહમતે અતા ફર્માવ્યો :– "તમામ લોકો આદમના બેટાઓ છે અને આદમને માટી વડે પેદા કરવામાં આવ્યા." (સુનને અબૂ દાઊદ)

મક્કા ફતહ કર્યાના પ્રસંગે કુરેશના જાલિમ કાફિરોના હક્કમાં સરવરે કાયનાત ﷺ નો ખુત્બો પણ ઈસ્લામમાં માનવ મુકિત પર રોશની નાખે છે, જ્યારે આપે ફર્માવ્યું કે, "જાવ ! તમે સર્વ લોકો આઝાદ છો !" (અલ હદીષ)

ઈસ્લામે જ ગુલામીને દુનિયાથી ખત્મ કરવાની અમલી અને દુરંદેશીપૂર્ણ તદબીરોને લાગુ કરી, જેથી કરીને ગુલામોએ આકાઓ જેવી ઉચ્ચતા તથા કમાલ પ્રાપ્ત કર્યો અને ગુલામ તથા આકા એક સફમાં આવી ગયા.

**એક હી સફમેં ખળે હો ગયે મહમૂદો અયાઝ**
**ન કોઈ બંદા રહા ન કોઈ બંદાનવાઝ**

વફાતથી પહેલાં રસૂલે અકરમ ﷺ એ જલીલુલ કદર સહાબાએ કિરામનું લશ્કર એક ગુલામ પુત્ર હઝરત ઓસામા ઈબ્ને ઝયદ رضی اللہ عنہ ની સરદારીમાં રવાના કર્યું. જેને કરતી વેળા હઝરત સૈયદ અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ હઝરત ઓસામાની ઘોડાની લગામ પકડીને પગપાળા ચાલતા રહ્યા અને તે અદબને ખાતર સવારી પરથી ઉતરવા લાગ્યા તો તેમને કસમ આપીને ઉતરી જવાથી રોકી દીધા.

અબ્દુલ મલિક ઈબ્ને મરવાનના સમયમાં ઈમામ ઝહરી ખલીફાની પાસે પહોંચ્યા તો તેણે ઈમામ ઝહરીને મક્કા મુકર્રમા, યમન, મિસર, શામ (સીરીયા), જઝીરા, બસરા, કૂફાના સરદારોનાં નામો પૂછયાં તો ઈમામ ઝહરીએ આઠ સ્થળોના આઠ સરદારોનાં નામો ગણાવ્યાં જેમાં ઈબ્રાહી સખઈ કૂફાના સરદાર સિવાય સર્વે સરદારો પહેલાં ગુલામ હતા અને ઈસ્લામી કાનૂનની બરકતોએ તેમને આઝાદી આપીને સૌને ઈલ્મ તથા ફઝલથી નવાજ્યા અને મુસ્લિમોના સરદાર બનાવી દીધા.

અબ્દુલ માલિક ઈબ્ને મરવાન જેવા અરબી વંશ ધરાવતા ખલીફાએ કહેવું પડયું કે, 'વલ્લાહ ! ગુલામોએ મોટા મોટા લોકો પર સરદાર થવું જ જોઈએ એટલું જ નહીં પણ જાહેરમાં મિમ્બર પર તેમના નામના ખુત્બા પઢાવવામાં આવે અને અરબો તેમની નીચે બેઠા હોય."





## ★ ઈસ્લામમાં *(તફસીરે રૂહુલ બયાન)* પૂર્વગ્રહને સ્થાન નથી ★

રસૂલ અકરમ ﷺ એ એક પ્રસંગે ઈર્શાદ ફર્માવ્યો, "જે વિના કારણે જંગ કરે અને દુશ્મની પ્રતિ નોંતરે અથવા પૂર્વગ્રહને લીધે ગુસ્સો કરે તે જાહિલિયતની મૌત મરશે." (સુનને ઈબ્ને માજહ, અબવાબુલ ફિતન, જિલ્દ–૨, પેજ–૪૭૧, મતબૂઆ લાહોર)

ઈબ્ને માજહ કિતાબુલ ફિતનમાં છે : હઝરત ફસીલા પોતાના વાલિદથી રિવાયત કરે છે, તેમના વાલિદે રસૂલુલ્લાહ ﷺ ને પૂછયું : "યા રસૂલલ્લાહ ! શું પોતાની કૌમથી મહોબ્બત રાખવી એ પણ પૂર્વગ્રહ છે ? ફર્માવ્યું કે નહીં ! પણ જુલ્મમાં પોતાની કૌમની મદદ કરવી એ પૂર્વગ્રહ (દુશ્મની) છે." (હવાલો ઉપર મુજબ)

આ રસૂલે પાકના ફર્માનોએ ઈસ્લામી સમાજમાંથી ફાસિદ તથા જેહાલતભર્યા પૂર્વગ્રહને એકદમ બાતિલ ઠરાવી દીધો છે.

## ★ માણસ માનને પાત્ર છે ★

માનવતાના સંબંધે દરેક માનવનો એક બીજા પર કાંઈક હક્ક છે અને દરેક માનવ એકબીજા માટે માનને પાત્ર અને ઈજ્જતને લાયક છે.

"તમામ મખ્લૂક અલ્લાહની અયાલ છે અને તમામ મખ્લૂકમાં ખુદાનો સૌથી અધિક પ્યારો તે છે જે તેના કુટુંબને વધુ લાભ પહોંચાડે." (તિબ્રાની બહવાલા ફયૂઝુલ કદીર)

સહીહ મુસ્લિમ કિતાબુલ અતક, (પેજ : ૧૬)માં છે :– "સર્વ લોકો એક કુટુંબી છે."

એટલા માટે ઈસ્લામે આ કાનૂનો અતા ફર્માવ્યા છે :–

(૧) વિના વાંકે કોઈ માણસને તકલીફ આપવામાં ન આવે અને કોઈના જાન માલને નુકસાન પહોંચાડવામાં ન આવે.

(૨) કોઈ શરઈ જાઈઝ હુકમ વિના કોઈની સાથે કડકાઈપૂર્ણ વાતચીત તથા કટુવાણીથી ન બોલવામાં આવે, ન કોઈની બેઈજ્જતી કરવામાં આવે.

(૩) દરેક માનવને મુસીબત, પરેશાની, બીમારી, ભૂખ, તરસ તથા આકસ્મિત આફતમાં મદદ કરવામાં આવશે.

(૪) શરઈ સજાઓ તથા જંગોના જાઈઝ હોવા સિવાય કોઈ પણ સંજોગોમાં કોઈને કોઈ જાતની સજા આપવામાં ન આવે.

માનવો પર રહમ તથા કૃપાનો વર્તાવ કરવાની તાલીમ ઈસ્લામ આ મુજબ આપે છે :–

"રહમ કરવાવાળાઓ પર રહમાન (અલ્લાહ તઆલા) રહમ ફર્માવે છે. તમે લોકો જમીનવાળાઓ પર રહમ કરો તો આસ્માનવાળો તમારા ઉપર રહમ ફર્માવશે." (સુનને અબૂ દાઊદ, મિશ્કાતુલ મસાબીહ, જિલ્દ–૨, પેજ–૪૨૩)

મઝહબ બાબતે આઝાદી

ઈસ્લામે દરેક માણસને પોતાના મઝહબ પર કાયમ રહેવાની આઝાદી આપી છે. કોઈને જોર જુલમ અને ધાક ધમકીથી મુસલમાન બનાવવો જાઈઝ નથી. "દીનમાં કોઈ જબરદસ્તી નથી." (સૂ. બકરહ, ૨/૨૫૬)

કિતાબુલ અમ્વાલમાં છે કે કોઈ ગૈર મુસ્લિમને તેના દીન તથા મઝહબની તબદીલીના માટે કદાપિ મજબૂર કરવામાં ન આવે. "તેમના દીનમાં કોઈ પ્રકારની જબરદસ્તી કરવામાં ન આવે." (કિતાબુલ અમ્વાલ, પેજ–૧૪૦)

## ★ દરેક કૌમના પર્સનલ લો ની રક્ષા ★

કોઈ પણ કૌમના મઝહબી મામલાઓમાં દખલગીરી જે તેમની ધાર્મિક વિધિઓ, સંસ્કૃતિ કે પર્સનલ લો માં ખલેલ પહોંચાડે, તેને ઈસ્લામે સખ્ત નાપસંદ કરેલ છે.





"તેમના તથા તેમની શરીઅતોની વચ્ચે આડ બનવામાં ન આવે." (તારીખે તિબરી, જુઝ–૪)

દરેક કૌમ તથા કબીલો પોતાના કાયદા કાનૂનના પ્રમાણે નિકાહ, વિવાહ, ગવાહી, વારસાની બાબતો પર અમલ કરવાનો પૂરેપૂરો હક્ક ધરાવે છે. કિતાબે અમ્વાલમાં છે :–

"એ લોકો (ગૈર મુસ્લિમ) પોતાની ગવાહીના હુકમો, નિકાહના મામલાઓ, વારસાના કાનૂનો તથા અન્ય મઝહબી હુકમોમાં આઝાદ છે." (પેજ–૧૪૦)

જેથી ઈસ્લામી શરીઅતના કાનૂનો જે દૌરમાં દુનિયા પર રહમત બનીને લાગુ પડેલા હતા એ દૌરમાં ગૈરમુસ્લિમો તેને પોતાની મઝહબી હુકૂમતો કરતાં અધિક અગ્રિમતા આપતા હતા. આ બાબતમાં ઈસ્લામી ઈતિહાસમાં પુષ્કળ દ્રષ્ટાંતો મૌજૂદ છે. સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબીનો દૌર પણ એવા પ્રસંગોથી લબરેઝ છે જેનો સ્વીકાર ગૈર મુસ્લિમ ઈતિહાસકારોએ પણ કર્યો છે.

## ★ ધર્મગુરુઓ અને કરારોની હિફાઝત ★

ઈસ્લામે દરેક મઝહબના વડાઓ, ઈબાદતના નિયમો અને ધર્મગુરુઓ માટે રક્ષાત્મક હુકમો સંભળાવ્યા છે. કિતાબુલ ખિરાજમાં છે :–

★ યહૂદીઓ અને ઈસાઈઓનાં ઈબાદતખાનાઓ તોડી પાડવામાં ન આવે. એ લોકોને શંખ વગાડવા તથા પોતાની ઈદના દિવસે ક્રોસ કાઢવાથી રોકવામાં ન આવે.

★ આ લોકો રાત્રે કે દહાડે જ્યારે પણ ઈબાદત માટે ચાહે શંખ વગાડે. (કિતાબુલ ખિરાજ, ઈમામે અજલ અબૂ યૂસુફ, પેજ–૭૨)

## ★ ન્યાય સર્વ માટે સમાન ★

અદ્લ તથા ઈન્સાફ (ન્યાય)ના કાનૂનો દોસ્ત તથા દુશ્મન,

પોતાના તથા પરાયા સૌના માટે સમાન રાખવામાં આવ્યા. અને કોઈપણ સંજોગોમાં કોઈના માટે નાઈન્સાફી તથા જુલ્મનો દરવાજો નથી ખોલવામાં આવ્યો, બલ્કે મુખાલિફત તથા વિરોધનો જઝબો જે ન્યાયના માર્ગે કદીક આડ બનીને આવી પડે છે તેને પણ કચડી નાખવાની તાકીદ કરવામાં આવી. ફર્માવવામાં આવ્યું :–

وَلَا يَجْرِمَنَّكُمْ شَنَآنُ قَوْمٍ عَلَىٰٓ أَلَّا تَعْدِلُوا ۚ اعْدِلُوا هُوَ أَقْرَبُ لِلتَّقْوَىٰ ٩

"કોઈ કૌમની દુશ્મની પણ તમને એ વાત માટે ન ઉશ્કેરે કે તમે તેમની સાથે ન્યાય ન કરો, દરેક સંજોગોમાં ન્યાય કરો એ રોશન તકવો છે, અધિક નજીક છે.

(સૂ. માએદહ્, ૯/૫)

## ★ રોજી અને જીવન જરૂરી ચીજો સૌનો હક્ક છે ★

રબ્બે કાયનાતે જમીનના પટ પરની તમામ નેઅમતો માણસના માટે જ પેદા કરી છે. અને તે સર્વ નેઅમતોને હળીમળીને ઈન્સાફથી વાપરવાનો દરેક ઈન્સાનને હક્ક છે. હવા, પાણી, અનાજ, લિબાસ અને જીવન જરૂરી ચીજોની જેમ માનવ બુધ્ધિ તથા જ્ઞાને જે શોધખોળો રબ્બે કાયનાતની તૌફીકથી કરી છે એ સર્વ પણ ખુદાની જ નેઅમતો છે અને તેનો હકદાર દરેક માનવ છે. આ શોધખોળોને વિશ્વશાંતિ તથા માનવ સંસ્કૃતિની પરિપૂર્ણતા તથા ઘડતર પાછળ ખર્ચ કરવો એ ઈન્સાનિયતની ખિદમત છે. જો તેના દુરૂપયોગથી વિના કારણે માનવ સંહાર થાય છે તો એ આ પ્રગતિવાદી દુનિયાના માટે એક કલંક છે. કાયનાત (સૃષ્ટિ)ની તમામ ચીજોથી સમાન રીતે લાભ ઉઠાવવાનો સર્વને અધિકાર છે. ઈર્શાદે રબ્બાની છે :–

وَجَعَلْنَا لَكُمْ فِيهَا مَعَايِشَ وَمَن لَّسْتُمْ لَهُ بِرَازِقِينَ ٢٠

"અમે તમારા માટે અને તેમના માટે જેમને તમે રોજી નથી આપતા, અમે જમીનમાં રોજીની





સામગ્રી બનાવી રાખી છે." (સૂ. હુજોરાત–૨૦/૨૫)

સૂરએ બકરહમાં ઈર્શાદે રબ્બુલ આલમીન છે :

هُوَ الَّذِي خَلَقَ لَكُم مَّا فِي الْأَرْضِ جَمِيعًا (القرآن)

"અલ્લાહ તે જાત છે જેણે તમારા માટે તે સર્વ કાંઈ બનાવ્યું જે જમીનમાં છે." (૨૯/૨)

સૂરએ હૂદમાં છે :–

وَمَا مِن دَابَّةٍ فِي الْأَرْضِ إِلَّا عَلَى اللَّهِ رِزْقُهَا (القرآن)

"જમીન પર ચાલનાર દરેક જાનદારનુ રિઝક (રોજી) અલ્લાહ તઆલાના જિમ્મે છે." (સૂ. અન્આમ, ૧૫૧/૬)

રઝ્ઝાકે હકીકી (હકીકી રોજી આપનાર) તો દરેક જાનદારની રોજીની વ્યવસ્થા કરે છે, જેથી નાફર્માન માણસોએ પોતાના નીચ મકસદોની પ્રાપ્તિના માટે વંશો, જાતિઓ અને દેશોને આર્થિક અડચણોની ભઠ્ઠીમાં ન ધકેલવું જોઈએ. દયાળુ ખુદા તો ઔલાદની રોજીના બારામાં મા બાપને નચિંત કરી રહ્યો છે. ફર્માવે છે :–

لَا تَقْتُلُوا أَوْلَادَكُم مِّنْ إِمْلَاقٍ نَّحْنُ نَرْزُقُكُمْ وَإِيَّاهُمْ

"મુફલિસી તથા તંગીના લીધે તમારી ઔલાદને ન મારી નાખો ! અમે જ તમને તથા તેમને રોજી આપીએ છીએ."

(સૂ. અન્આમ, ૧૫૧/૬)

રઝ્ઝાકે હકીકી ખુદા તઆલા છે અને તેણે મોમિન તથા કાફિર દરેકને રોજીની વિશાળતા અતા કરી છે. હવે કોઈ માનવ શકિતને એ હક્ક નથી પહોંચતો કે તેમાં દખલઅંદાઝી કરે.

આ તે જીવન ધોરણ છે જેને ઈસ્લામે દુનિયાને સંયુકત રાષ્ટ્ર સંઘ (યુનો)ના અસ્તિત્વમાં આવવાના તેરસો વરસો પહેલાં અતા કર્યું છે.

## ★ નફસાની બીમારીઓનો ખાત્મો ★

ઈસ્લામ ચાહે છે કે ઈલાહી કાનૂનનુ માન જળવાય અને ખુદાનો ખૌફ સમાજમાં એ રીતે પ્રસરી જાય કે દરેક માનવ અન્યને પોતાના જેવો સમજીને તેની સાથે વર્તે. રબ તઆલા ફર્માવે છે :–

يَآ أَيُّهَا النَّاسُ اتَّقُوا رَبَّكُمُ الَّذِىْ خَلَقَكُمْ مِّنْ نَّفْسٍ وَّاحِدَةٍ (القرآن)

"હે લોકો ! તમારા રબથી ડરો ! જેણે એક જાનથી તમને પેદા કર્યા." (સૂ. નિસાઅ, ૧/૪)

આપસમાં સુલેહને મેળમેળાપને પ્રોત્સાહન આપો અને તમામ નફસાની બીમારીઓ જે આપસમાં મતભેદ તથા વિખવાદને હવા આપે છે તેને નજીક પણ ન ફરકવા દો. રસૂલે કાયનાત صلى الله تعالى عليه وسلم ફર્માવે છે :–

وَلَا تَحَاسَدُوْا وَلَا تَنَاجَشُوْا وَلَا تَبَاغَضُوْا وَلَا تَدَابَرُوْا وَلَا يَبِعْ بَعْضُكُمْ عَلٰى بَعْضٍ وَكُوْنُوْا عِبَادَ اللّٰهِ اِخْوَانًا۔ (الحديث)

"આપસમાં એકબીજા પર હસદ (ઈર્ષા) ન કરો અને ન એકબીજા વિરૂધ્ધ ભડકાવો, ન આપસમાં અદાવત રાખો અને ન આપસમાં કોઈની પીઠ પાછળ બુરાઈ કરો, અને ન તમારામાંથી કોઈ કોઈના સોદા પર સોદો કરે, અને તમે ખુદાના બંદાઓ ભાઈ ભાઈ બની જાવ !" (અલ હદીષ)

અને તેના જેવી તમામ હલકી આદતો જે ખેતીની જમીનમાં આપમેળે ફૂટી નીકળતા ઘાસ તથા કાંટાઓની જેમ માનવ આદતોમાં ભળી જાય છે તેને ઈસ્લામે જડ મૂળથી ઉખેડીને મહાન ઈન્સાનિયતના મકસદો સુધી પહોંચાડનાર બાબતો પ્રતિ ધ્યાનિત કર્યા છે.

## ★ મહાન માનવીય સત્તા ★

દુનિયામાં ઈંટનો જવાબ પથ્થર વડે આપવાનું સામાન્યતઃ





ચલણ છે. પણ ઈસ્લામે જે સમાજનુ ઘડતર કર્યું છે તેમાં માફી તથા દરગુઝર અને બીજા સાથે વહેવારવામાં ઉપસ્થિત થનાર ગરબડોને દૂર કરવા માટે અખ્લાકનો ષબૂત પેશ કરવા અને ગલતીઓને માફ કરવાનો મોટો દરજ્જો દર્શાવ્યો છે, એ જ યકીનન મહાન માનવીય સત્તાની બુનિયાદ (પાયો) છે. કુર્આન શરીફમાં છે :–

وَلَا تَسْتَوِى الْحَسَنَةُ وَلَا السَّيِّئَةُ اِدْفَعْ بِالَّتِىْ هِىَ اَحْسَنُ فَاِذَا الَّذِىْ بَيْنَكَ وَبَيْنَهٗ عَدَاوَةٌ كَاَنَّهٗ وَلِىٌّ حَمِيْمٌ وَمَا يُلَقّٰهَآ اِلَّا الَّذِيْنَ صَبَرُوْا وَمَا يُلَقّٰهَآ اِلَّا ذُوْ حَظٍّ عَظِيْمٍ ۝۳۵

"નેકી તથા બદીનો દરજ્જો સમાન નથી થઈ શકતો. બુરાઈનો જવાબ અચ્છાઈની સાથે આપો જો તમે આ વહેવારની રીત અપનાવી તો તમે જોશો કે અચાનક તમારો દિલી દુશ્મન (તમારો) દોસ્ત બની ગયો છે. અલબત્ત, આ દૌલત નથી મળી શકતી પણ સાબિરોને, અને તેને નથી પામતો પણ મહાન નસીબવાળો !" (હા મીમ સજદહ્‌, ૩૩/૪૧)

જુલ્મ તથા બદબખ્તીની જડોને ઉખેડીને ફેંકી દેવાનુ બુનિયાદી કારનામુ કરનારાઓએ સૌ પ્રથમ પોતાની જાતમાંથી તે જંતુઓને દૂર કરવાં જોઈએ પછી સમાજમાં શાંતિ સ્થાપવાના કાર્યમાં એ સબકોને ફેલાવવા જોઈએ જેથી માહોલમાંથી અજંપો તથા ખૂનરેજી અને જુલ્મ તથા બર્બરિયતની કાંટાદાર ઝાડી સાફ થઈ શકે. માફી તથા દરગુઝરનું ફળ અલ્લાહ તઆલા અતા ફર્માવે છે :–

فَمَنْ عَفَا وَاَصْلَحَ فَاَجْرُهٗ عَلَى اللّٰهِ

"જેણે માફ કર્યું અને સુલેહનો માર્ગ અપનાવ્યો તેનો બદલો અલ્લાહના જિમ્મે છે." (સૂ. શૂરા, ૪૦/૪૨)

## ★ ગૃહસ્થી શાંતિ ★

ઈસ્લામે વ્યકિતથી સમાજ સુધીને સંવારેલ છે.

સંક્ષિપ્તપણાના સૌથી નાના માળખા ઘર તથા ખાનદાનથી લઈને વિશ્વવ્યાપી માનવ ભાઈચારા સુધીની વ્યવસ્થા તથા ઘડતરના નિયમો આપ્યા. ઘરની શાંતિ નરમી તથા નમ્રતા, મહેરબાની તથા મહોબ્બત અને ખિદમત તથા આજ્ઞા પાલનના વિના કાયમ નથી રહી શકતી. ઘરવાળાંઓ ઔલાદ તથા બાળકોની સાથે મા બાપનો પ્યાર તથા હેત તો ફિતરી (પ્રાકૃતિક) બાબત છે પણ જ્યારે પ્યાર મહોબ્બતના જઝબાતને ખુદાવંદે કુદુસની ખૂશનૂદીનો માર્ગ પણ મળી જાય અને તે મહોબ્બત તથા ઉલ્ફતની ચળવળોને દીન તથા મઝહબનુ સમર્થન પણ મળી જાય તો પછી શું કહેવું ?! ઘરેલુ જિંદગીને ખુશગવાર બનાવવા માટે ઈસ્લામે પતિ પત્નીને સમાન હક્કો અતા ફર્માવ્યા છે. (સૂ. બકરહ–૨૨૮) અલબત્ત, પુરૂષો પર જિમ્મેદારીઓ અધિક નાખી છે અને તેમને ઔરતોની સાથે સુવર્તાવની બેહતરીન તાલીમાતથી નવાજ્યા છે. હદીષે પાકમાં છે :–

خَيْرُكُمْ خَيْرُكُمْ لِأَهْلِهِ

"તમારામાં તે લોકો જ બેહતર છે જે પોતાનાં બીવી બચ્ચાં સાથે સારા છે." (તિર્મિઝી, દારમી, ઈબ્ને માજહ્)

خِيَارُكُمْ خِيَارُكُمْ لِنِسَائِهِمْ

"તમારામાં સારા તેઓ છે જેઓ પોતાની ઔરતોની સાથે સારા છે." (મુસ્લિમ)

اِتَّقُوا اللّٰهَ فِي النِّسَاءِ

"ઔરતોના બારામાં ખુદાથી ડરતા રહો." (અબૂ દાઊદ)

બીજી બાજુ ઔરતોને તાલીમ આપી કે પતિઓને પોતાની આબરૂના રક્ષક અને પોતાની ઈજ્જત સમજે, તેની અદબ તથા ઈજ્જત જાળવે. ઈર્શાદે રસૂલ છે :–

"સ્ત્રી જ્યારે પાંચ સમયોની નમાઝ પઢે, રમઝાનના રોઝા રાખે, પોતાના ગુપ્તાંગની રક્ષા કરે અને પોતાના પતિની





આજ્ઞા પાલન કરે તો તે જન્નતના દરવાજાઓમાંથી જે દરવાજેથી ચાહે પ્રવેશી જાય !" (મિશ્કાત અન અનસ)

સારી પત્નીની વિશિષ્ટતા પર રોશની નાખતાં આપે ફર્માવ્યું :–

"પતિને ખુશ કરે જ્યારે તે તેની પ્રતિ જુએ, આજ્ઞા પાળે જ્યારે તે કોઈ કામનો હુકમ કરે, તેમજ પોતાના માલના બારામાં કોઈ એવો માર્ગ ન અપનાવે જે પતિને નાપસંદ હોય." (મિશ્કાત, અબૂ હુરૈરહ્થી)

ઈસ્લામે ઔરતના હક્કોની સંપૂર્ણ કાળજી રાખેલી છે, તેમને પતિઓની નાશુક્રીથી મના ફર્માવેલ છે. તેણીઓને ઘરની મલિકા અને ઘરેલુ બાબતોની હાકિમા ઠરાવી દીધેલી છે. એક હદીષે પાકના શબ્દો આ પ્રમાણે છે :–

".....અને શૌહર (પતિ) પોતાનાં ઘરવાળાંઓનો નિગરાં છે અને સ્ત્રી પોતાના પતિના ઘર અને બાળકોની નિગરાં (દેખભાળ કરનાર) છે તો તમારામાંથી દરેક નિગરાં અને તમારામાંથી દરેકને તે લોકોના વિશે પૂછતાછ થશે." (મુત્તફિક ઈલૈહ અન ઈબ્ને ઉમર)

ઈસ્લામી જિંદગી જીવનારાઓને ઔલાદના ઉછેરની બાબતમાં પ્યાર મહોબ્બત તથા દરેકનો હક્ક સંભાળવાની તરફ ઈસ્લામે પ્રોત્સાહિત કર્યા છે કે તેમને ઉમદા તાલીમ તથા કેળવણીથી સંવારે, મા બાપનો ઔલાદના માટે સૌથી મહામૂલો તોહફો એ જ છે. હદીષે પાકમાં છે :–

"બાપ પોતાની ઔલાદને જે કાંઈ આપે છે એમાં સૌથી બેહતર તોહફો તેની સારી કેળવણી તથા તાલીમ છે." (મિશ્કાત, સઈદ ઈબ્ને મુસૈયબથી)

ઘરના માહોલ અને આમ સમાજમાં મોટેરાંઓની અદબ તથા એહતેરામ અને નાનાંઓ સાથે પ્રેમ, દયાભાવ તો પાયાની ચીજ છે. (ઔલાદની પરવરિશ અને ઈસ્લામી માર્ગદર્શનના માટે લેખકની કિતાબ "ઈસ્લામ ઔર તર્બિયતે ઔલાદ"નો અભ્યાસ કરો.) એટલા માટે નાના મોટાંઓને વાલિદૈન (મા બાપ)ની સાથે સારા વર્તાવનો

હુકમ આપવામાં આવ્યો છે. તેમની સાથે નમ્રતા, આજીજી, ખુશ અખ્લાકી તથા ખિદમતગુઝારી સાથે વર્તવા માટે જણાવવામાં આવ્યું છે. તેમની કોઈ વાતને જો નાપસંદ પણ કરવામાં આવે તો એના માટે 'ઉફ !' કહેવાની ઈજાઝત નથી. ખાસ કરીને માંની ખિદમતને જેહાદ પર અગ્રિમતા આપવામાં આવી છે. તેણીનાં કદમો નીચે જન્નત બતાવવામાં આવી છે. હદીષે પાકમાં છે :–

"માં ના કદમોમાં રહો, બેશક ! જન્નત તેણીના પગો તળે છે." (અહમદ, નિસાઈ)

મા બાપના હક્કોને અલ્લાહ તઆલાએ હુકૂકુલ્લાહની સાથે વર્ણવેલ છે :–

أَنِ اشْكُرْ لِي وَلِوَالِدَيْكَ -
وَاعْبُدُوا اللَّهَ وَلَا تُشْرِكُوا بِهِ
شَيْئًا وَبِالْوَالِدَيْنِ إِحْسَانًا -

"અને એ કે શુક્ર અદા કરો મારો અને તમારાં મા બાપનો અને ઈબાદત કરો અલ્લાહની અને તેની સાથે કોઈને શરીક ન બનાવો અને મા બાપ સાથે સદ્ વર્તાવ કરો."

ઈસ્લામમાં આ જ અખ્લાક તથા ફર્ઝોના થાંભલાઓ ઉપર શાંતિપૂર્ણ ઘરેલુ માહોલ ટકેલો છે. ઉઘાડી આંખો વડે જોઈ શકાય છે કે આમ મુસલમાનોનાં ઘરોમાં અશાંતિ અને જુલ્મની હંગામાખેઝી હરગિઝ નથી જે અન્ય કૌમોમાં છવાયેલ છે. મુસલમાનોની ઘરેલુ શાંતિ હજી પણ પ્રાદેશિક તથા રાજકીય ક્ષેત્રો કરતાં અધિક સુરક્ષિત છે, કેમ કે ઘરેલુ શાંતિ ઉપર હજી ગૈરોની છાપ ઓછી પડી છે.

જાહેર વાત છે કે જે ઘરોમાં ઘરેલૂ બાબતોને લગતી ઈસ્લામી તાલીમાતને કેવળ કહેવા પૂરતી નહીં પણ તેને દીનના હુકમો સમજીને અપનાવવામાં આવે, ઈજ્જત આબરૂ (ચરિત્ર)ને દીનદારી તથા વફાદારી સમજીને સમજાવવામાં આવે, ખિદમત તથા આજ્ઞાપાલનની જિમ્મેદારીઓને મહસૂસ કરવામાં આવે, અને દુઃખ સુખ દરેક હાલતને સબ્ર તથા ધીરજપૂર્વક સહન કરતા રહેવામાં આવે, અમ્ર બિલ મઅરૂફ નહી અનિલ મુન્કર (સારી વાતોનો હુકમ આપવો બુરી વાતોને રોકવું)





એ નિયમને નિભાવવામાં આવે તે ઘર યકીનન જન્નત સમુ કહેવાને લાયક હશે.

એ જ કારણ છે કે સાલેહ (નેક) મુસ્લિમ સમાજમાં ગરીબી, તંગદસ્તી અને આર્થિક વિટંબણાઓએ કદી મુસલમાનોનાં ઘરોની શાંતિ જોખમમાં નથી નાંખી, અને ન એ પાયાઓ પર વાદવિવાદ કે મતભેદે સ્થાન પામ્યું બલ્કે મુસીબતો તથા તકલીફોના સમયમાં ત્યાગ તથા કુર્બાનીના દ્રશ્યો ઓર અધિકતર જોવા મળે છે ! કેમ કે તે ઘરોનું ઘડતર અમ્ન તથા મહોબ્બતના ઈસ્લામી બંધારણ થકી થયેલું છે.

## ★ સામાજિક શાંતિ ★

સમાજ તથા સોસાયટીને સમતોલ રાખવા માટે સામાજિક જિંદગીનુ પૂરું માળખુ ઠીક કરવાની જરૂર છે. અલ્લાહ તથા કિયામત અને જઝા તથા સજા પર ઈમાનની સાથોસાથ માહોલમાં ખુદાની પકડ વિશેનો તીવ્ર અહેસાસ જાગૃત થવો જરૂરી છે, જે માણસને હલાલ રોજીની પ્રાપ્તિ માટે પ્રોત્સાહિત કરે અને હરામની ગંદકીઓથી નફરત અપાવે. ચોરી, ડાકૂગીરી, લાંચખોરી, પ્રપંચબાજી, છેતરપિંડી જેવી લઅનતોથી સુરક્ષિત રાખે. ફર્માને રસૂલ છે :–

**"પોતાના હાથની કમાઈથી બેહતર ખાણુ કોઈ શખ્સે કદી નથી ખાધુ અને અલ્લાહ તઆલાના નબી હઝરત દાઊદ عليه الصلوة والسلام પોતાના હાથોની કમાઈ ખાતા હતા."** (બુખારી)

લાંચખોરી, વ્યાજખોરી, કોઈનો માલ હજમ કરી જવાની વૃત્તિ, ખયાનતથી પાક તથા સાફ સમાજ જેમાં ઘમંડ, જુલ્મ, અસભ્યતા તથા બદઝબાની, ગીબત, વચનભંગ, ઐબજોઈ, ઈર્ષા, બદનિગાહી, જૂઠી ગવાહી, હંસી મજાક, ઠઠ્ઠા મશ્કરી, નાજાઈઝ તરફદારી જેવી લઅનતોને ઈન્સાની અખ્લાકની બદતરીન બીમારીઓ સમજીને તેનાથી પરહેઝ કરાવવામાં આવે અને સંયમ, સમજદારી, પ્રભાવ, સાદગી, સફાઈ, હક્કને હક્ક તથા બાતિલનું બાતિલપણુ સ્પષ્ટ કરવું, સારી વાતોનો હુકમ આપવો બુરી વાતોથી રોકવું, તાલીમ શીખવી

શીખવવી, સબ્ર, શુક્ર તથા શરમ તથા હયા, તવક્કુલ તથા બેનિયાઝી, ઈખલાસ તથા અડગતા, ઈલ્મ તથા મુરવ્વત, ઈબાદત તથા રિયાઝત, દુનિયાથી નિર્મોહીપણુ અને આખેરતની ચિંતાના સબકો આમ (વ્યાપક) હોય, જ્યાં પોતાનાં તથા પારકાં દરેકની સાથે અદલો ઈન્સાફનો વર્તાવ કરવામાં આવતો હોય તો યકીનન તે ખૈરો બરકત તથા અમ્નો સલામતીનો સમાજ હશે. ઈસ્લામી સંસ્કૃતિમાં ગમગુસારી (અન્યના ગમમાં શરીક થવાનો)નો જઝબો અને પોતાના ભાઈની હિમાયતમાં પોતાને તકલીફોના હવાલે કરવાનાં ચમકતાં દ્રષ્ટાંતો જોવા મળે છે.

ખૂદ ફાકા વેઠીને અન્યોનું પેટ ભરવું, ખૂદ મૃત્યુની ઘડીએ પાણી ન પીને બીજા તરસ્યા ભાઈને તૃપ્ત કરવાના જઝબામાં જાન નિછાવર કરવી, હક્ક તથા સદાકતની હિમાયતમાં ઘર, ખાનદાન અને ખૂદ પોતાની જાન સુધ્ધાં કુર્બાન કરી દેવી, એ ઈસ્લામી ઈતિહાસનું વિશિષ્ટ પાસુ છે.

રસૂલે રહમત صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈર્શાદે ગિરામી આગળ આવી ગયો કે, "સર્વ મખ્લૂક ખુદાના બંદાઓ છે. એમાંથી **ખુદાને તે અધિક પ્રિય છે જે તેના બંદાઓને અધિક લાભ પહોંચાડે."**

સહાબીએ રસૂલ હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ એ એક વાર રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને પૂછયું : યા રસૂલલ્લાહ ! આપ રહમતનો ઝિક્ર મોટા ભાગે કર્યા કરો છો, જ્યારે કે અમે લોકો તો આપસમાં રહમ તથા કરમનો વર્તાવ જ કરીએ છીએ ! એના જવાબમાં આપે ફર્માવ્યું, "મારો કહેવાનો આશય સર્વ ઈન્સાનો સાથે રહમથી વર્તવાના બારામાં છે." (અલ હદીષ)

એ માન્યતા ખોટી છે કે સમાજમાં ફસાદ (ઝઘડા) કેવળ આર્થિક નબળાઈના લીધે ઉપસ્થિત થાય છે. હા ! એ એક ખાસ સબબ જરૂર છે એનાથી કોઈને ઈન્કારની મજાલ નથી. પણ સામાજિક અશાંતિનું એનાથીયે અધિક મજબૂત કારણ બેહયાઈને ઉત્તેજન છે. (જેના ઉપર વિગતે ચર્ચા આગળ જતાં આવશે) એટલા





માટે ઈસ્લામી બંધારણમાં ઢાંકેલી છુપાવેલી કે ખુલ્લમ ખુલ્લા દરેક પ્રકારની બેહયાઈનો દરવાજો બંધ કરી દેવામાં આવ્યો છે. રબ તઆલા ફર્માવે છે :–

قُلْ إِنَّمَا حَرَّمَ رَبِّيَ الْفَوَاحِشَ مَا ظَهَرَ مِنْهَا وَمَا بَطَنَ وَالْإِثْمَ وَالْبَغْيَ بِغَيْرِ الْحَقِّ (القرآن)

"તમે ફર્માવી દો ! મારા રબે તો બેહયાઈઓ હરામ ફર્માવી છે જે એમનામાં ઉઘાડી છે અને જે છુપાયેલી, અને ગુનાહ તથા નાહક ઝિયાદતી (જુલ્મ)."

(સૂ. અઅરાફ, ૩૩/૭)

નેક અને શાંત સમાજ આપસમાં વિશ્વાસ અને ભાઈચારાનું વાતાવરણ ઈચ્છે છે જ્યાં લોકો એક કુટુંબની જેમ જિંદગી પસાર કરે છે, ખુશીઓમાં પણ લોકોની સાથે સાથે હોય અને દુઃખ દર્દમાં બીજાના ગમમાં શરીક થાય એ ઈસ્લામી ભાવનાને ઈન્સાની જૌહરનું નામ આપવામાં આવે છે.

**અગર હો ઈન્સાં કિસીકે કામ આઓ**
**વરના ખાઓ પીઓ ચલે જાઓ !**

વ્યાપાર, વેચાણમાં છેતરપિંડીથી બચવું, સંગ્રહખોરીની મનાઈ તથા બુરાઈ, માપ તોલમાં ઈમાનદારી અને સચ્ચાઈ, અમાનતોમાં ખયાનતથી બચવું અને દિયાનતદારી પ્રતિ આકર્ષણ એ પુર અમ્ન ઈસ્લામી સમાજના પાયાની ચીજો છે. હાકિમ હોય કે મહકૂમ (પ્રજા) અદલો ઈન્સાફ પર કાયમ રહે અને હક્કો સાચવવામાં ઉણપ ન કરે. જેના વિશે મોઅલ્લિમે ઈન્સાનિયત صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ પ્રમાણે ફર્માવ્યું છે :–

"હક્કોમાં સર્વ માનવોને સમાન રાખો, એ રીતે પોતાનાં પરાયાંની જેમ અને પરાયાં પોતાનાંની જેમ હોય." (અલ હદીષ)

એની અમલી તસ્રીહ (ખુલાસો) સૈયેદના અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ના આ ખુત્બામાં મળે છે. જ્યારે આપે ફર્માવ્યું :–

"દરેક જુલ્મ પામેલ કમજોર (મઝલૂમ) મારી નજીક

મારાથી અધિક મજબૂત છે, જ્યાં સુધી કે હું તેનો હક્ક ન અપાવું અને જાલિમ શકિતશાળી મારી નજીક અધિકતર કમઝોર છે જ્યાં સુધી હું તેની પાસેથી મઝલૂમ (જેના ઉપર તેણે જુલ્મ કર્યો)નો હક્ક વસૂલ ન કરી લઉં." (તારીખુલ ખુલફા)

ઈસ્લામી કાનૂનની દ્રષ્ટિએ પોતાના તથા પરાયાનો પાયો રંગ તથા વંશ, ભાષા તથા વતન પર હરગિઝ નથી. જે લોકો આફ્રિકાના દેશોમાં હજારો કાળાઓની તબાહીને કીડા મકોડાથી વિશેષ મહત્વ નથી આપતા, તેઓ જ પોતાના ઈલાકામાં થોડી પરેશાની પર આભ માથે લઈ લે છે ! તેમણે ઈન્સાનિયતના પોતાના દિમાગથી આંકેલા માપદંડની ચકાસણી કરવી જોઈએ.

ઈ.સ. ૧૯૧૨ની વાત છે. દક્ષિણ ઈરાનને યુનિયન જેક હેઠળ રાખવાના લીધે એક ગોરો સૈનિક કોઈ દેશ પ્રેમી ફિદાઈના હાથે માર્યો ગયો. આ બનાવથી અંગ્રેજોનો જાતીય ઘમંડ ઉભરાઈને સામે આવી ગયો. એ વાતને લઈને સર એડવર્ડ ગ્રે જે તે સમયે ગૃહપ્રધાન હતા તેમણે જણાવ્યું કે, **"એક અંગ્રેજની જિંદગીની કિંમત આખા ઈરાન કરતાં વધારે છે !"** અને એવું નથી કે આ જુનો નશો સમયની ઠોકરો બાદ ઉતરી ગયો હોય, હા ! રીત ભાત તથા અંદાજમાં ફરક જરૂર આવ્યો છે. યુનાઈટેડ અમેરિકા હોય અથવા યૂરોપ દેશો હોય આજે પણ તેમના કાર્યકરો જો દુનિયાભરમાં પોતાના રાજકિય લાભ ખાટવાની પ્રવૃત્તિમાં કયાંક કોઈ અકસ્માતનો શિકાર બની જાય તો તે દેશોના હુકૂમતી વર્તુળમાં ધરતીકંપ આવી જાય છે. ભલેને તેમની જ સ્કીમો અને લાભ પામવાની યોજનાઓના લીધે આફ્રિકન અથવા સ્પેનની હુકૂમતોમાં હજારો જાનોની બરબાદી, ખૂનરેજી અને તબાહકારીઓ રચાઈ જાય, એ સર્વ તેમના માટે દિલચસ્પ રાજ રમત અને નિવેદનો બહાર પાડવા માટેના વિષયો હાથ લાગવા સિવાય કાંઈ જ નથી.

ઈસ્લામે માનવને એક માનવ તરીકે એટલી ઉચ્ચતા આપી છે કે એક નાહક ખૂન ચાહે તે પૂર્વમાં થાય કે પશ્ચિમમાં, એ આખી





દુનિયાના બર્બાદ થઈ જવા સમાન ઠરાવ્યું છે. અમ્ન તથા મહોબ્બતની આ સર્વને સમાવતી ઈસ્લામી નીતિનો સ્વીકાર હિંદુસ્તાનના માજી વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરૂએ શાહ સઊદના હિંદમાં ઈ.સ. ૧૯૫૫ના પ્રવાસ દરમ્યાન લાલ કિલ્લા ખાતે સ્વાગત પ્રવચનમાં આ પ્રમાણે કર્યો હતો અને ઘણી વાતોની સાથે તેમણે એ પણ કહ્યું કે :–

ઈસ્લામ જે એક ઘણો જ અઝીમુશ્શાન મઝહબ છે અને જેણે દુનિયામાં ઊંડી અસરો સ્થાપિત કરી છે તે હિંદુસ્તાનમાં શાંતિ રીતે મિત્રતાના તરીકાથી પ્રવેશ્યો. તે પોતાની સાથે અમ્ન તથા સુલેહનો પૈગામ લાવ્યો. હિંદુસ્તાને પણ પોતાના રિવાજ મુજબ તેને આવકાર્યો અને એ રીતે હિંદુસ્તાનમાં ઈસ્લામને સ્થાપિત થવાનો મોકો મળ્યો. ત્યાર બાદ વિવિધ લોકોએ જોર અજમાવવાનુ શરૂ કર્યું પણ તે રાજકિય ક્ષેત્ર સુધી મર્યાદિત છે. કેટલાક લોકો ગલતીથી આપસની લડાઈઓને ધાર્મિક જંગો માનવા લાગ્યા છે, શકય છે કે તે સમયે પણ ધર્મનો ઉપયોગ કરવામાં આવ્યો હોય પણ સરેરાશની હૈસિયતથી આ સર્વ લડાઈઓ કેવળ રાજકિય હતી." ('અલ જમીઅત' દૈનિક, દિલ્હી, ૨–૧૨–૧૯૫૫)

આ મામલો કેવળ હિંદુસ્તાનના ઈતિહાસનો નથી, જો તમે વિશ્વના તમામ પ્રાંતોના ઈતિહાસને ફેરવશો તો ઈન્સાન નવાઝી અને શાંતિપૂર્ણ પયગામોનાં એવાં જ દ્રશ્યો નજરે પડશે. અમે દુનિયાના ભૌગોલિક ક્ષેત્ર પર મુસલમાનોની સત્તાની ચર્ચા નથી કરી રહ્યા, બલ્કે ઈસ્લામી તાલીમાતની સાચી રોશની પહોંચાડીને ગુમરાહીના અંધકારમાં ડૂબેલી ઝહનિયત (વિચારસરણી)ને સત્તાથી માલામાલ કરનારી 'વિશ્વ શાંતિ'ની ચળવળની યાદ તાજી કરી રહ્યા છીએ.

## ★ સર્વ ઉમ્મતોમાં બહેતર ★

પશ્ચિમવાસીઓના માટે એ વાત સદાય આશ્ચર્યની રહી છે કે આર્થિક રીતે મુસલમાનોની બહુમતી અધિકતર ખુશહાલ નથી રહી અને પ્રારંભિક સદીઓ પછી મુસલમાનોનો રાજસત્તા ધરાવતો તબકો

નાઈન્સાફીનો શિકાર થતો રહ્યો, છતાં પણ એ કઈ જીવંત તાકત છે જેણે ઉભરાતા સખત તોફાનોના સામે આજ સુધી ઈસ્લામને અડગ તથા સ્થિર રાખ્યો છે. હકીકત તો એ છે કે આર્થિક અને સામાજિક હદોથી બુલંદ થઈને જોવાની સમજ આવી જાય તો એ જ હિદાયતના માર્ગદર્શનની કંદીલ સાબિત થઈ જાય. ખુદા તઆલાની કામિલ કુદરતની આ ખૂબ જ રોશન દલીલ છે કે ઈન્સાની બંદોબસ્ત થકી અને કેવળ દુનિયવી જતનથી તો દુનિયામાં ઘણી બધી ચળવળો (તેહરીકો) ચાલી રહી છે અને નભી રહી છે પણ ઈસ્લામની તરક્કી કેવળ ઈન્સાનોની કોશિશો, જદ્દો જેહદ અને સબબો કે વસીલાઓની મોહતાજ નથી બલ્કે મુસલમાન સાચા અર્થમાં મુસલમાન બનીને ઈસ્લામની ખૈરાત તથા ભલાઈઓ લેવામાં મોહતાજ છે.

"હક્કાનિયતને બુલંદ કરવામાં નથી આવતી, તે તો ખૂદ જ સરબુલંદ હોય છે." હા ! જેણે બુલંદી પામવી હોય તેણે હક્કની પાસે પહોંચવું પડે ! એક પ્રશ્ન એ પણ છે કે ઈસ્લામી શાંતિ વ્યવસ્થા સ્થાપિત કઈ રીતે થશે ? આસ્માનેથી ફરિશ્તાઓની જમાઅત ઉતરીને તો આ કામ નથી કરવાની ! તો સાંભળો ! આ મહત્વની જિમ્મેદારીની પરિપૂર્ણતા માટે જાંબાઝ મુસલમાનોની જરૂરત હોય છે જેઓ ખુદાના માટે જીવતા હોય છે અને ખુદાઈ મઝહબની ખિદમત કરતા કરતા દુનિયાથી ચાલ્યા જાય છે. કુર્આની બોલીમાં "ખયરે ઉમ્મત" કહેવાને લાયક આ જ લોકો છે. અલ્લાહની પનાહ ! ખયરે ઉમ્મત શૈતાની સકંજાઓમાં જકડાયેલી છે અને ઈકતેદાર (સત્તા) તથા નફસાનિયતના નશામાં ચૂર મુસલમાનોની હુકૂમતો નથી, **જે મુસલમાન ખૂદ પોતાની જાત પર ઈસ્લામી કાનૂનો લાગુ કરવાથી લાચાર છે તેના પ્રતિ ઈસ્લામી વ્યવસ્થાને લાગુ પાડવાની નિસ્બત કરવી પણ આ પાકીઝા વ્યવસ્થાની તૌહીન છે.**

મુસલમાન જ્યાં સુધી પોતાને 'ખયરે ઉમ્મત' ન બનાવી લે ત્યાં સુધી તેના થકી ઈસ્લામી વ્યવસ્થા લાગુ નથી થતી. અને 'ખયરે ઉમ્મત'નું માપદંડ સ્વચ્છ આયના જેમ દરેક મુસલમાન સમક્ષ જાહેર





છે કે હાકિમ તથા મહકૂમ (હુકૂમત હેઠળના) દરેક પોતાની જિંદગીને એના પર પારખી શકે છે. દુનિયાની તમામ કૌમો તથા મિલ્લતોમાં ઈસ્લામ તથા કુર્આનવાળી મિલ્લતને એ વિશિષ્ટતા હાંસલ છે કે તે કેવળ પોતાના ઈમાન તથા અમલની બુનિયાદ પર એક (સંગઠિત) થાય છે. રંગ, વંશ, ભાષા અને જમીનની હદો તેમના માટે ભેદરેખા નથી બનતી. 'ખયરે ઉમ્મત'ના ગુણો અને 'બાતિલ'ની સરખામણીમાં તેની સ્થિતિનું વર્ણન આ પ્રમાણે કુર્આન ફર્માવે છે :–

كُنْتُمْ خَيْرَ أُمَّةٍ أُخْرِجَتْ لِلنَّاسِ تَأْمُرُونَ بِالْمَعْرُوفِ وَتَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَتُؤْمِنُونَ بِاللَّهِ وَلَوْ آمَنَ أَهْلُ الْكِتَابِ لَكَانَ خَيْرًا لَهُمْ مِنْهُمُ الْمُؤْمِنُونَ وَأَكْثَرُهُمُ الْفَاسِقُونَ لَنْ يَضُرُّوكُمْ إِلَّا أَذًى وَإِنْ يُقَاتِلُوكُمْ يُوَلُّوكُمُ الْأَدْبَارَ ثُمَّ لَا يُنْصَرُونَ

(અર્થ) : "તમે બેહતર છો તે સર્વ ઉમ્મતોમાં જે લોકોમાં જાહેર થઈ, ભલાઈનો હુકમ આપો છો, અને બુરાઈથી રોકો છો, અને અલ્લાહ પર ઈમાન રાખો છો, અને કિતાબી ઈમાન લાવત તો તેમનું ભલુ હતું. તેમનામાં કેટલાક મુસલમાન છે અને અધિકત કાફિર, તેઓ તમારું કાંઈ નહીં બગાડશે પણ આ જ સતાવવું, અને જો તમારી સાથે લડે તો તમારી સામે પીઠ ફેરવી જશે, પછી તેમની મદદ થશે નહીં." (આલે ઈમરાન, ૩/૧૧૦/૧૧૧)

આ સૂરએ મુબારકહ્માં એક અન્ય ઠેકાણે 'ખયરે ઉમ્મત'ને ખબરદાર કરવામાં આવેલ છે કે જો તમે ખરેખર સાચા ઈમાનના અમાનતદાર છો તો તમે ગાલિબ (સવાર) રહેશો, તમારા ઉપર કોઈ અન્ય ગાલિબ થશે નહીં.

وَلَا تَهِنُوا وَلَا تَحْزَنُوا وَأَنْتُمُ الْأَعْلَوْنَ إِنْ كُنْتُمْ مُؤْمِنِينَ

"અને ન સુસ્તી કરો ! ન ગભરાવ ! તમે જ ગાલિબ આવશો જો ઈમાન ધરાવતા હોઉ તો ! (આલે ઈમરાન, ૩/૧૩૯)

મુસ્નદે અહમદ અને નિસાઈમાં અબૂ લહબની પુત્રી હઝરત ઝર્રહથી રિવાયત છે : "એક શખ્સ રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સમક્ષ ઉભો થયો, તે વખતે હુઝૂર મિમ્બર પર બિરાજમાન હતા. તેણે કહ્યું કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم લોકોમાં બેહતર શખ્સ કોણ છે ? આપે ઈર્શાદ ફર્માવ્યો, જે સૌથી સારો કારી અને સૌથી વિશેષ ખુદાથી ડરનાર અને અધિક નેકીઓનો હુકમ કરનાર, બુરાઈથી રોકનાર હોય, તેમજ અધિકતર સગાંઓ સાથે સદ્વર્તાવ કરનારો હોય."

'ખયરે ઉમ્મત' પર દુનિયામાં ખુદાઈ ઈનામોનો ઉલ્લેખ ઉપરોકત આયતોમાં કરવામાં આવ્યો છે કે તેણે દુશ્મનોના મુકાબલામાં હારનો સામનો કરવો પડશે નહીં, બલ્કે તેને ફતહ તથા કામયાબી નસીબ થશે.

આખેરતના ઈનામોની તો ગણત્રી જ શી કરવી ?! સાંભળો ! ખુશ ખબરી સંભળાવનાર સરકાર સૈયેદેના મોહંમદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે :–

"મારા રબ عزوجل એ મને વાયદો ફર્માવ્યો છે કે મારી ઉમ્મતમાંથી સિત્તેર હજારનો હિસાબ થશે નહીં અને દરેક હજારની સાથે સિત્તેર હજાર હશે."

સુબ્હાનલ્લાહ ! આ છે ખયરે ઉમ્મતના માટે આખેરતની સરફરાઝી ! કે વિના હિસાબે જન્નતમાં દાખલ થશે ! અને દરેક હજારની સાથે બીજા સિત્તેર હજારને જન્નતમાં દાખલ કરવામાં આવશે. રસૂલે ગિરામી વકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ના તુફૈલ ઉમ્મતીઓનો આ છે મર્તબો અને ઈજ્જત ! ફર્માવે છે :–

"જન્નત તમામ અંબિયા પર હરામ હશે જ્યાં સુધી હું દાખલ ન થઈ જાઉં ! અને તમામ ઉમ્મતો પર હરામ હશે જ્યાં સુધી મારી ઉમ્મત દાખલ ન થઈ જાય !"

સૈયેદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ આયતે કરીમા **કુન્તુમ ખયર ઉમ્મતી....** ખુત્બામાં તિલાવત કરી અને ફર્માવ્યું : "જેને એ





પસંદ હોય કે 'ખયરે ઉમ્મત'માંથી બને તો તે એ શરતને પૂર્ણ કરે જે અલ્લાહે આ આયતે પાકમાં લગાડી છે. અને જે આ શરતથી સંબંધિત ન થશે તે એ લોકોની જેમ ગણાશે જેમની બુરાઈ અલ્લાહ તઆલાએ પોતાના આ કૌલમાં કરી છે :– كَانُوْا لَا يَتَنَاهَوْنَ عَنْ مُّنْكَرٍ فَعَلُوْهُ

(અર્થ) : આપસમાં એકબીજાને બુરાઈથી રોકતા નથી જેને તેઓ કરતા હતા."

## ★ ઈસ્લામની કિતાબ અને વિશ્વશાંતિ ★

હોલેન્ડના રોકાણ દરમ્યાન કેટલીયે મહત્વની કોન્ફરન્સોમાં ભાગ લેવાનો અવસર સાંપડયો જ્યાં **"વિશ્વ શાંતિ"**ના વિષય પર વર્તમાન કાળના સંશોધકો અને રિસર્ચ સ્કોલરોના બયાનો સાંભળવા મળ્યાં. એ કારણે પણ આ વિષયમાં લખવાની દિલચસ્પી જાગી અને મુખ્ય કારણ તો એ છે કે પશ્ચિમી પ્રચાર માધ્યમોથી મને સખ્ત રીતે મેહસૂસ કરાવ્યું અને આ વિષયમાં મેં કલમ ઉઠાવી છે.

વિષય મહત્વતા જે ઈલ્મી ઊંચાઈ ધરાવે છે તેનો જો હું વિચાર કરત તો એ હકીકત છે કે મારી કમ ઈલ્મી મને આ કદમ ઉઠાવવા ન દેત. અને મેહરૂમીની વાત તો એ છે કે આ સર્વ કાંઈ જે સ્થળે બેસીને લખી રહ્યો છું ત્યાં ન તો ઉલમાએ કિરામનું વર્તુળ મયસ્સર છે ન ઉસ્તાદોની બઝમ, ન કિતાબોનો ઝખીરો છે ન ઈસ્લામી લાયબ્રેરીઓ. કુતુબખાનાઓથી જે માખઝ જમા કરી લાવ્યો હતો તેને જ સંપાદિત કર્યું છે. ધી હેગમાં મુબલ્લિગે ઈસ્લામ મૌલાના સૈયદ સઆદત અલી કાદરી બાની 'અલ કાદરી ઈસ્લામિક સેન્ટર'ના અંગત કુતુબખાનાથી લાભ ઉઠાવ્યો; જેના માટે હું મોહતરમનો શુક્રગુઝાર છું.

ગદ્ય તથા પદ્યમાં મેં મારી તમામ કૃતિઓની જેમ "ઈસ્લામ અને અમ્ને આલમ" (ઈસ્લામ અને વિશ્વશાંતિ) પણ હું અહલે ઈલ્મો ફઝ્લની ખિદમતમાં ઈસ્લાહ માટે રજુ કરું છું.

કોઈ ખામી જોવા મળે તો મહેરબાનીથી જણાવશો.

"ઈસ્લામ અને અમ્ને આલમ" (ઈસ્લામ અને વિશ્વશાંતિ)માં જે પ્રકરણોનો મેં સમાવેશ કર્યો છે તે નીચે પ્રમાણે છે :–

(૧) ઈસ્લામમાં માનવના મર્તબાનો ખયાલ

(૨) ઈસ્લામ અને ન્યાય વ્યવસ્થા

(૩) ઈસ્લામી જેહાદ અને તેનો હેતુ

(૪) ઈસ્લામી સજાઓ વિશ્વ શાંતિની જામિન છે

(૫) શાંતિ માટે ઈસ્લામી ક્રાંતિ અને રસૂલને પડેલ તકલીફો

જે માહોલને નજરો સમક્ષ રાખીને મેં આ કિતાબ સંપાદિત કરી છે તેની વાંચકો ઠેકઠેકાણે ઝાંખી કરી શકશે. ગાઢ ઉમ્મીદ છે કે આ કિતાબ યૂરોપી ભાષાઓનો પોશાક પહેરીને (અનુવાદિત થઈને) એક વિશાળ તબકાની ગલત ફહમીઓને દૂર કરશે. ઈસ્લામી વ્યવસ્થા અને કાનૂને મુસ્તફાના ચમકતા દમકતા મુદ્દાઓ આ નબળા માહોલને હયાતના કારવાં પ્રતિ સાચુ માર્ગદર્શન કરવામાં સહાયરૂપ સાબિત થઈ શકશે.

અલ્લાહ રહમાનો રહીમ એને મારા માટે નજાતનો ઝરીયો બનાવે, આમીન. યા રબ ! મારા ગુનાહોના દફતરને પોતાના ફઝલો કરમની વર્ષાથી ધોઈ નાખ, મારા વાલિદૈન કરીમૈન, ઉસ્તાદો તથા મશાઈખને આખેરતની સરફરાઝીઓ અતા ફર્માવે. આમીન, બિજાહિન્નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم.

(અસીરે કમન્દે હવા) **બદરુલ્ કાદરી**

(હિ.સ. ૧૪૦૮)





# પ્રકરણ—૧

# ઈસ્લામમાં માનવ મર્તબાનો ખયાલ

## ★ કુર્આની એ'ઝાઝ (મોજિઝો) ★

ઈસ્લામ જ કાયનાતના રબનો સાચો ધર્મ છે જે પોતાની અસલી સૂરતમાં આજે પણ મૌજૂદ છે અને કિયામત સુધી રહેશે.અને તેના કાનૂનો તથા ઉસૂલો તે ખાલિક તથા માલિક તરફથી છે જેણે ઈન્સાન અને તમામ કાયનાતને પેદા ફર્માવી. કોઈ ચીજની મહત્વતા તેના બચાવનારા કરતાં વિશેષ કોણ જાણી શકે છે ? રબ્બે કાયનાતે ઈન્સાનને બનાવ્યો અને એ રીતે કે તમામ મખ્લૂકાતમાં દરેક લેહાઝથી ઉમદા, બહેતર અને લાયક બનાવ્યો. અસલી હુસ્ન તથા કમાલમાં કોઈ ચીજ ઈન્સાનની તોલે નથી આવી શકતી. પ્રાણી, પથ્થર, વનસ્પતિમાં કોઈ પણ તો નથી જે ઈન્સાનની બરાબરી કરી શકે. હટ્ટાકટ્ટા શકિતશાળી હયવાનો અને ખૂંખાર દરિન્દાઓ સૌ ઈન્સાન સમક્ષ ઝુકેલાં છે. એટલા માટે કે એને પેદા કરનારા હકીમે મુત્લકે એનામાં એવી કાબેલિયતો રાખી દીધી છે કે પોતાની બુધ્ધિ તથા યુકિતથી કામ લઈને આ ઈન્સાન અન્ય તમામ ચીજોને તાબે કરી લે. ફિક્રો નઝર, અકલ તથા સમજથી કામ લઈને તરક્કી કરવાની જે અસામાન્ય લાયકાત ઈન્સાનને બખ્શવામાં આવી છે તે કોઈ અન્યને મયસ્સર નથી. ફિલોસોફરોએ ઈન્સાની કમાલોનો ઊંડો અભ્યાસ કર્યો પછી જ એવું કહ્યું છે કે ઈન્સાન નાની દુનિયા છે.

પોતાનું રિઝક (અન્ન) ખાવા માટે દરેક મખ્લૂકે માથાને જમીનની પ્રતિ ઝુકાવવુ પડે છે અને ઈન્સાને પોતાનું રિઝક ખાવા માટે

માથુ જમીન પ્રતિ ઝુકાવવું નથી પડતું, બલ્કે હાથમાં કોળિયાને ઉઠાવીને તેને મોઢા સુધી જાતે પહોંચાડી આપે છે. ઈન્સાન કુદરતનો એક એવો નમૂનો છે જેના બારામાં ખાલિક તથા માલિક ખૂદ ઈર્શાદ ફર્માવે છે :–

لَقَدْ خَلَقْنَا الْإِنْسَانَ فِي أَحْسَنِ تَقْوِيمٍ

(અર્થ) : બેશક ! અમે ઈન્સાનને સારી સૂરતમાં બનાવ્યો. (અત્તીન, ૫/૪)

દરેક મખ્લૂકની પોતાની કોઈ ન કોઈ સૂરત છે પણ તેમાં દરેક રીતે હસીન તથા જમીલ (ખૂબસૂરત), દરેક લેહાઝથી બેહતરીન તથા અફઝલ ઈન્સાન છે. તફસીરે કુર્તબીમાં આ આયતે કરીમા હેઠળ ઈબ્ને અરબીનો કૌલ છે :–

(અર્થ) :– "અલ્લાહ તઆલાએ ઈન્સાનથી વિશેષ ખૂબસૂરત કોઈ ચીજ પેદા નથી કરી. અલ્લાહે માણસને પેદા કર્યો અને આ ખૂબીઓથી નવાઝયો, આલિમ, ઈખ્તેયારવાળો, ઈરાદાવાળો, જીવંત, બોલતો, સાંભળનારો, જોનારો, મુદબ્બિર (તદબીરવાળો) અને હકીમ (હિકમતવાળો)." (તફસીરે અહકામુલ કુર્આન, અલ્લામા અબૂબક્ર જસાસ રાઝી હનફી)

માનવ ચહેરાનો હુસ્નો જમાલ (ખૂબસૂરતી) દરેક ચીજથી અફઝલ તથા શ્રેષ્ઠ છે. બીજા ઠેકાણે ઈર્શાદે રબ્બાની છે :–

وَصَوَّرَكُمْ فَأَحْسَنَ صُوَرَكُمْ وَإِلَيْهِ الْمَصِيرُ (અર્થ) "અને તેણે (અલ્લાહે) તમારી સૂરતો બનાવી અને તમારી સૂરતોને ખૂબસૂરત બનાવી અને તેના પ્રતિ જ દરેકે પાછા વળવાનુ છે." (સૂ. અત્તગાબુન, ૩/૬૪)

વિચારવાની વાત એ છે કે હુસ્નો જમાલના આ પયકર, નાઝ તથા અદાનું આ પૂતળુ, સાઝ શણગારનુ આ માળખુ રબ્બે કાયનાતની સૌથી ખૂબસૂરત મખ્લૂક છે, સર્વ પ્રાણીઓથી શ્રેષ્ઠ તથા અફઝલ છે, તેને કઈ ચીજેથી ઉઠાવીને આટલે સુધી પહોંચાડયો છે તે ખૂદ માલિકો મૌલાથી સાંભળો :–





مِنْ أَيِّ شَيْءٍ خَلَقَهُ ○ مِنْ نُطْفَةٍ خَلَقَهُ فَقَدَّرَهُ ○ ثُمَّ السَّبِيلَ يَسَّرَهُ ○

(અર્થ) : "કઈ ચીજથી અલ્લાહે તેને પેદા કર્યો, એક ટીપાથી તેને પેદા કર્યો પછી તેની દરેક ચીજ અંદાઝાથી બનાવી પછી જીવન રાહ તેના માટે સરળ કરી આપી. (અબસ, ૮૦/૧૭,૧૮, ૧૯)

તમામ મખ્લૂકાતમાં ઈન્સાન સૌથી મુકર્રમ (માનવંત) છે. રબ ફર્માવે છે :–

وَلَقَدْ كَرَّمْنَا بَنِي آدَمَ وَحَمَلْنَاهُمْ فِي الْبَرِّ وَالْبَحْرِ وَرَزَقْنَاهُمْ مِنَ الطَّيِّبَاتِ وَفَضَّلْنَاهُمْ عَلَىٰ كَثِيرٍ مِمَّنْ خَلَقْنَا تَفْضِيلًا (القرآن)

"અને બેશક ! અમે ઘણી ઈજ્જત આપી આદમની ઔલાદને અને અમે તેમને સવાર કર્યા (વિવિધ સવારીઓ પર) જમીન (ખુશ્કી) તથા સમુદ્રમાં અને તેમને પાકીઝા ચીજોથી રોજી આપી અને અમે ફઝીલત આપી તેમને ઘણી બધી ચીજો પર જેમને અમે જાહેરી ફઝીલતવાળા પેદા ફર્માવ્યા." (બની ઈસ્રાઈલ, ૧૭/૭૦)

દુનિયામાં ઈજ્જત તથા કરામતનો તાજ ઈન્સાનને પહેરાવવામાં આવ્યો અને વિશ્વભરમાં તેને કંટ્રોલ અતા થયો. તફસીરે મવાહિબુર્રહ્માનમાં ઉપરોકત આયત હેઠળ એક હદીષ મુબારક આપવામાં આવી છે, જેનો તર્જુમો એ છે કે, ફરિશ્તાઓએ અર્ઝ કરી, હે રબ ! તેં અમને તથા આદમની અવલાદને પેદા કરી, અવલાદે આદમના માટે એવું કર્યું કે તેઓ ખાવા ખાય છે, પાણી પીએ છે, કપડાં પહેરે છે, નિકાહ કરે છે, સવારીઓ પર સવાર થાય છે અને આરામ કરે છે અને અમારા માટે એમાંથી કાંઈ જ નથી. એમના માટે દુનિયામાં આટલુ કર્યું તો અમારા હિસ્સામાં આખેરત કરી આપ. તો હક્ક તઆલાએ જવાબ આપ્યો કે જેના હકમાં મેં **ખલકતુલ બિયદી...** છેવટ સુધી (મેં મારા દસ્તે કુદરતથી પેદા કર્યો) ફર્માવ્યું : તેને તેના પ્રતિ હરગિઝ કરીશ નહીં જેને **કુન** ફર્માવીને પેદા કર્યો." (ઈબ્ને અસાકિર, અનસ રદિયલ્લાહુ અન્હુથી)

સદરુલ અફાઝિલ અલ્લામા નઈમુદીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ ખઝાઈનુલ ઈરફાનમાં લખે છે :–

બુધ્ધિ, ઈલ્મ તથા વાણી, પાકીઝા સૂરત, મધ્યમ કદ અને રોજી રોટી કમાવાની તદબીરો અને તમામ ચીજો પર કાબૂ અતા ફર્માવીને તથા એ ઉપરાંત ઘણી ફઝીલતો (શ્રેષ્ઠતાઓ) આપીને અમે આદમની ઔલાદને મહાન ઈજ્જત બખ્શી. (ખઝાઈનુલ ઈરફાન)

## ★ ઈન્સાની ખૂબીઓનું મોટુ કારણ ★

માનવના ઉચ્ચ મર્તબા અને મહાન દરજ્જાના સબબોમાંથી સૌથી મહાન સબબ એ છે કે ખુદાના મહબૂબો અને પ્યારી પસંદીદા વ્યકિતઓનો ઝહૂર એનામાંથી થયો.

ઈન્સાનમાં જ હઝરત આદમ علیہ الصلوٰۃ والتسلیم સફીયુલ્લાહ (ચુનંદા) બનીને તશરીફ લાવ્યા, ઈન્સાનોમાં જ હઝરત નૂહ علیہ الصلوٰۃ والتسلیم નજીયુલ્લાહ (હમરાઝ) બનીને તશરીફ લાવ્યા, ઈન્સાનોમાં જ હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والتسلیم ખલીલુલ્લાહ (અલ્લાહના દોસ્ત) બનીને તશરીફ લાવ્યા, ઈન્સાનોમાં જ હઝરત મૂસા علیہ الصلوٰۃ والتسلیم કલીમુલ્લાહ (અલ્લાહ સાથે કલામ કરનારા) બનીને તશરીફ લાવ્યા, ઈન્સાનોમાં જ હઝરત દાઊદ علیہ الصلوٰۃ والتسلیم ખલીફતુલ્લાહ (અલ્લાહના ખલીફા) બનીને તશરીફ લાવ્યા, ઈન્સાનોમાં જ હઝરત ઈસા علیہ الصلوٰۃ والتسلیم રૂહુલ્લાહ (અલ્લાહની રૂહ) બનીને તશરીફ લાવ્યા, અને ઈન્સાનોમાં જ ખાતમુન્નબીય્યીન હઝરત મુહંમદ صلی اللہ تعالیٰ علیہ وسلم હબીબુલ્લાહ (અલ્લાહના મહબૂબ) બનીને તશરીફ લાવ્યા.

અલ્લામા આલૂસીએ ઈન્સાનોના મુકર્રમ (ઉચ્ચ મર્તબાવાળા) હોવાના કારણમાં લખ્યું છે કે, ઈન્સાનિયતના માટે સેંકડો ફખ્રનુ કારણ એ છે કે તેમનામાં સૈયદુલ અવ્વલીન વ આખરીન મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم તશરીફ લાવ્યા અને હઝરત મુહમ્મદ ઈબ્ને કઅબનો આ કૌલ પેશ કર્યો, (અર્થ) : "આદમની ઔલાદ મુકર્રમ (માનપાત્ર) છે એ કારણે કે હુઝૂર એમનામાંથી છે."





**હોતે કહાં ખલીલો બિનાએ કા'બાઓ મિના**
**લૌલાકવાલે સાહિબી સબ તેરે ઘરકી હૈ**

મતલબ કે સૈયદુલ મુરસલીન صلی اللہ تعالیٰ علیہ وسلم અને આદમથી ઈસા સુધી લગભગ એક લાખ ચોવીસ હજાર અંબિયા علیہم السلام નો મુકદ્દસ ગિરોહ ઈન્સાનોમાં જ આવ્યો, તેના કારણે ઈન્સાનને અઝમત (મહાનતા) તથા કરામત મળી અને આદમ પુત્ર અઝમતવાળો બન્યો.

જમીન તથા આસમાનના માલિકનો એ ખાસ કરમ આદમની ઔલાદ પર છે કે તેમને પોતાની પેદા કરેલી તમામ મખ્લૂક પર મહત્તા અને અફઝલિયત અતા ફર્માવી. અને એમનામાં એવી એવી ક્ષમતા તથા કાબેલિયતો રાખી કે જેનાથી દુનિયાને કાબૂમાં કરી શકે.

**ઉરૂજે આદમ ખાકીસે લરઝે જાતે હૈં અન્જુમ**
**કે યે ટૂટા હુઆ તારા મહે કામિલ ન બન જાએ**

## ★ માટીથી સુરય્યા (સિતારા) પર ★

ઈન્સાની શરાફત તથા બુઝુર્ગીને એ રીતે પણ જાહેર કરવામાં આવી કે તેના પ્રથમ સર્જનનું વિગતે વર્ણન કરવામાં આવ્યું. જેમ કે અબુલ બશર હઝરત આદમ علیہ الصلوٰۃ والتسلیم ના સર્જનનો પ્રસંગ કુર્આન મજીદ તથા અન્ય આસ્માની કિતાબોમાં મૌજૂદ છે અને પછી આદમની ઔલાદની પેદાઈશના તરીકાને સવિસ્તાર કુર્આન મજીદ ઝિક્ર ફર્માવે છે કે એક નાકદર (તુચ્છ) પાણીના ટીપાથી વિવિધ અવસ્થાઓ પાર પાડીને માનવ તૈયાર થાય છે અને તેમાં રબ્બે કાયનાત પછી પોતાના તરફથી રૂહ ફૂંકે છે. રૂહ જે અમરે ઈલાહી (ઈલાહી ફર્માન) છે તે જ્યારે માનવ શરીરમાં ફૂંકવામાં આવી તો તેની મહાનતા તથા મહત્વતા તો જુઓ કે ખાલિકે બેનિયાઝ તે રૂહની નિસ્બત તેની અઝમત વધારવાના રૂપે પોતાના પ્રતિ કરીને ફર્માવે છે :–

(અર્થ) :– (અલ્લાહ) તે જેણે જે ચીજ બનાવી સરસ બનાવી

અને માનવ સર્જનની શરૂઆત માટીના ગારાથી કરી પછી તેની નસ્લ રાખી એક બેકદર પાણીના ખુલાસાથી પછી તેના (કદને) દુરસ્ત ફર્માવ્યું અને રૂહ ફૂંકી દીધી એમાં પોતાની રૂહ." (તફસીરે ખઝાઈનુલ ઈરફાન)

એનાથી અગાઉ સૂરએ હજરમાં માનવના સર્જનનું વર્ણન કરતાં ફર્માવ્યું, કે એમાં પોતાની ખાસ રૂહ ફૂંકીને ફરિશ્તાઓને સજદાનો હુકમ ફર્માવ્યો :–

فَإِذَا سَوَّيْتُهُ وَنَفَخْتُ فِيهِ مِنْ رُّوحِي فَقَعُوا لَهُ سٰجِدِيْنَ

(અર્થ) : "તો હું જ્યારે તેને ઠીક કરી લઉં અને એમાં પોતાના તરફથી ખાસ મોઅઝ્ઝઝ રૂહ ફૂંકી દઉં તો તેના માટે સજદામાં પડી જશો." (સૂ. હજર, ૧૫/૧૯)

ઈન્સાની માળખામાં જારી થયેલી રૂહની નિસ્બત વાજિબુલ વજૂદની જાતે ખાસ પોતાના તરફ કરીને તમામ મખ્લૂકાતમાં તેને માનવંત બનાવી દીધો છે. કુર્આન મજીદમાં આ ખાસ શરાફતનું બયાન હઝરત ઈસા ઈબ્ને મરયમ (અલૈહિ વ અલા નબિય્યિના عليه الصلوٰة والسلام ની પેદાઈશના પ્રકરણમાં (સૂરએ સ્વાદ, આ. ૭૨ અને સૂ. તહરીમ, આ. ૧૨) થયું છે કે સામાન્ય માનવીઓની પેદાઈશમાં તો નુત્ફા (વિર્ય)ને વસીલો તથા ઝરીયો બનાવી લીધો, પણ હઝરત ઈસા મસીહ ઈબ્ને મરયમને વગર બાપે પોતાની કામિલ કુદરતનો મખ્સૂસ એજાઝ પ્રદર્શિત કરીને પોતાની રૂહથી નવાઝયા. એ કુદરતના એજાઝના સબબે હઝરત મસીહ عليه الصلوٰة والسلام ને "રૂહુલ્લાહ" કહેવામાં આવે છે.

આ માનવ ઉચ્ચતાનું એલાન અલ્લાહના રસૂલ હુઝૂર મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હજ્જતુલ વિદાઅના ખુત્બામાં પણ કર્યું જે માનવ ઈતિહાસનો કામિલ પરવાનો છે. આદમની તમામ ઔલાદ માનવપણાના સંબંધથી સંબંધિત હોવાના આધારે કેટલાક અંશે માનવંત છે, તેને સરકારે કેટલા સંક્ષિપ્તમાં બયાન કર્યું છે તેના અમુક ભાગોને જે વિષયને અનુરૂપ છે તેને જુઓ :–

(અર્થ) : "સર્વ માનવો આદમની ઔલાદ છે અને હઝરત





આદમ عليه الصلوٰة والسلام માટીથી બનાવવામાં આવ્યા. હવે મહાનતાના સર્વ દાવાઓ, ખૂન તથા માલની સર્વ માંગણીઓ અને બદલો મારા આ પગો તળે કચડવામાં આવી ચૂકયાં છે." (અલ હદીષ)

આ આઈનામાં સાફ જોઈ શકાય છે કે ઈસ્લામે ઈન્સાની મહાનતાઓને કેવી રીતે ઉચ્ચતાની ટોચે પહોંચાડેલ છે કે માનવ લોહી, માનવમાં જાન તથા માલ અને માનવ ઈજ્જતો એકબીજા પર તદ્દન હરામ કરી દેવામાં આવી. રબ ફર્માવે છે :–

أَيُّهَا النَّاسُ إِنَّ دِمَاءَكُمْ وَأَمْوَالَكُمْ وَأَعْرَاضَكُمْ عَلَيْكُمْ حَرَامٌ

"લોકો ! તમારુ લોહી અને માલ અને ઈજ્જતો એકબીજા પર તદ્દન હરામ કરી દેવામાં આવી."

ઈસ્લામ જ છે જેણે જાહિલિયતના દૌરની ખૂનરેજી અને ગારતગિરીની રસ્મોને કચડી નાખી.

"જાહિલિયતના દૌરનું સર્વ કાંઈ મેં મારા પગ નીચે કચડી કાઢયું, જાહિલિયતના જમાનાના ખૂનના સર્વ બદલાઓ હવે નાબૂદ છે."

વેપારમાં વ્યાજની વ્યવસ્થા જે મૂડીધારીઓને માલદાર અને મજબૂરોને અધિક ગરીબ બનાવનાર નિયમ છે, તેને ઈસ્લામે હરામ ઠરાવ્યો. "જાહિલિયતના સમયનું વ્યાજ કોઈ હૈસિયત નથી ધરાવતું, પ્રથમ વ્યાજ જેને હું છોડું છું તે અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબનુ વ્યાજ છે, હવે તે ખત્મ થઈ ગયું." (અબૂ દાઊદ, ઈબ્ને માજહ, મનાસિક)

## ★ વસ્તનઅ્તુક લિનફ્સી ★

ઉપરોકત દલીલો એ વાતની ન્યાયી સાક્ષી છે કે ઈન્સાનને ઈસ્લામમાં ઈન્સાન હોવાની હૈસિયતથી જે ઈજ્જત તથા ઉચ્ચતા પ્રાપ્ય છે તે કોઈ અન્ય મખ્લૂકને પ્રાપ્ય નથી. તમામ ચીજો શકિત તથા પ્રભાવ અને ઈજ્જત તથા ઉચ્ચતાના લેહાઝથી આદમ પુત્રથી કમતર છે, શરત એ કે માનવ પોતાના પેદાઈશી વકાર તથા શૌકતને સંભાળી

રાખે. વિશ્વની સર્વ ચીજો માનવના માટે બનાવવામાં આવી છે, સૌ ઈન્સાનની સેવક અને તાબેદારી કરનાર છે. જમીન તથા આસમાન, સૂર્ય તથા ચંદ્ર, તારાઓ, પાણી, આગ, માટી સર્વ અલ્લાહના હુકમાનુસાર વિશ્વ વ્યવસ્થાને ચાલુ રાખવામાં લાગેલાં રહીને માનવ સેવા અંજામ આપી રહેલ છે.

ઉપરોકત લખાણોને ધ્યાનથી વાંચશો તો તે વાજિબુલ વજૂદની હુઝૂરમાં દિલની પેશાની બંદાપણાના ઈઝહારથી ઝૂકી પડશે. જેના કહરો જલાલથી આસ્માનને અડવા મથતા પહાડો ધ્રુજી ઉઠે છે. વીજના ભયાનક કડાકા ભડાકા જેની મહાનતાની તસ્બીહનું એલાન કરે છે. કાંઈ પણ અસ્તિત્વમાં ન હતું તેને 'કુન' ફર્માવ્યું એટલામાં સર્વ કાંઈ થઈ ગયું. તે કુદરતવાળો માલિક તથા ખાલિક તે પોતાની અગણિત મખ્લૂકમાં ઈન્સાનને ખૂબીઓ તથા મહાનતાનો હકદાર ઠરાવી રહ્યો છે. આખી કાયનાત તેની (અલ્લાહની) માલિકીની છે જેને ચાહે જીવંત રાખે અને જેને ચાહે મૌતને ઘાટ ઉતારી આપે. ઈન્સાનની જિંદગીના માટે રબ તઆલાએ પ્રાણીઓ તથા વૃક્ષોની અગણિત જિંદગીઓને કુર્બાન થવાના માટે બનાવી તો પ્રશ્ન એ ઉદ્ભવે છે કે તે કયો મહાન મકસદ છે જેના માટે ઈન્સાનની પરવરિશ થઈ રહી છે ? તે મકસદ તથા હેતુ છે "ઈમાન તથા નેક અમલ."

وَالْعَصْرِ ۝ اِنَّ الْاِنْسَانَ لَفِیْ خُسْرٍ ۝ اِلَّا الَّذِیْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَتَوَاصَوْا بِالْحَقِّ وَتَوَاصَوْا بِالصَّبْرِ ۝ (القرآن)

"તે મહબૂબના જમાનાની કસમ ! બેશક ! આદમી (માનવ) જરૂર નુકસાનમાં છે, પણ તે જે ઈમાન લાવે અને જેણે સારાં કામો કર્યા અને એકબીજાને હક્કની તાકીદ કરી અને એકબીજાને સબ્રની વસિયત કરી." (સૂ. અસ્ર, ૧૦૩/૧,૨,૩)

وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْاِنْسَ اِلَّا لِیَعْبُدُوْنِ

"અને મેં જિન તથા માનવને એ માટે બનાવ્યા કે મારી





બંદગી કરે." (સૂ. ઝારિયાત, ૫૧/૫૬)

માનવ જાનની ઈજ્જત અને તેનું માન સન્માન ઈસ્લામમાં શું છે ? તે આપે જોઈ લીધું અને એ પણ જોયું કે માનવીને આટલો મહાન દરજ્જો અને ખૂબી તથા મહાનતા આપવાનો સબબ શું છે ? હજ્જતુલ વિદાઅના ખુત્બામાં હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જાહિલિયતની જે બુનિયાદોને પોતાના પગો વડે કચડી કાઢેલ છે, તે કેવળ અરબસ્તાન તથા ખાસ તે સમય સંબંધે ન હતું, બલ્કે દુનિયાના અસ્તિત્વ સુધી માનવ હક્કોને હડપ કરવાની જે પણ જાહિલ ચળવળ ઉઠશે તેને ઈસ્લામ અને સાચા મુસલમાનો કુર્આની કાનૂનોની રોશનીમાં મારી હઠાવશે.

હવે બુધ્ધિશાળી લોકો જુએ કે ઈસ્લામ સિવાય વર્તમાનકાળના તમામ સ્વરચિત કાનૂનો માનવજાતીની બુનિયાદ પર કોઈ માનવને કોઈ હક્ક આપે છે ? ઈસ્લામ સિવાય દુનિયાનો કોઈ કાનૂન એવો નથી જે માનવને માનવ હોવાને કારણે ઈજ્જત તથા મોટાઈનો હકદાર ઠરાવતો હોય. કોઈ વ્યકિત કોઈક ખાનદાનની હોવાને કારણે દુનિયાની નજરમાં વિશ્વાસને પાત્ર છે, કોઈ ખાસ દેશનો વતની હોવાને કારણે વિશિષ્ટ રીતે વર્તવાને લાયક ઠરે છે, નસ્લ તથા કૌમ (વંશજ તથા જાતી), રંગ તથા ભાષાની બુનિયાદ પર માનવોની વહેંચણી ખૂદ માનવ હસ્તે અમલમાં આવી ચૂકી છે. ઈસ્લામે માનવ એકતાને તે સંકુચિત વાડાઓમાં વહેંચણી થવાથી બચાવવામાં જે પાયાનો, અસરકારક તથા રચનાત્મક રોલ અદા કર્યો છે તે જ હકીકતમાં યુનાઈટેડ નેશન્સ ઓર્ગેનાઈઝેશન (યુનો)ની માનવ હક્કોની કિતાબની કાગળ પરની કાર્યવાહીનો પણ પ્રોત્સાહક છે.

માનવતાના પાયા પર આખી માનવ જાતી એક આદમની ઔલાદ છે. કોઈ ગોરો કોઈ કાળા પર, કોઈ અરબી કોઈ અજમી પર, કોઈ ઉચ્ચ જ્ઞાતિવાળો કોઈ નીચી જ્ઞાતિવાળા પર પોતાની ઉચ્ચતા ન દર્શાવે. કોઈ જાતી કે વંશનું અન્ય પર અગ્રિમતા જાહેર કરવી એ ઈસ્લામી નિયમોની વિરૂધ્ધ છે.

يَا أَيُّهَا النَّاسُ اتَّقُوا رَبَّكُمُ الَّذِي خَلَقَكُم مِّن نَّفْسٍ وَاحِدَةٍ وَخَلَقَ مِنْهَا زَوْجَهَا وَبَثَّ مِنْهُمَا رِجَالًا كَثِيرًا وَنِسَاءً

"હે લોકો ! તમારા રબથી ડરો ! જેણે તમને એક જાનથી પેદા કર્યા અને તેમાં તેમનું જોડુ બનાવ્યું અને તે બંને થકી ઘણા મર્દ ઔરત ફેલાવ્યાં."

(સૂ. નિસાઅ, ૧/૪)

એક હઝરત આદમ عليه السلام થકી ઈન્સાની વંશજ શરૂ થઈને આગળ વધ્યો અને દુનિયાના પૂર્વ તથા પશ્ચિમમાં ફેલાઈ ગયો. પ્રદેશોની આબોહવા અને રહેઠાણના તફાવતના કારણે દેખાવ, રંગ અને કદમાં ભેદ જોવા મળે છે, ભાષા તથા વાણીમાં વિરોધાભાસ જરૂર છે પણ માનવતાના ધોરણે સર્વે સમાન છે. અને સૌથી કિંમતી તત્વ એ છે કે પૈદાઈશી લેહાઝથી તમામ ખુદાના સમાન ઈનામો એટલે કે માનવસહજ લાયકાતોથી નવાઝવામાં આવ્યા છે, પણ તેનો યોગ્ય અને સંજોગોને અનુરૂપ ઈસ્તેમાલ કરીને ખુદાનો તકવો પ્રાપ્ત કરનાર છેવટે સૌથી બેહતર તથા અફઝલ છે.

يَا أَيُّهَا النَّاسُ إِنَّا خَلَقْنَاكُم مِّن ذَكَرٍ وَأُنثَىٰ وَجَعَلْنَاكُمْ شُعُوبًا وَقَبَائِلَ لِتَعَارَفُوا إِنَّ أَكْرَمَكُمْ عِندَ اللَّهِ أَتْقَاكُمْ

"હે લોકો ! અમે તમને એક પુરૂષ અને એક સ્ત્રીથી પેદા કર્યા અને તમને શાખો અને કબીલાઓમાં વહેંચ્યાં જેથી આપસમાં ઓળખ પામો. બેશક ! અલ્લાહને ત્યાં તમારામાં અધિક ઈજ્જતવાન તે છે જે તમારામાં અધિક પરહેઝગાર છે."

(સૂ. હુજોરાત, ૧૩/૪૯)

મૌલાએ કાયનાત અલીએ મુર્તઝા كرم الله تعالى وجهه الكريم એ ફર્માવ્યું, (અર્થ) : શકલો સૂરત (ચહેરા–મહોરા)ના હિસાબે સૌ માનવ સરખા છે, આદમ عليه السلام સૌના બાપ અને હવ્વા સૌની માં છે.

આ પૈદાઈશી સમાનતાના કારણે આદમ તથા હવ્વાની સર્વ ઔલાદ આપસમાં ભાઈ ભાઈ છે.





અલગ અલગ કૌમો (જાતીઓ) અને જુદા જુદા ખાનદાનો અને કબીલાઓનો ધ્યેય એ છે કે માનવોની આપસમાં ઓળખ સરળ બને, સંપર્ક તથા સંબંધમાં સહુલત પેદા થાય, એના થકી ગર્વ તથા કોઈ અન્યનો તિરસ્કાર કદાપિ ન થવો જોઈએ. આ તે કુદરતી વ્યવસ્થા છે જેણે માનવ સમાજ વચ્ચે કાયમી ભેદભાવ, કબીલા તથા વંશજ, ભાષા તથા રંગની તમામ કાંટાદાર ઝાડીઓ કાપીને ફેંકી દીધી, હજારો પ્રગતિ કરવા છતાં સ્વરચિત કાનૂનોના દીવાનાઓ આજે પણ તેના માર્ગની ધૂળને ન સ્પર્શી શકયા, એ જ કારણ છે કે પશ્ચિમી દેશોની નેતાગીરીમાં આજ સુધી દુનિયામાં આપસી વિખવાદનો જિન્નાત અધિકથી અધિક મજબૂત થતો જાય છે. શકિતવાન દેશો ગરીબ તથા મુફલિસ પ્રદેશોને આજ સુધી એ જ પ્રમાણે જુલ્મો સિતમનું નિશાન બનાવી રહ્યા છે જેવી રીતે મોટી માછલી નાની માછલીને લાડવો સમજીને હડપ કરી જાય છે. જેવી રીતે અમેરિકાની ભૂમી પર માણસના શરીરમાં લોહી છે અને માનવ હોવાના નાતે અમેરિકાનો માનવ ઈજ્જતને પાત્ર છે, તદ્દન એ જ પ્રમાણે પેલેસ્ટાઈન, વિયેટનામ, અફઘાનિસ્તાન, ઈરાક અને આફ્રિકી દેશોના માનવો પણ કદરને પાત્ર છે. પણ વર્તમાન દુનિયામાં ચાલતી ગવર્નમેન્ટનાં બંધારણો જુગારની ચાલતી રેસના જેમ છે જેમાં દરેક ઘોડેસવારનો મકસદ કેવળ સૌથી આગળ નીકળી જવાનો હોય છે. આ રેસકોર્સમાં તો કાંઈ નીતિ નિયમો હશે પણ રાજકીય ક્ષેત્રે ઘોડા દરેક નિયમોથી આઝાદ છે ! વિચારવાની વાત છે કે નાગાસાકીમાં એક જ ઝપાટે લાખો માનવોની જિંદગીઓ તબાહ કરનારા પોતાના દેશમાં બે ચાર જાની નુકસાનો પર સાત સાત આંસૂ વહાવીને કેવી રીતે માનવતાની સેવા અને મહોબ્બતની સાબિતી આપી દે છે ?!

સાંભળો ! હે મુલ્ક તથા વતન અને ભાષા તથા જાતીના નામ પર ગરીબો, મુફલિસો અને કમજોરોની જાનોમાલ સાથે ખેલનારાઓ ! ખુદા ફર્માવે છે ! તે ખુદા જેણે દરેક ઈન્સાનને ઈન્સાનિયતની બુનિયાદ પર માનવંત બનાવ્યો, તે પોતાની બેહતરીન

મખ્લૂકને માનવતાના સ્વરચિત નિયમોને આધારે કત્લ કરનારાઓને સાવચેત કરે છે :–

وَلَا تَقْتُلُوا النَّفْسَ الَّتِي حَرَّمَ اللَّهُ إِلَّا بِالْحَقِّ

"અને કોઈ પ્રાણને જેને અલ્લાહ તઆલાએ માનવંત ઠરાવ્યો તેને હલાક ન કરો પણ હક્કની સાથે." (સૂ. અન્આમ, ૬/૧૫૧)

રબ તઆલા ઈન્સાની વંશજને ઉત્તેજન આપી રહ્યો છે તો ઈન્સાનને એ હક્ક કયાંથી મળે છે કે ખુદાઈ ગુલિસ્તાનમાં પોતે કાપા કાપી કરે અને ઈન્સાની વંશજના ક્રમને કટ કરવાની સ્કીમ બનાવે. રબ્બે કાયનાતની તરફથી માનવોને આ જુલ્મની કદી છૂટ નથી.

وَلَا تَقْتُلُوا أَوْلَادَكُمْ خَشْيَةَ إِمْلَاقٍ نَحْنُ نَرْزُقُهُمْ وَإِيَّاكُمْ

"અને પોત પોતાની ઔલાદને ગરીબીના ભયે કતલ ન કરો, અમે તેમને પણ રોજી આપીશું અને તમને પણ."

(સૂ. બની ઈસ્રાઈલ, ૩૧/૧૭)

## ★ ઈસ્લામ માનવ એકતાનો નિમંત્રક છે ★

કુર્આને પાકે માનવ એકતાને સ્થાપવા સંબંધે ખૂબ ભાર મૂકયો છે. એટલા માટે કે માનવી એ એક વૃક્ષની ફેલાયેલી ડાળીઓ છે, સૌ એક જ મૂળ સાથે જોડાયેલ છે, એક જ મા બાપની સૌ ઔલાદ છે. ઈન્સાનિયતના કોઈ પણ હિસ્સાની તબાહી તથા બર્બાદી ઈસ્લામને માન્ય નથી. જેવી રીતે એક ઝાડ પોતાના સર્વ પાંદડાં તથા અન્ય ભાગોને શકિત તથા હયાત પહોંચાડે છે અને તીવ્ર આંધી હવાની ચાલે ત્યારે પાંદડાં તથા ડાળીઓ કાંપવા લાગે છે ત્યારે ઝાડની મજબૂત જડો (થડો) તેમને સંભાળવાની દરેક શકય કોશિશ કરે છે. ઈસ્લામ માનવ એકતાને જાળવી રાખવા અને આદમની ઔલાદની સલામતી તથા ભલાઈ સ્થાપવા નિમંત્રણ આપનાર છે એટલા માટે જેવી રીતે ઈમાનવાળાઓને સંબોધતાં **યા**





**ઐયુહલ્લઝીન આમનૂ** "હે ઈમાનવાળાઓ !" કહેવામાં આવે છે એ જ કુર્આન મજીદમાં તમામ ઔલાદે આદમને ધ્યાનિત કરતાં **યા અય્યુહન્નાસ** "હે લોકો !" અને **યા બની આદમ !** "હે આદમ પુત્રો !"નું સંબોધન પણ આવ્યું છે, જેથી ઈન્સાની બિરાદરી (માનવ જાત) પોતાની અસલિયતને ભૂલાવી ન શકે અને વંશિય તથા પ્રાદેશિક ગૃપબંદીવાળા ખયાલોનો શિકાર ન બની જાય.

સર્વ માનવ તબકાઓમાં કુર્આન મજીદે ઈમાનવાળાઓને ખુદાઈ સિપાહીની હૈસિયતથી રાખેલા છે જેથી મુસલમાન ઈલાહી કાનૂનોને આખા વિશ્વ પર લાગુ પાડે. આ ખુદાઈ સિપાહીઓને માનવ સમાજમાં અમલી (રચનાત્મક) પગલાં ભરતા પહેલાં તકવો અને પરહેઝગારીની ટ્રેનિંગ આપવામાં આવી અને જણાવી દેવામાં આવ્યું કે, હે અમલના મેદાનમાં ઉતરનાર સિપાહી એ યકીન રાખજે કે,

فَمَنْ يَعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ خَيْرًا يَرَهُ ۝ وَمَنْ يَعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ شَرًّا يَرَهُ

"તો જે કોઈ એક રજકણ બરાબર પણ નેકી કરશે તેને જોશે અને જે કોઈ એક રજકણ બુરાઈ કરશે તેને જોશે."

(સૂ. ઝિલઝાલ–૪,૮/૯૯)

માનવ જીવની મહત્વતા રબ તઆલાની નજીક શું છે ? જ્યારે આપણે ઈસ્લામના ફોજદારી કાનૂનનો અભ્યાસ કરીએ છીએ તો જાણવા મળે છે કે દરેક શખ્સના માટે એક જ માપદંડ છે, ઈસ્લામી બંધારણમાં દરેક જીવની એક સમાન કિંમત છે, જે પણ કોઈને નાહક કત્લ કરે છે તેને કત્લ કરવામાં આવે છે, જે કોઈ પણ ચોરી કરે છે તેનો હાથ કાપવામાં આવે છે, જે કોઈ પણ જુલ્મનો માર્ગ અપનાવે છે તેને તત્કાળ શિક્ષા થાય છે. હત્યારો ચાહે અમીર હોય કે ગરીબ, રાજા હોય કે પ્રજા, આલિમ હોય કે જાહિલ, અરબી હોય કે અજમી, ગોરો હોય કે કાળો પણ ઈસ્લામનો કાનૂન દરેકના માટે સમાન હોય છે.

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا كُتِبَ عَلَيْكُمُ الْقِصَاصُ فِي الْقَتْلَى ۖ الْحُرُّ بِالْحُرِّ وَالْعَبْدُ بِالْعَبْدِ وَالْأُنْثَىٰ بِالْأُنْثَىٰ (القرآن)

"હે ઈમાનવાળાઓ ! તમારા પર ફર્ઝ છે કે નાહક માર્યા જાય તેના ખૂનનો બદલો લો, આઝાદના બદલે આઝાદ અને ગુલામના બદલે ગુલામ અને સ્ત્રીના બદલે સ્ત્રી." (સૂ. બકરહ, ૧૭૮/૨)

આ આયતે કરીમાએ દરેક ઈરાદાપૂર્વક કત્લ કરનાર પર કેસાસ (જાનના બદલે જાન)નો વજૂદ સાબિત કરી આપ્યો. અહકામે કુર્આન લિલકેસાસમાં આ આયત હેઠળ છે :–

"જાણી બુઝીને ખૂન કરનારથી કેસાસ (જાનના બદલે જાન) લેવાનુ વાજિબ હોવું આ આયતથી સાબિત થાય છે, ભલે તેણે આઝાદને કત્લ કર્યો હોય કે ગુલામને, મુસલમાનને કે કાફિરને, સ્ત્રીને કે પુરૂષને. કેમ કે "કત્લા" જે કત્લનુ બહુવચન છે તે સૌમાં સામેલ છે. હા ! જેને શરઈ દલીલ ખાસ કરે તે ખાસ થઈ જશે."

એ જ પ્રમાણે શરીઅતે મૂસવીના કાનૂનો જે તૌરાત શરીફમાં નાઝિલ થયા હતા અને જેને શરીઅતે મુહમ્મદિયહ્એ મન્સૂખ નથી ફર્માવ્યા, એમાં ઘાયલ કરવા તથા કેસાસ (ખૂનનો બદલો ખૂન, હાથના બદલે હાથ, આંખના બદલે આંખ...વગેરે)ના પણ કાનૂનો છે :–

وَكَتَبْنَا عَلَيْهِمْ فِيهَا أَنَّ النَّفْسَ بِالنَّفْسِ وَالْعَيْنَ بِالْعَيْنِ وَالْأَنْفَ بِالْأَنْفِ وَالْأُذُنَ بِالْأُذُنِ وَالسِّنَّ بِالسِّنِّ وَالْجُرُوحَ قِصَاصٌ ۚ فَمَنْ تَصَدَّقَ بِهِ فَهُوَ كَفَّارَةٌ لَهُ (القرآن)

"અને અમે તૌરાતમાં તેમના પર વાજિબ કર્યું કે જાનના બદલે જાન અને આંખના બદલે આંખ અને નાકના બદલે નાક અને કાનના બદલે કાન અને દાંતના બદલે દાંત, (એ પ્રમાણે) અન્ય ઝખ્મોમાં બદલો છે. પછી જે દિલની ખુશીથી બદલો કરાવે તો તે તેનો ગુનોહ ઉતારી આપશે." (સૂ. માએદા, ૪૫/૫)





## ★ ઈસ્લામી કાનૂનની એક તરી આવતી ખૂબી ★

ઈસ્લામી કાનૂનની એક ખૂબી એ પણ છે કે તે મુજરિમ કાતિલ અથવા ગુનાહ કરનારને સજા મેળવી લઈને ગુનાહોના વબાલથી પાક થવા માટે પ્રોત્સાહિત કરે છે. જેમ કે તફસીરે જલાલૈન તથા જુમલમાં આયતે પાકના હિસ્સા **ફનમ તસદક બિહી** છેવટ સુધીના હેઠળ છે :–

"જે કાતિલ અથવા ગુનોહ કરનાર પોતાના જુર્મ પર શર્મિંદો થઈને ગુનાહોના વબાલથી બચવા માટે ખુશીપૂર્વક પોતાના ઉપર શરઈ હુકમ લાગુ કરાવે તો કેસાસ તેના જુર્મનો કફફારો બની જશે અને આખેરતમાં તેના પર અઝાબ નહીં થાય." (તફસીરે જલાલૈન તથા જુમલ)

જેમ કે હઝરત માઈઝ સહાબીએ રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم નું બારગાહે નબવીમાં હાજર થઈને પોતાના ગુનાનો એકરાર કરવો અને એ વાતનો આગ્રહ કરવો કે **તહ્હિરની યા રસૂલલ્લાહ !** (હે અલ્લાહના રસૂલ ! મને પાક કરી આપો.) એ આ અકીદાની મુંહ બોલતી ઐતિહાસિક ગવાહી છે જેનાથી ઈસ્લામી શરીઅતના ઈતિહાસનો પ્રાથમિક તાલિબે ઈલ્મ પણ નાવાકેફ નથી.

## ★ ઈસ્લામે માનવજાતને ખલ્અત તથા વકાર આપ્યો ★

આ ઈસ્લામની ઈન્સાન નવાઝી છે કે શૈતાની કલ્ચરના દલદલમાંથી કાઢીને આદમની ઔલાદને ખુદાની પસંદીદા સંસ્કૃતિ તથા સભ્યતાનું અજવાળુ બખ્શ્યું. અને તેને નીચ તથા અયોગ્ય આદતો તથા તરીકાઓમાંથી દૂર રાખીને સદ્વર્તાવ અને ઉમદા અખ્લાક તથા ઉમદા આદતોના અલંકારોથી સજાવ્યો. ઈસ્લામની તાલીમાતમાં એક બાવકાર ઈન્સાનની શાન એ છે કે તે મઝાક અને ઠઠ્ઠા મશ્કરી જેવાં હલકાં કામોથી પણ દૂર રહે.

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا لَا يَسْخَرْ قَوْمٌ مِّن قَوْمٍ عَسَىٰ أَن يَكُونُوا خَيْرًا مِّنْهُمْ وَلَا نِسَاءٌ مِّن نِّسَاءٍ عَسَىٰ أَن يَكُنَّ خَيْرًا مِّنْهُنَّ وَلَا تَلْمِزُوا أَنفُسَكُمْ وَلَا تَنَابَزُوا بِالْأَلْقَابِ ۝٢٠

"હે ઈમાનવાળા ! એ વાત પુરૂષો માટે યોગ્ય નથી કે કેટલાક લોકો અન્યોની મઝાક ઉડાવે, (એમાં) અજબ નથી કે તે તેમનાથી બહેતર હોય. એ જ પ્રમાણે સ્ત્રીઓ માટે પણ યોગ્ય નથી કે અન્ય સ્ત્રીઓની મજાક ઉડાવે, અજબ નથી કે તે તેમનાથી બેહતર હોય અને આપસમાં મહેણા તાણા ન કરો અને એકબીજાનાં બુરાં નામો ન રાખો." (સૂ. હુજેરાત, ૧૧/૪૯)

માનવ પ્રકૃતિનાં કમજોર પાસાંઓએથી જે ગલત આદતો માનવોમાં પ્રવેશી જાય છે તેમાંથી એકે એકનો નિર્દેશ કરીને ઈસ્લામે પોતાના અનુયાયીઓને તેનાથી દૂર તથા નફરત કરતા રહેવાનુ સૂચન કર્યું. અહીં દરેકનું વિગતે વર્ણન કરવાનો હેતુ નથી, અમુકના પ્રતિ કેવળ ઈશારો પૂરતો છે. એ અયબોમાંથી કોઈની એબ શોધવી અને ગીબત (નિંદા) પણ છે, એનાથી પણ સખ્તીપૂર્વક રોકવામાં આવેલ છે અને કુર્આન મજીદમાં ગીબત કરનારને પોતાના મરેલા ભાઈનો ગોશ્ત ખાનાર બતાવીને આ હરકતથી ઈસ્લામી સમાજને પાક કરવામાં આવ્યો છે. એક ઠેકાણ ઈર્શાદે રબ્બાની છે :–

وَلَا تَجَسَّسُوا وَلَا يَغْتَب بَّعْضُكُم بَعْضًا

"એક બીજાની ખામીઓ ન શોધો ! અને ન તમારામાંથી કોઈ એકબીજાની નિંદા કરે." (સૂ. હુજોરાત, ૧૨/૪૯)

નાફર્માની અને સરકશી તબાહીનો સામાન છે, તેમાં સપડાઈને પોતાની તબાહી તથા બર્બાદી ખરીદવી ઈન્સાનના માટે નાપસંદીદા બાબત છે, એટલા માટે સ્પષ્ટતાપૂર્વક ફર્માવી દેવામાં આવ્યું કે :–

وَلَا تُلْقُوا بِأَيْدِيكُمْ إِلَى التَّهْلُكَةِ ۝٢٢ (القرآن)





"પોતાના હાથે પોતાને તબાહીમાં ન નાખો." (સૂ. બકરહ, ૧૯૫/૨)

માનવ વસ્તી હઝરત આદમ عليه السلام થી લઈને આજ સુધી એક જ સિલસિલાની કડીઓ છે અને તેમની સુધારણા તથા કેળવણીના માટે રબ તઆલા તરફથી અંબિયા તથા રસૂલો عَلَيْهِمُ السَّلَامُ તશરીફ લાવતા રહ્યા છે. તે સૌ મુકદસ પૈગમ્બરોની તાલીમાત એક જ નૂરના સ્ત્રોતનાં કિરણો છે. કેટલીક કૌમોને હઝરત મૂસા તથા હારૂન عَلَيْهِمُ السَّلَامُ થી ખાસ લગાવ છે પણ તેઓ તેમની તાલીમાતનાં ઊંડાણોથી નાવાકેફ છે. અને કેટલાકને હઝરત ઈબ્રાહીમ થી عليه السلام સંબંધ છે પણ તેઓ તેમની હકીકી દા'વતથી અજાણ છે. ક્રમે ક્રમે કુર્આન શરીફ આગલા સહીફાઓના હવાલાથી કલામ ફર્માવે છે અને દિશા સૂચવે છે કે કુર્આન મજીદ અત્યારે હુકમો તથા ફર્માનોની પરિપૂર્ણતાવાળું છે, જે અગાઉના તમામ રસૂલો عَلَيْهِمُ السَّلَامُ લઈને તશરીફ લાવતા રહ્યા.

એક ઠેકાણે અમલ પ્રતિ આકર્ષણના બારામાં ઈર્શાદ થાય છે :–

أَمْ لَمْ يُنَبَّأْ بِمَا فِي صُحُفِ مُوسَىٰ ۝ وَإِبْرَاهِيمَ الَّذِي وَفَّىٰ ۝ أَلَّا تَزِرُ وَازِرَةٌ وِزْرَ أُخْرَىٰ ۝ وَأَن لَّيْسَ لِلْإِنسَانِ إِلَّا مَا سَعَىٰ ۝٢٣

"શું તેને ખબર નથી મળી કે મૂસા તથા ઈબ્રાહીમના સહીફાઓમાં શું આલેખાયેલ હતું ?! તે ઈબ્રાહીમ જેમણે પૂરેપૂરો હક્ક અદા કરી આપ્યો કે કોઈ શખ્સ કોઈ અન્યનો બોજ ન ઉઠાવી શકશે અને એ કે ઈન્સાનના કામ આવનારી ચીજ એ જ છે જેની તે કોશિશ (આ દુનિયામાં) કરી જાય." (સૂ. અન્નજૂમ, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯)

## ★ ઈન્સાન અલ્લાહની અમાનતોનો અમીન ★

રબ્બે કાયનાતે ઈન્સાનને અશરફુલ મખ્લૂકાત (સૌ સર્જનોમાં

શ્રેષ્ઠ) બનાવીને તમામ મખ્લૂકોનો સરદાર બનાવ્યો અને નિત નવી ખૂબીઓ (ક્ષમતાઓ)થી નવાઝીને એના પર અતિ મહાન જિમ્મેદારી નાખી. આ જ ઈન્સાનોમાંથી સૌથી ઈજ્જતવાન તબકાને પોતાની અમાનતોનો અમીન ઠરાવ્યો. ખૂદ રબ્બુલ આલમીન એનું વર્ણન પોતાના કલામે પાક કુર્આને કરીમમાં કરે છે :–

إِنَّا عَرَضْنَا الْأَمَانَةَ عَلَى السَّمٰوٰتِ وَالْأَرْضِ وَالْجِبَالِ فَأَبَيْنَ أَن يَحْمِلْنَهَا وَأَشْفَقْنَ مِنْهَا وَحَمَلَهَا الْإِنسَانُ إِنَّهُ كَانَ ظَلُومًا جَهُولًا ﴿٧٢﴾

"બેશક ! અમે અમાનત રજુ કરી આસમાનો અને જમીનો અને પહાડો પર તો તેમણે તેને ઉઠાવવાથી ઈન્કાર કર્યો અને તેનાથી ડરી ગયા. અને માણસે ઉઠાવી લીધી, બેશક ! તે પોતાની જાનને તકલીફોમાં નાખનાર ઘણો નાદાન છે." (સૂ. અહઝાબ, ૭૨/૩૩)

આ વિશાળ આકાશ જેના વિસ્તારનો આપણે અંદાઝો નથી લગાડી શકતા, આ જમીન, ચંદ્ર, સૂર્ય અને જમીનની પીઠ પરના ભારે ભરખમ પહાડ આપણી સમક્ષ ખામોશ છે, પણ તે સૌનો ખાલિક (સર્જનહાર) તથા માલિક અને આપણને સૌને પેદા કરનાર તેમનાથી વાત પણ કરે છે. પોતાની આટલી મોટી વિશાળતા તથા ભવ્યતા ધરાવવા છતાં આસ્માન તથા જમીન અને પહાડ વગેરે કોઈનામાં પણ એટલી શકિત નથી કે અલ્લાહની અમાનતનો ભાર ઉઠાવી શકે ! રબ્બે કાયનાતે જ્યારે આસ્માનો પર, જમીન પર અને પહાડો પર પોતાની અમાનત રજુ કરી તો એ અમાનતની મહાનતાથી સૌ ડરી ગયાં અને દરેકે ઉઠાવવાથી ઈન્કાર કરી આપ્યો. આખી સૃષ્ટિએ આ જિમ્મેદારી નિભાવવાથી લાચારી પ્રદર્શિત કરી.

## ★ અમાનત એટલે શું ? ★

મુફસ્સિરીને કિરામ (ખુલાસાથી સમજ આપનારા વિદ્વાનો)ની દ્રષ્ટિએ અમાનતનો અર્થ શરીઅતની તકલીફો છે, જેમાં





ઈબાદતો, અખ્લાક અને દરેક પ્રકારના કાનૂનોનો સમાવેશ થાય છે. એટલે કે જાણે કહેવામાં આવ્યું કે, ઈખ્તિયાર તથા આઝાદીની સાથે જણાવો કે તમે કરેલાં સારાં કર્મોનો બદલો અને બુરા અમલોની સજા ઉઠાવવાનો વાયદો કરો છો ? તો આસ્માન તથા જમીન અને વિશાળ ડરામણા પહાડોએ આ બોજ ઉઠાવવાથી લાચારી દર્શાવી દીધી અને સ્પષ્ટ જણાવી આપ્યું કે, હે માલિક તથા મૌલા ! અમને ફર્માંબરદારીની સવાબની ઉમ્મીદ કરતાં નાફર્માનીના અઝાબનો ખતરો છે, અમે તારા તાબામાં રહીને પાબંદી સાથે જ હુકમોનું પાલન કરતાં રહીશું. પણ હે અમારા ખાલિકો માલિક ! આ મહાન કસૌટીથી અમને દૂર રાખ !

અને આ જ અમાનત જ્યારે હઝરત આદમ عليه السلام પર અને અલ્લાહની હિકમતની તમામ ઔલાદે આદમ પર રજુ કરવામાં આવી તો તેમણે તેને ઉઠાવવાની હા પાડી દીધી. રબ્બે કાયનાત, ખાલિક તથા માલિકે બેનિયાઝની તરફથી આવનારી પેશકશ (ઓફર)ને માનવે કઈ હૈસિયતથી કબૂલ કરી ? એના બારામાં આ આયતે કરીમાના હેઠળ **'તફસીરે રૂહુલ બયાન'** માં હઝરત જુનૈદ બગદાદી ઈમામુત્તાઈફાનુ કથન ઘણું પ્યારું છે :–

"રબ તઆલાએ હઝરત આદમ عليه السلام સમક્ષ જ્યારે પોતાની અમાનત રજુ કરી તો એ વખતે આપની નજર અમાનત અને તેની જિમ્મેદારીઓ પર ન હતી બલ્કે અમાનત પેશ કરનારા પર હતી અને પેશ કરનારામાં જે લિજ્જત તથા ખુશી હતી તેણે અમાતનની કઠણાઈઓને નજરોથી ઓજલ કરી દીધી."

સૈયદુત્તાઈફા હઝરત જુનૈદ બગદાદી ફર્માવે છે કે આદમે જ્યારે આ જિમ્મેદારીને ઉઠાવી લીધી તો રબ્બે કાયનાતની રહમતે ખુશ થઈને ફર્માવ્યું : "ઉઠાવવાનું કામ તારું છે અને તૌફીક તથા કામયાબી આપવું મારું કામ છે." (તફસીરે રૂહુલ બયાન, અલ્લામા ઈસ્માઈલ હક્કી ઈબ્ને મુસ્તફા હનફી બરૂસૂવી, વફાત : હિ.સ. ૧૧૩૭, આયત : ઈન્ના અરદ્નલ અમાનત...)

આ પ્રસંગે કાઝી ષનાઉલ્લાહ પાનીપતી رحمة الله عليه એ પોતાની તફસીરમાં સૂફિયાએ કિરામનો મસ્લક ખૂબ જ દિલનશીન

અંદાઝમાં પેશ કર્યો છે. 'તફસીરે ઝિયાઉલ કુર્આન'માંથી એક સમૃધ્ધ લખાણ અહીં રજુ કરીએ છીએ. અલ્લામા પાનીપતી ફર્માવે છે :–

"હું કહું છું કે આ આયતની રજુઆત એ વાતનો તકાદો કરે છે કે અહીં જે અમાનતનો ઉલ્લેખ છે તેનાથી એ અમાનત મુરાદ (હેતુ) છે જેને કેવળ માણસ જ ઉઠાવી શકે છે અને અન્ય કોઈ મખ્લૂક તેને ઉઠાવવાની હિંમત નથી ધરાવતી. જો આ અમાનતથી મુરાદ શરીઅતના હુકમો હોય તો તેમાં માનવની વિશિષ્ટતા નથી બલ્કે જિન્નાત અને ફરિશ્તા પણ પાબંદ છે. એ રીતે ફરિશ્તાઓની અફઝલિયત (ઉચ્ચપણુ) માનવ પર લાઝિમ આવશે, કેમ કે તેમની શાન તો એ છે કે, તેઓ રાત દિવસ તસ્બીહમાં વ્યસ્ત રહે છે અને જરા પણ થાકતા નથી અને માનવની એ હાલત નથી. એટલા માટે સૂફિયાએ અમાનતની તફસીર "નૂરુલ અકલ" અને "નારુલ ઈશ્ક"થી કરી છે. એટલે કે નૂરે અકલ (બુધ્ધિની રોશની) દલીલો વડે અલ્લાહની ઓળખ (મઅરેફત) હાંસલ કરે છે અને ઈશ્કની આગ (નાર) હિજાબાત (પર્દા) સળગાવીને મઅરેફતે ઈલાહી સુધી પહોંચે છે. બેશક ! ફરિશ્તાઓ પણ તેના મુકર્રમ (માનનીય) બંદા છે, પરંતુ તેઓનામાંથી દરેકના માટે એક નિશ્ચિત સ્થાન છે જેનાથી આગળ તે વધી નથી શકતો. અને ઈશ્કની જલનના કારણે અસીમિત દરજ્જાઓ સુધી પ્રગતિ કરતા જવું એ માણસની જ વિશિષ્ટતા છે. ત્યાર બાદ અલ્લામા પાનીપતી લખે છે :–

"હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہના ઈર્શાદોથી જે પરિણામ મેં તારવ્યું છે તે એ છે કે, અમાનતથી મુરાદ તે કાબેલિયત (ક્ષમતા) છે જે અલ્લાહ તઆલાએ ઈન્સાનની હકીકતમાં સામેલ કરેલ છે જે હમેશાં રહેનારી જાત રબ તઆલાની તજલ્લીઓને કબૂલ કરતી રહે છે. નેક જિન પણ ઈબાદત તથા રિયાઝત થકી ફરિશ્તાઓની સફમાં સામેલ થઈ જાય છે, તેમ છતાં પણ તેમના હિસ્સામાં સિફતી તજલ્લીઓ આવે છે, જાતી તજલ્લીઓની ક્ષમતા તેમનામાં નથી હોતી."





છેવટમાં અલ્લામા પાનીપતી **"ઝલૂમન જહૂલા"**ની તશરીહ (ખુલાસો) કરતાં લખે છે :–

"માણસમાં બે શકિતઓ છે એક 'સબઈય્યહ' અને એક 'બહમિય્યહ'. 'સબઈ' શકિત વડે તેના દિલમાં ઉચ્ચતાની મહત્વાકાંક્ષાની ભાવના પેદા થાય છે જેના વડે તે મઅરેફતની ઊંચીમાં ઊંચી ટોચોને આંબી લે છે. અને 'બહમીઈ' શકિતઓના કારણે અથાગ પરિશ્રમ અને તકલીફો ઉઠાવવાની ભાવના તેનામાં જન્મે છે, જેના લીધે તે લાંબી રિયાઝતો અને મુશ્કેલ ઈબાદતોનો બોજ સબ્ર તથા સંયમથી સહન કરતો રહીને મહબૂબની મંઝિલ પ્રતિ પ્રયાણ કરતો રહે છે. જો આ બે શકિતઓ માનવીમાં ન હોત તો તે પણ સલામતીના કિનારા પણ તંબુ નાખીને બેઠો રહેત અને કદાપિ આજમાઈશના તીવ્ર તોફાનોથી ટકરાવવાના માટે તૈયાર ન થાત."

મૌલાના 'જામી' رحمۃ اللہ علیہ એ પણ **ઝલૂમન જહૂલા**નો અર્થ સરસ કર્યો છે :–

**તર્જુમો** :– ઈન્સાનના સિવાય કોઈએ પણ આ અમાનતને કબૂલ ન કરી, કેમ કે ઈન્સાન ઝલૂમ તથા જહૂલ (સખત જાલિમ તથા જાહિલ) હતો. તેનો જુલ્મ એ હતો કે તેણે પોતાની હસ્તીને ફના કરી દીધી જેથી કરીને કાયમી જિંદગી પ્રાપ્ત કરે. અને તેની જેહાલત (નાદાની) એ છે કે હક્કના સિવાય જે કાંઈ હતું તેણે તેને પોતાના દિલની સ્લેટમાંથી ભૂંસી નાખ્યું ! તે જુલ્મ ઘણો જ સારો જે ઐન અદ્લ છે અને તે જેહાલત ઘણી જ ઉમદા છે જે મઅરેફતનુ મીજ છે." (તફસીરે ઝિયાઉલ કુર્આન, અઝ : પીર કરમશાહ અઝહરી, ભાગ–૪, પેજ–૧૦૩, ૧૦૪)

આ તમામ ઉપરોકત આયતો અને તફસીરો તથા ચર્ચાઓથી એ વાત ખુલીને સામે આવી જાય છે કે, ઈન્સાન રબ્બે કાયનાતની સૌથી શ્રેષ્ઠ, ખૂબસૂરત અને સૌથી હિંમતવાન અને સૌથી ઉચ્ચ મર્તબાવાળી મખ્લૂક છે.

આસમાન જે અમાનતનો બોજ ન ઉઠાવી શકયું, તેના ડ્રોમાં મુઝ દીવાનાનું નામ નીકળી આવ્યું ! જેથી ઈન્સાન જ સર્જનોમાં શ્રેષ્ઠ છે

અને ઈન્સાન જ સર્જનોમાં સૌથી વિશેષ માનને પાત્ર છે અને ઈન્સાન જ સૌ સર્જનોમાં અતિ સુંદરતાવાળો છે. રબ તઆલાની સૌથી પ્રિય મખ્લૂક ઈન્સાન છે, અમાનતના ભારને ઉઠાવનારી મખ્લૂક ઈન્સાન છે.

આ છે ઈસ્લામની દ્રષ્ટિએ માનવની હેસિયત ! આ છે દીને હનીફમાં માનવની પ્રતિષ્ઠા ! આ છે નિઝામે મુસ્તફામાં (ઈસ્લામી બંધારણમાં) માનવીનું માન ! હવે જે ધર્મમાં માણસને આટલુ મહાન સ્થાન પ્રાપ્ય છે તે જ માનવની અમ્નો સલામતીના વાસ્તવિક માર્ગો અને તેની ભલાઈના તરીકાઓને રજુ કરી શકે છે. હીરા માણેકની કદર જાણનારા જ તેની હિફાઝતનો બેહતરીન બંદોબસ્ત કરી શકે છે, જે લોકો તેને પણ કેવળ કાચના મણકા સમજતા હોય તેઓ તેની શું કદર કરી શકે છે ?!

## ★ અલ્લાહ તઆલા જ સૌનો માલિક છે ★

મુસલમાનોનો અકીદો (માન્યતા) છે કે મુસલમાનોનો રબ જ સર્વ આલમોનો રબ છે. મુસલમાનોના પેદા કરનાર પરવરદિગારે જ આખી કાયનાતનું સર્જન કર્યુ છે. ઈસ્લામ કેવળ એક ગૃપ કે એક તબકા માટે નથી, તે પૂરી ઈન્સાનિયતનો મઝહબ છે, એ જ અલ્લાહના કલામનું નિમંત્રણ છે અને એ જ ખુદાના રસૂલનો પૈગામ પણ છે.

قَبْلِكُمْ لَعَلَّكُمْ تَتَّقُوْنَ ۝ الَّذِىْ جَعَلَ لَكُمُ الْاَرْضَ فِرَاشًا وَّالسَّمَآءَ بِنَآءً ۖ وَّ اَنْزَلَ مِنَ السَّمَآءِ مَآءً فَاَخْرَجَ بِهٖ مِنَ الثَّمَرٰتِ رِزْقًا لَّكُمْ ۚ فَلَا تَجْعَلُوْا لِلّٰهِ اَنْدَادًا وَّ اَنْتُمْ تَعْلَمُوْنَ ۝ (القرآن)

"હે લોકો ! તમારા રબની ઈબાદત કરો જેણે તમને અને તમારાથી આગલાઓને પેદા કર્યા એ અપેક્ષાની સાથે કે તમને પરહેઝગારી મળે, અને જેણે તમારા માટે જમીનને બિછૌનુ અને આસ્માનને ઈમારત બનાવી, તો આસ્માનથી પાણી ઉતાર્યું, જેથી તેનાથી કેટલાંક ફળો કાઢયાં તમારે ખાવા માટે, તો જાણીબુઝીને અલ્લાહ





તઆલાના માટે બરોબરીયો ન ઠરાવો. (સૂરએ બકર, ૨/૨૧, ૨૨)

આપણે કુર્આન મજીદ પર વિચાર કરીએ છીએ તો તેને આખા વિશ્વના માટે હિદાયત તથા રહમતના ઝરણાનું મૂળ પામીએ છીએ અને રબ્બે કાયનાતે પોતાના આ મુકદસ (પવિત્ર) કલામમાં સર્વ દુનિયાવાળાઓને પોતાની કૃપાવાળી ચાદરમાં એવી રીતે ઘેરેલ છે કે કુર્આન મજીદની પ્રથમ આયતમાં પોતાને સર્વ આલમોના પરવરદિગાર હોવાની હેસિયતથી પોતાની ઓળખ કરાવે છે :–

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ۝ (સૂ. ફાતિહા, ૧/૧) અર્થ : "સર્વ પ્રશંસાઓ અલ્લાહના માટે જે સર્વ જહાનોનો માલિક છે."

અને સૌથી છેલ્લી સૂરતનું નામ **"અન્નાસ"** (લોકો) ફર્માવીને માણસોથી પોતાના ખાસ સંબંધને પ્રદર્શિત કરે છે. સૂરએ નાસ પઢો :–

قُلْ اَعُوْذُ بِرَبِّ النَّاسِ ۝ مَلِكِ النَّاسِ ۝ اِلٰهِ النَّاسِ ۝ مِنْ شَرِّ الْوَسْوَاسِ الْخَنَّاسِ ۝ الَّذِىْ يُوَسْوِسُ فِىْ صُدُوْرِ النَّاسِ ۝ مِنَ الْجِنَّةِ وَ النَّاسِ ۝ (القرآن)

(અર્થ) : "તમે કહો હું તેની પનાહ (શરણ)માં આવ્યો જે સર્વ લોકોનો રબ (માલિક) છે, સર્વ લોકોનો બાદશાહ, સર્વ લોકોનો ખુદા. તેની ખરાબીથી જે દિલોમાં બુરા વસવસા રાખે અને ઘાટમાં રહે, અને તે જે લોકોના દિલોમાં વસવસા (શંકાકુશંકા) નાખે છે જિન તથા માણસ." (સૂ. નાસ, ૧૧૪/૧–૫)

હે લોકો વાસ્તવિક દ્રષ્ટિથી જુઓ ! રબ તઆલા આ છેલ્લી સૂરતમાં સૌ માનવોનો રબ (માલિક), સૌ માનવોનો બાદશાહ, સૌ માનવોનો ખુદા હોવાની હેસિયતથી પોતાની પેહચાન કરાવી રહ્યો છે ! શું માનવો માટે એથી વિશેષ મહાનતાને અવકાશ છે ?

## ★ કુર્આન સૌની હિદાયત (માર્ગદર્શન) માટે છે ★

એ જ પ્રમાણે અલ્લાહનું કલામ કુર્આન મજીદ લોકોના માટે રહમત અને માર્ગદર્શનનો સામાન બનીને તશરીફ લાવ્યું છે :–

شَهْرُ رَمَضَانَ الَّذِیْٓ اُنْزِلَ فِیْهِ الْقُرْاٰنُ هُدًى لِّلنَّاسِ (القرآن)

تَبٰرَكَ الَّذِیْ نَزَّلَ الْفُرْقَانَ عَلٰى عَبْدِهٖ لِیَكُوْنَ لِلْعٰلَمِیْنَ نَذِیْرَا (القرآن)

"રમઝાનનો મહીનો જેમાં કુર્આન ઉતર્યું લોકોના માટે હિદાયત છે. ઘણી બરકતવાળો છે તે કે જેણે ઉતાર્યું કુર્આન પોતાના બંદા પર જે આખા વિશ્વને ડર સંભળાવનારો છે." (સૂ. ફુર્કાન, ૨૫/૧)

## ★ હુઝૂર મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم સૌના નબી છે ★

અલ્લાહ વહદહૂ લાશરીકની જાત જ કાયનાતની સર્જનહાર છે અને સૌ તેની મખ્લૂક (સર્જન) છે. એ જ પ્રમાણે કુર્આન મજીદ તેનુ પવિત્ર લાઝવાલ કલામ સૌના માટે દીવાદાંડી સમાન અને નજાત (છૂટકારા)નો માર્ગ છે. અને તેના આખરી પૈગમ્બર હુઝૂર મુહમ્મદુરસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم આખી ઈન્સાનિયત અને આખી ખુદાઈ (સૃષ્ટિ)ના નબી છે :–

وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا كَآفَّةً لِّلنَّاسِ بَشِیْرًا وَّنَذِیْرًا وَّلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا یَعْلَمُوْنَ (القرآن)

"હે મેહબૂબ ! અમે તને નથી મોકલ્યા પણ એવી રિસાલતની સાથે જે તમામ માનવોને ઘેરનારી છે, ખુશખબરી આપતો અને ડર સંભળાવતો, પણ ઘણા લોકો નથી જાણતા." (અસ્સબાઅ, ૩૪/૨૮)

قُلْ یٰٓاَیُّهَا النَّاسُ اِنِّیْ رَسُوْلُ اللّٰهِ اِلَیْكُمْ جَمِیْعًا

"તમે ફર્માવો, હે લોકો ! હું તમારા સૌની તરફ અલ્લાહનો





રસૂલ છું." (સૂ. અઅરાફ, ૭/૧૫૮)

وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا رَحْمَةً لِّلْعٰلَمِیْنَ

"અને અમે તમને નથી મોકલ્યા પણ રહમત સર્વ જહાનના માટે." (સૂ. અંબિયા, ૨૧/૧૦૭)

اِنَّآ اَعْطَیْنٰكَ الْكَوْثَرَ

"હે મેહબૂબ ! બેશક ! અમે તમને બેશુમાર ખૂબીઓ અતા ફર્માવી." (સૂ. કૌષર, ૧૦૮/૧)

રબ્બુલ આલમીને પોતાના આખરી રસૂલને 'રહમતુલ્લિલ્ આલમીન' બનાવીને મોકલ્યા જેથી કરીને તે સંપૂર્ણ સરાપા રહમત આખી માનવ બિરાદરીને પોતાની રહમતની આગોશમાં સમેટી લે. હુઝૂર કેવળ મુસલમાનો અને મોમિનોના માટે જ રહમત નથી, બલ્કે આખી કાયનાત અને સર્વ ખુદાઈના માટે રહમત છે, અને આપના કરમનું વર્તુળ ખુદાની કુલ ખુદાઈ સુધી વિતરેલુ છે.

## ★ ઈસ્લામે જાનવરો અને ચોપગાંઓના હક્કોની પણ કાળજી લીધી છે ★

જેથી ઈસ્લામી જીવન બંધારણ જે હુઝૂર મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ બહાર પાડયું એમાં ન કેવળ માનવ વ્યકિતઓના પૂરેપૂરા હક્કોની દેખરેખ છે બલ્કે પ્રાણીઓ તથા વનસ્પતિની સાથે જુલ્મ તથા સિતમને અમાન્ય કર્યો છે. એ ઈસ્લામ જ છે જેણે જાનવરો સુધ્ધાંના હક્કોના માટે કાયદા નિશ્ચિત કર્યા છે અને તાલીમ આપી છે કે કોઈ જાનવર ઉપર તેની શકિતથી અધિક બોજ કદાપિ ન નાખવામાં આવે. સૈયેદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ને એ એહસાસ હતો કે મારી ખિલાફતની હદની અંદર જો કોઈ ખંજવાળની બીમારીવાળી બકરી પોતાની બીમારીનો ઈલાજ મેળવી શકી તો મને ડર છે કે રબ તઆલાની સમક્ષ મને એના વિશે પ્રશ્ન કરવામાં આવશે.

સૈયેદના ઉમર ઈબ્ને અબ્દુલઅઝીઝ رضی اللہ عنہ એ પોતાના તમામ ગવર્નરોને એવો હુકમ જારી કર્યો હતો કે કોઈ ઊંટની ઉપર ૬૦૦ રતલથી વધુ વજન કદાપિ રાખવામાં ન આવે. આ પણ પાકીઝા કેળવણીની અસર છે જે આખર જમાનાના રસૂલ સૈયેદના સરકાર મુહમ્મદર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ દુનિયાને આપી.

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત થયેલ છે કે, એક અન્સારીનુ ઊંટ નાફર્માન થઈને ભાગી ગયું. તે અન્સારી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારું ઊંટ નાફર્માન થઈને ભાગી ગયું છે અને મારામાં એટલી શકિત નથી કે એની નજીક જઈ શકું, કેમ કે હું ડરું છું કે તે મને મારી ન નાખે. હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઊંટની તરફ ગયા. જ્યારે ઊંટને જોયું તો અવાજ કરતું આવ્યું અને હુઝૂરની સમક્ષ પોતાનુ માથુ રાખી દીધું અને તેની આંખોમાંથી આંસું વહી રહ્યાં હતાં.

હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અન્સારીને ફર્માવ્યું કે, "આ ઊંટ તમારી ફરિયાદ કરે છે, તેની સાથે સારો વહેવાર રાખો. પછી રસ્સી લઈને તેના માથામાં નાખી દીધી અને તેને હવાલે કરી દીધું." (ખસાઈસે કુબરા)

જે કાનૂનની નિગાહ જાનવરો તથા ચોપાયાંઓની તકલીફો પર આટલી ગહરાઈથી પડી રહી છે તેના માટે શું કોઈ બુધ્ધિશાળી યકીન અપાવી શકે છે કે તે કાનૂન માનવ હક્કોના કોઈ પાસાને પોતાના લાભોથી તથા પોતાની કૃપાના ઓથારથી મેહરૂમ રાખશે ?

રસૂલે રહમત صلی اللہ تعالیٰ علیہ وسلم દરેક જીવાત્માના હક્કોની સંભાર માટે હુકમ આપતાં ફર્માવે છે :–

"આ પ્રાણીઓના મામલામાં ખુદાનો ખૌફ કરો જેઓ બોલી નથી શકતાં એમના પર સવારી કરો જ્યારે કે તેઓ એના લાયક હોય અને તેમને છોડી દો જ્યાં સુધી તેઓ સારી હાલતમાં થાય." (રિવાયત કરી અબૂ દાઊદે)





સવારીના જાનવર પર બેઠાં બેઠાં ઘણીવાર સુધી રોકાઈને કોઈની સાથે શાંતિપૂર્વક વાતે વળગવું પણ એ જાનવરની હક્ક તલફી (હક્ક મારવું) છે. એવી સ્થિતિમાં જાનવરને આરામ આપવાના માટે સવારી પરથી નીચે ઉતરી જવું જોઈએ, ઈસ્લામે એ જ તાલીમ આપી છે. હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلمનો ઈર્શાદ છે :–

"તમારાં પ્રાણીઓની પીઠોને ખુરશીઓ ન બનાવો." (અહમદ તથા હાકિમ)

સહીહ મુસ્લિમમાં હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે, તેમણે કહ્યું, "રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ જાનવરના ચહેરા પર મારવાને અને તેને ડામ દેવાથી મના ફર્માવ્યું છે."

એ જ તાલીમાત હેઠળ કેટલીકવાર પ્રાણીઓની સાથે રહમ તથા હેતના સબબે માણસ જન્નતનો હકદાર બની જાય છે અને તેમની સાથે કઠોરતા, બેમુરવ્વતી અને જુલ્મ કરવાના કારણે અઝાબમાં નાખવામાં આવે છે.

બુખારી તથા મુસ્લિમમાં અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રિવાયત કરે છે :–

"રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, એક માણસ કયાંક જઈ રહ્યો હતો, તેને સખત તરસ લાગી. તપાસ કરતાં એક કૂવો મળ્યો તો તે એમાં ઉતર્યો અને પાણી પીને બહાર નીકળી આવ્યો. તો જુએ છે કે એક કૂતરો તરસના વાંકે હાંફી રહ્યો છે અને તરસની તકલીફને કારણે માટી ચાટી રહ્યો છે. એ માણસે વિચાર્યું કે આ કૂતરો પણ તરસની તકલીફના કારણે એ જ પ્રમાણે બેચૈન થઈ રહ્યો છે જેવી રીતે હું બેકરાર થઈ રહ્યો હતો. આ વિચારી તે ફરીથી કૂવામાં ઉતર્યો અને પોતાના ચામડાના મોજાને પાણીથી ભરીને મોઢા વડે પકડીને બહાર નીકળ્યો અને કૂતરાને પાણી પીવડાવ્યું.

તો અલ્લાહ તઆલાએ તેની આ નેકીને પસંદ કરી અને તેને બખ્શી આપ્યો. લોકોએ પ્રશ્ન કર્યો કે ચોપગાંઓ પર પણ દયા

કરવાથી નેકી મળે છે યા રસૂલલ્લાહ ?! આપે ફર્માવ્યું, દરેક જિગરદાર ચારો ખાનારની સાથે દયા (રહમ) કરવા પર સવાબ મળે છે.'' (રવાહુશ્શયખાને અન અબી હુરૈરહ)

ખુદાની બેઝબાન મખ્લૂક પ્રાણીઓ, પશુ, પક્ષીઓની સાથે સખ્તી તથા જુલ્મનો વર્તાવ અલ્લાહના ગઝબનો સબબ બને છે. તેમને વિના વાંકે સતાવવું, મારી નાખવું અને મનોરંજન માટે તેમની પાસે તકલીફદાયક ખેલ ખેલવવો ઈસ્લામમાં સખ્ત મના છે. બુખારી શરીફની રિવાયત છે કે :–

''એક સ્ત્રીને કેવળ એક બિલાડીને કારણે જહન્નમમાં નાખવામાં આવી કે તેણીએ તેને બાંધી રાખી હતી, ન તેને ખાવા આપ્યું ન તો તેને મુકત કરી કે જેથી તે જમીન પર સરકનારી ચીજો ખાઈ લેત.''

તમામ મખ્લૂકાતમાં માનવીને યકીનન ઈજ્જતદાર બનાવવામાં આવ્યો છે. પરંતુ એનો એ મતલબ હરગિઝ નથી કે ઈન્સાન ખુદાની મખ્લૂકને પોતાના મનમાન્યા ક્રૂર તરીકાઓ વડે બાળકોનો ખેલ બનાવતો રહે. હલાલ જાનવરોના ગોશ્ત વડે માનવને ખોરાક પ્રાપ્ત થાય છે, પણ તે જાનવરોને પણ ઝબહ કરવાના નિયમો છે કે તેમણે ઓછામાં ઓછી તકલીફ થાય અને ઝબહનો ઈસ્લામી તરીકો જ આધુનિક સંશોધન મુજબ જાનવરોના માટે કમસે કમ તકલીફ આપનાર છે. એના અનુસંધાનમાં સહીહ મુસ્લિમથી હઝરત શેદાદ ઈબ્ને અવસની રિવાયતનો અમુક હિસ્સો નકલ કરવામાં આવે છે :–

રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, 'અને જ્યારે તમે ઝબહ કરો તો સારા તરીકાથી ઝબહ કરો અને તમારામાંથી દરેકે જોઈએ કે પોતાની છરી તેજ કરી લે અને ઝબહ થનારા જાનવરને રાહત પહોંચાડે.'' (એવી રીતે ઝબહ કરે કે જાનવર વધુ વાર સુધી ન તડપે અને સરળતાપૂર્વક પ્રાણ નીકળી જાય.)

અને આકા વ મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم એ તાલીમ ફર્માવી કે :–

''જેણે કોઈ પક્ષી અથવા એથીય નાની ચકલીને નાહક કત્લ





કરી તો તેના બારામાં ખુદા તઆલા પૂછતાછ કરશે. પૂછવામાં આવ્યું કે, યા રસૂલલ્લાહ ! પક્ષીઓનો હક્ક શું છે ? તો હુઝૂરે ફર્માવ્યું કે તેમનો હક્ક એ છે કે તેમને ઝબહ કરીને ખાવામાં આવે અને માથુ કાપીને આમ જ ન ફેંકી દેવામાં આવે. (મિશ્કાતે અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસથી રિવાયત કરી)

આ હદીષ પાકે બતાવ્યું કે ખુદાની જાનદાર મખ્લૂકની ઈસ્લામમાં શું કદર છે અને દીને ફિતરતે (પ્રાકૃતિક ધર્મે) જીવવાળ ાંઓનાં દુઃખ દર્દ અને તેમના સર્જનના મકસદને પણ નઝરઅંદાઝ નથી કર્યો.

વિચારવાની વાત છે કે ઈસ્લામે આ હુકમો તથા કાનૂનો એ સમયે લાગુ કર્યા જ્યારે ઈન્સાનો માટે ઈન્સાની જુલ્મના પંજાએ જીવવું મુશ્કેલ બનાવી દીધું હતું. જુલ્મ તથા સિતમોના કારણે જમીનની છાતી જોશ મારી રહી હતી. રોમ તથા ઈરાનની સરમુખ્ત્યાર હુકમરાની વચ્ચે માનવની અઝમતો તથા કદરો ચકનાચૂર થઈ રહી હતી. એનો એક મામૂલી હિસ્સો એ પણ હતો કે માણસોને ફાડી ખાનાર જાનવરો સાથે લડાવવામાં આવતાં હતાં, જાનવરોને જાનવરો સાથે લડાવવામાં આવતાં અને લાલ લાલ માનવ લોહી ફુવારાભેર નીકળતું તો તમાશો જોનારાઓની તાલીઓ વાગી ઉઠતી અને ખુશીની ચીચીયારીઓથી વાતાવરણ ઉભરાઈ ઉઠતુ !

આવો ! 'તારીખે અખ્લાકે યૂરોપ' થકી એના અનુસંધાનમાં રોમી કૌમની સ્થિતિને જોતા ચાલીએ :–

''રોમી કૌમમાં તલ્વારબાજીના નામથી માણસોને માણસો સાથે પ્રાણઘાતક લડાઈઓ કરાવવામાં આવતી હતી, કયારેક માનવો ખુંખાર જાનવરો સાથે લડાવવામાં આવતાં હતાં. તે લોકોમાં આ રસમને ધાર્મિક હેસિયત પ્રાપ્ય હતી. તેમના ખયાલમાં આવું કરવાથી રૂહોને ખુશી હાંસલ થાય છે, એટલા માટે તે લોકો આ ખુંખાર તમાશા કબ્રસ્તાનમાં કર્યા કરતા હતા. બાદમાં એ રસમ એટલી તરક્કી કરી ગઈ કે દરેક ખુશી આનંદના પ્રસંગે, શાદી

ગમીના પ્રસંગે, જંગમાં કામયાબી વગેરેના પ્રસંગે માનવ જીવ સાથે ખેલવાનો તમાશો થવા લાગ્યો અને એક મૌકા પર સેંકડો લડવાવાળાની જાનો જતી રહી. જમાનો આગળ વધ્યો તો કેટલાક બાદશાહોએ એના પર પાબંદી લગાડવાના કાનૂનો બનાવ્યા. દા.ત. અગસ્ટસના બારામાં મળે છે કે તેણે આ પ્રમાણે કાનૂન બનાવ્યો હતો :–

"એક પ્રસંગે ૧૨૦ થી વધુ લડવૈયાઓને પોતાની કળા દેખાડવાની ઈજાઝત આપવામાં આવતી ન હતી. અને કોઈ વ્યકિત આ ખૂનરેઝીવાળો પ્રોગ્રામ વરસમાં બે વારથી વધુ ન મનાવે."
(તારીખે અખ્લાકે યૂરોપ, પ્રકરણ–૨, અખ્લાક કબ્લ મસીહ)

એ જ લોકો પાસે ઉધાર લઈને યૂરોપિયન જાતીમાંથી કેટલીક જાતીમાં લાંબા સમય સુધી આ ખતરનાક તમાશાબાજીનો રિવાજ રહ્યો. એટલે સુધી કે ઈસ્લામની રોશનીએ સંસ્કૃતિની બુરાઈઓનાં ચિથડાં વેરી કાઢયાં.

રસૂલે ખાતિમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ચોપગાંઓ અને જાનવરોને તમાશા માટે ઉપયોગમાં લેવા અને તમાશાને પાત્ર બનાવવાનુ મના ફર્માવ્યું અને એવું કરનારાઓને 'મલઊન' ઠરાવ્યા છે. સહીહૈનમાં છે :–

"રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ શખ્સ પર લા'નત મોકલી છે જે કોઈ જીવ ધરાવનારને નિશાના રૂપે ઈસ્તેમાલ કરે છે."

અને ફર્માવ્યું કે જો કોઈએ એક પંખીને પણ રમતના રૂપે મારી નાખ્યું તો તે કિયામતના દિવસે અલ્લાહની સામે ફરિયાદ કરશે કે, અલ્લાહ એણે મને રમતના માટે મારી નાખ્યું, કોઈ ફાયદાના માટે નહીં. ઈસ્લામી શરીઅતમાં પ્રાણીઓને આપસમાં લડાવવાં, તેમને નિશાનો બનાવવું, તેમના ચહેરાઓને ડામ આપવો, તેમને ગરમ સળીયાઓ વડે ડામ દેવો મના છે. રસૂલે





રહમત صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક એવા ગધેડાને જોયું જેના ચહેરા પર ડામ દેવામાં આવ્યા હતા, તો ફર્માવ્યું, "જે શખ્સે આ કામ કર્યું છે તેના પર ખુદાની લા'નત."

અબૂ દાઊદમાં પંખીઓનાં તે બચ્ચાંઓનો પ્રસંગ આવ્યો છે જેમને સહાબાઓએ પકડી લીધાં હતાં અને તેમની માં પાંખો ફફડાવીને ઘુમવા લાગી હતી. નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم આ જોઈને બેચૈન થઈ ગયા હતા. એ જ પ્રમાણે કીડીઓનાં દરો જેમાં લોકોએ આગ લગાડી દીધી હતી તેને રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જોયું તો લોકોને એ કામથી દૂર રહેવાનો હુકમ આપ્યો.

★★★★★★★★★★

☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆

✯✯✯✯✯✯✯✯✯✯✯✯✯✯✯✯

## પ્રકરણ-૨

# ઈસ્લામ અને ન્યાય તથા સમાનતાનું બંધારણ

દુનિયામાં અમ્નો સલામતીની સ્થાપ્ના કેવળ તે જ બંધારણ કરી શકે છે જે માનવોની ઊંચનીચતા અને પ્રપંચકારીઓથી મહફૂઝ હોય. જેનો અમલ લાગુ પાડવાની લગામ એવા હાથોમાં હોય જેઓ માનવ ભલાઈની તડપની સાથોસાથ પોતાના દિલોમાં પોતાને પેદા કરનારાનો ડર ધરાવતા હોય, જેઓ કાયનાતના ખાલિક પર યકીન તથા ઈમાન ધરાવતા હોય અને તેમના સીનાઓમાં એવો અહેસાસ જીવંત હોય કે આપણે પણ આપણાં કૃત્યોનો તથા કર્મોનો પૂરેપૂરો હિસાબ ચૂકવવાનો છે. આ અહેસાસ વિના કોઈપણ સત્તાનો સરદાર નાફર્માની તથા બગાવતના ચુંગાલથી મેહફૂઝ નથી રહી શકતો. કેવળ ઈસ્લામ જ પોતાનામાં આ સર્વ કાબેલિયતો ધરાવે છે. ઈસ્લામમાં અસલ કાનૂન ખુદાનો કાનૂન છે, હાકિમે આ'લા કેવળ તે જ પરવરદિગાર છે અને કાનૂન લાગુ પાડવાના સિલસિલામાં દરેક જિમ્મેદાર જે ઈસ્લામી રાજ્યનો ચલાવનાર હશે તેનામાં એ જોવામાં આવશે કે તે અલ્લાહ પર અને રસૂલ પર અને કિયામતના દિવસ પર મજબૂત ઈમાન ધરાવનાર હોય અને કાનૂનો તથા હુકમોને સૌથી વિશેષ પોતાની જાત પર લાગુ કરનારો હોય, જેનામાં અલ્લાહનો ડર સવિશેષ હોય.

રબ્બુલ આલમીનનો ઈર્શાદ છે :– إِنِ الْحُكْمُ إِلَّا لِلّٰهِ "હુકમ નથી પણ અલ્લાહનો" (સૂ. યુસુફ, ૪૦/૧૨)





وَمَا كَانَ لِمُؤْمِنٍ وَّلَا مُؤْمِنَةٍ إِذَا قَضَى اللّٰهُ وَرَسُوْلُهٗ أَمْرًا أَنْ يَّكُوْنَ لَهُمُ الْخِيَرَةُ مِنْ أَمْرِهِمْ ۗ وَمَنْ يَّعْصِ اللّٰهَ وَرَسُوْلَهٗ فَقَدْ ضَلَّ ضَلٰلًا بَعِيْدًا ۝ (الْقُرْآن)

"અને કોઈ મુસલમાન પુરૂષ અને મુસલમાન સ્ત્રીને એ હક્ક નથી પહોંચતો કે જયારે અલ્લાહ અને રસૂલ કોઈ ચીજમાં ફૈંસલો કરી આપે તો તેને પોતાના મામલાનો કાંઈ અધિકાર રહે, અને જે હુકમ (ફૈંસલો) ન માને અલ્લાહ અને તેના રસૂલનો, બેશક ! તે ઉઘાડી ગુમરાહીમાં બહેકી ગયો."

(સૂ. અહઝાબ, ૩૬/૩૩)

## ★ ઈસ્લામી સમાનતાની મૂળભૂત રેખાઓ ★

આ ખુદાઈ કાનૂનોએ ઈસ્લામને પધ્ધતિસરનો અને વ્યવસ્થિત કર્યો છે. અને કાનૂનના વિવેચકોને ઈસ્લામી માળખામાં પોતાનો ઓપ આપવાની તાકીદ કરી છે :–

إِنَّ أَكْرَمَكُمْ عِنْدَ اللّٰهِ أَتْقَاكُمْ

"તમારામાંથી સૌથી અધિક ઈજ્જતદાર તે છે જે સૌથી વિશેષ તકવાવાળો છે." (સૂ. હુજોરાત, ૪૯/૧૩)

આ ખુદાઈ કાનૂનોથી ઉચ્ચતર કોઈ નથી અને ન કોઈ અપવાદ છે. રબ ફર્માવે છે :–

فَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ خَيْرًا يَّرَهٗ ۝ وَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ شَرًّا يَّرَهٗ ۝ (الْقُرْآن)

(તર્જુમો) : તો જે કોઈ એક રજકણ બરાબર નેકી કરશે તેને જોશે અને જે રજકણ બરાબર બુરાઈ કરશે તેને જોશે.

રસૂલે કરીમ صلی اللہ تعالٰی علیہ وسلم એ અતિ સ્પષ્ટ નિયમો ઉમ્મતને આપ્યા કે રબ તઆલાની નજીક જાહેરી ભપકો અને બાહ્ય રૂપ કદાપિ મહત્વ રાખતાં નથી. તે પાક બેનિયાઝ દરેક શખ્સની દિલની સ્થિતિ

પરથી ફૈસલો કરે છે :–

"યકીનન ! અલ્લાહ તમારી સૂરતોને નથી જોતો બલ્કે દિલોને જુએ છે." (સહીહ મુસ્લિમ)

અને નેકી તથા ભલાઈનુ માપદંડ કેવળ માણસની નિય્યતો પર છે. માનવ ભલાઈ અને ખૈરખ્વાહીની નિય્યતો કદાપિ વ્યર્થ જશે નહીં અને બુરાઈનો ભયાનક ચહેરો ચાહે બનાવટભર્યા કેટલાયે ગાઢ પર્દાઓમાં કેમ ન લપેટાએલો હોય પણ તે રબ્બે કાયનાતની નિગાહોથી છુપો નથી રહેતો.

"અમલોનો દારોમદાર નિય્યત પર છે, અને દરેક શખ્સને તે જ કાંઈક મળશે જેનો એણે ઈરાદો કર્યો છે."

## ★ અદ્‌લ (ન્યાય)નો શાબ્દિક ભાવાર્થ ★

ઈમામ રાગિબ અસ્ફહાની જેમનું મૂળ નામ અબુલ કાસિમ હુસૈન ઈબ્ને મુહંમદ ઈબ્ને ફઝલ છે, પોતાની વિશ્વ વિખ્યાત કિતાબ "અલ મુફર્રદાત"માં અદ્‌લનો અર્થ વર્ણવતાં લખે છે :–

"અદાલત અને ઈન્સાફનો અર્થ સમાનતાનો છે."

આગળ લખે છે :– 'અદ્‌લ' અને 'આદિલ' લગભગ સમાનાર્થી છે પણ 'અદ્‌લ'નો ઉપયોગ તે પ્રસંગે થાય છે જે ચિંતન મનન કરવાથી સમજમાં આવતા હોય, જેમ કે આયત **અવ અદ્‌લુ ઝાલિક સિયામા**માં છે. એટલા માટે 'અદ્‌લ'નો અર્થ થયો, "સૌની સાથે સમાન વહેવાર કરવો."

પછી અલ્લામા અસ્ફહાની અદ્‌લ (ન્યાય)નો એક ખાસ પ્રકાર વર્ણવતાં લખે છે કે, "એક પ્રકાર છે 'અદ્‌લે મુત્લક' જેના બેહતર હોવા માટે બુધ્ધિ તકાદો કરે છે અને જે કોઈપણ યુગમાં રદ ન થાય." અદ્‌લના એક અન્ય પ્રકારનું બયાન આ પ્રમાણે કરે છે, "અને એક અદ્‌લ તે છે જેનું અદ્‌લ હોવું શરીઅતથી માલૂમ થાય છે, જેમ કે કેસાસ (બદલો) તથા તા'ઝીરાત (સજાઓ)."





અદ્‌લની ચર્ચાનો ખુલાસો કરતાં છેવટમાં લખે છે :–

"અદ્‌લ (ન્યાય) તોળતી વખતે સમાનતા અપનાવવી તેનું નામ છે." (અલ મુફર્રદાત ફી ગરાઈબુલ કુર્આન)

કુર્આન મજીદે અદ્‌લ (ન્યાય)ને મીઝાન (ત્રાજવુ) શબ્દ સાથે સરખાવ્યો છે :–

وَالسَّمَآءَ رَفَعَهَا وَ وَضَعَ الْمِيْزَانَ

"અલ્લાહે આસ્માનને સરબુલંદ કર્યું. અને (ન્યાયની સ્થાપ્ના માટે) મીઝાન રાખ્યું." (સૂ. રહમાન, ૫૫/૭)

ખુદાના પ્રતિનિધિઓ એટલે કે મહાન રસૂલો તથા પૈગમ્બરોને જે મહાન હેતુઓની પરિપૂર્ણતા માટે મોકલવામાં આવ્યા હતા, તેમાં સૌથી મહત્વનો મકસદ અદ્‌લ (ન્યાય) પણ હતો.

لَقَدْ اَرْسَلْنَا رُسُلَنَا بِالْبَيِّنٰتِ وَاَنْزَلْنَا مَعَهُمُ الْكِتٰبَ وَ الْمِيْزَانَ لِيَقُوْمَ النَّاسُ بِالْقِسْطِ (القرآن)

"બેશક ! અમે અમારા રસૂલોને દલીલોની સાથે મોકલ્યા અને તેમની સાથે કિતાબ મોકલી અને ન્યાયનું ત્રાજવુ ઉતાર્યું જેથી લોકો ઈન્સાફ પર કાયર રહે." (સૂ. હદીદ, ૫૭/૨૫)

તત્વ ચિંતકોમાંથી ઈમામ ગઝાલી رحمۃ اللہ علیہ અદ્‌લની વ્યાખ્યા કરતાં લખે છે :–

"વાસના તથા ગુસ્સાની શકિતને એટલી હદ સુધી કાબૂમાં કરજો કે તે બુધ્ધિ તથા શરીઅતના તાબે થઈ જાય." (અહ્‌યાઉલ્ ઉલૂમ, ભાગ–૩, પેજ–૪૮)

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વીએ આ પ્રમાણે વ્યાખ્યા કરી કે, "અદાલત એક કલા છે જેનાથી એવાં કાર્યો બહાર પડે જેથી સરળતાપૂર્વક શહેર તથા ગામનું વ્યવસ્થાપક તંત્ર ચાલ્યા કરે." (હુજ્જતુલ્લાહુલ્ બાલિગહ, પેજ–૮૫)

અદ્‌લની વ્યાખ્યાએ અદ્‌લના સીમિત ભાવાર્થને સ્પષ્ટ કરી

આપ્યો. પણ અન્ય વિવિધ કુર્આની લુગાતના મુહક્કિકો અને રહસ્યના રાઝદારોએ અતિશય સ્પષ્ટ તથા સમૃધ્ધ વ્યાખ્યાઓ કરી છે.

અલ્લામા સૈયદ શરીફ લખે છે કે, "અસામાન્ય વાતાવરણ (સ્થિતિ)ની વચ્ચે મધ્યમ માર્ગનું નામ અદ્લ છે." (તા'રીફાતે સૈયદ શરીફ, પેજ–૮૫)

મુમતાઝ મુફસ્સિરે કુર્આન અલ્લામા શહાબુદ્દીન આલૂસીએ રૂહુલ મઆનીમાં સૂરએ નહલ, આયત–૯૦ની તફસીર કરતાં અતિ સમૃધ્ધ ચર્ચા રજુ કરી છે :–

આયત **ઈન્નલ્લાહ યઅ્મુરુ બિલ્ અદ્લિ**નો મતલબ અસામાન્ય સ્થિતિની દરમ્યાન મધ્યમતાનો લેહાઝ રાખવું. સર્વ ફઝાઈલ એમાં સમાએલા છે. અસામાન્ય બુધ્ધિ અને હદ ઉપરાંતના બેઅકલીપણાની દરમ્યાન મધ્યમ દરજાનું નામ બુધ્ધિ છે કે જે એક ફઝીલત છે. નફસની ઈચ્છાની તીવ્રતા અને ચુસ્તપણાની વચ્ચે મધ્યમ માર્ગનું નામ પરહેઝગારી (પાકદામની) છે. અસામાન્ય શકિત તથા અતિશકિતપણા અને બુઝદિલીની વચ્ચે મધ્યમ દરજાનું નામ અસલમાં બહાદુરી કહેવાય છે.

માન્યતાની બાબતમાં સર્જનહારનો ઈન્કાર [જેમ કે દહરિયહ્ (નાસ્તિકો)નો અકીદો છે] અને શિર્ક (જે મૂર્તિપૂજકો અને બે ખુદા હોવાનું માનનારાઓનો ખયાલ છે)ની દરમિયાન મધ્યમ દરજાનુ નામ "તૌહીદ" છે. ઈબ્ને અબ્બાસે અદ્લની તફસીરમાં એને વર્ણન કરેલ છે. કેટલાક લોકોએ કહ્યું કે જુલ્મ અને માનપાનની વચ્ચે મધ્યમ દરજો અપનાવવું પણ અદ્લ છે. અને એ જ પ્રમાણે અમલી બાબતોમાં અદાલત નામ છે અમલોનું ત્યજવું, જાઈઝ પસંદી અને મુબાહનો ત્યાગ કરવો એની દરમિયાનમાં વાજિબોની અદાયગી તથા ઈબાદતો પર અડગતા. અખ્લાકી બાબતોમાં કંજૂસાઈ તથા ફુઝૂલખર્ચીની વચ્ચે મધ્યમ માર્ગ જે સખાવત પણ અદ્લ છે.

અલ્લામા આલૂસી આગળ જતાં લખે છે :–

"હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝે હઝરત મુહમ્મદ





ઈબ્ને કઅબ કુરઝીથી અદ્લના બારામાં સવાલ કર્યો તો તેમણે કહ્યું કે, સરસ ! તમે એક ઘણી મહાન વાત પૂછી. ફર્માવ્યું, "નાનાઓ માટે બાપ મોટેરાંઓ માટે પુત્ર અને સમાન ઉમરવાળાઓ માટે ભાઈ, અને એ જ પ્રમાણે સ્ત્રીઓ માટે પણ ભાઈ બની જાવ. લોકોને તેમની ગલતીઓના અને શારીરિક શકિતના અનુરૂપ સજાઓ આપો. ગુસ્સાનું પ્રદર્શન દરેક સાથે એક સરખો ન કરો, નહીં તો જુલ્મ કરવા લાગશો." (તફસીરે રૂહુલ મઆની, શયખ શહાબુદ્દીન આલૂસી બગદાદી, ભાગ–૧૪/૨૧૮)

ખલીફા અબ્દુલ મલિકનો એક પ્રસંગ લિસાનુલ અરબમાં નકલ કરેલો છે :–

"હઝરત સઈદ ઈબ્ને જુબેર رضي الله عنه એ ખલીફા અબ્દુલ મલિકને પૂછયું કે અદ્લનો ભાવાર્થ શો છે ? તેમણે જવાબ આપ્યો કે અદ્લની ચાર સ્થિતિઓ છે :–

(૧) ફેંસલો કરતી વખતનો અદ્લ જેમ કે રબ તઆલાએ ફર્માવ્યું કે "જ્યારે તમે ફેંસલો કરો તો ન્યાયની સાથે તેમના વચ્ચે ફેંસલો કરો." (સૂ. આમેદા, ૫/૪૩)

(૨) વાતચીત વખતે અદ્લ જેમ કે રબ તઆલાનો ઈર્શાદ છે, "જ્યારે તમે કરો તો ન્યાયની સાથે કરો." (સૂ. અન્આમ, ૬/૧૩૫)

(૩) અદ્લ ફિદીયાના અર્થમાં. જેમ કે રબ તઆલા ફર્માવે છે, "આ (ઈન્સાની જીવ)ના બદલામાં કોઈ ફિદીયો સ્વીકારવામાં આવશે નહીં." (સૂ. બકરહ, ૨/૧૨૩)

(૪) શિર્કના બારામાં અદ્લ જેમ કે રબ્બે કાયનાતનું ફર્માન છે, "મુન્કિરો (નકારનારા) પોતાના રબના બરાબર ઠરાવે છે." (સૂ. અન્આમ, ૬/૧)

કુર્આન તથા હદીષમાં અદ્લ તથા ઈન્સાફના બારામાં 'અલઅદ્લ'ની જેમ 'અલકિસ્ત' પણ બોલાય છે. તેની શાબ્દિક છણાવટ બુખારી શરીફમાં હઝરત મુજાહિદની આ રિવાયતથી પણ થાય છે, જે **વનદઉલ મવાઝીનલ કિસ્ત**ની તફસીરમાં આવે છે. આપે ફર્માવ્યું : 'કિસ્તાસ' રૂમી ભાષામાં 'અદ્લ' (ન્યાય)ને કહે છે અને એ

પણ કહેવામાં આવ્યું છે કે કિસ્ત મુકસતનુ મસ્દર છે જેનો અર્થ "આદિલ"થી છે અને 'કાસિત'નો અર્થ 'જાલિમ' છે." (સહીહ બુખારી)

'લિસાનુલ અરબ'માં છે :– "મુકસત એટલે આદિલ, કહેવામાં આવે છે કે 'અકસત યુકસિતુ' તો જ્યારે તે અદ્લ કરવાવાળો હોય તો તેને 'મુકસિત' કહેવામાં આવે છે. 'અલ કિસ્ત અલ અદ્લ' છે. 'અકસત ફી હુકમિહી' ફેંસલામાં મુનહરિફ થયું તો તે મુકસત છે."

રબ તઆલાના કલામે બલાગત નિઝામ કુર્આને અઝીમમાં અને હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મુબારક હદીષોમાં આ બંને મુદ્દાઓ આવેલા છે. અદ્લ તથા ઈન્સાફના વિષયમાં ચર્ચા કરતાં આ બંનેનું સંક્ષિપ્ત શાબ્દિક વર્ણન જરૂરી સમજીને આ લખાણ લખવામાં આવ્યું જેથી વાંચક માટે સરળતાપૂર્વક ફઝાઈલનુ મૂળ "અદ્લ"ના ઈસ્લામી ભાવાર્થ સુધી પહોંચવું શકય બને.

## ★ અદ્લ વિશે આયતો અને તેનું મહત્વ ★

કુર્આન શરીફની તે આયતો જે અદ્લો ઈન્સાફનો પાયો છે, તે ઈસ્લામના ઈમામો અને શરીઅતના કાનૂનોના માહિરોની દ્રષ્ટિએ કેટલી મહત્વની છે. પ્રથમ આયતે મુબારકાની તિલાવતનો શરફ હાંસલ કર્યા બાદ અમુક મહાન પૂર્વજ બુઝુર્ગોનાં મંતવ્યો રજુ કરીએ છીએ.

إِنَّ اللَّهَ يَأْمُرُ بِالْعَدْلِ وَالْإِحْسَانِ وَإِيتَاءِ ذِي الْقُرْبَىٰ وَيَنْهَىٰ عَنِ الْفَحْشَاءِ وَالْمُنكَرِ وَالْبَغْيِ يَعِظُكُمْ لَعَلَّكُمْ تَذَكَّرُونَ (القرآن)

"બેશક ! અલ્લાહ હુકમ ફર્માવે છે ઈન્સાફ અને નેકી અને સગાં સંબંધીઓને આપવાનો અને મને ફર્માવે છે બેશરમી અને બુરી વાત અને નાફર્માનીથી, તમને નસીહત કરે છે કે તમે ધ્યાન કરો." (સૂ. નહલ, ૧૬/૯૦)

'તફસીરે રૂહુલ મઆની'માં તફસીરવેત્તા લખે છે કે,



ઈસ્લામ અને વિશ્વશાંતિ

"ઉલમાની બહુમતીનું એ કથન છે કે જો કુર્આન મજીદમાં કેવળ આ જ એક આયત નાઝિલ થાત તો (હિદાયતના માટે) પૂરતી હતી." (તફસીરે રૂહુલ મઆની, ભાગ–૧૪, પેજ–૨૨)

હાફિઝુલ હદીષ અલ્લામા અમાદુદ્દીન ઈબ્ને કષીર પોતાની તફસીરમાં મશહૂર સહાબીએ રસૂલ હઝરત અબદુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ નો કૌલ નકલ કરે છે :– "કુર્આનની સૌથી સમૃધ્ધ આયત 'સૂરએ નહલ'માં છે, **ઈન્નલ્લાહ યઅ્મુરુ બિલ અદ્લ.**

ઈસ્લામમાં અદ્લો ઈન્સાફ કાનૂની હુકમો છે જેના પર અમલ કરતા રહેવું લાઝમી તથા અનિવાર્ય છે, તેનાથી વિમુખતા અને નાફર્માની કરવું દુનિયામાં તબાહકારી તથા બર્બાદીનો સબબ છે અને આખેરતમાં સખત સજાનો સબબ બને છે અને અન્ય કૌમોની જેમ ઈન્સાફ તથા અદ્લ કેવળ અખ્લાકી (સંસ્કારિક) ચીજ નથી. આ મહત્વતાને જોતાં ખલીફાએ રાશિદહ સૈયદના ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ એ આ આયતને જુમ્આના ખુત્બાનો હમેશાં અંશ બનાવ્યો હતો.

હઝરત સદરુલ અફાઝિલ હઝરત મૌલાના નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ એના હેઠળ લખે છે :–

"ઈબ્ને ઐનિયહએ આ આયતની તફસીરમાં કહ્યું કે અદ્લ જાહેર તથા આંતરિક બંનેમાં સમાન હક્ક તથા પાલન કરવાને કહે છે અને એહસાન એ છે કે આંતરિકનો હાલ જાહેર કરતાં બેહતર હોય અને **'ફહશાઈ વ મુન્કરિ વલ્બગ્યિ'** એ છે કે જાહેર સારું હોય અને અંતર (આંતરિક) એવું ન હોય. કેટલાક મુફસ્સિરોએ ફર્માવ્યું કે, આ આયતમાં અલ્લાહ તઆલાએ ત્રણ ચીજોનો હુકમ આપ્યો અને ત્રણ ચીજોથી મના ફર્માવ્યું. અદ્લનો હુકમ આપ્યો અને તે વાણી તથા વર્તનમાં ઈન્સાફ તથા સમાનતા છે. અને વિરૂધ્ધમાં 'ફહશાી' એટલે કે બેહયાઈ છે અને બુરી વાણી તથા વર્તન છે. અને એહસાનનો હુકમ ફર્માવ્યો તે એ કે જેણે જુલ્મ કર્યો તેને માફ કરો અને જેણે બુરાઈ કરી તેની સાથે ભલાઈ કરો. એના વિરૂધ્ધમાં મુન્કર છે એટલે કે મુહસિન

(એહસાન કરનાર)ના એહસાનનો ઈન્કાર કરવો. અને ત્રીજો હુકમ આ આયતમાં સગાં સંબંધીઓને આપવાનો અને તેમની સાથે સદ્‌વર્તાવ અને પ્રેમભાવ રાખવાનો છે. એની વિરૂધ્ધ 'બગ્યિ' છે અને તે પોતે પોતાને ઊંચે રાખવું અને પોતાના સંબંધી લોકોના હક્કો મારવા. ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે આ આયતમાં તમામ ભલાઈ તથા બુરાઈના બયાનનો સમાવેશ છે. આ જ આયત હઝરત ઉસ્માન ઈબ્ને મઝઊનના ઈસ્લામ સ્વીકારનો સબબ બની, જેઓ ફર્માવે છે કે આ આયતના ઉતરવાથી ઈમાન મારા દિલમાં ઘર કરી ગયું. આ આયતની અસર એટલી જબરદસ્ત થઈ કે વલીદ ઈબ્ને મુગીરહ અને અબૂ જહલ જેવા સખત દિલવાળાઓની જીભો પર પણ એની પ્રશંસા આવી જ ગઈ." (તફસીરે કન્ઝુલ ઈમાન, પેજ–૪૦૨)

તકવો તથા પવિત્રતા એ ઈસ્લામી કેળવણી પર અમલનું ઉચ્ચ ફળ છે. કુર્આને મુકદસે અદ્‌લો ઈન્સાફને તકવાની ચાવી ફર્માવી છે. રબ્બુલ આલમીનનો ઈર્શાદ છે :

اِعْدِلُوْا هُوَ اَقْرَبُ لِلتَّقْوٰى وَ اتَّقُوا اللّٰهَ اِنَّ اللّٰهَ خَبِيْرٌۢ بِمَا تَعْمَلُوْنَ

"ઈન્સાફ કરો એ પરહેઝગારીથી વધુ નિકટ છે અને અલ્લાહથી ડરો ! બેશક ! અલ્લાહને તમારાં કામોની ખબર છે." (સૂ. માએદા, ૫/૮)

## ★ ન્યાયના માર્ગનાં વિઘ્નો જેને ઈસ્લામે દૂર કર્યાં ★

ઈન્સાનની ફિતરતમાં (પ્રકૃતિમાં) જઝબાત રાખવામાં આવ્યા છે જે ક્રમે ક્રમે તેને ઈન્સાફથી હટાવવાના પ્રયત્નો કરે છે. માનવ વિચાર દ્રષ્ટિ તથા કાર્ય પધ્ધતિની સાંધા સાંધી જે ભાગો વડે થઈ છે તે સર્વ કાંઈ ખાલિકે કુલ અને માલિકે તમામને ખબર છે. એ લેહાઝથી અદ્‌લો ઈન્સાફના તકાઝાઓની પરિપૂર્ણતામાં જે અવરોધો આડે આવે છે તેનો સ્પષ્ટતાથી નિર્દેશ કુદરતના અહકામે (હુકમોએ) ફર્માવી દીધો. અને બીમારીની ઓળખ થયા બાદ તેનો ઈલાજ આસાન થઈ જાય છે. અદ્‌લો ઈન્સાફના માર્ગમાં સામાન્યતઃ બે ચીજો આડે આવે છે : (૧) કોઈની અયોગ્ય તરફદારી (૨) કોઈનો વિરોધ તથા અદાવત.





રબ તઆલાએ આ બંને રાહોમાંથી ઈન્સાફની પાયમાલીને હમેશાંના માટે બંધ કરી અને હુકમ નાઝિલ કર્યો :–

"હે ઈમાનવાળાઓ ! ઈન્સાફ પર સારી રીતે જામી જાવ ! અલ્લાહના માટે ગવાહી આપતા, ચાહે એમાં તમારું નુકસાન હોય અથવા મા બાપનું અથવા સગાઓનું જેના પર ગવાહી આપો તેઓ ગની (માલદાર) હોય કે ગરીબ. અલ્લાહને એનો સૌથી અધિક ઈખ્તિયાર છે જેથી ખ્વાહિશ (મનેચ્છા)ની પાછળ ન ભાગો કે હક્કથી અલગ જઈ પડો. જો તમે હેરફેર કરો અથવા મુખ ફેરવો અલ્લાહને તમારાં કામોની ખબર છે." (સૂ. નિસાઅ, ૪/૧૩૫)

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُوْنُوْا قَوّٰمِيْنَ بِالْقِسْطِ شُهَدَآءَ لِلّٰهِ وَلَوْ عَلٰٓى اَنْفُسِكُمْ اَوِ الْوَالِدَيْنِ وَالْاَقْرَبِيْنَ اِنْ يَّكُنْ غَنِيًّا اَوْ فَقِيْرًا فَاللّٰهُ اَوْلٰى بِهِمَا فَلَا تَتَّبِعُوا الْهَوٰٓى اَنْ تَعْدِلُوْا وَاِنْ تَلْوٗٓا اَوْ تُعْرِضُوْا فَاِنَّ اللّٰهَ كَانَ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرًا

પોતાની જાતના માટે, સગાં સંબંધીઓના માટે માણસ યોગ્યને પણ અયોગ્ય કરતો રહે છે, જાઈઝને પણ નાજાઈઝ ઠરાવી દે છે. નાહકને પણ હક્ક સમજીને અપનાવતો રહે છે. આ આયતે મુબારકાએ ઈમાનવાળાઓને આ ગલતકારીથી બચાવવા માટે હિદાયત ફર્માવી દીધી. આ પ્રમાણે કોઈની મુખાલિફત અને અદાવત, કોઈનાથી દુશ્મનીનો જઝબો ક્રમે ક્રમે માણસના ઈન્સાફના બેલેન્સને સ્થાયી રહેવા નથી દેતો. રબ્બે કાયનાતે આ કમજોરીને પણ મોમિનોથી દૂર ફર્માવવા માટે સ્પષ્ટ હુકમ ફર્માવ્યો :–

"હે ઈમાનવાળાઓ ! અલ્લાહના હુકમ પર સારી રીતે કાયમ થઈ જાવ, ઈન્સાફની સાથે ગવાહી આપતા, અને તમને કોઈ કૌમની અદાવત એના માટે ન

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُوْنُوْا قَوّٰمِيْنَ لِلّٰهِ شُهَدَآءَ بِالْقِسْطِ وَلَا يَجْرِمَنَّكُمْ شَنَاٰنُ قَوْمٍ عَلٰٓى اَلَّا تَعْدِلُوْا (القرآن)

ઉશ્કેરે કે ઈન્સાફ ન કરો." (સૂ. માએદા, ૫/૮)

કોઈ કેટલોય દોસ્ત કે નિકટનો કેમ ન હોય પણ ઈમાનવાળા મોમિનના ઈન્સાફના ત્રાજવામાં જો તે મુજરિમ છે તો લાગુ પડતી સજા આપશે, જેમ કે હુઝૂર સહાબા તથા તાબઈનના સમય (એટલે ખયરે કુરૂન)માં અને તેના બાદ થયું. હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મુસલમાન અને યહૂદીના ઝઘડામાં યહૂદીના હક્કમાં (ફેવરમાં) ફેંસલો આપ્યો. અને હઝરત ફારૂકે આઝમ رضی اللہ عنہ એ પોતાના પુત્ર પર હદ (શિક્ષા) લાગુ કરી.

અદ્‌લો ઈન્સાફનું વર્તુળ પૂરી જિંદગીના મામલાઓને સમાવી લે છે. જેમ કે ઉપરોકત લખાણમાં ઉલમાએ કિરામના બયાનથી સ્પષ્ટ થાય છે. મુનાસિબ જાણીને આ વિષયે અમુક અધિક આયતો વર્ણન કરીએ છીએ.

રબ્બુલ આલમીનનો ઈર્શાદ છે :

إِنَّ اللّٰهَ يَأْمُرُكُمْ أَنْ تُؤَدُّوا الْأَمَانَاتِ إِلَىٰ أَهْلِهَا وَإِذَا حَكَمْتُمْ بَيْنَ النَّاسِ أَنْ تَحْكُمُوا بِالْعَدْلِ إِنَّ اللّٰهَ نِعِمَّا يَعِظُكُمْ بِهِ إِنَّ اللّٰهَ كَانَ سَمِيعًا بَصِيرًا

"બેશક ! અલ્લાહ તમને હુકમ આપે છે કે અમાનતો જેમની છે તેમને સુપ્રત કરો અને એ કે જ્યારે તમે લોકોમાં ફેંસલો કરો તો ઈન્સાફની સાથે ફેંસલો કરો. બેશક ! અલ્લાહ સાંભળનાર જોનાર છે." (સૂ. નિસાઅ, ૪/૭૫)

સૂરએ અન્આમમાં હલાલ તથા હરામની અહમિયત (મહત્વતા), શિર્કની બુરાઈ, મા બાપની સાથે સદ્‌વર્તાવ, ગરીબીના ડરથી ઔલાદની કતલ (ગર્ભ પડાવવો, કિર્યતન કરાવવું તે)ની બુરાઈ, બેહયાઈઓથી બચવાની તાકીદ, માનવ જાનોની તબાહીથી બચવા, યતીમોના માલની હિફાઝતના નિયમો, સહી તોલ માપની તાલીમ અને જુલ્મો સિતમથી દૂર રહેવાની તાલીમ પછી દરેક મામલામાં અદ્‌લો ઈન્સાફના માર્ગ પર ચાલવાની તાકીદ આ પ્રમાણે ફર્માવવામાં આવી





રહી છે :–

وَإِذَا قُلْتُمْ فَاعْدِلُوا وَلَوْ كَانَ ذَا قُرْبَىٰ وَبِعَهْدِ اللّٰهِ أَوْفُوا ذَٰلِكُمْ وَصَّاكُمْ بِهِ لَعَلَّكُمْ تَذَكَّرُونَ (القرآن)

"અને જ્યારે વાત કહો તો ઈન્સાફની કહો ભલે ને તમારા સગાનો મામલો હોય અને અલ્લાહનો જ વાયદો પૂરો કરો, આ તમને તાકીદ ફર્માવી તમે નસીહત કબૂલ કરો." (સૂ. અન્આમ, ૬/૧૫૩)

કુર્આન મજીદમાં એક સ્થાન પર અલ્લાહ પોતાના મહબૂબ મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને હુકમ ફર્માવે છે અને હુઝૂરે અકરમના વાસ્તાથી અલ્લાહના તમામ બંદાઓએ પણ એના પર અમલ કરવો જરૂરી છે :–

وَاسْتَقِمْ كَمَا أُمِرْتَ وَلَا تَتَّبِعْ أَهْوَاءَهُمْ وَقُلْ آمَنْتُ بِمَا أَنْزَلَ اللّٰهُ مِنْ كِتَابٍ وَأُمِرْتُ لِأَعْدِلَ بَيْنَكُمُ (القرآن)

"અને અડગ રહો જેવો તમોને હુકમ થયો છે અને તે લોકોની ઈચ્છા પ્રમાણે ન ચાલો અને કહો કે હું ઈમાન લાવ્યો એના પર જે કોઈ કિતાબ અલ્લાહે ઉતારી અને મને હુકમ થયો છે કે હું તમારામાં ન્યાય કરું." (સૂ. શૂરા, ૪૨/૧૫)

એ જ પ્રમાણે હઝરત દાઊદ علیہ الصلوٰۃ والسلام ના પ્રસંગમાં તેમના ઝરીયા અદ્‌લો ઈન્સાફથી ફેંસલો કરવાનો હુકમ ફર્માવતાં ઈર્શાદે રબ્બાની છે :–

يَا دَاوُودُ إِنَّا جَعَلْنَاكَ خَلِيفَةً فِي الْأَرْضِ فَاحْكُمْ بَيْنَ النَّاسِ بِالْحَقِّ

"હે દાઊદ ! બેશક ! અમે તને જમીનનો નાયબ બનાવ્યો, તો લોકોમાં સાચો હુકમ કર." (સૂ. સ્વાદ, ૩૮/૨૬)

## ★ ન્યાયનું ત્રાજવુ ★

ઈસ્લામી ન્યાયના ત્રાજવામાં તમામ માનવોને સમાનતાનો

હક્ક છે. કોઈ શરીફની શરાફત અને કોઈ ગૈર શરીફની ઝિલ્લત (બેઈજ્જતી) તેને ઈસ્લામી ન્યાયથી વંચિત નથી કરતી. કોઈ કમજોરની કમજોરી અને શકિતવાનની શકિત ઈસ્લામી ન્યાય પર અસર નથી કરતી. આ એવું પૂર્વગ્રહ વિહિન ત્રાજવુ છે જે પોતાના ફર્ઝોમાં કોઈનાથી ગફલત કે કોઈની તરફદારી નથી કરતું. એના હેઠળ જાલિમ પોતાના જુલ્મના પ્રમાણે ચોક્કસ સજા પામશે. આવો ! ઈસ્લામના શિક્ષાત્મક કાનૂનોની બાબતમાં કુર્આની દલીલથી આંખને રોશન કરો :–

فَمَنِ اعْتَدٰى عَلَيْكُمْ فَاعْتَدُوْا عَلَيْهِ بِمِثْلِ مَا اعْتَدٰى عَلَيْكُمْ وَاتَّقُوا اللّٰهَ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ مَعَ الْمُتَّقِيْنَ ۱۹۴

"અને જે તમારા પર (ઝિયાદતી) જબરદસ્તી કરે તેના પર ઝિયાદતી કરો (શરીઅત કોર્ટ થકી) એટલી જ જેટલી તેણે કરી છે અને અલ્લાહથી ડરતા રહો, જાણી લો કે તે ડરનારાઓની સાથે છે." (સૂ. બકરહ, ૨/૧૯૪)

સૂ. નહલમાં છે :–

وَاِنْ عَاقَبْتُمْ فَعَاقِبُوْا بِمِثْلِ مَا عُوْقِبْتُمْ بِهٖ ۱۲۶

"અને જો તમે સજા આપો તો એવી જ સજા (આપો) જેવી તમને તકલીફ પહોંચાડવામાં આવી હતી." (સૂ. નહલ, ૬/૧૨૬)

જુલ્મના હિસાબે જ બદલો અને નુકસાનના લેહાઝથી જ સજા સંભળાવવામાં આવે એના બારામાં આ મુબારક આયતો શરીઅતના કાનૂનનો સ્ત્રોત છે :–

اَنَّ النَّفْسَ بِالنَّفْسِ وَالْعَيْنَ بِالْعَيْنِ وَالْاَنْفَ بِالْاَنْفِ وَالْاُذُنَ بِالْاُذُنِ وَالسِّنَّ بِالسِّنِّ وَالْجُرُوْحَ قِصَاصٌ ۴۵ القرآن

"જાનના બદલે જાન અને આંખના બદલે આંખ અને કાનના બદલે કાન અને નાકના બદલે નાક અને દાંતના બદલે દાંત અને ઝખ્મોમાં બદલો છે." (સૂ. માએદા, ૫/૪૬)

એટલે કે જો કોઈકે કોઈને કત્લ કર્યો તો તેની જાન કત્લ





થનારના બદલામાં લેવામાં આવશે, ભલે તે કત્લ થનાર સ્ત્રી હોય કે પુરૂષ, આઝાદ હોય કે ગુલામ, મુસ્લિમ હોય કે ઝિમ્મી, ઈસ્લામી કાનૂનનો સાયો દરેકના ઉપર સમાન રીતે દયાવાળો છે. પોતાની 'ફલસફાએ ગમ' નઝમમાં ડો. ઈકબાલ આ રહસ્યનો ભેદ ખોલે છે :–

**એક અસલિયતમેં હે નહરે રવાં ઝિંદગી !**
**ગિરકે રફઅતસે હુજૂમ નૂએ ઈન્સાન બન ગયા**

માનવ શરીર તથા જાનના ખાલિક (સર્જનહાર) તથા માલિકે પોતાના ઈલાહી નિઝામ (બંધારણ)માં એટલા માટે ઈન્સાની જાનના એહતેરામ (માન)નો સ્પષ્ટ રીતે હુકમ ફર્માવ્યો છે. કાઝીયુલ કુઝા અલ્લામા અબુલ હસન બસરી માવર્દી પોતાની સુવિખ્યાત કિતાબ 'અહકામે સુલ્તાનિયહ'માં ઉસૂલે કઝા (ન્યાયના ઉસૂલો)નું વર્ણન કરતાં લખે છે :–

"અશકત તથા સશકત અને શરીફ તથા ગૈર શરીફની દરમ્યાન સમાન રીતનો વર્તાવ કરવો, કોર્ટ અને નિર્ણયમાં ઈન્સાફનો તકાઝો પૂરો કરવો જરૂરી છે." (પેજ–૬૬)

અલ્લામા મૌસૂફે કુર્આન મજીદની આયતે કરીમા **યા દાઊદ ઈન્ના જઅલ્નાક ખલીફા**થી પણ તલબ કર્યો અને સૈયદના ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના પત્રનો પણ હવાલો આપ્યો છે જે આપે હઝરત અબૂ મૂસા અશ્અરીને લખ્યો હતો. આ પત્રનો ખાસ હિસ્સો જે આપણા વિષયથી સંબંધિત છે તે એ છે કે :–

"તમારી મજલિસમાં હમેશાં લોકો વચ્ચે ઈન્સાફથી કામ લો જેથી કરીને કોઈ મોભાવાળો શખ્સ તમારી પાસેથી જુલ્મ (કરાવવા)ની અપેક્ષા ન રાખે અને કોઈ કમજોર શખ્સ તમારા ન્યાયથી નિરાશ ન થઈ જાય." (હવાલો ઉપર મુજબ)

ન્યાય તથા સમાનતાના કુર્આની કાનૂનો અને નિયમોની સાથો સાથ જરૂરી લાગે છે કે માનવ સમાનતા અને ઈન્સાફના બારામાં

કેટલાક રસૂલે પાકનાં ફર્માનો પણ લખી દેવામાં આવે જે યકીનન માનવ સમાનતાની પાયાની રેખાઓ છે. રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈસ્લામી ન્યાયના માર્ગે આવનાર તમામ વિઘ્નોને કેમ કરીને ખસેડીને ન્યાય તથા સમાનતાના કાંટાદાર માર્ગને સાફ કર્યો છે તે જોઈ લો :–

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, "અલ્લાહે મારા પર વહી મોકલી કે તમે નમ્રતા તથા આજીજી સાથે રહો જેથી કરીને કોઈ વ્યકિત બીજાના પર ગર્વ ન કરે અને કોઈ કોઈના પર જુલ્મો સિતમ ન કરે." (સહીહ મુસ્લિમ બ હવાલા મિશ્કાતુલ મસાબીહ, ભાગ–૨, પેજ–૧૪૭)

ગુરૂતાગ્રંથિ (મોટાઈની ભાવના) અને વંશ પર ગર્વ એ પણ ઈસ્લામી અદ્‌લો ઈન્સાફમાં કદી આડ ન બને. ફર્માને રિસાલત મઆબ صلی اللہ تعالیٰ علیہ وسلم હમેશાં નજરો સમક્ષ રહેવું જોઈએ. ફર્માને હુઝૂર છે :–

"અલ્લાહે તમારાથી જાહિલિયત (અજ્ઞાનતાના યુગ)ના ઘમંડ અને બાપદાદા પર ઘમંડને દૂર કરી આપ્યા છે, હવે કયાં તો પરહેઝગાર મોમિન છે કયાં તો બદબખ્ત નાફર્માન. સર્વ લોકો આદમના બેટા અને આદમનું સર્જન માટીથી થયું." (તિર્મિઝી, અબૂદાઊદ બહવાલા મિશ્કાતુલ મસાબીહ, ભાગ–૨, પેજ–૪૧૮)

સમાજમાંના ઊંચ નીચના ભેદભાવને દૂર કરવામાં રહમતુલ્ લિલ આલમીનના ફર્માને ક્રાંતિકારી રોલ અદા કર્યો છે. કાશ ! મુસલમાન આ અમ્ન સ્થાપ્તાં ફર્માનોને પોતાના અમલી કિરદાર વડે શોભા અર્પે.

"રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, કોઈનો વંશ (નસબ) તેના માટે ગાળ કે અયબની વાત નથી. તમે સૌ આદમની ઔલાદ છો, એક મંઝિલમાં છો, કોઈને કોઈના માટે આ હેસિયતથી ભેદભાવનો હક્ક નથી. હા ! દીન તથા તકવાના લેહાઝથી મર્તબામાં તફાવત હોઈ શકે છે." (બયહકી તથા અહમદ બહવાલા મિશ્કાતુલ મસાબીહ, ભાગ–૨, પેજ–૪૧૮)

જેથી કુરૂને ઉલા (રસૂલ, સહાબા, તાબઈનના સમય)માં ખુલફાએ રાશિદીન رضی اللہ عنہم એ પોતાના માટે બેદાગ



ઈસ્લામ અને વિશ્વશાંતિ

કારનામાંઓ વડે આ ઈસ્લામી કાનૂનોનાં ખાનાંઓમાં રંગ ભરીને એ સાબિત કરી આપ્યું કે અદ્‌લો ઈન્સાફના ઈસ્લામી નિયમોની નજરમાં રાજા તથા પ્રજા, સશકત કે અશકત, મોમિન કે ગૈર મોમિન, મર્દ કે ઔરત, પારકા તથા પરાયા કોઈનો કોઈ ભેદભાવ નથી. આગળનાં પૃષ્ઠોમાં એનાં ઉજ્જવળ દ્રષ્ટાંતો આવી રહ્યાં છે.

## ★ ઈસ્લામની દ્રષ્ટિએ રાજા તથા પ્રજા સમાન ★

ઈસ્લામી કાનૂનો અને કેળવણીનો સામાન્ય કક્ષાનો વિદ્યાર્થી પણ જાણે છે કે ઈબાદતોથી મામલાઓ સુધી દરેક જગાએ ઈસ્લામમાં સમાનતાનુ સામ્રાજ્ય છે. આવો ! જુઓ ! આ ઈસ્લામી ઈબાદતગાહ મસ્જિદ છે જ્યાં એક અલ્લાહની ઈબાદત કરવામાં આવે છે. એક જ સફમાં અમીર, ગરીબ, રાજા તથા પ્રજા વગેરે સૌ ઉભા છે. કોઈ અમીર કે કોઈ હાકિમના માટે અહીંયાં કોઈ વિશિષ્ટ બેઠક નથી. ઉમરાવોનો અમીર સફમાં ઉભો છે અને એક ફકીર નાદાર આવ્યો તો તે પણ તેના ખભાથી ખભો મિલાવીને કશાય ખચકાટ વિના ઉભો થઈ ગયો. આ ઈબાદતખાનાના દરવાજા પર કોઈના માટે 'પ્રવેશ નિષેધ'નું સાઈન બોર્ડ જોવા નહીં મળે.

લો ! રમઝાન મુબારકનો મહીનો આવી ગયો. એક નિશ્ચિત સમયથી નિશ્ચિત સમય સુધી દરેકે ખાવા, પીવા તથા સંભોગથી દૂર રહેવાનુ છે. બાદશાહે પણ ખાવું, પીવું હરામ છે, ફકીર પણ એ કાનૂનનો પાબંદ છે. અમીર ગરીબ સૌ સમાન રીતે આ કાનૂનના પાબંદ છે. અને જો કોઈ આમિલ તથા ફકીહ અથવા અમીર, બાદશાહ કે હાકિમે પણ રોઝાની મર્યાદાનો ભંગ કર્યો તો ખુદાઈ કાનૂનનો મુજરિમ ઠરશે. એને પણ એ જ શિક્ષાત્મક કાયદાના પ્રમાણેની સજા ભોગવવી પડશે, કફ્ફારો અદા કરવો પડશે જે પ્રમાણે એક સામાન્ય ગરીબ મુસલમાને કરવાનું છે. ઈસ્લામી સમાનતાનો નઝારો કરવા માટે મુકદ્દસ સ્થળો તરફ બે કદમ ચાલો.

વિશ્વભરના હાજીઓ તૌહીદના મર્કઝ (મક્કા શરીફ)ની

પ્રતિ હજજના ઈરાદાથી એકત્ર થાય છે તેમાં અમીર તથા ધનવાન પર છે અને નાદાર તથા કમ હૈસિયત પણ છે. છતાં કુર્બાન જઈએ ઈસ્લામી સમાનતાના કાનૂન પર કે બે કપડાંનો ફકીરાના 'એહરામ' બાદશાહોના શરીરો ઉપર પણ છે અને બિલ્કુલ તેવો જ 'એહરામ' સામાન્ય મુસલમાનોએ પણ પહેરી રાખ્યો છે. આમ ઈન્સાનિયતને એ દર્સ અપાઈ રહ્યો છે કે અહીં જ નહીં દરેક સ્થળે ઈસ્લામે માલદારી અને બડાઈના પાયા પર ત્રિકમ ચલાવેલ છે. દૌલત તથા સત્તાના ખુમારથી ચૂર ઈન્સાનોને સમાનતાનો કટુ ઘૂંટ પીવડાવ્યો છે જેથી માણસ પોતાની અસલિયતને ભૂલે નહીં. કા'બાતુલ્લાહનો તવાફ કરતી વેળા કોઈ અમીરની માલદારી અને ફકીરનું ફકીરીપણુ એકબીજામાં ભેદભાવ નથી બખ્શતું. ત્યાં તમામે તમામ કેવળ એક ખુદાના એક સરખા બંદા હોવાની હૈસિયતથી હાજર છે. ત્યાં નાના મોટા, કાળા ગોરા, પૂર્વી પશ્ચિમી સૌ મળીને એક જ નગ્મો સંભળાવી રહ્યા છે :–

**લબ્બૈક અલ્લાહુમ્મ લબ્બૈક, લબ્બૈક લાશરીક લક લબ્બૈક, ઈન્નલ હમ્દ વન્નિઅ્મત લક વલ્મુલ્ક લાશરીક લક.** "હાજર છું અય અલ્લાહ ! હું હાજર છું, હું હાજર છું બેશક ! તારો કોઈ શરીક નથી. હું હાજર છું બેશક ! સર્વ તારીફો, સર્વ નેઅમતો તારી જ છે અને મુલ્કત પણ તારો જ છે, તારો કોઈ શરીક નથી."

તલબિયહના છેલ્લા વાકયથી પણ આ વિષયમાં પ્રકાશ પડે છે કે મુલ્ક તથા સલ્તનત સૌનો આ'લા ઈખ્તેયાર કેવળ ખુદા તઆલાની પાસે છે. હવે ખુદાના મુલ્કમાં ખુદાના કાનૂનનું ચલણ ખુદાના હુકમો પ્રમાણે કરનાર જ રબનો પ્રિય બંદો છે.

## ★ વર્તમાન મુસ્લિમ દુનિયા અને ઈસ્લામી બંધારણ ★

પશ્ચિમવાસીઓ અને પશ્ચિમી વિચારસરણીથી પ્રભાવિત લોકોના અભ્યાસનો સામાન્ય તરીકો એ છે કે ઈસ્લામને વર્તમાન દુનિયાના મુસ્લિમ દેશોની હાલતોના આધારે જુએ છે અને તે જ





આઈનાઓમાં મૂળ ઈસ્લામને ન પામતાં મઆઝલ્લાહ ઈસ્લામ મઝહબને આક્ષેપોનું નિશાન બનાવે છે. પરંતુ જો તેઓ થકી જરા સમજી વિચારીને કામ લેવામાં આવે તો સમજાશે કે આ તરીકો યોગ્ય સમજબુઝનો તદ્દન નથી.

આજની મુસ્લિમ ગવર્નમેન્ટો મુસલમાનોની આબાદીઓનાં કેન્દ્ર જરૂર છે પણ ઈસ્લામી કાનૂનોનું ચલણ કેટલા અંશે છે ? એ કાંઈ ઢાંકી છુપી વાત નથી. પૃથ્વીનો આખો ગોળો આજે "અમેરિકી" અને "રૂસી" શિકારગાહ કહેવામાં આવે છે. બલ્કે અમેરિકા પોતાના વર્લ્ડ ઓર્ડરના થકી આખી દુનિયા પર સત્તા કરવા ચાહે છે જ્યાં ઉઘાડે છોગે માનવ હક્કોની પાયમાલીનો ખેલ ખેલવામાં આવે છે. આ મામલો કેવળ વિયેટનામ, પેલેસ્ટાઈન, અફઘાનિસ્તાન, યમન, ગરીનાડા, લીબિયા, કાશ્મીર તથા ઈરાક સુધી જ તો સીમિત નથી રહ્યો, બુધ્ધિની દ્રષ્ટિથી જોનાર સારી પેઠે જાણે છે કે મુસ્લિમ દેશોમાંથી કોઈ પણ આ બંને શૈતાની પંજાઓથી મુકત નથી. ડાયરેકટ કે ઈનડાયરેકટ દરેક જગાએ તેમનું પ્રભુત્વ જરૂર મૌજૂદ છે. અને જ્યારે અલ્લાહના હુકમોને બદલે અમેરિકા કે રશિયાના હુકમો પર ચાલવામાં આવે તો જમીન પર ઈલાહી કાનૂનોનું ચલણ કેમ કરીને શકય થઈ શકે છે ?

પણ હા ! અલ્હમ્દુલિલ્લાહ ! કે જમીનના દરેક ખૂણામાં તકબીરનો અવાજ ઉભરાઈ રહ્યો છે અને ખાસ કરીને સદીઓથી જુલ્મના સકંજાઓમાં સપડાઈ રહેલી મુસ્લિમ સત્તાઓ હવે ક્રાંતિમય રીતે પાસુ ફેરવી રહી છે. અને તમામ મુસ્લિમ દેશોમાં ઈસ્લામી બંધારણ અને મુસ્તફાના બંધારણ અને શરીઅતના કાનૂનોના ચલણ પ્રતિ આગેકૂચ થઈ રહી છે. અત્યારે મુસ્લિમ દેશો વિશ્વક્ષેત્રે મહાસત્તાઓની વિશાળ જાળોમાં એવી રીતે સપડાએલી છે કે તેમને સુલહ તથા જંગ અને આપસમાં સંબંધ તથા વહેવાર રાખવાના બારામાં પણ ઈસ્લામી કાનૂનોની કાળજી રાખવી મુશ્કેલ બની રહી છે. યાદ રાખશો કે આ બેડીઓને એકાએક નથી તોડી શકાતી ત્યાં સુધી કે

આંતરિક રીતે મુસ્લિમ સત્તાઓ પોતાના પર ઈસ્લામી નિયમોની પાબંદીઓને લાઝિમ (અનિવાર્ય) ન કરી લે.

જેવી રીતે ઈસ્લામના પ્રારંભમાં ગુલામીની લા'નતને ખત્મ કરવા માટેની સ્કીમો ચલાવવામાં આવી. અત્યારે ઈસ્લામ જ દુનિયામાં ગુલામીનો સૌથી મોટો અને સૌથી પહેલો દુશ્મન છે, પણ એ જમાનામાં આખુ વિશ્વ ગુલામ સાઝી અથવા ગુલામીની ચુંગાલમાં સપડાયેલ હતું જેથી એ શકય ન હતું કે મદીનાના મુટ્ઠીભર મુસલમાન એકદમ આ ખાત્મો કરવામાં કામયાબ થઈ જાત. પણ ક્રમે ક્રમે ઈસ્લામી બંધારણ પોતાના પરિપૂર્ણ નિયમોને ફેલાવે છે. એટલે સુધી કે અરબસ્તાનથી અને પછી ઈસ્લામ અને ઈસ્લામના મુબલ્લિગો થકી દુનિયામાંથી ગુલામીનો નાશ થઈ ગયો. દુનિયાના જે જે પ્રદેશોમાં મુસલમાનોની બહુમતી છે તે ''મુસ્લિમ રાજ્યો'' જરૂર છે પણ તેમનામાંથી કોઈને પણ ''ઈસ્લામી રાજ્ય'' તે સમયે કહેવાશે જ્યારે ત્યાં સંપૂર્ણપણે ખુદાઈ કાનૂનનું ચલણ હોય.

## ★ રસૂલુલ્લાહનુ જીવન અને ન્યાય તથા સમાનતા ★

રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના પવિત્ર જીવનમાં ન્યાય તથા સમાનતાનું ધોરણ જોવા માટે તો આપની મુબારક જિંદગીનો વિગતવાર અભ્યાસ કરવો જોઈએ પરંતુ હું અહીં પવિત્ર જીવનના કેટલાંક ચમકતાં મોતીઓ રજુ કરું છું :–

''ગઝવએ બદર (કુબરા)ના પ્રસંગે રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم સહાબાઓની સફો દુરુસ્ત કરી રહ્યા છે. આપના દસ્તે અકદસ (પવિત્ર હાથ)માં એક લાકડીની સોટી હતી. એક સહાબી સફમાં (લાઈનમાં) બરાબર ન હતા. આપે તેમને લાકડી વડે બગલમાં છેડો અડાડયો જેથી તે બરાબર થઈ જાય. તે ન્યાય તથા સમાનતાની તાલીમ આપનાર રસૂલ જ્યારે બીમાર પડયા તો આપે જાહેર એલાન કર્યું કે જો કોઈનો મારા પર કોઈ હક્ક બાકી હોય તો મારાથી લઈ લે.





તે સહાબી આવ્યા અને કહ્યું કે, યા રસૂલલ્લાહ ! બદરના દિવસે આપે મને લાકડી ખોસી (અડાડી) હતી જેનાથી મને તકલીફ થઈ હતી ! હું તેનો બદલો લેવા માંગું છું. હુઝૂરે ફર્માવ્યું, હું હાજર છું ! બદલો લઈ લો ! સહાબીએ કહ્યું, જ્યારે તમે મને લાકડી અડાડી હતી ત્યારે મારા શરીર પર કુર્તો ન હતો, હું આપનાથી એ જ સ્થિતિમાં બદલો લેવા ચાહુ છું. હુઝૂરે કુર્તો ઉઠાવીને પાસુ તથા પીઠ મુબારક તેમના સમક્ષ ધરી. એ સહાબીએ વ્યાકૂળતાપૂર્વક આગળ વધીને રસૂલુલ્લાહની પીઠ તથા મુહરે નબુવ્વત શરીફને બોસો આપ્યો અને કહ્યું, યા રસૂલલ્લાહ ! આપના પર મારાં મા બાપ કુર્બાન ! તમન્ના એ હતી કે જિંદગીમાં એકવાર આપની મોહરે નબુવ્વત શરીફને બોસો આપીને આખેરતનો સામાન કરી દઉં.''

આ આશિકે રસૂલ સહાબીની તમન્ના તો કાંઈ ઓર હતી પણ કુર્બાન જાવ અદ્‌લો મુસાવાત (ન્યાય તથા સમાનતા)ના હકીકી મુઅલ્લિમ સૈયેદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તાલીમ અને અમલના નમૂના પર કે બીમાર હાલતમાં એક વ્યકિતને તેનો હક્ક આપવા માટે શરીર મુબારકને પેશ કરી આપે છે. સમાનતાના ધોરણ પ્રમાણે ન્યાયની આ અમલી તસવીરથી જ ઈસ્લામી નિયમોની ગોઠવણ થયેલી છે.

ગઝવએ બદરના પ્રસંગે મુસલમાન ખૂબ જ કફોડી હાલતવાળા મુફલિસ અને કમજોર હતા. શસ્ત્રો અને સવારીઓ પણ ઓછી હતી. એક ઊંટ પર હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم , હઝરત મૌલા અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم અને અબૂ દરદા رضی اللہ عنہ રવાના થયા. એક સમયમાં બે વ્યકિત ઊંટ પર સવાર થતા અને ત્રીજો મહાર (લગામ) પકડીને પગપાળા ચાલતો હતો. સહાબાએ કિરામના ફિદાપણા અને જાંનિસારીની એ સ્થિતિ હતી કે હુઝૂરના ભવાંના ઈશારા પર પોતાનાં પ્રાણો ન્યોછાવર કરવા તૈયાર થઈ જતા હતા. માર્ગમાં જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની વારી આવી તો આસમાને પણ જોયું કે હઝરત અલી તથા અબૂ દરદા رضی اللہ عنہ ઊંટ પર સવાર છે અને હુઝૂર તેની મહાર

પકડીને પગપાળા ચાલી રહ્યા છે ! અમારું યકીન કહે છે કે મૌલાએ કાયનાત અલી મુર્તઝા તથા અબૂ દરદા رضی اللہ تعالیٰ عنہما એ જરૂર અર્ઝ કરી હશે કે, "સરકાર ! આપ સવારી પર બેસો ! હુઝૂર ! અમારા માટે એ જ મહાનતા શું ઓછી છે કે જે બાવકાર નબીની ઊંટણીની મહાર (લગામ) જિબ્રઈલ પકડીને ચાલે, તે ખિદમત અમને નસીબ થાય ! હુઝૂર ! અમે પગપાળા ચાલવાનુ અધિક પસંદ કરીએ છીએ. આકા વ મૌલાએ ફર્માવ્યું હશે કે હું અમલી રીતે દુનિયામાં ઈસ્લામની સમાનતાને સ્થાપવા માટે આવ્યો છું. મારી શાન છે :–

إِنَّكَ لَعَلَىٰ خُلُقٍ عَظِيمٍ

"અને બેશક ! તમારી આદત તો ઘણી શાનવાળી છે." (નૂનવલ કલમ, ૪/૬૮))

لَقَدْ كَانَ لَكُمْ فِي رَسُولِ اللَّهِ أُسْوَةٌ حَسَنَةٌ

"બેશક ! તમારા માર્ગદર્શન માટે અલ્લાહના રસૂલની જિંદગીમાં બેહતરીન નમૂનો છે." (સૂ. અહઝાબ, ૩૩/૪૧)

હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સમાનતાભર્યા વર્તાવની અમલી તસવીર તમે આગળ જતાં સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના બયતુલ મુકદસના સફરમાં જોવા પામશો.

હજ્જતુલ વિદાઅનો પ્રસંગ છે. શમ્એ રિસાલતના જલ્વામાં ઈસ્લામના શયદાઈઓ, કુદ્સી સિફાત સહાબાએ કિરામ હજ્જ અદા કરવાના માટે આવેલા છે. લગભગ ૧,૨૪,૦૦૦ (એક લાખ ચોવીસ હજાર)નો મજમો એકત્ર થયેલો છે, સૈયદુલ બશર રસૂલે આખિરુઝ્ઝમાં صلی اللہ تعالیٰ علیہ وسلم અને સહાબાએ કિરામના વજૂદથી નૂર અલા નૂર છે. ઝમઝમના કૂવાની આસપાસ હાજીઓની અવર જવર ચાલુ છે, અધિક ભીડને કારણે ઝમઝમના કૂવાનું પાણી ડહોળુ થઈ ગયું છે. હુઝૂરના કાકા અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબે હુઝૂરના ચહેરાએ અન્વર પર તરસની અસરો જોઈ અને ગુલામને કહ્યું કે





સરકારના માટે ઘરની સુરાહીમાં રાખેલું આબે ઝમઝમ પેશ કરો. ગુલામ લપકયો પણ હુઝૂર સૈયદે આલમ જનાબ મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ રોકી દીધો અને ફર્માવ્યું, હું ઘરની સુરાહીનું સાફ તથા સ્વચ્છ અને ઠંડુ પાણી પીવાને બદલે ઝમઝમના હૌઝથી પીવાનું અધિક પસંદ કરું છું જેમાંથી તમામ મુસલમાન પી રહ્યા છે. અલ્લાહ ! અલ્લાહ ! કુર્બાન હજો અમારી જાન માલ તે આકા તથા મૌલા પર જેણે ગુલામો સાથે વર્તાવનો એવો ઉચ્ચ કિરદાર દુનિયાને બખ્શ્યો જેના દ્રષ્ટાંતથી માનવતાનો ઈતિહાસ અજાણ હતો. **સલ્લલ્લાહુ અલૈહિ વ અલા આલિહી વ સહ્બિહી અજમઈન વસલ્લમ અબદા.** ન્યાય તથા સમાનતાના પ્રણેતા મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના અણમોલ ફર્માનને ફરીથી બોધ ગ્રહણ કરતી નિગાહ વડે જુઓ અને વાણી તથા વર્તનનો સંબંધ ચકાશો :–

"અરબસ્તાનના કોઈ વસનારાને અજમી પર અને અજમના કોઈ વસનારાને અરબી પર, ગોરા રંગવાળાને કાળા પર અને કાળા રંગવાળાને ગોરા માણસ પર કોઈ ફઝીલત નથી. ફઝીલતનો ઝરીયો કેવળ તકવો છે." (ઝાદુલ મઆદ, ભાગ–૨, પેજ–૧૮૫)

**વો રહમતે આલમ હૈ શહે અસ્વદો અહમર**
**વો સૈયદે કૌનૈન હૈ આકાએ ઉમમ હૈ**
**વો આલમે તૌહીદકા મઝહર હૈ કે જિસ્મેં**
**મશ્રિક હૈ ન મગરિબ હૈ અરબ હૈ ન અજમ**

## ★ ઈસ્લામી સમાનતાની ઐતિહાસિક ગવાહીઓ ★

ઈસ્લામી કાનૂન પોતાનામાં સમાનતાનો મજબૂત ઉસૂલ ધરાવે છે અને આ કેવળ કિતાબોની લખેલી વાતો નથી, બલ્કે સૃષ્ટિના પટ પરની સત્ય હકીકતો છે. ઈતિહાસ એ વાતની સાક્ષી આપે છે કે જ્યારે ઈસ્લામી કાનૂનનું ચલણ હતું ત્યારે હાકિમ તથા પ્રજા સૌના પર એ એહસાસ છવાએલો હતો કે આપણા સૌથીયે જબરદસ્ત પણ એક શકિત રબ્બુલ આલમીન તથા અહકમુલ હાકિમીન છે જેના સમક્ષ

આપણે હાજર થવાનું છે. આ કાનૂને તેમને એક જ સફમાં લાવીને ઉભા કરી દીધા અને એ સાબિત કરી આપ્યું હતું કે કાનૂનની દ્રષ્ટિએ કોઈ અપવાદ નથી. સૌ સરખા તથા સમાન છે. જે જમાનામાં ગુલામી એક બદતરીન લા'નત સમજવામાં આવતી હતી અને ગુલામોને જાનવરો કરતાંય બદતર દરજ્જો આપવામાં આવતો હતો, ઈસ્લામી બંધારણે તેને શો દરજ્જો આપ્યો તેને જોઈ લો :–

"આ ઝયદ છે જેઓ હુઝૂરના આઝાદ કરેલા ગુલામ અને અરબસ્તાનના ઉચ્ચ કબીલા કુરૈશની એક ઈજ્જતદાર છોકરી ઝયનબ બિન્તે જહશથી એમનો નિકાહ થઈ રહ્યો છે. આ તે મહાન નબીનું બંધારણ છે જેના મો'જિઝાએ આટલાં ભારે ક્રાંતિમય પગલાં ભર્યાં."

મક્કા મુકર્રમાથી હિજરત પછી નબી કરીમ صلی اللہ تعالٰی علیہ وسلم મુહાજિર તથા અન્સારમાં ભાઈચારો સ્થાપવા માટે ફર્માવે છે કે એક મુહાજિર એક અન્સારીનો ભાઈ બની જાય. તો બિલાલ ઈબ્ને રિબહ હબશીને ખાલિદ ઈબ્ને રવીહા ખશમીના ભાઈ બનાવી દીધા. ખારજહ ઈબ્ને ઝયદ અને અબૂબક્ર સિદ્દીક ભાઈ ભાઈ બની ગયા. અને આ ભાઈચારો કેવળ બોલવા પૂરતો ન હતો બલ્કે સગા ભાઈઓની જેમ એક બીજાના દુઃખદર્દ અને ખુશી આનંદમાં હમેશાં ભાગીદાર રહે છે.

ગઝવએ મવતહમાં હઝરત ઝયદને લશ્કરના અમીર બનાવ્યા અને તેમના પુત્ર ઓસામાને રોમ જનારા લશ્કરના કમાન્ડર નિયુકત કર્યા. જે લશ્કરમાં પ્રથમ કક્ષાના જલીલુલ કદર (મહાન) સહાબાએ કિરામ એટલે સુધી કે હઝરાતે શયખૈન (અબૂબક્ર સિદ્દીક તથા ઉમર رضی اللہ عنہما ) પણ હતા અને સઅદ ઈબ્ને અબી વકાસ પણ હતા જેઓ હુઝૂરના સગા હતા અને અશ્રએ મુબશ્શિરહ્માંથી હતા.

હજી એ લશ્કર રવાના થવા પામ્યું ન હતું એવામાં હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم નો વિસાલ થઈ જાય છે અને આપ આપના રફીકે આ'લાના રહમતના દરબારમાં પહોંચી જાવ છો. (ઈન્ના લિલ્લાહિ વઈન્ના ઈલયહિ રાજિઊન) અને હઝરત અબૂબક્ર સિદ્દીક હુઝૂર





صلی اللہ تعالٰی علیہ وسلم ના જાનશીન નિશ્ચિત થાય છે અને ઓસામાનુ લશ્કર રવાના કરવામાં આવે છે. દુનિયા બોધગ્રહણ કરવાની નજરે જુએ છે કે,

ઓસામા ઘોડા પર સવાર થઈને મદીનાની બહાર નીકળી રહ્યા છે અને અમીરુલ મો'મિનીન જાનશીને રસૂલે અકરમ અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ લગામની સાથે સાથે ચાલી રહ્યા છે, ધૂળ ઉડી રહી છે. હઝરત ઓસામા અદબનો લેહાઝ કરતાં ઘોડા પરથી ઉતરવા ઈચ્છે છે. તો આપ ફર્માવે છે કે તમને ખુદાની કસમ છે ! હરગિઝ ઉતરશો નહીં ! હું તમારી સવારી સાથે ચાલીને રાહે ખુદામાં પોતે પોતાને ધૂળ માં ભરી લઉં એમાં મારું કોઈ નુકસાન થશે નહીં.

ખલીફએ રસૂલુલ્લાહ અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ મોડે સુધી જયશ ઓસામાની સાથે પગપાળા ચાલતા રહ્યા એ દરમ્યાનમાં એમને ખયાલ આવ્યો કે ખિલાફતની બાબતોના સિલસિલામાં મારે ઉમર ફારૂકની જરૂરત પડશે, તો એવું નથી કરતા કે એમને રોકાવાનો હુકમ આપી દે બલ્કે તેઓ જયશ ઓસામાના એક સિપાહીની હૈસિયતથી એ લશ્કર સામેલ છે એટલા માટે હઝરત અબૂબક્ર સિદ્દીક હઝરત ઓસામાને કહે છે કે,

"જો તમે યોગ્ય જાણો તો ઉમરને મારી મદદના માટે મદીનામાં છોડી જાવ !"

કોઈ અંદાઝો લગાડે કે ઈસ્લામી માનવ સમાનતાની ઉચ્ચતાનો કે એક નાની વયનો ગુલામ પુત્ર ઈસ્લામના દામનમાં આવીને સિદ્દીક તથા ઉમરના માટે માન કરવાને પાત્ર બની જાય છે.

એ જ પ્રમાણે અમીરુલ મો'મિનીન ઉમર ફારૂક رضی اللہ عنہ પોતાના ખિલાફતકાળમાં અમ્માર ઈબ્ને યાસરને કૂફાના ગવર્નર નિયુકત કરે છે જેઓ ઈસ્લામી ઈન્કિલાબ (ક્રાંતિ) પહેલાં જાહિલ અરબોની ગુલામીમાં સખત તકલીફોના શિકાર થઈ ચૂકયા હતા. અને શું તમે નથી સાંભળ્યું કે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ છેવટના સમયે છ માણસોની સલાહકાર સમિતિ નક્કી કરી દીધી હતી

કે તેઓ પોતાના મશવરાઓથી થકી ખલીફા નિયુકત કરી લે તો એની સાથે આપે એ પણ ફર્માવ્યું કે,

"જો અબૂ હુઝયફાના ગુલામ સાલિમ જીવતા હોત તો હું તેમને ખિલાફતનો હોદ્દો સોંપી આપત."

## ★ ફારૂકી ઈન્સાફ ★

આખો અરબ ટાપુ દુષ્કાળમાં સળગી રહ્યો છે, વરસાદના અભાવે માનવો તથા ચોપગાંઓને દુબળાં કરી દીધાં છે. ખજૂરનાં ઝાડો, ખેતીઓ અને ચોવાળો લીલોતરીને બદલે સૂકી ઘાસ અને કાંટાઓથી ભરેલાં છે. એવા સંજોગોમાં અમીરુલ મો'મિનીન ફારૂકે આ'ઝમ رضي الله عنه પોતાની પીઠ પર અનાજ લાદીને ખૂદ લોકો સુધી પહોંચાડે છે, રાત દિવસ લોકોની ખબર લે છે, આપનુ રૃષ્ટ પુષ્ટ શરીર અશકત થઈ ગયું છે, અતિશય કામમાં પ્રવૃત્ત રહેવાને કારણે ચહેરા પર કાળાશ છવાઈ ગઈ છે, કેમ કે આપે જ્યારથી દુકાળ પડયો ત્યારથી પેટ ભરીને ખાણુ નથી ખાધુ. એ અરસામાં આપ આપના ઘરમાં દાખલ થાવ છો તો આપના પુત્રના હાથમાં તડબુચની એક ચીરી જોઈને ખૂબ ગુસ્સામાં આવી જાવ છો ! આજે જ્યારે કે લોકોને ખાવા માટે અન્ન અને પીવા માટે પાણી મળવું મુશ્કેલ થઈ રહ્યું છે ત્યારે ઉમરના ઘરમાં તડબૂચ ખાવામાં આવે ?! એ નથી થઈ શકતું ! બાળકના હાથમાંથી તડબૂચ લઈ લે છે... છેવટે આમ શા માટે ?! તે એ જ 'સમાનતાની ભાવના'ના હેઠળ જે એમના પર રબ તઆલા તરફથી નાખવામાં આવી હતી અને તેઓ આ ભાવના હેઠળ દબાએલા હતા.

ફારૂકી યુગમાં મિસ્રના ગવર્નર હઝરત અમ્ર ઈબ્ને આસ رضي الله عنه હતા. તેમના પુત્રએ કોઈ વાત પર કોઈ મિસ્રીને કોરડો માર્યો અને પોતાના મા બાપની બડાઈનું વર્ણન કરી અને તેના પર ઘમંડમય શબ્દો કહ્યો. ફારૂકી દરબારમાં કેસ દાખલ થયો. અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضي الله عنه એ એ મિસ્રીને અમ્ર ઈબ્ને આસના પુત્રથી એ જ પ્રમાણે બદલો લેવાનો ફેંસલો આપી દીધો અને મિસ્રના





ગવર્નરને કહ્યું કે,

"તમે કયારથી લોકોને ગુલામ બનાવી દીધા ?! જ્યારે કે આ સૌ લોકો પોતાની માં ના પેટથી આઝાદ પેદા થયા છે." (સૂ. નૂન વલ કલમ, ૬૮/૪)

આ મુકદસ સહાબીઓનુ લશ્કર ઈસ્લામી પરચમ લહેરાવતુ લહેરાવતુ અરબસ્તાનની ભૂમીથી નીકળીને વિશ્વમાં ચોતરફ ફેલાયું તો ફતહ તથા જીતે આગળ વધીને તેમનું સ્વાગત કર્યું. આ બધુ તેમની હથિયારબાજીના કમાલોના કારણે નહીં બલ્કે માનવ પ્રેમની ભાવના અને જુલ્મો સિતમના સકંજામાં જકડાયેલી ઈન્સાનિયતને આઝાદ કરવાના મજબૂત નિઃસ્વાર્થ તથા લિલ્લાહિયતવાળા ભરપૂર જઝબા હેઠળ થયું. રોમની ભૂમી જ્યારે આ પવિત્ર નફસોના કદમોથી લાભવંત બની તો રોમી લેખકોએ આ જમાઅતની બહાદુરીની સાથોસાથ ઝોહદો તકવા અને માનવ મિત્રતાની પણ ભરપૂર પ્રશંસા કરી. એક રોમી લશ્કરનો સરદાર કહે છે :–

"રાત્રે તમે તેમને ઈબાદતમાં વ્યસ્ત જોશો અને દિવસના રોઝાદાર, વાયદાનું પાલન કરે છે, ભલાઈનો હુકમ આપે છે, બુરાઈથી રોકે છે અને આપસમાં સંપૂર્ણપણે ઈન્સાફ અને સમાનતા વર્તે છે." (કિતાબુલ મજાલિસહ, રિવાયત અહમદ ઈબ્ને મરવાન માલિકી, અલબિદાયહ વન્નિહાયહ, ભાગ–૭, પેજ–૫૩)

એક અન્યનું કથન છે :–

"તેઓ દિવસે ઘોડે સવાર થાય છે તો રાતમાં ઈબાદતગુઝાર, પોતાના જીતેલા પ્રદેશમાં પણ તેઓ વેચાતુ લઈને ખાય છે, સલામ કરીને પ્રવેશ કરે છે અને એ રીતે જામીને જેહાદ કરે છે કે દુશ્મનનો સફાયો કરી આપે છે." (અલબિદાયહ વન્નિહાયહ, અલ્લામા ઈબ્ને અષીર, ભાગ–૭, પેજ–૫૩)

ત્રીજો આ પ્રમાણે હકીકતનો એકરાર કરે છે :–

"તેમને રાત્રે જોશો તો કહેશો કે તેમને દુનિયાથી કોઈ સંબંધ નથી અને તેમને ઈબાદત સિવાય કોઈ કામ નથી. અને દિવસે ઘોડાની

પીઠ પર એ પ્રમાણે જોવા મળશે કે જાણે એ જ એમનો ધંધો છે. ભારે તીરંદાઝ, જબરદસ્ત ભાલાબાજી કરનાર ખુદાની યાદમાં એટલા અંશે મશગૂલ કે તર ઝબાન કે તેમની મજલિસમાં કોઈ (અન્ય) વાતને સાંભળવી સુધ્ધાં મુશ્કેલ !" (હવાલો ઉપર મુજબ, પેજ–૧૬)

સમાનતાના ધોરણનું ચલણ સંપૂર્ણ ન્યાયનું પરિણામ છે. જ્યાં સામુહિક ન્યાય તથા વ્યકિતગત ન્યાય બંને જોવામાં આવે ત્યાં સમાનતા અને બરાબરીની બોલબાલા થશે. ઈસ્લામમાં તમામ દિશાએથી અદલની તાલીમ છે એટલા માટે ઈસ્લામી બંધારણને કાર્યરત કરવાથી જ સમાનતા સ્થાપી શકાય છે.

સલ્તનતે ગસ્સાનનો શાહઝાદો જબલા ઈબ્ને અયહમ ફારૂકી યુગમાં ઈસાઈયત છોડીને મુસલમાન થઈ ગયો. અમીરુલ મો'મિનીન અને તમામ મુસલમાન ખૂબ જ કાળજી લેતા હતા. તે એક વાર ખાનએ કા'બાના તવાફમાં મશગૂલ હતો. તેનો શાહી લિબાસ તવાફ દરમ્યાન કોઈ બદવી મુસલમાનના પગો નીચે દબાઈ ગયો એ જોઈને જબલાને ખૂબ જ ગુસ્સો આવ્યો કે એક મામૂલી શખ્સે મારા ચોગાને પગો નીચે ચગડયો ! તેણે બદવીને એક થપ્પડ મારી દીધી. અમીરુલ મો'મિનીન પણ હાજર હતા, બદવી મુસલમાને તેમને ફરિયાદ કરી તો શાહઝાદાને પૂછવામાં આવ્યું કે તમે ખાનએ કા'બામાં વિના કારણે એક મુસલમાનને શા માટે માર્યો ? તેણે કહ્યું કે મારા કિંમતી ઝભ્ભાને એ ગામડિયાએ પગોથી દબાવ્યો હતો જેથી મેં તેને એક થપ્પડ મારી દીધી, તો એમાં કયો જુલમ કરી દીધો ?! અમીરુલ મો'મિનીને ફર્માવ્યું, "ઈસ્લામમાં દરેક માણસ સમાન દરજ્જો ધરાવે છે, તવાફ દરમ્યાન બેઈખ્તિયારીમાં એવું થઈ જવું તદ્દન શકય છે. તમે એના પર જુલ્મ કર્યો છે જેથી તેને રાજી કરી લો, નહીં તો કાનૂની રીતે એનો બદલો લેવામાં આવશે !" જબલાએ કહ્યું, મને એક દિવસની મોહલત આપવામાં આવે, તો તેને એક દિવસનો મોકો આપવામાં આવ્યો, અને તે રાતોરાત ભાગી ગયો અને મુર્તદ થઈ ગયો.

માનવ સમાનતાનો ઈસ્લામી કાનૂન એટલો મજબૂત છે કે





તેની દ્રષ્ટિએ રાજા તથા રંકમાં કોઈ તફાવત નથી. જબલાના શાહઝાદાપણાને આ કાનૂન ભારે પડયો અને તે બદનસીબે ઈસ્લામનો ત્યાગ કરી દીધો અને જહન્નમની આગનો હકદાર બની ગયો.

## ★ ન કોઈ બંદા રહા ન કોઈ બંદા નવાઝ ★

મુલ્કે શામ (સીરીયા)ના ઈલાકામાં ઈસ્લામના મુજાહિદો કાફિરો સાથે ટક્કર લઈ રહ્યા છે અને દુશ્મન ઝેર થઈ રહ્યા છે. એ દરમ્યાન દુશ્મનો તરફથી રજુઆત થઈ કે અમે લોકો બયતુલ મુકદ્દસની ચાવીઓ વિના લડાઈએ આપ લોકોને સુપ્રત કરવા તૈયાર છીએ પણ અમે ખૂદ મુસલમાનોના ખલીફા અને અમીરુલ મો'મિનીનથી એ મામલો કરવા ચાહીએ છીએ.

મદીના તૈયેબહ હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ ની પાસે કાસિદ મોકલવામાં આવ્યો અને અમીરુલ મો'મિનીન આવવા માટે રાજી થઈ ગયા. શામ અને બયતુલ મુકદ્દસના ઈલાકામાં અમીરુલ મો'મિનીનના આગમનનો શોર મચી ગયો. નિશ્ચિત સમયે શામવાસીઓ ઘરોથી બહાર નીકળીને મુસલમાનોના મહાન ખલીફાના દીદાર કરવાના માટે રાહ જોઈ રહ્યા છે. ઘણી રાહ જોયા પછી ધૂળની ડમરીઓમાંથી એક ઊંટ પર સવાર થયેલ અને એક લગામ પકડીને ચાલતો શખ્સ દેખાવા લાગ્યો. એ હતા મુસલમાનોના અમીર ખલીફતુલ મુસ્લિમીન ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ અને તેમના ગુલામ. મદીના શરીફથી અહીં સુધીની મુસાફરી એ રીતે થઈ કે અમીરુલ મો'મિનીન ઊંટ પર સવાર થતા તો ગુલામ પગપાળા ચાલતો અને ગુલામ ઊંટ પર બેસતો તો આપ પગપાળા ચાલતા. ઊંટની બીજી બેઠકના સ્થાને અમીરુલ મો'મિનીનનો સફરનો સામાન સત્તુ વગેરે અને ઊંટનો ખોરાક ખજૂરના ઠળીયા લદાયેલ હતા. જ્યારે મંઝિલ નજીક આવી પહોંચી તો ગુલામે અર્ઝ કરી, હે અમીરુલ મો'મિનીન ! લોકો આપના સ્વાગત માટે આવી રહ્યા છે અને તમે પગપાળા ચાલી રહ્યા છો ! તમે ઊંટ પર બેસો અને હું પગપાળા ચાલુ છું. આપે તેને કબૂલ ન કર્યું અને કહ્યું, મારી ઊંટ

પર સવારીની વારી ખત્મ થઈ ચૂકી છે અને હવે તમારી વારી છે અને ઉમરથી એ નથી થઈ શકતું કે બીજાનો હક્ક મારે. શામવાસીઓ ઊંટ સવાર ગુલામને મુસલમાનોના અમીર સમજ્યા પણ ઈસ્લામના ગાઝીઓએ બતાવ્યું કે અમીરુલ મો'મિનીન અસલમાં તે છે જે ગુલામને ઊંટ પર બેસાડીને મહાર પકડીને આવી રહ્યા છે. સમાનતા અને હક્કને અદા કરવાની આ ચમકતી મિષાલ (દ્રષ્ટાંત)ને જોઈને શામવાસીઓએ ફર્માનના પાલન માટે માથુ નમાવી લીધું અને બયતુલ મુકદ્દસની કૂંચીઓ આપના કદમોમાં રાખી દીધી.

## ★ અબૂઝર અને બિલાલ ★

હઝરત અબૂઝર મશહૂર સહાબીએ રસૂલ છે. ગફ્ફાર કબીલાથી સંબંધ ધરાવે છે. કોઈક વાતમાં બિલાલ હબશીથી તકરાર થઈ જાય છે અને ગુસ્સામાં તેમને "ઈબ્ને સવદા" (હબશણનો બેટો) કહી દે છે. રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી વાત પહોંચે છે. આપ અબૂઝરને પૂછે છે કે શું તમે આ પ્રમાણે કહ્યું ? તમારી અંદર હજી સુધી કેટલાક અંશે જાહિલિયત બાકી છે.

હઝરત અબૂઝર પરેશાન થયા અને તૌબા તથા ઈસ્તિગફાર કરીને બિલાલ હબશી رضی اللہ عنہ ને કહે છે કે, "લો ! હે બિલાલ ! મારા ચહેરાને તમારા પગથી રગડો !"

અલ્લાહ ! અલ્લાહ ! આ આજીજી અને શર્મીંદગીનો અહેસાસ એ કૌસમાં જે ગુલામોને ઈન્સાન સમજવા તૈયાર ન હતી ! તે એમનામાં કોણે પેદા કર્યો ? જો આ પ્રશ્ન નીલા આકાશમાં દિલના દર્દ સાથે બુલંદ કરવામાં આવે તો બેદાગ વાતાવરણ શહાદત (સાક્ષી) આપશે કે આ સર્વ કાંઈ ઈસ્લામના ન્યાય તથા સમાનતાના બંધારણની બરકત છે.

## ★ સમાનતાની ભાવના ★

હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝના ખિલાફતકાળમાં





મિસરના વિસ્તારના એક સ્થળની ફરતૂના નામની એક હબ્શીવંશની ખાતૂને હિ.સ. ૧૦૦માં અમીરુલ મો'મિનીનને ખબર મોકલી કે મારા ઘરની દીવાલો ખૂબ જ નીચી છે જેથી લોકો આવીને મરઘીઓ ચોરી લઈ જાય છે. અમીરુલ મો'મિનીને મિસરના ગવર્નર ઐયૂબ ઈબ્ને શરજીલને તેના વિશે લખ્યું કે,

"અસ્હબ"ની આઝાદ કરેલી બાંદી ફરતૂનાએ મને લખ્યું છે કે તેના ઘરની દીવાલો ખૂબ જ નીચી છે. એ તરફથી રાત્રે ચોર પ્રવેશ કરીને તેની મરઘીઓ ચોરી લે છે. તેણી ઈચ્છે છે કે એ દીવાલને ઊંચી તથા મજબૂત કરી દેવામાં આવે. જેથી મારો આ પત્ર મળતાવેંત જાતે સવારી તૈયાર કરો અને જાતે જઈને તેણીની દીવાલની વ્યવસ્થા કરો." ગવર્નરને જ્યારે એ પત્ર મળ્યો તો જાતે તે મકાનની તપાસમાં નીકળ્યા અને તેણીના મકાનની દીવાલો મજબૂત તથા ઊંચી કરાવી દીધી.

ઈસ્લામી કાનૂન આ વર્તાવ કેવળ મુસલમાનો સાથે નથી કરતો બલ્કે ઈસ્લામી સરહદોમાં રહેનારા ગૈર મુસ્લિમ પણ ઈસ્લામના ન્યાય તથા સમાનતાના બંધારણથી એ જ પ્રમાણે લાભવંત થાય છે જેવી રીતે કે મુસલમાન થાય છે. જેમ કે શારેએ ઈસ્લામ સૈયદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નું ઝિમ્મીઓના વિશેનું ફર્માન છે :–

"તેમનું લોહી આપણા લોહીની જેમ છે અને તેમના માલો આપણા માલોની જેમ."

આવો ! જુઓ ! અમીરુલ મો'મિનીન સૈયદના ઉમર ફારૂક رضی اللہ عنہ મદીનાના બજારમાંથી પસાર થઈ રહ્યા છે. એક વૃધ્ધ કમજોર યહૂદી ભીખ માંગી રહ્યો છે. આપે પૂછયું, તમે કોણ છો ? તેણે પોતાના વિશે સર્વ કાંઈ જણાવી દીધું કે, હું એક ગરીબ યહૂદી છું. જિઝયાને ભરપાઈ કરવા ભીખ માંગી રહ્યો છું. આપે તેની વાત સાંભળીને ફર્માવ્યું, જ્યારે તમે જવાન હતા ત્યારે અમે તમારી પાસેથી જિઝયો લીધો અને વૃધ્ધ થયા તો આ બદહાલીમાં સપડાવી દીધા ! અફસોસ ! અમે તમારી સાથે ઈન્સાફ નથી કર્યો. આપે તેને

ઘરે લાવીને જમાડયો અને બયતુલ માલના ખજાનચીને હુકમ આપ્યો કે એને તથા એ પ્રકારના લોકોને એટલો વઝીફો આપવામાં આવે જેનાથી તેઓ પોતે તથા પોતાનાં કુટુંબીઓનું ભરણ પોષણ કરી શકે.

ઈસ્લામના ઉદયકાળમાં આવા પ્રસંગો ડગલે ને પગલે જોવા મળે છે, જેના થકી માનવ ઈતિહાસ સદા અનોખો તથા ગર્વમય રહેશે.

## ★ કાનૂનની ઉચ્ચ દ્રષ્ટિ ★

ઈસ્લામી કાનૂનની દ્રષ્ટિએ સૌને સમાન હક્ક પ્રાપ્ય છે અને જુર્મ તથા શિક્ષાના બારામાં કોઈની સાથે ભેદભાવવાળો વર્તાવ કરવામાં નથી આવતો.

નબવી દૌરમાં બનૂ મખ્ઝૂમ ખાનદાનની એક સ્ત્રી ચોરીના ગુનાહમાં સપડાઈ ગઈ. તેને નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની સમક્ષ હાજર કરવામાં આવી. કેટલાક લોકોએ વિચાર્યું કે કોઈ રીતે ભલામણ કરીને એ સ્ત્રીને છોડાવી લેવામાં આવે. જેથી ઓસામા ઈબ્ને ઝયદ થકી સિફારિશની વાત નક્કી થઈ અને ઓસામાએ કુરૈશના ઈજ્જતદારો વતી હુઝૂરની સેવામાં સિફારિશ રજુ કરી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સખત ગુસ્સે થયા અને આપે ઓસામા પર નારાજ થઈને ફર્માવ્યું કે, "તમે અલ્લાહની હદોના (કાનૂની શિક્ષાના) બારામાં સિફારિશ કરી રહ્યા છો ?" ત્યાર બાદ આપે લોકોને એકત્ર કરીને એક આકર્ષક ખુત્બો આપ્યો :–

"તમારાથી આગલી કૌમોનો એટલા માટે નાશ કરી દેવામાં આવ્યો કે તેમના મોટા લોકો જ્યારે ચોરી કરતા તો છોડી દેવામાં આવતા, અને જો કોઈ કમજોર ગુનો કરતો તો તેના પર શરીઅત મુજબની શિક્ષા લાગુ કરતા હતા. કસમ છે ખુદાવંદે તઆલાની ! જો મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પુત્રી ફાતિમા પણ ચોરી કરે તો હું તેણીનો હાથ કાપી નાખશી !"





## ★ સેવાભાવી ખલીફા ★

રાત ભીની થઈ ચૂકી છે, મદીના તૈયેબહની આખી વસ્તી નૂરની ચાંદનીમાં નહાઈ રહી છે. દિવસ ભરના થાકેલા પાકેલા ચરવાહાઓ પશુઓને ડેરીઓ પર છોડીને મીઠી નિંદ્રા માણી રહ્યા છે. સુખ શાંતિનો સમય છે, રાત્રી જાગરણ કરી ઈબાદત કરનાર ખુદાના ખાસ બંદાઓ ખુદાની યાદમાં ડૂબેલા છે. મુસલમાનોના ખલીફા, મુસલમાનોના અમીર ફારૂકે આ'ઝમ પોતાના ફકીરાના લિબાસમાં પસાર થઈ રહ્યા છે. વસ્તીના એક હિસ્સામાં કાંઈ સળવળાટ જેવું થયું. કદાચ કોઈ મુસાફર તંબુ તાણી રોકાયેલ છે. થાકેલો પાકેલો હશે એવું ન બને કે સુખ શાંતિવાળા શહેરમાં પહોંચીને થાકેલા હારેલા ગાઢ નિદ્રામાં પોઢી જાય અને કોઈ તેનું કાંઈક ચોરી કરી જાય. હું શહેરવાસીઓની જાન તથા માલ અને ઈસ્લામી હદોના અમ્નો અમાન (સલામતી)નો જિમ્મેદાર છું માટે મારે તેના તંબુની દેખરેખ રાખવી જોઈએ. નજીક જઈને જોયું તો તંબુમાંથી કોઈની દર્દભરી સીસકારીઓ આવી રહી છે અને તંબુની બહાર એક મર્દ ઉભો હતો. આપે સલામ કરીને પૂછયું કે, કોણ છે ? મુસાફરે જણાવ્યું કે હું એક ગામડાનો રહેવાસી છું અને અમીરુલ મો'મિનીનની પાસે મારી થોડીક હાજતના માટે આવ્યો છું. આપે પૂછયું, તંબુમાં કોના રડવાનો અવાજ આવી રહ્યો છે ? મુસાફરે કહ્યું, તમે તમારા રસ્તે જાવ ! દરેક વાત પૂછવાની નથી હોતી. આપે અતિ આગ્રહથી જાણવા ચાહ્યું તો મુસાફરે જણાવ્યું કે, મારી પત્ની પ્રસુતિ પીડાના કારણે રડી રહી છે અને અફસોસ કે કોઈ સ્ત્રી પણ મૌજૂદ નથી જે અત્યારે તેની સહાય કરે.

આપ તરત જ પોતાના ઘરે પાછા ફર્યા અને પોતાની પત્ની ઉમ્મે કુલ્થૂમ બિન્તે અલી رضی اللہ عنہ ને સાથે લઈને, થોડુક અનાજ અને કપડાં વગેરે સાથે લીધાં અને તે મુસાફરના તંબુ પાસે પહોંચી ગયા. હઝરત ઉમ્મે કુલ્થૂમને તંબુની અંદર મોકલ્યાં અને પોતે તંબુ બહાર આગ સળગાવીને ખાવા તૈયાર કરવા લાગ્યા, અને સાથો સાથ મુસાફર સાથે વાતો પણ કરતા રહ્યા. થોડીકવાર પછી તંબુમાંથી નવ જન્મ

પામેલનો તીણો અવાજ ગુંજી ઉઠયો. મુસાફરને શું ખબર કે તેની ખબર પૂછનાર, તેની પત્નીની સેવામાં મૌલાએ કાયનાત رضی اللہ عنہ ની પુત્રી અને પોતાની પત્નીને દાયણની હેસિયતથી રજુ કરનાર પોતાની પીઠ પર અનાજ અને કપડાંનો થેલો લાદીને લાવનાર અને લાકડીઓ સળગાવીને આ ભોજન તૈયાર કરનાર મુસલમાનોનો તે મહાનતાવાળો ખલીફા હઝરત ઉમર ફારૂક ઈબ્ને ખત્તાબ છે, જેના નામથી કૈસર તથા કિસરાના મહેલોમાં ધરતીકંપ પેદા થઈ જાય છે ! હઝરત ઉમ્મે કુલ્ષૂમે બાળ જન્મ પછી તંબુની આડમાંથી અવાજ આપ્યો,

અમીરુલ મો'મિનીન ! તમારા મિત્રને પુત્ર જન્મની ખુશી સંભળાવો ! મુસાફરે 'અમીરુલ મો'મિનીન' શબ્દ સાંભળ્યો તો આશ્ચર્યના સાગરમાં ડૂબી ગયો અને ગભરાઈને પોતાના આગલા વહેવાર બદલ માફી માંગવા લાગ્યો. આપે તેને તસલ્લી આપી અને પકાવેલુ ખાણુ સુવાવડવાળી સ્ત્રી માટે હઝરત ઉમ્મે કુલ્ષૂમના થકી મોકલ્યું અને જયારે તેણી ખાઈ ચૂકી તો મુસાફરને અતિશય પ્રેમભાવપૂર્વક થપકારી થપકારીને ખવડાવ્યું કે, ઘણા જ થાકેલા છો, રાતભર આરામ નથી કરી શકયા અને પત્નીની તકલીફથી ખૂબ જ ચિંતિત હતા, ખાઈ લો ! અને સવારે મારી પાસે આવી જજો. સવારમાં મુસાફર ફારૂકી દરબારમાં હાજર થયો તો આપે તેની હાજત પૂરી કરી અને નવ જન્મ પામેલાનો વઝીફો નિશ્ચિત કરીને તેણે ખુશહાલ કરી દીધો.

લાવો ! દુનિયાના ઈતિહાસમાંથી રાજસત્તા ચલાવવાનાં આવાં દ્રષ્ટાંતો જે અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما ના ખિલાફતકાળ માં ઉપસ્થિત થયા છે ! બેહતરીન વાત કહી અલ્લામા શફીક જોનપૂરીએ કે :–

*'શફીક' ઈમ્કાન હૈ સુકરાતો જાલીનૂસકા લેકિન*
*ઝમાના કર નહીં સકતા અબૂબક્રો ઉમર પૈદા*





## ★ ઈન્સાની જિમ્મેદારીઓનો અહેસાસ ★

એ જ લોકો ઈસ્લામી બંધારણની રૂહને સમેટીને દુનિયામાં ન્યાય તથા સમાનતા સ્થાપિત કરી ગયા. યકીનન ! આવી વ્યવસ્થા કેવળ કુર્આન મજીદવાળી કૌમ જ સ્થાપી શકે છે જેઓ ઈમાન તથા તકવાની દૌલતથી માલામાલ હોય. કેવળ ખિલાફતના કારણે જ નહીં બલ્કે માનવીય જિમ્મેદારીઓનો અહેસાસ શયખૈન હઝરાત (અબૂબક્ર તથા ઉમર)ની મુકદ્દસ જિંદગીમાં એટલા પ્રમાણમાં હતો કે આપ હઝરાત ઈચ્છા કર્યા કરતા હતા કે કાશ ! અમે માનવને બદલે કાંઈ ઓર હોત ! કેમ કે માનવ હોવું અને માનવીય ફરજોની જિમ્મેદારીઓનો અહેસાસ (અનુભૂતિ) કરવો ઘણુ ભારે કામ છે.

અહમદે ઝવાઈદુઝ ઝહદમાં અબૂ ઈમરાન અલજૂનીના હવાલાથી વર્ણન કર્યું. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ ફર્માવ્યું કે, "મને એ પસંદ છે કે હું મોમિન બંદાની છાતીનો એક વાળ હોત."

ઈમામ અહમદ હસનથી રિવાયત કરે છે. અબૂબક્ર સિદ્દીકે ફર્માવ્યું, "કાશ ! હું વનસ્પતિ જેમ હોત કે ચોપગાં મને ચરી જાત."

હાકિમ મઆઝ ઈબ્ને જબલથી રિવાયત કરે છે. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એક બાગમાં તશરીફ લઈ ગયા. ત્યાં એક ઝાડ પર એક ચકલી કૂદતી જોઈ તો. આપે ઠંડી આહ ભરી અને ફર્માવ્યું, "તું ઘણી ખુશનસીબ છે કે ઝાડોએથી પોતાનો ખોરાક પ્રાપ્ત કરે છે, તેમના છાંયડામાં આરામ કરે છે અને જયાં ચાહે ત્યાં ઉડતી ફરે છે (કે તારા પર અમલોના હિસાબનો ભય નથી), કાશ ! અબૂબક્ર પણ તારી જેમ હોત !"

એ જ પ્રમાણે જિમ્મેદારીના અહેસાસથી પ્રભાવિત થઈને હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવે છે :– "કાશ ! કે હું પાલતુ ઘેટું હોત અને મને ખવડાવી પીવડાવીને ખૂબ તાજુ કરી આપત અને તેમના દોસ્તો તેમની પાસે આવત તો મને તેમની ઝિયાફતમાં ઝબહ કરી નાખવામાં આવત, લોકો મારું માંસ શેકીને ખાઈ જાત અને મારા માંસનો ખીમો

બનાવત, પણ હું ઈન્સાન ન હોત !" (તારીખે ખુલફા, અઝ : અલ્લામા જલાલુદ્દીન સિયૂતી)

મિસ્રને લશ્કરી ઘેરાવમાં લીધા બાદ જ્યારે મુસલમાન ઘણી જ ઝડપથી ભીતરના પ્રદેશોને જીતતા જીતતા આગળ વધવા માંડયા તો મિસરના બાદશાહ માકૂકસને ફિકર થઈ અને તેણે સુલેહ કરવાના માટે પોતાનું એક પ્રતિનિધિમંડળ મુસલમાનોની પાસે મોકલ્યું. એના જવાબમાં હઝરત અમ્ર ઈબ્ને આસે પણ દસ વ્યકિતઓનું બનેલુ એક પ્રતિનિધિમંડળ રવાના કર્યું. એ પ્રતિનિધિ મંડળના અમીર હઝરત ઓબાદા ઈબ્ને સામત હતા જે કાળા રંગના અને ભારે કાયાવાળા કદાવર હતા. જ્યારે એ લોકો મિસરના બાદશાહની પાસે પહોંચ્યા અને વાતચીત માટે પ્રતિનિધિ મંડળના અમીર ઓબાદા ઈબ્ને સામત આગળ વધ્યા તો માકૂકસ તેમને જોઈને ભયભીત થઈ ગયો અને કહ્યું, એમને મારાથી દૂર જ રાખો ! અને કોઈ બીજાને વાતચીત માટે આગળ કરો ! આ સાંભળીને પ્રતિનિધિમંડળના સર્વ સભ્યો એકી અવાજે બોલી ઉઠયા કે, આ અમારામાં સૌથી વિશેષતાવાળા છે, અમે લોકોએ એમને જ ચર્ચાના માટે નિમ્યા છે. માકૂકસે કહ્યું, તમે લોકો એક કાળી ચામડીવાળા શખ્સને તમારો આગેવાન બનાવવા કેવી રીતે તૈયાર થઈ ગયા ? મુસલમાનોએ જવાબ આપ્યો કે, જ્યારે કે એઓ રાયમાં (મંતવ્યમાં) અને ઈલ્મી સુઝબુઝમાં અને શાણપણમાં અમારાથી અફઝલ છે જેથી આગેવાની એમનો જ હક્ક બને છે, રહી વાત કાળી ચામડીની તો ઈસ્લામની દ્રષ્ટિએ એ કોઈ અયબ નથી. અનાયાસે મિસરના બાદશાહે હઝરત ઓબાદા ઈબ્ને સામતથી ચર્ચા કરી.

## ★ શરીઅત કોર્ટના નિયમો ★

ન્યાય તથા સમાનતાની બોલબાલા કેવળ નબવી દૌર તથા ખુલફાએ રાશિદીન સુધી જ સીમિત ન હતી, હા ! એ હકીકત છે કે ઈસ્લામનો "સુવર્ણ યુગ" એ જ હતો. ત્યાર બાદના સમયમાં હકીકી ઈસ્લામની ચમક મંદ પડતી ગઈ એટલે સુધી કે મુસલમાન ગૈરોથી લાભ ઉઠાવનાર બની ગયા. ખુલફાએ રાશિદીન પછીના દૌરોમાં એવાં





અઢળક દ્રષ્ટાંતો મૌજૂદ છે જ્યારે ખલીફા તથા સુલ્તાનો ઈસ્લામી કાનૂન હેઠળ કાઝી (ન્યાયાધીશ)ની અદાલતમાં સામાન્ય નાગરિકોની જેમ હાજર થતા રહેતા હતા.

અમે સૌ પ્રથમ આપની સેવામાં ફારૂકી યુગનો એક પ્રસંગ રજુ કરીએ છીએ, ત્યાર બાદ એ પછીના સમયના દ્રષ્ટાંતો રજુ કરીશું.

હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના સમયમાં હઝરત મૌલા અલી کرم اللہ وجہہ الکریم 'મજલિસે શૂરા' (સલાહકાર સમિતિ)ના સભ્ય હતા. એક દિવસે આપની વિરૂધ્ધમાં કોઈકે અદાલતમાં કેસ મૂકયો. એ વખતે આપ તથા ખલીફા ઉમર આપસમાં બેસીને વાતો કરી રહ્યા હતા. એ શખ્સના ફરિયાદ કરતાં જ હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ ફર્માવ્યું, અબુલ હસન ! ઉભા થઈ જાવ ! અને સફાઈ રજુ કરો. હઝરત અલી کرم اللہ وجہہ الکریم ઉભા થયા અને પોતાની સફાઈ પેશ કરી અને કેસનો ફૈસલો થઈ ગયો. હઝરત ઉમરે હઝરત અલીના ચહેરા પરથી કાંઈક નારાજગી અનુભવી. કેટલીકવાર પછી પૂછયું, છેવટે આવું શાથી થયું ? શું જવાબ આપવા માટે મારું હુકમ કરવું તમને ન ગમ્યું ? હઝરત અલીએ ફર્માવ્યું, નહીં ! હે અમીરુલ મો'મિનીન ! બલ્કે હુકમ ફર્માવતી વખતે આપે મારું નામ લેવાને બદલે કુન્નિયત (ઉપનામ)નો ઉપયોગ કર્યો, (યાદ રાખશો કે અરબવાસીઓ કુન્નિયતનો ઉપયોગ માન આપવાનો પ્રસંગ હોય ત્યારે જ કરે છે) એને મેં નાપસંદ કર્યું. કારણ કે ખુદા ન ખ્વાસ્તહ દાવેદાર (ફરિયાદી) એવું સમજી બેસે કે અમીરુલ મો'મિનીન આરોપી સાથે વિશિષ્ટ વર્તાવ કરી રહ્યા છે, અને એ ઈસ્લામી ન્યાય તથા ઈન્સાફના નિયમની વિરૂધ્ધ છે.

★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★

અબ્બાસી યુગમાં મુહમ્મદ ઈબ્ને ઉમર તલ્હા મદીનાના કાઝી હતા. અને નુરેમ મદની એમના સેક્રેટરી હતા. મદીનાના કાઝીની અદાલતમાં મદીનાના કેટલાક કમજોર મજૂરોએ ખલીફા મન્સૂર અબ્બાસીના વિરૂધ્ધ કેસ દાખલ કર્યો. કાઝીએ સેક્રેટરી થકી ખલીફાના

નામે અદાલતમાં હાજર થવાનું હુકમનામુ લખાવ્યું, સહી કરી અને મોહર મારીને ખલીફાની પાસે મોકલ્યું. નુરેમ મદની હુકમનામુ લઈને ગયા અને ખલીફાના ખાદિમ રબીઅને આપ્યું જેથી તેઓ ખલીફા સુધી પહોંચાડી આપે. રબીએ હુકમનામુ પહોંચાડયું અને પાછા આવીને લોકોને કહ્યું, અમીરુલ મો'મિનીન તમને સૌને સલામ કહે છે અને ફર્માવે છે કે મને કાઝી પાસે બોલાવવામાં આવ્યો છે તો જ્યારે હું જાઉં ત્યારે કોઈ માણસ મારી તાઝીમ માટે ઉભો ન થાય અને ન મને સલામમાં પહેલ કરે, કેમ કે ત્યાં હું એક આરોપી તરીકે જઈ રહ્યો છું.

ખલીફા કાઝીની કચેરીએ પહોંચ્યા તો મદીનાના પ્રતિષ્ઠિતોની ખાસ્સી સંખ્યા ત્યાં મૌજૂદ હતી પણ ન કોઈએ ઉઠીને તાઝીમ કરી અને ન તો સલામ કરી. ખલીફા મન્સૂરે જાતે જ સલામ કરી. એ સમયે ખલીફા લુંગીભેર ચાદર ઓઢેલ હતા. રસ્તામાં ખલીફાએ રબીઅને કહ્યું, ખુદાની કસમ ! જો મુહમ્મદ ઈબ્ને ઉમર તલ્હા મારા સન્માન માટે ઉભા થાય તો પછી તેઓ કાઝી નથી રહી શકતા. કાઝી સાહબ મસ્નદ (બેઠક)ને ટેકો લગાડીને બેઠા હતા. ખલીફા પહોંચ્યા તો ચાદર લપેટીને બેસી ગયા. બંને પક્ષોનાં બયાનો શરૂ થયાં. કાઝીએ બયાનો સાંભળીને ખલીફાની વિરૂધ્ધ કેસનો ફેંસલો કરી આપ્યો. ઘરે પહોંચીને કાઝી સાહબને બોલાવ્યા અને ખુશ થઈને કહ્યું કે, રબ તઆલા આપના દીન તથા અખ્લાકના બદલામાં આપને બેહતરીન જઝા (બદલો) આપે.

કાઝી શરફુદ્દીન મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ ઈસ્કંદરી પોતાના સમયના મશ્હૂર કાઝી ગુજર્યા છે. તેમની અદાલતમાં કોઈ મુકદમા (કેસ)ની સાક્ષી માટે શાહે કામિલ બાદશાહ આવ્યો. પણ કાઝી સાહબે બાદશાહની ગવાહી કબૂલ કરવાથી ઈન્કાર કરી આપ્યો. બાદશાહે કારણ પૂછ્યું તો આપે કહ્યું કે, ભલા ! **હું તમારી ગવાહી કેમ કરીને સ્વીકારું ?! જ્યારે કે મને સારી રીતે ખબર છે કે તમે અજીબા નામની ગાનારી સ્ત્રીનુ ગીત સાંભળો છો** અને વિદાય વેળા જ્યારે તે તમારા મહેલથી બહાર જાય છે તો તેના પગો નશાના





કારણે ડગમગતા હોય છે અને લોંડી તેણીને સહારો આપીને લઈ જાય છે.

કાઝી સાહબની વાત સાંભળીને બાદશાહ તે સમયે તો કાંઈ ન બોલ્યો પણ ત્યાં મનોમન એવું નક્કી કરીને નીકળ્યો કે તેમને કાઝીના હોદ્દા પરથી હટાવી દેવામાં આવે. આ બાજુ કાઝી સાહબને પણ પોતાની હક્કગોઈનો અંજામ માલૂમ હતો એટલા માટે એ દિવસે કચેરી બરખાસ્ત કરતાં પહેલાં કાઝી સાહબે અદાલતના કાર્યકરોને સંબોધીને કહ્યું, "તમે લોકો ગવાહ રહેશો કે હું ખુશીની સાથે આજે કાઝીનો હોદ્દો છોડી રહ્યો છું અને રાજીનામુ આપુ છું."

કાઝી શરફુદ્દીનના રાજીનામુ આપવાના સમાચાર આખા શહેરને હચમચાવી નાખે છે અને મુસલમાનોમાં હો હા મચી જાય છે અને અશાંતિનું વાતાવરણ છવાય જાય છે. બાદશાહ આ હાલતથી ખૂબ જ પરેશાન થયો અને મજબૂર થઈને કાઝી સાહબની ખિદમતમાં અદબપૂર્વક હાજર થયો અને ખૂબ જ વિનવણી પછી તેમને ફરીવાર કાઝીનો હોદ્દો સાંભળવા માટે રાજી કરી લીધા.

★★★★★★★★★★★

શયખ અઝીમુદ્દીન ઈબ્ને અબ્દુસ્સલામ દમિશ્કના કાઝી હતા. ઈલ્મ તથા તકવાથી સમૃધ્ધ, જાહેર તથા બાતિનના ઈમામ અને હક્ક તથા સદાકતનું બેબાક એલાન કરનારા હતા. દમિશ્કના સુલ્તાને માલિક સાલેહને ઈસ્લામી રાજ્યનો થોડોક ભાગ શહર સીદ અને કિલ્લો શકીફ ઈસાઈઓના હવાલે કરી આપ્યો જેનાથી નારાજ થઈને આપે દમિશ્ક છોડવાનો નિશ્ચય કરી લીધો અને મિસર રવાના થયા. આપના દમિશ્ક છોડી જવાની ખબર જંગલની આગની જેમ ચોતરફ ફેલાઈ ગઈ અને જોત જોતામાં હજારો લોકોએ શયખની સાથે મિસર જવાની તૈયારી કરી લીધી. જેથી એવું લાગતુ હતું કે દમિશ્ક વિરાન થઈ જશે. મલિક સાલેહ દમિશ્કના સુલ્તાને આપની ખિદમતમાં પોતાનો એલચી મોકલ્યો જેણે સુલ્તાનની શયખ પ્રતિની અકીદત તથા

મહોબ્બત વર્ણવી અને દમિશ્ક છોડવાને કારણે સલ્તનતની બાબતોની ખરાબી તથા મુસલમાનોની કફોડી હાલતનું વર્ણન કર્યું અને કહ્યું કે આપ ફરીથી દમિશ્ક આવી જાવ ! આ બાજુ શયખ પોતાની દીની તથા શરઈ જિમ્મેદારીઓના હેઠળ એટલા ગુસ્સામાં હતા કે ખુત્બામાં તેનું નામ લેવાનું પણ છોડી દીધું હતું. એલચીએ વાતચીત દરમ્યાન કહ્યું કે, બસ ! તમે દમિશ્ક જ ચાલો ! અને અદબભેર બાદશાહને મળો ! જેથી સર્વ સ્થિતિ યથાવત થઈ જાય... વગેરે... વગેરે...

કાઝી સાહબે ફર્માવ્યું : "તમે મને કહી રહ્યા છો કે હું સુલ્તાનના હાથને બોસો દઉં ! જ્યારે કે હું એ વાતને પણ નથી પસંદ કરતો કે સુલ્તાન મારા હાથને બોસો આપે !"

ઉપરોકત તમામ પ્રસંગો ન્યાય તથા સમાનતા, સત્ય વાણી તથા બેબાકી અને દરેક ચીજથી પ્રથમ કાનૂને ઈલાહીને સ્વીકારવાના જીવતાં જાગતાં દ્રષ્ટાંતો છે. ઈસ્લામમાં સામુહિક ન્યાયની પાયાની સ્થિતિ અતિ મજબૂત અને અડગ છે જેના પર ચાલીને કોઈ પણ દેશ, કોઈ પણ કૌમ પોતાને ઈલાહી ઈનામોની હકદાર ઠરાવી શકે છે. એ કોઈ ભૂમી અને ખાસ વ્યકિતઓની જાગીર નથી, બલ્કે એક સામાન્ય વિશ્વ વ્યાપી રહમતની વર્ષાની જેમ છે,

**અબ ઈસસે દામને દિલમો ભિગો લેં જિસ્કા જી ચાહે**

આ બંધારણમાં બિલાલ હબ્શી દાખલ થાય છે તો તે પણ સૈયેદના ફારૂકે આ'ઝમની બોલીમાં સૈયેદના બિલાલ ઈબ્ને રિબાહ પોકારવામાં આવે છે, અહીં હાકિમપણુ કેવળ જલ્લ મજદહૂનું છે, બાકીનાં સૌ મહકૂમ (હુકૂમત હેઠળનાં) છે. અહીં કોઈ સ્થાન કે હોદ્દાની ઉચ્ચતા તે માણસને અલ્લાહના કાનૂનોની પાબંદીથી અપવાદ નથી ઠરાવતી, ન કોઈ કમજોરી હક્ક સુધી પહોંચવા તથા ઈન્સાફ પામવામાં આડે આવી શકે છે. હઝરત અબૂબક્ર رضی اللہ عنہના કથનાનુસાર કે,

"તમારામાંથી દરેક મઝલૂમ (જેના પર જુલ્મ થયો) મારી દ્રષ્ટિએ અધિક શકિતવાળો છે જ્યાં સુધી કે હું તેને તેનો હક્ક ન પહોંચાડું."





## ★ કોઈ વિરોધ ન્યાય તથા સમાનતામાં આડ નથી બની શકતો ★

ઈસ્લામ સમાનતા તથા ભાઈચારાના નિયમોની સાથોસાથ પોતાનામાં સંપૂર્ણ ન્યાય તથા ઈન્સાફ ધરાવે છે. અને તે જ તકવા ઈલલ્લાહ (ખુદાના ડર)ની રૂહ દરેક જગાએ કામ કરે છે કે મુસલમાન આગેવાની તથા દેશની સરદારીને એક ખુદા અર્પિત જિમ્મેદારી સમજે છે જેમાં જિમ્મેદારીઓ ઔર વધી જાય છે, ફરજો વધી જાય છે અને જિમ્મેદારીઓમાં ઉમેરો થઈ જાય છે. ખુદાઈ કાનૂન નજરો સમક્ષ હોય છે :–

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا كُونُوا
قَوَّامِينَ لِلَّهِ شُهَدَاءَ بِالْقِسْطِ
وَلَا يَجْرِمَنَّكُمْ شَنَآنُ قَوْمٍ عَلَىٰ
أَلَّا تَعْدِلُوا اعْدِلُوا هُوَ أَقْرَبُ
لِلتَّقْوَىٰ وَاتَّقُوا اللَّهَ إِنَّ اللَّهَ
خَبِيرٌ بِمَا تَعْمَلُونَ.

"હે ઈમાનવાળાઓ ! અલ્લાહના હુકમ પર સારી રીતે કાયમ થઈ જાવ, ઈન્સાફની સાથે ગવાહી આપતા અને તમને કોઈ કૌમની અદાવત એ માટે ન ઉશ્કેરે કે ઈન્સાફ ન કરો, ઈન્સાફ કરો એ પરહેઝગારીથી અધિક નજીક છે અને અલ્લાહથી ડરો ! બેશક ! અલાહને તમારાં કામોની ખબર છે."

સુટેવોની તાલીમ અને નફસના સુસંસ્કારનો આ પાકીઝા ઉસૂલ તમને કેવળ ઈસ્લામની પાસે જ છે. વિચારો કે આજે શું આખુ વિશ્વ હઠધર્મી, જીદ અને અદાવતના એ જ નફસાની ભૂતનો શિકાર નથી કે પોતાનો માણસ ગમે તેવો હોય તેને નવાઝવામાં આવે છે અને જેને દેશની સીમાઓ, રંગ તથા વંશ તથા ભાષાના ભેદના કારણે ગૈર સમજી લેવામાં આવ્યો છે તેને તમામ રીતે ઈન્સાફ તથા અદ્લથી વંચિત કરવામાં આવી રહ્યો છે. આ મંઝિલે પહોંચીને દુનિયાના કાનૂનોની સરખામણીમાં ઈસ્લામી કાનૂનની મહાનતા તથા ઉચ્ચતાનો અહેસાસ (અનુભૂતિ) થાય છે. માનવોના સ્વરચિત કાનૂન સ્વભલાઈ, સ્વાર્થ,

પોતાની રક્ષા અને મર્યાદિત હેતુલક્ષી હોય છે અને એ જ કારણોને લઈને તેમાં ફેર બદલ થયા કરતો હોય છે. એથી ઉલ્ટુ ઈસ્લામી નિઝામ (બંધારણ)માં છે કે જે રબ્બુલ આલમીન અહકમુલ હાકિમીનનું બંધારણ છે તે રબ ખૂદ કદીમ (હમેશાંથી) છે. રચયિતાનું પ્રતિબિંબ રચનામાં ચોક્કસ ઝલકે છે, તેમ માનવ ફાની (નાશવંત) તથા ફેરફાર પામનારો અને અપૂર્ણ છે જેથી તેના આ તમામ ગુણોને જાહેર કરનારા તેના કાનૂન છે. જ્યારે રબ તઆલા બાકી, કદીમ અને ગૈર મુતબદ્દલ (તબ્દીલ ન થનાર) છે, તેની આ સિફતો તેના મજબૂત બંધારણની બુનિયાદોમાં જોવા મળે છે.

## ★ સરદાર મુત્તકીઓ માટે આજમાઈશ છે ★

ઈસ્લામી કાનૂનો હેઠળ ફૈંસલા કરવાની જિમ્મેદારી જેના માથે પણ આવે છે તે સખત કસોટી તથા આજમાઈશમાં આવે છે. ઈસ્લામી બંધારણમાં આમ તો દરેક વ્યકિતથી જમાઅત સુધી અને મકાનથી લઈને દુનિયાની હદ સુધી ન્યાયનું ચલણ છે અને કોઈ માણસ પોતાના કાર્યક્ષેત્રમાં ન્યાયની બહાર નથી જઈ શકતો. પણ દીની જિમ્મેદારો અને ઈસ્લામના મુબલ્લિગો અને મુસ્લિમ કાર્યકરોના માથે આ જિમ્મેદારીઓ અધિક સખ્તીપૂર્વક લાગુ થાય છે, એટલા માટે આપણે જ્યારે ઈસ્લામી ઈતિહાસમાં રોશન વરકો (પ્રકાશિત પાનાંઓ)નો અભ્યાસ કરીએ છીએ તો લોકોને પદવીઓ અને હોદ્દાઓ પણ પતંગીયાંઓ જેમ તૂટી પડતા નથી જોતા બલ્કે હોદ્દા સ્વીકારવાથી દૂર ભાગતા અને મહત્વની જિમ્મેદારીઓની જગાઓથી ડરતા કાંપતા જોઈએ છીએ.

ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضي الله عنه ને કેવળ એટલા માટે કૈદની તકલીફદાયક સજામાં નાખવામાં આવ્યા કે તેમણે કાઝીનો (ન્યાયાધીશનો) હોદ્દો સ્વીકારવાથી ઈન્કાર કર્યો હતો ! કેટલો તફાવત છે એ બંને વિચારસરણીમાં કે કયાંક હુકૂમતના હોદ્દા પ્રાપ્ત કરવા માટે ભલામણો કરવામાં આવે છે કે અમને ફલાણા હોદ્દા માટે પસંદ કરો !





અને બીજી બાજુ આગેવાનીના હોદ્દા પર બેસવામાં પગો ધ્રુજે છે ! દિલ કાંપી રહ્યું છે ! અને જ્યારે કોઈ જિમ્મદદારીને સ્વીકારી લે છે તો તેને પોતાના માટે ઈમ્તેહાનનો સબબ સમજે છે.

## ★ સિદ્દીકે અકબરનો એહસાસ ★

આવો ! યારે ગારે રસૂલ, સૈયદના અબૂબક્ર (رضي الله عنه) ના આ પ્રવચનનો એક ભાગ જુઓ જે તેમણે ખિલાફતનો ભારે બોજ સંભાળ્યા પછી આપ્યું હતું. મૂસા ઈબ્ને ઉકબા પોતાના 'મગાઝી' માં અને હાકિમ અબ્દુર્રહમાન ઈબ્ને ઔફથી રિવાયત છે :–

સૈયદના અબૂબક્ર સિદ્દીક (رضي الله عنه)એ ફમાવ્યું, ખુદાની કસમ ! મને દિવસ રાતમાં કદાપિ સરદારીનો શોખ ન હતો અને ન તો મેં કદી તેની લાલચ રાખી અને ન તો મેં તેના માટે અલ્લાહ તઆલાથી જાહેર તથા આંત્રિક રીતે દુઆ માંગી, પણ અસલ વાત એ છે કે મને ડર હતો કે કયાંક ફિત્નો ઉપસ્થિત ન થઈ જાય. મારા માટે ખિલાફતમાં કોઈ રાહત કે સુકૂન નથી, મારા ખભાઓ પર એક વજનદાર બોજ રાખી દેવામાં આવ્યો છે. ઈન્શાઅલ્લાહ ! ખુદાની જ મદદથી એને અંજામ સુધી પહોંચાડવાની કોશિશ કરીશ, મને અલ્લાહની તાકત તથા કુવ્વત પર પૂરે પૂરે ભરોસો છે.''

**આપે આપના ખુત્બા (પ્રવચન)માં એ પણ ફર્માવ્યું કે,**

''મુસલમાનો ! તમે મને તમારો અમીર બનાવ્યો છે જો કે હું એને લાયક ન હતો. હવે જો હું ભલાઈ કરું તો મારી મદદ કરશો અને જો મારાથી બુરાઈ થઈ જાય તો મને ભલુ બુરૂ કહેજો. સિદ્ક (સચ્ચાઈ) એક અમાનત છે અને કિઝ્બ (જૂઠ) એક ખયાનત છે. તમારામાંનો જે કમજોર છે તે મારી દ્રષ્ટિએ ત્યાં સુધી શકિતશાળી છે જ્યાં સુધી હું તેનો હક્ક ન અપાવું. અને જે તમારામાં શકિતશાળી છે તે ત્યાં સુધી કમજોર છે જ્યાં સુધી તે અન્યોને હક્ક ન આપી દે. **મુસલમાનો ! જ્યાં સુધી હું અલ્લાહ તથા રસૂલની ફર્માંબરદારી**

**તથા પૈરવી કરું ત્યાં સુધી તમે મારી ફર્માબરદારી તથા પૈરવી (અનુકરણ) કરજો અને જ્યારે હું અલ્લાહ અને તેના રસૂલ (صلی اللہ تعالیٰ علیہ وسلم)થી વિમુખ થાઉં (અલ અયાઝુ બિલ્લાહ) તો મારી ફર્માબરદારી તમારા પર વાજિબ નથી.''**

યકીનન ! આપે ખિલાફતનો પૂરે પૂરો હક્ક અદા કરી આપ્યો અને સમયના ફિત્નાઓનો કિલ્લો વિરેવિખેર કરી આપ્યો. (તારીખુલ ખુલફા)

રબ તઆલા ફર્માવે છે :–

''અને આ આખેરતનું ઘર અમે તે લોકોને માટે કરીએ છીએ જેઓ જમીનમાં ઘમંડ નથી ઈચ્છતા અને ન ફસાદ, અને આકેબત(આખેરત) પરહેઝગારોની જ છે.''

تِلْكَ الدَّارُ الْاٰخِرَةُ نَجْعَلُهَا لِلَّذِيْنَ لَا يُرِيْدُوْنَ عُلُوًّا فِي الْاَرْضِ وَلَا فَسَادًا وَالْعَاقِبَةُ لِلْمُتَّقِيْنَ

(સૂ. કસસ, ૨૮/૮૩)

## ★ પોતાની હૈષિયત અને અમલની હદોની નિશ્ચિતતા ★

ઈસ્લામી બંધારણને લાગુ પાડવું દરેક વ્યકિતઓના વશની વાત નથી, પહેલાં પોતાની વ્યક્તિગત જિંદગીને તો ઈસ્લામી અખ્લાક (આદતો) તથા કિરદાર (રહેણીકરણી)માં ગોઠવો ! કેવળ લખી લખીને કલમ તોડવાનું નામ ''ઈસ્લામિયત'' અને '' મઝહબિયત'' (ધાર્મિકપણુ) નથી. મર્તબા પ્રમાણે રબ્બે કાયનાતે જેને જે કક્ષામાં રાખ્યો છે તે માણસે પોતાના ક્ષેત્રમાં પ્રથમ સંપૂર્ણ સમાનતાનો ઈસ્લામીનો નમૂનો બનવું જોઈએ. જો આપણે એમાં નિષ્ફળ છીએ તો એ સખત ઘાટો છે. **પોતાના અમલોની ચકાસણી અનિવાર્ય છે,** નહીં તો ખુદાઈ પકડ ઘણી જ સખત છે.

ફર્માને રબ છે :–





''અને તે જ છે જેણે જમીનમાં તમને નાયબ બનાવ્યા અને તમારામાં એક ઉપર બીજાને દરજજાઓ વડે ઉચ્ચતા આપી કે તમને અજમાવે એ ચીજમાં જે તમને અર્પણ કરી. બેશક ! તમારા રબને અઝાબ કરતાં વાર નથી લાગતી અને બેશક ! તે જરૂર બખ્શનારો મહેરબાન છે. (સૂ. અન્આમ, ૬/૧૬૫)

وَهُوَ الَّذِيْ جَعَلَكُمْ خَلٰٓئِفَ الْاَرْضِ وَرَفَعَ بَعْضَكُمْ فَوْقَ بَعْضٍ دَرَجٰتٍ لِّيَبْلُوَكُمْ فِيْ مَا اٰتٰىكُمْ اِنَّ رَبَّكَ سَرِيْعُ الْعِقَابِ وَاِنَّهٗ لَغَفُوْرٌ رَّحِيْمٌ

ઈલ્મ તથા સમજ, દુરંદેશી તથા દિર્ઘ દ્રષ્ટિ, તકવો તથા અમલમાં પાકીઝગી, ઈખ્લાસ તથા મુરવ્વતથી સજજ વ્યક્તિઓ જ દીની ઈન્કિલાબ તથા નિઝામે મુસ્તફા (ઈસ્લામી બંધારણ)ને સ્થાપિત કરવામાં કામયાબ થઈ શકે છે. અને ઉપરોકત ગુણો ઉપર ઉપરનાં નહીં, બલ્કે દા.ત. ''ઈલ્મ'' તો એવો હોય કે જે દીનો તથા શરીઅતોના મૂળ નિયમો (ઉસૂલ) તથા પેટા નિયમો (ફુરૂઅ), માખઝ તથા મબાદી (મસાઈલ વગેરે જેના પરથી કાઢવામાં આવે તે), મુહદ્દિષાતે કદીમો જદીદ (હદીષોના ઈલ્મને જાણનાર) અને દીની દુનિયવી બાબતો અને જમાનાની હાલતોને તથા અન્ય ગુણો પર છવાએલો હોય. આવી અતિ ઉચ્ચ વ્યકિત તલાશ કરવા નીકળીએ તો મેહસૂસ થાય કે :–

**હઝારોં સાલ નરગિસ અપની બેનૂરીપે રોતી હૈ**
**બળી મુશ્કિલસે હોતા હૈ ચમનમેં દીદાવર પૈદા**

સારાંશ કે આ (ઈસ્લામી બંધારણ) કોઈ ફિલ્ડમાં ઉછળતો દડો નથી જેના પર જે ચાહે દાવ અજમાવે બલ્કે 'જૂએ શીર'લાવવા જેવું (અતિ કઠણ) કામ છે. (જૂએ શીર એટલે 'ફરહાદે' તેની પ્રિયતમા માટે પહાડોમાં નહેર ખોદી હતી જેના થકી બકરીઓનું દૂધ 'શીરીન'ના મહેલ સુધી પહોંચ્યું હતું.) જિંદગીઓ વકફ કરવામાં આવે છે, મનેચ્છાઓનું ખૂન કરવામાં આવે છે, મુસીબતો તથા તકલીફોના દલદલમાં છલાંગ લગાડીને દરિયાની વચ્ચે થઈને એવી

રીતે પસાર થવાનો હુકમ તથા તાકીદ છે કે :–

**દામને તર મકુન હોશ્યાર બાશ**

(અર્થ : દામન ભીનો થવા ન પામે ! સાવધાન થઈ જાવ !)

આવી ઈસ્લામી ન્યાય તથા સમાનતાને અમલમાં મૂકવા માટે સિદ્દીકી અઝ્મ (સિદ્દીકે અકબર જેવો મજબૂત ઈરાદો), ફારૂકી જઝબો, ઉષ્માની ઈષાર (ઉષ્માગની જેવી ત્યાગવૃતિ) અને મુર્તઝવી શુજાઅત (બહાદૂરી) તથા તકવો અનિવાર્ય છે.

## ★ ઈસ્લામી સરદારીના માર્ગદર્શક નિયમો ★

અહકામે ઈલાહી તથા ખુદાઈ ફર્માનો નેક સરદારી હેઠળ અમલમાં મૂકવામાં આવે તો દુનિયામાં અમ્નો (સુલેહ શાંતિ) તથા સલામતીની સ્થાપના થઈ શકે છે. વર્તમાનકાળની રાજનીતિની સરદારીથી ઉલ્ટુ દેશની ભૌગોલિક રક્ષાથી અધિક ઈસ્લામી હદો અને શરીઅતના કાનૂનોના બારામાં સચેત હોય. દેશવાસીઓનાં દુઃખ દર્દનો તેને ચોક્કસ ખયાલ હોય, પણ કોઈ ઠેકાણે ઈસ્લામિયતની રૂહ તથા દીની હુકમોને આંચ ન આવવા દે. અને અલ્લાહ તરફથી દા'વતના બારામાં સૈયદના ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝની અડગતાનું આ પાસુ બોધપાત્ર છે જે આપે મિસરના ગવર્નરને લખ્યું :–

તમને ખબર છે કે ઈસ્લામી રાજ્યમાં કોઈ પણ ગૈર મુસ્લિમ જ્યારે ઈસ્લામ સ્વીકારી લે છે તો તે જ ક્ષણથી તે ઈસ્લામી મિલ્લતનો એક ભાગ બની જાય છે અને તેને તમામ ઈસ્લામી લેહાઝ કશીય ઢ ીલ વગર પ્રાપ્ત થઈ જાય છે.(જેમ કે આજ કાલ દુનિયામાં કોઈ દેશની નેશનાલિટી(નાગરિકત્વ) પ્રાપ્ત થયા બાદ તે શખ્સને તે મુલ્કમાં જે હેસિયત મળે છે.) હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝનો મુબારક દૌર આવ્યો તો ઈસ્લામી શહેરોમાં ઈસ્લામની નવીન વસંત ખીલી ઉઠી. ઈન્સાફ તથા ન્યાયનો કુર્આની કોર્સ કાંઈક એ પ્રમાણે ચાલુ થયો કે દરેક પ્રવચનમાં ગૈર મુસ્લિમોએ ઈસ્લામ





સ્વીકારવાનું શરૂ કરી આપ્યું. પરિણામે બયતુલ માલની આવક જે "ઝિમ્મી" કાફિરો પાસેથી જિઝ્યા રૂપે લેવામાં આવતી હતી તેમાં કમી થવા લાગી. મિસરના ગવર્નર સરીહ ઈબ્ને હબ્બાને અમીરુલ મો'મિનીનને આ વાતની ખબર કરી અને આવકની કમીનો ભય રજુ કર્યો. તેના જવાબમાં હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ (ફારૂકે આઝમના નવાશા)એ જે જવાબ લખી મોકલ્યો તે દરેક યુગની ઈસ્લામી સરદારીના માટે અનુસરવાને પાત્ર છે :–

"હમ્દો સલાત પછી માલૂમ થાય કે અલ્લાહ તઆલાએ મુહમ્મદ (صلی اللہ تعالیٰ علیہ وسلم)ને અલ્લાહની તરફથી બોલાવનાર બનાવીને મોકલ્યા, ખુદાએ તેમને ટેકસ વસૂલ કરનાર બનાવીને નથી મોકલ્યા. જે સમયે મારો આ પત્ર તમારી પાસે પહોંચે અને "ઝિમ્મી" ઈસ્લામમાં દાખલ થઈ રહ્યો હોય જેનાથી આવક ઘટી રહી હોય તો તમારું હિસાબ કિતાબનું રજીસ્ટર લપેટો અને તરત પાછા આવી જાવ." (ઈબ્ને સઅદ, ભાગ–૬, પેજ–૩૧૦)

ઈસ્લામી રાજ્યનો સરદાર કોઈ સંજોગોમાં કાનૂનોથી ઉપરવટ નથી જતો, બલ્કે કાનૂનો લાગુ કરવાના જિમ્મેદારની હૈસિયતથી પોતાની જાત પર ઈસ્લામી કાનૂનો અધિક સખ્તીથી લાગુ કરે છે. તેને (કુર્આન હદીષની દલીલવાળી) અફળ હકીકતમાં ફેરફાર તથા હલાલ હરામમાં ફેરબદલીની મઆઝલ્લાહ કલ્પના કરવું પણ માન્ય નથી હોતું. ઈસ્લામ એ કલીસાઈ (ઈસાઈ) બંધારણથી તદ્દન અલગ છે જ્યાં કાનૂનોને સમય સંજોગોને જોતાં ફેરવી નાખવામાં આવે છે. નહીં! (ઈસ્લામમાં) ફેર ન થઈ શકે તેવી રેખા અલ્લાહની વહી થકી આવી ચૂકેલી છે, હવે કયામત સુધી ઈસ્લામમાં માણસે એનાથી નૂર પ્રાપ્ત કરતા રહેવાનું છે અને દરેક સમયે દરેક દેશ અને દરેક કૌમ આ વિ□વ્યાપી અને આલમગીરી મજબૂત બંધારણમાં સુકૂન તથા ચૈન પામી શકે છે. એટલું જ નહીં બલ્કે સાચુ તો એ છે કે એના સિવાય અમ્નો સલામતીનો કોઈ ચારો જ નથી.

કાનૂન તથા ઈન્સાફના બારામાં સૈયદના ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝે પોતાના ગવર્નરને એક ફર્માન જારી કર્યું અને એલાન ફર્માવ્યું:–

"ફૈંસલો કરનાર હું નથી, હું તો કેવળ લાગુ કરનારો છું. હું તમારામાંથી કોઈનાથી બેહતર નથી પરંતું મારો હાથ અધિક ભારે છે. મારા ખયાલમાં એ પણ ફર્માવ્યું કે, હું દીન તથા શરીઅતમાં કાંઈ વધારા ઘટાડાનો હક્ક નથી ધરાવતો બલ્કે ફર્માંબરદારી એ જ મારી જિમ્મેદારી છે." (ઈબ્ને સઅદ, ભાગ–૬, પેજ–૨૭૧)

દરેક યુગની ઈસ્લામી સરદારી માટે આ માર્ગદર્શક નિયમો જેનાથી બેપરવા થઈને હકીકી ઈસ્લામી કાનૂનો લાગુ કરવાનુ સ્વપ્નેય વિચારી શકાય તેમ નથી.

★★★★★★★★

☆☆☆☆☆☆☆☆☆☆





**પ્રકરણ–૩**

# ઈસ્લામી જેહાદ અને તેનો હેતુ

જેહાદનો અર્થ અથાક કોશિશ કરવી. કુર્આન તથા સુન્નતમાં એનો અર્થ એ છે કે ખુદાના ખાતર અને દીને હકના વિકાસના માટે કમાલ દરજ્જાની જદ્દો જેહદ કરવી. આ સઈ તથા કોશિશ જીભ વડે, માલ વડે, સમય તથા ઉમર થકી, મસાઈલમાં, તકલીફો ઉઠાવીને, જાન જોખમમાં નાખીને અને જરૂરતના સમયે પોતાના લોહીનું છેલ્લુ ટીપુ વહાવીને કરવામાં આવે છે. જેહાદથી કેવળ વાઢકાપ તથા લડાઈ કે જંગ મતલબ નથી, જો એવું હોત તો જીભ તથા દિલના અમલો પર તે લાગુ ન થાત. ઈર્શાદે રબ્બાની છે :–

وَجَاهِدُوا فِي اللَّهِ حَقَّ جِهَادِهِ

"અને અલ્લાહની રાહમાં જેહાદ કરો જેવો હક્ક છે જેહાદ કરવાનો." (કુર્આન, અલ હજ્જ, ૭૮/૨૨)

રસૂલે કરીમ (صلی اللہ تعالیٰ علیہ وسلم) અને સહાબાએ કિરામની પ્રશંસામાં કુર્આન ફર્માવે છે :–

لٰكِنِ الرَّسُولُ وَالَّذِينَ آمَنُوا مَعَهُ جَاهَدُوا بِأَمْوَالِهِمْ وَأَنفُسِهِمْ وَأُولٰئِكَ لَهُمُ الْخَيْرَاتُ وَأُولٰئِكَ هُمُ الْمُفْلِحُونَ

"પરંતુ રસૂલ અને જેઓ તેમની સાથે ઈમાન લાવ્યા તેમણે પોતાના માલો અને જાનો થકી જેહાદ કર્યો અને તેઓના જ માટે ભલાઈઓ છે અને તેઓ જ ધ્યેયને વર્યા."

(સૂ. તૌબા, ૪૪/૯)

એક સ્થળે રબ્બે કાએનાત સાચા ઈમાનદારોની નિશાની વર્ણન કરે છે :–

''અને તેઓ જેઓ અલ્લાહ અને કિયામત પર ઈમાન ધરાવે છે, તમારાથી રુસખદ નહીં માંગે, એનાથી કે પોતાના માલ તથા જાન વડે જેહાદ કરે અને અલ્લાહ સારી પેઠે જાણે છે પરહેઝગારોને.'' (સૂ. તૌબા, ૪૪/૯)

لَا يَسْتَأْذِنُكَ الَّذِينَ يُؤْمِنُونَ
بِاللَّهِ وَالْيَوْمِ الْآخِرِ أَن يُجَاهِدُوا
بِأَمْوَالِهِمْ وَأَنفُسِهِمْ ۗ وَاللَّهُ
عَلِيمٌ بِالْمُتَّقِينَ (القرآن)

મુનાફિકો કે જેઓ ગઝવએ તબૂકમાં જાણી બુઝીને શરીક ન થયા તેમનું વર્ણન કરતાં કુર્આને કરીમ ઈમાન તથા નિફાક (મુનાફિકપણુ)નો તફાવત વર્ણવી રહ્યું છે અને ઈસ્લામી જેહાદથી જાન બચાવવાવાળાઓને જહન્નમની આગની ધમકી સંભળાવી રહ્યું છે :–

''પાછળ રહી જવાવાળા એના પર ખુશ થયા કે તેઓ રસૂલની પાછળ બેસી રહ્યા ! અને તેમને યોગ્ય ન લાગ્યું કે (તેઓ) પોતાના જાન તથા માલ થકી અલ્લાહની રાહમાં લડે અને તેઓ બોલ્યા, આ ગરમીમાં ન નીકળો ! તમે ફર્માવો, જહન્નમની આગ સૌથી સખ્ત ગરમ છે ! કોઈ રીતે તેમને સમજ હોત.'' (સૂ. તૌબા, ૮૧/૯)

فَرِحَ الْمُخَلَّفُونَ بِمَقْعَدِهِمْ
خِلَافَ رَسُولِ اللَّهِ وَكَرِهُوا أَن
يُجَاهِدُوا بِأَمْوَالِهِمْ وَأَنفُسِهِمْ
فِي سَبِيلِ اللَّهِ وَقَالُوا لَا تَنفِرُوا
فِي الْحَرِّ ۗ قُلْ نَارُ جَهَنَّمَ أَشَدُّ
حَرًّا ۚ لَّوْ كَانُوا يَفْقَهُونَ

જુઓ ! ઉપરની ત્રણેવ આયતોમાં જાનની સાથે માલ થકી પણ જેહાદનો ઉલ્લેખ થયો છે. મશહૂર હદીષે પાક છે :–

'મુજાહિદ' તે છે જે અલ્લાહના મામલામાં પોતાના નફસ સાથે જેહાદ કરે અને 'મુહાજિર' તે છે જે અલ્લાહની મના કરેલી ચીજોથી દૂર થઈ જાય તથા તેના પ્રતિ નફરત રાખે. (જામેઅ તિર્મિઝી બ હવાલા શરહુસ્સુન્નહ્, ઈમામ બગવી, જામેઉસ્સગીરસ્સુયૂતી તથા ઈબ્ને માજહ તથા મુસ્નદે ઈમામ અહમદ, કિતાબુલ ઈમાન, ભાગ–૧, પેજ–૩૯).





રસૂલે અકરમ વ આ'ઝમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)નુ આ અનમોલ ફર્માન આમ તથા ખાસની જીભો પર રહે છે :–

''સૌથી અફઝલ જેહાદ તે હક્ક કલમો (વાત) છે જે જાલિમ હાકિમની સમક્ષ કહેવામાં આવે.'' (જામેઅ તિર્મિઝી બ હવાલા કન્ઝુલ ઉમ્માલ, કિતાબુલ ઈમાન, ભાગ–૧, પેજ–૩૯).

આ તમામ આયતો તથા હદીષોએ ઈસ્લામમાં જેહાદનો ભાવાર્થ સ્પષ્ટ કરી આપ્યો અને એ વાત નિશ્ચિત થઈ ગઈ કે કેવલ કાફિરો તથા મુશ્રિકો અને ઈસ્લામના દુશ્મનો સાથેના જંગનુ નામ જ જેહાદ નથી ! જેહાદ શબ્દ જેહદથી નીકળ્યો છે. લુગવી (શાબ્દિક) અર્થને અનુલક્ષીને ઈસ્લામે તેને એ મફહૂમ (ભાવાર્થ) આપ્યો છે કે, સત્યની સરબુલંદી અને વિકાસ તથા ફેલાવા માટે ઈસ્લામ અને મુસલમાનોની હિફાઝતના વાસ્તે દરેક પ્રકારની કોશિશ તથા મેહનત, ત્યાગ તથા કુર્બાની, જાની તથા માલી જદ્દો જેહાદ (પ્રયત્નો) અને ખુદાની બખ્શેલી સર્વ લિયાકતો (કાબેલિયતો) વડે દીન તથા મિલ્લતની સલામતી અને બકા માટેનુ કામ કરવું, વ્યકિતગત તથા સામુહિક તદબીરો (યુકિતઓ) અમલમાં મૂકવી અને ઈસ્લામ દુશ્મન તત્વોની નકારાત્મક તથા પ્રપંચમય કારવાઈઓને નિષ્ફળ બનાવી દેવી, જીભ તથા કલમ અને દરેક શકય શકિત વડે હક્ક વાતના એલાનમાં ભાગ લેવો. હવે આટલા વિશાળ તથા મહાન ભાવાર્થને ઈસ્લામ દુશ્મન ચળ વળો પોતાના મનમાન્યા ખુલાસા થકી કેવળ ''જંગ'' સુધી સીમિત કરી આપે તો એ તેમની સંકૂચિત દ્રષ્ટિ છે.

## ★ જેહાદના કેટલાક મશહૂર પ્રકારો ★

એ વાત સાચી છે કે કાફિરો તથા મુશ્રિકો સાથે લડાઈ પણ જેહાદ છે, પરંતુ જેહાદ કેવળ એ જ નથી. તેના સિવાય પણ ઘણાં કામો છે જે જેહાદમાં સામેલ છે. એમાંથી સમયની જરૂરત પ્રમાણે કાફિરો તથા મુશ્રિકો સાથે જંગ પણ છે અને યકીનન એનાથી વિશેષ

ખુશી કોઈ મોમિન માટે શી હોઈ શકે કે સૌથી કિંમતી સરમાયો 'જાન' હથેળી પર રાખીને હક્કને સમર્થિત કરવા અને બાતિલને જૂઠલાવવાનો ફરીઝો અંજામ આપે, તલ્વારોથી કપાઈ જવા, બરછીઓથી છેડાઈ જવા, બંદૂક, પિસ્તોલ, તોપ અને બોમ્બ વડે ઉડી જવા, સૂળી પર લટકી જવા, કરવતી વડે ચિરાઈ જવાથી ડર્યા વિના પોતાને રજુ કરીને પોતાના મૂળ ધ્યેયને મેળવી લે.

એ જ પ્રમાણે માલ વડે જેહાદ એ છે કે હક્કની સરબુલંદીના માટે પોતાનું ધન, સંપત્તિ સર્વ કાંઈ દાવ પર લગાડી દે. માલ તથા ખજાનો લૂંટાવીને અલ્લાહની રઝા હાંસલ કરે. ઈલ્મ (વિદ્યા) જમીન તથા આસ્માનનું નૂર છે અને જેહાલત (અજ્ઞાનતા) અંધકાર છે. મુસલમાન પર જાનથી જેહાદ તથા માલથી જેહાદની જેમ ઈલ્મથી જેહાદ પણ લાઝિમ છે. ઈલ્મ એવી રોશની છે જે બુધ્ધિ તથા સમજ અને દિલો દિમાગને રોશન કરી આપે છે. એટલા માટે જેને રબ્બે કાયનાતની તરફથી ઈલ્મે મઅરેફત ઉપલબ્ધ છે તેમણે જેહાલતની વિરૂધ્ધ ઈલ્મની શમ્અ થકી જેહાદ કરવો જરૂરી છે. ઈર્શાદે રબ્બુલ આલમીન છે :–

ادْعُ إِلَىٰ سَبِيلِ رَبِّكَ بِالْحِكْمَةِ وَالْمَوْعِظَةِ الْحَسَنَةِ وَجَادِلْهُم بِالَّتِي هِيَ أَحْسَنُ (القرآن)

"તમારા રબના માર્ગ પ્રતિ બોલાવો પાકી તદબીર અને સારી નસીહત થકી અને તેમની સાથે એ તરીકા પર બહષ કરો જે સૌથી શ્રેષ્ઠ છે." (સૂ. નહ્લ, ૧૬/૧૨૫)

એ જ પ્રમાણે પોતાનામાં બેઠેલા મહાન દુશ્મન નફસ સાથે જેહાદ કરવો 'જેહાદે અકબર' કહેવાય છે. 'સૂરએ અન્કબૂત'નો અભ્યાસ કરી જાવ, તેમાં રબ તઆલા સત્યની હિમાયતમાં (તરફદારીમાં) દરેક સખતથી સખત મુસીબત અને તકલીફ વેઠવા અને ઈમ્તેહાન તથા આઝમાઈશની કાંટાળી વાદીએથી સબ્ર સાથે પસાર થઈ જવાની તાલીમ આપે છે. આગલા અંબિયાએ કિરામ જેમણે





સખ્તથી સખ્ત પળોમાં અડગતા તથા હિંમત તથા મજબૂતીનાં દષ્ટાંતો પૂરાં પાડયાં છે તેનો ઉલ્લેખ કરે છે અને તેમની સાથે કેવી રીતે અલ્લાહની મદદ રહી અને તે પાક હસ્તીઓના વિરોધીઓ કેવી રીતે તબાહી તથા બર્બાદી, નુકસાન પામનાર અને નાશ પામ્યા તેનું વર્ણન કરે છે. સૂરતની શરૂઆતમાં પાંચ જ આયતો પછી ફર્માવે છે :–

مَن جَاهَدَ فَإِنَّمَا يُجَاهِدُ لِنَفْسِهِ إِنَّ اللَّهَ لَغَنِيٌّ عَنِ الْعَالَمِينَ

"જે કોઈ અલ્લાહના માર્ગે કોશિશ કરે તો તે તેના જ ભલા માટે કોશિશ કરે છે, બેશક ! અલ્લાહ બેપરવા છે સર્વ જહાનથી." (સૂરએ અન્કબૂત, ૬/૨૯)

અને અંતિમ આયતમાં કેવળ અલ્લાહની ઝાતના માટે જેહાદ અને કોશિશનું શું ફળ અતા કરે છે તે જુઓ ! :–

وَالَّذِينَ جَاهَدُوا فِينَا لَنَهْدِيَنَّهُمْ سُبُلَنَا وَإِنَّ اللَّهَ لَمَعَ الْمُحْسِنِينَ (القرآن)

"અને જેમણે અમારા માર્ગે કોશિશ કરી (જેહાદ કર્યો) તેને અમે જરૂર અમારા માર્ગો દેખાડી દઈશું અને બેશક ! અલ્લાહ નેક લોકોની સાથે છે." (સૂરએ અન્કબૂત, ૬૯/૨૯)

આ આયતે કરીમામાં **ફીના** શબ્દ વિચાર પાત્ર છે કે કેવળ અલ્લાહને રાજી કરવા ખાતર જેહાદ કરો તે હિદાયતનો સબબ બને છે અને એવા નસીબદારોને રબ તઆલાની કુર્બત નસીબ થાય છે.

હઝરત જાબિરથી રિવાયત છે કે સૈયદે કૌનેન صلی اللہ تعالیٰ علیہ وسلم એ સહાબાએ કિરામને ફર્માવ્યું, જેઓ હજી તાજા તાજા જ જંગના મેદાનમાંથી પાછા ફર્યા હતા કે, તમારું પધારવું મુબારક હજો ! તમે નાના જેહાદથી મોટા જેહાદ (નફસ સાથેનો જેહાદ)ની તરફ આવ્યા છો. મોટો જેહાદ એ બંદાનુ પોતાના નફ્સની સાથે લડવું છે. (કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૨, પેજ–૪૮૫)

ઈબ્ને નઝ્ઝાર હઝરત અબૂઝર બુખારીથી રિવાયત કરે છે. રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈર્શાદ છે :– "બેહતરીન જેહાદ એ છે

કે ઈન્સાન પોતાના નફ્સ અને પોતાની મનેચ્છા સાથે જેહાદ કરે."

સૈયદના શૈખ ગૌષુલ આ'ઝમ મુહ્યુદ્દીન અબ્દુલ કાદિર જીલાની બગદાદી رضی اللہ عنہ નો ઈર્શાદ છે :–

"નફ્સની આદત જ ઈખ્તેલાફ તથા તકરાર કરવું છે, તો જે તેની સુધારણા ઈચ્છે તે તેને એટલા પ્રમાણમાં મુજાહિદામાં નાખે કે તેની બુરાઈથી નિર્ભય થઈ જાય. નફ્સ તો બુરાઈ જ બુરાઈ છે, પણ જ્યારે મુજાહિદામાં પડે છે તો મુત્મઈન્નહ્ (સંતુષ્ઠ) થઈ જાય છે." (ફત્હે રબ્બાની, ખુત્બાતે શૈખ અબ્દુલ કાદિર જીલાની અલ્ ગૌષુલ્ આઝમ رضی اللہ عنہ વિલાદત– હિ. સ. ૪૭૧, વફાત–હિ.સ. ૫૬૧, મજલિસે અવ્વલ, પેજ–૧૦)

જેહાદે અકબર (મોટા જેહાદ)ની વ્યાખ્યા અને વિસ્તૃત સમજ તફસીર તથા તસવ્વુફની કિતાબોમાં પુષ્કળ પ્રમાણમાં મૌજૂદ છે. આ સર્વ જેહાદના પ્રકારો છે અને તે ઉપરાંત સર્વ નેકી અને દરેક ભલાઈનું કામ અંજામ આપવામાં જે કોશિશ કરવામાં આવે તે સૌ જેહાદમાં દાખલ છે. અમ્ર બિલ્ મઅરૂફ (સાચી વાતોનો હુકમ આપવો) તથા નેહી અનિલ મુન્કર (બુરી વાતોથી રોકવું), અદ્લો ઈન્સાફની સ્થાપના કરવી, હક્ક તથા સત્યની તરફદારી, સચ્ચાઈની મદદ, મઝલૂમો, કમજોરો અને હાથ નીચેનાંઓની મદદ, ઈસ્લામ અને મુસલમાનોની ખૈરખ્વાહી, કાફિરો તથા ખુદાના દુશ્મનોથી નફરત, ખુદાની મખ્લૂકથી હમદર્દી અને માનવ હોવાના નાતે માનવનુ ભલુ ઈચ્છવું અને દરેકના કાન સુધી કલમએ હક્કની સદા પહોંચાડવી... જો ઈસ્લામના જીવન બંધારણ હેઠળ જિંદગી હોય તો આ સર્વ બાબતો જેહાદ જ છે.

ઉપરોકત લખાણથી સ્પષ્ટ થઈ ગયું કે જેહાદ ફી સબીલિલ્લાહના ઘણા પ્રકારો છે. જો ઈસ્લામની હિમાયત તથા હિફાઝતના માટે દિલો દિમાગને લગાડવામાં આવે છે તેને જેહાદ બિલ્ કલ્બ તથા જિહાદ બિલ્ અકલ (દિલ તથા બુધ્ધિ વડે જેહાદ) કહેવામાં આવશે અને જો ઈલ્મ તથા બુધ્ધિએ આ ખિદમતો અંજામ આપી તો તેને જેહાદ બિલ્ ઈલ્મ અને જેહાદ બિલ્ કલમ (ઈલ્મ તથા કલમ થકી જેહાદ) દર્શાવીશું. શરીર જો આ હેતુ માટે લાગી જાય તો તેને જેહાદ





બિજ્જસ્દ (શરીર થકી જેહાદ) ગણાશે. જાન તથા માલ આ મહાન હેતુમાં ખર્ચાઈ તો જેહાદ બિન્નફ્સ (જાન થકી જેહાદ) અને જેહાદ બિલ્ માલ (માલ થકી જેહાદ) ગણાશે. અન્ય તમામ ઝરીયા તથા કોશિશો જાન તથા માલના જ તાબે છે એટલા માટે કુર્આન મજીદ અને હદીષોમાં મોટા ભાગે માલ તથા જાન વિશે જ ફર્માવવામાં આવ્યું છે :–

أَنْ يُجَاهِدُوا بِأَمْوَالِهِمْ وَأَنْفُسِهِمْ

"એ કે તેઓ જેહાદ કરે પોતાના માલો અને પોતાના પ્રાણો થકી." (સૂ. માઈદહ્, ૪૪/૫)

જેહાદના પ્રકરણમાં કુર્આન મજીદમાં દરેક જગ્યાએ માલોને જાનો કરતાં અગ્રિમતા આપવામાં આવી છે એ એટલા માટે નહીં કે જેહાદ બિલ્ માલ જેહાદ બિન્નફ્સથી અફઝલ છે, બલ્કે એટલા માટે કે જેહાદ બિલ્ માલ વધુ સરળ અને આસાન છે, જાન ગમે તેમ પણ માલ કરતાં કિંમતી છે. તો જો કોઈ શખ્સ જેહાદમાં શરીક થાય છે તો તેનો પ્રારંભ જેહાદ બિલ્ માલ (માલ વડે જેહાદ)થી કરે છે. જો કોઈ માલની કુર્બાની નથી આપી શકતો તો જાનની શું આપશે ? જાનની કુર્બાની અને જેહાદ બિન્નફ્સ (જાન થકી જેહાદ) સૌથી અફઝલ તથા આ'લા જેહાદ છે. જાનને હથેળીમાં લઈને ઈસ્લામી બાબતે પૂરી જદ્દો જેહદ કરવાની રહનુમાઈ કુર્આનથી હાંસલ કરો :–

ذٰلِكَ بِأَنَّهُمْ لَا يُصِيبُهُمْ ظَمَأٌ وَلَا نَصَبٌ وَلَا مَخْمَصَةٌ فِي سَبِيلِ اللّٰهِ وَلَا يَطَئُونَ مَوْطِئًا يَغِيظُ الْكُفَّارَ وَلَا يَنَالُونَ مِنْ عَدُوٍّ نَيْلًا إِلَّا كُتِبَ لَهُمْ بِهِ عَمَلٌ صَالِحٌ ۚ إِنَّ اللّٰهَ لَا يُضِيعُ أَجْرَ الْمُحْسِنِينَ (القرآن)

"આ એટલા માટે કે તેમને જે તરસ કે તકલીફ કે ભૂખ અલ્લાહના માર્ગમાં પહોંચી છે અને જ્યાં એવી જગાએ કદમ રાખે છે જેનાથી કાફિરોને ગુસ્સે કરે (ખીજ ચડાવે) અને જે કાંઈ દુશ્મનનુ બગાડે છે તે સૌના બદલામાં તેમના માટે નેક અમલ લખવામાં આવે છે. બેશક ! અલ્લાહ નેક લોકોનો બદલો બેકાર નથી કરતો." (સૂ. તૌબા, ૧૨૦/૯)

આ આયતમાં જાની જેહાદના ઘણા પ્રકારો ભૂખ, તરસ વેઠવી, થાક વેઠવો, દૂર દૂર જવું, ફતહ તથા સુલહ વગેરેનો ઉલ્લેખ થયો છે. આ સર્વ કામો જીવતા રહીને અંજામ આપી શકાય છે. એ તદ્દન શકય છે કે એમાંથી કોઈ જરૂરતની પૂર્ણતા દરમ્યાન જાન ચાલી જાય. જેહાદનો મકસદ હક્ક વાતનુ એલાન છે, એના માટે તોફાનથી ટકરાઈને તેની દિશા બદલી શકાય છે અને હક્ક તથા બાતિલની તકરારમાં ઈમાનવાળા પોતાની જાન પણ આપી દે છે.

ઈસ્લામ દુશ્મન તત્ત્વોના રાજકિય તથા સામાજિક વર્ચસ્વની આપણી મુસ્લિમ કૌમ પર ઘણી ખરાબ અસર પડી, જેનુ ઉઘાડુ દ્રષ્ટાંત એ છે કે આપણી કૌમમાંથી જેહાદનો જઝબો નષ્ટ થવા માંડયો. જે કૌમની કામયાબી તથા સફળતાનુ સૌથી મહાન રહસ્ય જેહાદમાં સમાએલ છે, તેણે જ્યારે પોતાની ફૌજ તથા ભલાઈની ચાવીને ગુમ કરી દીધી છે તો પછી તેને તબાહી તથા બર્બાદીથી કોણ બચાવી શકે છે ? આ સૌ ઈસ્લામ દુશ્મન કૌમોનો સોચી વિચારી આયોજન કરેલો પ્રોગ્રામ છે, જેના થકી પ્રોપેગન્ડા (ગલત પ્રચાર) અને ગલત તાલીમ વડે તેમણે આપણી કૌમના જેહાદના જઝબાને ખત્મ કરવાની કોશિશ કરી છે. કેમ કે તેઓને ખબર છે કે જો આ કામ કૌમ ફરી જેહાદનો ઝંડો લઈને ઉભી થઈ ગઈ તો દુનિયાનો ઈતિહાસ બદલાઈ જશે !

**નિકલકે સહરાસે જિસને રૂમાકી સલ્તનતકો ઉલટ દિયા થા**
**સુના હૈ મૈંને કુદ્સિયોંસે, વો શેર ફિર હોશ્યાર હોગા**

## ★ ખિરદકા નામ જુનૂં રખ દિયા જુનૂંકા ખિરદ ! ★

આ લતીફો શકય છે કે તમે સાંભળ્યો હોય કે ઈન્સાન શેર (સિંહ)ને એક એવી તસ્વીર દેખાડીને પોતાની મહાનતાનાં ગીત ગાતો હતો જે તસ્વીરમાં માણસ સિંહ પર સવાર હતો. માણસ સિંહને કહી રહ્યો હતો, જોયું તમે ! ઈન્સાન કેટલો બહાદુર અને બુધ્ધિશાળી છે કે જંગલના રાજાને પોતાનો તાબેદાર બનાવી લીધો ! સિંહે જવાબ આપ્યો





કે, અસલમાં આ તસ્વીરમાં ચિત્રકાર માણસ છે એટલા માટે તેણે પોતાને સિંહ પર સવાર દેખાડયો છે, જો તેને સિંહ બનાવતે તો તસ્વીર એથી ઉલ્ટી હોત !

ચાલાક તથા પ્રપંચી પશ્ચિમવાસીઓ એ વાતને સારી પેઠે જાણે છે કે ઈસ્લામી જેહાદ તેમની પોતાની જંગી પોલીસીઓથી તદ્દન વિમુખ છે અને એ એક વિશિષ્ટ ચળવળ તથા ઈન્કિલાબ (ક્રાંતિ)નું નામ છે અને તેની પાછળ હેતુ સમાએલો છે અને આજે જ્યારે આખી દુનિયા જ્ઞાનના પ્રકાશ હેઠળ આવી રહી છે તેમની સમક્ષ તેમણે (પશ્ચિમીઓએ) પોતાનાં કુકર્મો છુપાવવાના માટે કાંઈ તો કરવું જ જોઈએ ! લૂટ માર, ડાકૂગિરી જેને પશ્ચિમવાસીઓ પણ જુર્મ તથા ફિત્નો સમજે છે. આખી દુનિયાનો નકશો લઈને બેસી જાવ ! એશિયા, આફ્રિકા, યૂરોપ અને અમેરિકાનો કયો ખૂણો બાકી છે જ્યાં સત્તાના પૂજારીઓ અને સંપત્તિના લાલચુઓએ લૂટ માર ન ચલાવી હોય ! દુનિયાના જે ભાગમાં ધાતુની ખાણો, ખનીજ પેદાશના ઝખીરાની ગંધ મહસૂસ થઈ ત્યાં વેપારની કોઠીઓના બહાને અને અવનવાં બહાનાંઓ થકી એ જ પશ્ચિમીઓએ એ ઈલાકા પર ધુમ્મો નાખી દીધો. શું આ વાતોને વિશ્વનો ઈતિહાસ જૂઠલાવી શકે છે કે દરિયાઈ તથા જમીન દળવાળા એ પ્રપંચીઓએ આખી માનવ જાતને દૌલત પ્રાપ્તિ તથા સત્તા પ્રાપ્તિ જેવા નીચ હેતુઓ હેઠળ કચડી નાખી. જો તેઓ કોઈ પ્રદેશને પોતાનો શિકાર બનાવવા ચાહતા તો કોઈ કરાર કે નીતિ નિયમ તેમને ત્યાં સુધી પહોંચવા રોકી ન શકતો. બલ્કે કેટલાક પ્રદેશો તો કેવળ એ વાંકે રફે દફેઅ કરી દેવામાં આવ્યા કે તેમના મનસૂબાના માર્ગે તે આડે આવતા હતા. ફિરંગીઓએ જે મનસૂબા હેઠળ ઈસ્લામી ઈલ્મો હાંસલ કર્યા અને મુસલમાનોનો ઈલ્મી ખજાનો યૂરોપની લાયબ્રેરીઓમાં જમા કર્યો એમાંથી એ પણ મહત્વનો હેતુ હતો કે માનવ દુનિયાની સૌથી મહાન ઈન્કિલાબી તેહરીક (ક્રાંતિકારી ચળવળ) **જેહાદ**ના ભાવાર્થમાં મનમાન્યા ખયાલો સામેલ કરવામાં આવે, મુસલમાનોના કમ ઈલ્મ અને મઝહબથી અજ્ઞાન તબકાને શંકાકુશંકામાં ફેંકી દેવામાં આવે અને મુસ્લિમ કૌમમાંથી જેહાદની

સ્પિરટને ખત્મ કરી દેવામાં આવે, ઈસ્લામી જેહાદને અયોગ્ય સાબિત કરવામાં આવે. જેથી ફિરંગીઓએ સીરત તથા તારીખે ઈસ્લામ પર કિતાબો લખી અને ઘણા બધા ધૃણાત્મક ખયાલોને ઈસ્લામ પ્રતિ સંબંધિત કરીને તેને દાગદાર બનાવવાની કોશિશ કરી. ઈસ્લામી જેહાદને જંગલીપણુ અને જુલ્મ, અમ્નો શાંતિ વિરૂધ્ધ સાબિત કર્યો અને એવું ઠરાવવાની કોશિશ કરી કે ઈસ્લામનો જેહાદ જાણે કે બળ જબરીથી મુસલમાન બનાવવાની ચળવળ છે ! અથવા એવો જઝબો છે જે મુસલમાનને નગ્ન તલ્વાર આપીને ગૈર મુસ્લિમોની ગરદન કાપવાના માટે છોડી મૂકે છે. (અલ્અયાઝુ બિલ્લાહ !)

ઉલમાએ હક્ક વાકેફ છે કે ઈસ્લામ દુશ્મન તત્વોએ આટલુ મહાન જૂઠ શા માટે રચ્યું છે ? એટલા માટે કે જેથી કરીને ખૂદ મુસલમાન જેહાદના જોશને ઠંડો કરી નાખે અને જ્યારે મુસલમાને જેહાદને ત્યજી દીધો તો બેઈજ્જતી, શર્મિંદગીથી તેને કોઈ નથી બચાવી શકતુ. આ તમામ દેશોમાં જ્યાં પશ્ચિમીઓની હુકૂમત રહી અને મુસલમાનોને તેમનાથી પાલો પડયો તો દરેક જગાએ પોતાની ચાલાકી તથા સમજ બુઝથી કામ લઈને તેમણે મુસલમાનોમાં આપસમાં તકરારની દીવાલો ઉભી કરી દીધી, નવા નવા ફિર્કાઓને જન્મ આપ્યો અને દરેક જગાનો ઈતિહાસ ચકાસતાં જાણવા મળે છે કે મુસલમાનોના જેહાદના જઝબાને નષ્ટ કરવા માટે કોઈ ન કોઈ તેહરીકને ઉપસ્થિત કરી.

## ★ કાફિરોના હામી (તરફદાર) ★

હિંદુસ્તાનમાં એનું દ્રષ્ટાંત મિર્ઝા ગુલામ અહમદ કાદયાની મિર્ઝાઈ ધર્મના સ્થાપક છે. ચાલતાં ચાલતાં **'અહલે હદીષ'** ફિર્કાના કલમકાર મોલ્વી મુહમ્મદ હુસૈનની કિતાબ 'અલ્ ઈકતેસાદ ફી મસાઈલુલ્ જિહાદ'માંથી અમુક દુર્લભ નમૂના સેવામાં રજુ કરું છું. કિતાબના સરનામા (ટાઈટલ) પર જ લખ્યું છે :–

"પંજાબના હર દિલ અઝીઝ લેફટેનન્ટ ગવર્નર સર ચાર્લ્સ





એચીસ સાહબ બહાદુરના સી. એસ. આઈ. વગેરે વગેરેએ એનુ ડેડીકેટ હોવું મંઝૂર ફર્માવ્યું." આગળ શું શું હશે તેનો જાતે જ અંદાઝો લગાડી લો, હું સંક્ષિપ્ત લખાણ જ રજુ કરી રહ્યો છું.

"ઈસ્લામ અને ઈમાનનો કમાલ અને મુસલમાનોની નજાત જેહાદ પર અવલંબિત નથી. મુસલમાનોને જો દીનથી રુકાવટ ન હોય તો કેવળ ઈબાદતથી તેની નજાત તથા કમાલ માની શકાય છે. જેથી ગૈર કૌમોનું મુસલમાનો વિશે એવું ગુમાન કે જે એમના (મુસલમાનો)માં પાકો અને મઝહબનો સાચો હશે તે પોતાના વિરોધી મઝહબવાળાઓ સાથે જેહાદ કરવાનો જરૂર ઈરાદો ધરાવતો હશે. (આ) તદ્દન ગલત તથા આક્ષેપ છે, જે ઈસ્લામ ધર્મથી અજ્ઞાનતાનું પરિણામ છે." (પેજ નં. ૯, મતબૂઆ, વિકટોરીયા પ્રેસ)

આ મૌલાનાની આખી કિતાબ એ જ ધરી પર ઘુમે છે કે જેહાદ ગવર્મેન્ટના શાંતિ પ્રિય માણસોથી જેઓ હિંદુસ્તાનમાં રાજ કરે છે. (એટલે કે અંગ્રેજો) તેમની સાથે **હરામ** તથા **નાજાઈઝ** છે અને વર્તમાનકાળમાં વિશ્વભરના મુસ્લિમોમાં જેહાદ (કરવા માટેની) શરતો જોવા મળતી નથી (અસ્તિત્વ ધરાવતી નથી).... વગેરે વગેરે.

"હિંદુસ્તાન દેશ ઈસાઈ ગવર્નમેન્ટના કબજામાં હોવા છતાં દારુલ ઈસ્લામ છે, તેના પર કોઈ અરબ બાદશાહને ચાહે અજમના મહદી સુડાન હોય અથવા ખૂદ સુલ્તાને શાહે ઈરાન હોય કે ખુરાસાનના અમીરે મઝહબી લડાઈ કે ચઢાઈ કરવી જાઈઝ નથી." (પેજ નં. ૨૫)

આગળ જતાં હિંદની આઝાદીના મુજાહિદોના વિરૂધ્ધ અંગ્રેજોની નમક હલાલી અદા કરતાં લખે છે :–

"૧૮૫૭ના બળવામાં (અંગ્રેજો વિરૂધ્ધ) જે મુસલમાનો શરીક થયા તેઓ સખ્ત ગુનેહગાર અને કુર્આન તથા હદીષના હુકમ અનુસાર તેઓ ફસાદી તથા બાગી (વિદ્રોહી) તથા કુકર્મી હતા. મોટા ભાગના આમ લોકો તેના ગાડરિયા પ્રવાહ જેમ વહેનારા હતા અને કેટલાક જેઓ ખાસ તથા ઉલમા કહેવાતા હતા તેઓ પણ અસલ ઈલ્મે દીન (કુર્આન તથા હદીષ)થી નાવાકેફ હતા અથવા નાસમજ કે

બેસમજ ! બાખબર તથા સમજદાર ઉલમા એમાં કદાપિ શરીક ન થયા અને તે ફત્વા પર તેમણે ખુશીથી સહી કરી જે તે ધોકાને (૧૮૫૭નો બળવો) જેહાદ બનાવવા માટે ઝઘડાળુઓને લઈને ફરતા હતા. તેનું વિગતે વર્ણન અમે ઈશાઅતુસ્સુન્નહ્, પેજ–૧૦, ભાગ–૮ માં કરી ચૂકયા છીએ. એ જ કારણ હતું કે મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી જેઓ કુર્આન અને હદીષથી બાખબર અને તેના પાબંદ હતા તેઓ પોતાના દેશ હિંદુસ્તાનમાં અંગ્રેજોથી લડયા નહીં અને આ દેશની રાજ સત્તાઓથી લડતા રહ્યા અને આ દેશની બહાર જઈને શીખો સાથે લડયા છે. તેની વિગત પણ ઓનરેલ સૈયદ અહમદ ખાન સાહબ સી. એસ. આઈ. ના પુસ્તક ડૉકટર હન્ટર પુસ્તકના જવાબમાં ઈશાઅતે સુન્નહ્, પેજ–૧૦, ભાગ–૮ માં આવી ગયેલી છે." (પેજ–૪૯, ૫૦)

કિતાબના અંતમાં પોતાના આકાયાને નેઅમત (માલિકો)ને સંબોધીને અહલે હદીષના મોલ્વી મુહમ્મદ હુસૈન સાહબ ઈશાઅતુસ્સુન્નહના એડિટર લખે છે :–

"અમે અન્ય મઝહબો (ઈસાઈ, અંગ્રેજ)ના ઉલમાથી જેઓ ઈસ્લામ વિશે એવા ખયાલો પ્રદર્શિત કરી ચૂકયા છે ખૂબ જ અદબ તથા નિખાલસતાપૂર્વક દરખાસ્ત કરીએ છીએ કે તેઓ પુસ્તકના આ ભાગને ધ્યાનપૂર્વક તથા ઈન્સાફથી વાંચે, પછી જો તેમાં હક્ક અને બરાબર પામે તો તેનુ સમર્થન કરીને અમને આભારી કરે. અને જો તેમાં કોઈ ગલતી જુએ તો અમને તેનાથી માહિતગાર કરે."

આ રીતે તો કાદિયાનના મિર્ઝાએ (નબુવ્વતના જૂઠા દાવેદારે) પણ કાફિરોની ગુલામી કરવાનો હક્ક અદા કરી આપ્યો. સાથોસાથ એ ભાઈના કારસ્તાનોમાંથી અમુક જોતા ચાલો. મિર્ઝા કાદયાની લખે છે :–

"ગવર્નમેન્ટ તેહકીક કરે કે શું એ સત્ય નથી કે હજારો મુસલમાનોએ જેમણે મને કાફિર ઠરાવ્યો અને મને તથા મારી જમાઅતને જે એક વિશાળ સંખ્યામાં પંજાબ તથા હિંદુસ્તાનમાં મૌજૂદ છે તેને દરેક રીતે બુરા કહીને તથા બદઅંદેશી વડે તકલીફ આપવાને





પોતાનો ફર્ઝ સમજ્યો. આ કાફિર ઠરાવવાનો અને તકલીફો આપવાનુ ગુપ્ત કારણ એ છે કે તે નાદાન મુસલમાનોના છુપા ખયાલોની વિરૂધ્ધ દિલો જાનથી અંગ્રેજ ગવર્નમેન્ટની શુક્ર ગુઝારીના માટે હજારો પેમ્ફલેટો (પરચાઓ) પ્રકાશિત કરવામાં આવ્યા અને એવી કિતાબો અરબસ્તાન તથા શામ વગેરેના શહેરોમાં પહોંચાડવામાં આવી અને આ વાતો સબૂત વિનાની નથી. જો ગવર્નમેનટ ધ્યાન આપે તો ખૂબ જ ઉઘાડી સાબિતી મારી પાસે છે. હું ભારપૂર્વક કહું છું અને હું દાવા સાથે ગવર્નમેન્ટની ખિદમતમાં એલાન કરું છું કે ધાર્મિક નિયમોના એતબારે અન્ય તમામ ફિર્કાઓમાં ગવર્નમેન્ટનો પ્રથમ કક્ષાનો વફાદાર અને જાંનિષાર આ જ નવો ફિર્કો છે જેના નિયમોમાંથી કોઈ નિયમ ગવર્નમેન્ટના માટે ખતરનાક નથી. (શહાદતુલ કુર્આન, વિષય : ગવર્નમેન્ટના ધ્યાનને પાત્ર, પેજ–૧૩)

આગળ જતાં લખ્યું છે :

"અને હું યકીન ધરાવું છું કે જેમ જેમ મારા મુરીદો વધશે તેમ તેમ જેહાદના મસ્અલાના ચાહક ઓછા થતા જશે, કેમ કે મને મસીહ તથા મહદી માની લેવું એ જ જેહાદના મસ્અલાનો ઈન્કાર કરવું છે." (પેજ–૧૭)

મિર્ઝા કાદયાની તથા મુહમ્મદ હુસૈન જેવા ઘણા બધા પોતાના માલ થકી ખરીદેલા ગુલામના થકી ઈસ્લામના દુશ્મનોએ મુસલમાનોની સફોમાં ગરબડો પેદા કરીને મુજાહિદ કૌમને બુઝ દિલી (કાયરતા)નો પાઠ ભણાવ્યો. બીજી બાજુ ગલત પ્રચાર કરતી કિતાબો અને લિટરેચર થકી આપણા રોશન ઈતિહાસને કદરૂપો કરી નાખ્યો. મુસલમાન જે હકીકતમાં દુનિયામાં આંતરરાષ્ટ્રીય ક્રાંતિકારી જમાઅત હતી એ લૂટારાઓની ટોળી અને ઈસ્લામી જેહાદ જે વાસ્તવમાં ક્રાંતિકારી જદ્દો જેહદ (Revolutionary Struggle) હતી તેને લોહિયાળ જંગ ઠરાવી દીધું.

## ★ ઈસ્લામ દુશ્મન તત્વોનો ગલત પ્રચાર ★

પૂરા ગૈર ઈસ્લામી માહોલમાં અને ઈસાઈ, યહૂદી તથા

હિંદુ દુનિયામાં ઈસ્લામી જેહાદની ઓળખ અને વ્યાખ્યા ખૂબ જ ગલત સ્વરૂપમાં તોડી ફોડીને થઈ છે. પશ્ચિમી ફિરંગીઓની કોશિશો અને પૂર્વગ્રહી લેખકોની મહેનતના પરિણામે પશ્ચિમવાસીઓ તો સામાન્યતઃ મુસલમાન કૌમને એક લૂટારુ અને ખૂંખાર કૌમ સમજી બેઠા હતા. ક્રમે ક્રમે દુનિયાનુ અંતર ઘટવા લાગતાં હવે તે ભ્રમણાઓની ખાસ્સી રદ થઈ રહી છે. એ વાતને વારંવાર દોહરાવવી અમે જરૂરી સમજીએ છીએ અને અમને એ વાતના સ્વીકારમાં કોઈ જ ખચકાટ નથી કે પ્રારંભિક યુગોમાં ઈસ્લામ પોતાના જે વાસ્તવિક સ્વરૂપમાં રિવાજ પામેલો હતો તેવો ત્યાર બાદના જમાનામાં નથી રહ્યો, પણ ઈસ્લામ તથા ઈસાઈયત આ બાબતમાં જમીન તથા આસ્માન જેટલો તફાવત ધરાવે છે. કેમ કે ઈસ્વી મઝહબ ગયો તો પોતાની સાથે પોતાની સર્વ ચીજો, નિશાનો તથા હિદાયતો સૌ લપેટતો ગયો ત્યાં સુધી કે ઈસ્વી સહીફો (કિતાબ) પણ તદ્દન બનાવટી રહી ગયો.

જ્યારે ઈસ્લામનો હાલ એ છે કે ઈસ્લામ લાગુ કરનારા જિમ્મેદાર શખ્સો ખલીફા તથા સુલ્તાનો ભલે ખુલફાએ રાશિદીન જેવા ન રહ્યા પણ ઈસ્લામી કાનૂનોના ઉસૂલ તથા શાખાઓ (ફુરૂઅ) તે જ પ્રમાણે યથાવત મૌજૂદ રહ્યા. સિફ્ફીન તથા જુમલના બનાવોની સાથોસાથ કુર્આનની કિતાબત, હદીષનું સંપાદન, શરઈ તેહકીક અને દીની ઈજતેહાદનાં જબરદસ્ત કામો થતાં રહ્યાં અને ઈસ્લામિયાત તથા ઈમાનિયાતના સર્વ માખઝ સંપાદન પામતા રહ્યા અને મુસલમાનોમાં પ્રથમ દૌરથી આજ સુધી એવા ઉલમાએ હક્ક જોવા મળે છે જેમણે હકીકી ઈસ્લામને સીના બ સીના મેહફૂઝ રાખ્યો અને અમે આજે પણ અમારા દીન તથા શરીઅતના રોશન આઈનામાં દરેક ઈન્સાની જરૂરતનો હલ મૌજૂદ પામી શકીએ છીએ.

## ★ રહમતનો સાચો ★

ઈસ્લામી જેહાદ ખૂનરેજી તથા તોડફોડ કરવાની કોઈ આયોજીત સ્કીમ નથી, બલ્કે આખા વિશ્વને ખાલિક તથા માલિકના





આ'લા ઈકતેદાર (ઉચ્ચ સત્તા) હેઠળ લાવવાની અઝીમુશ્શાન તેહરીક અને જદ્દો જેહદનુ નામ છે. ગૈરુલ્લાહની બંદગીનો પટ્ટો ઉતારીને કેવળ અલ્લાહની બંદગી, વ્યકિતથી લઈને સમુહ સુધી, ખાનગી મામલાથી લઈને સલ્તનતની બાબતો સુધી દરેક જગાએ ઈલાહી કાનૂનોને લાગુ પાડવાનુ નામ છે. દુનિયાના તમામ ગૈર ખુદાઈ કાનૂન માણસોના બનાવેલા છે એટલા માટે એના ઝરીયા ઈન્સાન ઈન્સાનની જબરદસ્તીઓથી મેહફૂઝ નથી રહી શકતો. દરેક મોટી માછલી નાની માછલીને ગળી જવાની ફિકરમાં રહે છે. દુનિયામાં ઈકતેદાર, સત્તા તથા સલ્તનત હાંસલ કરી લેવાવાળા જ્યારે અલ્લાહના કાનૂનોની પાબંદીઓથી આઝાદ થાય છે તો તેમનો એ હાલ થાય છે કે જુલ્મ તથા અદાવત તેમનો ધંધો બની જાય છે, જુલ્મ તથા સિતમ તેમની આદત બની જાય છે. એવા તમામ પ્રાદેશિક તથા સમાજિક નીતિ નિયમોને ખત્મ કરીને કેવળ ખુદાનો કાનૂન લાગુ કરવાની કોશિશોને **જેહાદ** કહે છે.

ઈર્શાદે રબ્બુલ આલમીન છે :–

وَقَاتِلُوهُمْ حَتَّىٰ لَا تَكُونَ فِتْنَةٌ وَيَكُونَ الدِّينُ لِلَّهِ ۖ فَإِنِ انتَهَوْا فَلَا عُدْوَانَ إِلَّا عَلَى الظَّالِمِينَ

"અને તેમનાથી ત્યાં સુધી લડો કે ફિત્નો ફસાદ બાકી ન રહે અને અલ્લાહ તઆલાનો દીન ગાલિબ થઈ જાય. પછી ત્યાર બાદ તેઓ સીધા પડે તો તેમના ઉપર જુલ્મ ન કરો, હા ! જાલિમો પર ઝિયાદતી (બળનો ઉપયોગ) ગુનોહ નથી." (સૂરએ બકરહ, ૨/૧૯૩)

ઈસ્લામી નીતિ નિયમોને લાગુ પાડવાવાળી ચળવળોને દબાવવી અને જે લોકો ઈસ્લામના હકીકી શુભેચ્છકો છે તેમને કમજોર કરવા એ મહાન ફિત્નો છે. સાલેહ (નેક) લોકોની જિંદગીઓથી દુનિયામાં સાલેહપણાને પ્રોત્સાહન મળે છે અને બદકારોની તરક્કીથી બદકારીઓ ફેલાય છે. જેથી દરેક તે રુકાવટ જે ઈસ્લામી બંધારણ અને નિઝામે મુસ્તફાને લાગુ પાડવામાં આડ બને તે ફિત્નો છે અને ફિત્નો

કત્લથી અધિક સખત છે. કુર્આનમાં છે :–

اَلْفِتْنَةُ اَكْبَرُ مِنَ الْقَتْلِ

"અને ફિત્નો કત્લથી મોટો જુર્મ છે." (સૂ. બકરહ્, ૨/૨૧૭)

એ તમામ રુકાવટોને જે દુનિયા પર ખુદાની રહમતની વર્ષામાં આડખીલી બની રહી છે તેને દૂર કરવી વિશ્વના મુસલમાનોની મહત્વની જિમ્મેદારી છે. રબ ફર્માવે છે :–

وَقَاتِلُوْا فِىْ سَبِيْلِ اللّٰهِ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ

"અલ્લાહના માર્ગે જેહાદ કરો અને જાણી લો કે અલ્લાહ ખૂબ સાંભળનારો છે." (સૂ. બકરહ્, ૨/૨૪૪)

જે લોકો ખુદાની રહમતના ઉમ્મીદવાર છે તેમના ગુણોમાં જેહાદ પણ છે.

"બેશક ! જે લોકો ઈમાન લાવ્યા અને જેમણે હિજરત કરી અને **અલ્લાહના માર્ગમાં જેહાદ કર્યો એ જ લોકો અલ્લાહની રહમતના ઉમ્મીદવાર છે** અને અલ્લાહ બખ્શનારો મહેરબાન છે." (સૂ. બકરહ, ૨/૨૧૮)

اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَالَّذِيْنَ
هَاجَرُوْا وَجَاهَدُوْا فِىْ سَبِيْلِ
اللّٰهِ اُولٰٓئِكَ يَرْجُوْنَ رَحْمَتَ
اللّٰهِ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ (القرآن)

જેહાદનું ફર્ઝ હોવું કુર્આન મજીદની જે આયતથી સાબિત છે તે આ છે :–

كُتِبَ عَلَيْكُمُ الْقِتَالُ وَهُوَ كُرْهٌ
لَّكُمْ وَعَسٰٓى اَنْ تَكْرَهُوْا شَيْئًا
وَّهُوَ خَيْرٌ لَّكُمْ وَعَسٰٓى اَنْ تُحِبُّوْا
شَيْئًا وَّهُوَ شَرٌّ لَّكُمْ وَاللّٰهُ يَعْلَمُ
وَاَنْتُمْ لَا تَعْلَمُوْنَ (القرآن)

(અર્થ) :– "તમારા પર લડાઈ ફર્ઝ કરવામાં આવી અને તે તમને બુરી લાગે છે. શકય છે કે એક ચીજ તમને બુરી લાગે અને તમારા માટે (તે) બેહતર હોય અને એ પણ થઈ શકે છે કે એક ચીજ તમને સારી લાગતી હોય અને તે તમારા માટે નુકસાનકર્તા હોય, એ અલ્લાહ





તઆલા જાણે છે, તમે નથી જાણતા. (સૂરએ બકરહ્, ૨/૨૧૬)

અલ્લાહ પર ઈમાન (ઈમાન બિલ્લાહ), રસૂલ પર ઈમાન (ઈમાન બિર્રસૂલ), સજા તથા બદલો (જઝા), બઅષત તથા કિયામત વગેરે ઈમાનિયાતમાં કામિલ થઈને કુર્આની મશાલ લઈને ચાલનાર જ્યારે દુનિયાના ઘટા ટોપ અંધકારોમાં નીકળે છે તો કુફ્ર તથા શૈતાન તેનાથી કાંપવા માંડે છે. એવા ઈમાનવાળાઓ રહમાન તથા કુર્આનના હેતુલક્ષી છે.

"તમે બહેતર છો તે સૌ ઉમ્મતોમાં જે લોકોમાં જાહેર થઈ ભલાઈનો હુકમ આપો છો, બુરાઈથી રોકો છો અને અલ્લાહ પર ઈમાન ધરાવો છો. (સૂ. આલે ઈમ્રાન, ૩/૧૧૦)

كُنْتُمْ خَيْرَ اُمَّةٍ اُخْرِجَتْ
لِلنَّاسِ تَاْمُرُوْنَ بِالْمَعْرُوْفِ
وَتَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَ
تُؤْمِنُوْنَ بِاللّٰهِ (القرآن)

તિર્મિઝીની હદીષમાં છે. રસૂલ (صلى الله تعالى عليه وسلم)એ ફર્માવ્યું, અલ્લાહ તઆલા મારી ઉમ્મતને ગુમરાહી પર જમા (એકઠા) નહીં કરે અને અલ્લાહ તઆલાનો દસ્તે રહમત જમાઅત પર છે અને જે જમાઅતથી અલગ થયો તે જહન્નમમાં ગયો.

મતલબ કે મુસ્લિમ કૌમ દુનિયામાં હિદાયતની શમ્અ લઈને દુનિયાને ગુમરાહીમાંથી કાઢીને એક ખુદાના સાચા દીન ઈસ્લામ ધર્મની રહમતભરી છાંવમાં લાવનારી છે.

હક્કની દા'વત માટે જેહાદ હવે કિયામત સુધી ચાલુ રહેશે, ઈસ્લામી હાકિમ ચાહે ફાસિક તથા ફાજિર કેમ ન હોય, જેહાદ તેના દૌરમાં પણ મન્સૂખ નથી થઈ શકતો, ખુશદિલીથી કે દિલ પર બોજ સમજીને ભલે ગમે તે રીતે પણ જેહાદ ચાલુ રહેશે.

"કૂચ કરો હળવા મને કે ભારે હૈયે (ખુશીથી કે કમને) અને અલ્લાહની રાહમાં લડો તમારા માલ તથા જાન વડે, એ તમારા માટે બેહતર છે જો તમે સમજો તો." (સૂ. તૌબા, ૯/૪૪)

اِنْفِرُوْا خِفَافًا وَّثِقَالًا وَّ
جَاهِدُوْا بِاَمْوَالِكُمْ وَاَنْفُسِكُمْ
فِىْ سَبِيْلِ اللّٰهِ ذٰلِكُمْ خَيْرٌ لَّكُمْ
اِنْ كُنْتُمْ تَعْلَمُوْنَ (القرآن)

માનવ જીવનમાં ડર તથા ભય ઘણી મહત્વની બાબતોથી માણસને દૂર રાખે છે પણ રાહે હક્કમાં જેહાદ કરનારને રબ્બે કાયનાતે તે રાઝનો જાણનાર બનાવી દીધો છે કે ખુદાનો ખૌફ રાખનાર દુનિયાની કોઈ તાકાતથી નથી ડરતો. એ કામિલ ઈમાનની નિશાની છે.

فَلَا تَخَافُوهُمْ وَخَافُونِ إِنْ كُنْتُمْ مُؤْمِنِينَ ۝١٧٥ (القرآن)

"તો એમનાથી ન ડરો અને મારાથી ડરો જો ઈમાન ધરાવતા હોઉ તો." (સૂ. આલે ઈમ્રાન, ૩/૧૭૫)

અને જેહાદ ફી સબી લિલ્લાહમાં નીકળનારાઓની મદદ પરવરદિગારે આલમ તરફથી કરવામાં આવે છે. કાફિરો તથા મુશ્રિકો અને ઈસ્લામ દુશ્મન તાકતો પાસે જાહેરી રીતે દુનિયાના સર્વ સાધનો મૌજૂદ હોય છે પણ તેમની સાથે માલિકે કુલની મદદ સામેલ નથી હોતી એટલા માટે તેઓ ઈમાનવાળાઓના મુકાબલામાં કાંઈ જ નથી ! અને અશકત તથા કમજોર અહલે ઈસ્લામનો તબકો ભૌતિક સાધનોથી ખાલી હોવા છતાં સાચા ઈમાનની કુવ્વતના સબબે તેમની સામે કાદિર તથા કૈયૂમ (અલ્લાહ તઆલા)ની મદદ હોય છે એટલા માટે તેને કોનો ખૌફ અને કોની બીક ?!

ذٰلِكَ بِأَنَّ اللّٰهَ مَوْلَى الَّذِينَ آمَنُوا وَأَنَّ الْكَافِرِينَ لَا مَوْلَىٰ لَهُمْ ۝١١ (القرآن)

"એવું એટલા માટે કે અલ્લાહ તઆલા મોમિનોનો મદદગાર છે, અને કાફિરોનો કોઈ મદદગાર નથી." (સૂ. મુહમ્મદ, ૪૭/૧૧)

## ★ જેહાદ શા માટે ? ★

જેહાદની શાબ્દિક તથા શરઈ સ્પષ્ટતા પછી હવે એ જણાવવું બાકી નથી રહી જતુ કે ઈસ્લામમાં જેહાદ શા માટે અનિવાર્ય છે. હવે એના પછી પણ કોઈનું એ સવાલ કરવું કે જેહાદની શું જરૂરત છે ? જાણે કે એવું કહેવું છે કે બીમારોને ઈલાજની શું જરૂરત છે ? ખેતીની જમીનોને પાણીની શી જરૂરત છે ?! તંદુરસ્ત માનવે ખોરાકની શું





જરૂરત છે ?! વગેરે વગેરે.

આજે ભૌતિક સાધનોથી સજ્જ થઈને બુરાઈ તથા બગાડની ગંદકી પ્રતિ ખૂબ જ તીવ્રતાપૂર્વક વધતી જઈ રહી છે. કુફ્રની અંધારી વાદીઓ તેજથી તેજતર થઈ રહી છે, આવા માલોમાં ભટકતી ઈન્સાનિયતને ખુદાની રાહ કોણ બતાવશે ? ઈસ્લામ અને કેવળ ઈસ્લામ ! અને તેનો ઝરીયો છે જેહાદ !

શર્મ તથા હયાના પવિત્ર શબ્દો આજે કેવળ મુકદસ કિતાબોમાં બાકી રહી ગયા છે, ઈન્સાન બેહયાઈ, હયાસોઝી, નગ્નતા અને બુરી વાતોની ચુંગાલમાં ફસાતો જઈ રહ્યો છે. તેને આ હલાકત ખેઝી (બર્બાદી)થી કોઈ બચાવી શકે છે ? ઈસ્લામ અને કેવળ ઈસ્લામ ! અને તેનો માર્ગ છે જેહાદ !

દુનિયામાં સામ્યવાદ, સમાજવાદ વગેરે પ્રાદેશિક બંધારણે ઈસ્લામી સત્તાને પાયમાલ કરી રહેલ છે, દેશોના ભૌગોલિક રીતે વિભાજનના લેહાઝથી અલગ અલગ કૌમોને ઉપસ્થિત કરી રહી છે. આ આલમી અઝાબને ટાળવાની શકિત ઈસ્લામના સિવાય કોની અંદર છે ? નષ્ટ ન થનારા, ન બદલાનારા ઈલાહી નિઝામ (ખુદાઈ બંધારણ) ઈસ્લામની પાસે છે, જેને રિવાજ આપવાની જદ્દો જેહદ (કોશિશ)નું નામ જેહાદ છે અને **આ જિમ્મેદારી દુનિયાભરના મુસલમાનોની છે.** મતલબ કે એક મોમિનની નિગાહ જિંદગીના જે પાસા પર પડે છે તે જેહાદની દાવત બનીને ઉભરી આવે છે. જરૂરત છે કે અહલે હક્ક ! **નિકલ કર ખાનકાહોંસે અદા કરે રસ્મે શબ્બીરી.**

આ છે તે અનિવાર્ય જરૂરતો જે જેહાદને લાઝિમ ઠરાવે છે. જો દુનિયાને બુરાઈ તથા બગાડ તરફ વધતી જોઈને પણ મુસ્લિમ મિલ્લત પોતાનો ફર્ઝ અદા નથી કરતી તો જાણે કે તેણે પોતાની જિમ્મેદારીથી મુખ મોડયું, પોતાની જિમ્મેદારીને ઉતારી મૂકી, પછી તેણે સામુહિક આફતનો સામનો કરવો પડશે. હાકિમે મુત્લક રબ તઆલાનો ફેંસલો અટલ છે.

وَاتَّقُوْا فِتْنَةً لَّا تُصِيْبَنَّ الَّذِيْنَ ظَلَمُوْا مِنْكُمْ خَاصَّةً

"એ ફિત્નાથી બચો જેની અસર કેવળ જાલિમો પૂરતી જ સીમિત રહેશે નહીં." (સૂ. અન્ફાલ, ૮/૨૫)

જેહાદ એટલા માટે જરૂરી છે કે આલમમાં અદ્‌લો ઈન્સાફ ઈલાહી બુનિયાદો પર સ્થાપિત થાય, ઈન્સાનોને ઈન્સાનિયતના ખાલિક (સર્જનહાર)ની મરજી પ્રમાણેના હક્કો નસીબ થાય. ઈસ્લામી જેહાદ ન હોય તો આ હેતુઓ કેમ કરીને પ્રાપ્ત થઈ શકે છે ? કયાંક એવું ન થાય કે ઈસ્લામી આલમ પોતાના ફરીઝાથી ગાફેલ બને અને આખુ જગત ફિત્ના તથા ફસાદનો નિશાનો બની જાય !

إِلَّا تَفْعَلُوْهُ تَكُنْ فِتْنَةٌ فِي الْأَرْضِ وَفَسَادٌ كَبِيْرٌ ۝٧٣

"જો તમે એ પ્રમાણે ન કર્યું તો જમીનમાં ફિત્નો તથા ફસાદ ફેલાઈ જશે." (સૂ. અન્ફાલ, ૮/૭૩)

શયખ સઅદીએ ફર્માવ્યું છે કે નહેરના બંધમાં નાનુ સરખુ કાણુ હોય તો તેને તુરત આસાનીથી બંધ કરી શકાય છે અને તેનાથી ગફલત રાખવામાં આવે તો એક એવો સમય આવશે કે તે વધીને આબાદીની આબાદીઓને પૂરના રૂપમાં ઘસડી જશે.

**ઉઠકર ખુર્શિદકા સામાને સફર પૈદા કર**
**નફરત સોખ્તાએ શામો સહર પૈદા કર**

## ★ ઈસ્લામી જેહાદ અને સામાન્ય લડાઈઓમાં તફાવત ★

સામાન્ય ધારણા પ્રમાણે હાલના વિશ્વને એવું સ્વીકાર કરાવવું આસાન નથી કે ઈસ્લામી જેહાદ સરાપા રહમત તથા બરકત તથા માનવ ભલાઈને લક્ષમાં રાખીને છે અને અન્ય દુનિયવી તમામ જંગો તથા લડાઈઓ સાથે તેને દૂરનો પણ સંબંધ નથી. દા.ત.





| ઈસ્લામી જેહાદ | સામાન્ય જંગો |
|---|---|
| **૧.** ઈસ્લામી જેહાદ અલ્લાહના કાનૂનને લાગુ કરવાની એક મજબૂત યોજનાનો અંશ છે, જે ઉચ્ચ તરીન મુખ્ય હેતુ છે. | ૧. અન્ય જંગોનો મકસદ દેશો કબજે કરવા, સંપત્તિની પ્રાપ્તિ, પોતાની મહાનતા અને અન્યોને ગુલામ બનાવવા સિવાય કાંઈ નથી. |
| **૨.** ઈસ્લામી જેહાદનુ પરિણામ અદ્‌લો ઈન્સાફને ઉત્તેજન, ભાઈચારા તથા સમાનતાની પ્રગતિ, હમદર્દી તથા દરગુઝરની વૃત્તિના પાયાને મજબૂત કરવું અને નેક સંસ્કાર તથા સંસ્કૃતિનો પાયો નાખવું છે. | ૨. અન્ય લડાઈઓનું પરિણામ તબાહી તથા બર્બાદી, ખૂનરેજી, વિજયીના સકંજામાં હારનારાઓએ જિંદગી જીવવી મુશ્કેલ થવું, લૂટમાર, વિજય મેળવેલ ઈલાકાની સર્વ સંપત્તિ જીતનારની અંગત મિલ્કત બની જાય છે...વગેરે. |
| **૩.** ઈસ્લામી જેહાદના સર્વ નિયમો માનવ સન્માન, બુરાઈ તથા બગાડનો ખાત્મો, સાવચેતી, ડર તથા ખૌફે ખુદાની બુનિયાદો પર ખુદાઈ હિદાયતો પ્રમાણે નિશ્ચિત છે. ખાસ જેહાદની હાલતમાં પણ ઈસ્લામે મુસલમાનો પર પોતાના જુસ્સાના પ્રભાવ હેઠળ નહીં પણ ખુદાઈ નિયમોના વર્તુળ માં રહીને કદમ ઉઠાવવાનો હુકમ આપ્યો છે. | ૩. અન્ય જંગોના તમામ નિયમો મનમાની ચાલો સરસાઈ પામવા તથા સફળ થવા માટે દરેક શકય ઝરીઆનો ઉપયોગ અને બદલાની આગમાં કૂદીને સર્વ કાંઈ કરી છૂટવાનુ નામ છે જેનાં બુરાં પરિણામો સદીઓ ગુજરતાં સુધી માનવ પેઢીઓ તથા જમીનના ભાગો ભોગવતા રહે છે. વિયેતનામનો પ્રદેશ જેનું જીવંત દ્રષ્ટાંત છે. |

આ પૂરા લખાણના હિસ્સામાં આ જ વિષય અમારા મુદ્દા સાથે સંબંધ ધરાવે છે એટલા માટે અમે અમારા ન્યાયપ્રિય વાંચકો સમક્ષ થોડી વિગતે ચર્ચા રજુ કરીશું.

## ★ જેહાદની સાવચેતી ★

ઈસ્લામી જેહાદ કયા નિયમોનો પાબંદ છે એના બારામાં સૌ પ્રથમ અમે કુર્આન તથા હદીષથી પાયાના હુકમો રજુ કરીએ છીએ. દુશ્મનને સજા એટલી જ આપવામાં આવશે જેટલી ઝિયાદતી તેણે કરી અથવા તેને માફ કરી દેવામાં આવે તો અધિક બેહતર છે.

وَاِنْ عَاقَبْتُمْ فَعَاقِبُوْا بِمِثْلِ مَا عُوْقِبْتُمْ بِهٖ وَلَئِنْ صَبَرْتُمْ

لَهُوَ خَيْرٌ لِّلصّٰبِرِيْنَ

"અને જો તમે સજા આપો તો એવી જ સજા આપો જેવી તમને તકલીફ પહોંચાડવામાં આવી હતી અને જો તમે સબ્ર કરો તો બેશક ! સબ્ર કરવાવાળાઓ માટે સબ્ર સૌથી સારી છે." (સૂ. નહ્‌લ, ૧૬/૧૨૬)

કેવળ વિરોધ અને દુશ્મનીના લીધે અદ્‌લો ઈન્સાફનો દામન હરગિઝ ન છોડવામાં આવે.

وَلَا يَجْرِمَنَّكُمْ شَنَاٰنُ قَوْمٍ عَلٰٓى اَلَّا تَعْدِلُوْا ؕ اِعْدِلُوْا ۟ هُوَ اَقْرَبُ لِلتَّقْوٰى وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ خَبِيْرٌۢ بِمَا تَعْمَلُوْنَ (القرآن)

"અને તમને કોઈ કૌમની અદાવત એના માટે ન ઉશ્કેરે કે ઈન્સાફ ન કરો, ઈન્સાફ કરો કે તે પરહેઝગારીની અધિક નજીક છે અને અલ્લાહથી ડરો કે બેશક ! અલ્લાહને તમારાં કામોની ખબર છે." (સૂ. માઈદહ્‌, ૫/૮)

જેહાદ કુફ્ર તથા નિફાક, પક્ષપાત, જુલ્મ તથા બરબરિયતના ખાત્માની ચળવળ છે. મુજાહિદ જે ચળવળને લઈને આગળ વધે છે તેની નિખાલસતામાં કોઈ માણસની અંગત અથવા જાતિને લગતો





વિરોધનો જઝબો નથી હોતો. એના અમલી દ્રષ્ટાંત માટે સૈયદના અલી كرم الله تعالى وجهه الكريم નો પ્રસંગ રોશન દલીલ છે.

જેહાદ દરમ્યાન એક શખ્સથી આપનો સામનો થયો. થોડવારની ટક્કર બાદ આપે તેને જમીન પર ફેંકી દીધો. હવે તલ્વાર વડે તેનું કામ પૂરું કરવા જતા હતા એવામાં એ શખ્સે આપના મોઢા પર થૂંકી દીધું. તેના કૃત્યથી આપ ગુસ્સે થઈ તેને મારી નાખતા તેને બદલે આપે તેને છોડી મૂકયો. તે આ જોઈને આશ્ચર્યમાં પડી ગયો અને પૂછયું, મને તમે શા માટે છોડી આપ્યો ? આપે ફર્માવ્યું, મેં તને ખુદા વ રસૂલનો દુશ્મન સમજીને પછાડયો હતો અને કત્લ કરવા ચાહતો હતો, પણ જ્યારે તુ મારી ઉપર થૂકયો તો જો હવે હું તને કત્લ કરી દઉં તો તેમાં મારી અંગત દુશ્મની સામેલ થઈ જાય, આ વબાલથી પોતાને બચાવવા માટે મેં તારા તરફથી હાથ ખેંચી લીધા.

અબૂ દાઊદ અને ઈબ્ને માજહ્‌, રિબાહ ઈબ્ને રબીઅથી રિવાયત કરે છે કે તેમણે કહ્યું, "અમે રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم ની સાથે એક ગઝવહ્‌માં હતા. હુઝૂરે લોકોને કોઈ ચીજ માટે એકઠા થયેલા જોયા તો એક શખ્સને મોકલ્યો જેથી જુએ કે લોકો શા માટે ભેગા થયા છે. તેણે આવીને જણાવ્યું કે લોકો એક કત્લ થયેલ સ્ત્રીની આસપાસ ભેગા થયા છે. તો આપે ફર્માવ્યું કે તેણીએ જંગ તો ન કરી હતી ? ખાલિદ બિન વલીદ તે લશ્કરના અમીર હતા. હુઝૂરે તેમને એક શખ્સ થકી એવો હુકમ આપ્યો કે ખાલિદને કહી દો કે કોઈ સ્ત્રી તથા મજૂરને કત્લ કરવામાં ન આવે." (અબૂ દાઊદ, ભાગ–૨, પેજ–૨, સુનને ઈબ્ને માજહ્‌, પેજ–૫૨૧)

સહીહૈનમાં હઝરત ઈબ્ને ઉમર رضي الله عنه થી રિવાયત છે, ફર્માવે છે :–

"ગઝવાતે નબી صلى الله تعالى عليه وسلم માંથી કોઈમાં એક ઔરત જોવામાં આવી તો હુઝૂર صلى الله تعالى عليه وسلم એ સ્ત્રીઓ તથા બાળકોના કત્લથી મનાઈનો હુકમ ફર્માવ્યો." (સહીહ બુખારી, પેજ–૪૨૩, સહીહ મુસ્લિમ, ભાગ–૨, પેજ–૮૪)

એ જ પ્રમાણે અબૂ દાઊદમાં હઝરત અનસની રિવાયત પામેલી હદીષનો એક હિસ્સો આ પણ છે :–

"અને ઘણા વૃધ્ધને કત્લ ન કરો અને ન બાળકને અને ન સ્ત્રીને."

હઝરત બુરીદાથી મુસ્લિમમાં રિવાયત છે, ફર્માવે છે :–

"રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم જયારે કોઈને લશ્કરનો અમીર બનાવતા તો તેને ફર્માવતા કે બાળકને કત્લ ન કરે." (જામેઅ તિર્મિઝી, પેજ–૨૦૦, અબૂ દાઊદ, પેજ–૩૫૩)

નીલુલ્ અવતારમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત થયેલ છે. તેમણે કહ્યું કે :–

બેશક ! નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ન કત્લ કરો બાળકોને અને ગોશાનશીન અબૂ દાઊદ તથા તિર્મિઝી અસામ મઝનીથી રિવાયત કરે છે. તેમણે કહ્યું કે :– "રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અમને એકવાર જંગમાં મોકલ્યા તો ફર્માવ્યું કે જયાં કોઈ મસ્જિદ જુઓ અથવા મુઅઝ્ઝિનની અવાજ સાંભળો ત્યાં કોઈને ન મારો." (જામેઅ તિર્મિઝી, પેજ–૨૦૦, અબૂ દાઊદ–૪૫૩)

બરાબર જંગની હાલતમાં આવી વાતોનો લેહાઝ કોણ કરી શકે છે ? એના સિવાય કે જે ઈન્સાનિયતનો સાચો શુભેચ્છક, માનવ જાતનો નિખાલસતાવાળો માનવ અને દુનિયાવાળાઓની ભલાઈનો મુબલ્લિગ હોય. આજ તમામ આયતો તથા હદીષોની બુનિયાદો પર ઈસ્લામી જેહાદના કાનૂનની દીવાલો ખડી કરવામાં આવે. ઈસ્લામ એવું મજબૂત તથા અડગ બંધારણ છે જે કોઈને પણ હદથી વધવાની કદાપિ ઈજાઝત નથી આપતો.

إِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْمُعْتَدِيْنَ

"હદથી આગળ વધનારાઓને અલ્લાહ પસંદ નથી કરતો." (સૂ. બકરહ્, ૨/૯૦)

ઈસ્લામના દુશ્મનો સાથે બરાબર ચાલુ લડાઈની હાલતમાં





તે અવાજ મુજાહિદોના કાનોમાં ગુંજતો રહે છે જે હુઝૂરે મક્કા ફતહ કર્યુ તે પ્રસંગે બુલંદ ફર્માવ્યો હતો :–

૧. કેવળ તેની સાથે જ મુકાબલો કરવામાં આવે જે ખૂદ જંગની નિય્યતથી આવે.

૨. હરમમાં લોહી વહાવવાથી રોકાઈ જવામાં આવે. (જો કે તે દિવસે ખુદાએ પોતાના રસૂલના માટે ત્યાં જેહાદની હિલ્લત (હલાલ હોવું) અતા ફર્માવી દીધી હતી.)

૩. જે શખ્સ કા'બાની હદોમાં પ્રવેશી જાય તે આપણી પનાહમાં છે.

૪. જે અબૂ સુફયાનના ઘરમાં પ્રવેશી જાય તે પનાહમાં છે.

૫. જે પોતાના ઘરનો દરવાજો બંધ કરી લે તે પનાહમાં છે.

૬. જે ભાગી જાય તેનો પીછો કરવામાં ન આવે.

૭. જે હથિયાર ફેંકી દે તેનો પીછો કરવામાં ન આવે.

૮. ઝખ્મી તથા કૈદીને કત્લ કરવામાં ન આવે. (કેવળ અમુક મશહૂર મુજરિમ એવા હતા જે આ નિયમોથી અપવાદ હતા)

આમ લડાઈની ઘમસાણ દરમ્યાન આ નિયમો પણ ધ્યાનમાં રાખવામાં આવતા હતા.

૯. વાદા ખિલાફી અને ખયાનત ન કરો.

૧૦. લાશોને મુષ્બહ્ (કાપીને કદરૂપી) ન કરવામાં આવે.

૧૧. ફળદાર ઝાડોને કાપીને અથવા સળગાવીને તેનો નાશ કરવામાં ન આવે.

૧૨. આબાદીના લડનારા ન હોય તેમને ન છેડવામાં આવે.

## ★ વિજયી પ્રવચન ★

મક્કા પર વિજયના દિવસે મુહસિને ઈન્સાનિયત સૈયદેના મુહમ્મદુર્રસુલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક વિજયી પ્રવચન (ખુત્બાએ ફતહ) આપ્યું હતું, જે ઈસ્લામી જેહાદના મૂળભૂત હેતુઓની પ્રતીતિ કરાવે છે :–

"અલ્લાહના સિવાય અન્ય કોઈ મઅ્બૂદ નથી, તે એક છે, તેનો કોઈ શરીક નથી, તેણે પોતાનો વાયદો સાચો કર્યો અને પોતાના બંદાની મદદ કરી અને તમામ જૂથોને એકલા છોડી આપ્યા, ખબરદાર ! દરેક પ્રકારની માંગણી ચાહે તે ખૂનની હોય કે માલની હોય તે મારા પગો નીચે છે (એટલે રદ થઈ). અલ્બત્ત બૈતુલ્લાહનુ મુતવલ્લીપણુ અને દરબાની અને હાજીને પાણી પીવડાવવાની દરજો અપવાદ છે. હે કુરેશીઓ ! આજના દિવસે અલ્લાહે તમારી પાસેથી જાહિલિયતનો ઘમંડ છીનવી લીધો અને બાપ દાદાઓ પર મોટાઈ ખત્મ કરી દીધી. સર્વ માનવ જાત આદમના વંશથી છે અને આદમનુ સર્જન માટીમાંથી છે." (અલ્હદીષ)

ત્યાર બાદ હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કુર્આને મજીદની આ આયતે કરીમા તિલાવત ફર્માવી :–

يَا أَيُّهَا النَّاسُ إِنَّا خَلَقْنَاكُم مِّن ذَكَرٍ وَأُنثَىٰ وَجَعَلْنَاكُمْ شُعُوبًا وَقَبَائِلَ لِتَعَارَفُوا ۚ إِنَّ أَكْرَمَكُمْ عِندَ اللَّهِ أَتْقَاكُمْ ۚ إِنَّ اللَّهَ عَلِيمٌ خَبِيرٌ

"લોકો ! અમે તમને પુરૂષ તથા સ્ત્રી થકી પેદા કર્યા અને તમારી જાતી તથા કબીલા બનાવ્યા જેથી એકબીજાની ઓળખ કરો, બેશક ! અલ્લાહની નજીક તમારામાં વધુ ઈજ્જતવાળો તે છે જે અધિક મુત્તકી (અલ્લાહથી ડરનર) છે, બેશક ! અલ્લાહ સર્વ કાંઈ જાણનાર તથા ખબર રાખનાર છે." (સૂ. હુજુરાત, ૧૩/૪૯)

## ★ નબવી યુગમાં જેહાદ અને તેની બરકતો ★

આખા વિશ્વને અમ્નો સલામતીનુ સામ્રાજ્ય બનાવવાનું બંધારણ રજુ કરનાર રસૂલે રહમત હુઝૂર મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કુલ ગઝવાત જે કર્યા અને સહાબાએ કિરામની જમાઅતને સાથે લઈને ઈસ્લામી જેહાદના માટે સરદાર બનીને નીકળ્યા તેમની સંખ્યા ૨૮ છે. તે ઉપરાંત જે જંગોમાં હુઝૂરે કોઈને





સિપેહ સાલાર (સેનાપતિ) બનાવીને રવાના કર્યા તેમને સરાયા કહે છે, તેમની સંખ્યા લગભગ ૬૦ છે. નીચેના લખાણમાં અમે એક નકશો રજુ કરીએ છીએ જેનાથી જણાશે કે કયો ગઝવહ્ કયાં, કયારે, કેટલી સંખ્યામાં મુજાહિદો અને કોના મુકાબલામાં થયો :–

| ક્રમ નં. | ગઝવહનુ નામ | મુજાહિદોની સંખ્યા | તારીખ તથા સન હિ. | તારીખ તથા સન ઈસ્વી. | કોના મુકાબલામાં |
|---|---|---|---|---|---|
| ૧ | અબવા | ૭૦ | સફર, હિ.સ.૨ | ઓગષ્ટ, ઈ.સ. ૬૨૩ | કુરૈશના કાફલાની રોક થામ |
| ૨ | બવાત | ૨૦૦ | રબીઉલ આખર હિ.સ.–૨ | ઓકટો. ઈ.સ. ૬૨૩ | કુરૈશ કાફલાની રોકથામ |
| ૩ | સફવાન | ૭૦ | " " | " " | કરઝ બિન જાબિર ડાકૂનો પીછો કરવો |
| ૪ | ઝુલ અશીર | ૧૫૦ | જમાદીલ ઉલા, હિ.સ.–૨ | નવે. હિ.સ. ૬૨૩ | યન્બૂઅ કબીલાસાથે કરાર માટે |
| ૫ | બદરુલ્ કુબરા | ૩૧૩ | ૧૨, ૧૭ રમઝાનુલ મુબારક, હિ.સ.–૨ | ૮–૧૩, માર્ચ ઈ.સ. ૬૨૪ | એક હજાર કુરૈશના કાફિરો |
| ૬ | બનૂ કૈનકાઅ | –– | ૧૫–શવ્વાલ હિ.સ.–૨ | ૧૦–એપ્રિલ ૬૨૪ | યહૂદી કબીલા |
| ૭ | અસ્સવીક | ૨૦૦ | ૫–ઝીલહજ્જ હિ.સ. ૨ | ૨૯–મે, ઈ.સ. ૬૨૪ | સખર ઈબ્ને હર્બ ઉમવીના પીછામાં |
| ૮ | બનૂ સુલૈમ, ઝી અમર | ૨૦૦ | ૩–મુહર્રમ હિ.સ.–૩ | જૂન, ઈ.સ. ૬૨૪ | કબીલએ બનૂ સુલૈમ કે ગુતફાન |
| ૯ | ગુતફાન, અનમાઝ | ૪૫૦ | જમાદીલ ઉલા હિ.સ. ૪ | ઓકટો–નવે. ઈ.સ. ૬૨૫ | બનુ ષઅલ્બા, બનૂ મહારિબ |
| ૧૦ | ઓહદ | ૫૬૦ | ૧૫–શવ્વાલ હિ.સ. ૩ | ૨૨–માર્ચ ઈ.સ. ૬૨૫ | મદીનાથી ત્રણ માઈલ દૂર અરબના કાફિરો |
| ૧૧ | હમરાઉલ અસદ | ૫૪૦ | ૭–શવ્વાલ હિ.સ.–૩ | જૂન, ઈ.સ. ૬૨૫ | ઓહદના બીજા દિવસે પીછો |
| ૧૨ | બનુ નઝીર | | રબી. અવ્વલ હિ.સ. ૪ | ––– | યહૂદીઓનો પીછો |
| ૧૩ | બદરે ઉખરા | ૧૫૧૦ | ઝીલ કઅદ હિ.સ. ૪ | એપ્રિલ ઈ.સ. ૬૨૬ | ઉન્સદાદે કબીલાએ કુફ્ફારે કુરૈશ |
| ૧૪ | દુમતુલ જન્દલ | ૩૦૦૦ | ૨૫–રબી. અવ્વ. હિ.સ. ૫ | ૨૪–ઓગષ્ટ ઈ.સ. ૬૨૬ | અરબના કાફિરોના વિવિધ કબીલા |

| ક્રમ નં. | ગઝવહનુ નામ | મુજાહિદોની સંખ્યા | તારીખ તથા સન હિ. | તારીખ તથા સન ઈસ્વી. | કોના મુકાબલામાં |
|---|---|---|---|---|---|
| ૧૫ | મરીસીઅ | ——— | ૨—શાબાન હિ.સ. ૫ | ૨૮—ડીસે. ઈ.સ. ૬૨૬ | બનૂ મુસ્તલકની તથા યહૂદી કબીલા |
| ૧૬ | ખન્દક (અહ્‌ઝાબ) | ૩૦૦૦૦ | ૮—ઝીલ કઅદ હિ.સ. ૫ | ૩૧—માર્ચ ઈ.સ. ૬૨૭ | કુરૈશના કાફિરો તથા યહૂદી કબીલા |
| ૧૭ | બનૂ કરીઝા | ——— | ઝીલ હજ્જ હિ.સ. ૫ | ——— | યહૂદી કબીલા બનૂ કરીઝા |
| ૧૮ | બની લહ્‌યાન | ૨૦૦ સવાર | ૧, રબી.અવ્વલ હિ.સ. ૬ | ૨૧—જુલાઈ ઈ.સ. ૬૨૭ | અહલે રજીઅ ઈસ્લામ ના મુબલ્લિગોના કાતિલો |
| ૧૯ | ઝીકુર્દ (ગાબા) | ૫૦૦ | રબીઉષ્ષની હિ.સ. ૬ | ——— | ડાકૂઓની વિરૂધ્ધ |
| ૨૦ | હુદૈબિયહ્ | ૧૪૦૦ | ઝીલ કઅદ હિ.સ. ૬ | ૧૩—માર્ચ ઈ.સ. ૬૨૮ | મક્કાના કુરૈશીઓ ઉમરાથી રોકનારા |
| ૨૧ | ખૈબર | ૧૪૨૦ | મુહર્રમ હિ.સ. ૭ | સપ્ટેમ્બર ઈ.સ. ૬૨૮ | યહૂદી કબીલા |
| ૨૨ | વાદીઉલ કુરા | ૩૮૨ | '' | '' | '' '' |
| ૨૩ | ઝાતુર્રિકાઅ | ૪૦૦ | ૧૦—મુહર્રમ હિ.સ. | ——— | વિવિધ કબીલા |
| ૨૪ | ફતહે મક્કા | ૧૦,૦૦૦ | ૧૦—રમઝાન હિ.સ. ૮ | ૧—જાન્યુ. ઈ.સ. ૬૩૦ | કુરૈશ |
| ૨૫ | હુનૈન | ૧૨,૦૦૦ | શવ્વાલ હિ.સ. ૮ | જાન્યુ—ફેબ્રુ. ઈ.સ. ૬૩૦ | વિવિધ કબીલા |
| ૨૬ | તાઈફ | '' | '' | ફેબ્રુઆરી ઈ.સ. ૬૩૦ | વિવિધ કબીલા |
| ૨૭ | તબૂક | ૩૦૦૦ | રજબ હિ.સ. ૯ | નવેમ્બર ઈ.સ. ૬૩૦ | રોમના કૈસરની ફોજ |

આ તમામ ગઝવાત તથા સરાયા (જંગો) હિ.સ. ૨, ઈ.સ. ૬૨૪ થી હિ.સ. ૯, ઈ.સ. ૬૩૧ સુધી આઠ વરસના ગાળામાં થયા. જેમાં કુલ **૯૧૮** માણસો માર્યા ગયા. કાફિર તથા મુશ્રિકોના ૬૫૬૫ માણસોને લશ્કરી કૈદી બનાવવામાં આવ્યા.એમાંથી ૬૩૪૭ કેદીઓને હુઝૂર રહ્‌મતુલ્ લિલ્ આલમીન صلی اللہ تعالیٰ علیہ وسلم એ આઝાદ ફર્માવ્યા. આ છે ઈસ્લામી જેહાદના પ્રાથમિક દૌરનું ચિત્ર જે દુનિયાની નિગાહો





સામે સૂર્યની જેમ ચમકી રહ્યું છે. દુનિયામાં ઈસ્લામી ઈન્કિલાબને અસ્તિત્વમાં લાવવા માટે આ ઈન્કિલાબના બાનીના દમથી દુનિયાને જે ફાયદાઓ નસીબ થયા અને ઈન્સાનિયત જે ઈજ્જતો કદરોથી માલામાલ થઈ ગઈ એ પણ નજરો સમક્ષ છે.

## ★ પ્રગતિ પામેલ દુનિયાનાં કારનામાંઓ ! ★

એથી ઉલ્ટુ દુનિયામાં ઈસ્લામી જેહાદને ગુંડાગીરી, લૂટારાપણા અને જંગલીપણાનું નામ આપનારાઓનાં કારનામાંઓનો એક ઉડતી નજરે અભ્યાસ કરતા ચાલીએ જેથી પોતાને સુસંસ્કૃત અને સભ્યતાવાળાઓને અસભ્ય ગણાવનારાઓના જંગલીપણુ અને કેવળ પોતાની સત્તા પ્રાપ્તિના હેતુ માટે, દૌલત પ્રાપ્તિ અને પાયાહિન તરફદારીની બુનિયાદ પર દુનિયાને ખૂનામરકીની ભટ્ટીમાં ફેંકનારા લોકોએ આહો, આંસુઓ, વિરાની, જલન, તબાહી તથા બર્બાદી સિવાય દુનિયાને શું આપ્યું ? હમણાં જ સ્પષ્ટ થઈ જશે. અમે અહીં હવે સંક્ષિપ્તમાં **પ્રથમ વિશ્વયુધ્ધ**ના અને **બીજા વિશ્વયુધ્ધ**ની તબાહીઓનું લિસ્ટ વાંચકોની ખિદમતમાં રજુ કરીએ છીએ. યાદ રાખશો કે આ સંખ્યા તથા ગણત્રીમાં કેદી તથા ઘાયલ પામેલા લોકોનો સમાવેશ નથી. જે જમાનામાં આ યાદી પ્રસિધ્ધ કરવામાં આવી હતી ત્યાર બાદ પણ કેટલાક સ્થળોએ યુધ્ધ ચાલુ રહ્યું.

### ★ પ્રથમ વિશ્વયુધ્ધમાં ★

| દેશનુ નામ | સંખ્યા શબ્દોમાં | સંખ્યા અંકમાં |
|---|---|---|
| રશિયા | સત્તર લાખ | ૧૭૦૦૦૦૦ |
| જર્મની | સોળ લાખ | ૧૬૦૦૦૦૦ |
| ફ્રાંસ | તેર લાખ સિત્તેર હજાર | ૧૩૭૦૦૦૦ |
| ઈટાલી | ચાર લાખ સાઈઠ હજાર | ૪૬૦૦૦૦ |
| ઓસ્ટ્રિયા | આઠ લાખ | ૮૦૦૦૦૦ |

| દેશનુ નામ | સંખ્યા શબ્દોમાં | સંખ્યા અંકમાં |
|---|---|---|
| બ્રિટન | સાત લાખ | ૭૦૦૦૦૦ |
| તુર્કી | બે લાખ પચાસ હજાર | ૨૫૦૦૦૦ |
| બેલ્જિયમ | એક લાખ બે હજાર | ૧૦૨૦૦૦ |
| બલ્ગારિયા | એક લાખ | ૧૦૦૦૦૦ |
| રોમાનિયા | એક લાખ | ૧૦૦૦૦૦ |
| સરોયા માન્ટિગરી | એક લાખ | ૧૦૦૦૦૦ |
| અમેરિકા | પચાર હજાર | ૫૦,૦૦૦ |
| **કુલ** | **તોત્તેર લાખ બત્રીસ હજાર** | **૭૩૩૨૦૦૦** |

**★ બીજા વિશ્વયુધ્ધમાં ★**

| | | |
|---|---|---|
| રશિયા | બે કરોડ દસ લાખ | ૨૧૦૦૦૦૦૦ |
| જર્મની | સોળ લાખ | ૧૬૦૦૦૦૦ |
| પોલેન્ડ | નવ લાખ | ૯૦૦૦૦૦ |
| ચીન | ત્રીસ લાખ | ૩૦૦૦૦૦ |
| જાપાન | સત્તાવીસ / પચાસ લાખ | ૨૭/૫૦,૦૦૦૦૦ |
| ઓસ્ટ્રિયા | સાત લાખ | ૭૦૦૦૦૦ |
| રોમાનિયા | સાત લાખ | ૭૦૦૦૦૦ |
| ફિનલેન્ડ | એક લાખ ત્યાસી હજાર | ૧૮૩૦૦૦ |
| જેકોસ્લોવેકિયા | સાઈઠ હજાર | ૬૦,૦૦૦ |
| સ્લાવિકિયા | ત્રીસ લાખ પચાસ હજાર | ૩૦૫૦૦૦૦ |
| અમેરિકા | દસ લાખ સિત્તેર હજાર | ૧૦૭૦૦૦૦ |
| બ્રિટન | ચૌદ લાખ ત્રીસ હજાર | ૧૪૩૦૦૦૦ |





| દેશનુ નામ | સંખ્યા શબ્દોમાં | સંખ્યા અંકમાં |
|---|---|---|
| ફ્રાંસ | દસ લાખ | ૧૦,૦૦૦૦ |
| ઈટાલી | અગીયાર લાખ | ૧૧૦૦૦૦૦ |
| યોગોસ્લેવિયા | સોળ લાખ પચાસ હજાર | ૧૬૫૦૦૦૦ |
| હંગેરી | છ લાખ | ૬૦૦૦૦૦ |
| હોલેન્ડ | બે લાખ પચાસ હજાર | ૨૫૦૦૦૦ |
| બેલ્જિયમ | સાઈઠ હજાર | ૬૦,૦૦૦ |
| ફિલિપાઈન્સ | ત્રીસ હજાર | ૩૦૦૦૦ |
| **ટોટલ** | **ચાર કરોડ ચોત્રીસ લાખ તેંતાલીસ હજાર અગીયાર** | **૪,૩૪,૪૩૦૧૧** |

કત્લ થનાર તથા હલાક થનારાઓની આ લિસ્ટને જોઈને તે જંગોના સુરમાઓને ઈન્સાનિયતના કયા ખાનામાં ફિટ કરવામાં આવે અને જે કૌમોનાં આ કારનામાં છે તે કયા મોઢે ઈસ્લામી જેહાદની પાકીઝા ચળવળ પર આંગળી ચીંધી શકે છે ?! જે લોકોએ પોતાના નીચ મકસદને ખાતર દુનિયાની આબાદીને એક જ સાથે આગની ભઠ્ઠીમાં ઝોંકી દીધી, યુધ્ધના અગ્નિકુંડ પર ઉભી કરી દીધી તે આવે, અને હવેથી ઈસ્લામના હકીકી પુર અમન, માણસાઈપૂર્ણ નિયમો પર સ્વીકૃતિનુ માથુ ઝુકાવે.

## ★ કેટલાક અન્ય યુધ્ધને લગતા નમૂના ★

ઈસાઈઓની સત્તાના ઈતિહાસમાં એ વાત ખૂબ જ સામાન્ય હતી કે રોમન કેથોલીક અને પ્રોટેસ્ટનટ ફિર્કા અને અન્ય ગૃપો સદીઓ સુધી એકબીજાની ખૂનરેજી કરતા રહ્યા, એમાં દરેક ફિર્કો એકબીજાને કત્લ ગારતગરીનો એ રીતે નિશાનો બનાવતો જેવી રીતે એક દુશ્મન કૌમને બનાવવામાં આવે છે.

એ જ પ્રમાણે રોમના શાહે જ્યારે યહૂદીઓ પર પકડ

જમાવી તો યહૂદીઓનાં સર્વ પ્રાર્થનાલયોને જમીન દોસ્ત કરી દીધાં, ત્યાં સુધી કે આ ખેલ જેરૂસલમમાં ખૂબ જ મોટા પ્રમાણમાં ખેલવામાં આવ્યો.

એ જ પ્રમાણે (પારસી) ઈરાનીઓએ પરવેઝના જમાનામાં એશિયાના પ્રદેશ પર કબજો કરીને ત્યાંના દેવળોને નષ્ટ કરી દીધાં હતાં. એ જ પ્રમાણે બરાબર દસ વરસ પછી ઈસાઈઓએ જ્યારે ફરી પકડ જમાવી તો પારસી પ્રાર્થનાલયોનાં નામો નિશાન સુધ્ધાં મિટાવી દીધાં અને માનવ વસ્તીઓને ઘેટાં, બકરાં કે ખેતીની ફસલોની જેમ કાપીને રાખી દીધી હતી.

મધ્ય યુગમાં જ્યારે સલીબી જંગોનો લાંબો ક્રમ મુસલમાનો પર લાદી દેવામાં આવ્યો તો મુસલમાન પોતાની ઈસ્લામી જેહાદની તાલીમાતની મર્યાદાઓમાં પોતાના વાયદાની પાબંદી કરતા રહ્યા અને સબીલીઓનો એ હાલ હતો કે ગદ્દારી થકી ખૂનરેજી તથા તબાહી ફેલાવતા રહ્યા. મુસલમાન માનવ જીવ રક્ષા તથા હિફાઝતનો ફરીઝો અંજામ દેતા રહ્યા અને સલીબી ખૂનરેજી કરીને મઝલૂમોના ગુથણ ગુથણ જેટલા લોહીમાં વિજયના જશ્નનો નાચ કરતા રહ્યા.

## ★ કરારભંગનું દ્રષ્ટાંત ★

સલીબી બહાદુર પોતાના બીજા હુમલામાં જ્યારે મઅરેતુન્નોઅ્માન પહોંચ્યા અને મઅરાના મુસલમાન રહેવાસીઓએ મજબૂરીની હાલતમાં હથિયાર હેઠાં મૂકી દેવાનો ઈરાદો કર્યો તો સલીબી ફોજના સરદારો સાથે શાંતિ કરાર કર્યો કે અમે લોકો એ શરતે હથિયાર નાખી દઈએ છીએ કે મઅરાવાળાઓના જાન, માલ, ઈજ્જત, આબરૂ પર કોઈ આંચ નહીં આવે. સલીબી સરદારોએ તેને મંઝૂર કર્યું અને જ્યારે મસીહી (ઈસાઈ) ફોજો આબાદીમાં પ્રવેશી તો શું થયું ? ખૂદ તે ફૌજમાં સામેલ અંગ્રેજોનું બયાન છે કે મઅરાવાળાઓની એકધારી કત્લેઆમ શરૂ થઈ, મકાનો સળગાવવામાં આવ્યાં, પુરૂષોમાં જે લોકો તંદુરસ્ત તથા યુવાન હતા તેમને માર્યા તો ખરા પણ બાળકો, વૃધ્ધો,





સ્ત્રીઓ સૌના ઉપર એક તરફથી જુલ્મો સિતમની આગ વરસાવવામાં આવી. આ પ્રમાણે એક લાખ માણસોને કત્લ કરી દેવામાં આવ્યા.

એ આબાદીને કબ્રસ્તાનમાં ફેરવ્યા બાદ સલીબી સૂરમાઓએ બયતુલ મુકદ્દસ પર હુમલો કર્યો. ત્યાંના લોકોને પોતાની ફૌજી શકિતની ખબર હતી જેથી તેમણે સમાધાનની રજુઆત કરી. ઈસાઈ સિપેહસાલારે ત્યાંના રહેવાસીઓના જાનમાલની રક્ષાનો કરાર કર્યો. એ કરાર કર્યા બાદ સલીબી ફોજના સરદારને શહેરમાં પ્રવેશવાની રજા મળી ગઈ. સુલેહના કરારની નિશાની રૂપે મસ્જિદે અકસા પર એક સફેદ ઝંડો લેહરાવવામાં આવ્યો.

પરંતુ અફસોસ ! અંબિયા તથા રસૂલોની આ મુકદ્દસ સરઝમીન ત્યાર બાદ દરિંદાઓના હાથે કેવી રીતે માનવ લોહીથી રંગીન કરવામાં આવી ! બયતુલ્ મુકદ્દસ શહેર તથા મસ્જિદે કુદ્સના હરમને મુસલમાનોની કત્લગાહ બનાવવામાં આવી. સિત્તેર હજાર માણસો જેમાં સાલેહ લોકો, ઉલમા, ઝાહિદો અને અહલે કમાલ હતા, મસ્જિદે અકસાની અંદર તે સૌને શહીદ કરી દેવામાં આવ્યા. શહેરની સડકો, ગલી, કૂચાઓ લાશોથી ઉભરાઈ ગઈ. માનવ અંગોને માર્ગોમાં ચિથડાંઓની જેમ વિખેરી દેવામાં આવ્યાં. ત્યાર બાદ ઈસાઈ સિપાહી પવિત્ર મસ્જિદમાં કલાકો સુધી લોહીમાં ચાલીને જશ્ને ફતહમાં નાચતા રહ્યા.

નસરાની બહાદુરોએ શહેરને પવિત્ર કરવાના માટે ત્યાંના રહેવાસીઓની કત્લેઆમ કરવી પણ જરૂરી સમજી અને મજબૂર તથા એકલા શહેરવાસીઓના ખૂન સાથે તેમની કામયાબી તથા કામરાનીનું છેલ્લુ પ્રકરણ લખવામાં આવ્યું.

## ★ તસ્વીરની બીજી બાજુ ★

અને એ જ બયતુલ્ મુકદ્દસને જ્યારે ઈસ્લામી સિપેહ સાલાર સલાહુદ્દીન ઐયૂબી رضی اللہ عنہ એ તે મહાન જુલ્મના કેવળ ૯૦ (નેવુ) વરસો બાદ ફતહ કર્યું તો એ છતાં કે મઝલૂમ મુસલમાનોનો ઈતિહાસ

જુનો ન થયો હતો, કત્લ થનાર તથા ઝબહ થનારના લોહીની લાલાશ બૈતુલ્ મુકદ્દસની દરોદીવાર પર મૌજૂદ હતી, મસ્જિદે અકસાના સહેનમાં તડપતી ઉલમા તથા ફુઝલાની લાશોના મન્ઝર તરોતાઝાં હતાં, (છતાં) સુલ્તાને ઈસ્લામી અખ્લાક અને માનવીય માન મર્તબા અને જેહાદના નિયમોના બરાબર હેઠળ રહીને તે શહેરવાસીઓ પર કોઈ અયોગ્ય કદમ ન ઉઠાવ્યું.

પશ્ચિમથી આવીને લગભગ એક લાખ નસરાની ત્યાં વસી ગયા હતા તેમને દરેક પ્રકારની આઝાદી આપી અને એલાન કર્યું કે જે કયાંક બીજે તબદીલ થવા ચાહે તેને સંપૂર્ણ આઝાદી છે. મિસ્કીન તથા ગરીબ લોકો પાસેથી કાંઈ લીધા વિના ત્યાંથી ચાલ્યા જવાની સરળતાઓ પૂરી પાડી અને હિફાઝતની સાથે તેમની મંઝિલ સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરી. વ્યવસ્થાના કાર્ય માટે કેવળ તેઓમાંના માલદારો પાસેથી ખૂબ જ મામૂલી રકમ વસૂલ કરી. તબદીલીની તૈયારીઓના માટે ૪૦ દિવસનો સમય મળ્યો જેમાં સંપૂર્ણ તૈયારી પછી ૮૪ હજાર માણસો અકા વગેરે અન્ય સ્થળોએ ચાલ્યા ગયા. ફિદિયાની રકમ ખૂબ જ મામૂલી હતી તેમ છતાં જે લોકો અદા ન કરી શકયા તેમના તરફથી સુલ્તાનના ભાઈએ તે પ્રકારના બે હજાર માણસોનો ફિદિયો પોતાના હાથોથી અદા કર્યો. ઈસાઈ પિટર ઓફ માર્કે જવાનો ઈરાદો કર્યો તો પોતાની અઢળક દૌલત, ઝર જવેરાત અને સામાનની સાથે સુલ્તાને બોડી ગાર્ડોના કાફલા સાથે તેની મંઝિલ સુધી તેને પહોંચાડયો. તે સમયે તમામ ઈસાઈ દુનિયા મુસલમાનોના લોહીની તરસી હતી અને હિલાલ તથા સલીબની લડાઈ પૂરા જોશમાં હતી. સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબી رحمة الله એ પોતાના કરારની પૂરી પાંબદી કરતાં ઈસાઈઓને અકા, સૂર અને સૈદાની ઈસાઈ વસ્તી સુધી જ્યાં તેઓ જવા ઈચ્છતા હતા પોતાની રક્ષક ફૌજની નિગરાનીમાં સલામતીપૂર્વક રવાના કરી દીધા.

એ જ ખલાસીના જમાનામાં કેટલીક ઈસાઈ સ્ત્રીઓ સુલ્તાનની પાસે દરખાસ્ત લાવી કે અમારા ઘરના પુરૂષો જંગમાં માર્યા ગયા





છે અને કેટલાક યોધ્ધા કેદી છે તો અમારી દેખરેખ રાખનાર કોઈ નથી જેની સાથે અમે સફર કરી શકીએ. તેમની દુઃખભરી દાસ્તાન સાંભળીને સુલ્તાનની આંખો અશ્રુમય થઈ થઈ. તેમના પતિઓ, ભાઈઓ તથા પુત્રો જેઓ કેદમાં હતા તેમને મુકત કરી દેવામાં આવ્યા અને ખૂબ માલ આપીને તેમને વિદાય કર્યા.

એ પ્રસંગે જે નસરાનીઓ વતન ત્યજીને ત્યાંથી ઈન્તાકિયા ગયા તેમની સાથે તેમના સમ ધર્મવાળાઓએ એવો વર્તાવ કર્યો કે શહેરમાં પ્રવેશવા પણ ન દીધા. કેટલાક તરાબુલ્સની તરફ કૂચ કરનારાઓને લેટીન તરાબુલ્સવાળાઓએ મારી ભગાડયા અને તેમનો માલ સામાન જે તેઓ મુસલમાનો પાસેથી લઈને ગયા હતા તે પણ છીનવી લીધો.

એ જ પ્રમાણે સુલ્તાન મુહમ્મદ ફાતેહે જ્યારે કુસ્તુન્તુનિયા (કોન્ટેન્ટિનોપલ) ફતહ કર્યું તો ત્યાંના લોકો ઈસ્લામી અખ્લાકનો દરિયા દિલીવાળો સુલૂક કર્યો જેને ઈસ્લામી ઈતિહાસવેત્તાઓની સાથોસાથ ગેર મુસ્લિમ ઈતિહાસકારોએ પણ વખાણ્યો છે. સુલ્તાન જ્યારે અયાસુફિયાના દેવળમાં આવ્યો તો તેણે ગભરાઈ ગયેલા પાદરીઓ તથા ત્યાં પનાહ લેનારાઓને જોયા અને તે સૌને પનાહ આપી અને વિ□ાસ અપાવ્યો કે તેમના દરેક દુઃખ દર્દનો ઈલાજ કરવામાં આવશે, જેથી ગભરાયેલાઓએ ઈત્મિનાનનો શ્વાસ લીધો અને પોતપોતાના ઘરે પાછા ફર્યા. કોઈ મુસલમાન સિપાહીએ અમ્ન પછી તેમનામાંથી કોઈનો વાળ પણ વાંકો ન વાળ્યો. ઈસાઈઓને પોતાના મઝહબના રસ્મો રિવાજની સંપૂર્ણ આઝાદી આપી. તે લોકો પોતાનો પિટર ઓફ પાર્ક ખૂદ પસંદ કરતા હતા. તેમ જ નતીનીઓના સમયમાં જેવી રીતે તે ચૂંટણીના પ્રસંગે હુકરામન શરીક થતા હતા એ રીતે સુલ્તાને પણ ખૂદ ખૂબ શાનો શૌકતની સાથે તે પ્રસંગમાં ભાગ લીધો અને તેને શાહી ઈનામોથી નવાઝયો. અને સત્તા આપી કે તમામ મઝહબી બાબતોના ફૈસલા તે કરે અને પોતાના તે હક્કો તથા અધિકારોનો ઉપયોગ કરે જે

પહેલાંના પિટર ઓફ પાર્ક કરતા હતા. બાદશાહે એ પ્રસંગે પિટરને એક સુસજ્જ ઘોડો આપ્યો અને પોતાના ખાસ બોડી ગાર્ડનો એક કાફલો તેની સેવામાં નિયુકત કર્યો. એ વાત યાદ રાખશો કે સુલ્તાન મુહમ્મદ ફાતેહ એક ફાતેહની હૈસિયતથી કુસ્તુન્તુનિયામાં પ્રવેશ્યો હતો, તેની સાથે કોઈનો કરાર થયો ન હતો કે જેને પાળવું લાઝમી બને. પરંતુ વાસ્તવમાં ઈસ્લામી બંધારણમાં માનવીનો માન મર્તબો જે મહત્વ ધરાવે છે તેના એ લોકો કદરદાન હતા એટલા માટે દરેક સંજોગોમાં ઉદારવૃત્તિ, ફૈયાઝી, અખ્લાક તથા સખાવતની ચાદર ફેલાયેલી રાખતા હતા.

સુલ્તાનના આ વર્તનના કારણે કુસ્તુન્તુનિયાના ગૈર મુસ્લિમ પોતાને બાઝ નતીનીના દૌર કરતાં અધિક સુરક્ષિત સમજતા હતા અને ઈસ્લામી રાજ્ય સત્તાને અમ્નો સલામતીનુ સ્થાન સમજતા હતા.

અને એ જ કુસ્તુન્તુનિયા (ઈસ્તંબુલ) જ્યારે ઈસાઈઓના કબજામાં આવ્યું તો તે લોકોએ ખૂદ પોતાના ધર્મ ઓર્થોડોકસ ફિર્કાના ઈસાઈઓની સાથે કેવો વર્તાવ કર્યો તે વિશે અનસેન્ટ સોઈમ પાપાએ રોમનુ બયાન સાંભળો જેને અમે મશહૂર અરબ મુફક્કિર ડોકટર મુસ્તફા સબાઈની કિતાબ ''મિન્ રવાએઅ્ હઝારત્ના''થી નકલ કરીએ છીએ :–

''મસીહના માનવાવાળાઓ અને તેમના ધર્મના હામીઓની ફરજ તો એ હતી કે તેઓ પોતાની તલવારોનુ રૂખ મસીહિયતના મહા દુશ્મન (ઈસ્લામ)ની પ્રતિ ફેરવતે. પરંતુ અફસોસ ! કે તેમણે ખૂદ મસીહીઓનુ લોહી વહેડાવ્યું જેને વહાવવું તેમના માટે ધાર્મિક રીતે હરામ હતું, પરંતુ તેમણે તેની પરવા ન કરી અને લોહીના દરિયા વહાવ્યા અને ન ધર્મનો કોઈ એહતેરામ કર્યો ન સ્ત્રી પુરૂષનો કોઈ ફરક બાકી રાખ્યો અને ન વૃધ્ધોનો કોઈ લેહાઝ રાખ્યો. ધોળા દહાડે વ્યભિચારો કર્યા, રાહિબ ઔરતો, બાળકોવાળી માતાઓ અને કુંવારી છોકરીઓ તેમની હવસખોરીની સામે લાચાર હતી, અને તે લશ્કરના બદકાર





દરિન્દાઓએ તેમને ચૂંથી કાઢી. તે લોકોએ બાદશાહ અને અન્ય અમીર ઉમરાવોની દૌલત લૂટવા પર જ સંતોષ ન માન્યો બલ્કે દેવળોની જમીનો અને જાયદાદોને પણ ખૂબ લૂટી, તેમણે દેવળોની પણ બેહુર્મતી કરી, તેની મુકદસ તસ્વીરો, સલીબો અને મોતબર્રક આષારો સુધ્ધાં લૂટી લીધાં.''

મશહૂર ઈતિહાસકાર શારલ ડેલ લખે છે :–

''આ મદહોશ લશ્કર કનીસા અયા સૂફિયામાં દાખલ થયું, પવિત્ર કિતાબોને નષ્ટ કરી, શહીદોની તસ્વીરોને પોતાના પગોથી કચડી. એક બદ કિરદાર ઔરત ત્યાં પિટર ઓફ પાર્કની ખુરશી પર બેઠી અને મોટા અવાજે ગાવા લાગી. શહેરથી ઈલ્મે દીનની નિશાનીઓ નષ્ટ કરી દીધી અને સોના ચાંદીની બનેલી મૂર્તિઓને તોડવામાં આવી જેથી તેના વડે સિક્કા ઢાળવામાં આવે.'' (મિન રવાએઅ્ હઝારત્ના)

''જે રાહિબો (પાદરીઓ)એ આ દર્દનાક દ્રશ્યોને પોતની આંખો વડે જોયાં તેઓ બયાન કરે છે કે હકીકતમાં હઝરત મુહમ્મદના અનુયાયીઓએ આ શહેરની સાથે એવો વર્તાવ નથી કર્યો જેવો ખૂદ મસીહનુ નામ લેવાવાળાએ કર્યો.'' (હવાલો ઉપર મુજબ)

આ દ્રષ્ટાંતને હવે વધારે આગળ ન લંબાવતાં હું બૈતુલ મુકદસની પ્રથમવાર ફતહના પ્રસંગે સૈયદના ફારૂકે આઝમ رضی اللہ عنہ નો તે પવિત્ર ભૂમીવાળાઓને અતા કરેલ ''શાતિનો પરવાનો'' નકલ કરીને વિષયને સમેટી લઉં છું.

ઉપરોકત તમામ મસીહી (ઈસાઈ) તથા ગૈર ઈસ્લામી તાકાતોની શૈતાનયિતને દ્રષ્ટિ સમક્ષ રાખીને તે ઉપરાંત પણ વિ□ના નકશામાં લશ્કરી તાકાતના ભરોસા પર ઉભરનાર ફિત્નાઓને પારખો તો અમ્નો શાંતિનો એકલો કાનૂન કેવળ અને કેવળ ઈસ્લામમાં જ મળ શે જેણે ઈસ્લામી જાનો માલ તથા ઈજ્જત આબરૂને પવિત્ર ઠરાવી અને ઈસ્લામના સાચા અનુયાયીઓએ સુવર્ણ યુગમાં તેના પર અમલ કર્યો.

## ★ અહલે કુદ્સ (બય્તુલ મુકદ્દસવાસી)ઓને અમ્નનો પરવાનો ★

હઝરત સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના ખિલાફતકાળમાં બૈતુલ મુકદસ પ્રથમ વાર ઈસ્લામી પરચમ હેઠળ આવ્યું ત્યારે આપે ખિલાફતની મોહરની સાથે "અમાનનામા" બૈતુલ મુકદસવાળાઓને અતા ફર્માવ્યું હતું. તેની કેટલીક કલમો તિબરીના હવાલાથી અહીં રજુ કરવામાં આવે છે જેના થકી ઈસ્લામનો ગૈર મુસ્લિમો સાથે છૂટછાટ રાખવા વિશેનો ખયાલ સ્પષ્ટ થઈ જશે. ત્યાં સુધી કે સૈયદના હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ **અશિદ્દાઉ અલલ્ કુફ્ફાર**ના ઉત્તમ મઝહર (પ્રદર્શનકારી) હતા, પણ જ્યારે અદ્લો ઈન્સાફનુ ત્રાજવુ હાથમાં પકડે છે તો ખિલાફતે રાશિદાનો એવો નૂરાની દૌર સામે આવે છે કે કહી શકાય છે કે રસૂલે અકરમ સૈયદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم જે કાનૂને ખુદાવંદી લઈને આવ્યા તેના અમલી નમૂનાનો મહાન કિસ્સો સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના ખિલાફતકાળમાં પરિપૂર્ણ થયો. તેનું એક દ્રષ્ટાંત બૈતુલ મુકદસની ફતહ (જીત) પણ છે. આપના કરારનામામાં છે :–

"અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન અતિ રહમવાળો. આ તે અમાન છે જે અલ્લાહના બંદા ઉમર અમીરુલ મુઅ્મિનીનને ઈલિયા (બૈતુલ મુકદસ)વાળાઓને અતા કરી. આ અમાન તેમની જાન તથા માલ તેમના દેવળો તથા ક્રોસો માટે છે, તેમના બીમારો અને તંદુરસ્તો અને તેમની આખી કૌમના માટે છે. તેમની ઈબાદતગાહો (પ્રાર્થનાલયો)માં રહેઠાણ અપનાવવામાં આવશે ન તો તોડી પાડવામાં આવશે, તેમના દેવળો તથા તેની સાથેનાં મકાનો, તેમના ક્રોસો અને તેમની જાયદાદોમાં કોઈ પ્રકારની કમી કરવામાં આવશે નહીં અને ન તો તેમાં કોઈને નુકસાન પહોંચાડવામાં આવશે. (તિબરી, ભાગ–૧, પેજ–૨૪૫, વઅદિરાયહ્ફી તખરીજે અહાદીષિલ હિદાયહ્, પ્રેસ–દિલ્હી, પેજ–૩૬૦)

બૈતુલ મુકદસ આગમનના વખતે સૈયદના ફારૂકે આ'ઝમ





رضی اللہ عنہ એ ઈસાઈ પેશવા બતર્રીકની સાથે ત્યાંના પવિત્ર સ્થળોની મુલાકાત લીધી અને રિવાયત છે કે જ્યારે આપ દેવળના રહેઠાણમાં હતા ત્યારે નમાઝનો સમય થઈ ગયો તો બતર્રીકે વિનંતી કરી કે દેવળમાં જ નમાઝ પઢી લે પણ અમીરુલ મો'મિનીને તેને સ્વીકાર્યું નહીં અને ફર્માવ્યું, જો આજે હું અહીં નમાઝ પઢી લઉં તો શકય છે કે આવનારા યુગમાં મુસલમાન મારી સજદાગાહના ખયાલમાં દાવો કરે કે એને ઈસ્લામી ઈબાદતગાહ બનાવી દેવામાં આવે. અલ્લાહુ અકબર ! કુર્બાન જાવ સૈયદના ફારૂકે આઝમ رضی اللہ عنہ ની ઈમાની બસીરત (દ્રષ્ટિ) પર ! અને ઈન્સાફની નિપૂણતા પર કે ગૈર મુસ્લિમ ઝિમ્મીઓનો તેમને આટલો ખયાલ તથા લેહાઝ હતો. આપના ખિલાફતકાળ દરમ્યાન મુસલમાનોની જેમ ગૈર મુસ્લિમ અપંગોને જરૂરી ખર્ચાનો વઝીફો મળતો હતો.

બેલાઝરીએ લખ્યું છે કે કેટલાક ઈસાઈ કોઢીઓને માટે આપના બૈતુલ માલમાંથી નિશ્ચિત વઝીફો રાખેલો હતો. તેમને ખોરાક તથા રોકડ રકમ સરકારી ખઝાનામાંથી આપવામાં આવતી હતી. (બેલાઝરી, પેજ–૧૨૯)

ઈસ્લામી ઈતિહાસના સોનેરી યુગમાં આ તથા આ પ્રકારના સર્વ કરારો અને માનવતાવાદી અમ્નના પરવાનાઓ (શાંતિ કરારો) હકીકતમાં ઈસ્લામના આમ વિશ્વશાંતિના સૌથી અસરકારક પ્રણેતા અને લીડર હોવાની નિશાની છે. ખુલફાએ રાશિદીનના દૌરની તમામે તમામ ઈસ્લામી ફતહો (વિજયો) અને સાલેહ (નેક) અમીરો તથા સુલ્તાનોની કોશિશો (ચળવળો) હકીકતમાં દુનિયાને શાંતિ (સલામતી) તરફ લઈ જનારી ઈસ્લામી સ્પિરિટની ચળવળો છે. હવે આવો વિચારીએ કે દુનિયાના આમ (સામાન્ય) જંગી કરારોમાં અને ઈસ્લામી કરારોમાં કેટલો મહાન તફાવત છે કે ઈસ્લામ કેવળ ટેમ્પરરી જંગને જીતવાને દ્રષ્ટિમાં નથી રાખતો બલ્કે માનવ દિલોને આ ખેંચતાણમાં પણ પોતાના રબના સીધા માર્ગે રહેવાને પ્રાધાન્ય આપે છે.

## ★ વાયદા તથા કરારનું ઈસ્લામમાં મહત્વ ★

માણસના સંસ્કારિક કમાલો (ગુણ) અને ખૂબીઓમાંથી વચન પાલન પણ એક ઉચ્ચ ગુણ છે. ઈસ્લામમાં તેને પણ ઉચ્ચતા નસીબ થઈ. સામાન્ય જિંદગીના નીતિ નિયમોથી ખૂબ જ આગળ વધીને જંગ તથા લડાઈની કઠિન પળોમાં પણ વાયદા તથા વચન પાલનની કાળજી રાખવી, ઈમાન તથા ઈસ્લામની અનોખી વિશિષ્ટતા છે. આ એક વિશાળ વિષય છે જેને અહીં પૂર્ણપણે વર્ણન કરવાનો હેતુ નથી, કેવળ નિર્દેશ કરવો છે. વાયદા તથા વચનનો જ એક પ્રકાર કાફિરો તથા મુશ્રિકો અને લડનારી કૌમોથી કરાર કરવો તે છે. જે લોકો સાથે મુસલમાનોનો કોઈ કરાર થઈ જાય છે તેમને 'મુઆહિદ' (વાયદો કરનારા) કહે છે. સૂરએ તૌબામાં તેમના વિશે છે :–

"પણ તે મુશ્રિકો જેમની સાથે તમારો કરાર હતો, પછી તેમણે તમારા કરારમાં કોઈ કમી ન કરી અને તમારા મુકાબલામાં કોઈને મદદ ન આપી તો તેમનો કરાર નિશ્ચિત મુદ્દત સુધી પૂર્ણ કરો. બેશક ! અલ્લાહ પરહેઝગારોને દોસ્ત રાખે છે." (સૂ. તૌબા, ૪/૯)

إِلَّا الَّذِينَ عَاهَدتُّم مِّنَ
الْمُشْرِكِينَ ثُمَّ لَمْ يَنقُصُوكُمْ
شَيْئًا وَلَمْ يُظَاهِرُوا عَلَيْكُمْ
أَحَدًا فَأَتِمُّوا إِلَيْهِمْ عَهْدَهُمْ
إِلَىٰ مُدَّتِهِمْ إِنَّ اللَّهَ يُحِبُّ
الْمُتَّقِينَ (القرآن)

કરારની પાબંદીની તાલીમ એ જ સૂરતમાં આગળ જતાં ફરીથી આપવામાં આવી રહી છે, તેમ છતાં પણ કે અલ્લાહ આલિમુલ ગૈબ વશ્શહાદહ્‌ને કાફિરો તથા મુશ્રિકોના વચનભંગની તથા ધોકાની આદતોનો ઈલ્મ છે. આયતનુ તેવર જુઓ :–

"મુશ્રિકોના માટે અલ્લાહ અને તેના રસૂલની પાસે કોઈ કરાર કેમ કરીને થશે ? પણ તેઓ જેમની સાથે તમારો કરાર મસ્જિદે હરામની પાસે થયો, તો

كَيْفَ يَكُونُ لِلْمُشْرِكِينَ عَهْدٌ
عِندَ اللَّهِ وَعِندَ رَسُولِهِ إِلَّا الَّذِينَ
عَاهَدتُّمْ عِندَ الْمَسْجِدِ الْحَرَامِ





જ્યાં સુધી તેઓ તમારા માટે વાયદા પર કાયમ રહે તમે તેમના માટે કાયમ રહો, બેશક ! પરહેઝગાર અલ્લાહને વધુ પસંદ છે."

فَمَا اسْتَقَامُوا لَكُمْ فَاسْتَقِيمُوا
لَهُمْ إِنَّ اللَّهَ يُحِبُّ
الْمُتَّقِينَ ○ (القرآن)

"વળી કેમ કરીને (વાયદો પાળીએ !) તેમનો હાલ તો એ છે કે તમારા પર કાબૂ પામે તો ન કુટુંબીનો લેહાઝ કરે ન કરારનો. પોતાના મોઢ઼ેથી તમને રાજી કરે છે અને તેમનાં દિલોમાં ઈન્કાર છે, અને તેમનામાં મોટા ભાગના નાફર્માન છે." (સૂ. તૌબા, ૭–૮/૯)

كَيْفَ وَإِن يَظْهَرُوا عَلَيْكُمْ لَا
يَرْقُبُوا فِيكُمْ إِلًّا وَلَا ذِمَّةً
يُرْضُونَكُم بِأَفْوَاهِهِمْ وَ
تَأْبَىٰ قُلُوبُهُمْ وَأَكْثَرُهُمْ
فَاسِقُونَ (القرآن)

દુનિયાના તમામ ઈસ્લામના દુશ્મન તત્વોના મુસલમાનો સાથે થયેલા કાફરોમાં ઝાંકીને જુઓ તો ફર્માને હક્ક : **યુર્દૂનકુમ્ બિઅફ્‌વાહિહિમ્ વતઅ્બા કુલૂબુહુમ્**ની ઝલક જરૂર જોવા મળશે. રસૂલે આ'ઝમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના જાહેરી જમાનામાં યહૂદીનો કબીલો બનૂ કરીઝા જે હુઝૂરથી કરાર કરી ચૂકયો હતો કે, "ન અમે તમારી સાથે લડીશું અને ન આપની વિરૂધ્ધ કોઈને મદદ કરીશું." પણ તે લોકોએ તેમનો કરાર ભંગ કર્યો અને મક્કાના કાફિરોએ જ્યારે હુઝૂર પર અને મુસલમાનો પર હુમલો કર્યો તેમણે હથિયારો વડે તેમની મદદ કરી. બાદમાં આવીને તેમણે હુઝૂરની સમક્ષ માફી માગી કે અમારાથી ભૂલ થઈ ગઈ તો કુસૂર માફ કરી આપો ! આ પ્રમાણે ફરીથી કરાર થયો તો તેમણે ફરીથી વચનભંગ કર્યું, તો રબ તઆલાએ તેમને **શર્રુદ્દવાબ** (બદતરીન જાનવર) ફર્માવ્યા. (સૂ. અન્ફાલ, ૫૫/૮)

કેમ કે વચનભંગ કરવો એ દરેક બુધ્ધિશાળી, સમજુ માણસના માટે શરમનો સબબ છે. વચનભંગ કરનાર દરેકની નજરમાં બિન ભરોસાપાત્ર બની જાય છે. જે કૌમનુ વચનભંગ કરવું

પ્રખ્યાત હોય તેમની સાથે કરાર કરતી વખતે મુસલમાનને તાકીદ કરવામાં આવી છે કે :–

وَاِمَّا تَخَافَنَّ مِنْ قَوْمٍ خِيَانَةً فَانْبِذْ اِلَيْهِمْ عَلٰى سَوَآءٍ ؕ اِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْخَآئِنِيْنَ ۝

"અને જો તમે કોઈ કૌમ સાથે દગાનો અંદેશો કરો તો તેમનો કરાર તેમના તરફ ફેંકી દો, બરાબરી પર, બેશક ! દગાવાળા (પ્રપંચી) અલ્લાહને પસંદ નથી." (સૂ. અન્ફાલ, ૫૫/૮)

મુસલમાન ખુદાવંદે કુદુસની તરફથી પોતાના દરેક કરેલા કરારની પાબંદી માટે મજબૂર છે, એમાં જ રબ્બે કાયનાતની રઝા તથા ખુશ્નૂદી છે. વાયદા તથા વચન અને કૌલ તથા કરારને પીઠ પાછળ ફેંકીને તેનાથી મુખ ફેરવવું એ ઈસ્લામમાં અતિશય બુરું તથા બદત છે. ઈર્શાદે રબ્બુલ્ આલમીન છે :–

وَاَوْفُوْا بِعَهْدِ اللّٰهِ اِذَا عَاهَدْتُّمْ وَلَا تَنْقُضُوا الْاَيْمَانَ بَعْدَ تَوْكِيْدِهَا وَقَدْ جَعَلْتُمُ اللّٰهَ عَلَيْكُمْ كَفِيْلًا ۝ اِنَّ اللّٰهَ يَعْلَمُ مَا تَفْعَلُوْنَ ۝

"અને અલ્લાહનો વાયદો પૂર્ણ કરો જયારે કૌલ બાંધો, અને કસમો મજબૂત કરીને ન તોડો અને તમે અલ્લાહને તમારા ઉપર જામિન કરી ચૂકયા છો, બેશક ! અલ્લાહ તમારાં કામો જાણે છે." (સૂ. નહ્લ, ૯૧/૧૬)

સૂરએ બની ઈસ્રાઈલમાં સ્પષ્ટતા સાથે હુકમ છે :–

وَاَوْفُوْا بِالْعَهْدِ ۚ اِنَّ الْعَهْدَ كَانَ مَسْئُوْلًا

"અને વાયદો પૂરો કરો, બેશક ! વાયદાથી સવાલ થાય છે." (સૂ. બની ઈસ્રાઈલ, ૩૪/૧૭)

## ★ કરાર ઈસ્લામી કાનૂનમાં ★

ઈસ્લામી રાજ્ય સરકારો સાથે જે લોકો જંગ પછી કે પહેલાં કોઈ પ્રકારનો કરાર કરી લે અને શરતો નક્કી કરીને તેને





પાળવા પર રાજી થઈ જાય તેને મુઆહિદ કહે છે. હવે તેમની સાથે ઈસ્લામી રાજ્ય અને મુસલમાનોની દરેક વર્તણૂંક એ સુલેહની શરતો અનુસાર થશે. દુનિયાની સંસ્કૃત તથા સભ્ય કહેવાતી કૌમો જરૂરતના સમયે કોઈની સાથે કોઈ પણ કરાર કરી લે છે અને પછી આંતરિક રીતે પોતાના પંજા મજબૂત કર્યા બાદ વાયદા તથા વચનને તોડી ફોડીને મનમાની કરવા લાગે છે. ઈસ્લામી નીતિ નિયમો હેઠળ આ કૌમી બદદિયાનતી (અપ્રમાણિકતા) અને ખયાનતનું સૌથી બુરું દ્રષ્ટાંત છે. ઈસ્લામ મુસલમાનોને જેમનાથી તેઓ કરાર કરી લે છે, ભલે પછી તેમના સંજોગો ગમે તેટલા બદલાઈ જાય, તાકાત તથા કુવ્વતના લેહાઝથી વધી જાય તો પણ પોતાના કરારની પાબંદીનો સખ્તીથી પાબંદ રહેવાની તાકીદ કરે છે. કુર્આની આયતો તમે જોઈ, આવો ! હવે એના અનુસંધાનમાં રસૂલે અકરમ صلی اللہ تعالٰی علیہ وسلم ના ઈર્શાદો પર નજર કરો. સૈયેદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم ઈર્શાદ ફર્માવે છે :–

તમે જો કોઈ કૌમ સાથે જંગ કરો અને જો તેના પર સરસાઈ મેળવો અને તે કૌમ પોતાની અને પોતાની ઔલાદની જાન બચાવવાના માટે તમને ખિરાજ (ટેકસ) અદા કરવાનુ મંજૂર કરી લે. (એક અન્ય રિવાયતમાં છે) તમારાથી સમાધાન કરે તો બાદમાં નિયત કરેલ ખિરાજથી કાંઈ પણ વધુ ન લેશો, કેમ કે તે તમારા માટે નાજાઈઝ હશે. (અબૂ દાઊદ, કિતાબુલ જેહાદ, ભાગ–ર, પેજ–ર)

રસૂલે અકરમ صلی اللہ تعالٰی علیہ وسلم નો ઈર્શાદ છે :–

"ખબરદાર ! જે કોઈ કરાર પામેલા પર જુલ્મ કરશે, તેના હક્કોમાં કમી કરશે અથવા તેની શકિતથી વિશેષ તેના પર બોજ નાખશે, તેની પાસેથી કોઈ ચીજ તેની રજા વિના લેશે તેની વિરૂધ્ધ કિયામતના દિવસે હું જાતે ફરિયાદ કરીશ. (હવાલો ઉપર મુજબ)

સહીબ બુખારીમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત થયેલ છે. રસૂલે અકરમ صلی اللہ تعالٰی علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :

"જે શખ્સે કોઈ કરાર પામેલાને કત્લ કર્યો તે જન્નતની

ખુશ્બુ પામશે નહીં, એટલે સુધી કે જન્નતની ખુશ્બુ ચાલીસ વરસના અંતરેથી સુંઘવામાં આવે છે." (સહીહ બુખારી, પેજ–૪૪૮)

કરાર કર્યા પછી ધોકો કરનારને ધમકી આપતાં સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું છે :–

"બેશક ! કરારભંગ કરનારના માટે કિયામતના દિવસે નિશાન ખડુ કરવામાં આવશે અને કહેવામાં આવશે કે તેણે ફલાણાના પુત્ર ફલાણા સાથે કરારભંગ કર્યો." (સહીહ બુખારી, પેજ–૨૫૨, મુસ્લિમ, ભાગ–૨, પેજ–૮૩)

અબૂ દાઊદની રિવાયતમાં છે, સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવ્યું :–

"જેણે કોઈ કરાર પામેલાને જુર્મ વિના કત્લ કર્યો તેના પર જન્નત હરામ છે." (અબૂ દાઊદ, ભાગ–૨, પેજ–૪૪)

આ મુબારક હદીષોથી એ કાનૂની કલમ સંપન્ન થઈ કે કરાર કરનારાઓ સાથે સુલહ કરતી વખતે જે કરારનામુ નક્કી થાય છે તેની રૂએ તેમના મામલાઓનો ફેંસલો થશે. એ શરતોમાં કોઈ ફેરફાર કે વધારો ઘટાડો પોતાના તરફથી તદ્દન જાઈઝ નથી. ખિરાજની નિશ્ચિત રકમમાં વધારો કરવાનો ઈસ્લામી સલ્તનતને કોઈ અધિકાર નથી. (ફત્હુલ કદીર વગેરે...)

"તેમની પાસેથી તે જ લેવામાં આવશે જેના પર તેમનાથી સુલેહની શરતો પૂરી કરવામાં આવશે. તેનામાં કાંઈ વધારો નહીં કરવામાં આવે." (કિતાબુલ ખિરાજ ઈમામ અબૂ યૂસુફ, પેજ–૩૫)

માલ તથા અસબાબ અને જાયદાદ જે તેમની મિલ્કત છે તેના પર કબજો કરવાનો કોઈને અધિકાર નથી. તેમની જાન તથા માલ, ઈજ્જત તથા આબરૂ સુલેહ બાદ સુલેહની શરતો પ્રમાણે ઈસ્લામી પ્રજાની જેમ અમાનમાં રહેશે. મોટા ભાગની સુલેહની શરતો તેની હિમાયત કરે છે.

## ★ બુધ્ધિશાળીઓ જરા સોચો ! ★

બરાબર ચાલુ જંગની હાલતમાં (સુલેહના) કરાર માટે





આપણો કોઈ બદતરીન દુશ્મન સુલહના માટે હાથ લંબાવે છે અને સુલહ થઈ જાય છે તો તેના માટે સર્વ સરહદો ઉઘાડી હોય છે. હદથી ગુજરવું અને કરાર ભંગના સર્વ દરવાજા તેની મરજી પર અવલંબિત સંજોગોમાં કરારનુ પાલન (વફાદારી) લાઝમી તથા જરૂરી છે. જ્યાં સુધી તેના તરફથી કરારભંગ કરવામાં ન આવે. ખુલ્લમ ખુલ્લા કરારની વિરૂધ્ધ વર્તનની સાબિતી વિના તેની જાન તથા માલ, મકાન તથા જાયદાદ (સંપત્તિ) સર્વ કાંઈ ઈસ્લામી સલ્તનતની નિગરાનીમાં બિલકુલ આઝાદ છે. બલ્કે જો કોઈએ તેના પર નાજાઈઝ દબાણ કર્યું, તેની મરજી વિરૂધ્ધ તેની કોઈ ચીજ લઈ લીધી તો રસૂલ આખિરુઝ્ઝમાં صلی اللہ تعالیٰ علیہ وسلم કિયામતના દિવસે તે શખ્સના વિરૂધ્ધ જેના પર દબાણ કર્યું છે તેના તરફથી ફરયાદી થશે.

★ કરાર કરનારની જાનનો એટલો એહતેરામ છે કે તેને વિના વાંકે કત્લ કરનાર જન્નતની ખુશ્બુથી વંચિત રહેશે.

★ કરાર કરનારથી કરેલા કરારને તોડી નાખનારની વિરૂધ્ધ કિયામતના મેદાનમાં નિશાન ખડુ કરવામાં આવશે.

★ વિના કારણે કરાર કરનારને મારી નાખનાર પર જન્નત હરામ છે.

આ છે ઈસ્લામી કાનૂન ! જે દુનિયાના નકશા પર લીલા રંગનો પરચમ લહેરાવવા કરતાં દિલોની સલ્તનત પર ઈલાહી કાનૂનોની મહોરો લગાડવા પર જોર આપે છે અને ખુદાની જમીન પર ખુદાની મખ્લૂકમાં ખુદાઈ નિયમોના પાબંદ ઈન્સાનો થકી અમ્નો સલામતી સ્થાપવા ચાહે છે. નહીં તો જુઓ, આકાએ કાયનાત ખૂદ પોતાની ઉમ્મતના તે સરદારો વિરૂધ્ધ કિયામતમાં ફરિયાદનુ એલાન કરી રહ્યા છે, જેમણે ઈસ્લામી સત્તાની ભારે જિમ્મેદારીઓ તો ઉઠાવી લીધી પણ એક ઈન્સાનને જેને ઈસ્લામના નામ પર કરારનો પાબંદ કરવામાં આવ્યો હતો તેના કરારને ન નિભાવી શકયા. વિશ્વશાંતિ તથા માનવ સમાનતા તથા ન્યાયના

ઈતિહાસમાં શું આ મજબૂત કાનૂનના જેવું કોઈ દ્રષ્ટાંત રજુ કરી શકાય છે ? આવો ! આ સ્થાનેથી ઈસ્લામી ઈતિહાસના ઉપર એક દ્રષ્ટિ કરતા ચાલીએ.

## ★ આપણો ઉજ્જવળ ઈતિહાસ ★

રસૂલે રહમત صلی اللہ تعالیٰ علیہ وسلم નો રહમતકાળ છે અને આ ખૈરે કુરૂન (ભલાઈના યુગ)માં એક મુસલમાન એક કરાર કરેલ શખ્સને કત્લ કરી દે છે. જેથી અદ્‌લો ઈન્સાફના પયંબર صلی اللہ تعالیٰ علیہ وسلم તે ઝિમ્મીના બદલામાં તે મુસલમાનને કત્લ કરવાનો ફૈંસલો જાહેર કરે છે, અને ઈર્શાદ ફર્માવે છે :–

"તેની જિમ્મેદારીની અદાયગીનો સૌથી અધિક અધિકાર મને છે." (ઈનાયહ શરહે હિદાયહ, ભાગ–૮, પેજ–૨૫૬, દારકુત્નીએ આ હદીષ ઈબ્ને ઉમર رضی اللہ تعالیٰ عنہما ના ઝરીયા નકલ કરેલ છે.)

અમીરુલ મો'મિનીન સૈયદના ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ નો મુબારક દૌર છે. હેરાના રહેવાસી એક ઝિમ્મીને બક્ર ઈબ્ને વાઈલ કબીલાના એક શખ્સે જે મુસલમાન હતો તેણે કત્લ કરી નાખ્યો. આપની સમક્ષ કેસ રજુ થયો. આપે કાતિલને પકડીને કત્લ થનારનાં વારસદારોના હવાલે કરવાનો હુકમ કર્યો, જેથી તે ઝિમ્મીઓએ તેને કત્લ કરી નાખ્યો. (અદિરાયહ ફી તખરીજે અહાદીષિલ્ હિદાયહ્, મતબૂઆ દિલ્હી, પેજ–૩૬૦, બુરાહે શરહે મવાહિબુર્રહ્‌માન, ભાગ–૩, પેજ–૨૮૭)

## ★ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم નો ફૈંસલો ★

મૌલાએ કાઈનાત સૈયેદના અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم ના મુબારક દૌરમાં એક મુસલમાન એક ઝિમ્મી કાફિરના કત્લના જુર્મમાં રજુ કરવામાં આવ્યો. કેસ પુરવાર થઈ જતાં આપે કેસાસ (બદલા)ના માટે તેને કત્લ કરવાનો ફૈંસલો બહાર પાડયો. કત્લ થનાર ઝિમ્મી કાફિરના વારસોએ અમીરુલ મોમિનીનને અર્ઝ કરી કે, અમે લોકો અમારા કત્લ થનારનુ ખૂન માફ કરીએ છીએ, કેમ





કે તેના કત્લથી અમારો કત્લ થનારો પાછો અવવાનો નથી.

અમીરુલ મોમિનીન સૈયેદના અલી رضی اللہ عنہને શંકા થઈ કે કદાચ કાતિલના તરફદારોએ ઝિમ્મીઓને ડરાવીને એવું કરવા મજબૂર કર્યા છે, જેથી આપે ગુસ્સાભેર તે શંકાને પ્રદર્શિત કરી પણ હકીકતમાં એવું ન હતું બલ્કે કાતિલ પાસેથી કત્લ થનારના વારસોએ ખૂનના બદલે રકમ રૂપે વળતર (ખૂનબહા) કબૂલ કરી લીધું હતું. બધી રીતે સંતોષ કરી લીધા બાદ આપે કાતિલને મુકત કર્યો. અને ઈર્શાદ ફર્માવ્યો :–

''જે અમારો ઝિમ્મી હોય તેનુ ખૂન અમારા ખૂનની જેમ અને તેની દિયત અમારા દિયત જેમ.'' *(હવાલો ઉપર મુજબ, પેજ–૩૫૯)*

આ પ્રસંગના અનુસંધાનમાં દુર્રે મુખ્તારમાં જે રિવાયત છે તેમાં મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم નું એ ફર્માન નકલ થયેલું છે :–

''તેમણે એટલા માટે ઝિમ્મેદારીનો કરાર કબૂલ કર્યો કે તેમનો માલ આપણા માલની જેમ અને તેમનું ખૂન આપણા ખૂનની જેમ થઈ જાય.'' *(પેજ–૨૦૩, ભાગ–૩)*

જેવી રીતે કોઈ મુસલમાનને ભૂલથી કત્લ કરી આપવાના જુર્મમાં દિયત લાઝિમ થાય છે, તેવી જ રીતે ઝિમ્મી કાફિરને પણ વિના ઈરાદે કત્લ કરવા પર ઈસ્લામના ફકીહો એ (ઈલ્મના વિધ્વાનોએ) તે જ દિયત દર્શાવેલી છે.

## ★ સૈયેદના ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ તથા ઝિમ્મી કાફિરો ★

સૈયદેના ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہની પાસે સમરકંદનું એક પ્રતિનિધિમંડળ ફરિયાદ લઈને આવ્યું કે ઈસ્લામી લશ્કરના સેનાપતિ જે એ ઈલાકામાં નિયુકત થયેલા છે (કતીબા) તેમણે અમારા શહેરોમાંથી અમોને ખાલી કરાવીને ત્યાં મુસલમાનોને વસાવી દીધા છે. અમીરુલ મોમિનીને સમરકંદના

ઈસ્લામી ગવર્નરને હુકમ મોકલ્યો કે, કતીબા તથા સમરકંદના ઝિમ્મી કાફિરોના મામલાની તપાસ માટે ત્યાં તાત્કાલિક એક ખાસ અદાલત બેસાડવામાં આવે. ફાઝિલ કઝા (જજ સાહેબો) જો ફેંસલો કરે કે મુસલમાનોએ ત્યાંથી નીકળી જવું જોઈએ તો શહેર ખાલી કરી દેવામાં આવે. ''જેથી સમકંદના અમલદારે હઝરત જમીઅ ઈબ્નુલ હાઝિર અલબાબીની સરદારીમાં ઈસ્લામી ન્યાયાધીશોની એક પેનલ નિયુકત કરી જેમણે મુસલમાનોને શહેર ખાલી કરવાનો ફેંસલો સંભળાવ્યો.

સમરકંદવાસીઓ મામલો જોઈને દંગ રહી ગયા કે માનવ ભલાઈના આવા કાનૂનોનો સરમાયો મુસલમાનોની પાસે છે અને તેની પાબંદી ખલીફા, અમલદાર તથા ફોજના સરદાર સૌ વિના સંકોચે કરી રહ્યા છે ! આવા શાંતિના બંધારણને રહમત સમજીને તેમણે મુસલમાનોને પોતાની સાથે રહેવાની દરખાસ્ત કરી. આ છે ઈસ્લામી રાજનીતિમાં પ્રમાણિકતા તથા સચ્ચાઈ !

દમિશ્ક (દમાસ્કસ) હમ્સ અને શામ (સીરીયા)ના અમુક પ્રદેશોમાં ઈસ્લામના જાંબાઝો હક્ક તથા ઈન્સાફના ઝંડા લેહરાવી રહ્યા હતા, એ દરમ્યાન ખબર મળે છે કે ઈસ્લામ તથા મુસલમાનોની વિરૂધ્ધ હિરકલ એક ભારે સંખ્યાવાળુ અઝીમુશ્શાન લશ્કર લઈને આગળ વધી રહ્યો છે અને વર્તમાનકાળના ઈસ્લામી વિ□માં ફેલાયેલો મુસલમાનોની તમામ લશ્કરી શકિત પણ હિરકલની ફૌજી તાકાતની સરખામણીમાં ખૂબ જ ઓછી છે. અને તે સમયનો સૌથી મહાન લશ્કરી શૈતાન મુસલમાનોને નેસ્તો નાબૂદ કરીને હમેશાંના માટે ખતમ કરી દેવાની નિય્યતે આગેકૂચ કરી રહ્યો છે. ખબર મળતાં જ તમામ પ્રદેશોમાં ફેલાયેલા મુસ્લિમ જનરલોને એકત્ર કરીને તે જ મોરચે પહોંચવા હુકમ આપી દેવામાં આવ્યો.

હઝરત ખાલિદ બિન વલીદે હમ્સવાળાઓને એ ખબર સંભળાવી. હઝરત અબૂ ઓબૈદા ઈબ્ને જર્રાહે દમિશ્કના અમુક પ્રદેશોમાં એ ખબર આપી અને તેમને કહ્યું કેઃ–





''હે ઝિમ્મીઓ ! અમે તમારી પાસેથી જે ટેકસ વસૂલ કર્યો હતો તે એટલા માટે હતો કે અમે તમારી જાન તથા માલની રક્ષા કરીએ, બાહ્ય હુમલાઓથી રક્ષામાં રાખીએ, પણ અફસોસ કે અમે એ ઝિમ્માને પૂરો નથી કરી શકતા એટલા માટે તમે લોકોએ જે રકમો અમને આપી છે તે સૌ અમે પરત કરીએ છીએ.''

ગૈર મુસ્લિમ પ્રજા આ ખબર સાંભળીને રડી પડી ! એટલા માટે કે તેમને પોતાના સમ ધર્મી હુકમરાનોના જુલ્મ તથા સિતમનો જુનો અનુભવ હતો. તેમણે પોતાના તે મોહસિનોને (એહસાન કરનારા, મુસ્લિમોને) આંસૂઓ તથા વિનવણીઓ સાથે વિજય તથા કામયાબીની ખ્વાહિશોની સાથે વિદાય કર્યા અને કહ્યું, **યકીનન ! હે મુસલમાનો ! આજે દુનિયામાં ન્યાય તથા માનવાતાનો ધર્મ તમારાથી જ સચવાયેલો છે,** અમે અંતરના ઊંડાણેથી એ વાતના આરઝૂમંદ છીએ કે અમારા બાદશાહ અને હાકિમ બનીને ફરી જલ્દી તમે પાછા ફરો.

★★★★★★★

☆☆☆☆☆☆☆☆☆☆☆

# પ્રકરણ–૪

## ☆ ઈસ્લામી સજાઓ શાંતિની જામિન છે ☆

### ★ ખુદાથી બેપરવા સંસ્કૃતિનો અંધકાર અને કાનૂને ફિતરતનો ઉજાસ ★

નાફર્માની તથા ગુનાહ અને જુલ્મો સિતમમાં ભૂતકાળના તમામ યુગોના રેકાર્ડો તોડી નાખનારા હાલની કહેવાતી પ્રગતિશીલ દુનિયાને ઈસ્લામી સજાઓ તથા કાનૂનો સરળતાપૂર્વક સમજમાં આવી જવા જોઈએ. ઈજ્જત આબરૂ, ચારિત્ર તથા પાકદામનીની હાલત કફોડી છે, શહેરની સીમાથી લઈને ઘર સુધી શરાફત તથા પાકદામનીના માટે કયાંય પનાહની જગા નથી, માનવ મનેચ્છાઓની ગુલામીમાં બગાવત તથા સરકશીની સર્વ હદોને ફલાંગતો જઈ રહ્યો છે, પણ આ તો એવી તરસ છે જેના માટે દરેક મજેદાર જામ બેકરારીનો સામાન પેદા કરે છે અને ગંદી ઈચ્છાઓ પોતાને ગમતી એક મંઝિલ પામી લીધા પછી એનાથીય ધૃણાજનક તથા બેઈજ્જત કરનાર મંઝિલ પામવાના માટે ‘‘તરસ તરસ’’નો અવાજ બુલંદ કરતી જાય છે.

પ્રગતિના શિખરો સર કરતા વર્તમાન વિ□ના માટે ઈસ્લામના મજબૂત બંધારણમાં તેની તાલીમાત તથા હિકમતપૂર્ણ કાનૂનો તથા નિયમો સુધી પહોંચ આજે કાંઈ મુશ્કેલ નથી રહી. અંધકાર જેટલા ઘનઘોર તથા ગાઢ થતો જાય છે રોશનીનું અસ્તિત્વ એટલુ જ જાહેર થતુ જાય છે. ઈસ્લામ દુનિયાને જે શાંતિ તથા સલામતીનું બંધારણ અર્પણ કરે છે તેનાં પરિણામો કેવળ આ સીમિત દુનિયા સુધી





સમેટાઈને નથી રહેતાં બલ્કે આખેરતની અતિ વિશાળ જિંદગી તેનું મૂળ નિશાન છે. પાકીઝગી અને ચરિત્રતા તથા ઈજ્જત આબરૂનો જે મિજાઝ દુનિયાને ઈસ્લામ થકી અતા થયો છે તે આખેરતની ઉચ્ચતાની ઝમાનતની સાથો સાથ દુનિયવી માહોલમાં સુકૂન તથા સંતોષનુ અજવાળુ પણ બખ્શે છે. વ્યકિતગત જિંદગીથી સામાજિક દુનિયા સુધી રોશનીનો એક સળંગ ક્રમ છે જે ઈસ્લામી બંધારણથી ઉપસ્થિત થાય છે. સજાના ઈસ્લામી કાનૂનો જેને શરીઅતની બોલીમાં ‘હુદૂદ’ કહે છે તે પણ તે જ રહમત તથા રાહતના લબરેઝ સાગરોમાંથી છે જે ખાલિકે કાયનાતે પોતાની સર્વ શ્રેષ્ઠ મખ્લૂક ‘‘ઈન્સાન’’ને ઈન્સાની કમાલો (ખૂબીઓ) સુધી પહોંચવા માટેના માર્ગમાં રુકાવટના નિવારણ માટે અર્પણ કરેલ છે. યકીનન ! માનવ જીવ ખૂબ જ કિંમતી મૂડી છે પણ જેણે પોતાના જ જેવી કોઈ જાનને વેડફી નાખી છે તો તેનો કફફારો પોતાની જાન વડે ચૂકવીને પોતાના કિરદાર તથા અમલોનો દામન તે દાગ વડે સાફ કરે. જાહેરી રીતે તો પોતાની જાન આપીને નુકસાન વહોરી રહેલ છે પણ જાને આફરીન રબ عزوجل નો ઈર્શાદ કુર્આનમાં બર હક્ક છે :–

وَلَكُمْ فِي الْقِصَاصِ حَيٰوةٌ يّٰاُولِي الْاَلْبَابِ لَعَلَّكُمْ تَتَّقُوْنَ

‘‘અને તમારા માટે કેસાસ (ખૂનનો બદલો ખૂન)માં જિંદગી છે. હે બુધ્ધિ શાળીઓ ! કે કયાંક તમે બચો !’’

ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالی علیہ وسلم એ ફર્માવ્યું :–

‘‘અલ્લાહની હદો (સજાઓ)માંથી એક હદ કાયમ કરવી અલ્લાહના શહેરોમાંથી ચાલીસ રાતોની વર્ષાથી બહેતર છે.’’ *(સુનને ઈબ્ને માજહ–૧૩૪ વગેરે)*

અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની રિવાયતમાં છે કે રસૂલે અકરમ صلی اللہ تعالی علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો;

"એક હદનુ જમીનમાં કાયમ કરવું જમીનવાળાઓ માટે

ચાલીસ દિવસની વર્ષા કરતાં બેહતર છે.'' (સુનને ઈબ્ને માજહ, ઈકામતુલ હુદૂદ, ભાગ–૧, પેજ–૧૦૧)

ખુદાના બંદાઓ પર ખુદાઈ કાનૂનો લાગુ પાડવાનુ કામ એ ન્યાય તથા સમાનતાની સાથે હોય, કોઈની શેહ શરમ કે તરફદારી ન રાખવામાં આવે બલ્કે દરેક સંજોગોમાં અગ્રતા કાનૂનને હાંસલ હોય.

હઝરત ઓબાદા ઈબ્ને સામતથી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :

''હદો કાયમ કરો, ચાહે નજીકના હોય કે દૂરના, અને હદો કાયમ કરવામાં કોઈની ટીકા ટીપ્પણ કે રૂઆબના ખયાલની દખલ ન હોય.'' (હવાલો ઉપર મુજબ, પેજ–૧૦૨)

## ★ શું એઈડ્ઝ ખુદાઈ અઝાબ નથી ?! ★

આજે એઈડ્ઝે (Aids) દુનિયામાં તબાહી મચાવી રાખી છે. અમેરિકા અને યૂરોપમાં આ ભયાનક બીમારીએ હલચલ મચાવી દીધી છે. તબીબો, ડોકટરો સૌ આ ભયાનક બીમારીની તેહકીક તથા સંશોધનમાં રાત દિવસ વ્યસ્ત છે. માનવ લોહીના બારીક ભાગોમાં ખૂબ જ જલ્દી તબાહ કરનાર કાતિલ જીવાણુઓનું ભળી જવું અને ક્રમે ક્રમે તે બીમારીના બીમારોનું દમ તોડી દેવું શું આ ખુદા બેઝાર સાઈન્સી દુનિયાના મોઢા પર કુદરતનો તમારો નથી ?

પોતાના અંગો ઉપાંગો પર ઘમંડ કરતી ખુદાઈ નિયમોને પાયમાલ કરતી દરેક શકિતને દરેક જમાનામાં આવી જ બેઈજ્જત કરનાર ઝલીલ હારનો સામનો કરવો પડયો છે. જંગનું મેદાન બદલાય જાય છે, આજમાઈશ તથા અઝાબના માપદંડ બદલાય જાય છે પણ અંજામ એક જ હોય છે જેથી ખુદા અને તેના કાનૂનનો પ્રભાવ જાહેર થાય છે અને ખુદાના મુન્કિરો અને તેમના સર્વ





ફિરઔની, હામાની અને નમરૂદી મન્સૂબાઓ કરોળિયાના જાળ ાની જેમ વિખેરાઈ જાય છે.

આજનું ટેલીવિઝન એ ખબર પ્રદર્શિત કરે છે :–

કેટલાક નાનાં બાળકો સારવારના માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં અને લોહીની જરૂરત ઉભી થઈ. ઈલાજ કર્તાઓએ તેમના શરીરમાં તેમના ગૃપનુ લોહી ઈન્જેકશન વડે ચઢાવ્યું. થોડા દિવસો બાદ ખબર પડી કે ચઢાવવામાં આવેલા લોહીમાં એઈડ્ઝના ખતરનાક અંશો મૌજૂદ હતા જે બાળકોમાં પ્રવેશી ગયાં ! હવે એ બાળકોની જિંદગીઓ એક અતિશય ભયંકર બીમારીના સકંજામાં છે.

યકીનન આ એક એવી બીમારી છે જેને આઝાદીના નામ પર આવારાપણામાં મસ્ત યૂરોપ અને એડવાન્સ કહેવાતી દુનિયાએ પોતાની સંસ્કારની ચાદર રૂપે ઓઢી રાખેલ છે. એ જ પ્રમાણે એઈડ્ઝના બીમારોના શરીરેથી કાઢેલ લોહી કેટલાક બાળકોના શરીરમાં દાખલ કરવામાં આવ્યું અને ન કરેલા ગુનાહની સજાના તૌર પર તે બીમારીની અસરો તે બાળકોમાં પ્રવેશી અને હવે તે બાળકોને તેમના જ સમરંગી, સમવિચાર તથા હમવતનીઓ સ્કૂલમાં પોતાના વર્ગોમાં પ્રવેશ કરવાની રજા આપતા નથી.

તમે કહેશો કે આ તે સાવધાનીની કોશિશમાંથી એક હશે જેનાથી આ જીવલેણ બીમારીની રોક થામ કરવામાં આવે છે પણ આખી તથા સાંસ્કૃતિક મિશનરીને બિભત્સતા અને આવારગીની રાહ પર લગાડીને તેના પરિણામ સ્વરૂપે ઉભરનારી ગંદી બદબૂથી નાક બંધ કરવું એ કયાંની અકલમંદી છે ? કોઈ જુર્મના રોકથામના માટે એના મૂળોનો નાશ કરવામાં આવે છે. કાંટાઓની ખેતીનો કારોબાર કરવાવાળા ફૂલોના ગુચ્છાઓની ઉમ્મીદ નથી રાખતા. એને પૂર્વી મુફક્કિર કહે છે કે :–

**ખશ્તે અવ્વલ ચૂં નહદ મિઅ્મારિ કજ !**
**તા ષુરૈયા મી રવદ દીવારે કજ !**

(અર્થ) : પાયાની પ્રથમ ઈંટ જો ત્રાંસી હશે તો તે દીવાલ ષુરૈયા સુધી ત્રાંસી જ જશે.

ઘણાય દેશો જ્યાં એઈડ્ઝની બીમારી જોવા નથી મળતી તેમણે અમેરિકા અને યૂરોપીયન દેશોના મુસાફિરો (વિઝિટર્સ) માટે એ બીમારીથી રક્ષિત હોવાનું ડોકટરી સર્ટિફિકેટ પોતાના દેશમાં પ્રવેશ માટે જરૂરી ઠરાવી દીધું છે. આ છે ખરાબ કૃત્યોમાં ડૂબેલી દુનિયાના લોકોનું સ્વાગત !

## ★ નાસ્તિક વિચારસરણીનો ધોકો ★

કેવળ જાહેરી ફાયદાઓને નજરો સમક્ષ રાખીને કોઈ ચીજના સારા કે બુરા હોવાનો ફેંસલો કરવો યોગ્ય નથી. બલ્કે તેનાં આતરિક તથા છુપાં પરિણાત્મક બળોને પણ નજરો સમક્ષ રાખવાં જોઈએ. હોલેન્ડમાં એક વ્યકિતએ મને કહ્યું કે :–

"તમને ખબર છે કે યૂરોપમાં ઘણાયે લોકો અપરણિત રહે છે તો તેમની શારીરિક ભૂખની પરિપૂર્ણતા માટે અમુક એવી સ્ત્રીઓનું પણ હોવું જરૂરી છે જેઓ તેમની જેમ કેવળ શારીરિક ભૂખ પોષવા માટેનો વેપાર કરતી હોય. જેથી એ સ્ત્રીઓ જેઓ શિયળ વેચવાનો ધંધો અપનાવે છે તેઓ સામાજિક કાર્યકર (Social Worker)ના ગૃપમાં છે."

હવે આ વિચારસરણીનો અંદાજો લગાડો કે જેણે માનવજીવન બંધારણના પાયાને હચમચાવી નાખ્યો છે. આ વાત કેટલાક વર્ષો પહેલાંની છે. તે વખતે મેં તેમને તેમની સ્થિતિ અનુસાર જવાબ આપીને સમજાવ્યા હતા. તે ભાઈ જો એઈડ્ઝની જીવલેણ બીમારી જાહેર થયા બાદ મારી પાસે આવતા તો હું તેમને પૂછત કે પશ્ચિમી વૈશ્યાગૃહો આ જીવલેણ બીમારીની તબાહકારીઓના ડરથી કેમ સુમસામ થઈ રહ્યાં છે અને તંદુરસ્તીની રક્ષક સંસ્થાઓ મૌતનો સાયો ઘેરાતો જોઈને પોતાની આઝાદી પર પહેરા શા માટે બેસાડી





રહી છે ? માનવ સેવિકાઓ અને સામાજિક સેવિકાઓ કયાં રફુચક્કર થઈ ગઈ ? જો આઝાદી શબ્દ ખુદાઈ કાનૂનોથી પર હોત તો દરેક વ્યભિચારી (ઝાની) એવો દાવો કરશે કે આ કાર્ય થકી વાસનાના જોરથી નજાત મળે છે, વાસનાના ભારથી આઝાદી પછી સંતોષ મળે છે. બેકરારીનુ ખેંચાણ ખત્મ થઈ જાય છે અને તબીઅતને સુકૂન મળે છે, એટલા માટે આ સારું કામ છે. ચોરી કરનાર તેને હાથની સફાઈ તથા ધોળે દહાડે લોકોની આંખોમાં ધૂળ ઝોંકનાર એને એક આશ્ચર્યજનક કમાલ ગણાવશે, અને મામૂલી સરખી મહેનત પછી અઢળક માલો દૌલત જમા થઈ જવાના ફાયદા ગણાવશે. નશો કરનાર તથા શરાબી તેની લિજ્જતો તથા એ હાલતની બેફિક્રીઓના ફઝાઈલ ગણાવીને નશાકારક ચીજોને વિશ્વની બેહતરીન પુંજી મનાવાવશે. કાતિલ તથા ડાકૂ લડાઈના લાભો પર રોશની નાખશે અને એ કામો (મારપીટ, ખૂન)ને લડાયક જિંદગીનો એક ભાગ ઠરાવશે.

સારાંશ કે પછી કોઈ ઐબ ઐબ નહીં રહે અને કોઈ જુર્મ જુર્મ નહીં રહેવા પામે ! પણ કળા બની જશે. પણ આ તમામ ફાસિદ વાતો નાસ્તિકતા તથા ખુદાથી બેપરવા માહોલની ઉપજ છે. તૌહીદનો અકીદો (એક અલ્લાહ હોવાની માન્યતા), મૃત્યુ બાદ જીવંત થવા વિશે અને ગુનાહના ફળ સ્વરૂપે આખેરતનો અઝાબ થશે તેના વિશે તેમને કોઈ કલ્પના પણ નથી.

## ★ પાબંદી નફ્સને ભારે પડે છે ★

તકલીફ તથા પાબંદી નફસ પર બોજ છે અને મજાઓ માણવા માટે સખતથી સખત કામને સરળ કરી લેવું અને નફ્સની ખાસિયત છે. ઘણી બધી વાસ્તવિકતાઓ જેના પર દુનિયાની એકમતી છે તેના પર અમલ નથી થતો. એનો મતલબ એ હરગિઝ નથી કે તે વાસ્તવિકતાઓની કમજોરી છે. તંદુરસ્તીના નિષ્ણાત ડોકટરોએ ઘણી એવી સાવધાનીઓ બતાવી છે જે શારીરિક મજબૂતી

તથા શરીરનાં અંગો માટે લાભદાયી છે પણ તેમાંથી શું દરેક તરીકા અને દરેક નિયમ પર અમલ કરી શકાય છે ? અને જેના પર અમલ નથી થતો તે શું ગલત છે ? હરગિઝ નહીં ! ઈસ્લામી કાનૂનો જ્યારે સંપૂર્ણપણે દુનિયામાં લાગુ થતા રહ્યા તો યકીનન ! તે બંધારણની ભલાઈઓનું દ્રષ્ટાંત લો કે કંઈ કેટલોય સમય વહી જતો હતો પણ કોઈ કેસ મતભેદ તથા ઝઘડાનો દાખલ થતો ન હતો અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પેશનગોઈના પ્રમાણે પૃથ્વીના પટ પર એટલો અમ્ન સ્થપાઈ ચૂકયો હતો કે સ્ત્રી એકલી એકલી હેરાથી ચાલીને ખાનએ ખુદાનો તવાફ કરીને પાછી ફરી જાય છે અને તેણીને કોઈ છેડનારો નથી મળતો. (અલ્‌બિદાયહ્ વન્નિહાયહ્, ભાગ–૩, પેજ–૬૦, બુખારી ૧/૧૯૦)

મતલબ કે સર્વ ક્ષેત્રે ઈસ્લામી નિયમોને આધિન ચાલનારો જમાનો અમ્નો સલામતીની સ્થાપ્નાનો બેહતરીન જમાનો હતો માટે કોઈ એવાં તાણાં ન સંભળાવશો કે એ તો કેવળ કાલ્પનિક બંધારણ છે, અમલના મેદાનમાં તેણે કયારે પોતાનો કમાલ દેખાડયો ?

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ''હુજજતુલ્લાહ અલ્‌બાલિગા''ની પ્રસ્તાવનામાં શરીઅતના હુકમોની મસ્લેહતોનો ઈન્કાર કરનારાઓનું દ્રષ્ટાંત રજુ કરતાં ફર્માવે છે :–

''જે આ મસ્લેહતોને ન સમજી શકે તેની વાકેફિયત તરીથી અધિક શું હોઈ શકે છે જેને પાણીમાં ડૂબકી લગાડવામાં આવી હોય. (પછી બહાર કાઢતાં તેમાં કેટલી પાણીની તરી રહે છે !). જો કે અમલોની અસર નિય્યતો પર છે અને તે નફસાની હાલતો પર આધારિત છે જેનાથી અમલો અસ્તિત્વમાં આવે છે. જેમ કે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો : **ઈન્નમલ્ આ'માલુ બિન્નિયાત.''** અમલોનો સવાબ નિય્યતો પર આધારિત છે. અને ખુદા તઆલા ફર્માવે છે :–

لَنْ يَّنَالَ اللّٰهَ لُحُوْمُهَا وَلَا دِمَآؤُهَا وَلٰكِنْ يَّنَالُهُ التَّقْوٰى مِنْكُمْ





''ખુદાની નિકટતા નથી કરતાં કુર્બાનીઓના ગોશ્ત ન લોહી, પરંતુ તમારી પરહેઝગારી તેના સુધી પહોંચવા પામે છે.'' (સૂ. હજ્જ, ૩૭/૨૨)

અને નમાઝ ખુદાની યાદ અને તેના હુઝૂર આજીજી કરવા માટે ફર્ઝ ઠરી છે. ઈર્શાદ છે :–

اَقِمِ الصَّلٰوةَ لِذِكْرِيْ

''મારી યાદ કરવા માટે નમાઝ પઢો.''

અને નમાઝનો એ પણ હેતુ છે કે તેના થકી આખેરતમાં ખુદાનો દીદાર નસીબ થાય. રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

''તમે તમારા પરવરદિગારને એ પ્રમાણે જોશો જેમ કે ચાંદને જુઓ છો, તમને તેના દીદારમાં કાંઈ શંકા કુશંકા ન રહેશે. જેથી તમારાથી એની વ્યવસ્થા થઈ શકે કે સવાર સાંજ કોઈ ચીજ તમોને નમાઝથી ન રોકે તો નમાઝ પઢયા કરો.''

પછી સંક્ષિપ્તમાં રોઝા, હજ્જ, ઝકાત, કેસાસ (બદલો) તથા હદો (સજાઓ) અને મામલાઓની મસ્લેહતો પર રોશની ફેંકયા પછી એ જ ''પ્રસ્તાવના''માં આગળ જતાં બંદાઓના માટે રબ તઆલા તરફથી શરઈ એહકામોની નિશ્ચિતતાનાં અસરકારક દ્રષ્ટાંતો રજુ કરે છે.

## ★ ખુદાઈ અહકામ (હુકમો)નાં દ્રષ્ટાંતો ★

**૧.** કોઈ માલિકનો ગુલામ બીમારીમાં સપડાઈ જાય અને બીમારીની કમજોરીના કારણે હલન ચલન મુશ્કેલ થઈ જાય તો માલિક સહાનુભૂતિના લીધે ગુલામના ઈલાજ તથા દેખભાળ અને ચાકરી માટે કોઈ માણસને નિયુકત કરી દે, એવા સંજોગોમાં બીમાર ગુલામ નિયુકત કરેલ વ્યકિતની દવાઓનો ઉપયોગ ન કરે, તેની સૂચનાઓ તથા સેવાને ન સ્વીકારે તો એક રીતે તે પોતાના માલિકની

નાફર્માની કરી રહ્યો છે, તેની મહેરબાનીઓને ઠુકરાવી રહ્યો છે. તેનું એક નુકસાન તો એ છે કે તે પોતાની બીમારીના લીધે હલાક થઈ જશે, બીજી પરેશાની જો જીવંત રહ્યો તો એ થશે કે માલિકની નજરોએથી ઉતરી જશે. જો ગુલામે માલિકના નિયુકત કરેલ તબીબ તથા સારવારકર્તાની દવાઓ વાપરી અને તેની સૂચનાઓ તથા સેવાને સ્વીકારી લીધી અને આભાર તથા સંતોષ વ્યકત કર્યો તો ઈલાજ તથા સારવાર થકી તેની બમારી સારી થઈ શકે છે અને માલિક ખુશ થશે તો પોતાની નવાઝિશોમાં અધિક વધારો કરશે.

**૨.** ખુદાના હુકમો પર સર ઝુકાવી લેનારાઓનું દ્રષ્ટાંત આવ્યું છે, જેમ કે (ફાકાકશોની) વસ્તીમાં એક માણસે એક મકાન બનાવ્યું, તેમાં ભાત ભાતનાં ભોજનો તૈયાર કર્યાં અને લોકોમાં એલાન કરાવ્યું અને લોકોને પોતાના ઘરે બોલાવ્યા. હવે તે બોલાવનારાઓની વાતને માનીને જે એ ઘરમાં આવ્યો તેણે પોતાની ભૂખ મિટાવી અને પેટ ભરીને સ્વાદિષ્ટ ભોજનો જમ્યાં અને જેમણે બોલાવનારાઓની વાતો સાંભળી ન સાંભળી કરી નાખી, ન તેઓ ઘરમાં આવ્યા ન તો ખાવામાંથી તેમને કાંઈ હિસ્સો મળ્યો.

**૩.** ઈર્શાદે નબવી صلی اللہ تعالیٰ علیہ وسلم છે, મારા અને મારી સાથે આવેલા ખુદાઈ હુકમોનો હાલ એવો છે જેમ કે કોઈકે કોઈ કૌમની પાસે જઈને કહ્યું, મેં મારી આંખ વડે લશ્કર જોયું છે જેથી તમોને સાવધાન કરું છું કે તમારો બચાવ કરો. જેમણે વાત માની અને રાતના પ્રારંભમાં સફરનો સામાન તૈયાર કરી ચાલી નીકળ્યા તેઓ સુરક્ષિત રહ્યા અને જેણે તેને સાચો ન માન્યો અને પોતાની જગાએ રોકાઈ રહ્યા ત્યાં સુધી કે સવારના સમયે લશ્કરે તેમના પર હુમલો કરીને તબાહ કરી નાખ્યા. (મુકદમા હુજ્જતુલ્લાહુલ્ બાલિગા, પેજ–૨૧)

## ★ હદ (સજા)ની વ્યાખ્યા ★

હુદૂદ એ હદનું બહુવચન છે. શબ્દ કોષની રૂએ તેનો અર્થ





રોકવું, મના કરવું છે. એટલા માટે **બવ્વાબ** ને **હદ્દાદ** પણ કહે છે. **હુદ્દર્જુલિ અનિલ્ અમ્રિ** = માણસને એ મામલાથી રોકી દેવામાં આવ્યો. **હુદ્દ્તુ ઝય્તન અનિશ્શર** = મેં ઝૈદને બુરાઈથી રોકી દીધો. અલ્ હદ્દુ = રુકાવટ. **હાઝા અમ્રુન્ હદદ** = આ મના કામ છે. અલ્ હદીષ = લોખંડ, ફોલાદ. કેમ કે એ પણ ઘણી ચીજો માટે રુકાવટ બની જાય છે. તેજ ધારને પણ **હદીદ** કહે છે.

શરીઅતની ઈસ્તેલાહ (બોલી)માં **હદ** તે સજાઓને કહે છે જે અલ્લાહ તઆલા તરફથી ગુનાહોની રોકથામના માટે નિશ્ચિત છે. (અલ્ હદ ફિશ્શરીઅહ્ હુવલ્ અકૂબતુલ મકદુરહ્, અલ્ હિદાયહ્ મઅ દિરાયહ્, ભાગ–૨, પેજ–૪૮૬)

માનવ જીવન કાયદા કાનૂનોમાં બંધાયેલું હોય છે. એનાથી કોઈ ઈન્કાર નથી કરી શકતું કે લાકાનૂનિયતના દાવેદારો પણ પોતાના હિસાબે કોઈ ન કોઈ જીવન તરીકાને જિંદગી ગુજારવાના માટે અપનાવે છે, તેમના માટે એ જ કાનૂન છે. ચોરો, ઉઠાવગીરો, ગુંડાઓ અને નાગરિકપણાથી પર લોકોના પોતાના માટે પોતાના કાનૂનો હોય છે. દીન તથા મઝહબથી નફરત કરનારા અને કેવળ ભૌતિક જરૂરતોને લક્ષમાં રાખીને જીવન રેખાઓને નક્કી કરનારાઓના પોતાના અંગત કાનૂન હોય છે. બહું ઓછા લોકો છે જેઓ પોતાના માટે ખૂદ કાનૂનો ઉભા કરે છે, સ્વાભાવિકપણે માણસ નાગરિકપણાને પસંદ કરે છે અને ખાલિક તથા માલિકે તેની પ્રકૃતિ જ એવી બનાવી છે કે એના લીધે દુનિયાની બહુમતી અન્યોના લાગુ કરેલા કાનૂનોની (મને કમને) પાબંદ છે. આટલે સુધી વિચાર્યા બાદ એ હકીકત સુધી પહોંચવું મુશ્કેલ નથી રહેતું કે માણસ સ્વરચિત વર્ણન કરેલ સર્વ કાનૂનોની સરખામણીમાં કાયનાત તથા માનવના સર્જનહાર (ખાલિક) તથા માલિકે જે કાનૂનો અર્પણ કર્યા છે તેનું મહત્વ શું છે ?

તે નાના બાળકની ફિતરત પર વિચાર કરો જે આગના

લાલ અંગારાને સુંદર રમકડુ સમજીને તેને મેળવી લેવા માટે ઉછાળા મારે છે, સરકે છે અને બેકરારીથી રડી પડે છે અને માં બાપ જેઓ આગના દાઝવાથી થતા નુકસાનોથી વાકેફ છે જેથી તેઓ બાળકના રડવા કકડવા અને તેની ઈચ્છાનો ખયાલ નથી કરતા બલ્કે દરેક હાલતમાં બાળકને આગથી દૂર રાખે છે.

માણસ સમજ તથા સોચથી ઉચ્ચ મંઝિલો પામી લેવા છતાં અલ્લાહની હિદાયતો, વહી તથા રિસાલતના અન્વારના કેન્દ્રથી વિમુખ રહીને જિંદગીના તમામ મામલાઓમાં એ જ નાદાન બાળકની જેમ છે જે અપૂર્ણ બુધ્ધિના લીધે લાલ લાલ અંગારાઓને ખૂબસૂરત રમકડુ સમજીને તેના પ્રતિ લપકે છે. ઈસ્લામી શિક્ષાઓના મજબૂત રહસ્યોના બારામાં ઈલ્મે કલામના માહિર ઈસ્લામના ઉલમાએ ઉચ્ચ કક્ષાનાં લખાણો છોડેલાં છે. હું મારી ઈલ્મી વિસાતના સીમિત વર્તુળના થકી આ પ્રકરણને તે જ મોઅઝ્ઝઝ ઈલ્મના બાગના ફૂલો ચૂંટીને સજાવીશ. ઈસ્લામી શરીઅતના હેતુઓને ઉસૂલે ફિકહના ઉલમાએ ત્રણ વિભાગમાં વહેંચ્યા છે : (૧) બુન્યાદી હેતુઓ (૨) આર્થિક હેતુઓ અને (૩) ઉચ્ચતાપૂર્ણ હેતુઓ.

(૧) આ તે અમલો છે જેના પર દીન, નફ્સ, બુધ્ધિ, નસલ તથા વંશ, માલ જાનની કદરની હિફાઝત તથા રક્ષા નિર્ભર છે. માનવ ભલાઈ તથા ઈસ્લામી સમાજના માટે આ તમામ બાબતો જરૂરી તથા અનિવાર્ય છે. જિંદગીના તમામ ક્ષેત્રે લીડરશીપ લેનાર તન્ઝીમ (ગૃપ)માં આ બાબતોને કરોડ રજ્જુનુ સ્થાન પ્રાપ્ત છે. જરૂરી હેતુઓની સિદ્ધી ................................ વિના નથી થઈ શકતી. તેની સરળતાપૂર્વક સમજ મેળવવા માટે એક નકશો વાંચકો સમક્ષ રજુ કરીએ છીએ :–








## ★ હુજ્જતુલ્લાહુલ બાલિગા ★

શરીઅતના કાનૂનો તમામ માનવ જાત માટે છે અને માણસોમાં સ્વભાવ અને તબીઅતની વિવિધતાના માહોલથી

પ્રભાવિત થવું તથા ખ્વાહિશોનું અસ્તિત્વમાં આવવું લાઝમી છે એટલા માટે સાલેહ (નેક) ભલાઈપૂર્ણ માહોલની સ્થાપ્ના માટે ખરાબી લાવનારા તમામ દ્વારોને મજબૂતીની સાથે બંધ કરવાં અનિવાર્ય હતાં. પરવરદિગારે આલમે ઈસ્લામી શરીઅત થકી આ જરૂરતને પૂર્ણ કરી.

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ "હુજ્જતુલ બાલિગા"માં (જે શરીઅતના અહકામની મસ્લેહતો તથા હિકમતો પર આધારિક એક અઝીમુશ્શાન કિતાબ છે) સજાઓની હિકમતો પર રોશની ફેંકતાં અને આ પ્રકરણમાં માનવ સ્વભાવની ગુનાહિત વૃત્તિનો નિર્દેશ કરતાં જે કાંઈ લખે છે તેનો ખુલાસો અમે રજુ કરીએ છીએ :–

"કેટલાક ગુનાહોમાં ખુદા તઆલાએ હદ એટલે સજા (શિક્ષા) નિશ્ચિત કરી છે. તે એવા ગુનાહો છે જેમાં ફસાદ (ખરાબી)ના ઘણા પાસાં જોવા મળે છે : એક તો મુલ્કી ફસાદ તથા લોકોની સામાજિક જિંદગીમાં ડિસ્ટર્બન્સ. કેટલાક માણસોમાં એવા ફસાદ ફેલાવનારા (ફસાદીઓ) મૌજૂદ છે જેઓ લોકોને ગુનાહો માટે પ્રેરિત કરતા રહે છે. જુર્મ તેમની ફિતરતોમાં રચી વસી જાય છે. તે ગુનાહો તથા જુર્મોથી બચીને રહેવું ખૂદ તેમના વશમાં નથી હોતું. આવા મુજરિમોના જુર્મો હેઠળ આવનારા મઝલૂમો પોતાનો બચાવ કરવાથી લાચાર રહે છે. માનવો વચ્ચે મોટા ભાગે એવા બનાવો ઉપસ્થિત થતા રહે છે અને આદી મુજરિમો (રીઢા ગુનેગારો) સમક્ષ કેવળ આખેરતના ડરની વાતોની રજુઆત પૂરતી નથી હોતી, બલ્કે એવા ગુનાહો તથા જુર્મો માટે તેમને ભલુ બુરુ કહી, તકલીફ આપીને જ તેમને સીધા કરવા એ જ મસ્લેહતના મુજબ છે જેથી ગુનેગારો ગુનાહથી દૂર રહે. જેવી રીતે ઝિના (વ્યભિચાર) એ સ્ત્રીઓના હુસ્ન તથા ખૂબસૂરતી પ્રતિ અયોગ્ય આકર્ષણ તથા ખેંચાણ છે જે આ જુર્મના મુજરિમો માટે અતિશય કક્ષાનું બેઈજ્જત કરનાર કૃત્ય છે અને કોઈ એક સ્ત્રી સાથે એકથી





અનેક પુરૂષોનુ સંભોગ કરવું એ માનવ ફિતરતની વિરૂધ્ધ અને લડાઈઓ તથા ખૂના મરકીનુ પ્રથમ પગથિયું છે અને ઝિના મોટા ભાગે ઝાની તથા ઝાનિયહ્‌ની રાજી ખુશીથી થાય છે અને બહું ઓછું એવું બને છે કે અન્ય લોકો તેનાથી માહિતગાર થાય છે. વળી જાણ થાય અને મુશ્કેલતરીન સાબિતીની પ્રાપ્તિ પછી પણ આ બદતરીન અને તબાહ કરનાર જુર્મના માટે સખત સજા નિશ્ચિત ન કરવામાં આવત તો તે મહાન અન્યાય ગણાત અને ખરાબીઓનો દરવાજો ઉઘાડો રહેત.

એ પ્રમાણે ચોરીનો ગુનો છે કે માણસ સીધો ધંધો નથી કરી શકતો તો ચોરી પ્રતિ વળે છે અને કેટલાક લોકોમાં ચોરીની આદત ઘર કરી જાય છે. ચોરી લોકોથી છુપાવીને થાય છે, પચાવી પાડવાથી ઉલ્ટુ.

એ જ પ્રમાણે ડાકૂગીરી જેમાં મઝલૂમ પોતાના જાન માલને બચાવવાની શકિત નથી ધરાવતો અને ડાકૂગીરી મુસ્લિમ શહેરોમાં (જ્યાં ઈસ્લામી કાનૂન ચાલતા હોય) નથી થઈ શકતી. કેમ કે તે પોતાની હુકૂમત તથા શકિતના કારણે તેનો સામનો તથા નિકાલ લાવી શકે છે. તો આવા કૃત્યોની સજા અધિક નક્કી કરવી જોઈએ.

એ જ પ્રમાણે શરાબ પાનની સજા કે એમાં પણ વધારે આકર્ષણ હોય છે જેના કારણે દેશમાં તોફાનો તથા બુધ્ધિનો વિનાશ થાય છે. આવા લોકોની સજા થકી સમાજની સુધારણા થાય છે. એ જ પ્રમાણે કઝફ (ઝિનાનો આક્ષેપ લગાડવો) કે જેના પર આક્ષેપ લગાડવામાં આવે છે તે તકલીફ તથા રંજમાં સપડાયેલો હોય છે અને આ આક્ષેપને દૂર કરવા માટે જો તે આક્ષેપ કરનાર (આરોપી)ને મારી નાખે તો ખૂદ તેને કત્લ કરવામાં આવશે. અને તેને જો કોઈ અન્ય રીતે મારી નાખે તો તેના બદલામાં ખૂદ માર્યો જશે. જેથી તે આરોપીએ નાખેલા રંજથી સ્વજાતે મુકત નથી થઈ શકતો. એટલા માટે એવા જુર્મના માટે કોઈ જબરદસ્ત સજા હોવી

જોઈએ. કોઈનુ ખૂન કરવુ પણ અતિ ગંભીર ગુનોહ છે. એ જ પ્રમાણે કોઈનું કોઈ અંગ કાપી નાખવું એ પણ દર્દનાક તકલીફ છે અને તેની પેદાઈશી શારીરિક કાબેલિયતોને બર્બાદ કરી દેવું છે, જાણે તેની રોજી, રોટી મેળવવાની લાયકાતને ખત્મ કરવું ગણાશે. એ જ પ્રમાણે નાક, કાન કાપી લેવાં વગેરે. (એવા ગુનાહો માટે પણ યકીનન ! કડક સજા જરૂરી છે.) (હુજ્જતુલ્લાહુલ બાલિગા, પેજ–૬૧૭/૧૮)

## ★ વાસનાની ખરાબીઓ ★

શરીઅતની નિયુકત કરેલ સજાઓ (હદો)નો અભ્યાસ કરવાની સાથે સાથે ઝિનાની સજા, તેની હિકમતો તથા મસ્લેહતો પર કાંઈક લખતાં પહેલાં આવો આ ફિતરી ખ્વાહિશને સમજતા ચાલો જેની નિરંકુશતા માણસને જાનવરોથી બદતર બનાવી દે છે.

હુજ્જતુલ ઈસ્લામ ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ તથા અન્ય હુકમાએ ઈસ્લામ સ્પષ્ટતા કરે છે કે રબ તઆલાએ માણસમાં સંભોગની વાસના બે ફાયદાઓ માટે રાખી છે; એક એ કે એના થકી આખેરતની જિંદગીમાં જન્નતની લિજ્જતોનો અંદાજો કરવામાં આવે જે આ મજા માણવાના કરતાં અનંતગણી ઉચ્ચ તથા આ'લા છે. બીજું કારણ એ કે તેના થકી માનવ વંશવેલામાં વૃધ્ધિ થાય અને માણસ પોતાના હકીકી માર્ગદર્શકો અંબિયા તથા રસૂલોની તાલીમાત તથા સુન્નતોના પ્રમાણે નિકાહ થકી વાસના શકિતનો મધ્યમ માર્ગે ઉપયોગ કરે. આ બાબતે એ હરગિઝ ન ભૂલવું જોઈએ કે માનવ દુનિયામાં જેટલા અંબિયા તથા રસૂલ તશરીફ લાવ્યા હઝરત આદમ علیہ الصلوٰۃ والسلام થી લઈને ખાતમુન્નબિય્યિન સૈયેદેના રસૂલ મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી નિકાહ સૌની તાલીમાતનુ મહત્વનું અંગ રહ્યો છે. (અહ્યાઉલ્ ઉલૂમ, ભાગ–૩, પેજ–૧૪૨)

વાસના શકિતની બાબતમાં માનવ દુનિયા પરેશાનીઓનો શિકાર રહી છે. એક એ રીતે જેમ કે મઝૂક વગેરે સેકસની





આઝાદીના ચળવળકારો અને તે લોકો જેમની બુધ્ધિઓ બહેર મારી જાય અને તેઓ દીન તથા દુનિયાનું દરેક કામ છોડીને વાસનાના ગુલામ બની જાય છે. જેમ કે પશ્ચિમી તથા સામ્યવાદી તેમજ અમેરિકન સેકસી માહોલ ઉભો કરનારા. બીજી એ રીતે જેમ કે પોલ્સની મસીહિયત, બુધ્ધ ધરમ અને અન્ય સ્ત્રીની પરવા ન કરતા ફાસિદ કાનૂનો જેના પર સમજબુઝની દુનિયામાં કદી અમલ ન થઈ શકયો. (જેમ કે સન્યાસી થઈ જવું, બ્રહ્મચર્ય પાળવું.) આ બંનેથી અલિપ્ત મધ્યમ માર્ગ કેવળ અંબિયા તથા રસૂલોની હકીકી તાલીમ તથા અલ્લાહની વહી પર અમલ કરનારાઓની પાસે છે જે સંપૂર્ણ સ્વરૂપમાં ઈસ્લામમાં મૌજૂદ છે. માણસની આ ખ્વાહિશ (વાસના)ને પાબંદીઓથી તદ્દન મુકત કરી દેવામાં આવે તો દુનિયા જાનવરોની ગુફા અને ફિત્ના ફસાદનુ મેદાન બની જાય. સેકસના ગુલામોનું દ્રષ્ટાંત તે માણસ જેવું છે જે ખતરનાક જાનવરોમાં જઈને ફસાઈ પડે, કે જરા ગાફેલ થાય તો જાનવર તેને પોતાનો શિકાર બનાવી નાખે. સેકસની ઈચ્છામાં અતિશયોકિત કરનાર નિત નવી બીમારીઓ અને શારીરિક પીડાઓમાં પણ સપડાઈ જાય છે અને માણસની સૌથી મોટી હાર એ છે કે તે પોતાની સૌથી કિંમતી ચીજ બુધ્ધિ પર બુરાઈઓને સવાર કરી દે, સમજવા બુઝવાની, સારા બુરાને માલૂમ કરવાની કાબેલિયતો સળગાવી નાખે. અને આ ખાસિયત આદી મુજરિમોમાં સામાન્યતઃ જોવામાં આવી છે. આ નફસના સરકશ (નાફર્માન) ઘોડાને શરીઅતના હુકમો અને ઈસ્લામી કાનૂનોની લગામથી જ સીધો કરી શકાય છે જેથી બંને જહાનની ભલાઈનાં કામો પ્રતિ ધ્યાન કેન્દ્રિત રહી શકે અને જો એનાથી નફસની ખ્વાહિશોને બળતણ મળતુ રહ્યું તો એક દિવસ એવો આવશે જ્યારે આ ઈન્સાની શરાફતની સર્વ પૂંજી જલીને ખાક થઈ જશે.

એ જ સેકસની ઈચ્છા (જેની પૂર્ણતા પુરૂષ સ્ત્રી થકી તથા સ્ત્રી પુરૂષ થકી કરે છે) પ્રતિ ઈશારો કરતાં હકીમે ફિતરત, રસૂલે રહમત صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું છે કે :–

"દરેક સવારે બે ફરિશ્તા પોકારે છે કે પુરૂષો માટે સ્ત્રીઓ તબાહ કરનાર છે અને સ્ત્રીઓ માટે પુરૂષ." (મુસ્તદરક, ઈમામ અબી અબ્દુલ્લાહ મુહમ્મદ, ઈબ્ને અબ્દુલ્લાહ હાકિમ નિશાપૂરી, ભાગ–૨, પેજ–૧૫૯)

તે સેકસી ખેંચાણ જે બુધ્ધિને નકામી કરી દે છે તેને અલ્લાહ પર ઈમાનવાળાઓની મેહફિલની પકડ લગામ દઈ શકે છે. જેથી દરેક માણસે આ સખત પરીક્ષાત્મક મંઝિલની વ્યવસ્થા કરવી જોઈએ. એક સ્થળે કેવળ પુરૂષોને નફસની આ ખરાબીથી બચવા તાકીદના તૌર પર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

"મારી પછી મેં મર્દોના માટે ઔરતોથી અધિક નુકસાનકારક કોઈ ફિત્નો નથી છોડયો." (સહીહ બુખારી, કિતાબુન્નિકાહ)

નફસાની ખ્વાહિશાત (મનેચ્છાઓ)ના આ ચુંગલમાંથી સારી રીતે પોતાના જીવનના કારવાંને પસાર કરી જનારા જ ખુદાની ઈનાયતોના હકદાર બને છે. હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે : રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખુત્બો આપ્યો તેમાં ફર્માવ્યું :–

"દુનિયા મીઠી તથા હરીયાળી ચીજ છે અને અલ્લાહ તમને એના માલિક બનાવીને જુએ છે કે તમે શું કરો છો ? જેથી તમે દુનિયાની રંગીનીઓથી બચો અને ઔરતોના ફિત્નાથી બચો. (સુનને ઈબ્ને માજહ્)

## ★ હઝરત મૂસા علیہ الصلوٰۃ والتسلیم અને ઈબ્લીસ ★

અલ્લાહ તઆલાના જલીલુલ કદર પયગંબર સૈયેદેના કલીમુલ્લાહ علیہ الصلوٰۃ والتسلیم કોઈ મજલિસમાં હાજર હતા. એવામાં ઈબ્લીસ લઈન મજલિસમાં ઘુસી આવ્યો, માથા પર રંગ બેરંગી ટોપી પણ હતી ! નજીક આવ્યો તો સલામ અર્ઝ કરી અને ટોપી ઉતારીને મૂકી દીધી. આપે પૂછયું, તુ કોણ છે ? કહેવા લાગ્યો, હું ઈબ્લીસ છું ! ફર્માવ્યું, ખુદા તને ગારત કરે ! અહીં કેમ આવ્યો ? બોલ્યો, તમારો ખુદા પાસે મહાન મર્તબો છે જેથી વિચાર્યું છે કે





સલામ કરતો ચાલું ! ફર્માવ્યું, આ તમારા માથા પર શું ચીજ હતી ? કહેવા લાગ્યો કે ટોપી કે જેનાથી હું ઈન્સાનોનાં દિલ ઊંચકી લઉં છું. ફર્માવ્યું, તુ કઈ વાતોથી માણસો પર કાબૂ મેળવે છે ?

જણાવ્યું : તેના ઘમંડ અને અભિમાન થકી હું દિલમાં ઘર કરી લઉં છું. તે ગુનાહોને ભૂલીને પોતાના અમલો મહત્વના સમજવા લાગે છે, પછી તે મારા કાબૂમાં આવી જાય છે અને ત્રણ વાતો હું તમને ડરવાવાળી બતાવું છું : (૧) અજનબી (એટલે નામહરમ ભલે ઓળખીતી હોય) સ્ત્રી સાથે એકાંત. એ વખતે હું મારા કાર્યકરોને નથી લગાડતો બલ્કે જાતે જ મૌજૂદ રહુ છું અને તેને ફિત્નામાં સંડોવું છું. (૨) અલ્લાહને કરેલ વાયદાની પૂર્ણતા. (૩) ઝકાત તથા સદકાના માલની વહેંચણી કરી દેવી. કેમ કે માણસ જ્યારે કાંઈક માલ અલ્લાહના નામ પર કાઢે છે તો હું ત્યાં પણ પહોંચું છું અને કોશિશ કરું છું કે તે નેક ઈરાદાને પૂર્ણ ન કરવા પામે. પછી ઈબ્લીસ મજલિસેથી ઉઠીને જતો રહ્યો અને એવું કહેતાં જતો હતો કે અફસોસ ! હઝરત મૂસાને માણસની આજમાઈશનાં રહસ્યોની ખબર થઈ ગઈ ! (અહ્યાઉલ ઉલૂમ, ભાગ–૩, પેજ–૧૪૩, ૪૪)

## ★ હુજ્જતુલ ઈસ્લામનું પરિક્ષણ ★

ઈમામ ગિઝાલી ફર્માવે છે કે શર્મગાહ શહવત (સેકસની વાસના) તમામ ઈન્સાની વાસનાઓ (ઈચ્છાઓ) પર સરસાઈ પામનારી (ગાલિબ) છે અને વિર્ય સ્ખલનની ઘડી સૌથી વિશેષ બુધ્ધિની નાફર્માન છે. એ સિવાય એનાં પરિણામો એટલાં ભયાનક છે જેનાથી શરમ આવે છે અને પ્રદર્શિત કરવામાં ડર લાગે છે. આપે સ્પષ્ટતા કરી કે ઝિના તથા બુરી નજર કરવાથી બચનારાઓમાં કેટલાય પ્રકારના લોકો હોય છે :–

(૧) આજીજીના કારણે (૨) કોઈ ડરના કારણે (૩) પોતાના શરીરની દેખરેખના ખયાલથી (૪) હયા તથા શરમના કારણે અને આ કારણોસર બચનારાને કોઈ ખાસ સવાબ નથી મળતો,

બલ્કે એમાં નફ્સની એક ખુશીને બીજા પર અગ્રિમતા આપવું છે. હા ! આ રોકાવામાં એક ફાયદો જો કે છે કે માણસ ગુનાહથી મેહફૂઝ રહે છે, ભલે કોઈ પણ કારણસર હોય !

## ★ વાસનાથી બચવાનો પરિણામલક્ષી પાયો ★

આ'લા તરીન સવાબનો દરજ્જો એ છે કે શકિત હોવા છતાં કોઈ રુકાવટો ન હોવા છતાં કેવળ ખુદાના ડરના કારણે ઝિના (વ્યભિચાર ન કરે. ખાસ કરીને તે સમયે જ્યારે ખરેખર વાસના મૌજૂદ હોય, આ સિદ્દીકોનો દરજ્જો છે. એટલા માટે આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે :–

"જે આશિક થયો અને પારસા (પાક) રહ્યો અને ઈશ્કને છુપાવ્યો પછી મરી ગયો તે શહીદ છે."

અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ઈર્શાદ ફર્માવે છે :– સાત માણસોને અલ્લાહ તઆલા કિયામતના દિવસે અર્શના સાયામાં જગા આપશે અને તે દિવસે અર્શે ઈલાહી સિવાય કયાંય સાયો નહીં હોય. એમાં એક શખ્સ તે પણ હશે જેને કોઈ હસીનો જમીલ (રૂપવતી), હસબ તથા નસબવાળી સ્ત્રી પોતાની તરફ બોલાવે અને તે જવાબમાં કહે કે, "બેશક ! હું બંને જહાનના રબથી ડરું છું !" હઝરત યૂસુફ علیہ الصلوٰۃ والسلام નો વાકયો ઝુલૈખાની સાથે કે આપની શકિત તથા તેનાં ખેંચાણ છતાં જે મશ્હૂર છે, એના પર ખુદાવંદે કરીમે પોતાની કિતાબ કુર્આન મજીદમાં તેમની પ્રશંસા કરી છે :–

وَلَقَدْ هَمَّتْ بِهٖ وَهَمَّ بِهَا لَوْ لَآ اَنْ رَّاٰ بُرْهَانَ رَبِّهٖ كَذٰلِكَ لِنَصْرِفَ عَنْهُ السُّوْٓءَ وَالْفَحْشَآءَ اِنَّهٗ مِنْ عِبَادِنَا الْمُخْلَصِيْنَ ۝

"અને બેશક ! ઔરતે તેનો ઈરાદો કર્યો અને તે પણ ઔરતનો ઈરાદો કરત જો પોતાના રબની દલીલ ન જોઈ લેત, અમે એવું કર્યું કે તેનાથી બુરાઈ તથા બેહયાઈને ફેરવી દઈએ. બેશક ! તે





અમારા ચૂંટી કાઢેલા બંદાઓમાંથી છે." (સૂરએ યૂસુફ, ૨૪/૧૨)

## ★ સલામતીના માર્ગો ★

સમાજને અમ્નો સલામતીનો ગુલશન બનાવવાને માટે અને તેને બુરાઈ તથા ખરાબી, બેહયાઈ તથા બદકારીથી મેહફૂઝ કરવાના માટે ઈસ્લામે જે ફિતરી (સ્વાભાવિક) કાનૂનો અતા ફર્માવ્યા છે, સચ્ચાઈના સ્વીકાર અને પ્રમાણિકપણાની દ્રષ્ટિએ હવે તેની સ્પષ્ટ ઉઘાડી હિદાયતોના દસ મુદ્દાઓ જે આ વિષયને લગતા છે તેને વાંચો :–

لَوْلَآ اِذْ سَمِعْتُمُوْهُ ظَنَّ الْمُؤْمِنُوْنَ وَالْمُؤْمِنَاتُ بِاَنْفُسِهِمْ خَيْرًا ۙ وَّقَالُوْا هٰذَآ اِفْكٌ مُّبِيْنٌ ۝ (القرآن)

**(૧) પાકીઝા કાનૂનનુ પાકીઝા ગુમાન :–** ખુદાઈ કાનૂનની દ્રષ્ટિએ ઈસ્લામી સમાજના દરેક મુસલમાન વ્યકિતને નિર્દોષ માનવામાં આવે છે જ્યાં સુધી કે તેના મુજરિમ હોવા વિશેની શરીઅતની રૂએ સાબિતી ન મળી જાય. જેમ કે આ આયતથી જાહેર થાય છે :–

"જ્યારે તમે તેને (ઈફ્કની વાત)સાંભળી હતી તો કેમ ન થયું કે મુસલમાન મર્દો તથા મુસલમાન ઔરતોએ પોતાનાંઓ પર નેક ગુમાન કર્યું હોતું અને કહેતે કે આ ઉઘાડો આક્ષેપ છે." (સૂ. નૂર, ૧૨/૨૪)

એનાથી જાણવા મળ્યું કે મુસલમાન પર બદગુમાની નાજાઈઝ છે અને જ્યારે કોઈ નેક શખ્સ પર તોહમત લગાડવામાં આવે તો સાબિતી વિના મુસલમાને તેનું સમર્થન કરવું જાઈઝ નથી. (ખઝાઈનુલ્ ઈરફાન, પેજ–૫૦૯)

**૨) ઘરમાં પ્રવેશ માટે ઈજાઝત લેવી :–** લોકો એકબીજાનાં મકાનમાં કશાય ખચકાટ વિના ન ઘુસ્યા કરે બલ્કે

ઈજાઝત લઈને જાય. રબ ફર્માવે છે :–

"મોમિનો ! તમારાં ઘરો સિવાય અન્યોનાં ઘરોમાં ઘરવાળાંઓની ઈજાઝત લીધા વિના દાખલ ન થયા કરો." (સૂ. નૂર, ૨૭/૨૪)

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَدْخُلُوْا بُيُوْتًا غَيْرَ بُيُوْتِكُمْ حَتّٰى تَسْتَاْنِسُوْا وَتُسَلِّمُوْا عَلٰٓى اَهْلِهَا (القرآن)

બીજા ઠેકાણે ઈર્શાદે પાક છે :–

"અને જ્યારે તમારા પુત્રો બાલિગ (પુખ્ત) થઈ જાય તો તેમણે આ જ પ્રમાણે ઈજાઝત લેવી જોઈએ જેવી રીતે તેમના આગલા (એટલે મોટા માણસો) ઈજાઝત મેળવે છે." (સૂ. નૂર, ૨૭/૨૪)

وَاِذَا بَلَغَ الْاَطْفَالُ مِنْكُمُ الْحُلُمَ فَلْيَسْتَاْذِنُوْا كَمَا اسْتَاْذَنَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ (القرآن)

સહીહૈનમાં અબૂ મૂસા અશ્અરી રિવાયત કરે છે : રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

"ઈજાઝત ત્રણ વાર માંગવી જોઈએ, જો ઈજાઝત મળી જાય તો અંદર જાવ, નહીં તો પાછા ફરી જાવ."

કબીલા બનૂ આમિરનો એક માણસ રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજર થવા ચાહતો હતો. રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાના હુજરા મુબારકમાં હતા. તેણે પૂછયું, હું આવું ?! રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના ખાદિમને ફર્માવ્યું, તે શખ્સની પાસે જાવ અને ઘરમાં પ્રવેશવાની રજા કઈ રીતે લેવી જોઈએ તેને બતાવો. તેને કહો, આ પ્રમાણે કહે : **અસ્સલામુ અલૈકુમ ! શું હું અંદર આવી જાઉં ?!** આ વાતને તે વ્યકિતએ સાંભળી અને કહ્યું, અસ્સલામુ અલૈકુમ ! શું હું હાજર થઈ શકુ છું ?! ત્યારે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈજાઝત આપી તો તે ઘરમાં પ્રવેશ્યો. (સુનને અબૂ દાઊદ, બાબુલ ઈસ્તીઝાન)

એકદમ અચકાયા વિના બીજાનાં ઘરોમાં ઘુસી જવું,





આવવું જવું એ શરાફત તથા હયાદારીની વિરૂધ્ધ છે અને ઘણીયે બુરાઈઓનું પ્રથમ પગથિયું છે. એટલા માટે કાનૂને ફિતરત ઈસ્લામે એનો સંપૂર્ણ કાયદો વર્ણન કર્યો છે.

**(૩) નિગાહની હિફાઝત :–** નિગાહોની હિફાઝત એ અસલમાં પોતાની ઈજ્જત, આબરૂ તથા પરહેઝગારીની મુતાબિક છે. બેબાક માહોલનો એક તર્જુમાન આંખોના બારામાં કહે છે :–

**હોતા હૈ રાઝે ઈશ્કો મહબ્બત ઉન્હીંસે ફાશ**
**આંખેં ઝબાન નહીં હૈ મગર બેઝબાન નહીં**

આંખો ઈન્સાનની મજબૂતીનુ પ્રથમ પગથિયુ છે અને જે જાતિય આકર્ષણ (સેકસ) કુદરતની તરફથી સ્ત્રી તથા પુરૂષની વચ્ચે રાખવામાં આવેલ છે તેના પ્રારંભનો ઘણો જ મોટો ઝરીયો આંખો છે. આઝાદ, બેબાક તથા આવારા આંખો દિલો દિમાગને પરેશાનીઓના પુરજોશ જંગલમાં પહોંચાડીને બેચૈન કરી મૂકે છે અને સુકૂનવાળાઓને નિત નવી આફતોમાં સપડાવી મૂકે છે. તેનું અતિ બારીક વિશ્લેષણ ઈસ્લામે કર્યું છે. કુર્આન મજીદમાં ઈલાજનું સંક્ષિપ્ત વર્ણન મૌજૂદ છે.

"મુસલમાન પુરૂષોને હુકમ આપો કે પોતાની નિગાહો કાંઈક નીચી રાખે અને પોતાનાં ગુપ્તાંગોની હિફાઝત કરે એ તેમના માટે ખૂબ સુથરુ છે. બેશક ! અલ્લાહને તેમનાં કામોની ખબર છે." (સૂ. નૂર, ૩૦/૨૪)

قُلْ لِّلْمُؤْمِنِيْنَ يَغُضُّوْا مِنْ اَبْصَارِهِمْ وَيَحْفَظُوْا فُرُوْجَهُمْ ذٰلِكَ اَزْكٰى لَهُمْ اِنَّ اللّٰهَ خَبِيْرٌ بِمَا يَصْنَعُوْنَ (القرآن)

મુસ્લિમ શરીફમાં જરીર ઈબ્ને અબ્દુલ્લાહ ફર્માવે છે કે મેં અજનબી (એટલે નામહરમ) સ્ત્રી પર નજર પડી જવાના બારામાં પૂછયું તો આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, "નજર ફેરવી લો !"

બુરીદાથી રિવાયત થયેલ છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને ફર્માવ્યું, હે અલી ! કોઈ નામહરમ સ્ત્રી પર અચાનક નજર પડી જાય તો નજર ફેરવી લો, બીજી નજર તેની પર ન ફેંકો. પ્રથમ નજર તો માફ છે પરંતુ બીજી નજર પર પકડ છે. ઈમાન તથા હયાના નાઝુક કાયો ઔરતોની જેમ મર્દોના પણ છે. બુરી નજર અને આવારા નજર દોડાવવી જેવી રીતે મર્દો માટે મના છે એ જ પ્રમાણે ઔરતો માટે પણ સખત નુકસાનકર્તા છે. નિગાહો નીચી રાખવાની તાકીદ કેવળ પુરૂષોને જ નથી બલ્કે ઔરતોને પણ એવી જ તાકીદ કરવામાં આવી છે :–

وَقُلْ لِّلْمُؤْمِنٰتِ یَغْضُضْنَ مِنْ اَبْصَارِهِنَّ وَیَحْفَظْنَ فُرُوْجَهُنَّ (القرآن)

"અને મોમિના ઔરતોને ફર્માવી દો કે પોતાની નિગાહો નીચી રાખે અને શર્મગાહોની હિફાઝત કરે." (સૂ. નૂર, ૩૦/૨૪)

સ્ત્રીઓ નાઝુક સ્વભાવની નરમ વૃત્તિવાળી હોય છે અને તેમના પર માહોલના બગાડની અસર જલ્દી થાય છે. એટલા માટે ઈસ્લામે ખાસ પર્દામાં રહેવાની અને નામહરમોથી નજરો ચાર કરવાની મના કરી છે. ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا બયાન કરે છે કે હું અને મૈમૂના હુઝૂરની પાસે હતાં. હુઝૂરના એક નાબીના સહાબી કોઈ જરૂરત હેઠળ હુઝૂરની ખિદમતમાં હાજર થયા તો હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અમને બંનેને પર્દામાં જવાનો હુકમ કર્યો. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું ઈબ્ને મકતૂમ નાબીના નથી ?! હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યો, શું તમે બંને પણ આંધળી છો ?! અને તેમને નથી જોતી ? (મિશ્કાતુલ મસાબિહ, પેજ–૨૬૯)

એ હકીકતથી ઈન્કારની મજાલ નથી કે નજર વાસનાની કાસિદ બને છે અને નિગાહની હિફાઝત હકીકતમાં ગુપ્તાંગ તથા વાસનાથી મેહફૂઝ રહેવું છે. નિગાહની આઝાદી દિલના દરવાજેથી નિગેહબાન દરવાનને હટાવી દેવું છે. નજર ભટકે છે તો તેના





પરિણામે ખયાલો તથા વિચારોમાં ફિત્ના તથા આફતની લહેર દોડે છે જેની અસર એ થાય છે કે ગલતકારીના માર્ગે દિમાગ કામ કરવા લાગે છે. વાસનાની ભાવનાને વિચારોનો ટેકો મળે છે તો નવી નવી શૈતાની સ્કીમો ઉદ્ભવ પામે છે જેના પર અમલ કરનાર તબાહીના ખાડામાં જઈને પડે છે. એ જ રહસ્યોની પ્રતિ ઈશારો કરતાં સરવરે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે :–

**"નજર ઈબ્લીસનાં તીરોમાંથી એક ઝહેર ભેળવેલ તીર છે."**

મિશ્કાત બાબુલ ઈમાન બિલ કદ્રની એક લાંબી હદીષે પાકનો આ હિસ્સો માનવ અંગોના ગલત ઈસ્તેમાલને તે અંગોના સખત જુર્મોમાં ગણત્રી કરીને ચારિત્ર તથા ઈજ્જતની હિફાઝતની રોશન તાલીમ પેશ કરી રહેલ છે :–

"આંખોનો ઝિના જોવું, કાનોનો ઝિના સાંભળવું, જીભનો ઝિના વાત કરવી, હાથનો ઝિના પકડવું, પગોનો ઝિના ચાલવું અને દિલ ખ્વાહિશ તથા તમન્ના કરે છે પછી શર્મગાહ (ગુપ્તાંગ) તેને સાચુ કે જૂઠુ કરે છે." (મિશ્કાતુલ મસાબીહ, પેજ–૨૦)

**(૪) પર્દો :–** ઔરતોને હુકમ આપવામાં આવ્યો કે પોતાના ઘરમાં માથુ તથા છાતી ઢાંકીને રાખે. એ જ પ્રમાણે ગૈર મેહરમ પુરૂષો તથા મેહરમ સગાંઓ વચ્ચે તફાવત કાયમ રાખવામાં આવ્યો અને નબીની પત્નીઓ (صلی اللہ تعالیٰ علیہ وسلم – رضی اللہ عنہن)ના ઝરીયા અને વસીલાથી દુનિયાભરની મોમિન ઔરતોને તાલીમ આપવામાં આવી કે કેવળ આ ખાસ સગાંઓ જ ઘરોમાં આવ જા કરી શકે છે. સૂરએ નૂરમાં છે :–

وَلَا یُبْدِیْنَ زِیْنَتَهُنَّ اِلَّا مَا ظَهَرَ مِنْهَا وَلْیَضْرِبْنَ بِخُمُرِهِنَّ عَلٰی جُیُوْبِهِنَّ وَلَا یُبْدِیْنَ زِیْنَتَهُنَّ اِلَّا لِبُعُوْلَتِهِنَّ اَوْ

"પોતાનો શણગાર ન પ્રદર્શિત કરે પણ જેટલો આપોઆપ જ જાહેર થાય અને ઓઢણીઓ પોતાનાં ગરેવાનોમાં

નાખેલી રાખે. અને પોતાનો શણગાર જાહેર ન કરે પણ પોતાના પતિઓ સમક્ષ અથવા પોતાના બાપ કે પતિના બાપ (સસરા) અથવા પોતાના પુત્રો અથવા પતિઓના પુત્રો અથવા પોતાના ભાઈ અને પોતાના ભત્રીજા અથવા પોતાના ભાણ્યા અથવા પોતાના ધર્મની સ્ત્રીઓ અથવા નેક કનીઝાઓ જે પોતાના હાથની માલિકીમાં હોય અથવા નોકર એ શરતે કે વાસનાવાળા મર્દ ન હોય અથવા તે બાળકો જેમને ઔરતોની શર્મની ચીજોની ખબર નથી અને જમીન પર પગોને જોરથી ન મૂકો કે જેથી તેમનો છુપો શણગાર જાણી લેવામાં આવે અને અલ્લાહની તરફ તૌબા કરો ! હે મુસલમાનો ! તમામે તમામ એ ઉમ્મીદ પર કે ભલાઈ પામો." (સૂરએ નૂર, ૩૧/૨૪)

آبائهن او آباء بعولتهن او ابنائهن او ابناء بعولتهن او اخوانهن او بني اخوانهن او بني اخواتهن او نسائهن او ما ملكت ايمانهن او التابعين غير اولي الاربة من الرجال او الطفل الذين لم يظهروا على عورات النساء ولا يضربن بارجلهن ليعلم ما يخفين من زينتهن وتوبوا الى الله جميعا ايه المؤمنون لعلكم تفلحون ۝٣١ (القرآن)

સૂરએ અહઝાબમાં છે :–

"અને એના પર વાંધો નથી કે (પર્દો ન કરે) તેમના બાપ તથા બેટાઓ અને ભાઈઓ તથા ભત્રીજાઓ તથા ભાણીયાઓ અને પોતાના ધર્મની સ્ત્રીઓ અને પોતાની લોંડીઓમાં અને અલ્લાહથી ડરતી રહો, બેશક ! દરેક ચીજ અલ્લાહની સામે છે."

(સૂ. અહઝાબ, ૫૫/૩૩)

لا جناح عليهن في آبائهن ولا ابنائهن ولا اخوانهن ولا ابناء اخوانهن ولا ابناء اخواتهن ولا نسائهن ولا ما ملكت ايمانهن واتقين الله ان الله كان على كل شيء شهيدا ۝٥٥ (القرآن)





પેદાઈશના લેહાઝથી જે લોકો સગાં છે કુર્આની દલીલે ઘરોમાં તેમની આવજાની રજા આપી. અને સ્ત્રી પુરૂષની આમ (સામાન્ય) ભેળસેળને કેટલી નુકસાનકારક તથા સંસ્કારને ખરાબ કરનાર ગણાવેલ છે એ વાતની સાબિતી એનાથી મળે છે કે સગાંઓમાં કોણ કોણ બેધડક ઘરમાં આવી શકે છે અને ઘરની ઔરતો કોની કોની સામે આવી શકે છે, તેની બાકાયદા યાદી અર્પણ કરી છે. આ તે ઈસ્લામી સમાજના ઘડતરના નિયમોમાંથી એક છે જ્યાં અમ્નો સલામતી ઝગમગે છે.

**(૫) ફિત્નો ખડો ન કરે તેવી વાતચીતની પદ્ધતિ** : અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ)ને અને તેમના વસીલાથી સૌ ઈમાનવાળી ઔરતોને હુકમ આપવામાં આવ્યો કે પોતાનાં ઘરોમાં વકારવાળી જિંદગી પસાર કરે, બની ઠનીને બહાર લટારો ન મારે, અને ગૈર મર્દો સાથે વાત કરવાનો પ્રસંગ બને તો દબાયેલા અવાજમાં વાત કરે અને નરમ લહેજામાં ન કરે બલ્કે સાદા અને કડક તથા શુષ્ક તરીકાથી કરે જેથી કોઈ વાતચીતની નરમ તથા નાઝુક અને મુલાયમ પદ્ધતિથી દિમાગમાં નામુનાસિબ ખયાલો ન લાવી શકે. જાહિલિયતના દૌર એટલે ઈસ્લામના આગમન પહેલાંની જેમ શણગાર સજી ધજીને ઘમંડમાં આવીને ફરવું અને પોતાના હુસ્નો જમાલ (સુંદરતા)નું પ્રદર્શન કરવું એ ચારિત્ર તથા ઈજ્જતની ઈસ્લામી વિચાર ધારાની વિરૂધ્ધ છે. આ તમામ આદતો ઈજ્જતદાર સ્ત્રીઓને શોભતી નથી. ઈર્શાદે રબ્બુલ આલમીન છે :–

"હે નબીની બીવીઓ ! તમે અન્ય ઔરતોની જેમ નથી ! જો અલ્લાહથી ડરો તો વાતમાં એવી નરમી ન કરો કે દિલનો રોગી કાંઈ લાલચ કરે, હા ! સારી વાત કહો અને

يا نساء النبي لستن كاحد من النساء ان اتقيتن فلا تخضعن بالقول فيطمع الذي في قلبه مرض وقلن قولا معروفا ۝ وقرن في

પોતાનાં ઘરોમાં રોકાઈ રહો અને બેપર્દા ન રહો, આગલી જાહિલિયતની બેપર્દગીની જેમ.

بُيُوْتِكُنَّ وَلَا تَبَرَّجْنَ تَبَرُّجَ الْجَاهِلِيَّةِ الْاُوْلٰى ﴿٣٣﴾ (القرآن)

(સૂ. અહઝાબ, ૩૨/૩૩)

બુખારી તથા મુસ્લિમની રિવાયત છે : સૈયેદેના ઉમર ફારૂક رضي الله عنه ફર્માવે છે કે મેં રસૂલની ખિદમતમાં વિનંતી કરી કે યા રસૂલલ્લાહ ! આપની પાક બીવીઓ (رضي الله عنهن)ની પાસે દરેક પ્રકારના લોકો આવે છે, કાશ ! તમે તેમને પર્દાનો હુકમ આપત. ત્યાર બાદ પર્દાની આયત નાઝિલ થઈ જેમાં મુસલમાનોને ઘરોમાં વિના રજાએ પ્રવેશવા પર પ્રતિબંધ કરવામાં આવ્યો.

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَدْخُلُوْا بُيُوْتَ النَّبِيِّ اِلَّاۤ اَنْ يُّؤْذَنَ لَكُمْ

"હે ઈમાનવાળાઓ ! નબીનાં ઘરોમાં ન હાજર થાવ જ્યાં સુધી પરવાનગી ન મેળવો." (સૂ. અહ્ઝાબ, ૫૩/૩૩)

આયતે પાકનુ શાને નુઝૂલ ખાસ છે પણ હુકમ સૌ ઈમાનવાળાઓનાં ઘરોના માટે આમ (સામાન્ય) છે.

**(૬) સંબંધના આદાબ (નિયમો) :–** પુરૂષોનો ઔરતો સાથે તદ્દન સંબંધ કટ નથી કરી દેવામાં આવ્યો કે જીવન કારભાર બેકાર બનીને રહી જાય, બલ્કે જરૂરી લાભ પામવાનો માર્ગ યોગ્ય અને પાકીઝા તરીકાથી ખોલી દેવામાં આવ્યો. ઈર્શાદે રબ્બાની છે :–

وَاِذَا سَاَلْتُمُوْهُنَّ مَتَاعًا فَسْـَٔلُوْهُنَّ مِنْ وَّرَآءِ حِجَابٍ

ذٰلِكُمْ اَطْهَرُ لِقُلُوْبِكُمْ وَقُلُوْبِهِنَّ

"અને જ્યારે તમે તેમનાથી વર્તવાની ચીજ માંગો તો પર્દાની બહારથી માંગો, એમાં અધિક પવિત્રતા છે, તમારાં દિલો તથા તેમનાં દિલોની." (સૂ. અહ્ઝાબ, ૫૩/૩૩)

ગૃહસ્થી વ્યવસ્થામાં ખાનગી નોકરો અને નાબાલિગ





છોકરાઓ બાળકોના માટે પણ દિલની તથા નજરની સફાઈ (પાકીઝગી)નો સબક આપતાં એ તરીકો બતાવવામાં આવ્યો છે કે એકાંતના અવસરે કોઈ પુરૂષ કે સ્ત્રીના કમરામાં અચાનક ઘુસી ન જાય, એટલે સુધી કે ઔલાદ પણ માં બાપના રૂમોમાં રજા મેળવીને પ્રવેશે." (સૂ. નૂર, ૫૯/૨૪)

તફસીરે ખઝાઈનુલ ઈર્ફાનમાં છે : ગૈરના ઘરમાં રજા વિના પ્રવેશ ન કરે, અને ઈજાઝત લેવાનો તરીકો એ પણ છે કે મોટા અવાજથી **સુબ્હાનલ્લાહ ! અલ્હમ્દુલિલ્લાહ ! કે અલ્લાહુ અકબર !** કહે અથવા ખોંખારો ખાય જેનાથી ઘરવાળાંને જાણ થાય કે કોઈ આવવા માંગે છે, અથવા કહે કે "શું મને અંદર આવવાની ઈજાઝત છે ?" ગૈરના ઘરનો મતલબ એ છે કે તેમાં કોઈ અન્ય રહેતુ હોય, ભલે તે ઘરનો માલિક હોય કે ન હોય.

**મસ્અલા** : જો દરવાજા સામે ઉભા રહેવામાં બેપર્દગીનો અંદેશો હોય તો જમણી કે ડાબી બાજુ ઉભા રહીને ઈજાઝત માંગે. હદીષ શરીફમાં છે કે જો ઘરમાં માં હોય તો પણ ઈજાઝત માંગે. (મુઅત્તા ઈમામ માલિક, કન્ઝુલ ઈમાન, પેજ નં. ૫૧૧)

## (૭) નકાબ તથા ચાદર ઓઢવી :–

સ્ત્રીઓ પોતાની જરૂરત ખાતર ઘરથી બહાર કદમ રાખે તો એ રીતે કે તેમનો સાઝ શણગાર પર્દામાં હોય, નિગાહો ઝુકાવેલી હોય, ઘરેણાની ઝનકાર અને અત્તરો અને ખુશ્બુઓના ફુવારા છોડતાં છોડતાં નીકળવું ન કેવળ ઈસ્લામી પાકદામનીની વિરૂધ્ધ છે બલ્કે સમાજ તથા માહોલને તબાહ કરનાર માર્ગો પર લઈ જવા સમાન છે. ઈસ્લામી સમાજમાં ઔરતોને તાકીદ કરવામાં આવી કે ઘરોમાં રહેવા છતાં પણ....

وَلَا يُبْدِيْنَ زِيْنَتَهُنَّ اِلَّا مَا ظَهَرَ مِنْهَا

"અને પોતાનો સાઝ શણગાર ન દેખાડો પણ જેટલો આપોઆપ જાહેર થાય." (સૂ. નૂર, ૩૧/૨૪)

ઈસ્લામી સુચારિત્રતા (પાકીઝગી)ની તાલીમ એ છે કે જે શરીરનાં અંગોને જોવું જાઈઝ નથી તેના પર નજર ન નાખવામાં આવે. પુરૂષનુ શરીર દુંટી નીચેથી ગુથણોની નીચે સુધી ઔરત (છુપાવવાની ચીજ) છે. તેને જોવું જાઈઝ નથી. અને ઔરતોમાંથી પોતાના મેહરમો તથા અન્યની બાંદીનો પણ આ જ હુકમ છે પણ એટલું અધિક છે કે તેમનાં પેટ તથા પીઠને જોવું પણ જાઈઝ નથી અને આઝાદ (કોઈની બાંદી ન હોય તે સ્ત્રી) નામહરમ સ્ત્રીના આખા શરીરને જોવુ મના છે.

**મસ્અલા** : અમરદ (દાઢી મૂંછ ફૂટી ન હોય તેવા છોકરા) છોકરા તરફ પણ વાસના સહિત જોવું હરામ છે. (મદારિક તથા અહમદી) (કન્ઝુલ ઈમાન, પેજ–૫૧૨)

અને ઔરતો જ્યારે ઘરોથી બહાર નીકળે તો ચાદરો વડે પોતે પોતાને સારી પેઠે ઢાંકીને નીકળે. ઈર્શાદે રબ્બાની છે :–

يَا أَيُّهَا النَّبِيُّ قُلْ لِأَزْوَاجِكَ وَبَنَاتِكَ وَنِسَاءِ الْمُؤْمِنِينَ يُدْنِينَ
عَلَيْهِنَّ مِنْ جَلَابِيبِهِنَّ

"હે નબી ! તમારી પત્નીઓને અને પુત્રીઓને અને મુસલમાનોની સ્ત્રીઓને ફર્માવી દો કે પોતાની ચાદરોનો એક હિસ્સો પોતાના મોંઢા પર નાખેલી રહે." (સૂ. અહઝાબ, ૫૯/૨૩)

## (૮) સો કોરડા મારવાની સજા !

દુનિયામાં શાંતિનુ સામ્રાજ્ય સ્થાપ્વા માટે માનવ ભાવનાઓને શૈતાની રમકડુ બનવાથી રોકતાં ઈસ્લામે ઝિના અને તેના ઝરીયાઓને ખૂબ જ સારી રીતે બેડીઓમાં જકડેલ છે, જેથી સ્વચ્છ (ભદ્ર) સમાજ અસ્તિત્વ પામી શકે અને દરેક ખાનદાન પોતાના સીમિત વર્તુળમાં જન્નતનો નમૂનો બની શકે. ઈન્સાની બદકારી (માનવ કુકર્મીપણા)ની સૌથી ગંદી લઅનતનુ નામ ઝિના (વ્યભિચાર) છે. ઈસ્લામે તેની રોક થામના માટે કાનૂની, અખ્લાકી,





સામાજિક કોશિશો પૂરી પાડી છે.

સૂરએ નિસાઅમાં તેને ભયાનક સામાજિક ગુનો ઠરાવ્યો છે. (સૂ. નિસાઅ, આયત ૧૫/૧૬) ઉફકના ફિત્ના પછી સૂરએ નૂર ઉતરી અને અપરણિત ઝાની (વ્યભિચારી)ની સજા સો કોરડા ઠરાવવામાં આવી. રબ ફર્માવે છે :–

الزَّانِيَةُ وَالزَّانِي فَاجْلِدُوا كُلَّ وَاحِدٍ مِنْهُمَا مِائَةَ جَلْدَةٍ

"જે સ્ત્રી વ્યભિચારી હોય અને જે મર્દ તો તેમનામાંથી દરેકને સો કોરડા મારો." (સૂ. નૂર, ૨/૨૪)

## (૯) આક્ષેપ (બોહતાન)ની સજા

જે શખ્સ કોઈ બીજા પર ઝિનાનો આરોપ લગાડે અને સાબિતીમાં ચાર આદિલ ગવાહ (ન્યાયી સાક્ષી) પેશ ન કરી શકે તેના માટે ૮૦ કોરડાની સજા નિશ્ચિત કરવામાં આવી અને તેને કાયમ માટે મરદૂદુશ્શહાદહ્ (જેની ગવાહી અમાન્ય ગણાય) ઠરાવી દેવામાં આવે. રબ ફર્માવે છે :–

وَالَّذِينَ يَرْمُونَ الْمُحْصَنَاتِ ثُمَّ لَمْ يَأْتُوا بِأَرْبَعَةِ شُهَدَاءَ فَاجْلِدُوهُمْ
ثَمَانِينَ جَلْدَةً وَلَا تَقْبَلُوا لَهُمْ شَهَادَةً أَبَدًا

"અને જે પારસા સ્ત્રીઓને ઐબ લગાડે અને પછી ચાર ગવાહ જોનારા ન લાવે તો તેમને ૮૦ કોરડા મારો અને તેમની ગવાહી કદી પણ ન માનો." (સૂ. નૂર, ૨/૨૪)

## (૧૦) નિકાહ માટે ઉત્તેજન

એ જ પ્રમાણે મજબૂત પગલાંઓમાં સ્ત્રીઓ તથા પુરૂષોની અપરણિત જિંદગીને ઐબદાર ઠરાવવામાં આવી અને તેમને નિકાહ પ્રતિ આકર્ષવામાં આવ્યાં. નિકાહને એકદમ આસાન કરવાની તાકીદ કરવામાં આવી. સગાઈ સંબંધો નક્કી કરવામાં રસ્મો

રિવાજની જંઝીરોને કાપી નાખવામાં આવી, ત્યાં સુધી કે ગુલામો અને બાંદીઓના નિકાહ માટે ઉત્તેજન આપવામાં આવ્યું અને જણાવવામાં આવ્યું કે રોજીને લગતી તથા આર્થિક પરેશાનીઓનો ખાત્મો પણ કરે છે. રબ ફર્માવે છે :–

وَأَنْكِحُوا الْأَيَامَىٰ مِنْكُمْ وَالصَّالِحِينَ مِنْ عِبَادِكُمْ وَإِمَائِكُمْ ۚ إِنْ يَكُونُوا فُقَرَاءَ يُغْنِهِمُ اللَّهُ مِنْ فَضْلِهِ ۗ (القرآن)

"નિકાહ કરી આપો તમારામાં તેમનો જેઓ અપરણિત છે અને તમારા યોગ્ય ગુલામો તથા બાંદીઓના અને ગરીબ હશે તો અલ્લાહ તેમને માલદાર કરી આપશે. (સૂ. નૂર, ૩૨/૨૪)

સહીહૈનમાં અબ્દુલ્લાહ ઈબ્ને મસઉદ رضي الله عنهما થી રિવાયત છે : રસૂલે અકરમ صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું, હે નવયુવાનો ! તમારામાંથી જે નિકાહ કરવા શકિતમાન હોય તેણે નિકાહ કરી લેવા જોઈએ, કેમ કે એ નિગાહને નીચી રાખે છે અને ગુપ્તાંગોની હિફાઝત કરે છે અને જે નિકાહની જિમ્મેદારીઓ ઉઠાવવાની શકિત નથી ધરાવતો તેણે જોઈએ કે વાસનાનું જોર ઓછુ કરવા માટે કયારેક કયારેક રોઝા રાખ્યા કરે." આ હદીષે પાકમાં આ શબ્દો "તે નિગાહોને નીચી રાખે છે અને શર્મગાહો (ગુપ્તાંગો)ની હિફાઝત કરે છે" નોંધપાત્ર છે. શાદી વિવાહ કરવાના સામાન્ય માપદંડો દૌલત, હુસ્ન અને ખાનદાન તથા વંશ હતાં તે સૌની લોખંડી દીવાલોને ઈસ્લામે તોડી પાડીને અલ્લાહના ડરને ઉચ્ચ માપદંડ ઠરાવ્યું :–

**"કાળા રંગની બાંદી જે દીનદાર હોય તે બેહતર છે."**

## ★ સામાજિક શાંતિના કુર્આની વર્તુળો ★

ઈસ્લામી સજાઓ વિશે કાંઈક રજુ કરતાં પહેલાં અમે અમારી કૌમી સંસ્કૃતિના પાયાઓ સુધી વાંચકોને પહોંચાડવાની કોશિશ કરી છે, જેથી દુનિયાના રિવાજ પામેલ અન્ય દેશોની સંસ્કૃતિ અને અમુક ખાસ કૌમી તરીકાઓની જેમ મુસલમાનોને પણ અમુક





ચાલ્યા આવતા રિવાજોની લકીરોના ફકીર ન સમજી લેવામાં આવે બલ્કે એ જાણી લેવામાં આવે કે ઈસ્લામ એક આલમગીર અને સૌને આવરી લેતા ખુદાઈ બંધારણનું નામ છે જે દુનિયાને સમાન માનવ હક્કો અને શાંતિપૂર્ણ જીવન પધ્ધતિથી લાભવંત કરે છે. સમજાવટ તથા કેળવણીના માર્ગોએ થઈને ઝઘડાઓના તથા ખરાબીઓના તમામ માર્ગો બંધ કરવા, બુરાઈ તથા ફિત્નાઓની ચિન્ગારીઓને ઉગતી જ દાબી દેવી અને માનવ સર્જનના હેતુ સુધી પહોંચાડવા માટે માણસને એકદમ તૈયાર કરવો, કેવળ પોતાની જાતના લાભો અથવા કેવળ પોતાના કુટુંબની ભલાઈ અથવા અમુક ગૃપ કે દેશની સીમા સુધી નહીં બલ્કે આખી માનવ જાતિને હકીકી ભલાઈ સુધી પહોંચાડવું એ ઈસ્લામના અગ્રગણ્ય હેતુઓમાંથી છે.

ઈસ્લામી સજાઓને અસભ્ય અને જંગલી કહેનારા ખૂદ પોતાના કાનૂનોમાં પોતાના દ્રષ્ટિબિંદુથી જેમને મુજરિમ ગણે છે અને તેમને જે પ્રકારની ભયાનક તથા શરાફતસોઝ (માણસાઈ વિરૂધ્ધ) સજાઓ આપે છે તેના પર વિચાર કરે. તે સામે લાવીને અમે વિષયને અવળે પાટે લાવવા નથી ચાહતા. અલબત્ત એટલુ જરૂર કહીશું કે ઈસ્લામી કાનૂન લાગુ રહેવાનો સુવર્ણ યુગ (નબુવ્વતના યુગથી ખિલાફતે રાશિદહ્ સુધી)નો અભ્યાસ કરવાથી જાણવા મળે છે કે ઈસ્લામી સજાઓ લાગુ થવાની બરકતથી ગુનાહોની સંખ્યા શૂન્ય થઈને રહી ગઈ હતી. અને લોકોમાં ખુદાનો ડર, આખેરતનો ડર અને હિસાબના દિવસે (કિયામતમાં) જવાબ આપવાનો સખત એહસાસ જીવંત થઈ ગયો હતો, કેમ કે ખરાબીઓ મૃતપાયઃ થઈ ચૂકી હતી.

અને એટલુ જ નહીં આજે જ્યારે કે ઈસ્લામી કાયદાઓ પર સાચા અર્થમાં આખી દુનિયામાં કોઈ એક પ્રદેશમાં પણ અમલ નથી થતો છતાં કેવળ અલ્લાહના હુકમોનાં આકર્ષણ તથા ડરના કારણે મુસલમાન કૌમના લોકો ઝિના, બિભત્સપણા, શરાબપાન, આત્મહત્યા જેવા ગુનાહોમાં દરેક કૌમ કરતાં ઓછા સપડાય છે.

તો એના પરથી સરળતાપૂર્વક સમજી શકાય છે કે ઈસ્લામી બંધારણના કેવળ સભ્યતા માટેના સબકોમાં આટલુ જોર અને આકર્ષણ છે તો જ્યારે પૂર્ણપણે આ બંધારણ પૃથ્વીના પટ પર લાગુ થાય તો શું દુનિયા જન્નતનો નમૂનો ન બની જાય !

## ★ ઈબ્રતનાક સજા કાનૂનની રક્ષક છે ★

આ દ્રષ્ટાંત સમજવા લાયક છે કે રેલગાડી પર સફર કરનારાઓ માટે ટિકિટ ખરીદીને સફર કરવાની શરત રાખવામાં આવી છે. હવે જો વિના ટિકિટ મુસાફરી કરનારાઓના માટે દંડ કે સજા નિશ્ચિત ન હોય બલ્કે ટિકિટવાળા મુસાફરોની જેમ જ રેલ્વેના કર્મચારી તેમની સાથે પણ સેવાનો વર્તાવ રાખવા લાગે તો થોડાક દિવસોમાં રેલ્વે વ્યવસ્થાનુ દેવાળુ નીકળી જાય.

વર્તમાન યૂરોપિયન લોકશાહી દેશો અને દુનિયાના વિવિધ દેશો સભ્ય સંસ્કૃતિના ઢોંગનો શિકાર બનીને કંઈક એવા જ માર્ગે ચાલી રહ્યા છે. એક બાજુ આ માહોલના બગાડનો સર્વ સામાન પૂરો પાડે છે, અમન ચમનની સર્વ ખિડકીઓ પોતે ખોલે છે, બિભત્સતા અને નગ્નતાના ફેલાવાનું જ બીજુ નામ સંસ્કૃતિ પડી રહ્યું છે. બીજી બાજુ સામાજિક જુર્મોની સંખ્યામાં ભયાનક વધારાઓ પર આશ્ચર્ય પ્રદર્શિત કરે છે.

## ★ વર્તમાન કાળની બેચૈની માનવ રચિત કાયદાઓની દૈન છે ★

માનવ રચિત કાનૂન કોઈ કાળે ઈલાહી કાનૂનનું સ્થાન નથી લઈ શકતો અને ઈલાહી કાનૂનની ભલાઈઓ તથા બરકતો ઈન્સાની કાનૂન થકી હાંસલ પણ નથી કરી શકાતી. વર્તમાન કાળ ની દુનિયામાં લાગુ થયેલ બે માનવ કાનૂનોનું પરિક્ષણ કરી જુઓ. મૂડીવાદી અને સામ્યવાદી (COMMUNISUM) દેશોના બારામાં બેધડક કહી શકાય છે કે પેલી બાજુ વ્યકિતની પવિત્રતા





અતિશયોકિતની કક્ષાએ સુધી પહોંચેલી છે અને આ તરફ સામ્યવાદીઓને રાજ્ય સત્તા સમેટવાનુ ગાંડપણ સતાવતું જઈ રહ્યું છે. તે લોકોનો ખયાલ એ હતો કે સરમાયાની સમાન વહેંચણી જ માનવની સર્વ મુશ્કેલીઓનો હલ છે. જેથી માર્કસ તથા તેના અનુયાયીઓએ એવું ગુમાન કર્યું હતું કે પ્રોલેટરીઓ (Proletary= મજૂર વર્ગ)ના સત્તા પર આવી ગયા બાદ મતભેદોનો જ ખાત્મો થઈ જશે. તેમની દ્રષ્ટિએ અખ્લાકી (સાંસ્કારિક) જુર્મોની ગણના જુર્મની યાદીમાં થતી જ ન હતી જ્યાં સુધી કે કોઈ એવો સંજોગ ઉભો ન થાય જે રાજ સત્તા, સમાજ તથા હુકૂમતી બાબતોમાં અડચણ ઉભી ન કરે. પણ વાસ્તવિક સ્થિતિ શું છે તે દુનિયા જાણે છે એ જ પ્રમાણે યુ.એસ.એ. (અમેરિકા) અને પશ્ચિમ યૂરોપ જે બંધારણોને અપનાવીને બેઠેલા છે તેમનુ વલણ અખ્લાકિયાત (સંસ્કારિકતા) બાબતે એ જ પ્રમાણેનું છે કે તેનો સંબંધ વ્યકિતને કે સમુહને (સમાજને) લગતો છે, જેથી ગવર્નમેન્ટી કાયદા તેમાં દખલ નથી કરતા. દરેક માણસ દરેક કામ માટે આઝાદ છે જ્યાં સુધી તે બળ જબરી તથા ધોકામાં ન પડે ત્યાં સુધી તેને ગવર્નમેન્ટની નજરમાં માનપાત્ર જ ગણવામાં આવશે. ગુનાહો તથા ભયાનક બુરાઈઓની સંખ્યા રોજ બરોજ વધતી જઈ રહી છે. નફસયાતી ઉલઝનો તથા આંતરિક બીમારીઓના પંજા ફેલાતા જઈ રહ્યા છે અને કહેવાતી આઝાદીના વાતાવરણમાં ઉછરીને માણસ મના કરેલ કામોમાં અધિકથી અધિક ગતિએ આગળ વધતો જઈ રહ્યો છે. હવે તે દેશોની ઈન્સાનિયતનો હાલ એ છે કે તેમની નફસાની પ્યાસની સામે સમુદ્ર પણ ઘૂંટ બે ઘૂંટ જોવા મળે છે. ગુનાહોની અધિકતાએ સમાજને બેચૈનીની બીમારીમાં સપડાવી દીધો છે. આટલે ઊંડે ઉતરી ગયા પછી પણ તે દેશોનો બુધ્ધિશાળી વર્ગ વધુમાં વધુ જુર્મની કિંમત રોકડના ત્રાજવામાં તોલી શકે છે જેને તેઓ ગુનાહોના પ્રતિકાર માટે ખર્ચ કરે છે. પણ ક્રમે ક્રમે પ્રગતિ કરીને બેહયાઈ અને સંસ્કારિકતાની પડતી સમાજને જે ભયાનક તબાહીના ખાડા સુધી લાવી રહી છે તેના પ્રતિકારનો અસરકારક ઈલાજ આ લોકો હજી

સુધી નથી શોધી શકયા. જો એ વાતનો જાહેરમાં સ્વીકાર કરવામાં ન આવે તો એ ઈન્સાફ તથા પ્રમાણિકતાની વિરૂધ્ધ ગણાશે કે એ દેશોમાં અપંગોની જીવન સહુલત માટે ઘણા ઉમદા ઝરીયા તથા સાધનો છે. આંધળા, લંગડા, લૂલા, અપંગ અને બેસહારા લાચારો જે સહૂલતની જિંદગી અહીં પસાર કરે છે અને તેમની સારવાર, ખાવા પીવા, રહેઠાણ, સેવા ચાકરી, હરવા ફરવાની જે વ્યવસ્થાઓ આ દેશોએ કરેલ છે તે તમામે તમામ દાદને પાત્ર છે અને ધાર્મિક દ્રષ્ટિબિંદુથી જોઈશું તો સંસ્કારિક આવારગીમાં ગળા સુધી ડૂબેલો આ સમાજ કદાચ આ મજબૂર માનવ તબકાની સેવાઓના બદલામાં જ સુખ સગવડની જીવન જરૂરી ચીજોથી ભરપૂર છે.

મૂળ વિષય પર આવીએ કે વાત સમાજ તથા સંસ્કારની ચાલી રહી છે. કોઈ પણ સમાજ વ્યકિતઓથી જ ઉદ્‌ભવ પામે છે અને અખ્લાક (સંસ્કાર)ની સજાવટ તથા ગોઠવણમાં કેવળ ગવર્નમેન્ટના અમલદારો કયાં કામયાબ થઈ શકે છે. ભૂતકાળના ઈતિહાસથી વર્તમાનકાળ સુધીના તમામ બંધારણનો અભ્યાસ કરી શકાય છે. વાત એ જ સ્થાને આવીને અટકશે કે સંસ્કાર તથા આદતોને સભ્ય બનાવવા માટે સૌથી મજબૂત ચીજ ''વહી'' તથા રિસાલતનું માર્ગદર્શન જ સાબિત થાય છે. અંબિયા તથા મુરસલીન (રસૂલો) عَلَيْهِمُ السَّلَامُની હિદાયતો એ જ માનવ સમાજને સંસ્કારનું સિંચન કરીને તેને ઠીક કર્યો છે અને ઈસ્લામ ખાતિમુલ અદયાન (સર્વ દીનો એનામાં ખત્મ થનાર) છે અને અલ્લાહની હિદાયતોથી પરિપૂર્ણતા પામેલ છે એટલા માટે જ તેના કાનૂનોમાં સર્વ ક્ષેત્રિયતા અને પરિપૂર્ણતાનું હોવું અનિવાર્ય હોવું જોઈતું હતું અને જેમ કે તેમાં છે.

આવો ! હવે ચારિત્ર્ય તથા પાકીઝગી અને ઈજ્જતની કદર તથા મહત્વ પર આછી પાતળી નજર ફેંકીને આ ઉચ્ચતમ કિલ્લામાં છેદ પાડનારાની જાંચ પડતાલ કરી લઈએ.





## ★ ઈસ્લામમાં આબરૂ જાનથી અધિક કિંમતી છે ★

માનવ પ્રાણનું મહત્વ દરેક મઝહબ તથા કૌમમાં મૌજૂદ છે અને ઈસ્લામમાં માનવ જાનના ખૂનમાં કેસાસ (ખૂનનો બદલો ખૂન)ની સજા નિશ્ચિત છે. પણ ઈન્સાનની આબરૂને ખત્મ કરવાનો ગુનો, ચારિત્ર્ય તથા પાકીઝગીના ભંગ કરવાનો ગુનેહગાર ખૂનીઓ તથા લૂટારાઓથી અધિક બુરાઈને પાત્ર છે. જો કોઈના હાથે કોઈનુ ખૂન થઈ જાય અને મરનારના વારસદારો રાજી થઈ જાય તો જાનના બદલે માલી ફિદીયો (દિયત) લઈને ખૂનીનુ ખૂન માફ કરી શકે છે. એથી ઉલ્ટુ ઝાની તથા ઝાનિયહ્ (વ્યભિચારી તથા વ્યભિચારિણી)ની બાબતમાં બંને પક્ષોની રઝામંદી હોવા છતાં પણ આ ગુનાહની માફીનો કોઈ જ માર્ગ નથી. ચારિત્ર તથા પાક દામનીના પવિત્ર પર્દાઓને ફાડનાર કેવળ વ્યકિતગત તબાહીઓ સુધી સીમિત નથી રહેતા બલ્કે આ એક એવો હદથી વધી જનારો ગુનોહ છે જેના નાપાક છાંટા સમાજના માટે કંટકરૂપ બની જાય છે.

જાણવું જોઈએ કે ઈસ્લામ માનવની ઈજ્જત તથા આબરૂને જિંદગી કરતાં અધિક મહત્વ આપે છે અને ઝિનાના મુજરિમને ખુદાઈ મુજરિમ ઠરાવીને તેના પર ઈસ્લામી હદ (સજા) લાગુ કરવી એ ઈસ્લામી ખિલાફતના સરકારીના હોદ્દાની ફરજોમાંથી એક મહત્વની જિમ્મેદારી છે.

ઈસ્લામ પોતાના અનુયાયીઓનો સમાજ ઘરની ચાર દિવારીથી રાજ્ય સત્તાની હદોની કયારી સુધી પાકીઝા, પવિત્ર, બેઐબ અને ભરપૂર ખુશ્નુમા જોવા ચાહે છે. એટલા માટે તેણે ઈજ્જત આબરૂના લૂટેરાઓના માટે સખત મજબૂત સજાઓ નિશ્ચિત કરી છે. ઈર્શાદે રબ્બુલ આલમીન છે :–

وَلَا تَقْرَبُوا الزِّنٰىٓ اِنَّهٗ كَانَ فَاحِشَةً وَّسَآءَ سَبِيْلًا (القرآن)

''અને બદકારી (વ્યભિચાર)ની નજીક ન જાવ ! બેશક ! તે બેહયાઈ છે અને ઘણી

જ બુરી રાહ." (સૂ. અસ્રાઅ્, ૩૨/૧૭)

સૂરએ નિસાઅ્માં છે :–

والّتي ياتين الفاحشة من
نسائكم فاستشهدوا عليهن
اربعة منكم فان شهدوا
فامسكوهن في البيوت حتى يتوفهن
الموت او يجعل الله لهن
سبيلا ۝ واللذان ياتينها منكم
فاذوهما فان تابا واصلحا
فاعرضوا عنهما ان الله
كان توابا رحيما ۝ ٣١

"અને તમારી સ્ત્રીઓમાં જેઓ કુકર્મ કરે તેના માટે ખાસ તમારા પુરૂષોમાંથી ચાર પુરૂષોની સાક્ષી લો, પછી તેઓ જો ગવાહી આપી દે તો તે સ્ત્રીઓને ઘરમાં બંધ (કૈદ) રાખો ત્યાં સુધી કે તેમને મૌત ઉઠાવી લે અથવા અલ્લાહ તેમનો કોઈ માર્ગ કાઢે અને તમારામાં જે મર્દ તથા ઔરત આવું કામ કરે તેમને તકલીફ આપો પછી જો તેઓ તૌબા કરી લે અને નેક બની જાય તો તેમનો પીછો છોડી દો. બેશક ! અલ્લાહ ઘણો તૌબા કબૂલ કરવાવાળો મહેરબાન છે." (સૂ. નિસાઅ્, ૧૬, ૧૫/૪)

જે મુફસ્સિરો આ આયતમાં **અલ્ ફાહિશત**નો અર્થ "ઝિના" લે છે તેઓ કહે છે કે હબસ (કૈદ)નો હુકમ હદો (ઝિનાની સજા) નાઝિલ થતાં પહેલાં હતો, સજા નાઝિલ થયા પછી મન્સૂખ (રદ) કરવામાં આવ્યો. (ખાઝિન, જલાલૈન, અહમદી)

હસનનો કૌલ છે કે ઝિના સજા પહેલાં ઈજા મુકર્રર કરવામાં આવી, પછી કૈદ પછી કોરડા મારવાનુ અથવા સંગસાર (પથ્થરો મારી મારી નાખવું) કરવું. ઈબ્ને બહરનો કૌલ છે કે પ્રથમ આયત **વલ્લતી યઅ્તીનલ્....** તે ઔરતોના બારામાં છે જે ઔરતોની સાથે (સજાતીય સંભોગ) બદકારી કરે છે અને બીજી આયત **વલ્લઝાનિ......** લવાતત (સૃષ્ટિ વિરૂધ્ધ કૃત્ય) કરનારાઓના બારામાં છે અને ઝાની (વ્યભિચારી) તથા ઝાનિયહ્ (વ્યભિચારિણી)નો હુકમ સૂરએ નૂરમાં વર્ણન કરવામાં આવ્યો છે. આ તકદીર પર





આ આયતો ગૈર મન્સૂખ છે અને તેમાં ઈમામે આઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ ના માટે દલીલ જાહેર છે જે તેઓ ફર્માવે છે કે લવાતતમાં ચેતવણી છે સજા નથી. (ખઝાઈનુલ ઈર્ફાન, પેજ–૧૧૭)

તફસીરે મુઆલિમુત્તન્ઝીલમાં આ આયત હેઠળ છે :–

ઘરોમાં કાયમી કૈદની સજા ટેમ્પરરી હતી અને આયતનો સબાક (સંજોગ) બતાવી રહ્યો છે કે ભવિષ્યમાં કોઈ બીજી સજા નક્કી થનારી છે. જેમ કે અમુક દિવસો પછી સૂરએ નૂરની આયતો વડે બીજી સજા નક્કી થઈ, એટલે કે વ્યભિચારી પુરૂષ તથા સ્ત્રીને ૧૦૦–૧૦૦ કોરડાઓ મારવામાં આવે અને હદીષે પાકે એની વધુ સ્પષ્ટતા એ કરી કે સજા કેવળ ઝિનાની છે અને જો ઝિનામાં પડવાથી હક્કોની પાયમાલી પણ થતી હોય તો તેની સજા સંગસારી છે.

"આ હુકમ સજા નાઝિલ થતાં પહેલાંના છે." (મુઆલિમુત્તન્ઝીલ)

સૂરએ નૂરમાં છે :–

الزانية والزاني فاجلدوا كل
واحد منهما مائة جلدة ولا تاخذكم
بهما رافة في دين الله ان كنتم
تؤمنون بالله واليوم الاخر و
ليشهد عذابهما طائفة من
المؤمنين ۝ ٣١ (القرآن)

"જે સ્ત્રી બદકાર હોય અને જે મર્દ તો તેમનામાંથી દરેકને ૧૦૦ કોરડા મારો અને તમને તેમના પર દયા ન આવે જો અલ્લાહના દીનમાં જો તમે ઈમાન રાખતા હોઉ અલ્લાહ અને પાછલા દિવસ પર અને જોઈએ કે તેમની સજાના સમયે મુસલમાનોનો એક ગિરોહ (ગૃપ) હાજર રહે." (સૂ. નૂર, ૨/૨૪)

શાદી શુદા (પરણિત) વ્યભિચારી અને વ્યભિચારિણીની સજા સાબિતી પ્રાપ્ત કર્યા બાદ તેની હદ (સજા) લાગુ કરવામાં આવશે.

હઝરત અબૂ હુરૈરહ્ ઝૈદ ઈબ્ને ખાલિદ અને હઝરત શિબ્લી رضی اللہ عنہم થી તિર્મિઝીમાં રિવાયત છે :–

આ ત્રણેવ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયા, એવામાં બે માણસ ઝઘડતા ઝઘડતા આવ્યા. એમાંથી એક માણસ આપની પ્રતિ વધ્યો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم હું તમને અલ્લાહ તઆલાની કસમ આપું છું કે અમારી દરમ્યાન અલ્લાહ તઆલાની કિતાબ મુજબ ફૈંસલો કરો. તેના વિરોધીએ પણ જે તેના કરતાં અધિક સમજદાર હતો તેણે કહ્યું કે અમારી વચ્ચે કિતાબુલ્લાહ મુજબ ફૈંસલો કરો અને મને વાત કરવાની રજા આપો. મારો પુત્ર તેને ત્યાં મજદૂરી કરતો હતો, તો તેની પત્ની સાથે ઝિના કરી લીધો. લોકોએ મને જણાવ્યું કે તારા પુત્ર પર રજ્મ (સંગસારી)નો હુકમ આવે છે. તો મેં તેના તરફથી સો બકરીઓ અને એક ગુલામ ફિદીયામાં આપી દીધો છે. પછી ઈલ્મવાળાઓ સાથે મુલાકાત થઈ તો તેમણે કહ્યું કે તમારા પુત્ર પર ૧૦૦ કોરડા અને એક વરસ તડીપારની સજા છે અને તે શખ્સની પત્ની પર સંગસારીની સજા છે. નબી અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, એ જાતની કસમ જેના કબજામાં મારી જાન છે ! તમારી દરમિયાન અલ્લાહની કિતાબના પ્રમાણે ફૈંસલો કરીશ.

"સો બકરી તથા ગુલામ તને પાછાં મળશે અને તારા પુત્ર માટે ૧૦૦ કોરડા છે અને એક વરસ તડીપાર થવાનુ છે. (પછી ફર્માવ્યું) હે અનીસ ! તે માણસની પત્ની પાસે જાવ અને જો કબૂલી લે તો તેણીને સંગસાર કરી દો. સવારે તે સ્ત્રી પાસે ગયા અને તેણીના કબૂલ કરવા પર તેણીને સંગસાર કરવામાં આવી. (જામેઅ તિર્મિઝી, ભાગ–૧, પેજ–૭૧૬, સુનને ઈબ્ને માજહ્, બાબ હદુઝ્ ઝિના, પેજ–૧૦૫)

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ "હુજ્જતુલ બાલિગા"માં લખે છે : એ વાત પર ઈજમાઅ છે કે (મુહસન) પરણિત પુરૂષો તથા સ્ત્રીઓનો હુકમ એક સરખો છે અને મુહસનની વ્યાખ્યા એ છે કે આઝાદ હોય (ગુલામ ન હોય),





આકિલ, બાલિગ તથા મુસલમાન હોય. અને એવા સંભોગથી પાક હોય જેના પર હદ (સજા) લાગુ કરવામાં આવે છે.

સૈયેદના ઉમર ફારૂક رضی اللہ عنہ ફર્માવે છે :–

અલ્લાહ તઆલાએ હઝરત મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ને હક્કની સાથે મોકલ્યા છે. આપના પર કિતાબ ઉતારી અને જે કાંઈ આપના પર નાઝિલ કરવામાં આવ્યું તેમાં આયતે રજ્મ (સંગસાર કરવાની આયત) પણ છે. જેથી આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم એ સંગસારી કરી અને તેમના બાદ અમે પણ સંગસારી (રજ્મ) કરી.

આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

"મને ભય છે કે લાંબો સમય વહી ગયા બાદ કોઈ કહેનારો કહે કે અમે અલ્લાહ તઆલાની કિતાબમાં રજ્મનો (સંગસારનો) હુકમ નથી પામતા, તો તે અલ્લાહ તઆલાના એક ફરીઝાને ત્યજીને ગુમરાહ થઈ જાય. સાંભળી લો ! રજ્મ (સંગસારી) બેશક ! તે ઝાની પર સાબિત છે કે પરણિત હોય તેના પર સાક્ષી સાબિત થાય અથવા ગર્ભ રહી જાય અથવા ખૂદ સ્વીકાર કરે." (જામેઅ તિર્મિઝી, ભાગ–૧, પેજ–૭૧૫)

એકવાર આપે જ ફર્માવ્યું :–

"અને જો મને અલ્લાહની કિતાબમાં ઝિયાદતી (સખ્તી) નાપસંદ ન હોત તો હું તેને મુસ્હફમાં (કિતાબમાં) લખી આપતે. કેમ કે મને ડર છે કે કેટલાક આવનારા લોકો એને કિતાબુલ્લાહમાં ન પામતાં તેનો ઈન્કાર ન કરી આપે." (જામેઅ તિર્મિઝી, ભાગ–૧, પેજ–૭૧૫)

હઝરત શાહ સાહબ સજાના તફાવતની હિકમતો પર રોશની ફેંકતા લખે છે કે પરણિતની સજા સંગસારી અને અપરણિતની સજા કોરડા મારવા, એ એટલા માટે નિશ્ચિત થઈ કે જેવી રીતે પંદર વરસની વય વગેરેથી માણસ બાલિગ થઈને પૂરો આકિલ બાલિગ થઈ જાય છે અને એથી પહેલાં પૂરો આકિલ

બાલિગ નથી હોતો એટલા માટે કે તેની બુધ્ધિ, શરીર અને મર્દાનગી એથી પહેલાં સંપૂર્ણ નથી થતાં, એ જ પ્રમાણે સજામાં પણ ફરક હોવો જોઈએ. એ જ પ્રમાણે પરણિત અને અપરણિતમાં પરણિત સંપૂર્ણ છે અને અપરણિત અધૂરો છે, એટલા માટે તે બંનેની સજાઓમાં પણ તફાવત છે.'' (હુજજતુલ બાલિગા, પેજ–૬૧૨૧)

જો કોઈ મુજરિમ પર સંગસારી તથા કોરડા મારવાની સજા ભેગી થઈ જાય, તે એવા ગુનાહોમાં સપડાઈ જાય જેના કારણે બંને સજાઓ લાગુ થાય છે તો એવામાં કેવળ સંગસારીથી કામ પતાવવું જોઈએ. હુજજતુલ્લાહુલ બાલિગામાં છે કે સંગસારી તથા કોરડાઓના વાજિબ થવાના સંજોગોમાં કેવળ સંગસારી કરી લેવી સુન્નત પ્રમાણે છે. એનો હાલ એવો છે કે જેમ કે સફરની હાલતમાં નમાઝ કસર કરવી પણ જો પૂરી નમાઝ પઢે તો પણ જાઈઝ છે પણ કસર કરવી સુન્નત છે. અને એ મસલેહતથી નક્કી થયું કે રજૂમ (સંગસારી) મોટી અને પૂરી સજા છે અને એનાથી જે કમ સજા છે તે એમાં સામેલ છે. અને આ વર્ણનથી હદીષે રસૂલ અને ખુલફાએ રાશિદીનના અમલમાં મેળાપ આસાન છે, તેમણે રજૂમથી કામ ચલાવ્યું છે અને હઝરત જાબિરની હદીષથી જાહેર છે કે આં હુઝૂરે કોરડા મારવાનો હુકમ આપ્યો. પછી પરણિત હોવાનુ જણાયું તો આપે (રજૂમ) સંગસાર કરવાનો હુકમ આપ્યો, અને તેને સંગસાર કરવામાં આવ્યો. (ઉપર મુજબ હવાલો)

વર્તમાનકાળ નવા ઈસ્લામી સ્કોલર્સમાંથી કેટલાક લોકોએ એ વાતના વર્ણન પર જોર લગાડયું છે કે કોઈ સાચા દિલથી તૌબા કરી લે તો તેના પરથી (હદ) સજા ઉઠાવી લેવામાં આવશે. એના અનુસંધાનમાં શાહ સાહબ ફર્માવે છે કે :–

''અને જે વ્યકિત ઝિનાનો ઈકરાર કરે છે અને સજા લાગુ પાડવા પોતાની જાતને સુપ્રત કરે છે અને ગુનાહોથી તૌબા કરીને બેગુનાહની જેમ છે, તેના પર સજા લાગુ પાડવી યોગ્ય નથી જણાતી, છતાં તેવા માણસ પર સજા લાગુ પાડવાના કેટલાયે સબબો છે,





તેમાંથી એક એ છે કે જો કેવળ તૌબા જાહેર કરવા અને ગુનો કબૂલવાથી સજા દૂર થઈ જાત તો દરેક વ્યભિચારી ઈમામની પૂછતાછ (પકડ)ની ખબર પામીને ઈકરાર તથા તૌબાના બહાના હેઠળ સજાને મૌકૂફ કરાવી શકે છે. એ શરીઅતની મસ્લેહતથી વિરૂધ્ધ છે. (હવાલો ઉપર મુજબ)

અલબત્ત ઝુલ હૈઆત (શરીફ લોકો)ના બારામાં પોતાનું મંતવ્ય રજુ કરતાં લખે છે :–

આં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, **અકબિલૂ ઝવિલ્ હૈઆતિ ઈષ્રાતુહુમ ઈલ્લલ્ હુદૂદ** થી સજાઓ સિવાય અન્ય ભૂલો માફ કરી આપ્યા કરો. હું કહું છું ''ઝુલ હૈઆત''થી શરીફ લોકો મુરાદ છે. તે એ રીતે કે કોઈ માણસ થકી દીનની ભલાઈની ઉમ્મીદ હોય છે અને તેનાથી નિયમ વિરૂધ્ધ લગઝિશના તૌર પર કોઈ બાબતમાં ઉણપ થઈ જાય છે, પછી તેને શર્મિંદગી થાય છે, તો એવા સંજોગોમાં તેની સાથે દરગુઝર કરવું યોગ્ય છે. અથવા તે શખ્સ ખાનદાની માનનીય અને હૈસિયતવાળો હોય જો દરેક નાના મોટા ગુનાહમાં તેને સજા આપવામાં આવે તો તેમાં અદાવત તથા બગાવતની શકયતા છે. પણ એ યોગ્ય નથી કે તેની પૂછતાછ જ ન કરવામાં આવે, એ સંજોગો સિવાય કે કોઈ શરઈ સબબ જેનાથી સજા દૂર થતી જોવા મળે. અને જો સજા (હદ)ની અંદર જ દરગુઝર કરવામાં આવે તો શરીઅતની મસ્લેહત નાશ પામે છે અને અલ્લાહની હદો (સજાઓ)નો ફાયદો વેડફાય જાય છે. (હવાલો ઉપર મુજબ)

કોઈ માણસ ખૂબ જ દુબળા શરીરવાળો અને અશકત શરીરવાળો હોય છતાં પણ તેને સજાઓ માફ નથી કરી શકતા. સજા ગમે તેમ પણ લાગુ પડશે, ભલે તેની રીત કાંઈ અલગ હોય. ફર્માવે છે :–

''જો કોઈ દુબળા શરીરવાળો અશકત તબીયતવાળો બીમાર ઝિના કરી બેસે તો તેની સજાના માટે રસૂલે અકરમ

صلی اللہ تعالیٰ علیہ وسلمની સુન્નતથી સાબિત છે કે તેને એક મોટી ડાળી હોય જેમાં એકસો ચાબખા હોય તે લઈને તેને એકવાર મારી દેવામાં આવે. જો એવા શખ્સને તદ્દન પૂછતાછ કરવામાં ન આવે તો સજાની મજબૂતીમાં ખામી આવી જાય છે. એટલા માટે કે શરીઅતની લાઝમી સજાઓ જે હક્ક તઆલાએ લોકોની પેદાઈશી બાબતોના રૂપે નિશ્ચિત કરી છે તેની શાન એ છે કે તેને અસરકારક ખાસિયતની જેમ સમજવામાં આવે, અને લોકો ખૂબ જ મજબૂતી સાથે તેને માને." (હુજ્જતુલ બાલિગા, પેજ–૬૨૨)

શાહ સાહબ આગળ જતાં લવાતત (સૃષ્ટિ વિરૂધ્ધ કૃત્ય)ના બારામાં ફર્માવે છે :–

"લવાતતની સજામાં મતભેદ છે, અમુકની નજીક તે ઝિનાના પ્રકારમાંથી છે અને અમુક કહે છે કે તેની સજા કત્લ છે. એટલા માટે કે હદીષમાં આવ્યું છે કે તમે લૂતની કૌમનું કામ કરતાં જુઓ તો કરનાર કરાવનાર બંનેને કત્લ કરી દો." (હવાલો ઉપર મુજબ)

## ★ ઝિનાની સજા તથા તેની સખત શરતો ★

ઈસ્લામી બંધારણમાં ઝિના (વ્યભિચાર)ના ગુનાની સજાઓ કઈ સખ્ત શરતોમાં જકડાયેલી છે. આવો ! શરીઅતના ખજાનામાંથી આપણે તેનો સંક્ષિપ્ત અભ્યાસ કરીએ અને જોઈએ કે આ સજાઓ કેટલા પ્રમાણમાં ફિતરત મુજબની, અસરકારક અને શાંતિ સ્થાપનાર છે.

દરેક ખાસ તથા આમ જાણે છે કે ઝિના તે કુકર્મ છે કે કોઈ આકિલ (બુધ્ધિવાળો) બાલિગ (પુખ્ત) શખ્સ કોઈ સ્ત્રીના ગુપ્તાંગમાં હરામ રીતે દાખલ કરે જે ન કેવળ બંને રીતની માલિકી અને માલિકી જેમ હોવાથી ખાલી હોય અથવા તેના સમાનની જેમ હોય. (અહકામુલ કુર્આન, ભાગ–૨, પેજ–૮૩, આલમગીરી, ભાગ–૨, પેજ–૩૨૭ વગેરે) અથવા કોઈ સ્ત્રી પર (પરાયા) પુરૂષને એવા કાર્ય માટે કાબૂ આપી દે.





**ઝિનાની વ્યાખ્યા :–** બે ખત્નાનું મળવું અને પુરૂષેન્દ્રિયનું ગુમ થવું જોવા મળે. (ફતાવાએ હિંદિયહ્, ભાગ–૨, પેજ–૩૨૭ વગેરે)

**ઝિનાની સજાની શરતો :–** એ છે કે આરોપીને એ કાર્ય હરામ હોવાની ખબર પણ હોય, જો તે અજાણ છે અથવા તેની સાથે અજાણ હોવાની શંકા જોવા મળે તો તેના પર સજા લાગુ નથી થતી.★

**ઝિનાની સાબિતી :** ઝિનાનો મુજરિમ કયારેક ખૂદ પોતાના ગુનાહનો ઈકરાર કરે છે જેવી રીતે હઝરત માઈઝે☆

★ એના હદીષોમાં ઘણાં દ્રષ્ટાંતો છે, જેમ કે હદીષના રાવી યઝીદ ઈબ્ને કબ્ષા કહે છે કે હઝરત અબૂ દરદા رضی اللہ عنہની સમક્ષ એક હબ્શી બાંદી પેશ કરવામાં આવી, જેઓ તે દિવસોમાં દમિશ્કમાં કાઝીના હોદ્દા પર હતા. તેમણે કહ્યું, હે સલામા ! શું તેં ચોરી કરી છે ? કહી દે કે નહીં ! તેણે કહી દીધું કે, નહીં ! લોકોએ કહ્યું, હે અબૂ દરદા ! તમે તેને જવાબ શીખવાડી રહ્યા છો ?! તેમણે કહ્યું, તમે એક એવી સ્ત્રીને લાવ્યા છો જે નથી જાણતી કે તેના વિશે શું ઈરાદો કરવામાં આવ્યો છે ! તે સ્વીકાર કરી લેશે તો તેનો હાથ કાપીશ. (કિતાબુલ અષારુલ ઈમામ મુહમ્મદ, પેજ–૯૩)

એ જ પ્રમાણે અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની પાસે એક ચોર લાવવામાં આવ્યો. તેઓ તે દિવસોમાં માલદાર હતા. તેમણે ચોરને પૂછયું, શું તેં ચોરી કરી ? (પછી પોતે જ ફર્માવ્યું) કહી દે કે ના ! આ જ પ્રમાણે બે કે ત્રણ વાર ફર્માવ્યું . (અત્તલ્ખીસુલ્ ફી તખરીઝે અહાદીષિર્રાફિઈલ કબીર લિ ઈબ્નિ હજર, ભાગ–૨, પેજ–૩૫૭)

☆ હઝરત માઈઝનો વાકયો હદીષની તમામ કિતાબોમાં આવ્યો છે. અહીં જામેઅ તિર્મિઝીથી હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ની રિવાયત નકલ કરવામાં આવે છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રિવાયત કરે છે : તેમણે કહ્યું, માઈઝ અસ્લમીએ બારગાહે રિસાલતમાં હાજર થઈને અર્ઝ કરી કે તેમણે ઝિના કર્યો છે, આપે મોઢું ફેરવી લીધું. પછી તે બીજી બાજુથી આવ્યા અને અર્ઝ કરી કે તેમણે ઝિના કર્યો છે, આપે મોઢું ફેરવી. ફરી તે બીજી બાજુથી આવ્યા અને કહ્યું, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મારાથી ઝિના થઈ ગયો છે. ચોથી વાર હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમને રજ્મ (સંગસાર) કરવાનો હુકમ આપી દીધો. જ્યારે તેમને પથ્થરોથી તકલીફ પહોંચી તો ઉભા થઈને નાસવા લાગ્યા ત્યાં સુધી કે એક માણસ પાસેથી પસાર થયા તેની પાસે ઊંટનુ ઝડબુ હતું. તેણે તેના વડે તેમને ફટકાર્યું, અન્ય લોકોએ પણ માર્યા ત્યાં સુધી કે મૃત્યુ પામ્યા. લોકોએ રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم સમક્ષ એનું વર્ણન કર્યું કે જ્યારે તેમણે પથ્થરનો માર અને મૌતની તકલીફ મેહસૂસ કરી તો ઉઠીને ભાગવા લાગ્યા. આપે ફર્માવ્યું કે તમે તેમને છોડી કેમ ન દીધા ! એક રિવાયતમાં છે : તેમને તમારી ચાદરમાં છુપાવી કેમ ન લીધા ! *(જામેઅ તિર્મિઝી, અબવાબે હુદૂદ, અબૂ દાઊદ, ભાગ–૨, પેજ–૨૫૮, હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વીએ જે હદીષ નકલ ફર્માવી છે એમાં આ મુબારક શબ્દો નકલ થયેલા છે : "તેમણે એવી તૌબા કરી છે કે તેને ઉમ્મત પર વહેંચવામાં આવે તો સૌને આવી રહે." –હુજ્જતુલ્લાહુલ્ બાલિગા, પેજ–૬૧૯)*

ખયરે કુરૂનમાં કર્યો એને ઈકરારે મુક્કિર કહે છે. કયારેક અન્ય ગવાહો પોતાની ગવાહી આપીને મુજરિમના જુર્મને સાબિત કરે છે.

**ઝિનાનો સ્વીકાર :** મુજરિમ (સ્ત્રી કે પુરૂષ) પોતાના ઝિના ગુનાનો ઈકરાર કરી લે તો કેવળ એકવાર આમ જ કહી દેવાથી તેના પર હદ (સજા) લાગુ કરવામાં નહીં આવે બલ્કે તેની પર શરતો તથા લાઝમી બાબતો છે જેને અમે નીચે સંક્ષિપ્તમાં રજુ કરીએ છીએ.

**૧.** મુજરિમ પોતાના ગુનાનો ઈકરાર કાઝી અથવા એવા શરીઅતે નિશ્ચિત કરેલ હાકિમ સમક્ષ કરે જેને સજા લાગુ કરવાનો અધિકાર હોય, તેના સિવાય અન્ય લોકો સમક્ષ ચાર વારનો ઈકરાર પણ અવિશ્વસનીય છે. (કેટલાકે મુક્કિર એટલે ખૂદ ઈકરાર કરનારની પોતાની ચાર મજલિસોનો પણ એ'તબાર કર્યો છે.)

**૨.** જુર્મ સ્વીકારવામાં સ્પષ્ટ શબ્દો હોવા જોઈએ. શબ્દોના ઈશારા અથવા દ્વિઅર્થી શબ્દો વડે ઝિનાના ઈકરારનો એ'તેબાર નથી કરવામાં આવતો. એ જ પ્રમાણે મુક્કિર (કબૂલ કરનાર) પોતાના કૌલમાં સાચો છે કે જૂઠો એનું જાહેર થવું પણ જરૂરી છે.

**૩.** ઈકરાર કરતી વખતે મુજરિમના હોશ હવાસ ઠેકાણે હોય. જો કોઈ નશાની હાલતમાં જુર્મની કબૂલાત કરે તો સજા લાગુ થશે નહીં.

**૪.** ઈકરાર કરનાર આકિલ, બાલિગ હોય (પાગલ તથા અપુખ્ત ન હોય) અને પોતાની જાત માટે ચાર વખત ચાર વિવિધ મેહફિલોમાં ઝિના કરવાનો ઈકરાર કરે. ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہની નજીક મજલિસોનું બદલાવુ શર્ત છે જેથી એક જ મજલિસમાં ચાર વારનો ઈકરાર પણ એક જ ગણાશે. (ઈખ્તેલાફે ફુકહા, લેખક : ઈમામ અબૂ જાફર અહમદ ઈબ્ને મુહમ્મદ તહાવી, વિસાલ હિ. ૩૨૧, પ્રેસ–ઈસ્લામાબાદ, ભાગ–૧, પેજ નં. ૧૪૩, બદાએ ઉસ્સનાએઅ, ભાગ–૭, પેજ–૧૫૦ વગેરે)





૫. ઝિનાના ગુનાનો ઈકરાર કરવાવાળા સાથે કાઝીનું વર્તન નાપસંદગી (કરાહત)નો ઈઝહાર તથા ધમકીમય હોવું જોઈએ અને રજૂઅ (ઝિનાનો અસ્વીકાર) કરવાનો આગ્રહ હોવો જોઈએ, એ મતલબ છે (બુખારી, મુસ્લિમ, મુસ્નદે ઈમામે આ'ઝમ, પેજ–૧૫૭, ૧૬૧, સુનને ઈબ્ને માજહ્, ભાગ–૧, પેજ–૧૦૩, તિર્મિઝી, અબ્વાબે હુદૂદ, ભાગ–૧, પેજ–૭૧૧ : ૭૧૨... વગેરે)

કાઝીને જયારે ખૂદ ઈકરાર કરનારનું બરાબર અક્કલવાળો હોવાનું માલૂમ પડી ગયું અને ઝિના કર્યો છે ? કેવી રીતે કયારે ? અને કયાં થયો ? તેણે દરેક વાતનો સાચો ઈકરાર કરી લીધો અને તેનું પરણિત હોવું પણ ઈકરાર અથવા ગવાહીથી ષાબિત થઈ ગયું તો સંગસાર કરવાનો હુકમ આપશે. ત્યાર બાદ પણ સજા લાગુ કરતા પહેલાં જો તે પોતાના ઈકરારથી પાછો ફરી જાય તો તેનો ઉઝ્ર (મજબૂરી) કબૂલ થશે. [બદાએ ઉસ્સનાએઅ્, ભાગ–૭, પેજ–૧૬, હિદાયહ્, ભાગ–૧૨, પેજ–૪૮૮, કદૂરી, પેજ–૧૮૫, ફતાવા હિંદિયા (આલમગીરી), ભાગ–૪, પેજ–૩૨૮...વગેરે]

અને જુર્મ ઈકરાર કરનાર પોતાના જુર્મથી ફરી નથી જતો પણ ભાગી છૂટે તો એવા સંજોગોમાં તેને પકડવામાં ન આવે અને ચાહે ઝિનાના ઈકરાર પર કાયમ રહ્યો પણ કેવળ પરણિત હોવાથી ઈન્કાર કર્યો તો સંગસારીને બદલે કોરડા મારવામાં આવે.

ઝિનાની સાબિતીની બીજી સ્થિતિ એ છે કે ઝિનાના મુજરિમોને જોનારા આદિલ ગવાહો પોતાની ગવાહીઓ વડે તેમના ગુનાને સાબિત કરે. સાક્ષી અને સાક્ષીની ઉલટ તપાસના જરૂરી નિયમો અમે ટૂંકમાં નીચે રજુ કરીએ છીએ.

**ગવાહીની ઉલટ તપાસ :–** ઝિનાની ગવાહી એ રીતે મકબૂલ (સ્વીકાર્ય) છે કે કાઝી અથવા શરીઅત પ્રમાણેના હાકિમની પાસે ચાર આદિલ ગવાહો ઝિના શબ્દની સ્પષ્ટતા સાથે ગવાહી આપે, અલગ અલગ મજલિસોની ગવાહી મો'તબર (વિશ્વાસપાત્ર) નથી.

ત્યાર બાદ કાઝીની તેહકીકનું કામ શરૂ થાય છે :–

**પ્રથમ તેહકીક** : ગવાહોએ બતાવવું પડશે કે ઝિના શું ચીજ છે.

**બીજી તેહકીક** : આરોપીએ ઝિના કયાં કર્યો ?

**ત્રીજી તેહકીક** : કોની સાથે કર્યો ?

**ચોથી તેહકીક** : શું એ રીતે જોયું હતું જેવી રીતે સળી સુરમાદાનીમાં હોય ?

**પાંચમી તેહકીક** : કયા સમયે આ કુકર્મ બન્યું ? (આ બનાવ બનવાને લાંબો અરસો તો નથી વહી ગયો ?)

## ★ સાક્ષીની સાવધાનીઓ ★

**૧.** ઝિનાની સાબિતી માટે ચાર આઝાદ મુસલમાન આદિલ પુરૂષોની ગવાહી જરૂરી છે. જો ચારથી ઓછા લોકોએ ગવાહી આપી, ભલે એક કે બે કે ત્રણ તો ગવાહી અમાન્ય ઠરાવવામાં આવશે. અને ગવાહી આપનારાઓને ૮૦ કોરડા હદ્દે કઝફ (ખોટો ઝિનાનો આક્ષેપ લગાડવાની સજા) લાગુ થશે. ★

**૨.** જો ચાર ગવાહોમાં કોઈ એક ગવાહ ગુલામ અથવા મુકાતબ અથવા કાફિર અથવા કૈદી અથવા આંધળો અથવા નાબાલિગ હોય તો બાળક સિવાય સૌ ગવાહોને તોહમત લગાડવાની સજા (કઝફ–૮૦ કોરડા) લગાડવામાં આવશે. (હિદાયહ્, ભાગ–૨, પેજ–૫૦૩, ફતાવા હિંદિયા, ભાગ–૨, પેજ–૩૩૫ વગેરે)

**૩.** જો ચાર ફાસિક ગવાહી આપે અથવા ગવાહો અદાલતના સ્ટાન્ડર્ડ પ્રમાણે પૂરા ન ઉતરે તો ન આરોપીને સજા કરાશે ન ગવાહોને

---

★ સજાઓના પ્રકરણમાં સાક્ષીનો હુકમ સામાન્ય સાક્ષીઓથી વિરૂધ્ધ છે. એના અનુસંધાનમાં આગળ ચર્ચા આવી રહી છે. અને સજાઓની ગવાહીઓમાં કેટલા અંશે સાવધાની રાખવામાં આવી છે તે પણ બંદાઓને મુસીબતોથી બચાવવાની ખુદાઈ રહમતભરી સ્કીમોમાંથી એક છે. બદાએઉસ્સનાએઅ્, ભાગ–૭, પેજ–૪૮, ફતાવા હિંદિયા, ભાગ–૨, પેજ–૩૩૩, શરહે કબીરુલ મુકદસી, ભાગ–૧૦, પેજ–૧૯૯/૨૦૦, બયહકી, ભાગ–૮, પેજ–૨૩૪/૩૫ વગેરે. (ફતાવા હિંદિયહ્, ભાગ–૨, પેજ–૩૨૭)





તોહમતની સજા. (ફતાવા કાઝીખાન, ભાગ–૪, પેજ–૪૭૮ વગેરે)

**૪.** શહાદત (સાક્ષી) એક જ મજલિસમાં થવી જોઈએ, જો ગવાહોએ અલગ અલગ મજલિસોમાં સાક્ષી આપી તો કબૂલને પાત્ર ઠરશે નહીં અને સૌને હદ્દે કઝફ (ઝિનાના તોહમત સજા–૮૦ કોરડા) લગાડવામાં આવશે. (ફતાવા કાઝીખાન, ભાગ–૪, પેજ–૪૭૪ વગેરે)

**૫.** ચાર ગવાહોએ કોઈના બારામાં ઝિનાની ગવાહી આપી પણ કૈફિયત તથા હાલત બતાવવાથી ઈન્કાર કરી દીધો અથવા અમુકે પોઝીશન બયાન કરી, અમુકે ન કરી તો આવી ગવાહી અસ્વીકાર્ય રહેશે અને સંખ્યા પૂર્ણ હોવાના કારણે તે ગવાહો પણ કઝફ પણ નથી.

**૬.** જો ચાર ગવાહો ઝિનાની ગવાહી આપે પણ જે સ્ત્રી સાથે ઝિના કર્યો છે તેના બારામાં મતભેદ કરે અથવા ઝિના કરવાની જગાના બારામાં એકમત ન થાય અથવા ઝિના કરવામાં આવેલ સમય બાબતે જુદા જુદા થઈ જાય તો આવી ગવાહી બાતિલ છે. તથા સંખ્યામાં ચાર હોવાના કારણે તેમના ઉપર પણ તોહમત લગાડવાની સજા (કઝફ) નથી લગાડવામાં આવતી. (બદાએઉસ્સનાએઅ, ભાગ–૭, પેજ–૪૮,૪૯, ફતાવા હિંદિયા, ભાગ–૨, પેજ–૩૩૪)

કાઝી (ન્યાયાધીશ)ની નજીક ઝિનાની વ્યાખ્યા, ઝિનાનુ સ્થળ, ઝાની તથા ઝાનિયાની ઓળખ, ઝિનાનો સમય, ઝિનાની પોઝિશન અને ઝિનાના ગવાહોની અદાલત (આદિલપણુ) દરેકની જ્યારે પૂરી તેહકીક થઈ જાય પછી કાઝી આરોપી પુરૂષ કે સ્ત્રીની પ્રતિ ધ્યાનિત થઈને અને તેના 'ઈહસાન' (પરણિત વ્યકિત) સાબિત હોવાના સંજોગોમાં સંગસારી કરવામાં આવશે, નહીં તો કોરડાઓની સજાનો હુકમ લાગુ પાડશે.

**ઈહ્સાનની વ્યાખ્યા** : આકિલ, બાલિગ, આઝાદ મુસલમાન જેણે કોઈ આઝાદ સ્ત્રી સાથે નિકાહ કર્યો હોય અને તેનાથી સંભોગ પણ કરી ચૂકયો હોય, અને તેઓ બંને ઝિના થવાના સમયે પોતાની આ સિફત પર હોય. ઈહસાનની સાબિતી ત્રણ

રીતમાંથી કોઈ એક રીતે થઈ જાય છે :– (૧) સ્વીકાર કરી લેવાથી (૨) બે પુરૂષોની ગવાહીથી (૩) એક પુરૂષ અને બે સ્ત્રીઓની ગવાહીથી

ગૈર મુહસિન (અપરણિત) આઝાદની સજા સો (૧૦૦) કોરડા છે અને અપરણિત ગુલામની સજા ૫૦ કોરડા છે. (ફત્હુલ કદીર લિલ શૌકાની, ભાગ–૪, પેજ–૩, બદાએઉસ્સનાએઅ્, ભાગ–૭, પેજ–૫૭, ફતાવા કાઝીખાન, ભાગ–૪, પેજ–૪૭૮, મીઝાનુશશરીઅતુલ્ કુબ્રા, ભાગ–૨, પેજ–૧૭૩/૧૭૪, ફતાવા હિંદીયા, ભાગ–૨, પેજ–૩૨૯... વગેરે)

**સજા લાગુ કરવાની પોઝિશન :–** સજા મસ્જિદમાં લાગુ કરવામાં નહીં આવે. (ઈબ્ને માજહ્, ભાગ–૨, પેજ–૧૧૮, બદાએઉસ્સનાએઅ, ભાગ–૭, પેજ–૬૦, ઈખ્તેલાફુલ ફુકહા, ભાગ–૧, પેજ–૧૪૯....વગેરે)

સજા લાગુ કરતી વખતે મુસલમાનોની એક જમાઅતે મૌજૂદ રહેવું જોઈએ. (અહકામુલ કુર્આન, ભાગ–૨, પેજ–૮૪/૮૫, ફતાવા હિંદિયા, ભાગ–૨, પેજ–૩૨૯...વગેરે)

પુરૂષને સજા કરતી વખતે બદન પર કેવળ એક ઈજાર રહેશે. તમામ સજાઓમાં ઉભો રાખીને સજા કરવામાં આવશે. સ્ત્રીને કોઈ સંજોગોમાં નગ્ન કરવામાં નહીં આવે, જો કે વધારાનાં કપડાં ઉતારાવી લેવામાં આવશે અને તેને બેસાડીને સજા લાગુ કરવામાં આવશે.

## ★ ઝિનાના મુજરિમ પર ઈસ્લામી સજા લાગુ થવાની શરતો સંક્ષિપ્તમાં એકવાર ફરી જોઈ લો ★

૧. કરનાર ઝિનાની માહિતી ધરાવતો હોય.

૨. સંગસારી માટે આકિલ, બાલિગ હોવા ઉપરાંત ઈહસાન (પરણિત) પણ હોય અને કોરડાની સજા આપવા માટે આકિલ, બાલિગ હોવું જરૂરી છે.

૩. શંકાથી પર હોય.





૪. ચારેવ આદિલ ગવાહો એક જ મજલિસમાં સૂરમાદાનીમાં સળીની જેમ જોવા વિશેનું તથા અન્ય એકમતીપૂર્વક વિગતો સાથે વર્ણન કરે.

૫. આરોપી ખૂદ પોતાના ગુનાહનો એકરાર કરે તો તેનું હોશયુકત હોવું, સ્પષ્ટ શબ્દો વાપરવું, ચાર વિવિધ મજલિસોમાં ચાર ચાર વખત એકરાર કરવો જરૂરી છે. આ સંજોગોમાં કાઝીની તેહકીક પછી તેને તેની વાત પરથી ફરી જવાનો હક્ક છે.

૬. બીમાર, કમજોર, સગર્ભા તથા નિફાસવાળી ન હોય.

૭. આરોપી મજબૂર ન હોય.

૮. લાંબો સમય ન વહી ગયો હોય.

આ શરતોમાંથી દરેક પોતાનામાં અમ્નો સલામતીની કેટલી ગહરાઈ તથા ઊંડાઈ ધરાવે છે તેનો વાસ્તવિક અંદાઝો લગાડવા માટે ઈસ્લામી કાનૂનથી લાગુ કરવાથી બેહતર કોઈ તરીકો નથી.

અમે અમારા આ બયાનમાં થોડા વિસ્તારપૂર્વકથી કામ લીધુ છે, જેના કારણે ઈસ્લામ દુશ્મન તત્વોના ખોટા પ્રોપેગન્ડા (કુપ્રચાર)ની હકીકત ઉઘાડી થઈ જાય. પશ્ચિમી દુનિયામાં ઈસ્લામી સજાઓના બારામાં એવો ખયાલ પ્રવર્તે છે કે જાણે એ કાનૂનની જ્યાં હુકમરાની (ચલણ) હોય ત્યાં ડગલે ને પગલે ફાંસીના માંચડા લટકાવેલા હોય ! જલ્લાદો તથા કોરડા મારનારા રાત દિવસ ગરદન ઉડાડવાનુ અને લોકોની ચામડીઓ ઉતારવામાં મશગૂલ રહેતા હશે ! ઈસ્લામી ન્યાય વ્યવસ્થા જે હકીકતમાં સલામતીનું સ્થાન હોય છે તેને જાણે કતલખાનુ બનાવીને દુનિયા સામે રજુ કરવામાં આવે છે ! જે વાસ્તવિકતાથી એકદમ વિમુખ છે અને ઈસ્લામી જીવન બંધારણ તથા જિંદગીના ઉસૂલોથી અજાણતા અથવા પૂર્વગ્રહના કારણે આક્ષેપબાજી છે. આવો ટૂંકા વર્ણનોમાંથી અમુકને જરા વિસ્તારપૂર્વક જોઈએ. સૌ પ્રથમ સજાઓની ગવાહીઓને લો :–

## ★ સામાન્ય સાક્ષીઓ અને સજાઓની ગવાહીઓ ★

આમ (સામાન્ય) ગવાહીઓના બારામાં કુર્આની ઈર્શાદો ધ્યાનમાં રાખશો :–

وَمَنْ أَظْلَمُ مِمَّنْ كَتَمَ شَهَادَةً عِنْدَهُ مِنَ اللّٰهِ ۱۴۰ (القرآن)

''તે સૌથી જાલિમ માણસ છે જેની પાસે અલ્લાહની ગવાહી મૌજૂદ હોય છતાં તે તેને છુપાવીને રાખે.'' (સૂરએ બકરહ્, ૧૪૦/૨)

وَلَا تَكْتُمُوا الشَّهَادَةَ وَمَنْ يَكْتُمْهَا فَإِنَّهُ آثِمٌ قَلْبُهُ

''ગવાહીને છુપાવવુ દિલી ગંદકીની સાબિતી છે એટલા માટે રબ તઆલા હુકમ ફર્માવે છે કે ગવાહીઓને ન છુપાવો.'' (સૂ. બકરહ્, ૨૮૨/૨)

وَأَقِيمُوا الشَّهَادَةَ لِلّٰهِ ۲

''ખુદા વાસ્તે સાક્ષી આપવાનું કામ કરવું જોઈએ.

(સૂ. તલાક, ૨/૬૫)

પણ સજાઓના મામલામાં જ્યાં સુધી બની શકે ગવાહીઓને છુપાવવી બેહતર (ઉલા) ઠરાવવામાં આવેલ છે. ઝિનાના જુર્મની ગવાહી કત્લની ગવાહીની સરખામણીમાં કેટલી સખત છે ? ત્યાં બે ગવાહ પૂરતા છે અને ઝાની (વ્યભિચારી)ની ગવાહીમાં ચાર ગવાહો અને ચારેવ એક મજલિસમાં ગવાહી આપે, રબ તઆલા બદકારી ફેલાવવાના ગુનાહને મહાન જુર્મ ઠરાવે છે, છતાં પણ અહીં આ ગવાહોની શરત મુજરિમોની ઢાંક પિછોડને લક્ષમાં રાખીને છે. ખુદા તઆલાને તેનું છુપાવવું પસંદ છે. હા ! જો વાત એટલી ઉઘાડી હોય કે ચાર ગવાહીઓ મળી જાય તો હવે બદકારીમાં કોઈ શંકા બાકી નથી રહેતી એટલા માટે ઈસ્લામી





સજાઓ લાગુ પડે છે.

જામેઅ તિર્મિઝીમાં ઈમામ અબૂ ઈસા મુહમ્મદ ઈબ્ને ઈસા તિર્મિઝી (વિસાલ : ૧૩–રજબ, હિ.સ. ૨૭૯) સજાઓના પ્રકરણોમાં આ હદીષ નકલ કરે છે :–

હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

''જ્યાં સુધી થઈ શકે મુસલમાનોને સજાઓથી દૂર કરો. જો તેના માટે કોઈ માર્ગ હોય તો તેનો માર્ગ છોડી દો. ઈમામનું ગલતીથી માફ કરી દેવું ગલતીથી સજા આપવા કરતાં બેહતર છે.'' (તિર્મિઝી, ભાગ–૧, પેજ–૭૧૨)

ઈમામુલ હાફિઝ અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ ઈબ્ને યઝીદ ઈબ્ને માજહ્ રબઈ કુઝવીની (વિસાલ : ૨૨–રમઝાન, હિ.સ. ૨૭૨) પોતાની સુનનમાં અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરે છે : રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, ''જે કોઈ મુસલમાનની પર્દાપોશી કરશે (ઐબ છુપાવે) અલ્લાહ તઆલા દુનિયા તથા આખેરતમાં તેના ઐબો છુપાવશે.''

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે : રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, ''જ્યાં સુધી શકય હોય ત્યાં સુધી સજાઓને દૂર કરો.'' (સુનને ઈબ્ને માજહ્, ભાગ–૨, પેજ–૧૦૩)

ગુનાહો પ્રદર્શિત કરવાના બારામાં ઈર્શાદે રસૂલ છે :– તમારામાંથી જે આ ગંદા કામોમાંથી કોઈ કરી બેસે તો અલ્લાહના નાખેલા પર્દામાં છુપા રહે, પરંતુ જો અમારી સામે (જાહેરમાં) પોતાનો પર્દો ખોલશે તો અમે તેના પર કુર્આની કાનૂન લાગુ પાડીશું.

ઈબ્ને અબ્બાસ رضی اللہ تعالیٰ عنہما રિવાયત કરે છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, ''જે કોઈ મુસલમાનની ઐબો છુપાવશે અલ્લાહ કિયામતના દિવસે તેની ઐબો છુપાવશે અને જે

કોઈ મુસલમાનનો પડદો ખોલશે તો અલ્લાહ તેનો પર્દો ખોલી નાખશે ત્યાં સુધી કે તેને તેના ઘરમાં બદનામ કરશે. (હવાલો ઉપર મુજબ)

સૈયેદેના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ એક પ્રસંગે ફર્માવ્યું : જેને અબ્દુર્રઝ્ઝાક અને બયહકીએ રિવાયત કરી :

"અલ્લાહ તઆલાએ ઝિનામાં ચાર ગવાહો એટલા માટે નિશ્ચિત કર્યા છે કે તે ઐબો પર પર્દો નાખવા ચાહે છે. તેણે ચાર ગવાહો થકી તમારા કુકર્મોની પર્દાપોશી (ઢાંક પિછોડ) કરી છે. જેથી જે પર્દો ખુદાએ નાખી દીધો છે તેની પાછળ કોઈએ ઝાંકવું ન જોઈએ. યાદ રાખો ! જો ખુદા ચાહત તો એક જ ગવાહ નિશ્ચિત કરત." (કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૨, પેજ–૮૬)

હઝરતુલ અલ્લામા મુહક્કિક ઈબ્ને હુમામ ફત્હુલ કદીરમાં ફર્માવે છે :–

"કેમ કે ખુદાવંદે તઆલાની નજીક તે ગુનાહોની પર્દાપોશી પસંદીદા કાર્ય છે એટલા માટે ઝિનાની ગવાહી આપવી અફઝલિયતથી ઉતરતુ કાર્ય ગણાશે, અને આ ફેંસલો મુજરિમની નિસ્બતથી કરવો પડશે. એવો મુજરિમ જે એ ગુનાહનો આદી નથી અને ન તેને સજાયુકત જુર્મ જાણે છે તેના બારામાં ગવાહી ન આપવી અફઝલ છે. પણ જ્યારે તેની પોઝિશન આમ પ્રસાર સુધી પહોંચી જાય (તેની સજા વિશે સર્વ જાણતા હોય) છતાં તેને મામૂલી વાત સમજવા લાગે, બલ્કે કેટલાક લોકો ગુનાહ પર નાઝ કરવાનુ શરૂ કરી દે તો એવી સ્થિતિમાં ઝિનાની ગવાહી આપવી એ છુપાવવા કરતાં અફઝલ છે. કેમ કે શારેઅ (હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم)નો મકસદ જમીનને ગુનાહો અને બેહયાઈઓથી પાક સાફ કરવાનો છે. (ભાગ–૫, પેજ–૫)

અબૂ દાઊદની રિવાયતમાં છે કે માઈઝ ઈબ્ને માલિક અસ્લમીથી જ્યારે ઝિના થઈ ગયો તો તેમને હઝ્ઝાલ ઈબ્ને નઈમે કહ્યું કે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلمની ખિદમતમાં જાવ અને પોતાની હાલત





દર્શાવો. તો તેમણે એ જ પ્રમાણે કર્યું. હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلمના સામે પોતાના ગુનાહનો એકરાર કરી લીધો તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ તેમને સંગસાર (રજ્મ) કરવાનો હુકમ ફર્માવ્યો અને આપે હઝ્ઝાલને ફર્માવ્યું, જો તમે તેને છુપાવી લેત તો વધુ સારું હતું.

ઈસ્લામમાં બેહયાઈની રોક થામના હુકમો એકદમ સ્પષ્ટ છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

إِنَّ الَّذِينَ يُحِبُّونَ أَن تَشِيعَ الْفَاحِشَةُ فِي الَّذِينَ آمَنُوا لَهُمْ عَذَابٌ أَلِيمٌ فِي الدُّنْيَا وَالْآخِرَةِ ۚ وَاللَّهُ يَعْلَمُ وَأَنتُمْ لَا تَعْلَمُونَ

"તે લોકો **જેઓ મુસલમાનોમાં બેહયાઈ ફેલવાને પસંદ કરે છે તેમના માટે દર્દનાક અઝાબ છે,** દુનિયા તથા આખેરતમાં અને અલ્લાહ જાણે છે અને તમે નથી જાણતા." (સૂ. નૂર, ૨૪/૧૯)

તેમ છતાં જ્યાં સુધી કોઈની વિરૂધ્ધ ખુલ્લમ ખુલ્લા સાબિતી ઉપલબ્ધ ન થઈ જાય અને શરઈ ગવાહી પરિપૂર્ણતાએ ન પહોંચે ત્યાં સુધી ઈસ્લામી સજા નથી આપી શકાતી. ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلمએ ફર્માવ્યું :–

"જો હું કોઈને ગવાહ વગર સંગસાર કરત તો ફલાણી ઔરતને કરત. (કેમ કે તેની વાતચીતની પધ્ધતિ, દેખાવ અને આવતા જતા લોકો સાથે તેનો વર્તાવ બિભત્સતાપૂર્ણ જાહેર થાય છે.) –સુનને ઈબ્ને માજહ, ભાગ–૨, પેજ–૧૦૮

ઝિનાની સાક્ષી માટે ચાર નજરે જોનારા ગવાહોનું હોવું જરૂરી છે અને તે ગવાહો પણ હરતા ફરતા સામાન્ય માણસો ન હોય બલ્કે એવા હોય જેમની સચ્ચાઈ અને પાકબાઝી દાગદાર ન હોય. જૂઠા, અપ્રમાણિક, જૂઠી તોહમત લગાડી સજા પામેલા ન હોય. અગાઉ કોઈ મામલામાં તેમની ગવાહી રદ થઈ ચૂકેલ ન હોય અને એવા પણ ન હોય જેઓ કોઈ અદાવતના કારણે એવી ગવાહી આપી રહ્યા હોય. એમાંથી કોઈ પણ કારણ જોવા મળશે તો

ઝિનાના મામલામાં આવી વ્યકિતની ગવાહીનો ભરોસો નથી થતો. એ જ પ્રમાણે ઉપરોકત બાબતોમાં તમે વાંચી ચૂકયા કે ગવાહોનું મુજરિમને બરાબર સંભોગ કરતી વખતે જેવી રીતે સુરમાદાનીમાં સળી હોય અને કૂવામાં દોરડુ હોય એ હાલતમાં જોવું અને સ્થળ, સમય અને કઈ સ્ત્રી સાથે આ કુકર્મ કર્યું.... તમામ વાતોમાં ચારેવ ગવાહો એકમત હોવા પણ ગવાહીની પરિપૂર્ણતા માટે અનિવાર્ય છે.

આ તમામ મંઝિલોથી પસાર થઈને જો મુજરિમનો ગુનો સાબિત થઈ જાય તો તેના પર સજા લાગુ થશે અને જો ગવાહ ચારથી ઓછા હશે તો ચાહે કેટલાયે પરહેઝગાર, મુત્તકી અને પવિત્ર કેમ ન હોય, ન કેવળ તેમની ગવાહી મરદૂદ (રદ બાતલ) ઠરશે બલ્કે ખૂદ તેમના પર ૮૦ કોરડાઓની સજા લાગુ કરવામાં આવશે. (અહકામુલ કુર્આન, ભાગ–૩, પેજ–૨૮૨)

ફારૂકી યુગમાં હઝરત મુગીરા ઈબ્ને શઅબા બસરાના ગવર્નર હતા તેમની તદન સામે જ અબૂ બક્રનુ મકાન હતું. અબૂબક્રને તેમની સાથે કાંઈ બગાડ હતો. અબૂબક્ર રાતમાં પોતાના ઘરની બારી બંધ કરવા લાગ્યા તો તેમણે જોયું કે મુગીરા સંભોગમાં મશ્ગૂલ છે. અબૂ બક્રની પાસે તે સમયે તેમના બીજા ત્રણ દોસ્તો મૌજૂદ હતા, નાફેઅ્ ઈબ્ને કલ્દા, ઝિયાદ અને શબ્લ ઈબ્ને મઅ્બદ. અબૂબક્રએ તે લોકોને પણ બોલાવીને તેના ગવાહ બનાવી લીધા કે જુઓ ! મુગીરા ઉમ્મે જમીલની સાથે આ કુકૃત્ય કરી રહેલ છે ! (હઝરત મુગીરાની બીવી ઉમ્મે જમીલની સાથે ખૂબ જ મળતાં જુલતાં હતાં) વાત ફારૂકી અદાલતમાં પહોંચી. પણ ઉલટ તપાસ દરમ્યાન ઝિયાદ નામના ગવાહે બયાન આપ્યું કે અમે મુગીરાને સંભોગમાં મશ્ગૂલ જોયો પણ ઔરતને નથી ઓળખતા કે તે ઉમ્મે જમીલ હતી કે બીજી કોઈ ?

બીજી બાજુ મુગીરાએ દલીલો વડે એ ષાબિત કરી આપ્યું કે તે સ્ત્રી તેમની પત્ની જ હતી. અને જે જગાએથી જોઈને આ લોકો ગવાહી આપી રહ્યા હતા ત્યાંથી ઔરતને જોઈ શકવાનુ ષાબિત





નથી થઈ શકતું. (અને એ વાત આમ પણ કેવી રીતે માન્ય રાખવામાં આવી શકે કે ખિલાફતે રાશિદાના દૌરમાં એક પ્રાંતનો આમિલ પોતાની પત્નીની મૌજૂદગીમાં પોતાના જ ઘરમાં એવા કૃત્યમાં પડી શકે. ભલે એ વાતને દલીલ સાથે કોઈ સંબંધ નથી.) હઝરત સૈયેદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ ન કેવળ ગવાહોની ગવાહીને રદ ઠરાવી બલ્કે ઝિયાદ સિવાય ત્રણેવ પર (હઝ્ફ) ૮૦ કોરડાની સજા લાગુ કરી. (અહકામુલ કુર્આન ઈબ્ને અરબી, ભાગ–૨, પેજ–૮૮/૮૯, ફુતુહુલ બલ્દાન–૩૫૩, તારીખે તિબરી, ભાગ–૪, પેજ–૨૦૭, અહકામે કુર્આન લિલ જસાઅ, ભાગ–૩, પેજ–૨૮૨)

## ★ સજા લાગુ કરવામાં આરોપીની હાલતનો લેહાઝ ★

કેટલાક ગુનાહો મજબૂરન્ અને કશા દબાણ હેઠળ પણ થઈ જાય છે, જેના પર ઈલ્ઝામ (આરોપ) લાગેલો છે તેણે પોતાની ઈચ્છાથી નહીં પણ બાહ્ય અસરોથી કોઈ સ્વીકારપાત્ર જબરદસ્તીના હેઠળ જુર્મ કરી લીધો તો એવા લોકોની પણ ઈસ્લામે પૂરી રિઆયત (તરફદારી) કરી છે અને તેમની મજબૂરીને માન્ય રાખી છે.

તિર્મિઝી બાબો માજાઅ ફિલ્ મિઆર્તિ ઈઝસ્તકરહ્ત અલઝ્ ઝિનામાં અબ્દુલ જબ્બાર ઈબ્ને વાઈલ ઈબ્ને હજર પોતાના પિતાથી રિવાયત કરે છે :

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના જમાનામાં એક સ્ત્રીને ઝિના માટે મજબૂર કરવામાં આવી તો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેના પર હદ (સજા) ન લગાડી અને પુરૂષ પર સજા લાગુ કરી. (જામેઅ તિર્મિઝી, ભાગ–૧, પેજ–૭૬૬)

એ જ પ્રમાણે હઝરત ઉમર رضی اللہ عنہ ની પાસે એક સ્ત્રી લાવવામાં આવી. તેણીની સાથે એવો બનાવ બન્યો તે જંગલમાં હતી. તેણીને તરસની તકલીફે પરેશાન કરી. એવામાં તેને એક ભરવાડ મળ્યો. સ્ત્રીએ ભરવાડ પાસે પાણી માંગ્યું તો તેણે પાણી

પીવડાવવાથી ઈન્કાર કરી દીધો અને કહ્યું કે જો તુ મને તારા પર કાબૂ આપે કે હું તારાથી સંભોગ કરું તો એ શરત પર હું તને પાણી પીવડાવી શકુ છું. સ્ત્રીએ તેને ઘણી ખુદાની કસમો આપી પણ તે ન માન્યો. જ્યારે સ્ત્રી પાણી વિના તદ્દન બેહાલ થઈ ગઈ તો તેણીએ ભરવાડને પોતાના પર કાબૂ આપી દીધો.

"હઝરત ઉમર رضی اللہ عنہ એ સ્ત્રી પરથી જરૂરત અને મજબૂરીને લક્ષમાં રાખીને સજા રદ કરી દીધી." (હુજ્જતુલ બાલિગા, પેજ–૬૨૯)

## ★ અજ્ઞાનતા સજા માટે આડ છે ★

નમાઝ, રોઝા વગેરે ઈબાદતોમાં ગુલામ અને આઝાદ સ્ત્રી અને મર્દ સરખાં છે. દરેક પર આ ઈબાદતો સમાન રીતે ફર્ઝ છે. પણ જુર્મોની સજામાં આઝાદ પર જો ૧૦૦ કોરડા છે તો ગુલામ અને બાંદી પર પચાસ છે. એ એટલા માટે કે જિંદગીની કક્ષાના લેહાઝથી આઝાદ તથા ગુલામમાં ઘણો ફરક છે. સ્વજાતની ઈજ્જત અને અન્ય વિવિધ મસાઈલમાં જેમાં તે આઝાદ માણસોના લેહાઝથી મજબૂર છે.

ઠંડા દિલે ચિંતન મનન કરશો તો આ કાનૂનોમાં ઈસ્લામે જબરદસ્ત તબકાઓની મજબૂરીઓ અને સબબોને જે તીવ્ર દ્રષ્ટિથી ધ્યાનમાં રાખ્યા છે તે ઈન્સાનના સ્વરચિત કાનૂનોએ તેમની હવા સુધી પહોંચવું પણ શકય નથી. સજાઓ લાગુ કરવામાં કેટલીક સ્થિતિઓમાં અજાણપણાને પણ છૂટકારાનો સબબ ઠરાવ્યો છે. જેમ કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની પાસે એક સ્ત્રીએ શિકાયત કરી કે મારા પતિએ મારી બાંદી સાથે ઝિના કર્યો છે. પતિએ કહ્યું કે, સાચી વાત છે અને સબબ એ બતાવ્યો કે મારી પત્ની અને તેનો માલ તો મારા માટે હલાલ છે ! હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ (ઈસ્લામી સજાઓના બારામાં તેની અજ્ઞાનતાને જાણી લીધી) અને ફર્માવ્યું, જાવ ! પણ હવે પછી આવું ન કરશો. (કિતાબુલ્ આષાર, પેજ–૯૧)

એ જ પ્રમાણે ફારૂકી દૌરમાં એક બનાવ બન્યો. હઝરત





અબ્દુર્રહ્માન ઈબ્ને હાતિબ رضی اللہ عنہ એ પોતાની વફાતથી પહેલાં પોતાના તમામ તે ગુલામો તથા બાંદીઓને જેઓ રોઝા નમાઝનાં પાબંદ હતાં અલ્લાહને ખાતર આઝાદ કરી દીધાં હતાં. એમાં નૌબિયા નામની અજમી બાંદી પણ હતી જેને દીનની કાંઈ ખાસ માહિતી ન હતી તે તેણી ઝિનાથી સગર્ભા થઈ ગઈ. હઝરત યહ્યા ઈબ્ને અબ્દુર્રહ્માનને ખબર થઈ તો તેઓ પરેશાનીમાં હઝરત ઉમર رضی اللہ عنہ ની પાસે મસ્અલો લઈ ગયા. અમીરુલ મો'મિનીને તેમની વાત સાંભળીને નારાજગી પ્રદર્શિત કરી કે તમે કદી પણ કોઈ સારી વાત લઈને નથી આવ્યા ! જાણે તેમણે યહ્યાની આ હરકતને નાપસંદ કરી કે તેમણે મામલાને છુપાવ્યો નહીં. નૌબિયાને બોલાવવામાં આવી. પૂછ્યું કે તુ સગર્ભા થઈ ગઈ છે ? તેણીએ અચકાયા વિના કહ્યું કે, હા ! હું મરઉશથી સગર્ભા થઈ ! તેને મને બે દિરહમ આપ્યા હતા. જ્યારે તેણીએ એકરાર પણ કરી લીધો અને એ વાત તદ્દન ન છુપાવી તો હઝરત ઉમર رضی اللہ عنہ એ હાજરજનો હઝરત ઉષ્માન, હઝરત અલી, હઝરત અબ્દુર્રહ્માન ઈબ્ને ઔફથી મશ્વરો (સલાહ) માંગ્યો. હઝરત અલી અને હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફે કહ્યું કે તેના હદ (સજા) લાગુ થાય છે. હઝરત ઉમરે ઉષ્માનને પૂછ્યું કે તમે તમારી રાય દર્શાવો ! તેમણે ફર્માવ્યું, તમારા બંને ભાઈ તમને રાય આપી ચૂકયા ! હઝરત ઉમરે કહ્યું, તમે પણ તો કાંઈક કહો ?! હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એ કહ્યું;

"મારી દ્રષ્ટિએ તેણીની નજરમાં આ (ઝિના) નુકસાન વગરનુ કામ છે, જાણે તેણી (આ જુર્મને) જાણતી જ નથી અને એમાં કોઈ વાંધો નથી જાણતી, અને અજ્ઞાનતામાં જુર્મ કરનારા પર સજા લાગુ થતી નથી."

એના પર હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું, ઉષ્માન તમે સાચુ કહ્યું ! તે જાતની કસમ ! જેના કબજામાં મારી જાન છે, બેશક ! હદ (શિક્ષા) તેના પર વાજિબ થાય છે જેને એનું જ્ઞાન હોય." (કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૩, પેજ–૮૭)

મજબૂરીના ગુનાહમાં ઈસ્લામી સજા લાગુ નથી થતી તેની એક ખૂબ જ વજનદાર સાબિતી આ હદીષે પાક પણ છે.

અલ્કમા ઈબ્ને વાઈલ કન્દી પોતાના પિતાથી રિવાયત કરે છે :–

નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના જમાનામાં એક સ્ત્રી નમાઝ પઢવાના ઈરાદાથી બહાર નીકળી. એક માણસ તેને મળ્યો અને તેણે તેણીને ઢાંકી લીધી, પછી તેની સાથે પોતાની હાજત પૂરી કરી. તેણી ચિલ્લાઈ પણ તે ચાલ્યો ગયો. બીજો માણસ પસાર થયો તો સ્ત્રીએ જણાવ્યું કે ફલાણા માણસે મારી સાથે આવું આવું કર્યું છે. તે લોકો ગયા અને તે માણસને પકડી લાવ્યા. જેના વિશે સ્ત્રીને ગુમાન હતું કે તેણે તેણી સાથે ઝિના કર્યો છે. જ્યારે તેણી સમક્ષ લાવ્યા તો તેણે કહ્યું, હા ! આ તે જ છે. પછી એ લોકો તેને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાસે લઈ આવ્યા. જ્યારે આપે તેને સંગસાર કરવાનો હુકમ આપ્યો તો અસલ ઝાની (વ્યભિચારી) ઉભો થયો અને અર્ઝ કરવા લાગ્યો, યા રસૂલલ્લાહ ! આ સ્ત્રી સાથે મેં ઝિના કર્યો છે ! રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ સ્ત્રીને ફર્માવ્યું, જાવ ! અલ્લાહે તમને બખ્શી દીધાં. આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પહેલા માણસ સાથે સારી રીતે વાત કરી અને ઝાનીના બારામાં ફર્માવ્યું, એને સંગસાર કરો ! પછી ફર્માવ્યું, તેણે એવી તૌબા કરી છે કે જો તમામ મદીનાવાસી આ તૌબા કરત તો તેમનાથી કબૂલ કરવામાં આવત. (જામેઅ્ તિર્મિઝી, ભાગ–૧, પેજ–૭૨૬/૭૨૭)

ઈસ્લામી સજાઓ જેવી રીતે દુનિયાવી જિંદગીમાં નેક (સભ્ય) સમાજની સ્થાપ્નાનો ઝરીયો છે તેવી જ રીતે આખેરતની જિંદગીના માટે મુજરિમને અઝાબથી પાક તથા સાફ કરી આપે છે. આખેરતની જિંદગીનો ભરોસો માનવને ખૂદ એ એહસાસ અપાવે છે કે જે જુર્મો મેં દુનિયામાં કર્યા છે તેની સજા દુનિયામાં ચાહે કેટલી પણ સખત કેમ ન હોય પણ તે આખેરતના અઝાબ કરતાં એકદમ ઓછી હશે. એ જ એહસાસ છે જે સમાજમાં





મુજરિમોને જાહેર અદાલતમાં પહોંચીને ગુનાહનો ઈકરાર કરવા પ્રેરણા આપે છે. હઝરત માઈઝ, દગામદિઆ વગેરેના પ્રસંગોમાં આ જ મુદ્દો કામ કરતો જોવા મળે છે.

## ★ સજા ગુનાહને ધોઈ નાખે છે ★

સજા લાગુ કર્યા પછી માણસ પાક તથા સાફ થઈ જાય છે, જાણે તેના પર ઈસ્લામી સજા લાગુ થઈ તો એક તરફ બીજા ઘણા જોનારાઓને ઈબ્રત તથા શીખ મળી તો બીજી બાજુ તે મુજરિમના આમાલનામામાંથી ગુનાહનો ડાઘ ધોવાઈ ગયો ! અને એમાંથી કેટલાકની તૌબા તો આખા આખા શહેરને પોતાના દામનમાં લેવાની ક્ષમતા ધરાવે છે. જેવું કે આપે હમણાં ઉપરોકત હદીષમાં વાંચ્યું. એ જ પ્રમાણે તિર્મિઝીની એક અન્ય રિવાયત છે :–

હઝરત ઈમરાન ઈબ્ને હસીન رضی اللہ عنہ થી રિવાયત છે : જહાનિયા કબીલાની એક સ્ત્રીએ નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સમક્ષ ઝિનાનો એકરાર કર્યો અને કહ્યું, હું સગર્ભા છું. હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેના વાલીને બોલાવીને કહ્યું, તેણીની સાથે સારું વર્તન કરશો અને જ્યારે બાળ જન્મ થઈ જાય તો મને જણાવજો. તેમણે એ જ પ્રમાણે કર્યું. પછી નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના હુકમથી તેના પર તેના કપડાં બાંધી દેવામાં આવ્યાં. પછી આપે સંગસારીનો હુકમ આપ્યો તો તેણીને સંગસાર કરવામાં આવી. આપે તેના પર નમાઝે જનાઝા પઢી. હઝરત ઉમર رضی اللہ عنہ એ કહ્યું, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપે તેને સંગસાર પણ કરી અને તેના પર નમાઝે જનાઝા પણ પઢી. રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો;

''બેશક ! તેણીએ એવી તૌબા કરી છે કે જો ૭૦ મદીનાવાસીઓ પર વહેંચણી કરવામાં આવે તો તે સૌને પૂરતી થઈ પડે. શું તમે એનાથી અફઝલ ચીજ જોઈ કે તેણીએ પોતાની જાન અલ્લાહના માટે કુર્બાન કરી દીધી.'' (જામેઅ્ તિર્મિઝી, ભાગ–૧, પેજ–૭૧૬)

હઝરત ઓબાદા ઈબ્ને સામત رضی اللہ عنہ થી રિવાયત છે : ફર્માવે છે, અમે રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજર હતા. આપે ફર્માવ્યું, "મારી સાથે એ વાત પર બૈઅત કરો કે અલ્લાહ તઆલાની સાથે કોઈને શરીક (ભાગીદાર) નહીં ઠરાવીએ, ચોરી નહીં કરીએ અને ઝિનામાં પડીશું નહીં. પછી આપે આ આયત પઢીને સંભળાવી અને ફર્માવ્યું, તમારામાંથી જેણે પોતાનો વાયદો પૂરો કર્યો તેનો સવાબ અલ્લાહ તઆલાના જિમ્મે, અને જે એમાંથી કોઈ એકમાં સપડાયો પછી તેને સજા આપવામાં આવી તો એ તેના માટે કફ્ફારો છે અને જે એમાંથી કોઈમાં સપડાયો પછી અલ્લાહ તઆલાએ તેની પર્દાપોશી કરી તે અલ્લાહ તઆલાને સુપ્રત છે તેને અઝાબ આપે અથવા ચાહે બખ્શી દે." (જામેઅ્ તિર્મિઝી, ભાગ–૧, પેજ–૭૨૦)

નફસની પાકીઝગીનો આ પ્રસંગ પણ વાંચવા લાયક છે :–

અમ્ર ઈબ્ને સુમરહ્ ઈબ્ને હબીબ ઈબ્ને અબ્દુશ્શમ્સ હુઝૂરની ખિદમતમાં આવ્યા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મેં ફલાણા માણસનું ઊંટ ચોર્યું છે, મને પાક કરી દો ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તે લોકોની પાસે માણસ મોકલ્યો. તેમણે કહ્યું કે હા ! અમારું ઊંટ ગુમ થઈ ગયું છે. હુઝૂરે અમ્રનો હાથ કાપવાનો હુકમ આપ્યો તો તેમનો હાથ કાપવામાં આવ્યો. હદીષના રાવી ષઅલ્બા જણાવે છે કે જ્યારે તેમનો હાથ કપાઈને પડયો તો હું તેમને જોઈ રહ્યો હતો અને તે કહી રહ્યા હતા, ખુદાનો શુક્ર છે તેણે મને તારાથી પાક કરી દીધો ! તુ ચાહતો હતો કે તુ મારા શરીરને જહન્નમમાં લઈ જાય ! (સુનને ઈબ્ને માજહ્, ભાગ–૧, પેજ–૧૧૫)

દિલથી તૌબા કરનારા અને ખૂદ પર ઈસ્લામી હદ (સજા) લાગુ કરાવીને આખેરતની સહુલતો હાંસલ કરનારાઓના આ ઈમાન અફરોઝ પ્રસંગો એ વાતની સાક્ષી આપી રહ્યા છે કે કુરૂને ઉલા (શરૂના યુગ)ના મુસલમાન ઈસ્લામી સજાઓને ગુનાહોનો કફ્ફારો સમજતા હતા.





અબૂ ઉમૈયાએ બયાન કર્યું છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાસે એક ચોર લાવવામાં આવ્યો તેણે સ્વીકાર કર્યો પરંતુ તેની પાસે સામાન ન હતો. હુઝૂરે તેને કહ્યું, મારો ખયાલ છે તેં ચોરી નથી કરી ! તેણે કહ્યું, કેમ નહીં ? આપે ફરીવાર તે જ વાત કહી તો તેણે તે જ જવાબ આપ્યો. હુઝૂરે તેનો હાથ કાપવાનો હુકમ આપ્યો અને ફર્માવ્યું કે કહો, **અસ્તગફિરુલ્લાહ વઅતૂબુ ઈલૈહ** તો તેણે એ શબ્દો દોહરાવ્યા. આપે દુઆ કરી, હે અલ્લાહ ! એની તૌબા કબૂલ ફર્માવ ! હે અલ્લાહ ! એની તૌબા કબૂલ ફર્માવ ! (સુનને ઈબ્ને માજહ્, પેજ–૧૧૭)

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ "હુજ્જતુલ બાલિગા"માં ફર્માવે છે :–

રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ હદ (સજા) પામનાર પર લાનત કરવાથી રોકયા છે જેથી એ સબબથી હદ (સજા) લાગુ કરવાથી લોકો દૂર ન રહે અને એટલા માટે કે હદ ગુનાહનો કફ્ફારો છે અને એક ચીજના કફ્ફારાથી તે નાબૂદ થઈ જાય છે તે ચીજનું અસ્તિત્વ નથી રહેતું. જેમ કે ઈર્શાદે રસૂલ છે :

"કસમ તે જાતની જેના કબજામાં મારી જાન છે ! કશીય શંકા વિના તે જન્નતની નહેરોમાં ડૂબેલો છે." (હુજ્જતુલ બાલિગા, પેજ–૬૨૯)

## ★ સજામાં સિફારિશ જાઈઝ નથી ★

સજા જ્યારે જેહમત નથી બલ્કે રહમતનો સબબ છે તો તેને લાગુ કરવામાં કોઈ રુકાવટ ફિતરી તૌર પર (સ્વાભાવિકપણે) તિરસ્કારને પાત્ર હોવી જોઈએ. ઈસ્લામી શરીઅતમાં એટલા માટે સજાઓના અમલ કરવાના મામલામાં સિફારિશ (લાગવગ)ને ઘણો જ મોટો જુર્મ ઠરાવવામાં આવ્યો છે.

ઉમ્મુલ મો'મિનીન સૈયદા આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત છે. તેમણે કહ્યું, કુરૈશીઓ એક મખ્ઝૂમી સ્ત્રીના બારામાં

ચિંતિત થયા જેણે ચોરી કરી હતી. કહેવા લાગ્યા, તેણીના બારામાં બારગાહે રિસાલતમાં કોણ સિફારિશ કરે ? સૌએ કહ્યું, ઓસામા ઈબ્ને ઝૈદ رضی اللہ عنہ જેઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મહબૂબ છે, તેમના સિવાય કોણ આવા કામની હિંમત કરી શકે છે ?! જેથી હઝરત ઓસામાએ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી વાતચીત કરી. તો આપે ફર્માવ્યું, શું તમે અલ્લાહની હદો (સજાઓ)માં સિફારિશ કરો છો ! પછી ખુત્બો આપવા ઉભા થયા અને ઈર્શાદ ફર્માવ્યો :–

"તમારાથી આગલા લોકો એટલા માટે હલાક થયા કે જ્યારે તેમનો કોઈ ઈજ્જતદાર ચોરી કરતો તો તેને છોડી આપતા અને જ્યારે કોઈ નબળો માણસ ચોરી કરતો તો તેના પર શિક્ષા લાગુ કરતા. અલ્લાહની કસમ ! જો મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની બેટી ફાતિમા رضی اللہ عنہا પણ ચોરી કરત તો હું તેણીનો પણ હાથ કાપત." (સુનને ઈબ્ને માજહ્, ભાગ–૧, પેજ–૧૦૩, જામેઅ્ તિર્મિઝી, ભાગ–૧, પેજ–૭૧૫)

શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી લખે છે :– જે શખ્સની સિફારિશ અલ્લાહની હદો (સજાઓ)માંથી કોઈ સજાના વિશે જોવા મળી તો તે શખ્સે (સિફારિશ કરનારે) ખુદા તઆલાનો વિરોધ કર્યો. હું કહું છું કે આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم ને એ વાતની ખબર હતી કે ખાનદાની લોકોની ઈજ્જતને મેહફૂઝ રાખવી અને તેમની સાથે દરગુઝરનો વર્તાવ કરવો હમેશાંથી ઉમ્મતોમાં ચાલ્યુ આવ્યું છે અને તમામ આગલા અને પાછલા તેને અનુસરનારા છે. જેથી હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેની ખૂબ જ કાળજી લીધી. કેમ કે શરીફ લોકોની સિફારિશ અને તેમની સાથે દરગુઝર કરવું તે હદો (સજાઓ)નો વિરોધ કરવું છે જેને અલ્લાહ તઆલાએ નિશ્ચિત કરી છે." (હુજ્જતુલ બાલિગા, પેજ–૬૨૯)

અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ની રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો,

"જ્યારે ગુલામ ચોરી કરે તો તેને વેચી દો ભલે અડધી





ઔકિયહ હોય." (સુનને ઈબ્ને માજહ્, ભાગ–૧, પેજ–૧૧૫)

ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ ફર્માવે છે, એક ગુલામ જે ખમ્સમાં દાખલ હતો. તેણે ખમ્સના માલમાંથી ચોરી કરી. એ બનાવ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને વર્ણન કરવામાં આવ્યો. આપે ઈર્શાદ ફર્માવ્યો, ગુલામ પણ અલ્લાહનો છે અને તેણે ચોરી પણ અલ્લાહના માલમાંથી કરી છે ! આપે તેનો હાથ ન કાપ્યો." (હવાલો ઉપર મુજબ)

ફારૂકી યુગમાં દુકાળ પડયો તો એ સમયે લોકો અનાજ પાણી ન મળવાથી પરેશાનીમાં મૂકાઈ ગયા. જેથી તે સમયમાં ખાવા પીવાની ચીજો ચોરનારને હાથ કાપવાની સજા નથી આપવામાં આવી. કેમ કે તે સમયની મજબૂરીનો શિકાર બનીને કોઈ ભૂખ્યો પરેશાન હાલ કાંઈ કરી બેસતો તો એ બનવા જોગ હતું. કેમ કે એક ઠેકાણે દુષ્કાળે એવી તબાહી મચાવી કે બે બે રોટીઓના માટે બાળ કોવાળી માતાઓએ પોતાનાં બાળકોને વેચી દીધાં. ઈસ્લામી સજાઓમાં એ વાતની સંપૂર્ણ કાળજી લેવામાં આવે છે કે મુજરિમે કોઈ મજબૂરીથી જુર્મ કર્યો છે કે પછી તેની અંદર ખરાબ જુર્મ કોઈ ઉછરી રહ્યો છે જે ખૂદને તથા પોતાના આખા સમાજને અતિશય બેઈજ્જતી પ્રતિ લઈ જનાર હોય, જો બીજા સબબનો અંદેશો અધિક હોય તો શહાદતો તથા ગવાહીઓની સાબિતી મળી જતાં તેને જરૂર સજા મળશે.

## ★ ખુદા તઆલા પહેલા ગુનાહની પર્દાપોશી કરે છે ★

અલ્લાહ તઆલા પણ કોઈ આદી ન હોય તેવા મુજરિમને જે સુધારણાનો તાલિબ થાય તેને પોતાની રહમતથી સંભલી જવાનો મોકો આપે છે. શરીઅત તથા દીનની હકીકી મા'રેફત રાખવાવાળા અલ્લાહવાળાઓ આ વાત પર કેટલુ યકીન રાખે છે, તેની એક ઝલક નીચેના પ્રસંગમાં જુઓ :–

હઝરત અનસ ઈબ્ને માલિક બયાન કરે છે કે સૈયેદેના ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની ખિદમતમાં એક ચોરને લાવવામાં આવ્યો. તેણે કહ્યું, અમીરુલ મો'મિનીન ! એનાથી પહેલાં મેં કદી ચોરી નથી કરી ! (સૈયેદેના ફારૂકે આઝમ رضی اللہ عنہની ઈમાની દ્રષ્ટિ જુઓ) આપે ફર્માવ્યું, ઉમરના પરવરદિગારની કસમ ! તુ જૂઠો છે !

''અલ્લાહ તઆલા કોઈ બંદાને તેના પ્રથમ ગુનાહ પર કદી પકડતો નથી.''

અને આ પ્રસંગને ઈબ્ને વહબે અબ્દુલ્લાહ ઈબ્ને શમ્આનથી નકલ કર્યો છે. એમાં એ પણ છે કે મૌલા અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ફર્માવ્યું :

''હે અમીરુલ મો'મિનીન ! અલ્લાહ તઆલા એનાથી કેટલાયે ઘણો સહનશીલ અને હલીમ છે કે તે પોતાના બંદાને પહેલા જ ગુનાહમાં પકડે.''

જેથી અમીરુલ મો'મીનીન ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ તેનો હાથ કાપવાનો હુકમ આપ્યો. જ્યારે હાથ કપાઈ ગયો તો હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ તેની પાસે ગયા અને પૂછયું, તને અલ્લાહની કસમ આપુ છું ! બતાવ કે તેં કેટલીવાર ચોરી કરી છે ? તેણે કહ્યું, એકવીસ (૨૧) વખત ! (મુહલ્લા, ભાગ–૧૧, પેજ–૧૫૮)

## ★ સજાઓ ખુદાની રહમત છે ★

વાત ઝિનાની સજા અને તેની મસ્લેહતો પર થઈ રહી છે. ઈસ્લામે ઝિનાની લાંબા ગાળે થતી ખરાબીઓનો અતિ બારીક નજરથી અભ્યાસ કર્યો છે અને આ ભટ્ટીની એક એક ચિન્ગારી પર પહેરો બેસાડયો છે. જો આંખો પર પૂર્વગ્રહના પર્દા ન હોય, નફસ તથા શૈતાનની પકડ આઝાદીના નામ પર બેલગામ સાંઢ ન બની ગયો હોય અને ખાનગી બર્બાદીથી લઈને માનવ સભ્યતાનાં મૂળો ખોદાવા સુધીની બારીકીઓને જોઈ લેવાની સમજ મૌજૂદ હોય





તો શરીઅતની હદો (સજાઓ) જે ઈસ્લામમમાં છે તેની ભલાઈઓ તથા બરકતો અપાર રહમત જણાશે.

એ ઈસ્લામ દુશ્મન તાકતોના ગલત પ્રોપેગન્ડાની અસર છે જેનાથી એવું સમજી લેવામાં આવ્યું છે કે ઈસ્લામ તેના અનુયાયીઓ પર ઉઘાડી તલ્વારની જેમ લટકી રહ્યો છે. જાણે ઈસ્લામી બંધારણને લાગુ કરવાનો મતલબ એ થયો કે જગા જગા ફાંસીના ફંદા લટકતા હોય ! કોરડા મારવાવાળા ગલી ગલીમાં ચક્કર કાપી રહ્યા હોય, લોકોની ગરદનો કાપવા, હાથ કાપવા, સંગસાર કરવા, કોરડા મારવા સિવાય ઈસ્લામી શરીઅતને અન્ય બીજુ કોઈ કામ જ નથી !

અલ્અયાઝુબિલ્લાહ ! એવું હરગિઝ નથી ! બલ્કે **ઈસ્લામી બંધારણમાં સંગસારી અથવા કોરડા મારવાનું કામ કેટલી સખત મંઝિલોમાં થઈને પસાર થયા બાદ છેલ્લા હથિયાર તરીકે હોય છે,** તેને પાછલા પૃષ્ઠોમાં આપ જોઈ ગયા છો. સજાઓ લાગુ પાડવાની આખી સ્કીમનો અભ્યાસ કરો તો આપે ઈકરાર કરવો પડશે કે ઈસ્લામ માનવોને અંદરથી બદલવા ચાહે છે. નફસની સુધારણાના કીમીયાઈ અસર ધરાવતા નુસ્ખા આપીને તે સમાજની વ્યકિતઓ પવિત્ર કરવા ચાહે છે. દિલોમાં સર્જનહારની મહોબ્બત અને તેનો ડર બેસાડીને તેની ફર્માંબરદારીમાં જિંદગી પસાર કરવાની સૂચના કરે છે. આખેરતની પૂછપરછ, હિસાબના દિવસનો એહસાસ અને ખુદાના અઝાબની સખત પકડ અને નેકોકારો માટે અઢળક ઈનામોના છુપા ખજાનાઓના માર્ગે વાળે છે જેથી દિલો દિમાગોમાં ખુદાઈ કાનૂનો પર અમલ કરતા રહેવાનો શોખ (ઉત્સાહ) અને ગુનાહોથી નફરતની જડો મજબૂત થાય.

## ★ ઝિનાની સજા પહેલાં વાસના સંતોષના જાઈઝ માર્ગોને સમાર્યા ★

ઝિના ખુદાવંદે તઆલાની નજીક અતિ બુરો જુર્મ તથા

ગુનોહ છે એટલા માટે ઝિનાને મોકો ન મળે તે માટેના સર્વ દ્વારો પર ઈસ્લામે પહેરા ગોઠવ્યા છે. ઝિનાની સજાનો હુકમ એકદમ લાગુ નથી થયો. ફિતરી નફસાની ખ્વાહિશો (વાસનાઓ)ને સંતોષવા માટેની પ્રથમ સુહલતો તથા સરળતાઓના જાઈઝ દરવાજાઓ ખોલી દેવામાં આવ્યા. એટલે આઝાદ સ્ત્રી પુરૂષો, ગરીબ તથા નાદાર લોકો ત્યાં સુધી કે ગુલામો તથા બાંદીઓના નિકાહની હિદાયતો આવી. એક પત્નીથી વાસના ન સંતોષાય તો બે બે, ત્રણ ત્રણ કે ચાર ચાર સુધી નિકાહ કરવાની સહુલતથી નવાજવામાં આવ્યા. ન જામે અને સ્વભાવ માફક ન આવવાના કારણે સાથે જીવન નિભાવવાનુ શકય ન બને તો મર્દને તલાક અને ઔરતને ખુલઅની આસાની આપવામાં આવી.

હવે જ્યારે વાસના સંતોષવાના જાઈઝ માર્ગોને પૂરા પાડી દેવામાં આવ્યા, નિકાહ વડે જાઈઝ સંબંધને આસાન બનાવી દેવામાં આવ્યો તો ઝિનાની સજા સંભળાવતા પહેલાં એક વરસ અગાઉ સૂરએ અરબના જાહિલિયતવાળા માહોલમાં જ્યાં નગ્ન થઈને કા'બાની આસપાસ નાચવું, ગાવું ઈબાદતમાં ગણાતું હતું ! ચારિત્ર તથા આબરૂ, પર્દો, સ્વછંદતા સુંદરતાનું પ્રદર્શન ન કરવું, પર પુરૂષો સાથે મેલજોલથી પરહેઝ અને આરામથી ઈજ્જતભેર ઘરોમાં રોકાવાની હિદાયતો (સૂચનાઓ) કરેલ બાબતો તથા વાસનાની ખરાબીઓ ફેલાવાની જરા પણ ગુંજાઈશ હતી તેના પર પાબંદી લગાડવામાં આવી. તેમ છતાં જો અમુક ગંદા દિલો અને નાપાક દિમાગો નફ્સાની બુરાઈમાં ફસાઈને આ પાકીઝા દીવાલોને ફલાંગવા ચાહે તો ઈસ્લામ એવા લોકોને ઈબ્રતનાક (બોધદાયક) સજાઓથી ઠીક કરીને સમાજમાંથી બુરાઈ તથા સ્વચ્છંદતાનો સાયો પણ ધોઈ નાખવા માંગે છે.

## ★ ઈસ્લામી સંસ્કૃતિનો મહત્વનો ભાગ ★

દારુલ ઈસ્લામ જ્યાં તે ઈસ્લામી સજાઓ લાગુ થશે અને





ઝિના, ચોરી, કત્લ, કઝફ (ઝિનાની તોહમત લગાડવી) વગેરેની ઈસ્લામી સજાઓ આપવામાં આવશે. ત્યાં આ તમામ જુર્મોની બુરાઈઓ અને તેમની ખરાબીઓને તાલીમ તથા સંસ્કૃતિના લાઝમી હિસ્સાની જેમ લોકોના દિમાગોમાં બેસાડવામાં આવે. સંગસારી તથા અન્ય સજાઓ પર ટીકાની જીભો લાંબી કરવાવાળા નજર ઉઠાવીને જુએ કે એક તરફ તો ઝિનાની સજામાં સખત શરતોની દીવાલ છે, પણ એથી ઘણા પહેલાં એ પણ વિચારવાની વાત છે કે ઝિનાનો ગુનો એવા માહોલમાં થઈ રહ્યો છે જ્યાંના લોકોને એ સમજ પહેલેથી મયસ્સર થયેલી છે કે અલ્લાહ તઆલાએ કત્લ પછી અતિ ગંભીર ગુનો ઝિનાને ઠરાવ્યો છે જેમ કે શિર્ક તથા કત્લ પછી સાથો સાથ કુર્આન મજીદમાં તેનો પણ ઉલ્લેખ કર્યો છે :–

وَالَّذِيْنَ لَا يَدْعُوْنَ مَعَ اللّٰهِ اِلٰهًا اٰخَرَ وَلَا يَقْتُلُوْنَ النَّفْسَ الَّتِيْ حَرَّمَ اللّٰهُ اِلَّا بِالْحَقِّ وَلَا يَزْنُوْنَ وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ يَلْقَ اَثَامًا ﴿القرآن﴾

"અને તેઓ જેઓ અલ્લાહની સાથે કોઈ અન્ય મઅબૂદને નથી પૂજતા અને તે જાનને જેની અલ્લાહે હુર્મત રાખી નાહક નથી મારતા અને બદકારી નથી કરતા, અને જેઓ આ કામ કરે તે સજા પામશે." (સૂ. ફુર્કાન, ૬૮–૨૫)

રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઔરતો સાથે ઝિના ન કરવા માટે બૈઅત લીધી અને કુર્આન મજીદે એ વાકયોને પોતાના સીનામાં હજી સુધી મેહફૂઝ રાખ્યો છે :–

وَلَا يَزْنِيْنَ وَلَا يَقْتُلْنَ اَوْلَادَهُنَّ

"ન બદકારી કરશે ન પોતાની ઔલાદને કત્લ કરશે." (સૂ. મુમ્તહિનહ્, ૧૨/૬૦)

સૂરએ નિસાઅ્માં રબ તઆલાએ હુકમ ઈર્શાદ ફર્માવ્યો કે :–

لَا تَنْكِحُوْا مَا نَكَحَ اٰبَآؤُكُمْ مِّنَ النِّسَآءِ فَاحِشَةً وَّمَقْتًا وَّسَآءَ سَبِيْلًا

"તમે તે ઔરતોથી નિકાહ ન કરો જેમની સાથે તમારા બાપે નિકાહ કર્યા હોય.... તેમજ ઝિનાને બેહયાઈ તથા કાયનાતની મર્કઝી તાકાત સાથે ટકરાઈ જનાર અને બદતરીન રાહ ઠરાવી છે. (સૂ. નિસાઅ્, ૨૨/૪)

ઈર્શાદે રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم છે :–

"શિર્ક પછી કોઈ ગુનોહ તે નુત્ફાથી વધીને નથી જેને કોઈએ એવા ગર્ભમાં નાખ્યો જે શરીઅતની રૂએ તેના માટે હલાલ ન હતો." (તફસીરે ઈબ્ને કષીર, ભાગ–૩, પેજ–૩૮)

"ઝિનાકાર જેટલા સમય સુધી ઝિના કરે છે તેટલા સમય સુધી તે મોમિન થતી હોતો." (મિશ્કાતુલ મસાબીહ, બાબુલ કબાઈર)

"બંદો જ્યારે ઝિના (ના કુકર્મ)માં વ્યસ્ત થાય છે ત્યારે ઈમાન તેનામાંથી નીકળી જાય છે અને તેના પર સાયો બનીને રહે છે અને ઝાની જ્યારે તે કામથી અલગ થાય છે પછી ઈમાન પલટીને આવે છે." (હવાલો ઉપર મુજબ)

નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના દૌરમાં એકવાર સૂરજ ગ્રહણ થયું તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખુત્બો ઈર્શાદ ફર્માવ્યો :

"હે ઉમ્મતે મુહમ્મદ ! કસમ છે રબ તઆલાની ! અલ્લાહથી વધીને એ વાતની કોઈને ગૈરત નથી કે કોઈ મર્દ અથવા ઔરત ઝિના કરે, અને ખુદાની કસમ ! જે કાંઈ હું જાણું છું તે તમે જો જાણત તો ખૂબ થોડા હસતે અને અધિક રડતે."

એક શખ્સે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને પૂછયું કે **અકબરુલ કબાઈર** (સૌથી મોટો ગુનોહ) કયો છે ? આપે ફર્માવ્યું, ખુદાનો કોઈને શરીક બનાવવો. તેણે પૂછયું, પછી ? ફર્માવ્યું, રોજીના ડરથી ઔલાદને કત્લ (ગર્ભપાત) કરવું, તેણે પૂછયું, પછી ? ફર્માવ્યું, **પડોશીની પત્ની સાથે ઝિના કરવો.** (અત્તરગીબ વત્તરહીબ લિલ મુન્ઝરી, ભાગ–૪, મુઅત્તા અન યહ્યા)

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એકવાર કિયામતની નિશાનીઓ





વર્ણન કરી તો એમાં ઈલ્મનુ ઉઠી જવું, જેહાલતનું સામાન્ય (આમ) થવું, શરાબ પાનની અધિકતાની સાથોસાથ **ઝિનાકારી આમ (વ્યાપક) થઈ જવાને** પણ કિયામતની નિશાનીઓમાંથી જણાવ્યું છે.

ઈર્શાદે રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم છે :–

"જે કૌમમાં ઝિના આમ થાય છે તેમાં મૃત્યુનુ પ્રમાણ ખૂબ વધી જાય છે." (હવાલો ઉપર મુજબ)

મિશ્કાતુ મસાબીહ, કિતાબુલ હુદૂદમાં છે :

"કોઈ કૌમમાં ઝિનાનુ બજાર ગરમ થાય (ખૂબ ઝિના થાય) છે તો તેને દુકાળમાં સપડાવી દેવામાં આવે છે અને જ્યાં રુશ્વત (લાંચ) આમ (સામાન્ય) થઈ જાય છે તે કૌમ પર ભય લાગુ કરી દેવામાં આવે છે."

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ સહાબીએ રસૂલ ફર્માવે છે :–

"જ્યારે કોઈ આબાદીમાં **વ્યાજ** અને **ઝિના** આમ થઈ જાય છે તો અલ્લાહ તઆલા તે વસ્તીને હલાક કરવાની ઈજાઝત આપી દે છે."

આ ઈસ્લામી સમાજ વ્યવસ્થાના મુદ્દાઓ છે જેમાંથી થોડાક અહીં લખ્યા છે. જે મુલ્ક અને તેની ચારેવ હદોમાં આ ફર્માનોનો શોર આમ હોય, પાકીઝા તથા ચારિત્રવાન જિંદગીની અચ્છાઈઓ સવાર સાંજ દિમાગોમાં બેસાડવામાં આવતી હોય અને પૂરા માહોલ પર અલ્લાહના ડરનો પ્રભાવ હોય ત્યાં ઝિના જેવા જુર્મનો ખયાલ યકીનન અમુક કોઈક કોઈક દિમાગોમાં જ ઉભરી શકે.

આવા ચારિત્રના ચાહક સમાજમાં તો અમ્નો સલામતીની જ લહેર દોડતી હશે, તહારત તથા પાકીઝગીનુ ઉજાસ ફેલાયેલું હશે, લોકો અલ્લાહના હક્કો તથા બંદાઓના હક્કોની અદાયગી

અને સુટેવોની ચમક પોતાનામાં ચઢાવવામાં જ મશગૂલ હશે, નિગાહો પર ઈજ્જત આબરૂનો ચેહરો હશે અને આખેરતની ખેતી કરવાવાળા ઝિક્રુલ્લાહમાં ચો તરફ મશગૂલ હશે.

નીચે હવે અમે ઈસ્લામી માહોલમાં ઈજ્જત તથા પાકદામનીની જિંદગી ગુજારનારા નેક લોકોના અમુક પ્રસંગો વાંચકો સમક્ષ રજુ કરીએ છીએ, જેમણે કેવળ ખુદાના ડરના કારણે પોતાને બદકારીથી બચાવ્યા અને પોતાના ચારિત્ર્યના દામનને ડાઘ ન લાગવા દીધો.

## ★ યૂસુફ ષાની ★

હુસ્નો શબાબનો પયકર (સુંદરતા તથા યુવાનીથી ભરપુર), જમાલ (હેન્ડસમ) તથા ખુશો ખુર્રમી (હસમુખતાપણા)નુ પૂતળુ, દિલ તથા નજર ચમકતા ચહેરાની જેમ પવિત્ર અને રોશન, જેમનુ નામ નામી મશહૂર છે હઝરત સુલૈમાન ઈબ્ને યસાર ! જેવી રીતે સુંદરતામાં અલ્લાહ તઆલાએ તેમને યૂસૂફ ષાની (બીજા) બનાવ્યા હતા તે જ રીતે પાક દામની તથા સુચરિત્રતામાં પણ સાચા યુસૂફના નાયબપણાથી સરફરાઝ કર્યા હતા. પોતાના એક સફરના સાથીની સાથે મદીના તૈયેબહથી મક્કાના માટે રવાના થયા. અબ્વા સ્થળે પહોંચ્યા અને એક પહાડની સાથે સવારી પરથી ઉતરીને પડાવ નાખ્યો અને જરૂરતથી ફારિગ થઈને કાંઈક ખાવા પીવાનો ઈરાદો કર્યો. પોતાના તંબુ તથા સવારીઓની પાસે રોકાયા અને પોતાના સાથીને ખાવા પીવાની ચીજો લાવવા માટે મોકલી દીધો. અકસ્માતે એક બદવી સ્ત્રીની નિગાહ આ હુસ્નો જમાલના પયકર પર પડી ગઈ, તેણીએ આવો ખૂબસૂરત ખુશ ચહેરો જિંદગીમાં આજ સુધી જોયો ન હતો. ચહેરા તથા ગાલના શોલાઓએ બદવી સ્ત્રીના હોશ ગુમ કરી દીધા. તે પાગલની જેમ તંબુમાં ઘુસી ગઈ. પહાડી સ્ત્રી પણ પોતાના હુસ્નો જમાલમાં અનોખી હતી. સીધી જ ખચકાટ વિના કહેવા લાગી, હે મુસાફિર !





હું તારી પાસેથી કાંઈક લેવા આવી છું ! સુલૈમાન સમજ્યા કે ભૂખી છે ! જેથી કાંઈક ખાવાનું માંગે છે ! આપની પાસે ખાવા પીવાનો જે સામાન હતો તેને ભેગો કર્યો અને જે મળ્યું તે તેણીને આપવા ચાહ્યું. તેણી તો આપની ખૂબસૂરતીની દીવાની હતી ! કહેવા લાગી, મારે આ ન જોઈએ ! કોઈ પત્ની પોતાના પતિ પાસે જે માંગે છે, હું તો તે માંગી રહી છું !! આપે કહ્યું, તને શૈતાન મારી પાસે લાવ્યો છે ! આટલુ કહીને આપે પોતાનું માથુ ગુથણોમાં દબાવ્યું અને રડવા લાગ્યા. તેમનું રડવું, ધ્રુસ્કા લેવું, આહો અને આંસુ જોઈને બદવી સ્ત્રીનો ચહેરો ફિક્કો પડી ગયો અને તે નિરાશ થઈને ચાલી ગઈ.

સફરનો સાથી જ્યારે બજારેથી પાછો આવ્યો તો તંબુમાં રડવા તથા ધ્રુસ્કાંનો અવાજ સાંભળીને પરેશાન થઈ ગયો. પહેલાં ગમે તેમ કરીને થપકારીને તેમને ચૂપ કર્યા. જ્યારે ચહેરો ઉપર ઉઠાવ્યો તો આંખો સુઝી ગઈ હતી અને ગળુ રુંધાઈ ગયું હતું, સાફ અવાજ નીકળતો ન હતો. રડવાનો સબબ પૂછયો તો કાંઈ ન જણાવ્યું, કહ્યું, છોકરી યાદ આવી ગઈ હતી. તેણે કહ્યું, ત્રણ મંઝિલો સફરની પાર કરી લીધી, અત્યાર સુધી કોઈ યાદ ન આવ્યું અને એકાએક એવી સખત યાદ કેવી રીતે આવી ગઈ ?! ખૂબ જ આગ્રહ પછી બદવી છોકરીનો કિસ્સો સંભળાવી દીધો જે બન્યો હતો. તો સફરનો સાથી આ પ્રસંગ સાંભળીને રડવા લાગ્યો ! હવે તેમણે પૂછયું કે તું શા માટે રડે છે ? કહેવા લાગ્યો કે એટલા માટે રડુ છું કે ખુદા ન ખ્વાસ્તા જો તમારી જગાએ હું હોત તો ગુનાહમાં સપડાઈ જાત ! એ તો આપનો તકવો હતો અને ખુદાનો ડર હતો જેના સબબે આ બલાથી તમને છૂટકારો મળ્યો.

બંને હમરાહી જ્યારે મક્કામાં પ્રવેશ્યા, તવાફ તથા સઈથી ફારિગ થયા તો હજરે અસ્વદની સામે સુલૈમાન ઈબ્ને યસાર સમેટાઈને બેસી ગયા. આપના પર ઊંઘનો ગલ્બો થયો (ઊંઘ સવાર થઈ) અને ખ્વાબમાં એ હસીન શકલ નજર આવી, ઈત્રથી પયકર શાનવાળો (ઠાઠમાઠવાળો) લિબાસ પહેરેલ, ખૂબસૂરત એટલા કે

જોતા જ રહી જાવ ! પૂછયું, તમે કોણ છો ? ફર્માવ્યું, હું યુસૂફ છું ! શું તમે સાચા યૂસુફ છો ? તમારો ઝુલૈખા સાથેનો પ્રસંગ અજબનો છે ! ફર્માવ્યું, પણ અબવાની છોકરી સાથે સુલૈમાન ઈબ્ને યસારનો પ્રસંગ એથીય અજીબ છે. (અહ્યાઉલ ઉલૂમ, ભાગ–૩, પેજ–૧૫૩)

## ★ ઝિનાથી તૌબા ★

પૂરાણા યુગમાં એક ખાટકી પોતાના પાડોશીની લોંડી પર આશિક થઈ ગયો. તેને મળવા માટે બહાનાં ઢુંઢતો પણ મોકો નસીબ થતો નહીં. આકસ્મિક રીતે પડોશીએ તેની બાંદીને કોઈ કામસર નજીકના ગામમાં મોકલી. તેણીનો તે આશિક પણ મોકાને ગનીમત સમજીને ચાલી નીકળ્યો. એકાંત મળ્યું તો તેણી સાથે પોતાના મતલબ પામવાની વાતો કરવા લાગ્યો. બાંદીએ કહ્યું, જેટલો તુ મને ચાહે છે તેનાથી અધિક હું તને ચાહુ છું. તારા દિલમાં જેટલી તલબ છે, મારું દિલ તને મળવા માટે એનાથી કેટલાયે ઘણુ બેકરાર છે. પણ એવું નથી થઈ શકતું ! કેમ કે મને ખુદા તઆલાનો ડર લાગે છે ! કસાઈએ કહ્યું, જો તુ ખુદાથી ડરતી હોય તો હું કેમ ન ખુદાથી ડરું ?! આવો ! આપણે બંને બદ ઈરાદાથી દૂર રહેવાનો અહદ કરીએ. આશિક પછી પાછો વળી ગયો. એ દરમ્યાન તેને સખત તરસ લાગી. ગરમીના તાપથી તે પરેશાન થઈ ગયો. બેહાલ થઈને લડખડાવા લાગ્યો. એ માર્ગેથી આગલા અંબિયામાંથી કોઈ નબીનો કાસિદ પસાર થઈ રહ્યો હતો. તે તેની તરસનો હાલ જોઈને રોકાઈ ગયો અને મશ્વરો આપ્યો કે આવો ! આપણે બંને ખુદાથી દુઆ કરીએ કે ગામ પહોંચતા સુધી અમારા પર વાદળનો છાંયડો મોકલી દે. આશિકે કહ્યું કે હું મારા માલના ખજાનામાં કોઈ એવી નેકી નથી જોતો જેના ઝરીયે આટલી મોટી દુઆ કરું. અલબત્ત, તમે નબીના કાસિદ છો તો તમે દુઆ કરો. કાસિદે કહ્યું કે સારું ! હું દુઆ કરું છું, તમે આમીન કહો. સારાંશ કે બંનેએ દુઆ કરી અને એક વાદળનો ટૂકડો તેમનાં માથાંઓ પર છાંયડો કરતો થઈ ગયો.





કસાઈ પોતાના ઘરની તરફ ચાલ્યો અને કાસિદે પોતાની રાહ પકડી તો વાદળ કસાઈના પર છાંયડો કરતું રહ્યું. નબીનો કાસિદ એ જોઈને પાછો વળ્યો અને પૂછવા લાગ્યો કે તમે કહેતા હતા કે તમે કોઈ કદરને પાત્ર નેકી નથી કરી ! જો નેકી નથી કરી તો આ અસરો શી રીતે જાહેર થઈ રહી છે ? પછી આશિક કસાઈએ પોતાની તૌબાનો પ્રસંગ વર્ણવ્યો. કાસિદ પોકારી ઉઠયો, ખુદાની નજીક તૌબા કરનારનો મુકામ ખૂબ જ ઉચ્ચ છે. આ પ્રસંગને અબૂબક્ર ઈબ્ને અબ્દુલ્લાહ મુઝની એ બયાન કર્યો.

## ★ દિલ તથા નજરની પાકીનો હૃદયદ્રાવક પ્રસંગ ★

કૂફા શહેરમાં એક ખૂબસૂરત સાલેહ (નેક) નવયુવાન રહેતો હતો. રહણી કરણી તૌર તરીકામાં સાદો, ઈબાદત તથા રિયાઝતમાં અજોડ હતો. એક ઔરત તેના પર દિલો જાનથી ફિદા થઈ ગઈ. પણ દિલની વાત રજુ કરવાનો કોઈ મોકો મળતો ન હતો. ઈશ્કની આગ અંદરને અંદર તેને પીગળાવી રહી હતી. એક દિવસે તે નવજવાન તકબીરનો અવાજ સાંભળીને મસ્જિદ પ્રતિ લપકીને જઈ રહ્યો હતો. એટલામાં તે સ્ત્રી રસ્તો રોકીને ઉભી થઈ ગઈ અને કહ્યું, મારી થોડીક વાતો સાંભળી લો ! પછી ચાલ્યા જાવ ! પણ તે નવયુવાન રસ્તો કાપીને ચાલ્યો ગયો. એ જ પ્રમાણે પાછા જતી વેળા તે સ્ત્રી રસ્તામાં આડી થઈ પણ તેણે નિગાહ ઉઠાવવાની દરકાર ન લીધી. ઔરત રજુઆત કરતી રહી કે હું રસ્તા વચ્ચે તને સંબોધી રહી છું પણ આ બધુ દિલના હાથે મજબૂર થઈને કરું છું. મને ખબર છે કે તુ એક સાલેહ અને એક નેક ઈન્સાન છે અને મારી આ હરકતને કોઈ જોઈ જશે તો રાઈનો પર્વત બનાવવું કાંઈ મુશ્કેલ નથી. તમે એક આબિદ તથા ઝાહિદ છો અને તમારા લોકો પર નાપાકીનો એક મામૂલી ધબ્બો ગંદકીની ઢગલા સમાન છે. પણ હું શું કરું કે તારી જ શકલો સૂરત દિલમાં સમાઈ છે. હું મારી બેકરારીને અધિક છુપાવવાની તાકાત મારામાં નથી જોતી. હવે તો મારો

મામલો ખુદાના જ હાથમાં છે.

નવયુવાન દામન ઝટકીને ઘરે તો આવી ગયો પણ ઔરતની વાતોએ તેનામાં બેચૈની તથા બેકરારીનુ તોફાન ખડુ કરી દીધું. રુકૂઅ તથા સજદામાં ન ઈત્મિનાન મળે છે ન તિલાવત તથા સિજદામાં સુકૂન નસીબ થાય છે. લાચાર થઈને એક ચિઠ્ઠી તેણીના નામે લખી.

બિસ્મિલ્લાહિર્રહ્‌માનિર્રહીમ. હે ઔરત ! ખબરદાર થઈ જા ! જ્યારે બંદો ખુદાની નાફર્માની કરે છે તો એ રહીમ તથા કરીમ સહન ફર્માવે છે અને જ્યારે બીજી વાર તે હરકતમાં પડે છે તો ફરી પર્દાપોશી કરે છે અને જ્યારે ગુનાહને પોતાની આદત બનાવી લે છે તો પછી એવો ગઝબ નાઝિલ ફર્માવે છે કે તે ગઝબને જમીન તથા આસ્માન, પહાડ અને સમુદ્ર વેઠી નથી શકતા ! તો આવો ગઝબ વેઠવાની તાકાત કોની અંદર છે ? તારો મહોબ્બતનો દાવો જો જૂઠો છે તો યાદ કર તે દિવસને જ્યારે આસમાન પીગળાવેલા તાંબાની જેમ અને પહાડ પીંજેલા રૂની જેમ હશે, જબ્બારીનો દબદબો અને કહ્‌હારીનો રૂઆબ એટલા જોર પર હશે કે મુકર્રિબીન (ચહીતા બંદાઓ) ગુથણોભેર ઝુકેલા હશે. મારી એ પોઝિશન છે કે મારા નફસની સુધારણા જ મુશ્કેલ છે તો તારું મારાથી શું ભલુ થશે ? અને જો તારું મહોબ્બતનું દર્દ સાચુ છે તો એવો તબીબ બતાવી દઉં છું જે દરેક દર્દની પોતે જ દવા છે, દરેક બીમારીનો ખૂદ ઈલાજ છે, અને તે જાત અલ્લાહ عزوجل ની છે. તેના તરફ સાચા દિલથી વળી જા ! નસીહતના માટે આ કુર્આની આયત પૂરતી છે :–

وَاَنْذِرْهُمْ يَوْمَ الْاٰزِفَةِ اِذِ
الْقُلُوْبُ لَدَى الْحَنَاجِرِ كٰظِمِيْنَ
مَا لِلظّٰلِمِيْنَ مِنْ حَمِيْمٍ وَّلَا شَفِيْعٍ
يُّطَاعُ يَعْلَمُ خَآئِنَةَ الْاَعْيُنِ
وَمَا تُخْفِى الصُّدُوْرُ

"અને તેમને ડરાવો તે નજીક આવનારી આફતના દિવસથી જ્યારે દિલ ગળાંઓની પાસે આવી જશે ગમમાં ભરાએલાં અને જાલિમોને ન કોઈ દોસ્ત છે અને ન કોઈ સિફારશી જેનુ કહેવું માનવામાં આવે.





અલ્લાહ જાણે છે ચોરી છુપીની નજર અને જે કાંઈ સીનાઓમાં છુપાવેલું છે." (અલ મુ'મિન, ૪૦/૧૮, ૧૯)

આ આયતથી કોઈને ઈન્કાર નથી. ફકત આ પત્ર પામ્યા પછી સ્ત્રી ફરી એકવાર તેના માર્ગમાં આવી. નવજવાને પાછા વળવાનો ઈરાદો કર્યો જેથી તેના પર નજર ન પડે તો તેણીએ અવાજ આપ્યો. શા માટે નારાજ થઈ જાવ છો ! હવે આના પછી ફરી મને કદી જોશો નહીં. હું ખુદાથી દુઆ કરું છું કે મારી મુશ્કેલી આસાન કરે. તેના કબજામાં મારું દિલ છે. આજે મને ફરી કોઈ છેલ્લી નસીહતનો તોહફો આપી દો ! નવજવાને કહ્યું, મારી નસીહત કેવળ એટલી જ છે કે નફ્સના વબાલથી પોતાને બચાવવું અને આ આયત યાદ રાખવી :–

وَهُوَ الَّذِىْ يَتَوَفّٰىكُمْ بِالَّيْلِ
وَيَعْلَمُ مَا جَرَحْتُمْ بِالنَّهَارِ ثُمَّ
يَبْعَثُكُمْ فِيْهِ لِيُقْضٰٓى اَجَلٌ
مُّسَمًّى ثُمَّ اِلَيْهِ مَرْجِعُكُمْ
ثُمَّ يُنَبِّئُكُمْ بِمَا كُنْتُمْ
تَعْمَلُوْنَ (القرآن)

"અને તે જ છે જે રાત્રે તમારી રૂહો કબજે કરે છે અને જાણે છે જે કાંઈ દિવસમાં કમાઓ પછી તમને દિવસમાં ઉઠાવે છે કે ઠરાવેલી માત્રા પૂરી થાય, પછી તેની તરફ પલટવાનુ છે. પછી તે બતાવી આપશે તમે જે કરતા હતા."

આ નસીહતને સાંભળીને સ્ત્રી રડતી, ધ્રુસ્કાં લેતી, ઝખ્મી દિલ અને સળગતા સીનાની સાથે પાછી જતી રહી અને ખુદાની યાદમાં એવી ગોશાગીર થઈ ગઈ કે થોડાક દિવસો બાદ અંધારીયા ખૂણામાંથી તેનો જનાઝો નીકળ્યો.

કૂફી નવયુવાન તેના તમન્નાથી પુર મૌત પર આંસૂ વહાવ્યા કરતો હતો અને કહ્યા કરતો હતો કે, તુ તેને નફ્સની દીવાની તથા હવસની ગુલામ ખયાલ કરતો હતો ! હવે એવું ગુમાન ગુજરે છે કે કયાંક તેના નાહક ખૂનનો જુર્મ મારા પર લાગુ ન થઈ જાય. મેં તેને બલા સમજીને દૂર કરી હતી પણ કયાંક તે મારા હક્કમાં દાવેદાર

બનીને ઉભી ન થઈ જાય ! આ વાકયાનુ અસ્લ લખાણ અહદ ઈબ્ને સઈદે પોતાના વાલિદથી નકલ કર્યું છે. (અહયાઉલ ઉલૂમ, ભાગ–૩, પેજ–૧૫૮)

હઝરત અલાઅ્ ઈબ્ને ઝિયાદ ફર્માવે છે :–

''તારી નજર ઔરતની ચાદર પર ન નાખ ! કેમ કે નજર દિલમાં વાસનાનાં બીજ રોપે છે અને માણસ જ્યારે સ્ત્રી પર નજર નાખે છે તો ભાગ્યે જ એવું બને છે કે તે બીજીવાર ન જુએ. જો ખૂબસૂરતીનો ખયાલ દિમાગમાં હશે તો અંદરથી બીજીવાર જોવાની લાલશા ઉભરશે. તે વખતે દિલમાં એવું ઠસાવે કે બીજીવાર જોવું મૂર્ખાઈ છે, કેમ કે એ બે સ્થિતિથી ખાલી નથી. જો નફસના હાથે બહકીને બીજી વાર જોયું અને સૂરત સારી લાગી તો નફસ સેકસની માગણી કરશે અને એવું નહીં થાય તો અફસોસ તથા મેહરૂમી સિવાય શું હાથ આવ્યું ? અને જો સૂરત બુરી લાગી તો જે નિગાહની લિજ્જત માટે નજર ઉઠાવી હતી તે ન પ્રાપ્ત થઈ તો લિજ્જત વિના ગુનાહમાં સપડાશે. (હવાલો ઉપર મુજબ)

અને જો શરીઅતના ફર્માન પ્રમાણે આંખોને નામેહરમ (પર સ્ત્રી)ને જોવાથી રોકવામાં આવે તો ઘણી આફતો દિલથી જતી રહે છે.

મુસ્લિમે હઝરત જરીર ઈબ્ને અબ્દુલ્લાહથી રિવાયત કરી કે તેમણે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને પર સ્ત્રી પર નિગાહ કરવાના બારામાં પૂછયું; હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, ''તમે તમારી નજર ફેરવી લો.''

હઝરત બુરીદા કહે છે, હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને ફર્માવ્યું :–

''હે અલી ! કોઈ પર સ્ત્રી પર અચાનક નજર પડી જાય તો નજર ફેરવી લો. બીજી નજર તેણીના પર ન નાખો. પ્રથમ નજર તો તમારી છે અને બીજી નજર તમારી નથી.''





અનાયાસે પડતી પ્રથમ નજર માફ છે પણ બીજી વાર જોવું નફસાની તથા શૈતાની વસવસાના કારણે છે એટલા માટે તે ગુનોહ છે.

## ★ આગલી શરીઅતોમાં ઝિનાની સજાઓ ★

ભૂતકાળના ઈતિહાસોમાં ઉલટાવી સુલટાવીને જોશો તો એક ચીજ સ્પષ્ટ જોવા મળશે કે દરેક કૌમ તથા મિલ્લત જ્યાં સુધી ઈન્સાની ફિતરત પર રહી ઝિના ફિતરી તૌર પર તેમની દ્રષ્ટિમાં એક અતિ ખરાબ ગુનો રહ્યો. સભ્ય લોકોથી લઈને જંગલોમાં વસેલા કબીલા આ બાબતે ગવાહી આપશે અને તેના માટે સખતથી સખત સજાઓની સાબિતી પૂરી પડશે. આગમાં સળગાવી દેવુ, જીવતા જમીનમાં દાટી દેવું, બોટીઓનાં ચિથડાં વેરી કાઢવાં જંગલવાસી લોકોની સંસ્કૃતિમાં મળે છે. એ જ પ્રમાણે ફિતરત સાથે સંકળાયેલ મઝહબોમાંથી કોઈ એવો નોંધપાત્ર તબકો નથી જે ઝિનાની બુરાઈ અને તેની નફરત પાત્ર હૈસિયતને ન માનતો હોય અને તેમનામાં ઝિનાના ગુનાની સજા ન હોય. એ જુદી વાત છે કે દીનો તથા મિલ્લતો (કૌમો) જ્યારે ફાસિદ (બુરી) સંસ્કૃતિની ચમકદમકમાં આવ્યા તો પોતાનો ફિતરી (પ્રાકૃતિક) વકાર ગુમાવી બેઠા અને જેમ જેમ નફસાની તથા શૈતાની વ્યવસ્થાનો પ્રભાવ વધતો ગયો તેમ તેમ ફિતરતની પકડ ઢીલી પડી ગઈ ત્યાં સુધી કે જુર્મની ફેશનનો પોશાક મળી ગયો.

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી ફર્માવે છે કે :–

''પાછલી શરીઅતોમાં કત્લની સજા કેસાસ (ખૂનનો બદલો ખૂન) ઝિનાની સજા સંગસારી અને ચોરીની સજા હાથ કાપવો નિશ્ચિત હતી. આ ત્રણેવ સજાઓ આસ્માની શરીઅતોમાં ક્રમસર ચાલી આવે છે. તમામ અંબિયા علیہم السلام અને તેમની ઉમ્મતોનો તેના પર ઈજમાઅત તથા ઈત્તેફાક છે.

(હુજ્જતુલ બાલિગા, ભાગ–૨, પેજ–૪૫૦)

શાહ સાહબ આગળ જતાં લખે છે :–

અને યહૂદીઓની જ્યારે શૌકત જતી રહી અને સંગસારી પર તેનો કાબૂ ન ચાલ્યો તો તેમણે તજબિય્યા અને તસ્મીમને (ઝિના કરનાર સ્ત્રી પુરૂષને મોઢુ કાળુ કરીને અવળા ગધેડા પર બેસાડીને લોકોમાં ફેરવી બેઈજ્જત કરવાનુ) ચાલુ કર્યું. વર્તમાન યહૂદી સાહિત્યમાં ઝિનાનો ઉલ્લેખ આ પ્રમાણે મળે છે :–

"જો કોઈ શખ્સ કોઈ કુંવારીને જેની મંગની ન થઈ હોય તેને ફોસલાવીને તેની સાથે સંભોગ કરે તો એ જરૂર તેને મહેર આપીને તેનાથી શાદી કરે. પરંતુ જો તેનો બાપ હરગિઝ રાજી ન થાય કે તે તે છોકરીને તેને આપે તો કુંવારીઓના મહેરના પ્રમાણમાં તેને રોકડા આપે." (કિતાબુલ ખુરેજ, બાબ–૨૨, આયત ૧૬–૧૭)

એ જ હુકમને કિતાબ ઈસ્તિષ્નામાં થોડાક જુદા શબ્દોમાં બયાન કરવામાં આવે છે અને નિશ્ચિત કરી દેવામાં આવેલ છે કે છોકરીના બાપને ૫૦ મિષ્કાલ દંડ રૂપે અદા કરવામાં આવે. (ઈસ્તિષ્ના, પ્રકરણ–૨૨, આયત ૨૮–૨૯)

અને જો કોઈ આ જ જુર્મ કાહિન (ધાર્મિક વડા)ની પુત્રી સાથે કરે તો તેને ફાંસી આપવામાં આવશે અથવા તેને જીવતો સળગાવી દેવામાં આવશે. (AVERY MARNS, P. 319-320)

જો કોઈ બીજાની પત્ની સાથે એટલે કે પોતાના પડોશીની પત્ની સાથે ઝિના કરે તો ઝાની તથા ઝાનિયહ્ બંનેને જરૂરથી મારી નાખવામાં આવે. (અહબાર, બાબ–૨૦, આયત–૧૦)

જો કોઈ મર્દ કોઈ પતિવાળી સ્ત્રી સાથે ઝિના કરતો પકડાય તો તે બંનેને મારી નાખવામાં આવશે. (ઈસ્તિષ્ના, બાબ–૨૨, આયત–૨૨)

જો કોઈ કુંવારી છોકરી કોઈનાથી સંબંધિત થઈ ગઈ અને કોઈ બીજો તેણીને શહેરમાં પામીને તેણી સાથે સંભોગ કરી લે તો તમે તેઓ બંનેને તે શહેરના ફાટક (દરવાજે) કાઢી લાવજો અને સંગસારી કરી આપજો કે જેથી તેઓ મરી જાય. છોકરીને એટલા માટે કે તેણે શહેરમાં હોવા છતાં ચીસો ન પાડી અને પુરૂષને એટલા





માટે કે તેણે પોતાના પડોશીની પત્નીને નાપાક કરી. પણ જો તે માણસને તે જ છોકરી જેનો સંબંધ થઈ ચૂકયો હોય કોઈ મેદાન કે ખેતરમાં મળી જાય અને તે માણસ બળાત્કાર કરે તો ફકત તે આદમી જ જેણે સંભોગ કર્યો તેને મારી નાખવામાં આવે પણ તે છોકરીને કાંઈ ન કરશો." (ઈસ્તિષ્ના, પ્રકરણ–૨૨, આયત–૨૨)

યુહન્ના, પ્રકરણ–૮, આયત ૧–૧૧માં છે :–

"હઝરત ઈસા મસીહ عليه السلام ની પાસે એક સ્ત્રીને લઈને મારતા ઘસેડતા લોકો આવ્યા અને આપને કહ્યું કે આ વ્યભિચારિણી (ઝાનિયા) છે; એના પર સજા લાગુ પાડો. આપે હાજરજનોને કહ્યું કે તમારામાંથી જે પાક દામન હોય તે આગળ વધીને એને પથ્થર મારે. એ સાંભળીને એક એક કરીને સૌ ત્યાંથી જતા રહ્યા. કેવળ આપ તથા તે સ્ત્રી રહી ગઈ. આપે તેને નસીહત કરી, તૌબા વ ઈસ્તિગફાર કરવા સમજાવી અને રવાના કરી દીધી. (યુહન્ના)

ઈસાઈઓએ ! આ પ્રસંગ અને એ પ્રકારના અમુક અન્ય કથનોને પાયો બનાવીને ઝિનાના જુર્મના બારામાં હઝરત ઈસા મસીહ પ્રતિ ગલત માન્યતાઓ સંબંધિત કરી છે. અને હદ (સંગસારી કે કોરડાની સજા)ના બદલે ઝિનાની સજાના બારામાં અલગ માર્ગ કાઢયો છે. તે લોકોના ખયાલમાં અપરણિત પુરૂષનુ અપરણિત સ્ત્રી ઝિના કરવું ગુનો તો છે પણ એવો ગુનોહ નહીં કે જેમાંથી કોઈને એના માટે કોઈ સજા આપવામાં આવે. હા ! એ સ્થિતિમાં જુર્મ જરૂર છે કે ઝાની સ્ત્રી તથા પુરૂષમાંથી કોઈ શાદીશુદા હોય અથવા બંને પરણિત હોય. પણ તેની સજા એના સિવાય શું છે ? કે ઝિના કરનાર સ્ત્રીનો પતિ ઝાની પાસેથી દંડ વસૂલ કરે. અને વળી જો તે પોતાની ઝાનિયા પત્ની સાથેથી અલગતા અપનાવે તો જીવનભર રાહિબ (બ્રહ્મચારી) બનીને રહે. અને એ જ પ્રમાણે ઝાનીની પત્ની કરે કે બદકાર પતિથી અલગ થવા ચાહે તો પરિણામ સ્વરૂપે તેણીએ જીવનભર રાહિબા બનીને રહેવું પડશે.

આ અભ્યાસથી અંદાઝો લાગે છે કે ઝિનાની બુરાઈ

માનવની પ્રગતિના પ્રારંભિક યુગથી જ ફિતરતની સંસ્કૃતિનું અંગ રહી અને ખુદાની મખ્લૂકને સીધી રાહ પર લગાડનારા ઉમ્મતના અંબિયા તથા મુરસલીન તથા સુધારકોએ પોત પોતાની કૌમો તથા મિલ્લતોને આ બદતરીન (સૌથી ખરાબ) જુર્મથી બચાવવાનુ જતન પણ કર્યું છે. પરંતુ ખુદા દુશ્મન ગૃપ (તબકો) આ ખુદાઈ પૈગામ પહોંચાડનારાઓની તાલીમાતમાં કાટ છાટ અને ફેરફાર તથા ઘાલમેલ કરીને તેને પોતાના સ્વરચિત માળખામાં ઢાળવાની અથાગ કોશિશ પણ કરતા રહ્યા છે. સ્થિતિ એટલે સુધી પહોંચી કે ઈલ્હામી તાલીમાતનો સુંદર ચહેરો આવા ગર્દો ગુબારમાં ફેરવાઈને રહી ગયો.

## ★ પૂરાણી સંસ્કૃતિઓમાં જુર્મ તથા સજા ★

યુનાની સંસ્કૃતિ, રોમની સંસ્કૃતિ, જૂની મિસ્રી સંસ્કૃતિ અને હિંદુસ્તાની પૂરાણી સંસ્કૃતિમાં જ્યાં જ્યાં તમે જોશો ઝિના એક ભયાનક જુર્મના રૂપમાં જોવા મળશે અને દરેક કૌમે (જાતિએ) પોતાની ચઢતીના યુગમાં એના પર સખત સજાઓ આપી છે. એ જુદી વાત છે કે એ સંસ્કૃતિઓમાં કોઈ બીજાની પત્ની સાથે ઝિનાને જ સખત જુર્મ સમજવામાં આવતો હતો.

મિસ્રના લોકો પોતાના દૌરમાં ઝાની તથા ઝાનિયાને એ રીતે સજા આપતા હતા કે ઝાનીને લાઠીઓ વડે મારતાં મારતાં પૂરો કરી દેતા હતા. અને ઝાનિયા સ્ત્રીનુ નાક કાપી લેતા હતા. અને એ જ પ્રકારની સજાઓ બાબિલ, અશૂર અને પૂરાણા ઈરાનમાં નિશ્ચિત હતી.

પૂરાણા હિંદુસ્તાનમાં ઝાનીને લોખંડના પલંગ પર સૂવડાવીને બાંધી દેતા હતા અને તેને આગમાં સળગાવી દેતા હતા અને સ્ત્રીને કૂતરાઓ પાસે ફાડી કરાવીને ટૂકડા ટૂકડા કરાવી દેતા હતા. રોમી તથા યુનાની કાનૂનો પુરૂષોને એ અધિકાર આપતા હતા કે જો તેઓ પોતાની પત્નીઓને કોઈને ઝિના કરતી જોઈ લે તો તેઓ તે તેણીઓને કત્લ કરી શકે છે, નહીં તો જુર્મના બદલામાં





ઝાની પુરૂષ પાસેથી માલી દંડ વસૂલ કરી શકે છે. પણ પછી આગળ જતાં કૈસર ઓગસ્ટસે તેમાં ફેરફાર કર્યો અને કાનૂન બનાવ્યો કે ઝાની પુરૂષની અડધી મિલ્કત ઝપ્ત કરીને તેને દેશમાંથી તડીપાર કરવામાં આવે અને સ્ત્રીની અડધી મહેર રદ કરીને અને તેણીની પણ ૧/૩ સંપત્તિ કબજે કરી લેવામાં આવે પછી તેને પણ તડીપાર કરવામાં આવે. ત્યાર પછી જ્યારે કુસ્તુન્તીનનો દૌર આવ્યો તો તેણે તેના સ્થાને નવો કાયદો આપ્યો કે ઝાની અને ઝાનિયા બંનેને મૌતની સજા આપવાની શરૂ થઈ. એ જ પ્રમાણે અન્ય બાદશાહોના યુગોમાં ઝિનાની સજામાં ફેરફાર થતો રહ્યો.

હિંદુ ધર્મ જે ઊંચ નીચના ભેદભાવમાં અનોખો છે તેણે પણ ઝિનાની બુરાઈને સ્વીકારી છે. તેના માટે સજાઓ નિશ્ચિત કરવામાં આવી છે પણ તે જ નીચ ઊંચનો ફરક તેના કાનૂનની એ કલમોમાં પણ જોવા મળે છે.

મનુએ પોતાના ધર્મ શાસ્ત્રમાં લખ્યું છે કે :–

"પોતાની જાતિની કુંવારી છોકરી સાથે વ્યભિચાર કરનાર જો તેણીની રાજીખુશીથી ઝિના કરે છે તો તેના પર કોઈ સજા નથી. છોકરીનો બાપ જો ચાહે તો ઝાની તેને બદલો આપીને તે છોકરી સાથે શાદી કરી લે. હા ! છોકરી કોઈ ઉચ્ચ જાતિ સાથે સંબંધ ધરાવતી હોય અને પુરૂષ નીચી જાતિનો હોય તો છોકરીની સજા એ છે કે તેને ઘરમાંથી કાઢી મૂકવી જોઈએ અને પુરૂષનાં અંગો કાપી નાખવાં જોઈએ. (મનુના ધર્મશાસ્ત્ર અધ્યાય, ભાગ–૮, શ્લોક ૩૬૫, ૩૬૬)

ઈન્સાઈકલોપીડિયા ઓફ રીલીજિયન એન્ડ ઈઠેકસ, સંપાકદ જેમ્સ હેસ્ટીકીન્સ ક્રાઈમ્ઝ એન્ડ પનીશમેન્ટના હેઠળ આ જ વિષય પર વિસ્તારપૂર્વકની માહિતી સાથે એ પણ નોંધેલ છે કે :–

પૂરાણા યુગમાં ભૂલથી ખૂન થાય તથા ઈરાદાપૂર્વક થાય તેમજ અન્ય રીતે થતા ખૂનમાં ફરક કરવામાં આવતો ન હતો. તેમ છતાં પોતાના કબીલાની બહાર ચોરી તથા કત્લને સારું જાણતા હતા. અલબત્ત, જો બદલો લેવાનો ડર હોતો તો બુરુ સમજવામાં આવતુ

હતુ. આગળ જતાં જ્યારે સંસ્કારીતાનો ખયાલ પેદા થયો તો કબીલાની અંદર તથા બહાર દરેક જગાએ તેની બુરાઈને સ્વીકારી લેવામાં આવી. (તેમાં આગળ જતાં લખ્યું છે) આરોપીની માલદારી તથા ગરીબીના કારણે સજામાં ભેદભાવ કરવામાં આવતો હતો. અલબત્ત બાદના જુર્મોમાં કત્લની સજા આપવામાં આવતી હતી. બીજીવાર ચોરી કરવામાં આંગળીઓ કાપી લેવામાં આવતી હતી અને ત્રીજીવાર ચોરી કરવામાં જાનથી મારી નાખતા હતા. કેટલાક કબીલાઓમાં જૂઠી સાક્ષી આપવા પર જીભ કાપી લેવામાં આવતી હતી. પરંતુ સામાન્ય દસ્તૂર હતો કે અંગોને નુકસાન પહોંચાડવામાં કેસાસ (બદલો) ગુના સમાન (ખૂનનો બદલો ખૂન, હાથ કાપે તેના હાથ કાપવા એ મુજબ)નો રિવાજ હતો.

કેટલાક કબીલાઓમાં જાદૂ, ખૂન, મહરમો સાથે ઝિના, ધર્મથી ફરી જવું, બગાવત, ઝિના અને ચોરીની સજા જાનથી મારી નાખવાની હતી. કત્લની સજાના વિવિધ તરીકા રિવાજ પામેલા હતા જેમાં અમુક ખૂબ જ ધૃણાજનક અને ભયાનક હતા, દા.ત. છાતીમાં ભાલો મારીને મારી નાખવું, આગમાં સળગાવી દેવું, ઊંચાઈ પરથી ફેંકી દેવું.... વગેરે.

સ્ત્રીઓની બેઈજ્જતી અને તેમના હક્કોની પાયમાલીના બારામાં તેમાં છે :–

"......કબીલાઓમાં સ્ત્રીઓને પુરૂષની મિલ્કત ગણવામાં આવતી હતી. એટલા માટે ઝિનાને એક પ્રકારની ચોરી સમજવામાં આવતું હતું. અને અમુક કબીલાઓમાં તો પર સ્ત્રીને કેવળ હાથનો સ્પર્શ કરવાથી મૌતની સજા થતી હતી. અમુક કબીલાઓમાં ઝિનાના મુજરિમ પુરૂષને કત્લ કરી દેતા હતા અને ઝાનિયા સ્ત્રીના ચહેરાને કદરૂપો કરી દેતા હતા, અને વારંવાર ઝિનાના જુર્મમાં પડનારી સ્ત્રીને કત્લ કરી દેતા હતા....."

ઈન્સાઈકલોપીડિયાના સંપાદક એના અનુસંધાનમાં ચીનના પૂરાણા કાનૂનોનો ઉલ્લેખ કરતાં લખે છે કે, "ચીની





સંસ્કૃતિમાં કત્લ, ઝિના, ચોરીના માટે મજબૂત (સખત) કાનૂનો લાગુ થતા હતા. કોરડા મારવાની સજા પણ ચાલતી હતી જે બૈદ (એક પ્રકારનુ ઝાડ તેની નેતર જેમ સોટી)થી આપવામાં આવતી હતી. ચીની લોકો બૈદ (નો કોરડો) મારવામાં એટલા નિષ્ણાત હતા કે જો ચાહતા તો ત્રણ જ કોરડામાં મુજરિમની ચામડી છોલી કાઢતા અને ન ચાહતા તો હજાર કોરડાઓથી પણ શરીરને કોઈ નુકસાન ન થતું. ખૂન, ડાકૂગીરી, બગાવત, બનાવટી સિક્કા બનાવવા અને આગ લગાડવાની સજા મૌતની નિશ્ચિત હતી. બાર વરસથી ઓછી છોકરીઓ સાથે ઝિના અને મીઠાની દાણચોરી કરવાની સજા પણ મૌતની નિશ્ચિત હતી. સજાનો એક તરીકો એ પણ હતો કે આરોપીને પિંજરામાં બંધ કરી દેતા હતા, શરીફ શકિતશાળી લોકોને સખત સજા આપવામાં આવતી ન હતી. સ્ત્રીઓને કૈદમાં પૂરવાની સજા આપવામાં આવતી હતી, જો કે પરણિત સ્ત્રી ઝિના કરે તો પતિને ઈજાઝત હતી કે તેને કત્લ કરી દે. (ઈન્સાયકલોપીડિયા ઓફ રીલીજિયન એથેકસ, ભાગ–૪)

કૌમો તથા મિલ્લતો (જાતિઓ) પર જ્યાં સુધી ઈલ્હામી તથા આસ્માની હકીકી તાલીમાતની અસર રહી ત્યાં સુધી તેમનામાં જુર્મની બુરાઈ ઓળખવા તથા સજાઓમાં શરીઅતોના પ્રમાણે ફેંસલાઓનો સંકલ્પ બાકી રહ્યો. હઝરત ખાતમુન્નબિય્યીન સૈયેદેના મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالی علیہ وسلم ના આગમનના સમયે માજી શરીઅતો તથા માજી અંબિયાઓની તાલીમાતનુ હકીકી ઉજાસ દુનિયામાં કયાંય મૌજૂદ ન હતું. આસ્માની કિતાબો અને સહીફાઓમાં ફેરફાર કરવામાં આવી ચૂકયા હતા અને ખુદાઈ કાનૂનો જે પયગંબરોના થકી અર્પણ થયા હતા તે ફાસિદ (ગંદી) સંસ્કૃતિઓના અંબાર નીચે દબાઈ ગયા હતા. એટલા માટે જરૂરત હતી કે સુન્નતે ઈબ્રાહીમી, શરીઅતે મૂસ્વી અને ઈસા મસીહનો પૈગાર તેમજ સર્વ અંબિયા તથા રસૂલોની તાલીમોને પરિપૂર્ણતાના રંગમાં રજૂ કરીને દુનિયાના અસ્તિત્વ સુધીના માટે અમ્નો શાંતિનો

માર્ગ દેખાડનારી જાત (હસ્તી) જાહેર થાય. જેથી રહ્‌તુલ્ લિલ્ આલમીન બનીને સૈયેદેના મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા જેમના પર ખુદાની આખરી કિતાબ કુર્આન નાઝિલ થઈ. અંતિમ તથા સંપૂર્ણ ધર્મ ઈસ્લામ ધર્મ કયામત સુધીના માટે જિન તથા ઈન્સાનના માટે જામેઉલ ઉસૂલ (સંપૂર્ણ કાનૂનોવાળો) બનાવવામાં આવ્યો.

યહૂદ તથા નસારાએ ઈલાહી કાનૂનોને વિકૃત કરી નાખ્યા. હુઝૂર ખાતિમે પયગંબરાં ﷺ એ તેને નવેસરથી જીવતા કર્યા. સુનને ઈબ્ને માજહ્‌માં હઝરત બરાઅ્‌થી રિવાયત છે : તેમણે ફર્માવ્યું :–

"રસૂલુલ્લાહ ﷺ એક યહૂદીની પાસેથી પસાર થયા જેનું મોઢું કાળુ કરીને મારવામાં આવ્યા હતા. આપે યહૂદીને બોલાવીને પૂછયું, શું તમે ઝાનીની સજા તમારી કિતાબમાં આવી જુઓ છો ? તેમણે જવાબ આપ્યો કે, હા ! આપે તેમના આલિમોમાંથી એક શખ્સને બોલાવ્યો અને ફર્માવ્યું, તમને ખુદાની કસમ છે ! તે જાતની જેણે મૂસા عليه السلام ને તૌરાત અર્પણ કરી. શું તમે તમારી કિતાબમાં ઝાનીની હદ (સજા) આ પ્રમાણે જોઈ છે ? તેણે જવાબ આપ્યો, નહીં ! જો તમે કસમ ન આપત તો હું તમને ન જણાવત ! અમે અમારી કિતાબમાં ઝાનીની સજા રજ્‌મ (સંગસારી) પામીએ છીએ.

પરંતુ જ્યારે અમારા શરીફ લોકોમાં (ભદ્ર સમાજમાં) ઝિનાની અધિકતા થવા લાગી અને ઈજ્જતદાર લોકો ઝિના કરવા લાગ્યા તો અમે તેમને છોડી દેતા અને નબળો માણસ ઝિના કરતો તો તેના પર હદ (સજા) લાગુ કરતા. છેવટે અમે મળીને એવો મશ્વરો કર્યો કે કોઈ એવો તરીકો હોવો જોઈએ ઉચ્ચ તથા નીચ પર સમાન રીતે લાગુ કરી શકાય. તો અમે રજ્‌મ (સંગસારી)ના સ્થાને મોઢાને કાળુ કરવું અને કોરડા મારવાનુ શરૂ કર્યું." રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો :–





"યા અલ્લાહ ! જે કાનૂનને તેમણે મુર્દા કરી દીધો હતો હું તેને સૌથી પ્રથમ જીવંત કરું છું અને આપે તેને સંગસાર કરવાનો હુકમ આપ્યો, તો તેને સંગસાર કરવામાં આવ્યો. (સુનને ઈબ્ને માજહ્‌, ભાગ–૨, પેજ–૧૦૭)

કેસાસ (ખૂનનો બદલો ખૂન)ના હુકમો તૌરાતમાં મૌજૂદ હતા. કુર્આન મજીદે પણ એની ગવાહી આપી છે :–

وَكَتَبْنَا عَلَيْهِمْ فِيهَا أَنَّ النَّفْسَ بِالنَّفْسِ وَالْعَيْنَ بِالْعَيْنِ وَالْأَنْفَ بِالْأَنْفِ وَالْأُذُنَ بِالْأُذُنِ وَالسِّنَّ بِالسِّنِّ وَالْجُرُوحَ قِصَاصٌ

"અને અમે તૌરાતમાં તેમના પર વાજિબ કર્યું કે જાનના બદલે જાન, આંખના બદલે આંખ અને નાકના બદલે નાક અને કાનના બદલે કાન અને દાંતના બદલે દાંત અને ઝખ્મોમાં બદલો છે. (સૂ. માઈદહ્‌, ૪૫/૫)

ઈનસાઈકલોપીડિયા ઓફ રીલીજિયન એન્ડ એથેકસમાં છે :–

"યહૂદીઓમાં કેસાસ (ખૂનનો બદલો ખૂન...વગેરે) હતો દિયત (વળતર) ન હતી. જાનના બદલે જાન, કાનના બદલે કાન, આંખના બદલે આંખ, દાંતના બદલે દાંત, હાથના બદલે હાથ અને પગના બદલે પગનો કાનૂન ચાલુ હતો. જાણી જોઈને ખૂન તથા ભૂલથી ખૂનમાં ફરક કરતા ન હતા." (ઈન્સાઈકલોપીડિયા ઓફ રીલીજિયન એન્ડ એથેકસ, ભાગ–૪)

## ★ તોહમત (આરોપ) ★

ઈમાન અને શરાફતના માહોલમાં ઈજ્જત તથા આબરૂ (ચારિત્ર) મહાન ચીજ છે. પાકીઝા આદતોવાળી (સંસ્કારવાળી) જિંદગીઓ સાફ તથા પાક ઉજળા દામન જેવી હોતી હતી. હવે જો તેના પર કોઈ બુરા દિલવાળો આક્ષેપ લગાડીને ગંદી જાહેર કરવાની હિંમત કરે તો એ બદતરીન કૃત્ય છે. શરીઅતની બોલીમાં કોઈ

પણ મુસલમાન આકિલ, બાલિગ, પાકદામન પુરૂષ તથા સ્ત્રી પર ઝિના જેવા ધૃણાત્મક કાર્યની તોહમત લગાડવાને **કઝફ** કહે છે.

આ નાપાક હિંમત રબ તઆલાને પણ સખત નાપસંદ છે. એટલા માટે સુબ્બુહ તથા કુદુસ પરવરદિગારે પોતાના પાક બંદાઓ પર આવો ધૃણાત્મક આરોપ લગાડનારાઓના માટે ૮૦ કોરડાઓની સજા નિશ્ચિત કરી છે.

સૂરએ નૂરમાં છે :–

وَالَّذِيْنَ يَرْمُوْنَ الْمُحْصَنٰتِ
ثُمَّ لَمْ يَاْتُوْا بِاَرْبَعَةِ شُهَدَآءَ فَاجْلِدُوْهُمْ
ثَمٰنِيْنَ جَلْدَةً وَّلَا تَقْبَلُوْا لَهُمْ شَهَادَةً
اَبَدًا وَاُولٰٓئِكَ هُمُ الْفٰسِقُوْنَ ۝ اِلَّا
الَّذِيْنَ تَابُوْا مِنْ بَعْدِ ذٰلِكَ وَاَصْلَحُوْا
فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ (القرآن)

''અને જેઓ પારસા (પાક) ઔરતો પર ઐબ લગાડે અને પછી ચાર દાર્શનિક પૂરાવા ન લાવે તો તેમને ૮૦ કોરડા મારો અને અને તેમની સાક્ષી કદી ન માનો અને તેઓ જ ફાસિક છે પણ જેઓ એના પછી તૌબા કરી લે અને સુધરી જાય તો બેશક ! અલ્લાહ બખ્શનાર મહેરબાન છે.'' (સૂરએ નૂર, ૫–૪/૨૨)

ઉલમાનો એ વાત પર ઈત્તફાક (એકમતિ) છે કે આયતે કરીમામાં જો કે કેવળ ઔરત ઈલ્ઝામ લગાડવાની સજા વર્ણવી છે પણ કોઈ પુરૂષ ઉપર પણ એવો આરોપ લગાડવામાં આવે તો તેની પણ એ જ સજા છે. અહીં **'મુહસનાત'**ના શબ્દનો ઉલ્લેખ કરવાનુ કારણ એ બન્યું કે શાને નુઝૂલની બુન્યાદ ઔરત હતી. કોઈ સચરિત્ર પાકદામન સ્ત્રી પર ઝિનાનો આક્ષેપ લગાડનારાઓ પર આ ત્રણ ભારે સજાઓ આપવામાં આવશે :–

(૧) ૮૦ કોરડા મારવામાં આવશે

(૨) તેને મરદૂદુશ્શહાદહ્ (તેની ગવાહી હમેશાં માટે અમાન્ય) ઠરાવી દેવામાં આવશે

(૩) તે ફાસિક ગણાશે





હઝરત અલ્લામા નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

હદ્દે કઝફ (જૂઠો આરોપ લગાડવાની સજા) માંગણી કરવા પર નિર્ભર છે. જેના પર આક્ષેપ લગાડવામાં આવ્યો તે જો માંગણી ન કરે તો કાઝીએ (ન્યાયાધીશે) હદ લગાડવી (શિક્ષા આપવી) જરૂરી નથી.

**મસ્અલા** : માંગણીઓ હક્ક તેને છે જેના પર તોહમત લગાડવામાં આવી છે જો તે જીવંત હોય, જો તે મરી ગયો હોય તો તેના પુત્ર પૌત્રને પણ છે.

**મસ્અલા** : ગુલામ પોતાના માલિક પર અને બેટો બાપ પર **કઝફ** એટલે પોતાની પર ઝિનાની તોહમત લગાડવાનો દાવો નથી કરી શકતો.

**મસ્અલા** : કઝફ (તોહમત)ના શબ્દો એ છે કે તે સ્પષ્ટપણે કોઈને કહે કે ''હે વ્યભિચારી'' અથવા એવું કહે કે ''તુ તારા બાપનો નથી'' અથવા તેના બાપનું નામ લઈને કહે કે ''તુ ફલાણાનો પુત્ર નથી'' અથવા તેને ''વ્યભિચારીનો પુત્ર'' કહે અને તેની મા પવિત્ર હોય તો કહેનાર **કાઝિફ** (જૂઠો આરોપ લગાડનાર) થઈ જશે અને તેના પર (કઝફ) તોહમતની શિક્ષા લાગુ પડશે.

**મસ્અલા** : જો અપરણિત પર ઝિનાનો આરોપ લગાડયો દા.ત. કોઈ ગુલામને યા કાફિરને અથવા એવા શખ્સને જેનું ઝિના કરવું કદી સાબિત ન હોય તો એના પર હદ્દે કઝફ (૮૦ કોરડાની સજા) સાબિત નહીં થાય બલ્કે તેના પર **તઅઝીર** સાબિત થશે અને આ તઅઝીર ૩ થી ૩૯ સુધી શરીઅતે નક્કી કરેલ હાકિમની તજવીજના પ્રમાણે કોરડા મારવું છે. એ જ પ્રમાણે જો કોઈએ ઝિના સિવાય અન્ય કોઈ ફુજૂરની (ખરાબ કાર્ય)ની તોહમત લગાડી અને પારસા (પવિત્ર) મુસલમાનને ''હે ફાસિક !'', ''હે કાફિર !'', ''હે ખબીષ !'', ''હે ચોર !'', ''હે બદકાર !'', ''હે હિજડા !'', ''હે લૂતી !'', ''હે ઝિન્દિક !'', ''હે અધર્મી !'', ''હે દય્યૂષ !'', ''હે શરાબી !'',

''હે વ્યાજ ખાંઉ !'', ''હે બદકાર સ્ત્રીના બાળક !'', ''હે હરામઝાદા !'' આ પ્રકારના શબ્દો કહયા તો પણ **તઅઝીર** વાજિબ થશે.'' (ખઝાઈનુલ ઈરફાન, સૂ. નૂર, આ. ૪–૫)

ઈમાની અને ઈસ્લામી હયા એક પાકીઝાતરીન ચીજ છે જેની જલ્વાગરી દીનના પાયાઓમાં સામેલ છે અને બેહયાઈ, બિભત્સપણુ એ શૈતાની હથિયારો છે જે લોકો તથા કૌમને તબાહી સુધી પહોંચાડી આપે છે. આપે વિચાર્યુ કે કઝફ હદ (શિક્ષા) થકી રબ્બે કાયનાત માનવ સમાજમાં દિલ તથા જીભની પાકીઝગીના કયા નૂરાની ઝરૂખાઓને ખોલવા ચાહે છે અને પાકબાઝ, સુટેવોવાળી સુથરી જિંદગીના સમાજમાં આક્ષેપ તથા તોહમતની નાપાક નાલીઓ ખોલનારાઓને ૮૦ કોરડાઓની સજા આપીને દિમાગો તથા વાણીઓને કયા માર્ગે લગાડવા ચાહે છે ? એ જ માર્ગ પર જે ઈસ્લામનો હેતુ, અમ્નો સલામતી તથા ઈન્સાનને મહાન ઈન્સાનિયત પર પહોંચાડનારો છે.

આવો ! એના અનુસંધાનમાં એક અન્ય કુર્આની આયત તિલાવત કરીએ. રબ્બુલ આલમીન عزوجل એ ઈર્શાદ ફર્માવ્યો :–

اِنَّ الَّذِیْنَ یُحِبُّوْنَ اَنْ تَشِیْعَ الْفَاحِشَةُ فِی الَّذِیْنَ اٰمَنُوْا لَهُمْ عَذَابٌ اَلِیْمٌ فِی الدُّنْیَا وَالْاٰخِرَةِ وَاللّٰهُ یَعْلَمُ وَاَنْتُمْ لَا تَعْلَمُوْنَ

''જે લોકો પસંદ કરે છે કે બેહયાઈ ફેલાય તે લોકોની અંદર જેઓ ઈમાન લાવ્યા તેમના માટે **દર્દનાક અઝાબ** છે, **દુનિયા** તથા **આખેરતમાં**. અને અલ્લાહ તઆલા (હકીકતને) જાણે છે જે તમે નથી જાણતા.'' (સૂ. નૂર, ૧૯/૨૪)

કોઈના પર લગાડેલા ઈલ્ઝામનો પ્રચાર જેનો કોઈ તહકીકી સબૂત ન હોય એ પણ રબ તઆલાને હદ દરજા નાપસંદ છે અને સ્વચ્છંદતા અને બેહયાઈની વાતોનો ફેલાવો કરવો સાચા ઈમાનવાળાઓનો તરીકો નથી. રબ તઆલા એવા લોકોને દુનિયા તથા આખેરતમાં **દર્દનાક અઝાબ** આપશે.





વર્તમાનકાળના કહેવાતી આઝાદીના માહોલમાં રહીને લોકો ઈન્સાની કદરો (માનવ સન્માન)ને ભૂલતા જઈ રહ્યા છે. માણસનો માણસ સાથેનો ખુદા વાસ્તેનો સંબંધ અર્થહિન સમજાવા લાગ્યો છે. જીભ, લખાણ તથા નીત નવા તરીકાઓથી ફાસિદ તથા મુફસિદ જઝબાતને (ગંદી ભાવનાઓને) ઉશ્કેરવાની અને નગ્નતા ભરી સ્વચ્છંદતા અને નાગાં કામોમાં જોર શોરથી હિસ્સો લેવાનુ કામ ફેશન બની ગયું છે ! પણ ઈલાહી તાલીમાત પર ગેહરી નજર નાખો તો આ સર્વ ખતરનાક તથા તબાહ કરનાર કાર્યો છે જે માનવને માનવની ઉચ્ચતાએથી ફેંકવા માટે છે. આ સર્વ તે તૌર તરીકા છે જેને કુર્આની બોલીમાં **''ખુતુવાતિશ્શૈતાન''** એટલે શૈતાનના પગલાં ઠરાવવામાં આવેલ છે.

બુખારી તથા મુસ્લિમમાં રિવાયત છે : રસૂલ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

''સાત ખતરનાક ચીજોથી બચો ! અલ્લાહ તઆલાની સાથે કોઈને શરીક કરવો, જાદૂ કરવો, કોઈ નિર્દોષને કત્લ કરવો, વ્યાજ ખાવું, યતીમનો માલ ખાવો, જેહાદના મેદાનેથી ભાગી જવું, પાક દામન અજાણ ઈમાનદાર સ્ત્રી પર તોહમત લગાડવી.''

હઝરત હુઝૈફા રિવાયત કરે છે : રસૂલ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

''કોઈ પાકદામન સ્ત્રી પર આક્ષેપ લગાડવો સો વરસની ઈબાદતોને બર્બાદ કરી નાખે છે.'' (રવાહુત્તબરાની)

પાક દામનો પર આક્ષેપ રબ તઆલાને એટલા અંશે નાપસંદ છે કે આક્ષેપ લગાડનારાઓને **દુનિયા** અને **આખેરતમાં સખત અઝાબની** ધમકી સંભળાવે છે અને તેને કિયામતના દિવસથી ડરાવે છે જયારે આ ધૃણાત્મક મુજરિમની જીભો તથા હાથ પગો ખૂદ તેની વિરૂધ્ધ ગવાહી આપશે અને તેમના જુર્મોની દર્દનાક સજા સંભળાવવામાં આવશે.

રબ ફર્માવે છે :–

إِنَّ الَّذِينَ يَرْمُونَ الْمُحْصَنَاتِ الْغَافِلَاتِ الْمُؤْمِنَاتِ لُعِنُوا فِي الدُّنْيَا وَالْآخِرَةِ وَلَهُمْ عَذَابٌ عَظِيمٌ ۝ يَوْمَ تَشْهَدُ عَلَيْهِمْ أَلْسِنَتُهُمْ وَأَيْدِيهِمْ وَأَرْجُلُهُم بِمَا كَانُوا يَعْمَلُونَ ۝ يَوْمَئِذٍ يُوَفِّيهِمُ اللَّهُ دِينَهُمُ الْحَقَّ وَيَعْلَمُونَ أَنَّ اللَّهَ هُوَ الْحَقُّ الْمُبِينُ ۝ (القرآن)

"જે લોકો આક્ષેપ લગાડે છે પાકદામન ઔરતો પર જેઓ અજાણી છે ઈમાનવાળીઓ છે તેમના પર ફિટકાર છે દુનિયા તથા આખેરતમાં અને તેમના માટે **મહાન અઝાબ** છે. તેઓ યાદ કરે તે દિવસને જ્યારે ગવાહી આપશે તેમની વિરૂધ્ધ તેમની જીભો, તેમના હાથ અને તેમના પગ, તે અમલો પર જેને તેઓ કર્યા કરતા હતા, તે દિવસે પૂરેપૂરો આપશે અલ્લાહ તઆલા તેમને બદલો જેના તેઓ હકદાર છે. અને તેઓ જાણી લેશે કે અલ્લાહ તઆલા જ બરાબર ફૈંસલો કરનાર દરેક વાત ઉઘાડી કરનારો છે."

(સૂ. નૂર, ૨૩ થી ૨૫/૨૪)

## ★ બેશરમી અને તેનો પ્રચાર ★

માનવ સમાજમાં બુરાઈ તથા અસભ્યતાના જુર્મો ફેલાવવા એ બદતરીન જુર્મ છે. એનું દ્રષ્ટાંત એવું જ છે જેમ કે કોઈ શહેરમાં પાણીનો પૂરવઠો પહોંચાડવાનો એક જ ભંડોળ હોય અને તેમાં કોઈ ઝેર મિલાવી દે તો તે પાણી વાપરનારા સર્વે નુકસાનમાં પડશે અને ખૂદ ઝેર મિલાવનાર પણ બચી નથી શકતો. આજે આપણે જોઈએ છીએ કે સેકસી પુસ્તકો, મેગેઝિનો તથા ફિલ્મી પેપરોનો ખૂબ જ ફેલાવો થઈ રહ્યો છે. ઈન્સાની જઝબાત (માનવ ભાવનાઓના) સોદાગરો આ સઘળો કારોબાર દૌલત પ્રાપ્ત કરવા માટે કરે છે અને મામલો ત્યાં સુધી પહોંચ્યો છે કે નફસાનિયતના શોલાઓ ભડકી ભડકીને શહેરો તથા દેશોને પોતાની લપેટમાં લઈ રહ્યા છે !





શરમજનક તસ્વીરો, પુસ્તકો અને ફિલ્મોના આ સોદાગરો વાસ્તવિકમાં માનવ પેઢીની તબાહીના ચળવળકારો છે એટલા માટે કે જે તબકામાં મનની વાસના સંતોષવા સિવાય અન્ય કોઈ હેતુ સંસ્કારની બુનિયાદો પર બાકી નથી રહેતા તે જિંદગીના મેદાનમાં તદ્દન ખોખલો થઈ જાય છે. ખુદા તથા શૈતાન બે વિવિધ પ્રકારની રાહોમાંથી આ શૈતાની માર્ગ છે. બેહયાઈની ચળવળ શૈતાની ચળવળ છે.

રબ તઆલા મુસલમાનોને સાવધાન કરે છે :–

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا لَا تَتَّبِعُوا خُطُوَاتِ الشَّيْطَانِ وَمَن يَتَّبِعْ خُطُوَاتِ الشَّيْطَانِ فَإِنَّهُ يَأْمُرُ بِالْفَحْشَاءِ وَالْمُنكَرِ

"હે ઈમાનવાળાઓ ! ન ચાલો શૈતાનના ડગલે ડગલે અને જે ચાલે છે શૈતાનના ડગલે ડગલે તો તે હુકમ આપે છે (પોતાના અનુયાયીઓને) બેહયાઈનો અને બુરા કામનો." (સૂ. નૂર, ૨૧/૨૪)

અને શૈતાની જોર અમુક વખતે એટલુ મજબૂત થઈને ઉઠે છે કે દુનિયાની મુકદ્દસ શખ્સિયતો (પવિત્ર હસ્તીઓ)ને પણ પોતાના કમીનાપણાનું નિશાન બનાવવાનુ પણ નથી ચૂકતા. જેમ કે ઈસ્લામનો ઈતિહાસ તથા ખૂદ કુર્આને પાક ગવાહ છે કે મુકદ્દસતરીન રસૂલ સૈયેદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના અહલે બૈત (હઝરત આઈશા) પર એ કાળા દિલોવાળાઓએ કીચડ ઉછાર્યો અને આ મુનાફિકપણાની ચળવળે આગળ વધીને કેટલાયે નેક સહાબીઓના દિમાગોને પણ ખરાબ કર્યા અને પોતાના પક્ષમાં લીધા.

વિચારવાની વાત છે કે ઉમ્મહાતુલ મોમિનીન (ઉમ્મતની માઓ) رضی اللہ عنھن જેમના પાક તથા પવિત્ર દામનથી દુનિયાને પવિત્રતા તથા પાકદામનીની ખૈરાત વહેંચાઈ, જેમના દૂધથી અધિક સફેદ આંચલમાં ચમકતા સિતારાની ચમક છે અને કિયામત સુધી થનારી મરયમ સિફત મોમિનાઓ જેમની કનીઝાઓ (બાંદીઓ)

થશે, તેમની પર તોહમત લગાડવાની હિંમત કેટલી મોટી હતી ! પણ જે કાળા દિલોવાળાઓએ આ ગંદી હિંમત કરી તેઓ દુનિયા તથા આખેરતમાં બેઈજ્જત થયા અને ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ની પાકીઝગી તથા પાકદામનીનો ખુત્બો કલામુલ્લાહના ઝબાનથી હમેશાં પઢવામાં આવશે. ઈબ્ને માજહ્, બાબ હદ્દે કઝફમાં ખૂદ તેમની રિવાયત મૌજૂદ છે :–

"જ્યારે મારી પવિત્રતામાં નિર્દેશમાં આયત નાઝિલ થઈ તો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ખુત્બો આપવા માટે મિમ્બર પર ઉભા થયા અને આ પ્રસંગનો ઉલ્લેખ કર્યો અને કુર્આનની આયત તિલાવત ફર્માવી પછી નીચે ઉતર્યા અને બે પુરૂષો તથા એક સ્ત્રી પર હદ્દે કઝફ (તોહમતની સજા) લાગુ કરવાનો હુકમ કર્યો તો તેમના પર સજા લાગુ કરવામાં આવી." (સુનને ઈબ્ને માજહ્, ભાગ–૧, પેજ–૧૧૦)

"હુજ્જતુલ્લાહુલ બાલિગા"માં હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી કઝફ (તોહમતની શિક્ષા)ના નિયમો અને તેની સજાની હિકમત પર આ પ્રમાણે રોશની નાખે છે :–

તોહમતમાં બે વાતોનું સંગમ થાય છે, એક તો દીનમાં કમજોરી બીજું મકઝૂબ (જેના પર તોહમત લગાડવામાં આવે)ની સાથે અદાવત. અને આ બંને ખાસિયતોનું મુસલમાનોની એક જમાઅતમાં જમા થવું શકય નથી. શાયદ એટલા માટે આદિલ પર બસ કરવામાં નથી આવ્યું. એટલા માટે કે અદાલત તમામ હક્કોમાં વિશ્વસનીય છે. માટે વિરોધાભાસની કોઈ અસર જાહેર ન થાત અને અધિકતાની ગણત્રી ગવાહી માટે બે અથવા એથી વધુ રાખવામાં આવી. અને હદ્દે કઝફ (આક્ષેપની સજા) ૮૦ કોરડા નિશ્ચિત કરવામાં આવ્યા, એટલા માટે કે ઝિનાથી તેનો ગુનો ઓછો છે. (પેજ–૬૨૨)

એમાં પણ શારીરિક તથા નફસાની બંને પ્રકારની તકલીફો એ રીતે ભેગી થઈ ગઈ કે કોરડાની સજા પછી હમેશાંના માટે તેની





ગવાહી અસ્વીકાર્ય ઠરી.

## ★ ચોરી ★

ઈસ્લામ અમ્નો સલામતીની જે વ્યવસ્થા સ્થાપિત કરે છે તેનું પરિણામ એ આવે છે કે દરેક એકબીજા પર પૂરે પૂરો ભરોસો કરે અને કોઈની બદનિય્યતી દખલગીરીથી બીજાનું સુકૂન નષ્ટ ન થાય. દરેકની ઈજ્જત તથા આબરૂ, જાન, માલ સર્વ કાંઈ સુરક્ષિત રહે. અને દરેક નાગરિક રોજી રોટીની ચિંતાથી મુકત થઈને બેખૌફી (નીડરતા)ની સાથે માનવતાના ઘડતર અને મખ્લૂકની સેવામાં વ્યસ્ત રહી શકે. ચોર જેણે એવા માહોલમાં અંતરની ખરાબીની સાબિતી આપતાં અન્યના સુરક્ષિત માલ પર નિય્યત ખરાબ કરી, જાણે કે તેણે એકદમ સંપૂર્ણ વ્યવસ્થાની સેટીંગમાં દખલગીરી કરી અને વિશ્વાસને ઝખ્મી કર્યો. એટલા માટે બે દીશાએથી તેના પર બોધદાયક સજાની માંગણી લાગુ થાય છે. એક તે વ્યકિત અથવા સંસ્થા અથવા ઓફીસની તરફથી જેની તેણે ચોરી કરી છે. બીજી અમલદારો તરફથી જેઓ ઈસ્લામી બંધારણને લાગુ કરવા માટે નિયુકત થયેલા છે. ફરિયાદીની લાગણીઓના સાંત્વન માટે પ્રથમ ચીજ તો હોવી જોઈતી હતી કે તેનો ઝુટવી લીધેલો માલ પાછો આવે અને બીજી ચીજ જેનો તે તથા દરેક શરીફ નાગરિક ખ્વાહિશ માટે (ઈચ્છુક) હશે તે એ કે અમારામાંથી હવે કોઈના પર બીજીવાર આવી મુસીબત ન આવે અને કોઈ આ ઉલઝનનો શિકાર ન થાય. એના માટે જરૂરી થયું કે મુજરિમને એવી સજા આપવામાં આવે જે તેને નિરુત્સાહ કરનારી અને તેના જેવો મિઝાજ રાખનારાઓના માટે બોધદાયક હોય. ઈસ્લામી સજાઓ અને ધમકીમય સજાઓની ફિલોસોફી પર વાંધો ઉઠાવનારી નજર ફેંકનારાઓએ આ મુદ્દો કદી ભૂલવો ન જોઈએ કે કોઈ પણ સજાને લાગુ પાડવાનું કેવળ દારુલ ઈસ્લામમાં જ થઈ શકે છે. જ્યાં મુસલમાનોની લઘુમતી હોય અથવા જ્યાં બહુમતીમાં હોવા છતાં સંપૂર્ણપણે ઈસ્લામી કાનૂનો

લાગુ થયેલા નથી અને મુસલમાનોનો કોઈ ઈમામ નથી ત્યાં હદ (ઈસ્લામી સજા) લાગુ નથી થતી.

ઈસ્લામના ઉલમામાંથી અહમદ તથા ઈસ્હાક ઈબ્ને રાહુવિયહ્ તથા અવઝાઈ વગેરેએ સ્પષ્ટપણે લખ્યું છે કે મુસલમાનો પર હદ (ઈસ્લામી સજા) દુશ્મનોની ભૂમી ન લાગુ કરવામાં આવે. અને એ જ કથન અબુલ કાસિમ ખરકીએ પોતાની મુખ્તસરમાં નકલ કર્યો છે :–

''અને કહ્યું કે મુસલમાનો પર હદ (ઈસ્લામી સજા) દુશ્મનના દેશમાં લાગુ કરવામાં આવશે નહીં. આ રિવાયત અબૂ દાઊદની છે અને અબૂ મુહમ્મદ મુકદમીએ કહ્યું કે એના પર સહાબાઓનો ઈજમાઅ છે.''

વર્તમાનકાળમાં ચોરી મહાન કારનામાનો એ દિલચસ્પ વિષય બની ગઈ છે. જેના પર પુસ્તકો, મેગેઝિનો તથા ફિલ્મોને લોકો ખૂબ જ દિલચસ્પીથી જુએ જોવડાવે છે. હીરા ઝવેરાતની ચોરી, બેંકોમાં ચોરી અને વિવિધ પધ્ધતિઓથી ચોરીઓનો એક લાંબો ક્રમ ચાલી રહ્યો છે. એવા માહોલમાં આ લા'નતથી કેવળ સાવચેતી માટે વૈજ્ઞાનિક સાધનો, પોલીસ અને છુપી પોલીસના પ્રબંધથી સંતુષ્ઠ થવાને બદલે જો ઈસ્લામી તથા ઈલ્હામી તાલીમોની રોશનીમાં ચોરોની સજાઓનો પ્રબંધ કરવામાં આવે તો યકીનન ! નજાતનો માર્ગ નીકળી શકે છે. ચોરી જેવી બુરી આદતથી લોકોને બચાવવા અને ચોરીના બનાવોથી દેશો, શહેરો અને વ્યકિતઓને સલામત રાખવાનો ઈસ્લામી કાનૂન સાંભળો :–

وَالسَّارِقُ وَالسَّارِقَةُ فَاقْطَعُوا أَيْدِيَهُمَا جَزَاءً بِمَا كَسَبَا نَكَالًا مِّنَ اللَّهِ وَاللَّهُ عَزِيزٌ حَكِيمٌ ۳۸

''અને જે પુરૂષ તથા સ્ત્રી ચોર હોય તો તેમનો હાથ કાપો તેમના કરતુતનો બદલો, અલ્લાહની તરફથી સજા અને અલ્લાહ ગાલિબ હિકમતવાળો છે.'' (સ





'સરકહ' શબ્દકોષના લેહાઝથી તો દરેક ચોરીને કહે છે. પણ ઈસ્લામી શરીઅતમાં પરાયા માલને કોઈ ખાસ જગાએથી કોઈ ખાસ પ્રમાણમાં ચોરવાને જ 'સરકહ' કહેવાશે. તફસીરે કુર્તબીમાં છે કે અરબવાસી 'સારિક' (ચોર) તેને કહે છે જે છુપી રીતે કોઈ મેહફૂઝ જગાએ પહોંચીને ત્યાંથી એવો માલ લઈ જાય જે માલ તેનો પોતાનો નથી. ચોર પણ કોઈ પાગલ, મજનૂન કે નાબાલિગ ન હોય. દુકાળ પીડિત અથવા અન્ય જાઈઝ બાહ્ય કારણે કોઈની કોઈ ચીજ લઈ લીધી હોય. બલ્કે તે આકિલ તથા બાલિગ હોય ચોરેલા માલનો પૂરો કે આંશિક માલિક ન હોય, ચોરેલા માલની કિંમત એક દીનાર અથવા દસ દિરહમથી કમ ન હોય અને જ્યાંથી ચોરી થઈ તે મેહફૂઝ જગા હોય, દા.ત. મકાન, દુકાન અથવા ત્યાં પેહરેદાર નિયુકત હોય. એ પ્રકારની ઘણી શરતોથી પસાર થયા બાદ (જેની વિગત ફિકહની કિતાબોમાં જુઓ) ચોરનો હાથ કાપવામાં આવશે. ચોરાયેલા માલનું પ્રમાણ જે હદીષોમાં દર્શાવેલ છે તેના અનુસંધાનમાં ફુકહાએ કિરામે વિવિધ મંતવ્યો રજુ કર્યા છે. ઈમામ શાફઈની નજીક કમસે કમ ચોથાઈ દીનારનો માલ હોવો જોઈએ. ઈમામ માલિક ત્રણ દિરહમની કિંમત જેટલા માલ અને હનફીયા દસ દિરહમના જેટલા માલની ચોરી કરનારને હાથ કાપવાનો હુકમ આપે છે. હનફીયાનો કૌલ સાવધાની પર નિર્ભિત છે.

એના બારામાં હઝરત અલ્લામા શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી લખે છે :–

''ચોરીના સિલસિલામાં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું છે કે ચોરનો હાથ ચાર દિરહમના કમથી કાપવામાં આવશે અને એક રિવાયતમાં છે કે ચોરાયેલો માલ એટલો હોય કે એક ઢાલની કિંમત થઈ શકે તો હાથ કાપવો જોઈએ. એક અન્ય રિવાયતમાં છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક ઢાલને ચોરવામાં જેની કિંમત ત્રણ દિરહમ હતી ચોરનો હાથ કાપ્યો અને હઝરત

ઉષ્માને એક ઉતરજ જેની કિંમત ત્રણ દિરહમ હતી (તે ચોરનાર) ચોરનો હાથ કપાવ્યો હતો અને અસલ એ છે કે આ ત્રણેવ પ્રમાણો આપના જમાનામાં એક ચીજ પર બરાબરીમાં આવનાર હતી, પછી આપના પછી મતભેદ થયો. અમુક ચાર દીનારના માનવાવાળા થયા, અમુક ત્રણ દિરહમના અને અમુકે આ પ્રમાણમાં એ રીતે મૂલવણી કરી કે એ બંને પ્રમાણોમાંથી કોઈ પ્રમાણ સુધી માલ પહોંચી જાય. અને મારી દ્રષ્ટિએ એ જ જાહેર છે અને એ પ્રમાણને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અદના તથા આ'લા ચીજમાં ફર્ક કરીને નિશ્ચિત ફર્માવ્યું છે. કેમ કે વિવિધ શહેરોમાં એક ચીજની કિંમત વિવિધ હોય છે. તેમ જ શહેરો બદલાવાના સબબે ઉમદાપણા તથા કમીનાપણામાં પણ ફેરફાર જોવા મળે છે. તો જે ચીજ એક કૌમની દ્રષ્ટિમાં મુબાહ તથા મામૂલી હોય તે અન્યોની નજીક કદરને પાત્ર છે. જેથી કિંમતના લેહાજથી અંદાજાનો લેહાઝ જરૂરી થયો.

અને ઉભા ઝાડની લાકડીમાં ચોરનો હાથ કાપવો મના છે ભલે કિંમત દસ દિરહમ હોય. અને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે ફળ અધ્ધર લટકે છે તેમાં હાથ કાપવાનો નથી અને ન તે પશુઓમાં હાથ કાપવાનું છે જે પહાડોમાં રહે છે. જેથી પશુઓ જ્યારે પોતાના વાડામાં આવી જાય અને જ્યારે ફળોને તોડીને ઢગલો કરવામાં આવે અને તેમની કિંમત ઢાલની કિંમત બરાબર થઈ જાય તો એને ચોરનારનો હાથ કાપવામાં આવશે. મારું કહેવું છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ સમજાવી દીધું છે કે હાથ કાપવામાં ચોરેલો માલ મેહફૂઝ હોવું શર્ત છે અને સહાબાથી રિવાયત થયેલ છે કે ગુલામ પોતાના માલિકનો માલ ચોરી કરે તો ફર્માવે છે : કે તે તારો જ માલ છે અમુક અમુકની અંદર.

તમામ હદો (સજાઓ)ની જેમ ચોરીની સજાનો મામલો પણ છે કે મામલો જ્યારે શરીઅતે નિયુકત કરેલ કાઝી (ન્યાયધીશ) પાસે સાબિત થઈ ગયો તો તેના પર હદ જારી (સજા લાગુ) કરવી જરૂરી થઈ ગયું. સુનને ઈબ્ને માજહ્‌માં હદીષ આવી છે.





હઝરત સફવાન ઈબ્ને ઉમૈયા મસ્જિદમાં સૂતા અને પોતાની ચાદર માથા નીચે મૂકી દીધી. કોઈએ માથા નીચેથી ચાદર ચોરાવી લીધી. ચોર પકડાઈ ગયો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાસે લાવવામાં આવ્યો. આં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેનો હાથ કાપવાનો હુકમ આપ્યો. સફવાન رضی اللہ عنہ એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم હું નથી ચાહતો કે તેનો હાથ કાપવામાં આવે ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે તમે મારી પાસે લાવતા પહેલાં એવું કેમ ન કર્યું ?! (સુનને ઈબ્ને માજહ્, ભાગ–૨, પેજ–૧૧૬)

કેટલાક નાસમજ હાથ કાપવાની સજાને અસંસ્કૃત અને સિતમગીરી ગણાવે છે અને કેટલાક લોકો એવો ખયાલ કરે છે કે ઈસ્લામમાં નાની મોટી ચીજોના માટે હકીકી મજબૂરીની હાલતમાં હાથ ફેરી કરનારાઓનો લેહાઝ નથી કરવામાં આવતો. ચોરનો હાથ કાપવું એ પણ હકીકતમાં તેની હમદર્દી છે, જેનો ઈમાનથી લબરેઝ સીનાઓએ ખૂદ એકરાર કર્યો છે.

આવો ! જુઓ ! નબવી યુગમાં એક શખ્સ ચોરીનો જુર્મ કરી બેઠો. અને પછી જુર્મના એહસાસથી શરમિંદો થઈને હુઝૂરની ખિદમતમાં આવે છે અને કહે છે :–

યા રસૂલલ્લાહ ! મેં ફલાણા માણસનું ઊંટ ચોરી કરી લીધું છે તો મને પાક કરી દો ! હુઝૂરે તે લોકો પાસે માણસ મોકલ્યો. તેમણે કહ્યું કે હા ! અમારું ઊંટ ગુમ થયું છે ! હુઝૂરે મુજરિમ (અમ્ર ઈબ્ને સમુરહ્)નો હાથ કાપવાનો હુકમ આપ્યો જેથી તેમનો હાથ કાપવામાં આવ્યો. ષઅલ્બા (હદીષના રાવી) કહે છે કે જ્યારે તેમનો હાથ કપાઈ ગયો તો હું તેમને જોઈ રહ્યો હતો. તે કહી રહ્યા હતા :

"ખુદાનો શુક્ર છે કે તેણે મને તારાથી પાક કરી આપ્યો. તું ચાહતો હતો કે મારા પૂરા શરીરને દોઝખમાં લઈ જાય." (સુનને ઈબ્ને માજહ્, ભાગ–૨, પેજ–૧૧૫)

મજબૂરીના માર્યા કોઈ કોઈની એવી ચીજ લઈ લે જેનાથી તે પોતાની જિંદગી બચાવવાનો ઈરાદો કરે છે અથવા એવી જ કોઈ

હકીકી હાજત છે તો એવામાં આ સજા લાગુ નથી થતી.

જેમ કે સૈયેદના ઉમર ફારૂક رضی اللہ عنہ એ પોતાના ખિલાફતના દૌરમાં જ્યારે દુકાળ પડયો અને લોકો ભૂખ તથા પ્યાસથી પરેશાન થવા લાગ્યા તો ચોરો પર હદ (સજા) લાગુ ન કરી. એ જ પ્રમાણે નબવી યુગનો પ્રસંગ છે :–

એબાદ ઈબ્ને શરજીલ બયાન કરે છે; મને દુકાળે સતાવ્યો તો હું મદીનાના એક બાગમાં ઘુસી ગયો, ફળો તોડી લીધાં અને બાંધીને લઈ ચાલ્યો. બાગના માલિકે મને પકડી લીધો અને મારપીટ કરીને મારું કપડુ છીનવી લીધું. મને લઈને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં આવ્યો. આપને સમગ્ર બનાવ સંભળાવ્યો. તો આપે તેને ફર્માવ્યું :–

"જો તે જાહિલ હતો તો તમે એને શીખવાડયું નહીં ? અને ભૂખો હતો તો તેને ખવડાવ્યું નહીં ?!"

આપે તેનાથી બાગના માલિક અન્સારીને એબાદનુ કપડુ પાછુ અપાવ્યું અને મને પોતાના પાસેથી એક કે અડધી વસક ખાવાની ચીજો અતા ફર્માવી. (રવાહ અબૂ દાઊદ વ નિસાઈ, જમઉલ ફવાઈદ, પેજ–૨૯૦)

એ જ પ્રમાણે એક પ્રસંગ અબૂ દાઊદ તથા તિર્મિઝીએ રાફેઅ ઈબ્ને અમ્રથી નકલ કર્યો છે. તેમણે કહ્યું, હું એક અન્સારીના બાગેથી ઢેફાં મારી મારીને ખજૂર પાડી રહ્યો હતો તો તે લોકોએ મને પકડીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં પેશ કર્યો. હુઝૂરે પૂછ્યું, તેં આવું શા માટે કર્યું ? મેં અર્ઝ કરી, હુઝૂર ! ભૂખથી લાચાર થઈને. ફર્માવ્યું, ઢેફાં તો ન માર્યા કરો ! હા, ટપકતી રહે છે તેને ખાઈ લીધા કરો. ખુદા તમને ખવડાવે. (હવાલો ઉપર મુજબ)

આ બંને પ્રસંગોમાં હુઝૂરે હાથ કાપવાને બદલે તેમની મજબૂરીઓનો સંપૂર્ણપણે એહસાસ કરીને તેમની સાથે હમદર્દી પણ ફર્માવી.

સૈયેદના ઉમર ફારૂક رضی اللہ عنہ ની પાસે એક કેસ આવ્યો.





હાતિબના ગુલામોએ મુઝૈનાના એક માણસની ઊંટડી ચોરાવી અને તેને ઝબહ કરીને ખાઈ ગયા. બયાન સાંભળ્યા પછી સૈયેદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ હાથ કાપવાનો હુકમ આપ્યો. પછી સહેજ રોકાઈને હઝરત હાતિબને કહ્યું, મારો ખયાલ છે કે તમે ગુલામોને બરાબર ખાવાનું નથી આપતા ? પછી ઊંટડીવાળાથી ઊંટડીની કિંમત પૂછી. તેના જવાબ આપતા પહેલાં જ ઊંટડીની કિંમત ૪૦૦ દિરહમ ઠરાવી તેના બમણા ૮૦૧ દિરહમ અદા કરી આપ્યા. (હવાલો ઉપર મુજબ)

આ ઉસૂલી બનાવોથી એ જાણવા મળે છે કે જ્યાં સુધી શકય હોય છે સજાને દૂર કરવાની પણ શરીઅતમાં પૂરી કોશિશ કરવામાં આવી છે. હા, જો કોઈ મુજરિમ આદી તથા જીવન જરૂરી ચીજો હયાત હોવા છતાં નાફર્માની પર ઉતરી આવે તો તેના પર સજા જરૂર લાગુ થશે.

## ★ શરીઅતે મૂસવીમાં ચોરની સજા ★

શરીઅતે મૂસવીમાં ચોરની સજા ઈસ્લામી સજાથી પણ આગળ વધેલી જોવા મળે છે. ત્યાં ચોરની જાન પર અમાન ઉઠી જતો હતો. જો કોઈ શખ્સ ચોરને મારી નાખે તો તેના ખૂનનો બદલો નથી લેવામાં આવતો. કિતાબુલ ખુરૂજમાં છે :–

"જો ચોર ચોરી કરતો જોવામાં આવે અને કોઈ તેને મારી બેસે અને તે મરી જાય તો તેના માટે ખૂન કરવામાં નહીં આવે." (કિતાબુલ ખુરૂજ, બાબ–૨૨, આયત–૨)

કિતાબ ઈસ્તિષ્નામાં એક જગાએ છે :–

"જો કોઈ શખ્સ પોતાના ભાઈઓ બની ઈસ્રાઈલમાંથી કોઈને ચોરાવી જાય અને તેનો વેપાર કરે અથવા તેને વેચી કાઢે તો ચોરને મારી નાખવામાં આવે અને તું બુરાઈને તારી પાસેથી દૂર કર." (કિતાબ ઈસ્તિષ્ના, ભાગ–૨૪, આયત–૭)

આ હવાલાઓ એ વાતને સાબિત કરે છે કે **રદ્દો બદલ**

**તથા ફેરફારથી ભરાયેલી હોવા છતાં બાઈબલની અંદર પણ ચોરની સજા ઈસ્લામી સજાથી પણ સખત કક્ષાએ જોવા મળે છે.** જો કે યહૂદી તથા નસારાનો આ હુકમો સાથે દૂરનો પણ વાસ્તો નથી ! અને ઈસ્લામી સજાઓ તથા અલ્લાહની હદો (સજાઓ) જે કુર્આનથી સાબિત છે તેના પર સૌથી અધિક વિરોધ વંટોળ ઉભો કરનાર મૌજૂદા બાયબલના આ ઝંડાધારીઓ જ છે !

## ★ ડકૈતી (ડાકૂગીરી) તથા બગાવત ★

ધાડ પાડવાની સજાનો ઉલ્લેખ કુર્આને પાકમાં આ પ્રમાણે થયો છે :–

إِنَّمَا جَزَآءُ الَّذِينَ يُحَارِبُونَ اللّٰهَ وَرَسُولَهُ وَيَسْعَوْنَ فِي الْأَرْضِ فَسَادًا أَنْ يُقَتَّلُوْا أَوْ يُصَلَّبُوْا أَوْ تُقَطَّعَ أَيْدِيهِمْ وَأَرْجُلُهُمْ مِّنْ خِلَافٍ أَوْ يُنْفَوْا مِنَ الْأَرْضِ ذٰلِكَ لَهُمْ خِزْيٌ فِي الدُّنْيَا وَلَهُمْ فِي الْآخِرَةِ عَذَابٌ عَظِيمٌ ۝۳۳ (القرآن)

"કે તેઓ અલ્લાહ તેના રસૂલથી લડતા અને દેશમાં ફસાદ (તોફાન, ઝઘડા) કરતા ફરે છે. તેમનો બદલો એ જ છે કે વીણી વીણીને કત્લ કરવામાં આવે અથવા સૂળી પર ચઢાવવામાં આવે અથવા તેમના એક તરફના હાથ અને બીજી તરફના પગ કાપવામાં આવે અથવા જમીનથી દૂર કરી દેવામાં આવે. આ દુનિયામાં તેમના માટે રુસ્વાઈ (બેઈજ્જતી) છે અને આખેરતમાં તેમના માટે મોટો અઝાબ."

(સૂ. માઈદહ્‌, ૩૩/૫)

ઈસ્લામના ફકીહો (વિદ્વાનો) એ **મુહારિબીનથી** મુરાદ શસ્ત્રસજ્જ ટોળી લીધું છે જેઓ ખૂબ જ તૈયાર થઈને દારુલ ઈસ્લામના લોકોને લૂટવા માટે તેમના રહેઠાણો, કાફલા, વેપારની જગાઓ વગેરે પર ત્રાટકે છે. આ હુકમ દરેક તે ટોળીનો છે જે આવી





હરકત કરે, ચાહે તે મુસ્લિમ હોય કે ગૈર મુસ્લિમ (હનફી ફકીહો શહેર અથવા તેની નજીકમાં થનારા હુમલાઓને એમાં દાખલ નથી કરતા.) તેમના માટે કુર્આને ચાર સજાઓ સંભળાવી છે.

જાહેર વાત છે કે દેશની પ્રગતિ અને ખુશહાલીના માટે અમ્નો સલામતીનો માહોલ હોવો જરૂરી છે, આવજા, હેરફેરીમાં કોઈ ખતરો ન હોય. માલ દૌલત, વેપારનો માલ એક જગાએથી બીજી જગાએ સ્થળાંતર કરવામાં અથવા મુસાફરી કરવામાં સલામતીનો સંતોષ હોય. જો કોઈ ટોળી તેને નુકસાન પહોંચાડવા તૈયાર થાય છે તો યકીનન તે ખુદા વ રસૂલથી જંગ વહોરી લે છે. એટલા માટે કુર્આને ફર્માન જારી કર્યું કે એવા લોકોને ઈબ્રતનાક સજા આપો અને આ કામ ઈસ્લામી રાજ્યસત્તાના જિમ્મેદારોનું છે.

(૧) કત્લ કરવામાં આવે (૨) સૂળીએ ચઢાવવામાં આવે (૩) જમણો હાથ અને ડાબો પગ કાપી નાખવામાં આવે (૪) અથવા કેદ કરી લેવામાં આવે. જમહૂર (ઉલમા)નો ખયાલ એ છે કે સજા જુર્માના લેહાઝથી થાય છે એટલા માટે જો તેમણે ખૂન કર્યું તો તેઓને કત્લ કરવામાં આવે અને જો ખૂન પણ કર્યું અને માલ પણ લૂંટયો તો સૂળીએ ચઢાવવામાં આવે અને જો કેવળ માલ લૂંટયો તો તેમનો જમણો હાથ અને ડાબો પગ કાપી નાખવામાં આવે અને જો કેવળ ધાક ધમકીથી ડરાવ્યા અને ન કોઈને કત્લ કર્યો ન માલ લૂંટયો તો તેમને કૈદ કરી દેવામાં આવે. (રૂહુલ્‌ બયાન)

સઈદ ઈબ્ને મુસૈયિબ, ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ, માલિક અને નખઈનો ખયાલ છે કે ઉપોરકત ચારેવ સજાઓમાંથી સમયના ઈમામને ઈખ્તિયાર છે કે જે સમયે અનુરૂપ મુનાસિબ (યોગ્ય) સમજે તે હદ (સજા) લાગુ કરે. (કુર્તબી)

હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે :–

અરીનાના કેટલાક લોકો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના જમાનમાં મદીના આવ્યા, પણ મદીનાની હવા તેમને રાસ ન આવી. નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જો તમે અમારા સદકાના ઊંટોમાં

ચાલ્યા જાવ અને તેમનું દૂધ અને પેશાબ પી લો તો સારા થઈ જશો. સારાંશ કે તેમણે તેવું જ કર્યું અને તંદુરુસ્ત થઈ ગયા. તંદુરુસ્ત થઈ ગયા બાદ તેઓ મુર્તદ થઈ ગયા. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ચરવાહાને કત્લ કરી દીધો અને આપનાં ઊંટોને પકડીને લઈ ગયા. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમને પકડવા માણસો મોકલ્યા જેઓ તેમને પકડીને લાવ્યા તો તેમના હાથ પગ કાપવામાં આવ્યા. તેમની આંખોમાં સલાઈ ફેરવવામાં આવી અને તેમને હેરામાં નાખી દેવામાં આવ્યા ત્યાં તેઓ મરી ગયા. (સુનને ઈબ્ને માજહ, ભાગ–૧, પેજ–૧૧૩)

ડાકૂગીરી (લૂટારા)ની સજામાં શાહ વલીયુલ્લાહ ફર્માવે છે :–

લડનારાઓનો આધાર એક મઝલૂમ ટોળી સાથે લડાઈ પર થાય છે. અને ચોરીની હદ કરતાં તે હદને નિશ્ચિત કરવાનો સબબ અધિકતર મજબૂત છે. માનવ જાતની ભીડમાં ગમે તે રીતે કેટલાક એવા લોકો હોય છે જેમનામાં સબઈ (સાત) ખાસિયતોનો પ્રભાવ હોય છે અને તેમનામાં સખ્ત દિલેરી અને લડાઈની તાકાત હોય છે. જાની બર્બાદી અને ગારતગરીમાં બેબાક હોય છે અને એની બુરાઈ ચોરીની બુરાઈ કરતાં અધિક છે કેમ કે લોકો પોતાના માલોને ચોરોથી કેટલીયે રીતે સુરક્ષિત કરી લે છે પણ રસ્તે ચાલતા ડાકૂઓથી સલામત નથી રાખી શકતા અને એવામાં હાકિમો તથા બંદોબસ્ત કરનારા તે સમયે તેમને સરળતાપૂર્વક તેમની મદદ પણ નથી કરી શકતા. અને ડાકૂઓને જે ઈરાદો તેમના કાર્ય (ડકેતી)ના માટે તૈયાર કરે છે તે સખ્તતર હોય છે. કેમ કે ડાકૂ તે જ માણસ બને છે જે દિલેર અને મજબૂત કાયાવાળો હોય. તેમજ તે સૌની આપસમાં એકતા રહે છે (ચોરોની સરખામણીમાં). જેથી જરૂરી થયું કે ડાકૂગીરીની (લૂટારાની) સજા ચોર કરતાં અધિક સખત નિશ્ચિત થાય. અને મોટાભાગનાની નજીક સજામાં ક્રમનો લેહાઝ રાખવો જોઈએ અને તે કૌલ આ હદીષના પ્રમાણે છે : **લાયક્તલુલ્ મુઅ્મિનુ ઈલ્લા બિઅહ્દા ષલાષિન્...** (હુજ્જતુલ બાલિગા, પેજ–૧૩૯)





સંપૂર્ણ ઈસ્લામી બંધારણની સમજ ધરાવનાર આ સજાઓને પણ સખ્ત તથા જુલ્મી નથી કહી શકતો જે રહમતના બંધારણમાં માનવો, પ્રાણીઓ, પશુ પક્ષીઓ અને ઝાડોના શકતોની સાચવણી અને તમામ માનવ તબકાના જાઈઝ હક્કોની નિગરાનીનો બંદોબસ્ત કરવામાં આવ્યો છે. ત્યાં કેટલાક બગાવતના ધંધાવાળા લોકો અમ્ન તથા મહોબ્બતથી ભરપૂર માહોલને વેરવિખેર કરવા માટે ઉભા થયા તો તેમને કેવી રીતે સહન કરી શકાય છે.

સંસ્કારનું સીંચન અને માનવ વહેવારને આખેરતની સરફરાઝી (કામયાબી)નો સોદો ઠરાવનારા મઝહબે નાફર્માનોને તેમના લાયક સજા આપીને પૂરા માહોલને પાકીઝગી બખ્શવાની જે વ્યવસ્થા કરી છે તે જ ફિતરી (સ્વાભાવિક) અને અસરકારક છે. ઈસ્લામ હમેશાં મુજરિમને એકલો પાડે છે અને જુર્મને તેની જડોની સાથે ઉખેડે છે અને આજની સભ્ય દુનિયામાં જુર્મોની અધિકતા લીડર દેશોના માટે માથાનો દુઃખાવો બની રહી છે પણ વાત સમજમાં નથી આવતી કે જે ઈલાજોથી બીમારીઓ ઓર વધતી જાય તેના પર જ ચાલ્યા કરવું એ બીમારો સાથે હમદર્દી છે કે દુશ્મની ? ગુનાહોની અધિકતાએ સંસ્કારિક તથા રાષ્ટ્રિય માળ ખાંઓને હચમચાવી કાઢયાં છે પણ ખુદાના બંદાઓ ખુદાઈ કાનૂનની પ્રતિ ધ્યાન દેવાનુ માન્ય નથી રાખતા. કોઈ એક ખૂની તથા નિર્દયી જાલિમની સાથે હમદર્દી એક માનવીની સરખામણીમાં કયારેક કયારેક આખાને આખા શહેર અને દેશ સાથે દુશ્મની બની જાય છે અને એક તરફ મુજરિમને કરવા યોગ્ય સજા સુધી પહોંચાડે છે તો બીજી તરફ હજારો માથાંઓએથી નાફર્માની, ચોરી, ડાકૂગીરી (ડકૈતી)ની હવા ખૂદ બ ખૂદ ઉડતી નજર આવે છે.

## ★ ખૂન ★

માનવજીવ ખુદાવંદે કુદુસની ખૂબ મહાન નેઅમત છે. આ વિષય પર કિતાબના પ્રથમ પ્રકરણમાં રોશની નાખવામાં આવી

છે. કુર્આન મજીદે સજાઓની ખૂદ સ્પષ્ટતા કરી છે. આ આયતો અને નબી કરીમ ﷺ ની મુબારક હદીષોને આધાર બનાવીને ઈસ્લામના ફકીહોએ કાનૂનો સંપાદિત કર્યા છે.

કેસાસ (ખૂનનો બદલો ખૂન)ના બારામાં રબ તઆલાનો ઈર્શાદ છે :–

''ઈમાનવાળાઓ ! તમારા પર ફર્ઝ છે કે જેઓ નાહક માર્યા જાય તેમના ખૂનનો બદલો લો. આઝાદને બદલે આઝાદ, ગુલામના બદલે ગુલામ અને ઔરતને બદલે ઔરત. તો જેના માટે તેના ભાઈ તરફથી કાંઈ માફી હોય તો ભલાઈથી માંગણી કરવામાં આવે અને સારી રીતે અદા. આ તમારા રબના તરફથી તમારો બોજ હલકો કરવું છે અને તમારા પર રહમત. તો ત્યાર પછી જે જુલ્મ કરે તેના માટે દર્દનાક અઝાબ છે. અને ખૂનનો બદલો લેવામાં તમારી જિંદગી છે, હે બુધ્ધિશાળીઓ ! કે તમે કયાંક બચો.'' (સૂ. બકરહ્, ૧૭૮, ૧૭૯)

يَاأَيُّهَا الَّذِينَ آمَنُوا كُتِبَ عَلَيْكُمُ الْقِصَاصُ فِي الْقَتْلَى الْحُرُّ بِالْحُرِّ وَالْعَبْدُ بِالْعَبْدِ وَالْأُنْثَى بِالْأُنْثَى فَمَنْ عُفِيَ لَهُ مِنْ أَخِيهِ شَيْءٌ فَاتِّبَاعٌ بِالْمَعْرُوفِ وَأَدَاءٌ إِلَيْهِ بِإِحْسَانٍ ذَلِكَ تَخْفِيفٌ مِنْ رَبِّكُمْ وَرَحْمَةٌ فَمَنِ اعْتَدَى بَعْدَ ذَلِكَ فَلَهُ عَذَابٌ أَلِيمٌ ۝ وَلَكُمْ فِي الْقِصَاصِ حَيَاةٌ يَا أُولِي الْأَلْبَابِ لَعَلَّكُمْ تَتَّقُونَ ۝

કુર્આન મજીદમાં કેસાસ (ખૂનનો બદલો ખૂન, હાથના બદલે હાથ....ની સજા)નો મસ્અલો કેટલીય આયતોમાં બયાન થયો છે. આ આયતમાં કેસાસ તથા માફી બંનેના મસ્અલા છે અને અલ્લાહ તઆલાના એ એહસાનનું બયાન છે કે તેણે પોતાના બંદાઓને કેસાસ તથા માફીમાં અધિકારી બનાવ્યા છે, ચાહે તો કેસાસ (બદલો) લે અને ચાહે તો માફ કરે.

આ આયતે કરીમાથી દરેક ઈરાદાપૂર્વકના કાતિલ પર કેસાસ (બદલો) વાજિબ થાય છે. ચાહે તેણે આઝાદને કત્લ કર્યો





હોય કે ગુલામને, મુસલમાનને કે કાફિરને, પુરૂષને કે સ્ત્રીને. કેમ કે (આયતમાં) **કત્લા** જે કાતિલનુ બહુવચન છે તે સૌને સમાવે છે. હા, જેને શરીઅત મુજબની દલીલ ખાસ કરે તે ખાસ થઈ જશે. (અહકામુલ કુર્આન)

આ આયતથી એ પણ સાબિત થયું કે જે કત્લ કરશે તે જ કત્લ કરવામાં આવશે. એ જાહિલાના સિતમગીરીની વિરૂધ્ધ જે પૂરાણા સમયમાં દુનિયાના કેટલાક ભાગો ખાસ કરીને અરબોમાં રિવાજ પામેલ હતી કે એક ખૂનના બદલે બેને અથવા ગુલામોને બદલે આઝાદોને અથવા સ્ત્રીઓને બદલે મર્દોને અથવા કાતિલને બદલે બીજા નિર્દોષોને કત્લ કરી નાખતા હતા. ઈસ્લામે આ જાલિમાના જંગલીપણાનો ખાત્મો કરી દીધો.

નાહક ખૂનની મનાઈના બારામાં સૂરએ અસ્રામાં છે :–

''અને કોઈ જાન જેની હુર્મત અલ્લાહે રાખી છે (તેને) નાહક ન મારો. અને જો નાહક માર્યો જાય તો બેશક ! અમે તેના વારસોને કાબૂ આપ્યો છે તો તે કત્લમાં હદથી ન વધે, જરૂર તેની મદદ થવાની છે.

(ખઝાઈનુલ ઈરફાન, પેજ–૪૧૩/૩૩)

وَلَا تَقْتُلُوا النَّفْسَ الَّتِي حَرَّمَ اللَّهُ إِلَّا بِالْحَقِّ وَمَنْ قُتِلَ مَظْلُومًا فَقَدْ جَعَلْنَا لِوَلِيِّهِ سُلْطَانًا فَلَا يُسْرِفْ فِي الْقَتْلِ إِنَّهُ كَانَ مَنْصُورًا

ખઝાઈનુલ ઈર્ફાનમાં છે :–

આ આયતથી સાબિત થયું કે કેસાસ (બદલો) લેવાનો હક્ક વલી (વાલી)ને છે અને તે વંશના ક્રમ પ્રમાણે છે અને જેનો વલી ન હોય તેનો વલી સુલ્તાન છે. એનાથી એ પણ સ્પષ્ટ થયું કે જાહિલિયતના જમાનાની જેમ એક કત્લ થનારના બદલામાં અનેકને અથવા ખૂનીને બદલે તેની કૌમ તથા જમાતના અન્ય કોઈ શખ્સને કત્લ ન કરે. (૪૧૩/૩૩)

દુનિયામાં જો ઈજ્જત તથા આબરૂ, માલ તથા દૌલત અથવા જે કાંઈ પણ દરેકથી લાભવંત થવાની સ્થિતિ એ જ છે કે

ઈન્સાની જાન મેહફૂઝ હોય. જીવતો માણસ જ દુનિયામાં ભલાઈની કોશિશો કરી શકે છે અને બુરાઈ તથા ફસાદની સામે જેહાદ કરી શકે છે. તેમજ વિશ્વશાંતિ તથા માનવતાના ઘડતરનુ કાર્ય કરી શકે છે.

## ★ માનવ લોહીની ઈજ્જત ★

ઈસ્લામે માનવ જાનની હલાકીને બદતરીન (સૌથી ખરાબ) ગુનો ઠરાવ્યો છે. આવો ! માનવ લોહીની ઈજ્જત તથા એહતેરામ જાણવા માટે આપણે સુનને નિસાઈના એક મુસ્તકિલ (Confirm) પ્રકરણ **તઅઝીમુદ્દમ**ની અમુક મુબારક હદીષોને જોઈ લઈએ એ પહેલાં મુનાસિબ છે કે સૂરએ નિસાઅ્ની તે આયતો તિલાવત કરી લેવામાં આવે જેનામાં ભૂલથી ખૂનની કલમો તથા મુસલમાનની ઈજ્જત તેમજ વિના કારણે અહલે કુર્આન (મુસ્લિમ)ની ખૂનરેઝી પર ખુદાનો ગઝબ તથા સખત અઝાબ બયાન કર્યો છે.

وَمَا كَانَ لِمُؤْمِنٍ اَنْ يَّقْتُلَ
مُؤْمِنًا اِلَّا خَطَـًٔا ۚ وَمَنْ قَتَلَ مُؤْمِنًا
خَطَـًٔا فَتَحْرِيْرُ رَقَبَةٍ مُّؤْمِنَةٍ وَّ
دِيَةٌ مُّسَلَّمَةٌ اِلٰۤى اَهْلِهٖۤ اِلَّاۤ اَنْ
يَّصَّدَّقُوْا ؕ فَاِنْ كَانَ مِنْ قَوْمٍ
عَدُوٍّ لَّكُمْ وَهُوَ مُؤْمِنٌ فَتَحْرِيْرُ
رَقَبَةٍ مُّؤْمِنَةٍ ؕ وَاِنْ كَانَ مِنْ
قَوْمٍۭ بَيْنَكُمْ وَبَيْنَهُمْ مِّيْثَاقٌ
فَدِيَةٌ مُّسَلَّمَةٌ اِلٰۤى اَهْلِهٖ وَ

"અને મુસલમાનને હક્ક નથી પહોંચતો કે મુસલમાનનુ ખૂન કરે પણ હાથ બહકીને. અને જે કોઈને અજાણતાથી મારી નાખે તેના પર એક ગુલામ મુસલમાનને આઝાદ કરવું છે અને ખૂનની કિંમત કે કત્લ થનારના માણસોને સુપ્રત કરવામાં આવે, પણ એ કે તેઓ માફ કરી આપે. વળી તે જો એ કૌમમાંથી હોય જે તમારી દુશ્મન છે અને ખૂદ મુસલમાન છે તો કેવળ એક મુસલમાન ગુલામનું આઝાદ કરવું. અને જો તે તે કૌમમાંથી હોય કે





تَحْرِيْرُ رَقَبَةٍ مُّؤْمِنَةٍ ۚ فَمَنْ
لَّمْ يَجِدْ فَصِيَامُ شَهْرَيْنِ
مُتَتَابِعَيْنِ ۫ تَوْبَةً مِّنَ اللّٰهِ ؕ
وَكَانَ اللّٰهُ عَلِيْمًا حَكِيْمًا ۝
وَمَنْ يَّقْتُلْ مُؤْمِنًا مُّتَعَمِّدًا
فَجَزَآؤُهٗ جَهَنَّمُ خٰلِدًا فِيْهَا
وَغَضِبَ اللّٰهُ عَلَيْهِ وَلَعَنَهٗ
وَاَعَدَّ لَهٗ عَذَابًا عَظِيْمًا ۝

તમારામાં અને તેમનામાં કરાર છે તો તેના માણસોને ખૂનની કિંમત સોંપવામાં આવે અને એક મુસલમાન ગુલામને આઝાદ કરવું અને જેનો હાથ ન પહોંચે (કાબૂ ન હોય) તે સતત બે મહીના રોઝા રાખે, એ અલ્લાહને ત્યાં તેની તૌબા છે અને અલ્લાહ જાણનારો હિકમતવાળો છે. અને **જો કોઈ મુસલમાનને જાણી બુઝીને મારી નાખે તો તેનો બદલો જહન્નમ છે** કે મુદ્દતો સુધી તેમાં રહે અને અલ્લાહે તેના પર ગઝબ (ક્રોધ) કર્યો અને તેના પર લઅ્નત કરી અને તેના માટે તૈયાર રાખ્યો મહાન અઝાબ." (સૂ. નિસાઅ, ૯૨–૩૪/૪)

શરઈ કારણ વિના કોઈ પણ મુસલમાનનું ખૂન કરવું સખ્તતરીન જુર્મ છે, એનો બદલો જહન્નમ છે. હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, "**દુનિયાનુ બર્બાદ થવું અલ્લાહની નજીક મુસલમાનના ખૂન કરતાં હલકુ છે.**" મુસલમાનના ખૂનની હુર્મત તથા ઈજ્જત કા'બાથી અધિક છે. મુસલમાનને ગાળ આપવી ફિસ્ક છે અને તેની કત્લને હલાલ જાણવું **કુફ્ર** છે."

સૈયેદેના હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, તે જાતની કસમ ! જેની કુદરતના કબજામાં મારી જાન છે ! અલ્લાહની નજીક મુસલમાનનુ નાહક ખૂન કરવું તમામ દુનિયાના બર્બાદ થવાથી અધિક મોટો ગુનોહ છે.

ઈમામ નિસાઈ ફર્માવે છે કે આ હદીષ શરીફની અસ્નાદમાં ઈબ્રાહીમ ઈબ્ને મુહાજિર કવી નથી.

સૈયેદેના હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર સરવરે કૌનેન صلی اللہ تعالیٰ علیہ وسلم નો મુકદસ ઈર્શાદ છે : દુનિયાનું તબાહ થઈ જવું અલ્લાહની નજીક મુસલમાનના નાહક કત્લ કરવા કરતાં અધિક તુચ્છ છે.

જનાબ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ એ ફર્માવ્યું, મુસલમાનને કત્લ કરવું (ખૂન કરવું) અલ્લાહની નજીક દુનિયાના તબાહ થવા કરતાં મોટુ છે."

"સૈયેદેના હઝરત બુરીદા رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર સરવરે કૌનેન صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, મોમિનને કત્લ કરવું અલ્લાહ તઆલાની નજીક તમામ દુનિયાના બર્બાદ થવાથી મોટુ છે."

"સૈયેદેના અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર સરવરે કૌનેન صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, બંદાથી સૌ પ્રથમ નમાઝનો હિસાબ થશે અને સૌ પ્રથમ લોકોના ખૂનનો ફેંસલો કરવામાં આવશે."

"સૈયેદેના અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર સરવરે કૌનેન صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે કિયામતના દિવસે સૌ પ્રથમ લોકોના કત્લનો ફેંસલો થશે."

"સૈયેદેના હઝરત અબૂ વાઈલ رضی اللہ عنہ રિવાયત છે કે હઝરત અબ્દુલ્લાહે ફર્માવ્યું, કિયામતના દિવસે સૌ પ્રથમ લોકોના ખૂનનો ફેંસલો કરવામાં આવશે."

"સૈયેદેના હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત છે કે કિયામતના દિવસે સૌ પ્રથમ લોકોના ખૂનનો ફેંસલો કરવામાં આવશે."

"સૈયેદેના અમ્ર ઈબ્ને શરજીલ رضی اللہ عنہ થી રિવાયત છે કે હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, સૌ પ્રથમ કિયામતના દિવસે લોકોના ખૂનનો ફેંસલો કરવામાં આવશે."

"સૈયેદેના હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે





કિયામતના દિવસે સૌથી પ્રથમ લોકોના ખૂનનો ફેંસલો કરવામાં આવશે."

"સૈયેદના અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર સરવરે કૌનેન صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, કિયામતના દિવસે એક શખ્સ બીજા શખ્સનો હાથ પકડીને લાવશે અને કહેશે કે હે પરવરદિગાર ! એણે મને કત્લ કર્યો હતો. તો અલ્લાહ ખૂનીને ફર્માવશે, તેં એને શા માટે કત્લ કર્યો હતો ? તે કહેશે, હે અલ્લાહ ! મેં તેને જેહાદમાં (કાફિર સમજીને) તારું નામ બુલંદ કરવા માટે કત્લ કર્યો હતો કે તારી ઈજ્જત થાય. પછી અલ્લાહ તઆલા ફર્માવશે, બેશક ! ઈજ્જત મારા માટે છે. અને એક શખ્સ બીજા શખ્સનો હાથ પકડીને લાવશે અને કહેશે કે, એણે મને કત્લ કર્યો હતો. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ઈર્શાદ ફર્માવશે, તેં એને શા માટે મારી નાખ્યો હતો ? તે કહેશે, ફલાણા અમીર કે બાદશાહની હુકૂમત સ્થાપવા માટે. પછી અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ફર્માવશે, ફલાણા શખ્સ માટે ઈજ્જત નથી ! ત્યાર પછી તેનો ગુનોહ સમેટી લેશે."

એટલે ખૂની પર ખૂન કરવામાં આવેલ વ્યકિતઓના સૌના ગુનાહ નાખવામાં આવશે. હેતુ એ છે કે **સૌ ખૂનીઓ પકડાઈ જશે** પણ તે શખ્સ છૂટશે જેણે અલ્લાહ હક્કના કલમાના એલાન માટે અને જેહાદમાં કાફિરોને કત્લ કર્યા.

"સૈયેદેના હઝરત જુન્દુબ رضی اللہ عنہ થી રિવાયત છે કે મને ફલાણા શખ્સે બયાન કર્યું છે કે હુઝૂર સરવરે કૌનેન صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, ખૂન થનારો કિયામતના દિવસે પોતાના ખૂનીને લઈને આવશે અને અર્ઝ કરશે, હે પરવરદિગાર ! એને પૂછ કે એણે મને શા માટે મારી નાખ્યો હતો ? તે કહેશે, મેં તેને ફલાણા શખ્સની મદદ અને સલ્તનતના માટે કત્લ કર્યો. જુન્દુબ رضی اللہ عنہ એ ફર્માવ્યું, એનાથી બચો ! કેમ કે ખૂન માફ નહીં થાય."

"સૈયેદેના હઝરત સઈદ ઈબ્ને જુબૈર رضی اللہ عنہ થી મરવી

છે કે મને જનાબ હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને અબી લૈલા رضی اللہ عنہ એ હુકમ ફર્માવ્યો કે, હું હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી આ બે આયતો વિશે પૂછું : **વમંય્ યકતુલ મુઅ્મિનમ્ મુતઅમ્મિદન્ ફ જઝાઉહૂ જહન્નમ.** (જેણે કોઈ મોમિનને જાણીબુઝીને કત્લ કર્યો તો તેની સજા જહન્નમ છે.) મેં પૂછયું તો આપે ફર્માવ્યું, એને કોઈ આયતે મન્સૂખ (રદ) કરેલ નથી. પછી આ આયત : **વલ્લઝીન લાયદઊન મઅલ્લાહિ ઈલાહન્ આખર વલા યકતુલૂનન્નફસલ્લતી હર્રમલ્લાહુ ઈલ્લાબિલ્ હક્કિ.** (અને તે લોકો જે અલ્લાહ સાથે શરીક નથી કરતા અને તે જાનને કત્લ નથી કરતા જેને અલ્લાહ તબારક વ તઆલાએ હરામ ફર્માવી પણ હક્કથી.) આપે ફર્માવ્યું કે, આ આયત મુશ્રિકોના બારામાં નાઝિલ થઈ.

તો હવે એ પાછલી આયતની વિરૂધ્ધ થશે નહીં. કેમ કે તે મુસલમાનોના હક્કમાં છે.

"સૈયેદેના હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે અરબની એક જાતિએ ઘણા ખૂનો કર્યા અને ખૂબ બદકારી કરી અને ઐબો ઉઘાડા પાડયા. તેઓ હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયા અને કહ્યું, હે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم જે કાંઈ તમે ફર્માવ્યું છે અને જે ચીજની તરફ બોલાવો છો તે ઘણુ સારું છે. છતાં એ જણાવો કે અમે જે કામો કર્યા છે શું એનો કોઈ કફ્ફારો પણ છે ? (એટલે કે માફ થઈ શકે છે ?) તો અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે આ આયત નાઝિલ ફર્માવી : **વલ્લઝીન લાયદઊન મઅલ્લાહિ....** છેવટ સુધી. એટલે કે તે લોકો જેઓ અલ્લાહની સાથે કોઈ બીજા صلی اللہ تعالیٰ علیہ وسلم ને મઅબૂદ તરીકે નથી પોકારતા તો તેમની બુરાઈઓને અલ્લાહ તઆલા નેકીઓમાં ફેરવી દેશે, અને ઝિનાને પાકીથી. અને આ આયત નાઝિલ થઈ : (અર્થ) હે મારા બંદાઓ ! જેમણે પોતાની જાનો પર જુલ્મ કર્યો છે, અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની રહમતથી નિરાશ ન થાવ."





"સૈયેદેના હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે મુશ્રિકોમાંથી કેટલાક લોકો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતે અકદસમાં આવ્યા અને અર્ઝ કરી, તમે જે કાંઈ ઈર્શાદ ફર્માવો છો અને જે ચીજની પ્રતિ બોલાવો છો તે ખૂબ સારી છે, છતાં એ જણાવો કે અમે જે કામો કર્યા છે શું તેનો કફ્ફારો પણ છે ? (માફ થશે ?) તો રબ્બુલ ઈઝ્ઝતે આ આયત નાઝિલ ફર્માવી : **વલ્લઝીન લાયદઊન મઅલ્લાહિ....** એટલે તે લોકો જેઓ અલ્લાહની સાથે કોઈ બીજાને મઅબૂદ નથી પોકારતા તો તેમની બુરાઈઓને અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત નેકીઓમાં ફેરવી નાખશે અને ઝિનાને પાકીથી. અને આ આયત નાઝિલ થઈ : **યા ઈબાદિયલ્લઝીન અસ્રફૂ અલા અન્ફુસિહિમ.....** એટલે કે હે મારા બંદાઓ ! જેમણે પોતાની જાનો પર જુલ્મ કર્યો (ગુનાહો કર્યા), અલ્લાહની રહમતથી નિરાશ ન થાવ !

"સૈયેદેના હઝરત ઝૈદ ઈબ્ને ષાબિત رضی اللہ عنہ થી રિવાયત છે કે જ્યારે આ આયત નાઝિલ થઈ : **વમંય્ યકતુલ મુઅ્મિનમ્ મુતઅમ્મિદન્ ફજઝાઉહૂ જહન્નમ ખાલિદન ફીહા.** તો અમને અંદેશો થયો કે મુસલમાનો માટે હમેશાં હમેશાંના માટે જહન્નમ છે ! ત્યાર બાદ આ આયત નાઝિલ થઈ : **વલ્લઝીન લાયદઊન મઅલ્લાહિ ઈલાહન્ આખર....**

સૂરએ ફુર્કાનની આયત ઉતરી તો અમારો ભય ઓછો થયો. કેમ કે આ આયતથી કાતિલની તૌબાનું મકબૂલ તથા મંજૂર થવું માલૂમ પડે છે. તેમજ આ રિવાયત આગલી બંને રિવાયતોથી વિરૂધ્ધ છે જેનાથી સાબિત થાય છે કે **મંય્ યકતુલ્ મુઅ્મિનમ્ મુતઅમ્મિદન્** પાછળથી નાઝિલ થઈ. એટલા માટે સૈયેદેના હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની રિવાયત વાંધાથી સલામત રહી અને એના પર વિશ્વાસ છે. (સુનને નિસાઈ, ભાગ–૩, પેજ ૫૮–૯૦)

કેસાસ (બદલો)નું લાગુ થવું પણ અન્ય સજાઓ (હદોની જેમ ઈસ્લામી મુલ્કના સરદારના જિમ્મે છે. અને કેસાસ ફર્ઝ થવું

કાતિલ પર જ છે, કોઈ બીજા પર નથી. સૂરએ બકરહની આયતો ૧૭૮ તથા ૧૭૯ ઉપર વર્ણવેલમાં રબ તઆલાએ એનો જ હુકમ ફર્માવ્યો છે.

હઝરત ઈમામ અબૂ બક્ર જસ્સાસ રાઝી 'અહકામુલ કુર્આન'માં ફર્માવે છે :–

જાહિલિયતના યુગમાં લોકો કાતિલના બદલે ગૈર કાતિલને (ખૂનીને બદલે બીજાને) કત્લ કરી દેતા હતા. અલ્લાહ તઆલાએ તેમને એનાથી રોકી દીધા. આ વિષયની એ રિવાયત પણ છે જેમાં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે અલ્લાહ તઆલાની નજીક કિયામતના દિવસે ઝાલિમતરીન શખ્સો ત્રણ હશે :–

(૧) તે જે ખૂનીને બદલે બીજાને કત્લ કરે (૨) તે જે હરમમાં કોઈનો જીવ લે (૩) તે જે જાહિલિયતના (ઈમાન લાવ્યા પહેલાંના) સમયનો બદલો લે. (ભાગ–૧, પેજ–૧૫૬)

ઈસ્લામી રાજ્યમાં જાનની રક્ષા કેવળ મુસલમાનો માટે નથી બલ્કે "ઝિમ્મી" (જિઝયાવેરો ભરે તે) તથા "મુસ્તામિન" (બીજા દેશમાંથી શરણે આવેલ) ભલે કોઈ અન્ય ધર્મ પાળતો હોય, પણ તેની જાન પણ મેહફૂઝ રહે છે અને ઝિમ્મીને પણ જો કોઈએ કત્લ કર્યો તો તેનાથી પણ કેસાસ (બદલો) લેવામાં આવશે. જેમ કે "ન્યાય તથા સમાનતા"ના પ્રકરણમાં વર્ણન થઈ ચૂકયું. એ જ પ્રકરણમાં શાફઈ હઝરાત હદીષે રસૂલ કે "કોઈ મોમિન કાફિરના બદલામાં કત્લ નહીં કરવામાં આવે"ને દલીલ બનાવીને કાફિરના બદલામાં મુસલમાનના કત્લને જાઈઝ નથી જાણતા, પણ "જાનના બદલે જાન" (અન્નન્નફસુ બિન્નફસિ)નો ભાવાર્થ આમ (સર્વ માટે) છે. અને હનફીઓએ હદીષે રસૂલ "હું એનો વધારે હકદાર છું કે મારા વચન અને જિમ્માને પૂરો કરું." (જ્યારે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઝિમ્મી અને કરારવાળાના બદલામાં મુસલમાનને કત્લ કરાવી દીધો)ને દલીલ બનાવી છે જે ઈસ્લામી સમાનતા તથા ન્યાયની અધિક નજીક છે અને પ્રથમ હદીષનું પરિણામ એ સમજવું જોઈએ





કે હર્બી અને ગૈર કરારવાળા કાફિરના બદલે મુસલમાનને કત્લ કરવામાં નહીં આવે.

"ઝિમ્મી" તથા "મુસ્તામિન" પુત્રના બદલે બાપ, ગુલામને બદલે માલિક અને કમજારોના કત્લના બદલામાં તાકતવરથી કેસાસ (બદલો) લેવા માટે ઈસ્લામી કાનૂનમાં ન્યાય આપતી કલમો મૌજૂદ છે. ન્યાયપ્રિયતાનું આથી વિશેષ દ્રષ્ટાંત બીજુ શું હોઈ શકે કે રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખૂદ પોતાને કેસાસ (બદલા)ના માટે રજુ કર્યા. જેમ કે સુનને નિસાઈ "અલ્ કિસાસુ મિન્ સલાતીન" (હાકિમોથી કેસાસ)ના હેઠળ સૈયેદેના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہનું ફર્માન નકલ કર્યું છે :–

"મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلمને પોતાની ઝાતથી કેસાસ (બદલો) અપાવતા જોયા."

આજે કેટલાક દેશોમાં ખૂનની (ફાંસીની) સજા રદ કરી દેવામાં આવી છે અને કારણ એ દર્શાવાય છે કે, "મરનાર તો મરી ગયો ! હવે તે એક જાનના બદલામાં બીજાની જાન લેવી એ કયાંની દાનિશમંદી (શાણપણ) છે ?" પણ સલામતી સ્થાપવામાં પાયાના મુદ્દાઓ જેના પર પાછલાં પૃષ્ઠોમાં ઠેક ઠેકાણે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે તેમાં એક એ પણ છે કે પબ્લિકના હક્કોના (પોતે કહેડાવતા) રક્ષકો ખૂનીની જાન બખ્શી દઈને કોઈ એક જાન પર એહસાન નથી કરતા, બલ્કે કત્લ તથા ગારતગરી (ખૂના મરકી) અને બુરાઈ તથા તોફાન, ખૂન ખરાબા કરનારાઓને ઓર જુર્મો કરવામાં ઉત્તેજન આપે છે. એથી ઉલ્ટુ ઈસ્લામી કાનૂન કે તે પ્રથમ તો પ્રાથમિક તાલીમાતના લેહાઝથી જ એવી આદતને ઉછરવા જ નથી દેતો, કતલ કરવું તો અલગ વાત છે કોઈને હથિયાર વડે ડરાવવું મના ઠરાવી દીધું છે અને જો કોઈ ઈરાદાપૂર્વક કોઈનું ખૂન કરે છે તો તેની જાન અલ્લાહના હક્ક પ્રમાણે ઈસ્લામી કાનૂન લે છે. એ પ્રમાણે હજારો ખૂનીઓ પોતાના ગુનાહોથી દૂર રહીને પોતાની તથા જેના બારામાં તેઓ ગલત મનસૂબા બનાવી રહ્યા છે તેમની જાન

બચાવી લેશે. મુજરિમોને લાલન પાલનથી શરણ આપવું એ માનવતાની સેવા નથી બલ્કે માનવોને તબાહ તથા બર્બાદ કરનાર માનવ નામના જાનવરો અને ઝેરીલા તત્વો (બળો)ને પ્રોત્સાહન આપવું છે. શું વર્તમાન ઈતિહાસનો સાંસ્કૃતિક ધડાકો લોકશાહીના ઠેકેદારોને નજરે નથી પડતો ?

ઈસ્લામી ઈતિહાસનાં પૃષ્ઠોમાં સરકશી (નાફર્માની) અને ખૂનરેજીનુ એક અતિ દર્દનાક પ્રકરણ છે.

હઝરત સૈયેદેના ઝુન્નૂરૈન ઉષ્માન ગની رضي الله عنه નું ખૂન બાગી તથા સરકશોએ ખલીફતુલ્ મુસ્લિમીનની વિરૂધ્ધ આખા મદીનાને પોતાના બાનમાં લઈ લીધું હતું અને પોતાની દિલેરીથી આપના મકાનને ઘેરી લીધું હતું. એ પ્રસંગોનું વર્ણન કરતાં હઝરત અબૂ ઓસામા ઈબ્ને સહલ ઈબ્ને હનીફે ફર્માવ્યું :– હઝરત ઉષ્માન رضي الله عنه એ મકાનની બહાર માથુ કાઢયું, લોકોને કત્લની ચર્ચા કરતા સાંભળ્યા. ફર્માવ્યું, લોકો મને કત્લની ધમકી આપે છે પરંતુ ખબર નહીં કેમ મને કત્લ કરવા ચાહે છે ! જ્યારે કે મેં નબી કરીમ صلى الله تعالى عليه وسلم ને ફર્માવતાં સાંભળ્યા છે :–

"મુસલમાનનું કેવળ ત્રણ કારણ સિવાય ખૂન કરવું જાઈઝ નથી, એક તો તે શખ્સ જે પરણિત હોવા છતાં ઝિના કરે તો તેને સંગસાર કરવામાં આવશે, અથવા તે શખ્સ જેણે બીજાનું ખૂન કર્યું અથવા તે શખ્સ જે ઈસ્લામ લાવ્યા બાદ ફરી ગયો."

તો ખુદાની કસમ ! મેં ન તો જાહિલિયતના જમાનામાં ઝિના કર્યો છે અને ન ઈસ્લામમાં, અને ન કોઈ મુસલમાનનુ ખૂન કર્યું છે અને જયારથી ઈસ્લામ લાવ્યો ત્યારથી મુર્તદ નથી થયો. (સુનને ઈબ્ને માજહ્, ભાગ–૧, પેજ–૧૦૧)

પણ અફસોસ ! કે ઈમામુલ મુસ્લિમીનની આ સમજણની બળવાખોરો પર કોઈ અસર ન થઈ અને તેમણે આપને ઘરમાં ઘુસીને જયારે કે આપ કલામુલ્લાહની તિલાવતમાં મશગૂલ હતા ત્યારે ખૂબ જ ક્રુરતાપૂર્વક શહીદ કરી





દીધા. **ઈન્નાલિલ્લાહિ વઈન્ના ઈલૈહિ રાજિઊન.**

## ★ ઈર્તેદાદ (ઈસ્લામથી ફરી જવું) ★

ઈસ્લામ એક રહમતની કાયનાત છે, જેણે એને કબૂલ કર્યો તેણે પોતાને અલ્લાહના ઈનામો તથા નવાઝિશોથી સરફરાઝ કર્યો. આ જ ફિતરી તથા પ્રાકૃતિક ધર્મ છે. આ જ સર્વ આલમોને પેદા કરનારા ખાલિકનો પસંદીદા ધર્મ છે. એમાં ઈમાન લાવવા માટે કદી કોઈના પર કોઈ જોર નથી બલ્કે આ આમ દાવત (સર્વ માટે નિમંત્રણ) છે કે ચિંતન તથા દુરંદેશીથી સોચી વિચારીને દરેક માનવને ઈસ્લામી ઉસૂલ તથા નિયમોને સમજવાનો મોકો આપવામાં આવે. કુર્આનની અનાશવંત તાલીમાત (કેળવણી)થી માહિતગાર કરવામાં આવે, પછી જેના નસીબમાં હિદાયત છે અને તેનો સીનો તેને માન્ય રાખે તો તે અમારો ઈસ્લામી ભાઈ બની જાય છે. સારાંશ કે ઈસ્લામમાં પ્રવેશ માટે કોઈના પર કોઈ બળજબરી કદાપિ નથી. હા ! જો કોઈ મુસલમાન હતો, ત્યાર બાદ તેનો ઈન્કાર કરીને, ઈસ્લામથી ફરી જઈને મુર્તદ થઈ ગયો તો તેના માટે હવે માફીનો કોઈ માર્ગ નથી. કેમ કે તેણે પોતાના અંતરની બુરાઈ તથા ગંદી વિચારસરણી થકી ઈસ્લામ અને અલ્લાહના કાનૂનોનું અપમાન કર્યું છે જે રબ તઆલાથી બગાવત (વિદ્રોહ) કરવા સમાન છે. ઈસ્લામમાં તેની સજા કત્લ છે.

સુનને ઈબ્ને માજહ્ મુર્તદના પ્રકરણમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله تعالى عنهما નુ બયાન છે. રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم એ એ ઈર્શાદ ફર્માવ્યો :–

'જે દીનને બદલી નાખે તેને કત્લ કરી દો.'' (ભાગ–૧, પેજ–૧૦૧)

ઈર્શાદે રસૂલે અકરમ صلى الله تعالى عليه وسلم છે :–

"જે ઈસ્લામ પછી મુશ્રિક થઈ ગયો તેનો કોઈ અમલ

અલ્લાહ કબૂલ નથી કરતો જ્યાં સુધી કે તે મુશ્રિકોથી જુદો ન થાય અને ઈસ્લામ અપનાવીને મુસલમાનોમાં સામેલ ન થઈ જાય.''

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી ''હુજ્જતુલ બાલિગા''માં લખે છે :–

આ હુકમનુ કારણ એ છે કે દીનથી બહાર થવાની સજામાં સખ્તી લાઝમી છે, નહીં તો દીનની બેઈજ્જતીનો દરવાજો ખુલી જશે. અને અલ્લાહની મન્શા (મરજી) એ છે કે કૌમ આસ્માની મજબૂત હુકમની મંઝિલમાં થઈ જાય જે કદી અલગ ન થઈ શકે. અને ઈર્તેદાદ (દીનથી ફરી જવાની) સાબિતી ખુદા તઆલા અથવા રસૂલોના ઈન્કાર અથવા કોઈ રસૂલને જૂઠલાવવાથી થાય છે અથવા એવું કૃત્ય જેનાથી દીનની સાથે સ્પષ્ટપણે મઝાકનો હેતુ હોય અને એ જરૂરિયાતે દીનના ઈન્કારથી ઈર્તેદાદ (દીનથી ફરી જવું) સાબિત છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

''અને તેમણે દીનની અંદર ઐબ લગાડી.''

અને ખાલિકે અર્દો સમાઅ્ પર ટીકાની જીભ લાંબી કરનારાને ખુદાની જમીન પર જીવવાનો હક્ક શું છે ? એટલા માટે ઈસ્લામમાં મુર્તદની સજા કત્લ છે.

## ★ શરાબપાન ★

શરાબ (દારૂ) બુરાઈઓની જનેતા છે અને તેના આદી બેહયા છે. શરાબ (મદીરા)ની બુરાઈમાં ખુદાવંદે તઆલાનું ફર્માન છે :–

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا إِنَّمَا الْخَمْرُ وَالْمَيْسِرُ وَالْأَنْصَابُ وَالْأَزْلَامُ رِجْسٌ مِنْ عَمَلِ الشَّيْطَانِ فَاجْتَنِبُوهُ لَعَلَّكُمْ تُفْلِحُونَ (القرآن)

''હે ઈમાનવાળાઓ ! **શરાબ** અને **જુગાર** અને **બુત (મૂર્તિ)** અને **પાસાં (જુગારનાં તીર)** નાપાક જ છે શૈતાની કામ, તો તેનાથી બચતા રહેજો કે જેથી





તમે ભલાઈ પામો.'' (સૂ. માઈદહ્, ૯૦/૫)

શરાબની વિરૂધ્ધ વરસો સુધી સખત કોશિશો અને અઢળક ખર્ચા કરવા છતાં અમેરિકા પોતાની શરાબબંધીની ચળવળમાં જ્યારે નિષ્ફળ થઈ ગયું તો તેણે મજબૂર થઈને ઈ.સ. ૧૯૩૩માં શરાબને કાનૂની પરવાનગી આપી દીધી. એ જ પ્રમાણે **બ્રિટન**માં શરાબે ઈ.સ. ૧૯૧૬માં કાનૂની સ્થાન મેળવ્યું. અને આજે તો અમેરિકા અને આખા યૂરોપમાં શરાબની ગંગા વહી રહી છે ! અને કૌમ છે કે એમાં વહેતી જઈ રહી છે, કોઈ યુકિત નથી કે આ બલાના પૂરને લગામ લગાડવામાં આવી શકે.

ઈસ્લામે અરબ જેવી શરાબમાં ડૂબેલી કૌમને આ લઅ્નતથી પાક કરવા માટે ક્રમે ક્રમે હુકમો લાગુ કર્યા. પ્રારંભમાં કહ્યું :–

فِيهِمَا إِثْمٌ كَبِيرٌ وَمَنَافِعُ لِلنَّاسِ وَإِثْمُهُمَا أَكْبَرُ مِنْ نَفْعِهِمَا

''એમાં મહાન ગુનોહ છે અને લોકોને માટે કાંઈક નફો છે. તેના નુકસાનો તેના નફાથી વિશેષ છે.'' (સૂ. બકરહ, ૨૧૯/૨)

થોડા દિવસો પછી હુકમ આવ્યો :–

وَلَا تَقْرَبُوا الصَّلٰوةَ وَأَنْتُمْ سُكٰرٰى

''નશાની હાલતમાં નમાઝ ન પઢયા કરો.'' (સૂ. નિસાઅ્, ૪૩/૪)

સમાજદાર લોકો ત્યારે આટલાથી જ શરાબને છોડી ચૂકયા હતા. સૈયેદેના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ શરાબના હરામ હોવાની સ્પષ્ટ આયતે કરીમાના નુઝૂલની દુઆ કર્યા કરતા હતા. એટલે સુધી કે એ પ્રમાણેની સ્પષ્ટ આયત નાઝિલ થઈ અને મદીનાની ગલીઓમાં રસૂલના મુનાદી (એલાન કરનારે)એ જ્યારે શરાબની હુર્મત (હરામ હોવા વિશે)નું એલાન કર્યું તો નાલીઓમાં શરાબ વરસાદના પાણી જેમ વહાવી દેવામાં આવી.

હઝરત શાહ વલીયુલ્લાહ رحمۃ اللہ علیہ 'હુજજતુલ બાલિગા'માં ફર્માવે છે :–

"ખુદા તઆલાએ એ ચીજને જણાવી આપી કે શરાબમાં બે પ્રકારની બુરાઈ છે. એક તો લોકો માટે કે શરાબી લોકો સાથે લડે ઝઘડે અને સતાવે છે અને એક બુરાઈનો અંજામ તેની જાતના તરીકા તરફ પલટે છે, કેમ કે શરાબ પીનાર જાનવર જેવી હાલતમાં ગુમ થઈ જાય છે અને તેની બુધ્ધિ કે જેના પર નેકીનો આધાર છે તે ગુમ થઈ જાય છે અને થોડી શરાબ વધારે શરાબનો શોખ પેદા કરે છે. જેથી ઉમ્મતની ચેતવણી ખાતર અનિવાર્ય બન્યું કે હરામ હોવાનો આધાર તેના નશાકારક હોવા પર કરવામાં આવે, એવું ન જોવામાં આવે કે શરાબી અત્યારે નશાની હાલતમાં છે કે નહીં." (પેજ–૨૨૭, ૨૨૮)

સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

(૧) જેણે દુનિયામાં શરાબ પીધી અને શરાબનો આદી બનીને તૌબા કર્યા વિના મરી ગયો તો આખેરતમાં (શરાબે તહૂર) પામશે નહીં.

મારા ખયાલમાં એનો સબબ એ છે કે જે કોઈ જાનવર જેવી સિફત (ખાસિયત)માં ડૂબી ગયો અને માનવતાની સિફતથી તેણે બિલ્કુલ પીઠ ફેરવી તે જન્નતની લિજ્જતોથી વંચિત રહેશે. શરાબનો આદી (આદતવાળો) જાનવર જેવી સિફત (ખાસિયત)માં ગુમ થઈ જાય છે.

(૨) ખુદા તઆલા પર એ વાતનો વાયદો છે કે જે શખ્સ નશાકારક ચીજ વાપરશે તેને ખુદા તઆલા 'તીનતિલ ખિબાલ' પીવડાવશે જે દોઝખીઓનો નિચોડ છે.

(૩) શરાબીની ૪૦ દિવસની નમાઝ ખુદા તઆલા કબૂલ નથી કરતો. વળી તે જો તૌબા કરી લે તો અલ્લાહ તઆલા તૌબા કબૂલ ફર્માવનારો છે.

અન્ય સજાઓની સરખામણીમાં શરાબ પાનની સજા





ઓછી હોવાનો સબબ એ છે કે અન્ય ગુનાહોમાં તે જ વખતે તુરત જ ખરાબી મૌજૂદ થાય છે. દા.ત. માલ ચોરે અથવા લૂંટ ચલાવે છે તો તે સૌની અસરો તુરત જ જાહેર થાય છે. શરાબ પીવામાં ફસાદનો ખતરો છે પણ કામની સાથે ફસાદ મૌજૂદ નથી હોતો. એટલા માટે શરાબની હદો (સજાઓ) સૌથી ઓછી નક્કી થઈ. આં હઝરત ૪૦ કોરડા એટલા માટે મારતા હતા કે એમાં કઝફ (જૂઠી તોહમત લગાડવા)નો ભય છે.

સહાબાએ કિરામે ફસાદ (ખરાબી)ની અધિકતાને નજરો સમક્ષ રાખીને શરાબની હદ (શિક્ષા) ૮૦ કોરડા લગાડી. એ ખયાલથી કે કુર્આનમાં જેટલા પ્રમાણમાં સજાઓ (હદો) વર્ણન થયેલી છે તે સૌમાં ૮૦ની સંખ્યા સૌથી ઓછી છે. અથવા એટલા માટે કે શરાબી જો ખૂદ ઝિના કે કત્લ નથી કરતો તો અન્યોને મોટા ભાગે ઝિના પ્રતિ સંબંધિત કરે છે (તોહમત લગાડીને) અને મોટા ભાગ (અકસર)નો હુકમ યકીનનો હોય છે.

..................................

હઝરત અલી મૌલાએ કાયનાત کرم اللہ تعالیٰ وجہہ الکریم એ પણ શરાબ પાનની સજા ૮૦ જ કોરડાની તાકીદ કરી અને ફર્માવ્યું :–

"જે શરાબ પીશે તે બદમસ્ત બનશે, જે બદમસ્ત થશે બક બક કરશે અને જે બકવાસ કરશે તે આક્ષેપબાજી કરશે. જેથી હઝરત ઉમરે ૮૦ (એંસી) કોરડા લગાડયા."

(૪) દૌરે નબવીમાં એક શખ્સે રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને કહ્યું, કે અમે એવા ઈલાકામાં રહીએ છીએ જ્યાં ઠંડી ખૂબ પડે છે તો અમે લોકો ત્યાં શરાબથી ઠંડીનો મુકાબલો કરીએ છીએ. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પૂછયું કે, તમે જે ચીજ પીઓ છો તે નુકસાનકારક છે ? તેમણે કહ્યું, નહીં ! આપે ફર્માવ્યું, તેનાથી બચો. તેમણે અર્ઝ કરી કે અમારા વતની ભાઈઓ તેને સ્વીકારશે નહીં. ફર્માવ્યું, જો તેઓ ન માને તો તેમનાથી જંગ કરો.

એક શખ્સે દવા રૂપે શરાબ પીવાની રજા માંગી તો આકા વ મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, **તે દવા નથી બીમારી છે.**

(૫) ખમ્રનો શબ્દો અરબમાં દ્રાક્ષના દારૂના માટે વપરાય છે. પણ એ હુકમમાં દરેક પ્રકારની શરાબ દાખલ છે. હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ સાફ સાફ ફર્માવી દીધું કે દરેક નશાકારક ચીજ ખમ્ર છે અને દરેક ખમ્ર હરામ છે.

(૬) અને ફર્માવ્યું : દરેક તે પીણુ નશો પૈદા કરે હરામ છે અને વધુમાં ઈર્શાદ ફર્માવ્યો; હું દરેક નશાકારક ચીજથી મના કરું છું.

એટલા માટે ભરેલા પૂરા વાસણની જેમ શરાબનું એક ટીપુ પણ **હરામ** તથા **નાપાક** છે.

(૭) જે ચીજની વધુ માત્રા નશાકારક હોય તેની થોડી માત્ર પણ હરામ છે.

રસૂલે આ'ઝમ વ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની એક હદીષ જેને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ تعالیٰ عنہما રિવાયત કરે છે જે શરાબની હુર્મતમાં ખૂબ જ અર્થપૂર્ણ છે. ઈર્શાદ ફર્માવ્યો છે :–

"અલ્લાહ તઆલાએ લઅનત ફર્માવી છે શરાબ પર, તેના પીવાવાળા પર અને પીવડાવનારા પર, વેચવાવાળા અને ખરીદનારા પર અને નીચોડવાવાળા પર અને નીચોડવાવાળા પાસે પહોંચાડનારાઓ પર અને તેના પર જેના માટે પહોંચાડવામાં આવી."

ફારૂકી દૌરમાં એક શખ્સની દુકાન કેવળ એટલા માટે ખલીફતુલ મુસ્લિમીનના હુકમથી સળગાવી દેવામાં આવી હતી કે તે છુપી રીતે શરાબ વેચ્યા કરતો હતો. એ જ પ્રમાણે આપે તે પૂરા વિસ્તારમાં આગ લગાડી દીધી જ્યાં શરાબની ભટ્ટીઓ બનેલી હતી. અને એ લોકો શરાબ તૈયાર કરીને લોકોને છુપી રીતે પીવડાવતા હતા. જો કોઈ ઝખ્મને ખત્મ કરવું છે તો તેની જડો પર નશ્તર





મારવો જરૂરી છે. ઈસ્લામ એ જ ઉસૂલોનો સમુહ છે.

વિચાર કરો કે માણસ અન્ય તમામ મખ્લૂકાતમાં (સૃષ્ટિમાં) પોતાની બુધ્ધિ તથા વિચાર શકિતના સબબે વિશિષ્ટ છે. માનવ ચિંતનના સાચા માર્ગદર્શનથી જે હેતુ પ્રાપ્તિ ફિતરી તૌર પર ઉપલબ્ધ થાય છે તે ઈસ્લામી તરીકો જ છે. કદમ કદમ પર ફિક્ર તથા બુધ્ધિના ઈસ્તેમાલની દાવત દુનિયા તથા સર્વ અસ્તિત્વની ચીજોમાં કુદરતના ઝહૂરના સ્થાનોની તલાશ કરવી અને પછી પોતાના ખાલિક તથા માલિકના નૂરને મેળવી લેવું એ જ છે ઈન્સાનની આખરી મંઝિલની કામયાબી. પછી એ સિતમ કેવી રીતે સ્વીકાર્ય થઈ શકે છે કે જે કાબેલિયતની બુન્યાદ પર ઈન્સાન સૌના પર અગ્રતા તથા ઉચ્ચતાવાળો અને અફઝલ છે, માણસની તે જ ખૂબીને મૃતઃપ્રાય કરી દેવામાં આવે. ફિક્ર તથા શઊર (ચિંતન તથા સમજ) પર પડદો પડી ગયા પછી ઈન્સાન અને આમ જાનવરોમાં કોઈ ફરક બાકી નથી રહેતો. અને સૌથી અફઝલ મખ્લૂક (શ્રેષ્ઠ સર્જન) ઈન્સાનને પેદા કરનાર ખુદા પોતાના આ શ્રેષ્ઠ સર્જનને બર્બાદીથી ખાઈમાં જોવું પસંદ નહીં કરે, એટલા માટે તેણે નશાકારક તમામ ચીજોને હરામ ઠરાવીને માનવોની માનવીય મહાનતા મેહફૂઝ રાખવાનો ઈન્તેઝામ ફર્માવ્યો છે. દુનિયાને અમ્નો સલામતીની રાહ પર રાખવાના માટે આ ખરાબ બીમારીથી છૂટકારો મેળવવો પણ જરૂરી છે.

## ★ ઈસ્લામી સજાઓની હિકમતો ★

مَنْ جَآءَ بِالسَّيِّئَةِ فَلَا يُجْزٰٓى اِلَّا مِثْلَهَا

"જે ગુનાહ કરે તેને ગુનાહના પ્રમાણમાં જ સજા આપવામાં આવે." (સૂ. અન્આમ, ૧૬૦/૬)

અને ઈસ્લામી કાનૂનમાં ચોરીની સજા હાથ કાપવો છે. ચોરે ચોરી કરી તો બે ચાર સો રૂપિયાની અને સજામાં કાપવામાં

આવ્યો તેનો હાથ ! જે ઘણો જ કિંમતી તથા અણમોલ છે. એવું શા માટે ?

આ શંકાનો જવાબ એ છે કે હાથ કાપવાની સજા ચોરેલો માલ લેવાની નથી બલ્કે કાનૂન તોડવાની સજા છે. જે માણસનો માલ ચોરે ચોરાવ્યો છે તે તેને લાખો રૂપિયા આપીને રાજી પણ કરી લે તો પણ શરીઅતના પ્રમાણે ઈસ્લામી હાકિમ સબૂત પ્રાપ્ત થઈ જતાં જરૂરથી હાથ કાપશે. કેમ કે કાનૂન સૌથી ઉચ્ચ છે. એની મહાનતાને જાળવી રાખવા સેંકડો નાફર્માનાં માથાં કટ કરી દેવામાં આવે છે. શું તમે નથી જોતા કે માણસે કાઢેલા કાનૂનો પર હુકૂમતો ચલાવનારા પોતાના કાનૂનની હિફાઝત માટે કેટલાયે કાનૂનના બાગીઓને કત્લ કરી નાખે છે. ઈસ્લામ તો ખુદાઈ કાનૂનનો સંગ્રહ છે, તેની હિફાઝતના માટે શું કોઈ જતન ન થવું જોઈએ ?

કુર્આની આયતો આખેરતના બારામાં છે જેનો મતલબ એ છે કે રબ તઆલા પોતાના ચહીતા બંદાઓને એક નેકી પર દસ ગણાથી સાતસો કે તેથી પણ વધુ સવાબ અતા ફર્માવશે. અને બદી (ગુનો) જો એક થશે તો એકનો જ હિસાબ થશે, તેમાં વધારો નહીં કરે. અને જો આયત દુનિયવી સજા માટે ધારવામાં આવે તો **મિષ્લહા**થી શરઈ મિષ્લ મુરાદ છે. ઈસ્લામી શરીઅત એટલે કે અલ્લાહના જ કાનૂને આ જુર્મને હાથના બરાબર ઠરાવી દીધો તો તે તેના બરાબર જ થઈ ગયો, કોઈને એમાં ચુંચા કહેવાનો શો અધિકાર ? માણસના સ્વરચિત કાનૂનોમાં પણ તો એનું દ્રષ્ટાંત મૌજૂદ છે. ચોરને સાલ બે સાલ જેલમાં બંધ રાખે છે. આ એન્ગલથી વિચારનાર તો એના ઉપર પણ વાંધો ઉઠાવી શકે છે કે તેણે ચોરી તો એક કલાક કે અમુક કલાકોમાં કરી હતી તેના બદલામાં અઠવાડિયાઓ, મહીનાઓ નહીં ને સાલ બે સાલની સજા તો સરાસર જુલ્મ છે ! તો કાનૂનના રક્ષકો તરત જ જવાબ આપશે કે અમારો કાનૂન એ જ છે કે અને કાનૂન પર અમલ જુલ્મ નથી. એને સામે રાખીને અમે પણ અદબપૂર્વક અરજ કરીએ છીએ કે



ઈસ્લામ અને વિશ્વશાંતિ

સાલ બે સાલ જેલમાં રાખીને જે ચોરને તમે ચોરીથી દૂર ન કરી શકયા એવા પ્રકારના ચોરનો હાથ કાપીને ઈસ્લામે હજારો ચોરોના દિમાગમાંથી ચોરીનો શૈતાન રફુચક્કર કરી નાખ્યો અને કૌમને નચિંતપણે સુકૂન તથા ઈત્મિનાનની જિંદગી ગુજારવાનો મોકો પૂરો પાડયો.

ચોરનો હાથ જો એટલા માટે કાપવામાં આવે છે કે હાથ વડે જ તેણે આ જુર્મ કર્યો છે તો ઝાનીની સજા એ હોવી જોઈતી હતી કે તેની ઈન્દ્રિને કાપવામાં આવે. પણ તેને બદલે તેને સંગસાર તથા કોરડાઓ મારવાની સજા છે, તો એની હિકમત એ છે કે ચોરીમાં મૂળ જુર્મ કેવળ હાથ વડે થાય છે અને બદકારીમાં આખુ શરીર સંડોવાય છે. અને મજા માણવાનુ કામ આખા શરીર થકી થાય છે. વળી સંભોગનો આધાર વિર્ય પર છે અને વિર્ય આખા શરીરના દરેક અંગના લોહીથી બને છે. જેથી સજા પણ એવી જ હોવી જોઈતી હતી જેનાથી આખુ શરીર તકલીફ પામે. રજ્મ (સંગસારી)ની હિકમતોમાંથી એ પણ છે કે ઝાની પોતાની ગલતકારીના લીધે નસલને ખરાબ કરે છે, એક બાળકને હરામી બનાવે છે અને હરામી બનાવવું એક જાનની મહાનતાને બર્બાદ કરવા સમાન છે. ઝાનીએ કેવળ કોઈ નાની સરખી ગલતી નથી કરી બલ્કે તેણે જે કામ કર્યુ તેનાથી એક નસલ હલાક થઈ. અને જાનનો બદલો જાન જ હોવો જોઈએ.

લવાતત જે ઝિનાથી પણ ધૃણાત્મક ગુનો છે તેમાં સંગસારી નથી તઅઝીર છે, કેમ કે તે પોતે બદતરીન ગુનોહ છે પણ તેનાથી નસલની તબાહી પર અસર નથી પડતી. લવાતતની તઅઝીર તેના બેશરમીભર્યા કૃત્યના કારણે છે. અર્વાચીન સંશોધને લવાતતન એઈડ્ઝ જેવી જીવલેણ બીમારીનો આગળ પડતો સબબ સાબિત કર્યો છે અને તેનાથી ઈસ્લામી કાનૂનો અને જીવન બંધારણની સચ્ચાઈ પર રોશની પડે છે. વિચાર કરો કે જુગાર અને શરાબ એક સરખાં હરામ છે પણ જુગારની કોઈ સજા નિશ્ચિત નથી અને

શરાબપાન પર ૮૦ કોરડાની સજા નક્કી છે. પણ એની હિકમત જાહેર તથા સ્પષ્ટ છે કે હરામ હોવામાં બંને સમાન છે પણ શરાબની ખરાબીઓ હદથી વધી જનારી છે, શરાબ બુરાઈઓની જનેતા છે, માણસે જ્યારે શરાબ પી લીધી અને પોતાની બુધ્ધિ પર પડદો નાખી લીધો, તો જુગાર અને એનાં જેવાં દરેક કામ તેના કારણે થાય છે. જ્યારે સમજબુઝની ક્ષમતા જ જતી રહી તો હવે તે દરેક જુર્મ કરી શકે છે. એટલા માટે શરાબપાન પર સખ્તીથી પકડ કરવામાં આવી છે. હક્ક જોવાની નિગાહો મયસ્સર હોય તો એ જ પ્રમાણે તમામ અલ્લાહની હદો (સજાઓ) અને ઈસ્લામી શિક્ષાઓમાં હિકમતો તથા મસ્લેહતોનાં ચમકતાં મોતી ઝગમગતાં જોવા મળે અને દિલને યકીનની દૌલત નસીબ થાય કે અમ્ન તથા સલામતીની ઝમાનત (જિમ્મેદારી) કેવળ ઈસ્લામી કાનૂનોમાં છે.

☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆

★★★★★★★★★★★★★★★★★★

☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆☆





# પ્રકરણ–૫

## શાંતિ માટેની ઈસ્લામી ક્રાંતિ અને રસૂલની મુસીબતો

હેતુઓની ઉચ્ચતા માટે મુસીબતોની અધિકતા અનિવાર્ય છે. વિશ્વના માનવોને અમ્નનો (શાંતિનો) ચમન બનાવવા માટે અઝીમતરીન (સૌથી મહાન) મકસદ લાવનારા હુઝૂર મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ વિશ્વશાંતિની સ્થાપ્નાના પ્રારંભિક તબક્કાઓમાં પોતે કેવી કઠિન મંઝિલોથી તથા મુશ્કેલીઓથી ટક્કર લેવી પડી તે પણ દ્રષ્ટિ સમક્ષ રાખવું જોઈએ. જેથી કરીને અંદાઝો થઈ શકે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો મામલો આમ દુનિયવી ચળવળોના લીડરો જેવો ન હતો બલ્કે કેવળ ખુદાઈ ઉસૂલો પર સ્થાપિત હતો. એટલા માટે આપે આપની અમલી જિંદગીમાં હિંમતતોડ તકલીફોને પણ ખૂબ જ હસતે ચેહરે વેઠી. ખૂદ ઈર્શાદ ફર્માવે છે :–

''ખુદાની રાહમાં જેટલા પ્રમાણમાં મને તકલીફ આપવામાં આવી એટલી તકલીફ પહેલાં કોઈ અન્યને આપવામાં નથી આવી.'' (જમ્ઉલ ફવાઈદ, ભાગ–૨, પેજ–૨૭૪)

આ મામલો તે ઝાતે ગિરામી (મહાન હસ્તી)ની સાથે ચાલુ રાખવામાં આવ્યો :

★ જેણે સર્વ આદમની ઔલાદને અમ્નો સલામતી અને ઈત્તેહાદ તથા મહોબ્બતનો પૈગામ અતા કર્યો.

★ બેઈજ્જતી તથા બદહાલીની જંઝીરોમાં જે રંગ, વંશ, જાતિ તથા ભાષાના નામ પર આમ હતી, તેને તોડી નાખી.

★ સ્ત્રીને પશુઓ તથા જાનવરોના ગૃપમાંથી કાઢીને બાવકાર

(ઈજજતદાર) બનાવી અને તેણીના હક્કો સ્થાપિત કર્યા.

★ ગુલામીની લા'નતથી ઈન્સાનોને આઝાદ કરીને માનવ જાતની ઈજ્જત વધારી.

★ જેણે ઈન્સાન તો ઈન્સાન હૈવાનો, ચોપગાંઓ અને ઝાડો સુધ્ધાંનાં હક્કોની સંભાળ રાખવાની તાલીમ આપી.

★ જુલ્મ તથા જંગલીપણા અને ખૂનરેઝી જેવી લા'નતોની જડો કાપી નાખી.

★ એવું મજબૂત બંધારણ લાગુ કર્યું જેનું ચલણ અમ્નો સલામતીની ઝમાનત અને જુલ્મ તથા સિતમનો ખાત્મો બોલાવી દે છે.

★ ગઝવએ બદરમાં ખૂનરેઝી કરનારા જંગી કૈદીઓના હાથોમાં બંધાયેલી રસ્સીની પકડ સખ્ત હોવાથી જે રસૂલે રહમતને રાતભર ઉંઘ ન આવી.

★ પ્યારા કાકા હમ્ઝાના કાતિલ અને કલેજુ ચાવનારી સ્ત્રીને જેમણે એકદમ માફ કરી દીધાં.

★ ત્રણ ત્રણ દિવસ સુધી પેટ મુબારક પર સબ્ર કરીને પથ્થર બાંધીને જે અમ્નો સલામતીનાં કામોમાં રાત દિવસ વ્યસ્ત રહ્યા.

★ દુનિયાવાળાઓએ તેમની સાથે શું વર્તાવ કર્યો અને એ ઝાતે ગિરામીએ પોતાની રહમત તથા મહેરબાનીની ચાદરમાં તેમને કઈ રીતે છુપાવ્યા એ દ્રશ્યો પણ ઈબ્રતની નજરે જોવાલાયક છે.

## ★ જ્યારે આપે ઈસ્લામની દાવત આપી ★

મક્કાના જાહિલ માહોલમાં જ્યાં ન કોઈ મકતબ કે મદ્રસો હતો ન દારુલ ઉલૂમ ન તો સ્કૂલ કે કોલેજ અને યુનિવર્સિટી, ત્યાં રસૂલે ગિરામીકદર મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم યતીમપણાની હાલતમાં કેવળ રબ્બાની હિફાઝત હેઠળ ઉછેર પામે છે. મક્કાનો માહોલ ઝિના, શરાબ, બિભત્સ નાચગાન અને લડાઈ ઝઘડાઓનો માહોલ છે. પણ આપ આ સૌ ખરાબીઓ અલગ થલગ ખૂબ જ





પાકીઝા અને રોશન જિંદગી પસાર કરી રહ્યા છે. અને ૪૦ વરસની લાંબી મુદ્દત મક્કાવાસીઓની નજરો સમક્ષ ઉઘાડી કિતાબની જેમ છે જેની કોઈ એક ઘડીમાં પણ આપની અડગતાનો કદમ શરાફત તથા અચ્છાઈની કક્ષાએથી ડગમગતો નથી અને જ્યારે તે ખુશનસીબ સમય આવી પહોંચ્યો કે રબ તઆલાએ આપ પર વહીના ઉતરાણનો ક્રમ ચાલુ કર્યો અને એક દિવસ તે પણ આવ્યો કે જ્યારે તૌહીદના આમ એલાનનો ખુદાઈ હુકમ આવી પહોંચ્યો.

વહીનો ક્રમ શરૂ થયા પછી ત્રણ વરસ સુધી અમ્નો સલામતીના પયગંબર હુઝૂર મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ઈસ્લામની તબ્લીગ તથા પ્રચાર ખૂબ જ ખામોશ તરીકાથી કરતા રહ્યા. એ અરસામાં હક્કના તાલિબોની સંખ્યા ૪૦ સુધી પહોંચી ગઈ. તે દૌરમાં હઝરત અરકમનું મકાન જે પહાડીના છેડે હતું તે ઈસ્લામની ચળવળનું કેન્દ્ર હતું. આ એકદમ અલગ મામૂલી ઘરની ચાર દીવારીમાં પૂર્વજ સૌથી આગલા મુકદ્દસ સહાબીઓએ પોતાની રૂહોના દિલોમાં ખુદાની તૌહીદનુ નૂર વસાવ્યું. અને નબુવ્વતની બરકતો તથા ભલાઈઓથી દિલોની દુનિયામાં મહાન ઈન્કિલાબ પેદા કરનાર કિરણોનો ઝહૂર થયો. સહાબાએ કિરામ કુરૈશના કાફિરોની દુશ્મનીભરી હરકતોથી નિરુત્સાહ થઈને જ્યારે દારે અરકમમાં કદમ રાખતા અને તેમનાં દિલ તથા દિમાગો પર રહમત તથા મહેરબાનીવાળા પયગંબર صلی اللہ تعالیٰ علیہ وسلم વહી તથા ઈલ્હામની ઝબાન વડે મરહમ રાખતા તો તેમની નિરાશા દૂર થઈને પહાડની જેમ મજબૂત થઈ જતી, દિલી ઉદાસી હિંમત તથા બહાદૂરીમાં તબદીલ થઈ જતી. કોઈ જીભ તથા ભાલાની અણીના ઝખ્મથી ગભરાઈને ત્યાં પહોંચ્યો અને નબવી ઈર્શાદોએ પોતાના ખાસ કરમથી તસલ્લી આપી તો તે સો સો જાનથી કુર્બાન થવાનો હોંસલો પામી ગયો. મક્કાના ગંદા તથા ખરાબ માહોલમાં આ મકાન જાણે અમ્નો સલામતીની ફાનુસ બનીને ઉભરી રહ્યું હતું. આજ્ઞાંકિત બાઅદબ નમ્રતા આજીજીનાં પૂતળાં મકાનના દરવાજેથી નીકળતાં

અને કુર્આન તથા નબુવ્વતના અન્વાર ઘર ઘર પહોંચાડતાં. અહીં જ બાજમાઅત નમાઝ થતી અને પાક કરનાર તથા પાક રસૂલ દિલોની સફાઈ કરીને એક પવિત્ર માહોલની સ્થાપ્ના માટે લોકોને ઠીક ઠાક કરતા જેથી આ દુનિયામાં અમ્ન તથા ઈન્સાનિયતના પૈગામને પહોંચાડવાને લાયક બની જાય. સહાબીઓ ત્યાં ઉદાસ દિલે આવતા અને હોંસલા તથા ઉમંગોથી ભરપૂર થઈને પાછા જતા. ખાલી હાથ જતા અને દીન તથા સમજની પુંજી લઈને પાછા ફરતા. ઘાયલ થઈને આવતા અને હક્કની રાહમાં માથાથી લઈને પગો સુધી તૈયાર થઈ જતા. આ ત્રણ વરસના ગૃપને રસૂલે પાક ﷺ એ સોહબતની નરમી અતા કરીને તેમને તૌહીદના રંગમાં મજબૂત કરી દીધા.

ઈ.સ. ૬૧૪ સુધી ઈસ્લામી ચળવળ ભૂગર્ભમાં રહી અને ત્યાર બાદ હક્ક તઆલાએ આ હુકમ નાઝિલ ફર્માવ્યો :–

فَاصْدَعْ بِمَا تُؤْمَرُ وَاَعْرِضْ عَنِ الْمُشْرِكِيْنَ

"તમને ખુદા તરફથી જે હુકમ મળ્યો છે તેને પ્રદર્શિત કરી દો અને મુશ્રિકોથી બેપરવા થઈ જાવ." (સૂ. હજર, ૯૪/૧૫)

એના અનુસંધાનમાં બીજા ઠેકાણે ઈર્શાદે રબ્બુલ આલમીન થયો :–

"તમારા કુટુંબીઓને ખુદાના અઝાબથી ડરાવો અને જે મોમિન તમારી પૈરવી કરે તેની સાથે આજીજી તથા નમ્રતાપૂર્વક વર્તો." (શુઅ્રા, ૨૧૪/૨૬)

## ★ ઈસ્લામી દાવતની પ્રથમ મંઝિલ ★

ઈસ્લામના આમ એલાનની શરૂઆત આપે પ્રથમ તો પોતાના ઘરે બનૂ હાશિમ ખાનદાનની જમવાની દાવત સાથે કરી હતી. જમવાની દાવતમાં લગભગ ૪૦ વ્યકિતઓ શરીક હતી.





ઝિયાફત પછી આપે કાંઈ ફર્માવવા ચાહ્યું. પણ અબૂ લહબની ટીકા તથા મઝાકો તથા બેહૂદા વાતોએ મેહફિલની મજા બગાડી નાખી. હુઝૂર ﷺ એ એવામાં કોઈ ગંભીર ચર્ચા રજુ કરવાનું મસ્લેહતથી વિરૂધ્ધ જાણ્યું અને બીજી રાત્રે ફરી ઝિયાફત કરી અને ઈર્શાદ ફર્માવ્યો :–

"હું ખુદા તરફથી તે ચીજ લાવ્યો છું જે દીન તથા દુનિયા બંનેનો સમુહ છે. એનાથી સારી તથા અફઝલ ચીજ શાયદ કોઈ લાવ્યું હોય. મને પરવરદિગારે આલમ તરફથી હુકમ થયો છે કે તમને સૌને તેની તરફ બોલાવું. જણાવો ! આ મહત્વની જિમ્મેદારી નિભાવવામાં કોણ તમારામાંથી મારો સાથે આપશે ? મેહફિલમાં સન્નાટો છવાઈ ગયો અને કોઈએ કાંઈ જવાબ ન આપ્યો. પણ એ સન્નાટાને મજલિસના સૌથી કમસિન (નાની વયના) અલી ઈબ્ને અબી તાલિબે તોડયો.

"યા રસૂલલ્લાહ ! ભલે મને આંખો આવી છે, ભલે મારી ટાંગો પાતળી છે અને સૌથી નાની વયનો છું પણ હું તમારો સાથ આપીશ !"

આ સાંભળતાં જ સૌ વિરોધીઓ મઝાક ઉડાવવા લાગ્યા અને કટાક્ષ તથા મઝાકના અણીદાર તીરોથી અમ્નો સલામતીના પયગંબરને ઝખ્મી કરતા કરતા ચાલ્યા ગયા. પણ રસૂલે પાક ﷺ તે મઝાકો અને તકલીફોને શાંત મને હસ્તે મુખે સહીને રહી ગયા.

## ★ સફા પહાડ પરથી દા'વત (નિમંત્રણ) ★

ત્યાર બાદ જ્યારે સૂરએ હજરની ઉપર જણાવેલ આયત નાઝિલ થઈ તો હુઝૂરે અકરમ ﷺ સફા પહાડ પર તશરીફ લઈ ગયા અને કુરૈશના કબીલાઓને દરેકના નામ સાથે પોકારીને બોલાવ્યા. અને લોકો જમા થઈ ગયા ત્યારે ફર્માવ્યું :–

"જો હું કહું કે આ પહાડ (સફા)ની પાછળ એક લશ્કર છે જે તમારા પર હુમલો કરવાનું છે તો શું તમે મારી વાત પર વિશ્વાસ કરશો ? તેમણે જવાબ આપ્યો, **નઅમ મા જર્રબ્ના અલૈક ઈલ્લા સિદ્કન** "હા ! તમે હમેશાં અમારા અનુભવમાં સાચા સાબિત થયા." તો આપે ફર્માવ્યું કે, અલ્લાહ તઆલા તરફથી હું તમારામાં નઝીર (ડર સંભળાવનાર) છું કે તમારા માટે સખત અઝાબ છે ! (જો આ રીતે તમે કુફ્ર પર જામી રહ્યા તો). આ સાંભળીને અબૂ લહબ બબડયો, તારા માટે સર્વ દિવસો હલાકના સબબ બને ! શું તેં અમને આટલા માટે ભેગા કર્યા હતા ?! ત્યાર બાદ કુફ્ર તથા શિર્કના ઝંડાધારીઓ હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને લઅન તઅન (ભલુ બુરુ) બોલતા બોલતા વિખેરાઈ ગયા.

વિચારવા પાત્ર છે કે ગુમરાહીના અંધકારમાં ડૂબેલી કૌમ કેમ કરીને હક્ક તથા સદાકત, અમ્ન તથા મહોબ્બતના પૈગામથી ભડકી રહી છે ! તેમની સમક્ષ ૪૦ વરસનો ઉમદા નમૂનો (ઉસ્વએ હસના) રોશનીનો ચમકતો મીનારો બનીને ઉભો છે અને કોઈ મુશ્રિક સાબિત નથી કરી શકતો કે અમ્નો સલામતીના પયગંબરે સત્યથી વિરૂધ્ધ કોઈ કદમ ઉઠાવ્યો હોય અથવા કોઈ એક શબ્દ જીભેથી કાઢયો હોય. બલ્કે ફુજ્જારની લડાઈના પ્રસંગે માનવ લોહીની બર્બાદીથી મક્કાવાસીઓને બચાવનાર આપ જ હતા અને ખાનાએ કા'બાની તા'મીરના પ્રસંગો જ્યારે હજરે અસ્વદ તે સ્થળ ગોઠવવાના પ્રસંગે કુરૈશના કબીલાઓમાં વિવાદ તથા વિખવાદનો પાયો બન્યો હતો અને દરેક કબીલો તે શરફ (બહુમાન) હાંસલ કરવા માટે એક બીજાથી આગળ વધી રહયો હતો. નજીક હતું કે તલ્વારો મ્યાનથી બહાર નીકળી પડે અને લોહીની હોળી ખેલાય જાય, એવામાં અમ્નો સલામતીના હકીકી નિમંત્રકે તદબ્બુર (યુકિત) તથા હિકમતના થકી એ સમસ્યાનુ પણ સમાધાન કર્યું. સારાંશ કે સામુહીક કે વ્યકિતગત કોઈ એવો સંજોગ નથી જ્યારે આપની જાત પર અંગુલી ચીંધવાનો મોકો ઉભો થયો હોય. પણ તે જ અમીન





તથા સાદિક જ્યારે આલમે ગયબ (છુપાયેલી દુનિયા)નાં રહસ્યો અને અલ્લાહની વહીનો પૈગામ સંભળાવે છે તો વાતાવરણ ગરમાગરમ થઈ જાય છે.

તે સામાન્ય દિમાગોના માટે પણ આ પ્રસંગમાં ખૂબ બોધો છે જેઓ ઈસ્લામને કોઈ દુનિયાવી ચળવળના રંગમાં જુએ છે કે આ પૈગામનો નિમંત્રક ન તો કોઈ કબીલાનો સરદાર છે ન કોઈ માલ સંપત્તિવાળો ન તો કોઈ હોદ્દાનો માલિક. દુનિયાવી કામોમાં ન તેને પોતાના ખાનદાન તથા કુટુંબીઓનું સમર્થન મળે છે. અને એવું પણ નથી કે એના માટે કોઈ નર ઔલાદ બાકી હોય (મઆઝલ્લાહ) જેના માટે તે કોઈ ચળવળ ચલાવી રહયો હોય. ખાનદાન અને કબીલામાં જેને માનનીય ગણવામાં આવતો હતો તેનાથી તેઓ ઉઘાડા છોગે વિરોધી બની ગયા. જેઓ માલદાર હતા તેઓ દુશ્મની પર ઉતરી આવ્યા, જેમને મક્કાની સરદારી હાંસલ હતી તેઓ વિરોધી ચળવળના સરદાર બન્યા. હા ! કેવળ શાંતિ તથા સલામતીની ચળવળની સચ્ચાઈ અને સદાકતનુ ખેંચાણ હતું જે દિલોના અંધકારને દૂર કરી રોશન કરતી જઈ રહી હતી.

## ★ સામાજિક બહિષ્કાર ★

રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ઈન્સાનિયતના ઉચ્ચ અખ્લાક (સંસ્કાર) અને શાણપણના ગુણો વડે દુનિયાને પહેચાન કરાવવા આવ્યા હતા. અને જ્યારે કોઈ રોશન ઈન્કિલાબ (ક્રાંતિ) ઉદ્‌ભવ પામે છે તો અંધાર્યુ ટોળુ તેનો વિરોધ જરૂર કરે છે. આપ રબ્બે કાયનાતના પૈગામોની તબ્લીગમાં વ્યસ્ત હતા અને બીજી બાજુ શાંતિ તથા સલામતીના દુશ્મન આપને તકલીફ આપવાના દરેક શકય માર્ગ પર પુરપાટ દોડી રહયા હતા. સતત જુલ્મોથી તંગ આવીને રબ તઆલાના હુકમ પ્રમાણે મુસલમાનોના બે ગૃપ હબ્શા હિજરત કરી ચૂકયા હતા અને વિદેશોમાં પણ મક્કાના સરદારોને ઝિલ્લત તથા રુસ્વાઈનો સામનો કરવો પડયો તો તે સતત હારથી અકળાઈને

વિરોધીઓ પોતાની શકિતમાં એટલા આગળ વધી ગયા કે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم અને તેમના સમર્થકોનો સામાજિક બહિષ્કાર (Social Boycott) કરી દીધો. ઈસ્લામી ચળવળને કમજોર બનાવવા હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની નાકાબંધીનો આ હોલનાક પ્રોગ્રામ દરેક સમજદાર માનવ દિલને ઝંઝોળી કાઢે છે કે શાંતિ તથા સચ્ચાઈની કંદીલો (લેમ્પ) જ્યારે જાહેર થઈ છે તો શૈતાનો, માણસ તથા જિનની તરફથી કેવા કેવા તોફાનો તથા ઝઘડા તેને ઓલવવા માટે ઉપસ્થિત થતા હતા. જેમ કે આ ભયાનક બોયકોટનો મનસૂબો નબવી સન ૭, ઈ.સ. ૬૧૫માં તમામ કબીલાવાળાઓએ એકમતીથી ઘડયો. બગયઝ ઈબ્ને આમિર ઈબ્ને હાશિમે પોતાના હાથથી તેને લખ્યો અને ચાંદની રાતે ખાનાએ કા'બાની અંદરૂની દીવાર પર ચોંટાડી દીધો. એ વાત પર ઉલ્લેખનીય છે કે આ મનહૂસ લખાણના લખનારને રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના દિલની આહ લાગી ગઈ અને તેના બંને હાથો કાયમ માટે લકવાગ્રસ્ત થઈ ગયા. એક રિવાયત એ પણ છે કે મન્સૂર ઈબ્ને અકરમાએ લખ્યું હતું અને આ પ્રસંગ તેની સાથે બન્યો.

આ કરારે તમામ કુરૈશી કબીલાઓને હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના અનુયાયીઓ તથા બની હાશિમના વિરૂધ્ધ પાબંદ કરી દીધા હતા કે કોઈ તેની વિરૂધ્ધ વર્તન કરીને આપનો હિમાયતી (સમર્થક) ન બને, જેથી ઈસ્લામની તેહકીક (ચળવળ) દમ તોડી નાખે. (મઆઝલ્લાહ !) ખૂદ બની હાશિમની વ્યકિત અબૂ લહબ તથા અબ્દુલ ઉઝ્ઝા ઈબ્ને અબ્દુલ મુત્તલિબ તેનો સમર્થક હતો. એ કરારના મુખ્ય મુદ્દાઓ આ પ્રમાણે હતા :–

(૧) જો બની હાશિમ મુહમ્મદ (صلی اللہ تعالیٰ علیہ وسلم)ને કત્લ કરવા માટે આપણા હવાલે નથી કરતા તો તેમનો સંપૂર્ણ સમાજિક બહિષ્કાર કરવામાં આવે.

(૨) તે સૌની સાથે સગાઈ સંબંધના તઅલ્લુક કાપી નાખવામાં આવે.





(૩) તેમને ન કાંઈ વેચવામાં આવે ન તો તેમની પાસેથી કાંઈ ખરીદવામાં આવે, અને ન તેમની સાથે કોઈ ચીજની લેણ દેણ કરવામાં આવે.

(૪) તેમના માટે ખાવા પીવાની ચીજો પૂરી પાડવામાં ન આવે અને તેમને પહોંચે તેવા તમામ માર્ગો બંધ કરી દેવામાં આવે.

(૫) તેમની સાથે મેળ મેળાપ આવજા તદ્દન બંધ કરી દેવામાં આવે.

(૬) તેમને તે પહાડી ઘાટીમાં ઘેરી રાખવામાં આવે. ગલી બજારમાં ફરવા દેવામાં ન આવે.

## ★ કઠિનાઈઓની વણઝાર ★

હુઝૂરે અકરમ અને આપના સાથીઓ અને સમર્થકોના માટે આ મુકાબલો ખૂબ જ કઠિનાઈઓથી ભરપૂર, સબ્રનો પરિક્ષક અને અસહ્ય હતો. આપ તથા આપના અહલે બયૂત, સહાબા તથા જાંનિસારો તથા આપની હિમાયત કરવાથી ન હટનારા બનૂ હાશિમના માણસોને જુલ્મના તે સકંજામાં કસવામાં આવ્યા અને ત્રણ વરસનો અરસો આઝમાઈશ અને ઈમ્તેહાનમાં પસાર થયો. જેનો દરેક દિવસ મુસીબતનો દિવસ અને દરેક રાત ગમની રાત હતી. એને પણ ખુદાની ગયબી હિમાયત જ કરીશું કે ઉમ્મુલ મો'મિનીન હઝરત સૈયેદેના ખદીજતુલ્ કુબરા رضی اللہ عنہا એ આ કિયામતખેઝ સમયમાં ઈસ્લામ અને પયગંબરે ઈસ્લામ صلی اللہ تعالیٰ علیہ وسلم પર પોતાની દૌલત તથા સંપત્તિ દિલ ખોલીને નિછાવર કરી. તે લોકો માટે શહેરનો દરવાજો બંધ હતો અને આપસી સંબંધો, લેણદેણ, ખરીદ વેચાણ પર સખત પહેરો લાગેલો હતો. અબૂ તાલિબની ઘાટીમાં ઈસ્લામના શયદાઈઓ શમ્એ રુખે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની આસપાસ વિટળાયેલા હતા. અલબત્ત વરસ દરમ્યાન જ્યારે હજજનો સમય આવતો તો પૂરાણા કુરૈશના ઉસૂલ પ્રમાણે તે બહિષ્કાર પામેલાઓ પરથી પણ બંધી ઉઠી જતી અને આપ બહારથી આવનારાઓમાં ઈસ્લામની દઅ્વત લઈને

પહોંચતા.

સીરતે ઈબ્ને હેશામમાં છે :–

"હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم આપના સહાબીઓ અને કુટુંબીઓની આ કૈદી તથા પાબંદીનો જમાનો એટલો સખ્ત હતો કે બહિષ્કૃત થયેલા પર જિંદગીનો સમય તંગ થઈ ગયો. તે લોકો સુધી ખાવા પીવાની ચીજો પહોંચી શકતી ન હતી. કદી કદી કોઈના દિલમાં હમદર્દીનો જઝબો જાગતો તો છુપી રીતે ખાવા પીવાનો સામાન કોઈ રીતે પહોંચાડી પણ દેતો હતો. હઝરત ખદીજા رضی اللہ عنہا ના બહેનના પુત્ર હકીમ ઈબ્ને હેઝામ ઈબ્ને ખોવૈલદ એકવાર ઘઉંની એક કોથળી એક છોકરાના માથા પર મૂકાવીને ઘાટીમાં પહોંચ્યા. અબૂ જહલે ઈબ્ને હેશામને જોઈ લીધા અને ઝપટી પડયો કે તમે આવું નથી કરી શકતા ! હું મક્કાવાસીઓને ખબર કરું છું ! પછી તમારે બેઈજજત થવું પડશે. અબુલ બખ્તરીએ સાંભળ્યું તો કહ્યું, એને તેની ફોઈનું આ અનાજ મેં મોકલ્યું છે, એ મારી પાસે પડેલુ હતું, એને લઈ જવા દો. પણ તે ન માન્યો અને ઝઘડો કરવા લાગ્યો. અબુલ બખ્તરીએ ગુસ્સામાં આવીને ઊંટનુ હાડકુ ફટકારી દીધું અને પગોથી કચડી કચડીને અબૂ જહલને અધમૂઓ કરી દીધો, અને અનાજ પહોંચાડી દીધુ.

## ★ મુસીબતની ભઠ્ઠીમાં ઈમાનનો નિખાર ! ★

તંગદસ્તી તથા ભૂખ પ્યાસની અસરથી બહિષ્કાર પામેલાઓ બેકરાર હતા. હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે ખાવા પીવાનુ કાંઈ ન હતું. અબૂ તાલિબના હાથ પણ ખાલી થઈ ચૂકયા હતા. ઉમ્મુલ મોમિનીન હઝરત ખદીજતુલ કુબરા અને સહાબાએ કિરામ પણ તંગદસ્ત (કંગાળ) થઈ ચૂકયા હતા. અને વાદીએ અબૂ તાલિબની પાછળથી બાળકોના રડવાનો તથા ધ્રુસ્કાં ભરવાનો અવાજ તથા આહોઝારીના અવાજો ઉઠી રહ્યા હતા. કમજોરી તથા અશકિતના કારણે લોકોનું એકબીજા સાથે વાત કરવું પણ મુશ્કેલ





થઈ રહ્યું હતું. એ અરસામાં કોઈને જો કોઈ સૂકા ચામડાનો ટૂકડો મળી જતો તો તે તેને ચાવવાનુ શરૂ કરતો. દાણા પાણી વિનાના વિસ્તારમાં ઝાડો કે ઘાસ પણ ન હતી કે તેને ચાવી જતા. આ બદહાલીથી મક્કાના સમજદાર અને હમદર્દનાં દિલો પીગળી રહ્યાં હતાં. આ તરફ આજમાઈશ અને ફાકાકશીની ભઠ્ઠીમાં તપીને ઈમાનવાળાઓનાં દિલો ઓર સાફ તથા મજબૂત થઈ રહ્યાં હતાં. ઈરાદા તથા અડગતાની તલવાર પર ચમક વધતી જઈ રહી હતી અને શોખ તથા હોંસલામંદીમાં ઓર વધારો થઈ રહ્યો હતો. એવામાં અલ્લાહ તરફની વહીએ સર્વ મુસીબતોની બેડીઓ કપાવાની ખુશ ખબરી સંભળાવી દીધી કે જુલ્મો તથા સખ્તીઓનું જે કરારપત્ર કા'બાની દીવાલ પર લટકેલુ હતું તેના પર કુદરતે ઉધઈ લગાડી દીધી, જેણે સર્વ લખાણોને ચાટી કાઢયાં, કેવળ અલ્લાહ બાકી રહ્યો, હય્યૂ કૈયૂમ ખુદાનું નામ જે અનાશવંત અને અમૃત છે.

અબૂ તાલિબે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મુબારક ઝબાનેથી આ ખુશ ખબરી સાંભળી તો કુરૈશની પાસે ગયા અને ચેલેંજના રૂપે કહ્યું કે, મારા ભત્રીજાએ એ દાવો કર્યો છે કે (અને યકીનન તેણે કદી કોઈ ગલત વાત નથી કહી) અને જો યકીનન એ વાત સાચી ઠરી તો તમે લોકો એના અનુસંધાનમાં જુલ્મ તથા સખ્તીથી રોકાઈ જાવ. અને જો ગલત સાબિત થયું તો હું તેમને તમારા હવાલે કરું છું. તો કાફિરો બોલ્યા કે હવે તમે કાંઈક ઈન્સાફની વાત કહી !

સૌએ કા'બામાં પ્રવેશીને દસ્તાવેજને જોયો તો આપના ફર્માન મુજબ કેવળ અલ્લાહનુ નામ બાકી રહ્યું હતું અને કાફિરો મુશ્રિકોના સર્વ લખાણને ઉધઈએ ખાઈ લીધુ હતું. દુશ્મનોએ શરમના માર્યા પોતાની ગરદનો ઝુકાવી લીધી. કુરૈશના કબીલાવાળા આપસમાં જ એકબીજાને તાણા મારવા લાગ્યા. મોઅતમ ઈબ્ને અદી, અદી ઈબ્ને કૈસ, ઝમ્આ ઈબ્ને અસ્વદ, અબુલ બખ્તરી ઈબ્ને હેશામ અને ઝહીર ઈબ્ને અબૂ ઉમૈયા એક સાથે હથિયારો લગાડીને

અબૂ તાલિબના વિસ્તારમાં આવ્યા અને તેમણે બહિષ્કૃત થયેલાઓને પોત પોતાના ઘરોમાં જવા કહ્યું." (સીરતે હેશામ, ભાગ–૨, પેજ–૨/૧૭/૧૯)

જુલ્મ તથા દુશ્મનીનો આ ત્રણ વરસનો ગાળો પણ અમ્ન તથા ઈન્સાનિયતના હકીકી પયગંબરે સબ્ર તથા સહનશકિતથી ખુશ ચહેરે ગુજારી દીધો. અને અડગતા તથા નિશ્ચયમાં રજમાત્ર ઉણપ આવવા ન દીધી.

**સૈલાબે ગમો આલામમેં ભી, ઈસ્લામકી કશ્તી પાર લગી**
**તુફાન અઝાઈમ ખો બૈઠા, મૌજોંકી રવાની પસ્ત હૂઈ**(બદર)

## ★ તાઈફની સફર અને મુસીબતો ★

રસૂલે અકરમ ﷺની તાઈફની સફર પણ સીરતનાં પૃષ્ઠોમાં ખૂબ જ મહત્વનું સ્થાન ધરાવે છે. આ સફર આપે જમાદીઉલ આખર અથવા શવ્વાલમાં નબુવ્વતના એલાનના દસમા વરસે ઈ.સ. ૬૨૦માં કરી. એ પણ ધ્યાનમાં રાખશો કે આપના સૌથી અહંમ ખાનદાની સમર્થક કાકા અબૂ તાલિબ અને જીવન સંગિની ખદીજતુલ કુબરા માહે રમઝાનુલ મુબારકમાં કેવળ ૩ કે ૫ દિવસના અંતરે ઈન્તેકાલ કરી ચૂકયાં છે. જો તાઈફની સફરના બારામાં શવ્વાલની રિવાયતને સ્વીકારીને જોવામાં આવે તો હમદર્દ પત્ની તથા મહેરબાન કાકા બંનેની વિદાયનો ઝખ્મ હજી તાજો જ હતો. અને તેને રુઝાવાને માટે મહીનાઓ કે વરસનુ મલમ પણ મળ્યુ ન હતું કે એટલામાં મક્કાની જાહિલ રાજરમતે એક નવુ રૂપ ધારણ કરી લીધું તે એ કે અબૂ તાલિબાના મૌત પછી મુશ્રિકોએ અબૂ લહબને પોતાનો સરદાર બનાવી લીધો. અને અબૂ લહબે રાજ્યસત્તા સંભાળતાં જ સૌથી પ્રથમ કદમ એ ઉઠાવ્યું કે રસૂલ અકરમ ﷺને બનૂ હાશિમના ગ્રુપમાંથી બહાર કરી દીધા. અબૂ લહબ અને દારુન્નદવા પાર્લામેન્ટનો આ ફેંસલો ત્યાંના કંગાળ સ્થિતિના મુસલમાનો અને વિશેષતઃ રસૂલ અકરમ ﷺ ના





હક્કમાં ખૂબ જ ગંભીર હતો. એ સમયમાં મક્કા તથા અન્ય અરબના શહેરોમાં કોઈ બાકાયદા હુકૂમત તો ન હતી પણ કબીલાઓની વ્યવસ્થાનો રિવાજ હતો કે દરેક ઈજ્જતદાર રહેવાસી કોઈ ખાનદાનનો મેમ્બર હતો. એવું ન હોવાની સ્થિતિમાં તેને કોઈ પણ કત્લ કરી શકતુ હતું અથવા ગુલામ ન હોવાની સ્થિતિમાં તેને કોઈ પણ કત્લ કરી શકતુ હતું અથવા ગુલામ બનાવી શકતુ હતુ. એવા શખ્સની ઈજ્જત, આઝાદી, માલ દૌલત મતલબ કે તમામ હક્કો મેહફૂઝ રહેતા હતા. અબૂ તાલિબના વિભાગમાંથી નીકળ્યા બાદ ઈન્સાનિયત અને શાંતિનો મુનાદી માહોલની સિતમગરીઓના હાથોએ એક દાણાપાણી વિનાના વિરાનામાં આવી પડયો હતો. રસૂલે અકરમ ﷺના સીનામાં અલ્લાહની વહીનાં કિરણોથી ધડકનારું દિલ નિશ્ચય તથા અડગતાની કેટલી ભારે ક્ષમતા ધરાવતુ હતું કે આપ લાચારગી તથા આફતો, સતત પરેશાનીઓથી હતાશ થવાને બદલે પોતાના મૂળ લક્ષને પાર પાડવા જાનની બાજી લગાડી દેવામાં પણ અચકાતા નહીં.

**દુશ્વારિયોંમેં ઘિરકે મર્દાને હક્ક નિયૂસ**
**ખૂને જિગર પીલાતે હૈં અઝમે સલામકો** (બદર)

## ★ તાઈફની ભૌગોલિક સ્થિતિ તથા હાલત ★

આવી કઠિનાઈઓથી ભરપૂર હાલતમાં એક અન્ય શહેર (તાઈફ)ના રહેવાસીઓ સુધી ઈસ્લામનો અમ્નો સલામતીનો પૈગામ પહોંચાડવાનો ઈરાદો કર્યો. આ સફરમાં આપની સાથે હઝરત ઝૈદ ઈબ્ને હારિષા હતા.

યોગ્ય જણાય છે કે એ સ્થળ તાઈફની સ્થિતિ સંજોગો તથા ઈતિહાસ અને ધાર્મિક પોઝિશનના બારામાં કાંઈક જાણકારી રજુ કરી દેવામાં આવે. તાઈફ શહેર મક્કાથી દક્ષિણ તથા મગરિબ (નૈઋત્ય)દિશામાં સીધા ચાલીને ૬૫ માઈલ (૧૦૪ કિ.મી.)ના અંતર પર મિના તથા અરફાત થઈને આવે છે. સિયરની રિવાયતો

બતાવે છે કે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ જ માર્ગે થઈને સફર પણ કરી હતી. એ જબલે સિરાતની પહાડીઓ પર આવેલુ પહાડી શહેર છે. સમુદ્રના પટથી તેની ઊંચાઈ પાંચ હજાર ફૂટ બતાવવામાં આવે છે. વર્તમાન તાઈફનો મહત્વનો ભાગ ગઝવાન નામની પહાડી પર આબાદ છે. વર્તમાન તાઈફનો જ એક હિસ્સો ''મુષ્નાત'' પણ છે જે ગઝવાનથી અઢી ત્રણ માઈલના અંતરે છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના જમાનાનું તાઈફ ત્યાં સુધી છે. અહીં બે બાગોની અંદર બે મસ્જિદો બનેલી છે. એકનુ નામ મસ્જિદે અલી અને બીજીનું નામ મસ્જિદે હબ્શી છે. શહેરની સુંદરતા તથા રમ્યતા તે ઊંચી પહાડીઓના કારણે પહેલાના યુગમાં પણ દિલકશ હતી જે ચોતરફથી તેને ઘેરી વળેલા છે. પહાડો સાથે જોડાયેલ આ મકામને ''વાદીએ વજ'' અને પહાડને વજ કહે છે. તાઈફની આબોહવા શુષ્ક ઠંડી છે. પુષ્કળ બાગો જોવા મળે છે, ફળો ખૂબ જ વેચાય છે. દ્રાક્ષ નબવી યુગમાં પણ અહીં ખૂબ થતી હતી અને અહીંથી મક્કા મોકલવામાં આવતી હતી. વરસાદ ખૂબ પડે છે અને ઠંડી પણ ખૂબ પડે છે. કયારેક બરફ પણ જામી જાય છે. ઠંડીની સખ્તીના કારણે અહીં ખજૂર નથી પેદા થતું. (જઝીરતુલ અરબ, ૨૫૯–૬૦–૬૧)

જાહિલિયતના યુગમાં મક્કાની જેમ તાઈફને પણ કેન્દ્રસ્થાન પ્રાપ્ત હતું. મક્કાના સરદારો મોટાઈમાં કોઈને ગણત્રીમાં લાવતા ન હતા પણ તાઈફવાળાઓને તેઓ પોતાના સમતોલ સમજતા હતા. તેની સાબિતીમાં એ કૌલ પણ છે જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને જૂઠલાવતાં મક્કાવાસીઓએ પોતાના તરફથી કહ્યો અને તેને કુર્આને મેહફૂઝ કરી લીધો :–

وَقَالُوْا لَوْلَا نُزِّلَ هٰذَا الْقُرْاٰنُ عَلٰى رَجُلٍ مِّنَ الْقَرْيَتَيْنِ عَظِيْمٍ

''અને કહેવા લાગ્યા, આ કુર્આન બંને વસ્તીઓમાંથી કોઈ મોટા માણસ પર કેમ નાઝિલ કરવામાં ન આવ્યું.'' (સૂ. ઝુખરફ, ૩૧–૪૩)





એમાં **કરીતૈન**થી મુરાદ મક્કા અને તાઈફ છે. નબવી યુગ પહેલાં 'લાત' મૂર્તિની ઈબાદતગાહની હૈસિયતથી પણ મશહૂર હતું. તે દૌરમાં ત્યાંનો પ્રભાવશાળી કબીલો ''ષકીફ'' હતો. તાઈફના અમીરો દૌલત તથા સત્તા અને ખુશ હાલીના સબબે ખૂબ જ ઘમંડી તથા અભિમાની હતા. અને જાગીરદારીના જાહિલાના નિઝામ (બંધારણ)ની ખરાબીઓ તેમની રગ રગમાં રચી વસી ગઈ હતી. અલ્લાહની દા'વતનો ફરીઝો અંજામ આપવા માટે દરેક દૌરના અલ્લાહના પ્રતિનિધિઓ સમયના ફિરઔન તથા નમરૂદની સાથે ટકરાતા આવ્યા છે, એ સુન્નતે ઈલાહિયાની ઉત્તમ પ્રકારની પરિપૂર્ણતા હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم માં જોવા મળે છે.

## ★ કાચ તથા મોટો હથોડો ★

આપે તાઈફના સરદારો સાથે ચર્ચા કરી. તેમની સમક્ષ ઈસ્લામનો પૈગામ રજુ કર્યો. અબ્દયા લૈલ, મસ્ઊદ અને હબીબ, અમ્રના ફરઝંદો તે સમયે સરદાર હતા. તેમણે આપની દાવત તથા ચળવળ પર વિચાર ચિંતન કે ધીરજથી સમજપૂર્વક કામ લેવાને બદલે મઝાક મશ્કરીભર્યું વર્તન કર્યું અને તિરસ્કાર તથા બેઈજ્જતીથી અમનો સલામતીના પૈગામને ઠુકરાવી દીધો. આ સરદારો સિવાય શહેર અન્ય જાણીતા લોકોને પણ આપે સંબોધન કર્યું. પણ તે વખતે નરમ તથા નાઝુક નબવી વક્તવ્યના તરીકાની પાંખડીઓનો વાર સાફ તથા સુથરા હીરાઓ પર ન હતો બલ્કે જાહિલ શિર્ક તથા દુશ્મનીના બંધારણવાળી ભારે ભરખમ ચટ્ટાનો પર હતો, જેને લોખંડી હથોડા વડે જ ભૂકો કરી શકાય છે. ષકીફના સરદારોમાંથી એકે મઝાક ઉડાવતાં કહ્યું, ''શું ખુદાને પોતાનો રસૂલ બનાવવા માટે તમારા સિવાય બીજુ કોઈ ન મળ્યું ?'' બીજાએ કટાક્ષ કર્યો કે; ''ખુદાની કસમ ! હું કદી પણ તમારી સાથે વાત કરીશ નહીં ! કેમ કે જો તમે તમારા દાવા પ્રમાણે નબી હોઉ તો પછી તમારી શાન એનાથી ખૂબ જ ઊંચી છે કે હું તમારી સાથે બોલું. અને જો

તમે ખુદા પર ઈલ્ઝામ લગાડી રહ્યા છો તો આક્ષેપકાર સાથે હું વાત કરું ?!''

શબ્દો તથા વાણીના આ તીરો પર જ ન અટકયા બલ્કે ઉમૈરી સરદારોએ તોફાની છોકરાઓ તથા ગુલામો અને ગુંડાઓને તૈયાર કરીને આપની પાછળ લગાડી દીધા જેમણે હુરીયો બોલાવીને આપને મારવાનુ શરૂ કર્યું. કાંકરા, પથ્થર અને ગાલી ગલોચની વર્ષા કરી અને શહેરના કિનારાઓ સુધી પહોંચાડીને મારતાં મારતાં દીવારોમાં ઘસાવી દીધા. શરીર મુબારક લોહી લોહાણ થઈ ગયું, લોહી વહી વહીને પગરખાં મુબારક સુધી પહોંચ્યું. એટલે સુધી કે પગો લોહીના કારણે જોડામાં ચોંટી ગયા. હુઝૂર આ જુલ્મ તથા સખ્તી દરમ્યાન ઝખ્મોથી ચૂર થઈને જમીન પર બેસી જતા તો તે જાલિમો આપને બળજબરીથી ઉભા કરી દેતા હતા અને બદતમીઝીનું તાંડવ ખડુ કરતા. રસૂલે આ'ઝમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના જિસ્મે અતહર (પવિત્ર શરીર) પર એ પ્રસંગે જે તકલીફો આવી અને મુબારક દિલ જેટલા પ્રમાણમાં ઘાયલ થયું એથી પહેલાં કદી થયુ ન હતું.

## ★ અદાસનો હક્ક સ્વીકાર ★

હઝરત ઝૈદ પોતે પણ ઝખ્મોથી ચૂર ચૂર હતા. જ્યારે બદમાશોની ટોળી આપને ફેંકીને જતી રહી તો ઝૈદ બિન હારિષાએ આપને રબીઆના ફરઝંદો ઉત્બા તથા શૈબાના બાગમાં એક ઝાડના છાંયડામાં એક ઝાડના છાંયડા નીચે બેસાડયા. સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની આવી કફોડી હાલત જોઈને ઉત્બા તથા શૈબા જેવા સંગદિલ કાફિરોને પણ દયા આવી ગઈ. તેમણે પોતાના ગુલામ અદાસને એક થાળીમાં દ્રાક્ષ રાખીને મોકલ્યો. અદાસ ઈસાઈ હતો. તેણે જ્યારે દ્રાક્ષ પેશ કરી તો આપે બિસ્મિલ્લાહ શરીફ પઢીને ખાધી. અદાસને આ સાંભળીને ખૂબ જ આશ્ચર્ય થયું. તેણે કહ્યું, અહીંના લોકો તો એવું નથી કહેતા ! તો સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેનું નામ





અને વતન પૂછયું. તેણે પોતાનુ નામ લઈને જણાવ્યું કે હું નૈનવા (ઈરાક)નો રહેવાસી છું, હું ઈસાઈ છું. સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, તમે અલ્લાહના ચહીતા પયગંબર યૂનુસ ઈબ્ને મત્તા علیہ الصلوٰۃ والسلام ના હમવતન છો. અદાસ ઓર આશ્ચર્યમાં પડી ગયો અને બોલ્યો, હઝરત યૂનૂસ علیہ الصلوٰۃ والسلام ના બારામાં તમને આ બધી ખબર શાથી થઈ ? આપે ફર્માવ્યું, તે મારા દીની ભાઈ છે, તે પણ ખુદાના નબી હતા અને હું પણ ખુદાનો નબી છું. અદાસ આ સાંભળીને ઝુકી ગયો અને અકીદત તથા મહોબ્બતની સાથે આપના સર મુબારક, હાથ મુબારક તથા પગો મુબારકને ચૂમવા લાગ્યો. ઉતબા તથા શૈબાએ દૂરથી આ દ્રશ્ય જોઈને આપસમાં કહ્યું, તેણે તો ગુલામને આકર્ષી લીધો ! જયારે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાસેથી અદાસ પાછો વળ્યો તો તેમણે પૂછયું, અદાસ ! તને શું થઈ ગયું હતું ! કે તેમના હાથ પગ ચૂમવા લાગ્યો હતો ?! અદાસે જવાબ આપ્યો, હે મારા આકા ! પૃથ્વીના પટ પર એમનાથી બેહતર કોઈ નથી ! મને તેમણે એ વાતની ખબર આપી છે જેને નબી સિવાય કોઈ નથી બતાવી શકતું. તે બોલ્યા, અદાસ ! તારા પર અફસોસ છે ! કયાંક એવું ન બને કે તે તને દીનથી ફેરવી નાખે, જયારે કે તારો દીન તેમનાથી બેહતર છે.

## ★ તાઈફની દુઆ ★

તાઈફની વાદીએ ઝખ્મી થઈને કફોડી સ્થિતિમાં, લોહીથી લથપથ લિબાસ સાથે, લોહીથી ભરાયેલ નાલૈન (પગરખાં) સાથે ઝૈદ ઈબ્ને હારિષાએ સંભાળીને જયારે આપને બેસાડયા, ચહેરા મુબારક પરના ઘાઓ અને શરીર પાકનાં ઝખ્મો, લોહીના ધબ્બાઓ પર નજર પડી તો રડી પડયા અને અર્ઝ કરી, આપ તેમના હકમાં બદદુઆ કરો ! પણ રસૂલે રહમત મીનારે રુશ્દો હિદાયત, સરાપા કરમો રાફત صلی اللہ تعالیٰ علیہ وسلم એ બદ દુઆ ન કરી બલ્કે આ દુઆ માંગી :–

હે મારા અલ્લાહ ! હું તને જ શિકાયત કરું છું મારી

કમજોરી અને બેકસીની અને લોકોમાં ઝિલ્લત તથા રુસ્વાઈની. હે સૌથી અધિક રહમ ફર્માવનાર ! તું જ અર્હમુર્રાહિમીન છે ! મને કોના હવાલે કરે છે ! કોઈ અજનબી બેગાનાના જે મને દુઃખ આપીને બદમિજાઝ બને છે, મોઢું ચડાવે છે અથવા કોઈ દુશ્મનના કે જેને તેં મારા પર કાબૂ આપી દીધો. હે અલ્લાહ ! જો તું મારાથી નારાજ નથી તો મને કોઈની પણ પરવા નથી, તું મારા માટે પૂરતો છે. હું તારી કુદરતની ચમકના તુફૈલ જેનાથી તમામ અંધકારો રોશનીમાં ફેરવાઈ ગયા અને જેનાથી દુનિયા તથા આખેરતના સર્વ કામો દુરુસ્ત થઈ જાય છે, એ વાતથી પનાહ માગું કે મારા પર તારો ગઝબ થાય અથવા તું મારાથી નારાઝ થાય ! તારી નારાજગીને ત્યાં સુધી દૂર કરવી જરૂરી છે કે જ્યાં સુધી તુ રાજી ન થઈ જાય. અને અલ્લાહ અલીય્યીલ અઝીમ સિવાય કોઈ તાકાત છે ન કુવ્વત.'' (તિબ્રાની, ભાગ–૨, પેજ–૩૫)

## ★ મુત્ઈમની હિમાયત ★

તારીખે તિબરીમાં છે કે તાઈફની સફરેથી પાછા ફરતાં માર્ગમાં જ આપે અખ્નસ ઈબ્ને શરીક અને સુહૈલ ઈબ્ને અમ્રથી એક પછી એક પૂછાવ્યું કે તમે લોકો મને તમારી પનાહમાં લઈ શકો છો કે જેથી હું મક્કામાં મારું દીની મિશન ચાલુ રાખી શકુ ? પણ તે બંનેવે ઈન્કાર કરી દીધો. છેવટે આપે એ જ દાવત મુત્ઈમ બિન અદીની પાસે મોકલી. તેણે આપની રજુઆતને માન્ય રાખી અને પૈગામ મોકલ્યો કે આપ મક્કા આવી જાવ, હુઝૂરના મક્કા પહોંચ્યા બાદ મુત્ઈમ પોતાના બેટાઓ, ભાઈ, ભત્રીજાઓની સાથે હથિયારથી સજ્જ થઈને હરમમાં દાખલ થયો અને એલાન કર્યું કે મુહમ્મદ (صلى الله تعالى عليه وسلم)ને હું મારી પનાહ (શરણ)માં લઉં છું ! તેમનું ખૂન મારું ખૂન અને તેમની ઈજ્જત મારી ઈજ્જત છે. આ રીતે રસૂલે અકરમ صلى الله تعالى عليه وسلم એ ફરીથી મક્કામાં રોકાણ કર્યું. માનવ ઈતિહાસના મહાપુરૂષોની જિંદગીઓની સરખામણીમાં





સીરતે રસૂલે આ'ઝમ صلى الله تعالى عليه وسلم દર્દ તથા તકલીફોનો સમુહ જણાય છે.

**સબ ચમકવાલે ઉજાલોંમે ચમકા કીયે**
**અંધે શીશોંમેં ચમકા હમારા નબી صلى الله تعالى عليه وسلم** (રઝા)

## ★ હિજરત વેળાએ કાફિરોના સિતમો ★

રસૂલે અકરમ صلى الله تعالى عليه وسلم પર કરવામાં આવેલા સિતમોની યાદીમાં મદીનાની હિજરતના પ્રસંગો કાફિરોના હલાકતખેઝ (જીવલેણ) મનસૂબાઓ પણ છે.

ખુદા તઆલાના હુકમાનુસાર મોટા ભાગના સહાબાએ કિરામ મદીના હિજરત કરી ચૂકયા હતા. કુરૈશે અંદાઝો લગાડયો કે નજીકમાં જ આપ પણ મક્કા છોડીને મદીના તૈયેબહને પોતાની ચળવળનુ કેન્દ્ર ઠરાવશે. અને તેમને ભય હતો કે જુલ્મો સિતમના જે પહાડો અમે રસૂલે અકરમ صلى الله تعالى عليه وسلم અને તેમના સહાબા (رضى الله عنهم) પર ખડા કર્યા છે તો મુસલમાનોની જડો મજબૂત થતાં અમારે એક એકનો હિસાબ ચૂકવવો પડશે. તેમજ જાહિલી જલન તથા હસદની આગ તેમને અંદરથી સળગાવી રહી હતી કે જે ચીજને અમે કેવળ મામૂલી છોડ સમજીને ઉખેડી ફેંકવામાં પોતાનું પૂરું જોર વાપરી ચૂકયા છીએ તે આજે વિકસીત ભરચક વૃક્ષ બનવા જઈ રહ્યું છે. જેને અમે બેઈજ્જત કરવાની કોશિશ કરી તે સર્વ મુસીબતો તથા દુઃખોને કચડીને ઈજ્જતની મંઝિલ પર પહોંચવા જઈ રહ્યો છે.

## ★ દારુન્નદવાની મંત્રણા ★

મક્કાના તંગ વાતાવરણમાં ઈસ્લામે જ્યારે આટલી મજબૂત પ્રગતિ કરી તો જ્યારે ખુલ્લા વાતાવરણમાં માનવતાના ઘડતરનો આ સંદેશ ફેલાશે તો પછી એને કન્ટ્રોલ કરતાં કેટલી વાર

લાગશે ? પછી અમારું શું થશે ? પછી અમારા હોદ્દાઓ, સ્થાનો અને સરદારીની ખુશીઓનું શું થશે ? જેથી કુસી ઈબ્ને કિલાબના ઘરે જે કુરૈશી સરદારોનું પાર્લામેન્ટ હાઉસ હતું, જેનું નામ દારુન્નદવા હતું તેમાં એક મિટિંગ બોલાવવામાં આવી, જેમાં કુરૈશના સર્વ કબીલાઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો. તેમનાં નામો આ પ્રમાણે છે :–

(૧) ઉત્બા તથા શૈબા (રબીઆના પુત્રો)––બનૂ ઉમૈયાના તરફથી.

(૨) ઉમૈયા ઈબ્ને ખલ્ફ–––બનૂ જમઅની તરફથી.

(૩) અબૂ જહલ ઈબ્ને હેશામ–––બનૂ મખ્ઝૂમની તરફથી.

(૪) તુઐમા ઈબ્ને અદી, જુબૈર ઈબ્ને મુઅ્તિમ અને હારિષ ઈબ્ને આમિર–––બનૂ નૌફલની તરફથી.

(૫) અબુલ બખ્તરી ઈબ્ને હેશામ, ઝમ્આ ઈબ્ને અસ્વદ અને હકીમ ઈબ્ને હેઝામ–––બનૂ અસદ ઈબ્ને અબ્દુલ ઉઝ્ઝા તરફથી.

(૬) નઝર ઈબ્ને હારિષ ઈબ્ને કલ્દા–––બનૂ અબ્દુદ્દારની તરફથી.

(૭) નબિય્યહ્ અને મુનબ્બિહ હેજાજના પુત્રો–––બનૂ સહમની તરફથી.

આ મજલિસે શૂરા (સલાહ સમિતિ)ની અંદર પણ અબૂ તાલિબના ખાનદાનને કૈદ કરવા અને કબીલા બની હાશિમથી ખારિજ (બહાર) કરવા જેવી જ અતિશય ખતરનાક અને ભયાનક તજવીજો સામે લાવવામાં આવી.

(૧) રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને પગોમાં બેડીઓથી જકડીને કોઈ અતિ અંધાર્યા સ્થળે કૈદ કરી દેવામાં આવે.

(૨) આપને તડીપાર કરવામાં આવે.

(૩) આપને કત્લ કરી દેવામાં આવે.

આખરી તજવીજ પેશ કરનાર મશહૂર દુશ્મને રસૂલ અબૂ





જહલ હતો એ આખરી તજવીજને જ સર્વસંમતિથી મંજૂર કરીને તેને અમલમાં મૂકવાનો તરીકો એ થયો કે તમામ કબીલાઓએથી એક એક યુવાનની પસંદગી કરવામાં આવે તે લોકો આપના ઘરને ઘેરો ઘાલે અને જ્યારે હુઝૂર બહાર નીકળે તો સૌ મળીને એકી સાથે હુમલો કરી દે અને આપનુ કામ તમામ કરી દે.

આ પ્રમાણે આપના નાહક ખૂનના છાંટા તમામ કબીલાવાળાઓ પર વહેંચાય જાય. કુર્આન શરીફ આ પ્રસંગને આ પ્રમાણે વર્ણવે છે :–

"અને યાદ કરો જ્યારે છુપી તદબીરો કરી રહ્યા હતા આપના બારામાં તે લોકો જેમણે કુફ્ર કર્યું હતું. જેથી તમને કૈદ કરી દે અથવા કત્લ કરી દે અથવા તડીપાર કરી દે. તેઓ પણ છુપી તદબીરો કરી રહયા હતા અને અલ્લાહ પણ છુપી તદબીરો કરી રહ્યો હતો અને સૌથી બેહતર છુપી તદબીર કરનારો છે." (સૂ. અન્ફાલ, ૩૦/૮) [સીરતે ઈબ્ને હેશામ, ભાગ–૧, પેજ–૨૬૪–૬૫, તબ્કાત ઈબ્ને સઅદ, ભાગ–૧, પેજ–૫૧ વગેરે]

## ★ નૂર તથા અંધકારની લડાઈ ★

ગુમરાહીઓ, અંધકારો અને ઘટાટોપ અંધારાંઓ રાત ભર પોતાની મજબૂતીના મનસૂબાઓ રચતાં રહે છે પરંતુ સવારનાં તેજ કિરણો અંધકારના ગાઢ પડદાને ચીરી નાખે છે. કુદરતનું બંધારણ છે કે સૂરજ તેના સમયે નીકળે છે, અંધકારો કયાં ગાયબ થઈ જાય છે તેની કોઈ ભાળ મેળવનારો પણ નથી રહેતો ! આ બાજુ ખુદા દુશ્મન કૌમો પોતાની સર્વ શૈતાની સ્કીમોનું સેટીંગ કરી રહી હતી તો બીજી બાજુ ખુદાઈ ઈર્શાદ પોતાના કુદરતી મિશનની પરિપૂર્ણતામાં લાગેલ છે. રબ ફર્માવે છે :–

يُرِيدُونَ لِيُطْفِئُوا نُورَ اللَّهِ بِأَفْوَاهِهِمْ وَاللَّهُ مُتِمُّ نُورِهِ وَلَوْ كَرِهَ الْكَافِرُونَ

"તેઓ ઈચ્છે છે કે ખુદાની રોશનીને મોંઢા વડે બુઝાવી દે, જો કે ખુદા પોતાની રોશનીને પૂરી કરીને રહેશે,

ભલે કાફિરો નાખુશ થાય.'' (અન્ફાલ, ૩૦/૮)

## ★ રસૂલે રહમત તલ્વારોની છાંવમાં ★

દારુન્નદવાની મિટિંગ પૂરી થઈ. મક્કાના મુશ્રિકો ખૂબ જ સાવધાનીપૂર્વક પોતાના મન્સૂબાને પૂર્ણ કરવા કાર્યરત થઈ ગયા. આ બાજુ પોતાના ઘરમાં ખુદાનો ચહીતો રસૂલ પોતાના પરવરદિગારની સૂચના તથા હુકમની રાહ જોઈ રહ્યો છે. સહાબાએ કિરામ અને ઈસ્લામના જાંનિસારોથી મક્કા ખાલી થઈ ચૂકયું છે, ગણ્યા ગાંઠયા થોડાક લોકો બાકી રહી ગયા છે જેમને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની હિજરતમાં મદદગાર બનવાનું રબ્બુલ આલમીન તરફથી મુકદ્દર ઠરી ચૂકયું છે. એટલા માટે તો ઘણા પહેલાંની વાત છે કે સૈયેદના અબૂબક્ર અને સૈયેદના હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને હુઝૂરના તરફથી હિજરતની ઈજાઝત આપવામાં આવી ન હતી. સરકારે અબૂબક્રને ફર્માવ્યું :

''ઉમ્મીદ છે કે મને રબ તઆલા તરફથી હિજરતની ઈજાઝત મળશે.''

છેવટે રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને જિબ્રઈલે અમીન علیہ الصلوٰۃ والتسلیم એ રબ્બે કાયનાતની તરફથી હિજરતનો પૈગામ સંભળાવ્યો. તે એક ચમચમાવતી બપોર હતી. તે દિવસોમાં રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم સવાર સાંજ બે વાર સિદ્દીકે અકબરના ઘરે જતા રહેતા હતા. એ જ પ્રમાણે એક દિવસે તેજ તાપ અને ગરમાગરમ બપોરે હુઝૂરના આગમને સિદ્દીકનાં ઘરવાળાંને ચિંતિત કરી દીધાં. કસમયે આગમનનું કારણ જાણવા સૌ બેચૈન થઈ ગયાં. સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એકાંત ચાહ્યું. સૈયેદના સિદ્દીકે અકબરે અર્ઝ કરી, ઘરમાં આપની ખાદિમા જ છે. પછી હુઝૂરે ફર્માવ્યું, શું તમને ખબર છે કે મને હિજરતની ઈજાઝત મળી ગઈ ? સિદ્દીકે અકબર તો આ ખુશખબરીનો ઈંતેઝાર જ કરી રહ્યા હતા, જેથી ખુશ થઈને પૂછયું : મારાં બાપ આપના પર કુર્બાન થાય ! સરકાર ! હું પણ તો સાથે જ





ચાલીશ ને ! આપે ફર્માવ્યું, હા ! અબૂબક્ર સિદ્દકે આ પ્રસંગને માટે બે ઊંટણીઓ બાવળનાં પાંદડાં ખવડાવી ખવડાવીને તૈયાર રાખી હતી. તે ખિદમતમાં પેશ કરી. હુઝૂર ઘણા જ ખુશ થયા. પ્યારા આશિકેઝાર સિદ્દકે અકબરે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! એક ઊંટણી આપના માટે છે અને એક મારા માટે. હુઝૂરે ઘણી જ ઈનાયતપૂર્વક ફર્માવ્યું કે ઠીક છે ! પણ કિંમત લેવી પડશે. જાનિષાર અબૂબક્રએ અર્ઝ કરી, મારાં માં બાપ તમારા પર કુર્બાન થાય ! સર્વ કાંઈ તો હુઝૂરનું જ છે. ગમે તેમ પણ જાનિષારે ઈન્સાનિયતના અદ્લ તથા ઉસૂલ (હુઝૂર)ની પેશકશ માનવી પડશે.

ઘરે પાછા આવીને હુઝૂર રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મક્કાવાસીઓનો તમામ અમાનતનો માલ સૈયેદેના અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને સુપ્રત કર્યો અને જેનો જેનો જેટલો જે કાંઈ માલ હતો તે તેમને સોંપ્યા બાદ હિજરત કરવાનો હુકમ આપ્યો.

હવે તે ગંભીર પળ તથા સાવધાનીની ઘડી આવી કે કુરૈશી કબીલાઓની તલ્વારો અને ભાલાઓ અબ્દુલ્લાહના યતીમ, આમેનાના નૂરે ઐન, ખુદા તથા ખુદાઈના મહબૂબ, રહ્મતુલ્લિલ્ આલમીન صلی اللہ تعالیٰ علیہ وسلم ના લોહીમાં તરવા માટે બેકરાર છે. કાશાનાએ નબુવ્વતની ચારેવ બાજુ બહાદુરોની ટોળીઓ ગશ્ત કરી રહી છે. તલ્વારોની ચમક, ભાલાઓની દમક, તીરોની તિવ્રતા, નજરોની તીખાશ જાહિલિયતના ઈતિહાસનો ઘણો જ મહાન જંગમાં સરસાઈ પામવાની તાકમાં છે.

## ★ ચાલ્યા ગયા તે પણ કોઈને ખબર ન થઈ ! ★

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના બિસ્તર પર હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને સૂવડાવ્યા. તેમને પોતાની લીલી ચાદર મુબારક ઓઢાડી. ઘરની ચારે તરફ ખાસ કરીને દરવાજા પર

કુરૈશી સિપાહી આંટા ફેરા અને વાતચીત કરવા સાંભળવામાં મશગૂલ હતા. પગરવથી ચોંકી જતા હતા અને પાંદડાંના ખખડાટ પર તેજ તલ્વાર અને બરછીઓ સંભાળી લેવાની કૈફિયતમાં હતા કે એવામાં સરદારે અરબ તથા અજમ, સરાપા લુત્ફો કરમ, રહમતે હર દો આલમ صلی اللہ تعالٰی علیہ وسلم ખુદાનું પાક નામ લેતા લેતા ઘરથી બહાર કદમ કાઢે છે. સૂરએ યાસીન શરીફની પ્રારંભિક આયતો ઝબાને રિસાલત પર જારી છે.

"અને તેમની ગરદનોમાં તૌક (ગુમરાહી) નાખી દીધા છે. આ તૌક તેમની હડપચી સુધી પહોંચેલા છે. એટલા માટે તેમનાં માથાં ઉપરની તરફ ઉઠેલાં છે અને અમે બનાવી દીધી છે તેમની સામે એક દીવાલ અને તેમની પાછળ એક દીવાલ અને તેમની આંખો પર પડદો નાખી દીધો છે. તેઓ કાંઈ જોઈ નથી શકતા."

فَاَغْشَيْنٰهُمْ فَهُمْ لَا يُبْصِرُوْنَ

અહીં સુધી પઢીને આપે દુશ્મનોના ટોળા પર મુટ્ઠી માટી ફેંકી. કુર્આની તાષીર ઝબાને રિસાલત પર જારી થઈને પોતાના કમાલે પહોંચી ગઈ. સૌ પોતપોતાની જગાએ રહી ગયા અને હુઝૂરે અકદસ صلی اللہ تعالٰی علیہ وسلم ખુદાઈ હિફાઝતમાં ઘરથી બહાર નીકળી આવ્યા.

બે સાંઢણીઓની સાથે સૈયેદેના સિદ્દીકે અકબર હુઝૂરની રાહ જોઈ રહયા હતા. પાણીની મશક, ઝાદે રાહ તરીકે સત્તુ વગેરેની એક પોટલી અને સૈયેદેના સિદ્દીકે અકબરની જીવનભરની કમાણી પાંચ કે છ હજાર દિરહમ સર્વ સામાન એક પોટલીમાં રાખવામાં આવ્યો એ પોટલીઓનાં મોઢાં સૈયેદા અસ્મા બિન્તે અબૂબક્રએ ઉતાવળમાં પોતાના ઈજારબંદના વધારાના ભાગને કાપીને બાંધી દીધાં અને ઝાતુન્ નઝાકતૈનના લકબથી સરફરાઝ થયાં.





## ★ હિજરતની દર્દનાક રાત ★

પંજ શમ્બા (જુમેરાત) ૨૭ સફર નબવી સન ૧૩, ઈ.સ. પ્રમાણે ૧૨–૯–૬૨૨ની આ રાત રસૂલે અકરમો આ'ઝમ صلی اللہ تعالٰی علیہ وسلمની હિજરતની રાત હતી, તે વતનથી જ્યાંની ખાક પર આપનુ બાળપણ ગુજર્યું હતું. જ્યાંની જમીનના દરેક હિસ્સા પર આપના બચપન, જવાનીની શરૂઆતથી અત્યાર સુધીની સેંકડો જઝબાતી દાસ્તાનો અંકિત હતી જેને ભૂલવું આસાન ન હતું. પોતાની વસ્તી, પોતાનું બયાન, પોતાના જન્મ સ્થળ તથા રહેઠાણ, બૈતુલ્લાહ અને હરમે ઈલાહીનો વિસ્તાર છોડીને જતાં સરકારે રહમત સરાપા લુત્ફો રાહત ઉદાસ તથા ગમગીન થઈ ગયા. હરૂરા બજાર પાસે ઉભા રહીને આપે મક્કાની સરઝમીનને (ભૂમીને સંબોધન કરતાં ફર્માવ્યું :–

"હે મક્કા ! તું પાકીઝાતરીન શહેર છે અને યકીનન તું મને દિલથી પ્રિય છે. જો તારા વાસીઓ મને નીકળવા માટે મજબૂર ન કરત તો હું તારા સિવાય બીજે કયાંય વસવાટ ન કરત." (મોઅજમે બુલ્દાન)

દુશ્મનોને આપના નીકળી જવાની જાણ થઈ તો હઝરત અલી અને અસ્મા બિન્તે અબીબક્રને પૂછતાછ શરૂ કરી. અસ્માને અબૂ જહલે તમાચો પણ માર્યો જેનાથી તેમના કાનની હેરીંગ તૂટી ગઈ. (તારીખે તિબરી, ભાગ–૩, પેજ–૧૨૩૪)

પણ કોઈની પાસેથી કોઈ ભાળ ન પામી શકયા. હવે મક્કાનો દરેક કાફિર આગનો ગોળો બનેલો હતો અને એના પર વધારો એ કે દારુન્નદવાથી આમ એલાન થયું કે જે કોઈ મુહમ્મદ (صلی اللہ تعالٰی علیہ وسلم)ને જીવતા પકડી લાવે તેને સો સુર્ખ (લાલ) ઊંટો ઈનામ આપવામાં આવશે. આ ખબરે દરેક માલના લાલચુને પોતાની હિંમત અજમાવવાના માટે ઉશ્કેર્યા. નવયુવાનો ભાલાઓ લહેરાવતા તીરો કમાનો દુરુસ્ત કરતા ઘોડા દોડાવી રહ્યા હતા.

મદીનાની તરફ નીકળનાર દરેક માર્ગને ઘોડાના ટાપો વડે વારંવાર ચગદવામાં આવ્યો. ઝાડીઓ, ઊંચી નીચી જગાઓ વગેરેને તપાસવામાં આવી. નબી કરીમ ﷺ વફાદાર સિદ્દીકને લઈને મક્કાથી ૬ માઈલ દૂર ગારે ષૌરમાં રોકાયા હતા. કાફિરોની એક ટોળી તલાશ તથા જુસ્તજૂ કરતી કરતી તે ગુફાના દ્વાર સુધી જઈ પહોંચી. તેમનો પગરવ હુઝૂર ﷺ તથા સિદ્દીક સાંભળી રહયા હતા. અબૂબક્ર સિદ્દીક તે વખતે ખૂબ ગભરાયા. સરકારે દો આલમ ﷺ નિશ્ચય તથા અડગતાના પયકર હતા અને હિંમત તથા નબવી બહાદુરી આપની રગ રગમાં હતી. આપે તેમને તસલ્લી આપી, **લાતહ્ઝન ઈનલ્લાહમઅના** ''ફિકર ન કરો ખુદા આપણી સાથે છે.''

૧–રબીઉલ અવ્વલ નબવી સન ૧૩ ઈ.સ. ૨૬–૧૨–૬૨માં ત્રણ દિવસ ગારે ષૌરમાં રહયા બાદ ચોથી રાતે પ્લાન પ્રમાણે ઊંટડીઓ આવી ગઈ. એક ઊંટડી પર હુઝૂર ﷺ તથા યારે ગાર હઝરત સિદ્દકે અકબર رضی اللہ عنہ અને બીજી પર અબૂ બક્રના ગુલામ આમિર ઈબ્ને ફહમીરા અને અબ્દુલ્લાહ ઈબ્ને અરીકત જેને સરળ માર્ગ બતાવવા ભાડે લીધો હતો, સવાર થયા અને રહમતો કરમનો કાફલો રવાના થયો. માર્ગમાં જો કોઈ સૈયેદેના અબૂબક્રને હુઝૂરના બારામાં પૂછતુ કે આ કોણ છે ? તો આપ કહેતા કે આ મારા માર્ગદર્શક છે. અબ્દુલ્લાહ ઈબ્ને અરીકતે સામાન્ય માર્ગ છોડીને અજાણ માર્ગ અપનાવ્યો.

## ★ શિકાર કરવા ગયો ને શિકાર થઈ ગયો ! ★

બીજા દિવસે પીરના રોજ (Monday) કોઈ બતાવનાર થકી ભાળ મેળવીને હુઝૂરની ગિરફતારીનું ઈનામ પામવાની ધુનમાં કદીદના સ્થળ પાસે સુરાકા ઈબ્ને માલિક બઅ્શમ પીછો કરતાં કરતાં આવી પહોંચ્યા. સુરાકા બેહતરીન સવારી ચલાવનાર અને બહાદુર હતા. પોતાનો લક્ષ સામે આવી જતાં





સુરાકાના ઘોડાની ચાલ ઓર તેજ થઈ ગઈ, તેને સો સુર્ખ ઊંટોની લાઈન નજરો સમક્ષ ઘુમતી મેહસૂસ થવા લાગી. અને તે હઝરાતને ગિરફતાર કરી લીધા પછી મક્કાના લોકોની નજરમાં તેની બહાદુરી અને જવાંમર્દીનો ડંકો પીટાતો સંભળાવા લાગ્યો ! પણ કુદરતની યોજના કાંઈ ઓર જ હતી. એ પ્રસંગે પણ નબીના મો'જિઝાનો ઝહૂર થયો.

ખૂદ સુરાકાનું બયાન છે કે :–

''પીછામાં નીકળતા પહેલાં મેં તીર કાઢીને ફાલ માલૂમ કર્યો કે મારું આ મકસદમાં નીકળવું યોગ્ય છે કે નહીં ? તો જવાબ નકારાત્મક મળ્યો. પણ મેં ફાલનો ભરોસો ન કર્યો. નીકળતી વખતે મારા ઘોડાએ ઠોકર ખાધી અને હું ગબડી પડયો તો ફરી ઉઠીને ચાલ્યો. મેં ઘોડાને તેજ દોડાવ્યો ત્યાં સુધી કે તે લોકોની નજીક પહોંચી ગયો. મેં રસૂલુલ્લાહ ﷺની કુર્આનની તિલાવતનો અવાજ સાંભળ્યો. હુઝૂર કોઈ બાજુ નજર કરતા ન હતા. અલબત્ત અબૂબક્ર મોટા ભાગે પાછળ ફરીને જોતા હતા. એવામાં મારા ઘોડાના આગલા પગો જમીનમાં ધસી ગયા, મેં ઉતરીને ઘોડાને હાંકયો, તેણે ચાહયું કે નીકળી પડે પણ પગોને જમીનમાંથી ખેંચી કાઢવામાં સફળ ન થયો. જયારે તે મુશ્કેલી દૂર કરવા મથ્યો તો પગોની જગાએથી ધુમાડાની જેમ ધૂળ બહાર આવી. મેં ફરી તીરોથી ફાલ કાઢયો તો ફરી નકારાત્મક જવાબ આવ્યો. પછી મેં હુઝૂરથી અમાન માંગી. આ સાંભળીને તેઓ રોકાઈ ગયા. હું સવાર થઈને તેમની પાસે પહોંચ્યો. મારા દિલમાં એ વાત ઉતરી ગઈ કે છેવટે કામયાબી રસૂલુલ્લાહ ﷺ ના કદમ ચૂમશે.

ત્યાર બાદ સુરાકાએ પોતાના માટે અમ્નના પરવાનાની દરખાસ્ત કરી જેને હુઝૂરે અકદસ ﷺ એ આમિર ઈબ્ને ફહમીરને લખવાનો હુકમ આપ્યો. તેમણે ચામડાના ટૂકડા પર અમ્નનો પરવાનો લખ્યો. તે પ્રસંગે હુઝૂરે સુરાકાને એ પણ ફર્માવ્યું

કે, તારો શું હાલ થશે જ્યારે તુ કિસ્રાના બે કંગન પહેરીશ ! ★ (સહીહ બુખારી બાબુલ હિજરત)

પછી સુરાકાએ પોતાના તરફથી કાંઈ નઝરાણુ પેશ કરવા ચાહ્યું તો હુઝૂરે ન સ્વીકાર્યું. પછી સુરાકા પાછા વળ્યા તો અન્ય તલાશ કરનારા માર્ગમાં મળ્યા તેમને પણ પાછા વાળી દીધા કે હું દૂર દૂર સુધી તલાશ કરી આવ્યો છું.

## ★ સાત દિવસ પછી ★

અરબના રણમાં અલ્લાહના રસૂલ ઈન્સાનિયતના મુકિતદાતા, વિશ્વવાસીઓની નાવના રક્ષક, અમ્નો સલામતીની રાહના રહબર સાત દિવસની કાંટાભરી, તકલીફદાયક, પરેશાનીઓના ક્રમથી ભરેલી તપતા પહાડી ઈલાકાની સફર, સખ્ત લૂ, તાપ અને ગરમીની સફર, ભયોના કાંટાળા માર્ગોની સફર, પ્રિય વતનના વિરહનું દર્દ લઈને દુશ્મનોના જુલ્મો સિતમના ઝખ્મો સીનામાં દબાવીને ચાલી રહ્યા છે. પણ મિશન ખુદાઈ છે, ચળવળ રબ્બાની ચળવળ છે, દઅવત અને પૈગામ અલ્લાહ તરફથી છે એટલા માટે કદમ કદમની ઠોકરો એ હોસલામંદીનો (પ્રોત્સાહન) સામાન છે અને જુલ્મોની ચોટો સાંત્વનનું મલમ જણાય છે ! રબ્બે કાયનાતની હુઝૂરમાં મહબૂબે રબ્બુલ આલમીનનો બંદાપણાનો તરીકો વર્તમાનકાળ તથા ભાવિના જોનારાઓ માટે અનુકરણિય છે. દરેક દુઃખદર્દ મુસીબત તથા આઝમાઈશ જે હુઝૂર પર આવતી તેને

---

*★ તાઈફ તથા હુનૈનના ગઝવા પછી હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે પાછા તશરીફ લાવ્યા ત્યારે સુરાકાએ મકામે જાફરાનામાં હાજર થઈને પોતાનો આ અમ્નનો પરવાનો રજુ કર્યો અને ઈસ્લામ સ્વીકારીને અમ્ન તથા શરાફતના વર્તુળમાં આવી ગયા. ફારૂકી યુગમાં ઈરાન જીતાયું તે વખતે કિસ્રા હરમઝના કંગન લાવવામાં આવ્યા તો અમીરુલ મો'મિનીન સૈયેદેના ફારૂકે આઝમ رضی اللہ عنہ એ તે કંગન સુરાકાના હાથોમાં પહેરાવ્યા અને ફર્માવ્યું, હમ્દ તથા પ્રશંસાને લાયક જાત કેવળ અલ્લાહની છે, જેણે કિસ્રા જેવા મહાન બાદશાહના કંગન છીનવીને સુરાકા જેવા ગરીબ ગામડીયાને પહેરાવ્યા. સુરાકા رضی اللہ عنہ એ ઉષ્માનગની رضی اللہ عنہ ના ખિલાફતકાળ માં હિ.સ. ૨૪માં વિસાલ ફર્માવ્યો. (સહીહ બુખારી, બાબુલ હિજરત)*





આપ દોસ્તનુ ઈનામ સમજીને ખુશી પૂર્વક કબૂલ ફર્માવતા.

## ★ વિચાર કરો ! ★

વાંચકો વિચારે ! રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની હિજરતની રાહમાં ઈન્સાનિયતના દુશ્મનોએ કેટલી ખૂંખાર દીવાલો ખડી કરી પણ અમ્નો સલામતીનો પયગંબર હિંમત તથા બહાદુરી તથા ન્યાય તથા સત્યની રેખાઓ પર કાયમ રહીને તમામ બુરાઈ તથા ફિત્નાથી ગુજરતો રહ્યો.

★ જાનના દુશ્મનો કત્લનો મન્સૂબો બનાવી રહ્યા છે અને આપ છે કે તેમની અમાનતોની નિગરાનીના માટે હઝરત અલીને એકલા નિહત્થા છોડીને દરેક અમાનત તેના માલિક સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરી રહયા છે.

★ મક્કાવાસીઓની તલ્વારો એકત્ર થઈને આપનું લોહી પીવાનો ઈરાદો કરી રહી છે અને આપ છે કે મક્કાની ભૂમિની અઝમત તથા પવિત્રતાનો ખુત્બો પઢી રહયા છે અને તેના વાસીઓની હિદાયતની દુઆ ફર્માવી રહયા છે.

★ સુરાકા માથુ કાપીને લઈ જવા માટે આવે છે અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મો'જિઝાથી પ્રભાવિત થઈને જાય છે તો તેને અમ્નો સલામતીને પરવાનો લખીને અતા કરવામાં આવે છે.

★ જાણે એક તરફ કેવળ જુલ્મો સિતમ, ગાળો, પથ્થર, તકલીફો, ઈજાઓ, હલાકત તથા બર્બાદી અને બીજી બાજુથી કેવળ સંયમ તથા સહનશકિત, રાહત તથા રહમત, પ્રેમ તથા મહોબ્બત, દરગુઝર તથા ઈનામો !

**રાહમેં કાંટે જિસને બિછાએ, ગાલી દી પથ્થર બરસાએ**
**ઉસી પર છિળકી પ્યારકી શબનમ ! صلی اللہ تعالیٰ علیہ وسلم**

## ★ સીરતે રસૂલ અને મુસીબતનાં પ્રકરણો ★

અમ્નો શરાફતના મુનાદીએ આ'ઝમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આવા

ધૃણાજનક અને સંસ્કારિક રીતે અંધકારમય માહોલમાં પોતાના પૈગામની શરૂઆત કરી હતી કે તેનો એક એક બાળક આપના લોહીનો તરસ્યો બની ગયો અને સામનો ન કરી શકયા તો નીચ તથા હલકી હરકતો વડે આ ખુદાઈ મિશનના માર્ગમાં રુકાવટો પેદા કરવા લાગ્યા. કાફિરો તથા મુશ્રિકોના સરદાર પોતાની દરેક શકય શકિત વડે રાહમાં અવરોધ બન્યા. પ્રવકતાઓ અને શાયરો જેઓ અરબની જિંદગીમાં મહત્વ ધરાવતા હતા તેઓ પોતાની પ્રવચનશકિત અને પ્રાસ ગોઠવવાની કળા આપના વિરૂધ્ધ ઘણા જોરશોરની સાથે વાપરવા લાગ્યા. આમ લોકો પોતાની મજલિસમાં અને ઘરોમાં કુપ્રચાર કરતા. આ પ્રમાણે મક્કા શહેર જાણે આપના માટે ઉકળતો લાવારસ બની ગયું. અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ تعالیٰ عنہما એ બયાન કર્યું કે એક નાબીના મુસલમાનની પાસે તેમની એક બાંદી હતી જે રાત દિવસ હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ગાળો બકયા કરતી હતી. તે બુઝુર્ગ હમેશાં તેણીને નમ્રતાપૂર્વક સમજાવતા અને એ હરકતથી દૂર રહેવા કહેતા તો તેણી એનાથી વધારે ગુસ્સે થતી. એક રાત્રે તેમણે સાંભળ્યું કે તેણી શાને રિસાલતમાં અયોગ્ય અને બેઅદબીભર્યા શબ્દો જોર જોરથી બોલી રહી છે તો તે બુઝુર્ગથી સહન ન થઈ શકયું અને તેમણે તેણીને સખત ધમકાવી. (અસ્સારિમુલ મસ્લૂલ, ઈબ્ને તૈમિયહ્, પેજ–૬૭)

## ★ યહૂદી તથા રસૂલની ઈજાઓ ★

કુરૈશના કાફિરોની જેમ યહૂદીઓમાં પણ એવા ઘણા બદબખ્ત હતા જેમણે હુઝૂરને તકલીફ પહોંચાડવામાં કોઈ કસર બાકી રાખી ન હતી. આ તે જ યહૂદીઓ છે જેમની પાસે ખુદાની કિતાબ તૌરાત આવી અને તેમાં પઢી પઢીને (અભ્યાસ કરીને) તેઓ હુઝૂરના આગમનનો ઈન્તેઝાર કરતા હતા ! વિલાદતે મુબારકા (પેદાઈશ) પહેલાં આપના વસીલાથી દુઆઓ માંગતા અને હાજતો તલબ કરતા હતા. તેમાંથી અદાવતખોરોએ હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની અંદર અલ્લાહના રસૂલ હોવાની તમામ નિશાનીઓ મેળવી લીધી છતાં





દુશ્મની માટે તૈયાર થઈ ગયા ! યહૂદીઓએ પોતાનો ધંધો બનાવી લીધો હતો કે હુઝૂરને મળતા તો "અસ્સલામુ અલૈકુમ'ને બદલે 'અસ્સામુ અલૈકુમ' (એટલે કે તમારા પર મૌત આવે) કહ્યા કરતા હતા. હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم સૌ સાંભળતા પણ સબ્ર કરતા. એકવાર ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا એ કોઈને આ પ્રમાણે કહેતાં સાંભળ્યો જેથી નારાજ થયાં તો હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમને સબ્ર કરવા સૂચના આપી.

હઝરત અબૂ સલમા સહાબી એક ઝાડ નીચે સૂતા હતા. રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ચાર દુશ્મનો ત્યાં આવી પહોંચ્યા અને હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ગાળો બકવા લાગ્યા. આપનાથી સહન ન થયું તો ત્યાંથી દૂર જતા રહ્યા.

ઈબ્ને સૂર્યા નામના એક ગુસ્તાખે રસૂલના બારામાં ઈબ્ને અબ્બાસનું બયાન છે કે હુઝૂરને કહેતો હતો, "બસ ! હિદાયત તો તે જ છે જેના પર અમે છીએ ! તમે પણ અમારી પૈરવી કરો જેથી તમને પણ હિદાયત મળી જાય !" (મઆઝલ્લાહ !) (લબાબુન્નકૂલુસ્સુયૂતી, ભાગ–૧, પેજ–૨૩)

## ★ અપમાનજનક ગુસ્તાખી ★

એ જ પ્રમાણે એક કાફિરે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم પર આક્ષેપબાજી પણ કરી. પ્રસંગ એ પ્રમાણે છે કે તે પોતે એક સ્ત્રી પર આશિક હતો. તેની પાસે શાદીનો પૈગામ મોકલ્યો પણ તે સ્ત્રીએ નામંઝૂર કર્યો. તે સ્ત્રી તથા તેના કુટુંબીઓ મુસલમાન હતાં. હવે નિરાશ આશિકે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના લિબાસ મુબારકની જેવો એક જોડી લિબાસ બનાવીને પહેર્યો અને તે સ્ત્રીના ઘરે પહોંચ્યો. તો કબીલાના સર્વ લોકો ભેગા થઈ ગયા. તેણે સૌને કહ્યું કે આ પોશાક મને મુહમ્મદ (صلی اللہ تعالیٰ علیہ وسلم)એ પહેરાવીને તમારા કબીલાનો હાકિમ બનાવ્યો છે. લોકોએ સ્થિતિની ચકાસણી કરવા હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે માણસ મોકલ્યો. તેણે પાછા આવીને તેનું પોલ ફોડી કાઢયું. આ રીતે

તેની આક્ષેપબાજીની હવા નીકળી ગઈ. (અસ્સારિમુલ મસ્લૂલ, પેજ–૧૬૬)

### ★ તકલીફ આપવાનો પ્રકાર ★

એકવાર અબૂ જહલે કસમ ખાધી કે જો હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ને નમાઝ પઢતા જોશે તો સર મુબારકને મારી મારીને ચૂર કરી દઈશ. સંજોગવસાત એક દિવસે તેણે આ મોકો મેળવી લીધો. હુઝૂર નમાઝમાં પોતાના ખાલિક તથા માલિક પ્રતિ ધ્યાનિત થઈને કિબ્લા સામે ઉભા હતા. અબૂ જહલે એક ભારે વજની પથ્થર ઉપાડયો અને હુઝૂરની તરફ આગળ વધ્યો. નજીક પહોંચીને મારવા માટે હાથ ગરદન સુધી ઉઠાવ્યો કે પથ્થર મારી દે. પણ હાથ ગરદનથી લાગીને રહી ગયો. પછી તેણે તે જ હાલતમાં પાછા વળી જવું યોગ્ય જાણ્યું. પોતાના સાથીઓની પાસે પહોંચીને તેણે વિતક સંભળાવી તો વલીદ ઈબ્ને મુગીરહને જોશ ચઢયું ! તેણે કહયું, અબૂ જહલ ! તું તો ડરપોક છે ! જો ! હવે હું જાઉં છું અને માથુ તોડીને ન આવ્યો તો કહેજે ! નજીક પહોંચ્યો તો તેની દ્રષ્ટિ હણાઈ ગઈ ! હુઝૂરની તિલાવતનો અવાજ સાંભળતો હતો પણ હુઝૂર કયાં છે તે તેની આંખોએથી દેખાતુ ન હતું. તો તે પણ પાછો આવ્યો. તેની કહાની સાંભળીને એક ઓર બદ બાતિન (બદમાશ) ગુસ્સામાં ભરાઈને ઉઠયો અને ચીખી ઉઠયો, ખુદાની કસમ ! હું તેનું માથુ ચૂર ચૂર કરી દઈશ ! તે પથ્થર ઉઠાવીને હુઝૂરની પાસે ગયો. પછી એકાએક ગભરાઈને પાછો નાઠો ! અને બેહોશ થઈને ગબડી પડયો. સૌએ ભેગા મળીને ઉઠાવ્યો અને હોશમાં લાવ્યા. તે બોલ્યો, એ ન પૂછો કે મારા પર શું ગુજરી ? જેવો હું પથ્થર લઈને મારવા ચાલ્યો તો શું જોઉં છું કે એક સાંઢ પૂછડી હલાવતું મારી તરફ લપકયું ! લાત તથા ઉઝ્ઝાની કસમ ! હું નજીક જાત તો તે મને હજમ કરી જાત ! (તફસીરે ઝિયાઉલ કુર્આન, ભાગ–૪, પેજ–૧૬૯ વગેરે)

### ★ ઈબ્ને અશરફ (ઊંચ) કે અઝદલ (નીચ) ★

ઉપરોકત લખાણોમાં યહૂદીઓની બદબાતિનીનો ઉલ્લેખ





થયો. એ કૌમના ફિત્નાઓએ પણ હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ને તકલીફ આપવાને પોતાનો ધંધો બનાવી લીધો. મદીનાનો માલદાર યહૂદી કઅબ ઈબ્ને અશરફ પણ તેમનામાંથી એક હતો. તેનો સંબંધ કબીલા બનૂ નઝીરથી હતો. હુઝૂરની વિરૂધ્ધ કુવાણી, ખરાબ શબ્દો અને વિરૂધ્ધમાં પ્રોગ્રામ ઘડવાનો તેનો ધંધો હતો. તે મદીનામાં રહેતો હોવા છતાં મક્કાના કાફિરોને ઉશ્કેરતો રહેતો હતો કે તમે લોકો તેમના પર હુમલો કરો અમે તમારો સાથ આપીશું. (અસ્સારિમુલ મસ્લૂલ, પેજ–૭૬)

### ★ બદબખ્ત વૃધ્ધ ! ★

મદીનામાં બની અમ્ર ઈબ્ને ઔફની અંદર અબૂ અફક નામનો એક અતિશય વૃધ્ધ હતો. જેની ઉંમર હુઝૂરના મદીના આવવાના વરસે ૧૨૦ વરસની હતી. તેને હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના નામ સાથે વિના કારણની દુશ્મની હતી. તેનું કામ જ એ હતું કે જયાં બેસતો ત્યાં હુઝૂરની વિરૂધ્ધ ઝહેર ઓકયા કરતો જેથી લોકોમાં આપની વિરૂધ્ધ નફરત તથા અદાવત ફેલાય. (ઉપર મુજબ, પેજ–૧૦૩)

### ★ ગુસ્તાખીની સજા ★

અનસ ઈબ્ને રતીમ દઅ્સલી નામનો એક માણસ હતો જે લોકોમાં સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની વિરૂધ્ધ બકયા કરતો હતો. એક દિવસ પોતાના તે જ મનહૂસ કાર્યમાં વ્યસ્ત હતો એવામાં એક મુસલમાને તેના પર વાર કરી દીધો અને તે ઝખ્મી થઈ ગયો. (પેજ–૧૦૪)

### ★ ગુસ્તાખ સ્ત્રી ★

ખત્મિયયહ્ કબીલામાં એક સ્ત્રી ખૂબ જ બેઅદબ હતી. લોકોના ઘરોમાં જતી અને હુઝૂરની બુરાઈ કરતી. આ રીતે સ્ત્રીઓમાં સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની વિરૂધ્ધ ગલત ફહમીઓ પેદા થતી. તેની વાતોમાં ખૂબ જોર હતું. તે મર્દોને પણ ઈસ્લામ

વિરૂધ્ધ ઉશ્કેર્યા કરતી હતી. (પેજ–૯૪)

## ★ મશ્કરો ★

જાહિલ વિચારધારામાં ડૂબેલા લોકો હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહાન દાવતની કદર જાણતા ન હતા. એટલા માટે તેઓ પોતાની જાહિલિયતભરી કુચેષ્ટાઓ વડે આપને વિવિધ પ્રકારની તકલીફ આપ્યા કરતા હતા. કેટલાક લોકો તકલીફ આપનારી મઝાકો પણ કર્યા કરતા હતા. રાફેઅ ઈબ્ને ખુઝૈમાના બારામાં ઈબ્ને અબ્બાસનું બયાન છે કે તેણે એકવાર હુઝૂરને કહયું કે જો તમે સાચા છો તો ખુદાને કહો કે તે અમારી સાથે વાતચીત કરે જેથી અમે પણ સાંભળી લઈએ. (લુબાબુન્નકૂલુસ્સુયૂતી, ભાગ–૧, પેજ–૨૧)

## ★ જાહિલી મન્સૂબો ★

અબ્દુલ્લાહ ઈબ્ને અસ્સૈફ, અદી ઈબ્ને ઝૈદ અને હારિષ ઈબ્ને ઔફે મળીને એકવાર એવો પ્રોગ્રામ બનાવ્યો કે આપણામાં અમુક જણ દેખાડવા ખાતર મુસલમાન બની જાય અને અમુક દિવસો પછી પોતાની અસલી હાલતમાં આવીને લોકોમાં એવો ખોટો પ્રચાર કરે કે ઈસ્લામમાં કોઈ ખાસ ખૂબી નથી ! આ રીતે ઘણા લોકોને ઈસ્લામથી દૂર રાખી શકાશે. (હવાલો ઉપર મુજબ, પેજ–૫૪)

## ★ ફિત્નાખોર ઈસાઈ ★

આ પ્રકારની એક સાઝિશ હેઠળ એક ઈસાઈએ પણ ઈસ્લામ કબૂલ કર્યો. સૂરએ બકરહ્ અને સૂરએ આલે ઈમરાન યાદ કરી લીધી. લખવાનુ જાણતો હતો. એટલા માટે કોશિશ કરીને કુર્આનના અમુક ભાગોને પણ લખ્યા અને કેટલાક દિવસો પછી જ મુર્તદ થઈ ગયો અને પોતાના નસરાની મઝહબનું સમર્થન કરવા લાગ્યો અને પોતાના વર્ચસ્વવાળા વતુળમાં એવો ગલત પ્રોપેગન્ડો કરવા લાગ્યો કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم કાંઈ જાણતા નથી, મેં જ તેમને થોડુક લખીને





આપી દીધું છે, બસ ! તે જ તેમની પૂંજી છે. પણ રબ તઆલાએ તેને મૌતને ઘાટ ઉતારીને વહેલી તકે એ ફિત્નાનો દરવાજો બંધ કર્યો. (પેજ–૫૪)

## ★ એક ગાળ દેનારી ★

મદીનામાં એક યહૂદી સ્ત્રી હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ગાળો આપ્યા કરતી હતી તો એક દિવસે એક મુસલમાનથી સબ્ર ન થઈ તો તે તેણીની પાસે ગયો અને તેનુ ગળુ દબાવીને મારી નાખી. (અસ્સારિમુલ મસ્લૂલ, પેજ–૬૦)

## ★ અબૂલહબનાં ખાસ કરતૂતો ! ★

કુરૈશના મુશ્રિકોમાં જે લોકોએ રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને જૂઠલાવવામાં વધુ સક્રિયતા બતાવી તેઓમાં અબૂ જહલનું નામ યાદીમાં ટોચના ક્રમે છે. આમ હાલતોમાં અને હજ્જના દિવસોમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم લોકોથી મુલાકાતો કરતા, તંબુઓમાં જતા, પ્રતિનિધિમંડળોને મળતા, અને ઈસ્લામનો પૈગામ પહોંચાડતા. એક ખુદાની ઈબાદતના માટે દાવત આપતા. તો અબૂ લહબે જાણે પોતાનુ એ કામ જ બનાવી લીધુ હતું કે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાછળ પાછળ જતો અને લોકોને આપના વિરૂધ્ધ ભંભેરતો અને કહેતો કે તેમની વાતો સાંભળશો નહીં ! તેમના ચક્કરમાં ન આવશો. જોતા નથી તે કેવી વિચિત્ર વાતો કરે છે ?! અને તમને તમારા બાપદાદાના દીનથી ફેરવવા ચાહે છે. તો તેમની વાત કદાપિ માનશો નહીં. (અન્વારે મુહમ્મદિયહ્, પેજ–૨૮)

## ★ વલીદનો પ્રોપેગન્ડો ★

વલીદ ઈબ્ને મુગીરહ આપના વિશે લોકોને કહેતો કે તેમની પાસે ન બેસશો, તેમની વાત ન સાંભળશો, એ નબી નથી પણ જાદૂગર છે જાદૂગર ! વળી કેટલાક કહે છે કે એ તો શાયર છે ! તેમની ઝબાનેથી

જે વાકયો નીકળે છે તે અલ્લાહનુ કલામ થોડુ છે ! એ તો શાયરી છે. કેવળ એ તો આપણને મક્કાવાસીઓને આપણા પૂરાણા મઝહબથી હટાવવા માંગે છે. કોઈ કહેતું કે કુર્આની આયતો પઢી પઢીને અને અમુક મો'જિઝા દેખાડીને તેમણે આપણા લોકોમાં ભાગલા પડાવી દીધા છે, ભાઈ ભાઈથી, પતિ પત્નીથી ઝઘડી રહ્યાં છે. આ બધુ જાદૂ જ તો છે ! (એના વિગતે વર્ણન માટે કુર્આન શરીફની સૂરએ સબા તિલાવત કરો.)

નઝર બિન હારિષ કહ્યા કરતો હતો કે આપણે ધારીએ તો કુર્આન જેવું કલામ બનાવીને જાતે રજુ કરી શકીએ છીએ, એમાં કિસ્સા કહાનીઓ જ તો છે !

"અને જ્યારે તેમને અમારી આયતો પઢીને સંભળાવવામાં આવે છે તો કહે છે કે આ અમે સાંભળી લીધું, અમે ચાહીએ તો આ પ્રકારનુ કલામ બનાવી શકીએ છીએ." (સૂ. અન્ફાલ, ૩૧/૮)

## ★ ઢંગધડા વિનાની ફિલોસોફી ★

એકવાર કુર્આની દલીલો અને નબવી મો'જિઝાઓથી તંગ આવીને કાફિર કહેવા લાગ્યા કે જો આપની પાસે ખુદા તરફથી એક મોટો ખજાનો આવતો, દૌલત હોત, આસ્માનનો ફરિશ્તો આપની સાથે ચાલત અને કહેત કે આ સાચા નબી છે ! તો અમે જાણતા.

## ★ માટી તથા ગંદકી ફેંકવામાં આવી ★

આ ઈજાઓ કેવળ જીભ અને જીભો સુધી જ ન હતી બલ્કે દરેક શકય રીતે સતાવવાની ચળવળ ચાલુ રહેતી. કાફિરોએ એકવાર હુઝૂરને કયાંક એકલા જોયા તો તરત એક ટોળી આવી અને માથા મુબારક પર માટી નાખીને હસતી હસતી જતી રહી. એ જ પ્રમાણે એકવાર ઝબહ કરેલ જાનવરનુ ઘણું બધુ લોહી લાવીને કાશાનાએ નબવી (આપના ઘર)ના દરવાજા પાસે ઢગલો કરી દીધો. (અન્વારે મુહમ્મદિયહ, પેજ–૨૮)





## ★ માર્ગમાં કાંટા બિછાવવામાં આવ્યા ★

અબૂ લહબની પત્ની ઉમ્મે જમીલ પણ રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلمની દુશ્મનીમાં ખૂબ જ આગળ વધેલી હતી. કાંટા વીણી વીણીને લાવતી અને આપના માર્ગમાં બિછાવી દેતી, લોકોને આપનો વિરોધ કરવા ઉશ્કેરતી અને કહયા કરતી હતી કે મુહમ્મદની બર્બાદીમાં કસર રાખીશ નહીં, ભલે તેના માટે મારા ગળાનો કિંમતી હાર પણ કેમ વેચવો ન પડે ! (તફસીરની કિતાબો, સૂ. લહબ હેઠળ)

## ★ દર્દનાક તકલીફ પહોંચાડી ★

જુલ્મ તથા ઝિયાદતી અને શૈતાનિયતની હદ છે કે એક દિવસ ઉકબા ઈબ્ને મુઈત નામના કાફિરે સરવરે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلمની ગરદન મુબારક પર પોતાનો પગ મૂકીને દબાવી દીધો, આપને સખત પીડા થઈ અને આંખો બહાર ખેંચાઈ આવી. જાલિમને એટલા પર સંતોષ ન થયો તો આપને ચિમટવાનુ ખેંચવાનું શરૂ કર્યું અને કેટલાયે બીજા કાફિરોએ મળીને આપના સરમુબારક અને દાઢી મુબારકની સાથે ગુસ્તાખી કરવાનુ શરૂ કર્યું. એટલામાં જાનિષારે મુસ્તફા સૈયેદના અબૂ બક્ર ત્યાં પહોંચી ગયા અને તેઓને ધમકાવીને મારીને દૂર કર્યા. હુઝૂરની આવી કફોડી સ્થિતિ જોઈને આશિકે રસૂલની આંખોમાં આંસૂ આવી ગયાં અને ગુસ્સાના આવેશમાં કાફિરોને કહયું, તમે લોકો એમને કેવળ એટલા માટે મારી નાખવા ચાહો છો કે એઓ અલ્લાહ માલિક છે એવું ફર્માવે છે ! (અન્વારે મુહમ્મદિયહ, પેજ–૨૮)

## ★ સરમુબારક પર ગંદકી ફેંકી ★

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એક દિવસ હરમમાં નમાઝ પઢી રહયા હતા. કુરૈશના કાફિરો એકત્ર થયા. તેમાંથી એકે કહયું, આ રિયાકાર (દેખાડો કરનાર)ને જોઈ રહયા છો ? શું કરી રહયો છે ? સાંભળો ! તમારામાંથી કોઈ એક કામ કરે કે ફલાણાની ઘેર ચાલ્યો

જાય, ત્યાં જાનવર ઝબહ કરવામાં આવ્યું છે તેની ગંદકી ભરેલી હોજરી ઉઠાવી લાવે અને જ્યારે એ સજદામાં જાય, બસ ! તેના ઉપર નાખી દેવામાં આવશે. જેથી એક માણસ ગયો અને હોજરી ઉઠાવી લાવ્યો અને હુઝૂરે જ્યારે સર મુબારક સજદામાં રાખ્યું તો તે નકામા માણસોએ ગંદકીથી ભરેલી હોજરી આપના ઉપર નાખી દીધી અને પછી આપસમાં ખૂબ જોર જોરથી હસવા લાગ્યા. આ ખરાબ હાલત જોઈને કોઈકે હુઝૂરનાં સાહબઝાદી હઝરત ફાતિમાને ખબર કરી. આપ હજી નાની વયનાં હતાં. દોડતાં આવ્યાં અને આપના ખભાઓ વચ્ચેથી તે ગંદકીની પોટલીને હટાવી તો આપે સર મુબારક સજદાથી ઉઠાવ્યું. (હવાલો ઉપર મુજબ)

## ★ ગળા મુબારકમાં ફંદો ★

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એકવાર ખાનએ કા'બામાં બેઠા હતા કે એટલામાં ચોતરફથી જાલિમ કાફિરોએ ઘેરી લીધા અને આપના ગળા મુબારકમાં ફંદો લગાડીને કપડા વડે વળ ચઢાવવા લાગ્યા. આપનો શ્વાસ રોકાવા લાગ્યો, આંખો બહાર નીકળી આવી. એટલામાં કોઈકે સૈયેદના અબૂ બક્ર સિદ્દીક رضی اللہ عنہને ખબર કરી, તો તે દોડતા આવ્યા અને દુશ્મનો પર તૂટી પડયા અને ગમે તેમ કરીને હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ને મુકત કર્યા. (બુખારી, કિતાબુત્તફસીર, સૂરએ મુઅ્મિન)

## ★ મહાન તકલીફ ★

હઝરત ઉરવહ ઈબ્ને ઝુબૈરે એકવાર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રૂ رضی اللہ تعالیٰ عنہما થી પૂછયું કે મક્કાના કાફિરોએ હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ને જે તકલીફો આપી તેમાં મોટી તકલીફ કઈ હતી ? હઝરત અમ્રૂ ઠંડો શ્વાસ ખેંચતાં ફર્માવ્યું :– "તમે જાલિમ ઉકબા ઈબ્ને મુઈતને જોયો હતો. તે ખૂબ જ કઠણ હૃદયી, કિસ્મતથી મેહરૂમ (બદબખ્ત) હતો. હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એક વાર નમાઝમાં મશગૂલ હતા,





પોતાના રબથી રાઝો નિયાઝ (રહસ્યમય)ની વાતો કરી રહયા હતા. એટલામાં તે જાલિમ આપની પાસે આવી પહોંચ્યો અને પોતની ચાદર હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلمના ગળામાં નાખીને પૂરી શકિતથી ખેંચવા લાગ્યો. તે એ રીતે કરીને આપનું ગળુ ઘોંટી દેવા માંગતો હતો. એટલામાં સૈયેદના અબૂબક્ર સિદ્દીક જઈ પહોંચ્યા અને તેને ધુત્કારીને ખસેડયો. (બુખારી શરીફ, મનાકીએ અબૂબક્ર)

## ★ નીચતાની હદ ★

આ નીચ ઉકબા ઈબ્ને મુઈતે એકવાર પોતાની નીચતાની હદ કરી નાખી કે તેણે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلمના ચહેરા મુબારક પર થૂંકી દીધું. એ અલગ વાત છે કે રબ્બુલ આલમીનની કુદરતે રહ્‌મતુલ્લિલ્ આલમીનની હિફાઝત કરી અને મુશ્રિકનું થૂંક તેના તરફ પાછુ વાળી દેવામાં આવ્યું જે અંગારો બનીને તેના ચહેરા પર પડયું અને તેનો આખો ચહેરો બળી ગયો. તે અંગારાએ ચેહરાને એ પ્રમાણે ડાઘ આપ્યો કે જ્યાં સુધી તે જીવતો રહયો ત્યાં સુધી કોઢનો ડાઘ તેના ચહેરા પર રહયો. (સીરતે હલબિયહ્, ભાગ–૨૦૩)

## ★ નિત નવી ગુસ્તાખીઓ ★

અબૂ જહલ તો પોતાની રસૂલ દુશ્મનીમાં કુખ્યાતિ પામી ચૂકેલો છે એ જ પ્રમાણે એક કાળમૂખો અન્ય પણ હતો જેનુ નામ હકમ બિન આસ હતું. આ બંનેવ જ્યારે આપને જોઈ લેતા તો હમેશાં અવનવા અંદાઝથી ઈજા આપવાની કોશિશ કરતા, અવાજો કરતા, બદ ઝબાની કરતા, મોઢું ચઢાવતા, નાક તથા મોઢેથી બેહૂદા અવાજો કાઢતા.

એકવાર આપને તકલીફ આપવા માટે હકમે મોઢા તથા નાક વડે બેહૂદા અવાજો કાઢવા શરૂ કર્યા. તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, "તુ એવો જ થઈ જા !" જેથી તે એવો જ થઈ ગયો. (ઉપર મુજબ, પેજ–૩૦૧)

## ★ રસૂલે રહમત પર ધૂળ માટી ફેંકવામાં આવી ! ★

ખાનવાદાએ માલિક ઈબ્ને કનાનાની એક વ્યકિતનુ બયાન છે કે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم "ઝુલમજાઝ"ના બજારમાં ઈસ્લામની તબ્લીગ કરી રહયા હતા. અને લોકોને કહી રહયા હતા કે **લાઈલાહ ઈલ્લલ્લાહ** કહો, ભલાઈ પામશો. અને અબૂ જહલ આપની પાછળ ચાલતો હતો અને આપના પર ધૂળ ફેંકતો જતો હતો અને સાથોસાથ ચીખતો જતો હતો કે, "લોકો ! આ શખ્સના બહેકાવામાં ન આવશો ! આ તો આપણને આપણા બાપદાદાનો ધર્મ છોડવા કહી રહયો છે ! અને લાત તથા ઉઝ્ઝાથી સંબંધ તોડવાનુ કહે છે." તેની આ શરારત અને ઈજાના છતાં આપ આપના કામમાં રહયા. (જમ્ઉલ ફવાઈદ, ભાગ–૨, પેજ–૨૬)

## ★ ગાળ ગલોચ ★

સૈયેદેના ઉષ્માન ગની رضی اللہ عنہ બયાન ફર્માવે છે કે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એક વાર અબૂબક્ર رضی اللہ عنہ ની સાથે ખાનએ કાબાનો તવાફ કરી રહયા હતા. તે વખતે હરમમાં ઉમૈયા ઈબ્ને ખલફ, અબૂ જહલ અને ઉકબા ઈબ્ને મુઈત હાજર હતા. તવાફ કરતા કરતા આ લોકો જયારે તે કાફિરો પાસે પહોંચતા તો તેઓ ગાળો બોલવા લાગતા. આ રીતે ત્રણ ચક્કર પૂરા થયા પછી ચોથા ચક્કરમાં ત્રણેવે આપનો દામન પકડીને ખેંચવા ચાહયું તો સૈયેદેના ઉષ્માન ગની ફર્માવે છે કે મેં તરત જ આગળ વધીને અબૂ જહલને હટાવ્યો, અબૂ બક્રએ ઉમૈયાને અને રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઉકબાને બાજુએ હટાવ્યા. અને આપે ફર્માવ્યું, ખુદાની કસમ ! જ્યાં સુધી તમે લોકો અલ્લાહના અઝાબમાં સપડાશો નહીં ત્યાં સુધી તમે શરારતથી દૂર થવાના નથી." આ સાંભળીને કાફિરો કાંપી ગયા. (ઉપર મુજબ)





## ★ નમાઝની હાલતમાં ગુસ્તાખી ★

સરવરે કૌનેન صلی اللہ تعالیٰ علیہ وسلم હરમમાં નમાઝ અદા કરી રહયા હતા. અબૂ જહલ આવ્યો અને ઈરાદો કર્યો કે સજદાની હાલતમાં આપની ગરદન મુબારક પર પગ રાખીને કચડી નાખે. પણ તરત જ પાછો ભાગ્યો ! લોકોએ પૂછયું કે શા માટે પાછો ભાગ્યો ! કહેવા લાગ્યો, મેં જોયું કે મારી અને મુહમ્મદ (صلی اللہ تعالیٰ علیہ وسلم)ની વચ્ચે આગની એક ખાઈ આડ બની ગઈ અને એવા એવા પાંખોવાળા જોવા મળ્યા. હુઝૂરે ફર્માવ્યું કે તે નજીક આવત તો ફરિશ્તા તેને બોટી બોટી કરી નાખત. (ઉપર મુજબ, પેજ–૧૯૮)

## ★ બદઝબાની ★

સહીહ હદીષોમાં આવેલ છે કે એકવાર હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم બીમાર હોવાના કારણે બે ત્રણ દિવસ પથારીથી ઉઠી ન શકયા. તો કાફિરોમાંથી એક બુરા દિલવાળો કહેવા લાગ્યો, હે મુહમ્મદ ! લાગે છે કે તારા શૈતાને તને છોડી દીધો. (મઆઝલ્લાહ !)

હઝરત અનસનું બયાન છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم મક્કામાં જયારે મુશ્રિકોની પાસે થઈને પસાર થતા તો તેઓ આપસમાં ઈશારા કરીને મઝાક ઉડાડતા. અને કહેતા, "જુઓ ! આ જ છે ! જેને પોતે નબી હોવાનો વહેમ છે ! આપની સાથે જિબ્રઈલ હોય છે !"

ખુદાની કુદરત કે હઝરત જિબ્રઈલ થકી તે કાફિરોનાં શરીરો પર નખોનાં નિશાન પાડી દેવામાં આવ્યાં. પછી તે નિશાન ફોલ્લાઓમાં ફેરવાઈ ગયાં અને ખૂબ જ બદબૂ પેદા કરવા લાગ્યા. હવે એ હાલ થઈ ગયો કે તેમના સાથી દોસ્તો પણ પોતાની પાસે બેસાડવાનુ પસંદ કરતા ન હતા. (લુબાબુન્નકૂલુ લિસ્સયૂતી, હાશિયા જલાલૈન, ભાગ–૨, પેજ–૧૪)

## ★ મુનાફિકોની પ્રવૃત્તિઓ ★

મક્કાથી હિજરત કરીને હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم મદીના

મુનવ્વરામાં આવ્યા અને ઈસ્લામની તરક્કી તથા અડગતાની જડો મજબૂત થવા લાગી તો ઉઘાડે છોગે વિરોધ કરવાવાળા કાફિરો તથા મુશ્રિકો અને યહૂદીઓની જેમ એક અતિ સક્રિય અને ખતરનાક ગૃપ મુનાફિકોનું પણ ઉભર્યું. મુનાફિકોનો સૌથી મોટો સરદાર અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય હતો. કબીલા બની કિન્કાઅમાંથી પણ તે જ ખરાબ વિચારસરણીને લઈને કેટલાક લોકો મુસલમાનોની સફમાં ઘુસી આવ્યા જેમાંથી કેટલાંક આગળ પડતાં નામો આ પ્રમાણે છે :–

સઅદ ઈબ્ને હનીફ, ઝૈદ ઈબ્ને લસ્લીત, નોઅ્માન ઈબ્ને ઔફી ઈબ્ને અમ્ર, રાફેઅ ઈબ્ને હરીમલા, રિફાઆ ઈબ્ને ઝૈદ ઈબ્ને તાબૂત, સલસલા ઈબ્ને બરહામ, કિનાના ઈબ્ને સૌરિયા.

મુનાફિકો મુસલમાનોની સફમાં દાખલ જ એટલા માટે થયા હતા કે તેમને અંદરથી કમજોર કરવાની દરેક શકય યુકિતઓ રચે. જેથી સંક્ષિપ્ત રૂપમાં આ ફસાદી ટોળાના પ્રપંચોને એ રીતે સમજો કે તેમનાં કરતૂતો શું હતાં :–

(૧) હુઝૂરે અકદસ صلى الله تعالى عليه وسلم ને દરેક શકય તે તકલીફ પહોંચાડવી.

(૨) ઈસ્લામના કાનૂનો અને રસૂલે અકરમ તેમજ કુર્આન મજીદમાં મઆઝલ્લાહ ખામીઓ કાઢવી, મઝાકો કરવી.

(૩) મુસલમાનોમાં ઘુસીને તેમના ભોળાભાળા માણસોને બહેકાવવા અને ભડકાવવા.

(૪) કાફિરો તથા મુશ્રિકો સાથે ગઠબંધન કરવું.

(૫) જેહાદના પ્રસંગે મુસલમાનોની સફોમાં અવ્યવસ્થા ઉભી કરવી અને બરાબર ખરા સમયે પાછા જતા રહેવું.

(૬) કોઈ પણ દા'વત (ઈસ્લામ પ્રતિ નિમંત્રણ)ની ચળવળમાં હુઝૂરે અકદસ صلى الله تعالى عليه وسلم ની રૂબરૂમાં હા ભરવી અને પાછળથી ફરી જવું.

(૭) હુઝૂરે અકદસ, આપના અહલે બૈતે અતહાર અને જાંનિષાર સહાબીઓ સંબંધે ફિત્નાઅંગેઝીઓ કરવી (વાતો ઉડાડવી) અને તેને હવા આપવી.





ઈબ્ને ઉબય રઈસુલ મુનાફિકીનની બદબાતિનીથી મદની દૌરની તારીખ (ઈતિહાસ) ભરેલો પડયો છે. સીરતે પાકનો કયો એવો વળાંક (મોડ) છે જ્યાં તે પોતાની ચાલ વડે ઓળખવામાં ન આવતો હોય.

ઝૈદ ઈબ્ને લસ્લીત તે શખ્સ છે જેણે બની કિન્કાઅના બજારમાં હઝરત ઉમરની સાથે બેહૂદગીભરી ઝપાઝપી કરી લીધી હતી અને એકવાર જ્યારે રસૂલે અકરમ صلى الله تعالى عليه وسلم ની ઊંટણી ખોવાઈ ગઈ હતી તો એ જ મુનાફિકે મહેણુ માર્યું હતું કે :–

"આસ્માનની ખબરો આપે છે અને ખૂદ પોતાની ઊંટણી કયાં છે તેની ખબર નથી !"

હુઝૂરે અકરમ صلى الله تعالى عليه وسلم એ તેનો જવાબ આપતાં જાહેર ફર્માવ્યું કે મારો ઈલ્મ તો ખુદાની જ અતાથી છે. જાવ ! જુઓ ફલાણી વાદીમાં તે ઊંટણી છે. તેની રસ્સી ફલાણા ઝાડ જોડે ફસાયેલી છે. સહાબાએ કિરામ ત્યાં પહોંચ્યા તો જેવું બયાન કર્યું હતું એ જ હાલતમાં ઊંટણીને જોઈ.

રાફેઅ ઈબ્ને હરીમલા મુનાફિક તે હતો જેની મૌત વિશે આકાએ દોજહાં صلى الله تعالى عليه وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, "આજે મુનાફિકોના સરદારોમાંથી એક મૌતને ઘાટ ઉતરી ગયો."

આ નિફાકવાળાઓનાં દિલો અલ્લાહ તથા રસૂલ પર સંતુષ્ઠ ન હતાં બલ્કે તેઓ કેવળ ઈસ્લામ અને પયગંબરે ઈસ્લામ صلى الله تعالى عليه وسلم ને તકલીફ પહોંચાડવાની યોજના પર અમલ કરતા રહેતા હતા.

## ★ રસૂલ પર અવિશ્વાસનો ફિત્નો ★

તેઓ મુસલમાનોની સાથે રહેતા હતા, નમાઝો પઢતા, ઈબાદતો કરતા, અને બીજી દરેક બાબતોમાં સામેલ રહેતા, એથી સામાન્ય મુસલમાનો તથા સહાબાઓમાં તેમની હરકતોથી ઘણી

ગલતફહમી પણ ફેલાતી રહેતી હતી. સીરતે રસૂલે પાક અને તફસીરો તથા ઈતિહાસમાં તેમની શરારતોના પુષ્કળ પ્રસંગો જોવા મળે છે. એમાંથી પણ અમે અમુકનો ઉલ્લેખ કરીએ છીએ જેથી રસૂલે રહમત, સરાપા શફકત વ બરકત, રહબરે અમ્નો ઈન્સાનિયત صلی اللہ تعالیٰ علیہ وسلم ના કિયામે અમ્ન (શાંતિ સ્થાપન)ની ચળવળ કેટલી મહત્વની છે અને તે કેવા ફાસિદ (ખરાબ) માહોલમાં થઈ તેનો ખરો અંદાઝો કરવામાં આવી શકે.

એક મુનાફિકનો કોઈ વાત પર કોઈ યહૂદી સાથે ઝઘડો થઈ ગયો. યહૂદીએ કહયું, ચાલો ! મુહમ્મદ (صلی اللہ تعالیٰ علیہ وسلم)ની પાસે ફેંસલો કરાવીએ. મુનાફિકે કહયું, નહીં ! કઅબ ઈબ્ને અશરફ (યહૂદી સરદાર) પાસે ચાલો ! સારાંશ કે થોડી ખેંચતાણ પછી હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની જ ખિદમતમાં જવા સંમતી સધાઈ. હુઝૂર (صلی اللہ تعالیٰ علیہ وسلم)એ બંને પક્ષોની વાત સાંભળીને યહૂદીના ફેવરમાં ફેંસલો કરી આપ્યો. હુઝૂરની પાસેથી પાછા આવ્યા બાદ મુનાફિકે કહયું કે ચાલો ! આ ફેંસલાનુ સમર્થન હઝરત ઉમરથી કરાવી લઈએ. જો તેઓ પણ આ જ કહેશે તો મને કોઈ વાંધો નહીં હોય. યહૂદી રાજી થઈ ગયો. મુનાફિકના દિમાગમાં એ વાત હતી કે ઉમર ફારૂક ગૈર મુસ્લિમના હક્કમાં ઘણા સખ્ત છે અને તેઓ મારા મુસલમાન હોવાને કારણે મારી તરફેણ કરશે ! તેમની સમક્ષ જ્યારે આખો કેસ આવી ગયો અને તેઓ ફેંસલાના તૌર પર કાંઈ કહેવા જતા હતા કે એવામાં યહૂદીએ કહયું કે, જનાબે વાલા ! એ વાત પણ આપ ધ્યાનમાં રાખશો કે આ કેસનો ચુકાદો હઝરત મુહમ્મદ (صلی اللہ تعالیٰ علیہ وسلم) મારા ફેવરમાં આપી ચૂકયા છે. હઝરત ઉમર رضی اللہ عنہ એ આ સાંભળ્યું તો થોડી વાર માટે પોતાના ઘરમાં ગયા. મુનાફિક પોતાનું બયાન આપીને ખૂબ જ ખુશ થઈ રહ્યો હતો કે હવે ગૈઝુલ મુનાફિકીનની વીજળીક તલ્વાર યહૂદીનું માથુ ઉડાડી દેશે ! આપ ઘરેથી નીકળ્યા તો સાચે જ આપના હાથમાં ઉઘાડી તલ્વાર હતી. પણ આપે યહૂદીને બદલે એક જ વારમાં મુનાફિકની ડોકી ઉડાડી મૂકી. કેમ કે તેમને ખબર હતી કે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلمના ફેંસલા પર





અસંતુષ્ઠ રહેનાર કદી મુસલમાન નથી હોઈ શકતો. હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم પર અસંતોષ અને શંકા કુશંકા જ તો નિફાકનો પાયો છે. (લુબાબુન્નકૂલ, હાશિયા જલાલૈન, ભાગ–૨, પેજ–૧૪)

હુઝૂર સરવરે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم અમ્નો સલામતીના મહાન નિમંત્રક છે. અને ઈન્સાફ તથા અદ્લની પેશાની આપના વજૂદથી ચમકતી દમકતી છે. આપ ગઝવએ હુનૈન પછી ગનીમતનો માલ વહેંચી રહ્યા હતા. એક વ્યકિત જેના દિલમાં નિફાકનો નાસૂર હતો તે કહેવા લાગ્યો કે તમે ન્યાયપૂર્વક નથી વહેંચ્યું ! જાંનિષાર સહાબીઓ આ બદતમીઝી સાંભળીને ઉકળી ઉઠયા ! સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلمની હાજરીના અદબના કારણે કાંઈ ન કર્યું, છતાં હઝરત ઉમરે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ઈજાઝત હોય તો એનું માથુ ઉડાવી દઉં ! પણ રસૂલે રહમત صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમને રોકી રાખ્યા અને ફર્માવ્યું, શું તમને એ ચર્ચા પસંદ છે કે હું મારા સહાબીઓને કત્લ કરું છું ! ફતહે મક્કાના પ્રસંગે પણ આવો જ પ્રસંગ બન્યો. (અસ્સારિમુલ મસ્લૂલ, પેજ–૧૭૪)

સહીહૈન અને નિસાઈમાં છે કે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એકવાર ગનીમતનો માલ વહેંચી રહયા હતા. જે પણ આપની સામે, ડાબે, જમણે હતા તે સૌને આપ્યું. એક બુરા દિલવાળો પાછળ ઉભો રહયો અને બાદમાં બોલી ઉઠયો, "હે મુહમ્મદ ! તમે ઈન્સાફ ન કર્યો !" હુઝૂરે અકદસ તેની ગુસ્તાખીથી ખૂબ જ રંજ પામ્યા પણ કેવળ એટલો જ ઈર્શાદ ફર્માવ્યો,

"ખુદાની કસમ ! મારા પછી મારાથી વિશેષ અદ્લો ઈન્સાફ કરનાર કોઈને જોશો નહીં." (હવાલો ઉપર મુજબ, પેજ–૧૭૬)

એ જ પ્રમાણે એક પ્રસંગે ઝુલખવૈસરહ્ તમીમીએ બદઝબાની કરી અને બોલ્યો, "ઈન્સાફ કરો !" જેના પર હઝરત સૈયેદના ઉમર رضی اللہ عنہ એ તેને કત્લ કરવાની ઈજાઝત માંગી. પણ હુઝૂરે પોતાના સબ્ર તથા સંયમની વિશાળ ચાદરમાં તેની ગુસ્તાખીને છુપાવી લીધી. (ઉપર મુજબ હવાલો)

## ★ હુઝૂર પર અયબો લગાડવી ! ★

હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم નો તરીકો હતો કે દીની જરૂરતોને લક્ષમાં રાખીને જેહાદ વગેરેની તૈયારીના માટે સહાબાએ કિરામને સદકાની પ્રેરણા આપતા હતા. એવા જ એક પ્રસંગે સહાબાએ કિરામે દિલ ખોલીને પોતાના માલ દૌલત હુઝૂરની ખિદમતમાં પેશ કરવાનુ શરૂ કર્યું. સૈયેદના અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہ એ ચાર હજાર દિરહમ, આસિમ ઈબ્ને અદીએ સો વસક ખજૂરો જેની કિંમત હજારો દિરહમ થતી હતી. એ જ રીતે એક ગરીબ સહાબી અબૂ વકીલે મજૂરી કરીને થોડી સરખી ખજૂરો હાજર કરી.

મહોબ્બતવાળા જાંબાઝો આ પ્રમાણે કરી રહ્યા હતા અને જેમના દિલમાં પૂર્વગ્રહ અને દુશ્મની ભરી હતી તેમનો એ હાલ હતો કે વધુ ચંદો આપનારાઓને કહેતા કે આ તો નામના માટે આપી રહ્યા છે ! અને ગરીબોને એવું મહેણુ મારતા કે જુઓ દેડકીને પણ સરેખમ થવા લાગ્યું ! ખૂન લગાડીને શહીદોમાં નામ લખાવવા ચાલ્યા છે ! રબ તઆલાએ આ કાળા દિલોની ગુસ્તાખીનો નકશો કુર્આન મજીદમાં આ પ્રમાણે ખેંચ્યો છે :–

اَلَّذِیْنَ یَلْمِزُوْنَ الْمُطَّوِّعِیْنَ مِنَ الْمُؤْمِنِیْنَ فِی الصَّدَقٰتِ وَ الَّذِیْنَ لَا یَجِدُوْنَ اِلَّا جُهْدَهُمْ فَیَسْخَرُوْنَ مِنْهُمْ سَخِرَ اللّٰهُ مِنْهُمْ وَ لَهُمْ عَذَابٌ اَلِیْمٌ

"તેઓ જેઓ ઐબ લગાડે છે તે મુસલમાનોને કે જેઓ દિલથી ખૈરાત કરે છે અને તેમને જેઓ નથી પામતા પણ પોતાની મહેનતથી, તો તેમનાથી હસે છે, અલ્લાહ તેમની હંસીની સજા આપશે અને તેમના માટે દર્દનાક અઝાબ છે." (સૂ. તૌબા–૭૯, કન્ઝુલ ઈમાન–૨૮૯)

## ★ ઠઠ્ઠા મશ્કરી ★

આકાએ દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ગઝવએ તબૂકના માટે સફર





કરી રહ્યા હતા ત્યારે હુઝૂરના કાફલામાં મુનાફિકોના ત્રણ ગિરોહ (ગૃપ) સામેલ હતાં. બેનો નિફાક (મુનાફિકપણુ) જોરોમાં હતું કે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મઝાક ઉડાડતા હતા અને કહેતા હતા, લો ! જુઓ ! આ ચાલ્યા છે રોમ તથા શામવાળાઓનો મુકાબલો કરવા અને તેમના મહેલો પર પોતાનો ઝંડો લહેરાવવા ! ત્રીજો ગિરોહ જો કે કાંઈ કહેતો ન હતો પણ તેમની સાથે મળીને હસતો હતો. હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમને બોલાવીને પૂછયું કે શું તમે લોકોએ આવું આવું કર્યું છે ? તો તેમણે જવાબ આપ્યો કે અમે લોકો તો માર્ગ પસાર કરવા માટે હંસી ખેલના રૂપે મઝાકની વાતો કરી રહ્યા હતા. પણ રસૂલના દુશ્મનોની આ ગુસ્તાખીને ખુદાવંદે કુદુસે માફ ન કરી અને કુર્આન મજીદની આ આયત નાઝિલ થઈ :–

وَلَئِنْ سَاَلْتَهُمْ لَیَقُوْلُنَّ اِنَّمَا كُنَّا نَخُوْضُ وَ نَلْعَبُ قُلْ اَبِاللّٰهِ وَ اٰیٰتِهٖ وَ رَسُوْلِهٖ كُنْتُمْ تَسْتَهْزِءُوْنَ

"અને હે મેહબૂબ ! જો તમે તેમનાથી પૂછો તો કહેશે કે અમે તો આમ જ હંસી ખેલમાં હતા, તમે ફર્માવો ! શું અલ્લાહ અને તેની આયતો અને તેના રસૂલની સાથે હસો છો ?! (સૂ. તૌબા, ૭૯)

## ★ કબીલાવાદમાં તરફદારી ★

હુઝૂર સરવરે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ગઝવએ મરીસીઅથી ફારિગ થયા બાદ એક કૂવાના થાળા પાસે રોકાણ કર્યું. તમામ સહાબાએ કિરામ પણ ઉતર્યા. ત્યાં એવો પ્રસંગ બન્યો કે જહજાહ્ ગફ્ફાર (હઝરત ઉમર رضی اللہ عنہ ના મજદૂર) અને સનાન ઈબ્ને દુબર જુહ્ની (રઈસુલ મુનાફિકીન ઈબ્ને ઉબયનો સાથી) કોઈ વાત આપસમાં ઝઘડી પડયા. વાત જ્યારે આગળ વધી તો જહ્જાહએ મુહાજિરોને બુમ પાડી અને એ રીતે સનાને અન્સારને મદદ માટે પોકાર્યા. જાણે વંશ તથા કબીલાની તે દીવાલો જેને ઈસ્લામે પાડી નાખવાનો પૈગામ આપ્યો છે અને જાત તથા ખાનદાનથી બુલંદ થઈને કલ્મએ તૈયેબહ્ની

ઊંચી બુનિયાદો પર મુસલમાનોને ઈત્તેહાદ (એકતા)ની તાલીમ આપવી તેના પ્રથમ ફર્ઝોમાંથી છે. મુનાફિકોની શરારતોથી સહાબીઓની જમાઅતમાં આ ફાસિદ (ખરાબ) તત્વને ઉછરવાનો મોકો મળી રહ્યો છે ! પેલી બાજુ મુનાફિકોના સરદાર ઈબ્ને ઓબયએ રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم ની શાનમાં ગુસ્તાખીઓની હદ કરી દીધી અને ઘણી બધી બેહૂદા વાતો બકીને અમ્નો સલામતીના રસૂલને ઈજા પહોંચાડી અને કહ્યું,

''મદીના પહોંચીને અમારામાંથી ઈજ્જતવાળા ઝલીલોને કાઢી નાખશે.''

અને પોતાની કૌમને સંબોધીને બોલ્યો,

''જો તમે તેમને તમારું એઠું ખાવા ન આપત તો તેઓ તમારી ગરદનો પર સવાર ન થાત. હવે તેમના પર ખર્ચ ન કરો જેથી તેઓ મદીનાથી નીકળી જાય.''

ઈબ્ને ઉબયના આ જંગલીપણાને જોઈને હઝરત ઝૈદ ઈબ્ને અકરમે ફર્માવ્યું, ખુદાની કસમ ! પોતાની કૌમમાં અદાવત ફેલાવનાર તું જ ઝલીલ છે, રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સર પર મેઅરાજનો તાજ છે, હઝરત રહમાને (અલ્લાહે) તેમને ઈજ્જત તથા પ્રતિભા આપી છે.

ઈબ્ને ઉબયની આ ગુસ્તાખીની ખબર બારગાહે રિસાલતમાં પહોંચી. તેને જ્યારે પૂછવામાં આવ્યું કે તેં રસૂલે ખુદાની શાનમાં આવી આવી ગુસ્તાખી કરી ? તો તે તદ્દન ફરી ગયો ! અને જૂઠી કસમ ખાઈ લીધી. તે ખૂબ જ ચાલાક જીભવાળો, મીઠી વાતો કરીને લોકોને પોતાના પક્ષે લઈ લેતો હતો. અને સામાન્ય ભોળાભાળા લોકો તેની વાતોમાં આવી જતા હતા. આ વખતે પણ લોકોએ તેને સાચુ જાણ્યું અને ઝૈદ ઈબ્ને અરકમને ગલત માન્યા. પણ જમીન તથા આકાશના માલિક રબ્બે કાયનાત عزوجل એ આ પ્રસંગ પછી સૂરએ મુનાફિકૂન નાઝિલ કરીને નિફાક તથા ફિત્નાગીરીની આખી પોલ જ ખોલી નાખી. જરા





આ સૂરતનુ તેવર તો જુઓ ! :–

إِذَا جَاءَكَ الْمُنَافِقُونَ قَالُوا
نَشْهَدُ إِنَّكَ لَرَسُولُ اللَّهِ ۝ وَ
اللَّهُ يَعْلَمُ إِنَّكَ لَرَسُولُهُ وَاللَّهُ
يَشْهَدُ إِنَّ الْمُنَافِقِينَ لَكَاذِبُونَ ۝
اتَّخَذُوا أَيْمَانَهُمْ جُنَّةً فَصَدُّوا
عَنْ سَبِيلِ اللَّهِ ۚ إِنَّهُمْ
سَاءَ مَا كَانُوا يَعْمَلُونَ ۝
ذَٰلِكَ بِأَنَّهُمْ آمَنُوا ثُمَّ
كَفَرُوا فَطُبِعَ عَلَىٰ قُلُوبِهِمْ
فَهُمْ لَا يَفْقَهُونَ ۝ وَإِذَا
رَأَيْتَهُمْ تُعْجِبُكَ أَجْسَامُهُمْ
وَإِنْ يَقُولُوا تَسْمَعْ لِقَوْلِهِمْ
كَأَنَّهُمْ خُشُبٌ مُسَنَّدَةٌ ۚ

''જ્યારે મુનાફિકો તમારી પાસે હાજર થાય છે કે અમે લોકો ગવાહી આપીએ છીએ કે હુઝૂર બેશક ! અલ્લાહના રસૂલ છે. અને અલ્લાહ જાણે છે કે તેના રસૂલ છો અને અલ્લાહ ગવાહી આપે છે કે મુનાફિક ચોક્કસ જૂઠા છે. અને તેમણે પોતાની કસમોને ઢાલ બનાવી લીધી તો અલ્લાહની રાહથી રોકયા. બેશક ! તેઓ ઘણા જ બુરાં કામો કરે છે, તે એટલા માટે કે તેઓ જીભથી ઈમાન લાવ્યા પછી દિલથી કાફિર થઈ ગયા તો તેમનાં દિલો પર મોહર કરી દેવામાં આવી, તો હવે તેઓ કાંઈ નથી સમજતા અને જ્યારે તું તેમને જુએ તો તેમનાં શરીરો તને સારાં લાગે અને જો વાત કરે તો તેમની વાત ધ્યાનથી સાંભળે જાણે તે કડીઓ દીવાલથી ટકાવી રાખેલી (જેમાં બેજાન તસ્વીરની જેમ ન રૂહ ન ઈમાન ન અંજામની ફિકર) દરેક ઊંચો અવાજ પોતાના ઉપર લઈ જાય છે. તેઓ દુશ્મન છે તો તેમનાથી બચતા રહો ! અલ્લાહ તેમને મારે ! કયાં ઊંધા જઈ રહયા છે !''

## ★ સાઝિશ (ધોકો) ★

ગઝવએ તબૂકનો અવસર ઘણો જ સખત હતો. શામ તથા રોમના હાકિમોએ એકી સાથે મુસલમાનો પર ભયંકર તબાહ કરનારો હુમલો કરવાનો ઈરાદો કર્યો હતો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જેહાદની

તૈયારીઓમાં વ્યસ્ત હતા અને રસૂલના તમામ જાંનિષારો પણ આકા તથા મૌલાની પૈરવીમાં જાન તથા માલનુ નઝરાણુ લૂટાવી રહ્યા હતા. બીજી બાજુ મુનાફિકોએ મદીનાથી દૂર એક યહૂદીના મકાનમાં પોતાની ગુપ્ત સભા ભરી અને મુસલમાનોની જમાઅતમાં વિખવાદ ફેલાવવાની સાઝિશો પર વિચારણા કરવા લાગ્યા. પણ ખુદાને કાંઈ જુદુ જ મંજૂર હતું. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને આ સાઝિશનો ઈલ્મ થઈ ગયો અને આપે તુરત હઝરત તલ્હાની સાથે સહાબીઓને ત્યાં મોકલ્યા. તેમણે સમયસર પહોંચીને તેમના ધૃણાત્મક કરતૂતનું પોલ ખોલી કાઢયું. થોડીક ઝપાઝપી પણ થઈ. છેવટે મુનાફિક પછડાટ ખાઈને ઝલીલ થઈ ગયા. (સીરતે ઈબ્ને હેશામ, ભાગ–૨, પેજ–૨૧૫)

## ★ નિફાકનુ ઝહેર ★

ઉમ્મતના ગમગુસાર સૈયેદેના રહમતુલ્‌લ્લિલ્ આલમીન صلی اللہ تعالیٰ علیہ وسلم સઅદ ઈબ્ને ઓબાદાની અયાદત (બીમાર પુર્સી) માટે પોતાના ખચ્ચર પર સવાર થઈને તશરીફ લઈ જઈ રહયા હતા. સાથે ઓસામા બિન ઝૈદ પણ હતા. રસ્તાની બાજુમાં કેટલાક લોકોની ભીડ જામેલી છે. ઈબ્ને ઉબય રઈસુલ મુનાફિકીન બેઠેલો છે. હુઝૂરને જોઈને તે પોતાના અંતરનો નિફાક છુપો ન રાખી શકયો અને હુઝૂરથી મોઢું ફેરવી લીધું. આપે તે સ્થળના લોકોને કુર્આનની અમુક આયતો સંભળ ાવી. ઈબ્ને ઉબયે હુઝૂરની સવારીના જાનવર પ્રતિ નફરત દર્શાવી અને કહ્યું કે, ''અમને આ રીતે આવીને તંગ ન કરો, જે તમારી પાસે જાય અને જે સંભળાવવું હોય તે તેને સંભળાવો.''

## ★ રસૂલના દામન પર કીચડ ઉછાડવાની હિંમત ! ★

હઝરત ઝૈદ ઉમ્મુલ મો'મિનીન હઝરત ખદીજા કુબરા رضی اللہ عنہا ના ગુલામ હતા. તેમણે ઝૈદને હુઝૂરની ખિદમતમાં પેશ





કરી દીધા હતા. અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમને આઝાદ કરી દીધા હતા. પ્યારા રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ના પ્રેમ તથા મહોબ્બતનો હઝરત ઝૈદ પર એવો પ્રભાવ હતો કે તેમણે આઝાદ થઈ ગયા પછી પણ પોતાનાં માતા પિતા પાસે જવાનું પસંદ ન કર્યુ. આકા વ મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમત ગુઝારીને સૌથી વિશેષ જાણી. તેમની સાથે હુઝૂરના હેતાળ તથા બાપ જેવો વર્તાવ જોઈને લોકો તેમને રસૂલના ફરઝંદ કહેતા. હઝરત ઝૈનબ બિન્તે જહશના નિકાહ પહેલાં ઝૈદ સાથે જ થયા હતા પણ બંનેમાં નિભાવ ન થઈ શકયો તો શરીઅત મુજબ અલગ થઈ ગયાં. ઈદ્દતનો સમય પસાર કર્યા બાદ હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમને પોતાના નિકાહમાં લઈ લીધાં. જેમાં કોઈ પ્રકારની કાંઈ ખરાબી ન હતી. પણ ઈસ્લામના દુશ્મનો અને ખાસ કરીને મુનાફિકોએ રંગ ચઢાવીને એ હવા ફેલાવવી શરૂ કરી કે, જુઓ ! તેમણે પોતાની વહૂ સાથે નિકાહ કરી લીધા ! આ એવો ધૃણાત્મક પ્રોપેગન્ડો હતો કે જેનાથી અખ્લાક તથા શરાફતના ચાંદનીથીયે અધિક ઉજળા ચારિત્રના દામનવાળા રસૂલ પર કીચડ ઉછાળવાની કોશિશ કરવામાં આવી હતી અને આ મહાન ફિત્નાની બુન્યાદ કેવળ એ ધોકા પર રાખી કે મુંહ બોલ્યો બેટો પણ હકીકી ફરઝંદ હોય છે !

યહૂદી તથા મુનાફિકોની આ નીચ હરકતની કુર્આને અઝીમે નોંધ લીધી અને ખુદાઈ ફર્માન વડે તેમના ફાસિદ ઈરાદાઓના કિલ્લાને તોડી પાડયો :–

وَمَا جَعَلَ أَدْعِيَاءَكُمْ أَبْنَاءَكُمْ ذَٰلِكُمْ قَوْلُكُمْ بِأَفْوَاهِكُمْ وَاللَّهُ يَقُولُ الْحَقَّ وَهُوَ يَهْدِي السَّبِيلَ (القرآن)

''અને તમારા માટે પાલકોને તમારા પુત્રો નથી બનાવ્યા, આ તમારા પોતાના મોઢાની વાત છે અને અલ્લાહ સત્ય ફર્માવે છે અને તે જ માર્ગ દેખાડે છે.'' (સૂ. અહઝાબ, ૪/૩૩, કન્ઝુલ ઈમાન, ૬૦૫)

## ★ આપના કથન પર કીચડ ઉછાડવાનું મુનાફિકપણું ★

અહઝાબના ગઝવહમાં જે શવ્વાલ ૪ કે ૫ હિજરીમાં થયો હતો એ મોકા પર યહૂદી તથા મક્કાના મુશ્રિકોએ મળીને મદીના પર સખ્ત હુમ્લો કર્યો હતો અને મદીના પાકની આબાદીને ઘેરો ઘાલ્યો હતો. કુરૈશના કાફિરોના મનસૂબાઓની ખબર મેળવીને હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہ ની રાયથી મદીનાની આસપાસ ખંદકો (ખાઈઓ) ખોદાવી હતી અને સૌની સાથે મળી પોતે પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખાઈઓના ખોદકામમાં ભાગ લીધો. લગભગ ત્રણ હજાર રસૂલના જાંબાઝોએ ખાઈઓના ખોદકામમાં રાત દિવસ તકલીફ ઉઠાવી. હુઝૂરે અકદસે દસ દસ માણસોની ટોળીઓ બનાવી દીધી હતી અને દરેક ટોળીને ૪૦ ઝરાઅ લગભગ ૨૦ મિટર જમીનનો ટૂકડો નક્કી ફર્માવી દીધો હતો, જેની પહોળાઈ દસ મિટર જેટલી લગભગ હતી અને ઊંડાઈ લગભગ પાંચ મિટરથી ઓછી હશે નહીં. આ ખાઈના ખોદકામનું કઠિન કાર્ય ખૂબ જ ઠંડી અને ભૂખ તરસનો આલમ, પેટો પર પથ્થર બાંધેલા એવી બેસરોસામાનીની સ્થિતિમાં દરેક સહાબીએ લગભગ બસો મકઅબ ગઝ જમીનને ખોદીને માટી કાઢી. અને અબૂ બક્ર તથા ઉમર અને ખૂદ સરવરે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પણ સૌની સાથે મળીને દામનો તથા ચાદરોમાં માટી ઉઠાવી. ખાઈની તૈયારી દરમિયાન સહાબાએ કિરામને હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ બશારત આપી હતી કે મુસલમાન નજીકમાં જ રોમ તથા ઈરાન અને હમીરાના મહેલોને પોતાના કબજામાં લેશે.

આ ગઝવા દરમ્યાન જ્યારે કાફિરો તથા મુશ્રિકોનું જોર વધ્યું અને ઘેરો લાંબો ચાલ્યો તો મુઅ્તબ ઈબ્ને કુશૈર મુનાફિકે કહ્યું :

"મુહમ્મદ (صلی اللہ تعالیٰ علیہ وسلم) તો આપણને રોમ તથા ઈરાનની ફતહની ખુશખબરી સંભળાવી રહ્યા હતા અને અહીં તો એ હાલ છે કે હાજતે જવા માટે તંબુથી બહાર જવું મુશ્કેલ છે !"





રબ તઆલાએ ફર્માવ્યું :–

وَإِذْ يَقُولُ الْمُنٰفِقُوْنَ وَالَّذِيْنَ فِيْ قُلُوْبِهِمْ مَّرَضٌ مَّا وَعَدَنَا اللّٰهُ وَرَسُوْلُهٗٓ إِلَّا غُرُوْرًا

"અને જ્યારે કહેવા લાગ્યા મુનાફિક અને જેમના દિલોમાં રોગ હતો કે અમને અલ્લાહ વ રસૂલે વાયદો આપ્યો ન હતો પણ ધોકો."

(સૂ. અહઝાબ, ૧૨/૩૩)

## ★ મસ્જિદે દર્રાર (નુકસાનકર્તા મસ્જિદ) ★

આ મસ્જિદનું બાંધકામ પણ મુનાફિકોની નાપાક યોજનાઓમાંથી એક ખળભળાટવાળી સ્કીમ હતી અને એના થકી તેઓ ખુદા વ રસૂલના દુશ્મનો ઈસ્લામી મજબૂત એકતાને વેરવિખેર કરવા ચાહતા હતા. દરેક તામીરી પગલા વખતે હથોડો બનીને ખુદાઈ મિશનને તોડી પાડવા મથતી ફિત્નાગર ફિતરતે આ વખતે એક અતિ ખતરનાક ચાલ ચાલી હતી.

અબૂ આમિર નામનો શખ્સ જે જાહિલિયતના જમાનામાં નસ્રાની થઈ ગયો હતો અને ઈસાઈયતમાં તરક્કી કરીને રાહિબ (પાદરી) બની ગયો હતો. હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના મદીના આગમનથી જેવી રીતે અમુક અદાવતખોર યહૂદીઓ બળી મળ્યા હતા એ જ પ્રમાણે ઈસાઈયતવાળા પણ અકળાઈ ઉઠયા હતા. તે વખતે અબૂ આમિરે સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે જે પૂર્વગ્રહભરી વાતો કરી હતી તે જુઓ :–

**અબૂ આમિર** : આ કયો ધર્મ છે જેને તમે લાવ્યા છો ?

**હુઝૂરે અકદસ** : હું મિલ્લતે હનફિયા દીને ઈબ્રાહીમ લઈને આવ્યો છું.

**અબૂ આમિર** : હું પણ એ જ ધર્મ પર છું !

**હુઝૂરે અકદસ** : નહીં ! એ તો ગલત છે.

**અબૂ આમિર** : તમે દીને ઈબ્રાહીમમાં તમારા તરફથી મિલાવટ કરી

દીધી છે.

**હુઝૂરે અકદસ** : હું તો તદ્દન સાફ દીન લાવ્યો છું.

**અબૂ આમિર** : (જલીને) આપણામાંથી જે જૂઠો હોય તેને અલ્લાહ બેઘર કરીને બેચૈની તથા એકલતાના આલમમાં હલાક કરે !

**હુઝૂરે અકદસ** : આમીન.

આ ઈસ્લામના દુશ્મનના દિલમાં નિફાક તથા સરકશીએ વસવાટ કરી લીધો હતો. ગઝવએ ઓહદના પ્રસંગે તેણે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ચેલેંજ કરી કે તમારી વિરૂધ્ધ જંગનુ એલાન કરનારી દરેક કૌમની શકય મદદ કરવી એ મારી જિંદગીનો મકસદ છે. જેથી ગઝવએ હુનૈન સુધીની દરેક લડાઈમાં તેણે પોતાની આ પોલીસી પર અમલ કર્યો.

રસૂલ દુશ્મનીમાં આટલો ભરાયેલો, ઈસ્લામ અને મુસલમાનોની દુશ્મનીમાં અંતિમ હદ સુધી પહોંચેલા આ નસ્રાનીનુ કનેકશન મુનાફિકો સુધી પહોંચેલ હતું. તેમણે (મુનાફિકોએ) અબૂ આમિરને પોતાના સમાન હેતુવાળો જોતાં તેની સરદારી સ્વીકારી લીધી અને તેના મશ્વરાઓ પર અમલ કરીને કબામાં "દારુલ ફિતન"ની બુન્યાદ નાખી જેને મસ્જિદનુ નામ આપ્યું. બરાબર એ સમયે જ્યારે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم તબૂકમાં જવા માટે ઉપડવાની તૈયારીમાં હતા ત્યારે મુનાફિકો હુઝૂરની ખિદમતમાં આવ્યા અને કહ્યું કે આ મસ્જિદ અમે આસાનીની ગરજથી બનાવી છે જેથી વૃધ્ધ તથા કમજોર લોકો તેમાં સરળતાપૂર્વક પહોંચીને નમાઝ પઢી શકે, તો તમે જરા ચાલીને તેનું ઉદ્ઘાટન કરી આપો અને બે રકાત નમાઝ પઢી દુઆ કરી આપો. હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, હું હમણા ગઝવએ તબૂક માટે જઈ રહ્યો છું, પાછા ફરતી વેળા ખુદાની મરજી હશે તો નમાઝ પઢીશ.

અબૂ આમિર અને મુનાફિકોનો ઈરાદો એ હતો કે આપણે મસ્જિદના નામથી આપણી તોડફોડની યોજનાની પૂર્ણતા માટે એક





અડ્ડો બનાવી લઈએ, જ્યાંથી મુસલમાનોને નુકસાન પહોંચાડવા માટે આંતરિક (છુપા) હુમલા કર્યા કરીશું. અબૂ આમિરે મદીનાના મુનાફિકોને આ "દારુલ ફિતન" તૈયાર કરવાનો હુકમ આપ્યો હતો અને ખૂદ રોમના બાદશાહને મળવા માટે રવાના થઈ ગયો. તેની ઉશ્કેરણીથી રોમનો કૈસર મદીના પર હુમલો કરવા માટે તૈયાર થયો. શામથી તેણે મુનાફિકોને સૂચનાઓ મોકલી જેથી આ તરફ મદીનામાં રહીને દારુલ ફિતન નક્કી થયેલ વિનાશકારી યોજના હેઠળ આપસમાં વિખવાદ તથા સંગઠિતતાને તોડવાનુ કામ કરે, પેલી બાજુ ઈસાઈ ફૌજ હુમ્લો કરે આ રીતે પયગંબરે ઈસ્લામ صلی اللہ تعالیٰ علیہ وسلم, આપના સહાબીઓ અને મુસલમાનોનો વિનાશ કરી દેવામાં આવે. (મઆઝલ્લાહ !)

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم તબૂકના ગઝવહથી પાછા ફરી રહ્યા હતા એ દરમ્યાન મદીનાની નજીકના મહોલ્લામાં મુનાફિકોએ ફરી એ વાતને દોહરાવી કે મસ્જિદમાં ચાલીને આપ નમાઝ પઢી દો. એના પર કુર્આન મજીદની આયત નાઝિલ થઈ જેણે ઈસ્લામના દુશ્મનોના સર્વ મનસૂબા ધૂળમાં મેળવી દીધા.

રબ્બે કાયનાત ફર્માવે છે :

"અને તેઓ જેમણે મસ્જિદ બનાવી નુકસાન પહોંચાડવા માટે અને કુફ્રના સબબે અને મુસલમાનોમાં ભાગલા પાડવા માટે અને એના ઈંતેઝારમાં જે પહેલેથી અલ્લાહ અને તેના રસૂલના વિરોધી છે. તેઓ જરૂર કસમો ખાશે કે અમે તો ભલાઈ ચાહી અને અલ્લાહ ગવાહ છે કે તેઓ બેશક ! જૂઠા

وَالَّذِيْنَ اتَّخَذُوْا مَسْجِدًا ضِرَارًا وَّكُفْرًا وَّتَفْرِيْقًا بَيْنَ الْمُؤْمِنِيْنَ وَاِرْصَادًا لِّمَنْ حَارَبَ اللّٰهَ وَرَسُوْلَهٗ مِنْ قَبْلُ ؕ وَلَيَحْلِفُنَّ اِنْ اَرَدْنَاۤ اِلَّا الْحُسْنٰى ؕ وَاللّٰهُ يَشْهَدُ اِنَّهُمْ لَكٰذِبُوْنَ ۚ لَا تَقُمْ فِيْهِ اَبَدًا ؕ (القرآن)

છે. એ મસ્જિદમાં તમે કદી ઉભા ન થશો." (સૂ. તૌબા, ૯/૧૦૭)

અલ્લાહુ અકબર ! અલ્લાહના કલામે કુફ્ર તથા નિકાફનું સઘળુ પોલ ખોલી નાખ્યું અને રસૂલે ગિરામી વકાર صلی اللہ تعالیٰ علیہ وسلم અને સહાબાએ કિરામની જમાઅતને તેમના ખતરનાક ઈરાદાઓથી બાખબર કરી દીધા. આકા તથા મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم એ સહાબાની એક જમાઅતને ત્યાં મોકલી જેથી મસ્જિદે દર્રાર તથા દારુલ ફિતન સળગાવીને ધૂળમાં મિલાવી દે. આ પ્રમાણે મુનાફિકોના હાથે દૌરે નબવીમાં તામીર થનાર ફિત્ના તથા ફસાદ અને કુફ્ર તથા ઈર્તેદાદનું આ મર્કઝ ફના થયું.

અબૂ આમિર ખુઝરજી મુનાફિક પેલી બાજુ શામની સફર દરમ્યાન ખૂબ જ બેચૈની અને તકલીફ સાથે બેઈજ્જતીભરી મૌતે મર્યો. (તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન, પેજ–૨૯૫ વગેરે)

## ★ ખાકે પથ્થર દુશ્મન પર ફૂલ બરસાના તેરા ! ★

સરકાર રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم રહ્‌મતુલ્‌લિલ્ આલમીન છે. આપની મુકદસ ઝાત પૃથ્વીવાળાઓ માટે ખાસ કરીને બેશુમાર બરકતો અને નેકબખ્તીનો સબબ છે. પહેલાંના અંબિયા علیہم السلام માંથી કેટલાયને નબીની નાફર્માની કરવાને તથા તકલીફ આપવાને કારણે રબ તઆલાએ અઝાબ આપીને કોઈ તબકાને ગર્ક કરી દીધો, કોઈના પર પથ્થર વર્ષા કરીને મિટાવી દીધો તો કોઈની આબાદી ઉલટાવી દીધી અને કોઈ કૌમને ચહેરો મસ્ખ (બગાડી) કરવાના અઝાબમાં સપડાવી દેવામાં આવી. પણ આ નબી આખિરુઝ્‌ઝમાંનો સદકો છે કે આપના મહાન દૌરમાં (એટલે નબુવ્વતના એલાનથી કિયામત સુધી) ઈસ્લામના દુશ્મનો પર દુનિયામાં ઈસ્લામનો ઈન્કાર કરવાને સબબે સામુહિક અઝાબ થશે નહીં. રબ ફર્માવે છે :–





وَمَا كَانَ اللّٰهُ لِيُعَذِّبَهُمْ وَاَنْتَ فِيْهِمْ

"અને ખુદા તેમને અઝાબ કરશે નહીં જ્યાં સુધી તે તેમનામાં છે." (સૂ. અન્ફાલ, ૩૩/૮)

મુશ્રિકો તરફથી સતત પહોંચાડાતી ઈજાઓથી થાકીને એકવાર અમુક સહાબાએ કિરામે અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપ આ દુશ્મનોના હક્કમાં બદ દુઆ કરો ! આપે જવાબ આપ્યો, "હું લા'નત કરનારો બનાવીને નહીં પણ હું તો સરાપા રહમત બનાવીને મોકલવામાં આવેલો છું." (સહીહ મુસ્લિમ)

વિરોધી કૌમની ભરપૂર થતી રહેતી ઈજાઓ તથા ઈસ્લામ વિરૂધ્ધ તેમની તનતોડ કોશિશો છતાં નબીએ રહમત અને શાંતિ તથા પ્રેમના ઝંડાધારી પયગંબરે તેમના માટે બદદુઆના માટે હાથ નથી ઉઠાવ્યા. દૌસ કબીલાના માનનીય સહાબી તુફૈલને જ્યારે ઈસ્લામના મુબલ્લિગ (પ્રચારક) બનાવીને પોતાના કબીલાની પ્રતિ મોકલવામાં આવ્યા તો તેમણે એકવાર હુઝૂરે અકદસની ખિદમતમાં આવીને પોતાની કૌમની સંગદિલી અને બુઝુર્ગો વિરૂધ્ધ શરારતી વૃત્તિની શિકાયત રજુ કરી અને અર્ઝ કરી :

"કબીલા દૌસની ભૂમી એક સુરક્ષિત કિલ્લા સમાન છે કેમ ન એ તમને મળી જાય !"

આ સાંભળીને હુમલો તથા બદદુઆ કરવાને બદલે આપે ફર્માવ્યું :

"હે અલ્લાહ દૌસ કબીલાને હિદાયત આપ અને ઈસ્લામની તરફ લાવ !" (અલ્ બિદાયા વન્નિહાયા, ભાગ–૨, પેજ–૧૦૦)

આ પ્રસંગે હઝરત તુફૈલ દૌસી પોતાની કૌમના સરકશ (નાફર્માન) લોકો માટે બદદુઆ કરાવવા ચાહતા પણ હુઝૂર રહ્‌મુતલ્‌લિલ્ આલમીને એવું ન કર્યું. પછી અરસા બાદ તાઈફ પર હુમલા દરમ્યાન સહાબાએ એઝામ મુજાહિદોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અમને ષકીફના તીરોએ જલાવી દીધા ! તમે તેમના માટે બદદુઆ કરો ! હુઝૂરે

અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ સહાબાની વાતો સાંભળીને આ દુઆ ફર્માવી :

"ખુદાવંદ ! ષકીફને હિદાયત આપ !" (જામેઅ તિર્મિઝી, અબ્વાબે મુનાફિક)

ગઝવએ ઓહદમાં કાફિરોના ટોળાએ મુસલમાનોને ઘણુ નુકસાન પહોંચાડયું. સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ના દાંત મુબારક શહીદ થયા અને ચહેરા મુબારક પર ઈજાઓ થઈ. સિયર વ મગાઝીની રિવાયતથી જાણવા મળે છે કે સહાબામાંથી ઘણાને હુઝૂરની શહાદતનું યકીન થઈ ગયું હતું. રિસાલતના ઈતિહાસમાં ઓહદનો જંગ ખૂબ જ કઠિન મકામ હતો પણ આપે મક્કાના કાફિરો તથા મુશ્રિકો માટે બદદુઆ નથી કરી, બલ્કે તેમના હક્કમાં "મારી કૌમ" કહીને દુઆ ફર્માવી :

"હે અલ્લાહ ! મારી કૌમને માફ કર તે અજ્ઞાન છે."

યમામાના રઈસ ષમામા ઈબ્ને ઈષાલ ઈસ્લામ લાવ્યા બાદ મદીના શરીફથી ઉમરાની નિય્યતે મક્કા પહોંચ્યા. મુશ્રિકોમાંથી કોઈએ કહ્યું કે તમે તમારા ધર્મને ત્યજી દીધો ! તેમણે કહયું, મેં શ્રેષ્ઠ ધર્મ "દીને ઈસ્લામ"ને અપનાવ્યો છે. કાફિરોની આ બદતમીઝી તેમને બુરી લાગી. તે યમામાના પ્રભાવશાળી સરદાર હતા અને મક્કામાં અનાજ યમામાથી આવતુ હતું. તો તેમણે નક્કી કર્યુ કે હવે તે અનાજ મોકલવામાં નહીં આવે. યમામાથી અનાજ આવવાનું બંધ થતાં મક્કામાં ભૂખમરો શરૂ થયો. છેવટે કુરૈશના મુશ્રિકોએ હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ને પોતાની રિશ્તેદારીનો વાસ્તો આપીને માફી માંગી. અને હુઝૂરે સાંભળ્યું તો તરત જ યમામાને આ પ્રતિબંધ ઉઠાવીને અનાજ મોકલવાનો હુકમ કર્યો જેના પર અમલ કરવામાં આવ્યો. (સીરતે ઈબ્ને હેશામ)

તફસીરની કિતાબો તથા ઈસ્લામી ઈતિહાસમાંથી વીણી કાઢીને મક્કાના કાફિરો, યહૂદીઓ તથા મુનાફિકોના અમુક પ્રસંગો વાંચકો સમક્ષ રજુ કરવામાં આવ્યા છે. આ તો સંક્ષિપ્ત લખાણ છે નહીં તો આકાએ રહમત صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈજાઓ, તકલીફો, મુસીબતો અને પરેશાનીઓ જે તોફાની હુમ્લાઓને કચડીને વિશ્વના માનવોને જે શાંતિ





તથા સલામતીનું ઈસ્લામી બંધારણ આપ્યું છે તે કદમ કદમ પર કાંટાળો માર્ગ છે. આ વિષયને વિસ્તારવામાં આવે તો સેંકડો પૃષ્ઠો પણ ઓછાં પડશે !

કેવળ એ દર્શાવવું છે કે ઈસ્લામની દા'વત અને આકાએ નામદાર મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો શાંતિ તથા સલામતીનો પૈગામ કોઈ મનઘડત નથી બલ્કે આખા વિશ્વ તથા આખી કાયનાત (સૃષ્ટિ)ના સર્જક તથા માલિક પરવરદિગાર તરફથી નાઝિલ થયેલી "જીવન પધ્ધતિ" છે. હઝરત આદમ, મૂસા, હારૂન, ઈબ્રાહીમ, ઈસ્માઈલ, ઈસ્હાક અને ઈસા મસીહને પોતાનો પ્રતિનિધિ તથા પયગંબર બનાવીને મોકલનાર રબ્બુલ આલમીને એ જ નૂરાની ક્રમની છેલ્લી કડી બનાવીને સૈયેદેના મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને મોકલ્યા અને આપના થકી પાછલા અંબિયાની તૌહીદની તાલીમાતને કિયામત સુધીના માટે મજબૂત ફર્માવી દીધી, જેનું નામ ઈસ્લામ છે અને શાંતિ તથા સલામતીનો દીન !

إِنَّ الدِّينَ عِندَ اللَّهِ الْإِسْلَامُ

"બેશક ! અલ્લાહને ત્યાં ઈસ્લામ જ ધર્મ છે." (આલે ઈમરાન, ૧૯/૩)

وَمَا عَلَيْنَا إِلَّا الْبَلَاغُ الْمُبِينُ

# ★ બે બોલ....★

**અઝ** : હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી
*(સદર જામિઆ અશરફિયા–મુબારકપૂર)*

بسم الله الرحمن الرحيم

આજ સુધી દુનિયા બેશુમાર રાજનૈતિક, સામાજિક તથા અન્ય કાયદાઓનો અનુભવ કરી ચૂકી છે અને આજે પણ દુનિયાની વસ્તીમાં લોકશાહી, સમાજવાદ, મૂડીવાદ, સામ્યવાદ વગેરે જેવા નામોથી વિવિધ કાયદાઓ તથા વિચારધારાઓ તથા કાર્યો રિવાજ પામેલ છે. પણ આ બધા કાયદાઓમાં એક તો ઈન્સાની સદ્‌વર્તનની કદરોને છોડી દેવામાં આવી છે અને અમુક સમયે તેને સ્થાન આપવામાં આવ્યું તે પણ માત્ર એટલા માટે કે આર્થિક તથા લોકશાહી ફાયદાઓથી તેને ખૂબ જ સારો સંબંધ છે કે જો તેને છોડી દેવામાં આવત તો ઘણા ખરા મૂડી રોકાણ તથા મુલ્કી ફાયદાઓ બુરી રીતે નષ્ટ થાત, અને કોઈ દુનિયાવી ફાયદાઓ પર કોઈ આંચ આવવી આ બંધારણોની રૂએ સૌથી મોટુ પાપ છે.

બીજી કમી એ કે રૂહાની તાકતો તથા મૃત્યુ પછીના જીવનના ખયાલથી આ કાયદા કાનૂન તદ્દન ખાલી છે.

ત્રીજી કમી એ કે બુન્યાદી કાયદાના ખુશ કરનાર તથા ખુશી પહોંચાડનાર ખયાલ પર આ બંધારણનો પાયો છે. એના પૂર્ણ થયા પછી પણ અનુભવોની આ વિશાળ દુનિયામાં તે નિષ્ફળ સાબિત થયા છે. હવે આપણે જોવાનું એ છે કે આજે જ્યારે કે બધા જ કાયદાઓની ખરાબીઓ જાહેર થઈ ચૂકી છે અને તેના કારણે દુનિયા એક ભવ્ય આગનું ઘર બની રહી છે તો શું ઈસ્લામ આવા કપરા





સંજોગોમાં મઝલૂમ ઈન્સાનિયતની મદદ કરી શકે છે ? અને તબાહ હાલ દુનિયાને ખુશ હાલી તથા નેક બખ્તી આપી શકે છે કે નહીં ? આ વિશે કહેવામાં આવે છે કે જિંદગી માટેના ઈસ્લામી કાનૂન, ઈન્સાનમાં ખૌફે ખુદા, આખેરતનો ખયાલ ત્યાર બાદ પોતાની અને બધા જ લોકોની ભલાઈ ચાહનાર વિચારો તથા જઝબાઓને પ્રેરિત કરનાર કાયદાઓ તથા કાનૂનો પર આધારિત એટલા માટે તે ઈબાદત તથા મુઆમલાત બંનેને ભેગો કરેલ એક પાકો અને મજબૂત કાયદો તથા બંધારણ આપે છે. જે કાનૂન રબ તથા બંદા અને માણસ તથા ખાનદાન, માણસ તથા સમાજ, માણસ તથા હુકૂમત વચ્ચે જે તાલ્લુકાત જોવા મળે છે તેનો પૂરો ખુલાસો તથા હદબંધી છે. જેવી રીતે તે ઈન્સાનોના દુનિયાવી ફાયદાઓનો લેહાઝ રાખે છે અને તેની હદ બંધી કરે છે તેવી જ રીતે ઈન્સાનની અખ્લાકી કદરો તથા રૂહાની તાકાતોના કાયદા કાનૂન પણ આપે છે. અને આ બધાને કામમાં લાવવા માટે પૂરી તાકાત ખર્ચે છે, અને તેની હકીકી જામેઈય્યત (સમૃદ્ધતા)નો તો એ આલમ છે કે બીજા કાયદાઓમાં જ્યાંથી ખરાબીઓના ઝરણાં ફુટે છે અને જ્યાંથી જુલ્મના દરવાજા જાતે જ ખુલે છે અને પોતાની હદથી વધી જાય છે અને જુલ્મનું બજાર જાહેર તથા અંદરખાને બંને રીતે ગરમ થઈ જાય છે આ બધાનો ઈલાજ તથા બંધી ઈસ્લામમાં પહેલેથી જ હાજર છે.

એટલા માટે ઈસ્લામ આજે પણ ઈન્સાનિયતની દસ્તગીરી તથા દુનિયાના અમન તથા સલામતીની તે જ સલાહિયત (લાયકાત) ધરાવે છે જેને સદીઓ સુધી લોકો જોતા રહ્યા છે અને આજે પણ દુનિયાના વિવિધ ખૂણામાં જ્યાં સુધી ઈસ્લામનો અમલ દખલ છે ત્યાં સુધી તેના કાર્યનું હુસ્ન જાહેર છે. વધુ ખુલાસામાં જવાની મારે જરૂર નથી કારણ કે આ મોટી કિતાબ દા'વાની દલીલ રૂપે તમારા હાથમાં હાજર છે. અને ઈસ્લામી કાનૂનના દરેક પાસા પર ખુલાસાવાર વાતો અને બીજા કાયદાઓથી સરખામણી પર ઘણુ જ સારું લખાણ હાજર છે.

પણ આ ઈન્સાનિયતની દર્દનાક મઝલૂમિયત છે કે તેને તેના મર્ઝ (બીમારી)ની શિફા આપનાર દવા આપવામાં નથી આવતી જેનું કારણ એ છે કે દરેક કાયદાઓના સંચાલકોમાં જેવી રીતે બીજા કાયદાઓથી નફરત તથા બેઝારી જોવા મળે છે, તેવી જ રીતે ઈસ્લામથી પણ હસદ તથા અદાવત અને તંગદિલી પૂરી રીતે કાર્યરત જોવામાં આવે છે, જ્યારે કે એ જ (ઈસ્લામ જ) તેમને જીવીત કરનાર તથા તેમની હલ ન થનાર મુશ્કેલીઓનો હલ છે.

બીજી બાજુ મોટા ભાગના ઈસ્લામી દેશોનો સત્તાધારી વર્ગ ઈસ્લામની રૂહાની તથા ઈમાની તાકાત તથા તેની સર્વ ક્ષેત્રિય ખૂબીઓથી નાવાકિફ છે. તદ્ઉપરાંત એ કે તેનું દિમાગ એ તા'લીમ તથા લખાણોથી વોશ થઈ ચૂક્યું છે જેને ઈસ્લામ દુશ્મન તા'કતો તરફથી દુનિયાને આ જિંદગી આપનાર નહેરથી વંચિત રાખવા કે દૂર કરવા માટે મોટા પાયે ખૂબ ઝડપથી ફેલાવી રહી છે. એટલા માટે આ તબકો જે ઈસ્લામને તેની બધી અસલ ખૂબીઓ સાથે જાહેર કરવાનો જિમ્મેદાર હતો તે પોતે જ બીજાના ચમચા તથા ચાપલુસ બની ચૂક્યા છે અને ઈસ્લામી કાયદાઓના હરીફ બની ગયા છે !

જાહેર છે કે ઈસ્લામની કુવ્વત તથા સલાહિયત તેનું જમાલ તથા જલાલ અને તેની ખૂબસૂરતી તથા કમાલ ત્યારે જ સારી રીતે જાહેર થઈ શક્શે જ્યારે તેને પૂરી રીતે અજમાવવામાં આવે, એ માટે જરૂરી છે કે **સૌ પ્રથમ દુનિયામાં ઈસ્લામના ચાહકો તેને પોતાની જિંદગીમાં તે સ્થાન આપે જેના વગર તેના જલ્વાનું હુસ્ન જાહેર થવું નામુમ્કિન છે.**

બીજા કાયદાઓની જિંદગી જોતાં અને પઢતાં પહેલાં પોતે ઈસ્લામનું ખરી રીતે ઈસ્લામી મુફક્કિરોના લખાણોના સહારે નિરિક્ષણ કરવું જરૂરી રહેશે, પછી બીજા કાયદાઓનું વિશ્લેષણ અને તેમના વાંધાઓની તપાસ પરખવા અને ઈસ્લામ સાથે તેમનો સરખામણી કરતો અભ્યાસ પણ કરવાનો રહેશે. એના વગર





ઈસ્લામથી બદ્દિલી માત્ર ઈસ્લામ સાથે નાઈન્સાફી જ નહીં પણ પોતાની ખૂદકુશી (આત્મહત્યા) તથા આખી ઈન્સાનિયતની તબાહીનું બ્યાનું પણ ગણાશે.

મુબલ્લિગે ઈસ્લામ, મોહતરમ ભાઈ **મૌલાના બદરુલ કાદરી** مدظلہ العالی ને અલ્લાહ તઆલા સારો બદલો આપે કે તેમણે ઈસ્લામથી અજ્ઞાનતા તથા પ્રતિ તેના ખોટા પ્રતિ ખયાલોની બીમારીને પારખી તેનો ઈલાજ રજુ કર્યો અને આ કિતાબમાં ઈસ્લામી તરીકએ જિંદગીનાં વિવિધ પાસાંઓ પર ફાયદામંદ ચર્ચા કરતાં એ પણ સાબિત કર્યું કે દુનિયાની શાંતિ આજે પણ ઈસ્લામી કાયદાઓને અજમાવવાથી જ મેળવી શકાય છે. તેના (ઈસ્લામી કાયદાના) દામનમાં આજે પણ તે વીજળી છુપાયેલ છે જે દુનિયાની બુરી હાલત તથા બેકારીના કિલ્લાને નેસ્તો ના'બૂદ કરી શકે છે.

પૂર્વગ્રહ તથા સંકૂચિત દષ્ટિનો ચશ્મો ઉતારી દુનિયાના અક્લમંદો જો સાફ દિલી અને નેક નિય્યતીથી તબાહ હાલ ઈન્સાનિયતની નજાત પર વિચાર કરે તો તેની કામયાબી તથા પ્રગતિની દરેક ખૂબીઓ ઈસ્લામના દામનમાં જોવા મળશે.

કિતાબની તફસીલોથી ફાયદો ઉઠાવવા તથા લજ્જત પ્રાપ્ત કરવા પાનાં ઉલ્ટાવો અને આ ઉમદા ખજાનાથી દિલોની દુનિયાને આબાદ કરો.

*તૌફીક દે જિસ દિલ કો ખુદાવંદે તઆલા*
*દામનમેં વો લે રહમતો અન્વાર કી સૌગાત*

**–મુહમ્મદ અહમદ મિસ્બાહી**
*અલ મજમઉલ ઈસ્લામી, મુબારકપુર (હિંદ)*
*દારુલ ઉલૂમ અશરફિયહ્ મુબારકપુર*
*૭, ઝિલકઅ્દા, હિ.સ. ૧૪૦૯,*
*૧૨–જૂન, ઈ.સ. ૧૯૮૯, સોમવાર*

# ★ બીજી આવૃત્તિ પ્રસંગે ★

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّى عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ

રબ તબારક વ તઆલા ફર્માવે છે :–

وَلَيَنْصُرَنَّ اللّٰهُ مَنْ يَّنْصُرُهٗ ؕ اِنَّ اللّٰهَ لَقَوِىٌّ عَزِيْزٌ

**"બેશક ! અલ્લાહ જરૂર તેમની મદદ કરશે જે તેના દીનની મદદ કરે. બેશક ! અલ્લાહ કુદરતવાળો ચઢિયાતો છે."** *(સૂરએ હજ્જ–૪૦)*

મારા પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! ખરેખર તે ખુશ નસીબ છે જેની દૌલત અલ્લાહના દીનની મજબૂતી માટે, દીને હક્કના પ્રચાર માટે વપરાય. દૌલત હોવી એ ખુશ નસીબીની વાત નથી પણ અલ્લાહની રાહમાં ખર્ચવાની તૌફીક એ જ ખુશનસીબીની વાત છે.

આજે ઈસ્લામ દુશ્મન તાકતો અવનવા પ્રોપેગન્ડા કરીને ઈસ્લામને બદનામ કરવા અને નીચો પાડવાના પ્રયત્નોમાં લાગેલા છે. ઈસ્લામના ચુસ્ત પાબંદને ફન્ડામેન્ટલિસ્ટ અને ટેરરિસ્ટના ટાઈટલો આપી આમ પબ્લિકને ઈસ્લામથી દૂર રાખવા જાત જાતની ટ્રીકો અજમાવી રહ્યા છે. ક્યાંક જુલ્મ સામે કોઈ મુસ્લિમ માથુ ઊંચકે તો તેને "ઈસ્લામિક ત્રાસવાદ" એવું નામ આપી દે છે. જ્યારે કે **ઈસ્લામ દુનિયામાં જુલ્મને મિટાવવા આવેલ છે, ત્રાસવાદનો ખાત્મો કરવા આવેલ છે. ત્રાસવાદને ઈસ્લામ સાથે લેશમાત્ર સંબંધ હોઈ શકતો જ નથી,** એ જ પ્રમાણે ઈસ્લામી કાનૂનો તથા સજાના હુકમોમાં શું હિકમતો તથા માનવ જાતની શું ભલાઈ સમાયેલી છે અને સંપૂર્ણ સલામતીની ગેરંટી





આપનાર કોઈ મઝહબ હોય તો તે ઈસ્લામ જ છે તેની સ્પષ્ટ યકીની સમજૂતી આપતી આ કિતાબની આ બીજી આવૃત્તિ છે જેની ઘણી એવી માંગ હતી જેથી અત્રે પ્રકાશિત કરવામાં આવે છે.

અલ્લાહના ફઝ્લો કરમથી સરકારે દો જહાં صلى الله تعالى عليه وسلم ની નઝરે ઈનાયતથી આ કાર્ય પાર પાડવાનો યશ **મર્હૂમ સુલેમાન જીવા**ના નેક ફરઝંદો **જનાબ યાકૂબ જીવા, જનાબ ગુલામ જીવા, જનાબ આદમ જીવા તથા જનાબ ગુલામ અલી જીવા–દયાદરાવાળા** (હાલ : બોલ્ટન, યુ.કે.)ને ફાળે જાય છે કે તેમણે પોતાનાં પ્રિય વાલિદા **મર્હૂમા હજીયાણી અમીનાબેન**ના ઈન્તેકાલ બાદ તેમના તથા તેમના વાલિદ મર્હૂમ તથા અન્ય મર્હૂમોના સવાબ અર્થે આ કિતાબ પ્રસિદ્ધ કરવામાં સંપૂર્ણ સહકાર કર્યો છે.

કુર્આનમાં છે કે, "બેશક ! અલ્લાહ જરૂર તેમની મદદ કરશે જે તેના દીનની મદદ કરે....." અલ્લાહના કલામ પર આપણુ ઈમાન છે અને આ આયતના મુજબ અલ્લાહ તઆલા તેના પ્યારા મહબૂબ صلى الله تعالى عليه وسلم ના સદકામાં જરૂર જીવા બ્રધર્સ–દયાદરાવાળાની મદદ કરશે.

દુઆ છે કે રબ્બે કરીમ તેના પ્યારા હબીબેપાક, સાહિબે લૌલાક, રહ્મતુલ્ લિલ્ આલમીન, બેકસોના કસ, બેસહારોના સહારા, અમ ગરીબોના મદદગાર, શફીઉલ મુઝનબીન صلى الله تعالى عليه وسلم ના સદકામાં જીવા બ્રધર્સની નેક જાઈઝ તમન્નાઓ પૂરી કરે અને તેમના મર્હૂમ વાલિદ તથા વાલિદા તેમજ અન્ય મર્હૂમોની મગફેરત ફર્માવે, કબ્રમાં આરામ આપે, કિયામતની તકલીફોથી બચાવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે અને આવનારી નસલને તા કયામત પુખ્તા સુન્ની તથા મજબૂત ઈમાનવાળી બનાવે અને બંને જહાનમાં આબાદ રાખે. (આમીન)

***–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી***